# નિયમસાર સાધના

## ભાગ - ૬

પૂ. ગુરુદેવશ્રી દ્વારા નિયમસાર શાસ્ત્ર પર (૧૯૭૧-૭૩)માં થયેલાં પ્રવચનોનું અક્ષરશઃ શાસ્ત્ર



શ્રી સીમંધરસ્વામી



શ્રી કુંદકુંદઆચાર્યદેવ



શ્રી પદ્મપ્રભમલધારિદેવ



પૂ. ગુરુદેવશ્રી કાનજીસ્વામી

## અધિકાર

જીવ | અજીવ | શુદ્ધભાવ | વ્યવહારચારિત્ર | પરમાર્થ-પ્રતિક્રમણ | નિશ્ચય-પ્રત્યાખ્યાન | પરમ-આલોચના

શુદ્ધનિશ્ચય -પ્રાયશ્ચિત | પરમ- સમાધિ | પરમ-ભક્તિ | નિશ્ચય-પરમાવશ્યક | શુદ્ધોપયોગ

ૐ

નમઃ સિદ્ધેભ્યઃ

# નિયમસાર સાધના
# ભાગ-૬

( શ્રીમદ્ કુંદકુંદાચાર્યવર પ્રણીત શ્રી નિયમસાર
ઉપર અધ્યાત્મયુગપ્રવર્તક
પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
ઈ. સ. ૧૯૭૧-૭૩ની સાલના પ્રવચન )

પ્રકાશક

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ**

સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

સહપ્રકાશક

**શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ**

મુંબઈ

| વિક્રમ સંવત | વીર સંવત | ઈ. સન |
|---|---|---|
| ૨૦૮૧ | ૨૫૫૧ | ૨૦૨૫ |

: પ્રકાશન પ્રસંગ :
શ્રાવણ વદ ૨, ૧૧-૦૮-૨૦૨૫;
પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન જન્મ જયંતી (વિ.સં.૧૯૭૦)

**પ્રાપ્તિ સ્થાન**
૧. શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ, સૌરાષ્ટ્ર-૩૬૪૨૫૦. ફોન-૦૨૮૪૬-૨૪૪૩૩૪
૨. શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ
૩૦૨, કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વી. એલ. મહેતા માર્ગ,
વિલે પાર્લા (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૬
ફોન (૦૨૨) ૨૬૧૩૦૮૨૦, ૨૬૧૦૪૯૧૨, ૬૨૩૬૯૦૪૬
www.vitragvani.com,
email : info@vitragvani.com

ટાઈપ સેટીંગ
નિજેશ જૈન
મો. : ૯૬૬૨૫૩૫૩૮૭




# પ્રકાશકીય નિવેદન

**મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી,**
**મંગલં કુંદકુંદાર્યો, જૈનધર્મોસ્તુ મંગલં.**

મહાવીર ભગવાન અને ગૌતમ ગણધર બાદ જેમના નામનો ઉલ્લેખ કરવામાં આવે છે એવા ભરતના સમર્થ આચાર્ય, સાક્ષાત્ સદેહે વિદેહ જઈ સીમંધરભગવાનની દિવ્યધ્વનિનું પ્રત્યક્ષ રસપાન કરનાર શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ મહાન યોગીશ્વર છે. અનેક મહાન આચાર્યો તેમના દ્વારા રચિત શાસ્ત્રોના આધાર આપે છે. તેનાથી એમ પ્રસિદ્ધ થાય છે કે અન્ય આચાર્યો પણ તેમના વચનોને આધારભૂત માને છે.

તેઓ નિર્મળ પવિત્ર પરિણતિના ધારક તો હતા જ; પરંતુ પુણ્યમાં પણ સમર્થ હતા કે જેથી સીમંધરભગવાનનો સાક્ષાત્ યોગ થયો. મહાવિદેહથી પાછા આવ્યા બાદ પોન્નુર તીર્થધામમાં સાધના કરતા–કરતા તેમણે અનેક શાસ્ત્રોની રચના કરી. જેમાં શ્રી સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, અષ્ટપાહુડ—આ પાંચ પરમાગમ તો પ્રસિદ્ધ છે જ, પરંતુ આ સિવાય પણ અનેક શાસ્ત્રોની રચના તેમણે કરેલ છે.

''શ્રી સમયસાર'' આ ભરતક્ષેત્રનું સર્વોત્કૃષ્ટ પરમાગમ છે. તેમાં નવતત્ત્વોનું શુદ્ધનયની દ્રષ્ટિથી નિરૂપણ કરી જીવનું શુદ્ધસ્વરૂપ પ્રકાશ્યું છે. ''શ્રી પ્રવચનસાર''માં નામ અનુસાર જિનપ્રવચનનો સાર ઝીલ્યો છે અને તેને જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન, જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન અને ચરણાનુયોગસૂચક ચૂલિકા નામના ત્રણ અધિકારોમાં વિભાજિત કર્યું છે. ''શ્રી નિયમસાર''માં મુખ્યત્વે શુદ્ધનયથી જીવ, અજીવ, શુદ્ધભાવ, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, આલોચના, પ્રાયશ્ચિત, સમાધિ, ભક્તિ, આવશ્યક, શુદ્ધોપયોગ વગેરેનું વર્ણન છે. ''શ્રી પંચાસ્તિકાયસંગ્રહ''માં કાળ સહિત પાંચ અસ્તિકાયોનું (અર્થાત્ છ દ્રવ્યોનું) અને નવપદાર્થપૂર્વક મોક્ષમાર્ગનું નિરૂપણ છે. તથા ''શ્રી અષ્ટપાહુડ'' એક દાર્શનિક ગ્રંથ છે, જેમાં સમ્યક્ રત્નત્રય એક જ મોક્ષમાર્ગ છે એની દ્રઢતાપૂર્વક સ્થાપના કરેલ છે.

આ નિયમસાર પરમાગમ મુખ્યત્વે મોક્ષમાર્ગના નિરુપચાર નિરૂપણનો અનુપમ ગ્રંથ છે. ''નિયમ'' એટલે જે અવશ્ય કરવા યોગ્ય હોય તે અર્થાત્ રત્નત્રય. ''નિયમસાર'' એટલે નિયમનો સાર અર્થાત્ શુદ્ધ રત્નત્રય. આ શુદ્ધ રત્નત્રયની પ્રાપ્તિ પરમાત્મતત્ત્વનો આશ્રય કરવાથી જ થાય છે. નિગોદથી માંડીને સિદ્ધ સુધીની સર્વ અવસ્થાઓમાં—અશુભ, શુભ કે શુદ્ધ વિશેષોમાં—રહેલું જે નિત્ય-નિરંજન ટંકોત્કીર્ણ શાશ્વત એકરૂપ શુદ્ધદ્રવ્યસામાન્ય તે પરમાત્મતત્ત્વ છે. તે જ શુદ્ધ અંતઃતત્ત્વ, કારણપરમાત્મા, પરમપારિણામિક ભાવ વગેરે નામોથી કહેવાય છે. આ પરમાત્મતત્ત્વની ઉપલબ્ધિ અનાદિ કાળથી અનંત અનંત દુઃખને અનુભવતા જીવે એક ક્ષણમાત્ર પણ કરી નથી અને તેથી સુખ માટેનાં તેના સર્વ ઝાવાં (દ્રવ્યલિંગી મુનિનાં વ્યવહાર-રત્નત્રય સુદ્ધાં) સર્વથા વ્યર્થ ગયા છે. માટે આ પરમાગમનો એકમાત્ર ઉદ્દેશ જીવોને પરમાત્મતત્ત્વની ઉપલબ્ધિ અથવા આશ્રય કરાવવાનો છે.

આ શાસ્ત્રમાં ભગવાન કુંદકુંદાચાર્યદેવની પ્રાકૃત ગાથાઓ પર તાત્પર્યવૃત્તિ નામની સંસ્કૃત ટીકા લખનાર મુનિવર શ્રી પદ્મપ્રભમલધારિદેવ છે. તેઓ શ્રી વીરનંદિ સિદ્ધાંતચક્રવર્તીના શિષ્ય છે અને વિક્રમની ૧૩મી શતાબ્દીમાં થઈ ગયા છે. શ્રી પદ્મપ્રભમલધારિદેવે ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવના હૃદયમાં રહેલા પરમ ગહન આધ્યાત્મિક ભાવોને પોતાના અંતરવેદન સાથે મેળવીને આ ટીકામાં સ્પષ્ટ રીતે ખુલ્લા કર્યા છે. આ ટીકામાં આવતાં કળશરૂપ કાવ્યો અતિશય મધુર છે અને અધ્યાત્મ મસ્તીથી તથા ભક્તિરસથી ભરપૂર છે. ટીકાકાર મુનિરાજે ગદ્ય તેમ જ પદ્યરૂપે પરમ પારિણામિક ભાવની ખૂબ મહિમા ગાઈ છે. આખી ટીકા જાણે કે પરમ પારિણામિક ભાવનું અને તદાશ્રિત મુનિદશાનું એક મહાકાવ્ય હોય તેમ મુમુક્ષુ હૃદયોને મુદિત કરે છે. સંસાર દાવાનળ સમાન છે અને સિદ્ધદશા તથા મુનિદશા પરમ સહજાનંદમય છે--એવા ભાવનું એકધારું વાતાવરણ આખી ટીકામાં બ્રહ્મનિષ્ઠ મુનિવરે અલૌકિક રીતે સર્જ્યું છે અને સ્પષ્ટપણે દર્શાવ્યું છે કે મુનિઓની વ્રત, નિયમ, તપ, બ્રહ્મચર્ય, ત્યાગ, પરિષહજય ઇત્યાદિરૂપે કોઈ પણ પરિણતિ હઠપૂર્વક, ખેદયુક્ત, કષ્ટજનક કે નરકાદિના ભયમૂલક હોતી નથી પણ અંતરંગ આત્મિક વેદનથી થતી પરમ પરિતૃપ્તિને લીધે સહજાનંદમય હોય છે.

શ્રી નિયમસારમાં ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવે ૧૮૭ ગાથાઓ પ્રાકૃતમાં રચી છે. તેના પર શ્રી પદ્મપ્રભમલધારિદેવે તાત્પર્યવૃત્તિ નામની સંસ્કૃત ટીકા લખી છે. બ્રહ્મચારી શ્રી શીતલપ્રસાદજીએ મૂળ ગાથાઓનો તથા ટીકાનો હિંદી અનુવાદ કર્યો છે. પં. શ્રી હિંમતભાઈ જે. શાહ દ્વારા આ શાસ્ત્રનો ગુજરાતી અનુવાદ કરવામાં આવેલ છે. શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા આ નિયમસારની મૂળ ગાથાઓ, તેનો ગુજરાતી પદ્યાનુવાદ, સંસ્કૃત ટીકા અને તે ગાથા – ટીકાનો અક્ષરશઃ ગુજરાતી અનુવાદ પ્રગટ કરવામાં આવેલ છે. આ શાસ્ત્રજીમાં પ્રતિપાદિત વિષયવસ્તુને નીચે મુજબના બાર અધિકારોમાં પ્રસ્તુત કરવામાં આવેલ છે.

(૧) જીવ અધિકાર, (૨) અજીવ અધિકાર, (૩) શુદ્ધભાવ અધિકાર, (૪) વ્યવહાર ચારિત્ર અધિકાર, (૫) પરમાર્થ પ્રતિક્રમણ અધિકાર, (૬) નિશ્ચય પ્રત્યાખ્યાન અધિકાર, (૭) પરમ આલોચના અધિકાર, (૮) શુદ્ધનિશ્ચય પ્રાયશ્ચિત અધિકાર, (૯) પરમ સમાધિ અધિકાર, (૧૦) પરમ ભક્તિ અધિકાર, (૧૧) નિશ્ચય પરમ આવશ્યક અધિકાર, (૧૨) શુદ્ધોપયોગ અધિકાર.

આ નિયમસાર ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રીને અત્યંત પ્રિય હતો. આચાર્યદેવે નિજભાવના નિમિત્તે રચના કરેલ હોવાથી કારણપરમાત્માને ખૂબ જ ઘૂંટ્યો છે, જે ગુરુદેવશ્રી પોતાના આચાર્ય ગુરુવરની ઉત્કૃષ્ટ સાધના યાદ કરાવતું. તેમને તેની ઉપર ખૂબ જ ઊંડાણથી સ્વાધ્યાય કર્યો હતો અને જાહેરમાં ઘણીવાર તેની ઉપર પ્રવચન પણ કર્યા હતા. આ પ્રવચનોમાંથી આપણી પાસે છ વખતના પ્રવચન આખા ઉપલબ્ધ છે. અત્રે પ્રસ્તુત પ્રવચન તેમાંથી એક વારના પ્રવચનો છે, જે વી. સં. ૨૪૯૭ થી ૨૪૯૯ (ઈ. સ. ૧૯૭૧-૭૩) વર્ષ દરમ્યાનના નિયમસાર શાસ્ત્ર પરના ૨૧૫ પ્રવચનો છે. પૂજ્ય ગુરુદેવશ્રીને નિરંતર એવી ભાવના રહેતી કે મુમુક્ષુઓ નીતરતા સતધર્મનું શ્રવણ કરી અને નિજ કલ્યાણના માર્ગમાં આગળ વધે. આ જ ઉત્કૃષ્ટભાવનાથી આવાં ગહન શાસ્ત્ર કે જે કુંદકુંદાચાર્યદેવે નિજ ભાવના અર્થે રચ્યું છે, તેને પૂજ્યશ્રીએ છ-છ વાર જાહેર સભામાં લીધું હતું. આ ગહન પ્રવચનો અત્રે અક્ષરશઃ શાસ્ત્રરૂપે પ્રસ્તુત કરવામાં આવે છે. આ રીતે આ શાસ્ત્ર ખરેખર પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રભાવનાનું જ ફળ છે. અધ્યાત્મનું ઊંડું રહસ્ય સમજાવીને પૂજ્ય ગુરુદેવશ્રીએ જે અપાર ઉપકાર કર્યો છે તેનું વર્ણન વાણીથી વ્યક્ત કરવામાં અમો અસમર્થ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્યદેશનાની જાળવણી સી.ડી., ડી.વી.ડી., વેબસાઈટ (www.vitragvani.com), એપ (Vitragvani App) તથા સોશ્યલ મીડિયા (www.youtube.com/c/vitragvani) જેવા સાધનો વડે શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, વિલેપાર્લા, મુંબઈ દ્વારા કરવામાં આવેલ છે. આ કાર્ય પાછળ ટ્રસ્ટની એવી ભાવના છે કે વર્તમાનના આધુનિક સાધનો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા સમજાવેલ તત્ત્વજ્ઞાનનો બહોળો લાભ સામાન્યજન લે, કે જેથી આ વાણી શાશ્વત જળવાઈ રહે. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યેક પ્રવચનો અક્ષરશઃ ગ્રંથારૂઢ થાય તેવી ભાવનાના ફળસ્વરૂપે નિયમસાર શાસ્ત્ર ઉપરના ૧૯૭૧-૭૩માં થયેલ ૨૧૫ પ્રવચનો અત્રે પ્રકાશિત કરવામાં આવી રહ્યા છે. તેમાંથી નિયમસાર સાધના ભાગ-૬માં અત્રે (૧૦) પરમ ભક્તિ અધિકાર અને (૧૧) નિશ્ચય પરમ આવશ્યક અધિકાર પરના સળંગ ૩૩ પ્રવચનો પ્રસ્તુત કરતાં હર્ષની લાગણી અનુભવી રહ્યા છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્યદેશનાને ઓડિયો ટેપમાં ઉતારવાનું મહાન કાર્ય શરૂ કરનાર શ્રી નવનીતભાઈ ઝવેરીનો આ પ્રસંગે આભાર વ્યક્ત કરીએ છીએ. તેમજ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢે આ ઉમદા કાર્યને અવિરતધારાએ ચાલુ રાખ્યું અને સાચવી રાખ્યું, તે બદલ તેમના આભારી છીએ.

સર્વ પ્રવચનોને સાંભળીને ગ્રંથારૂઢ કરવામાં ચીવટતા રાખવામાં આવેલ છે. વાક્ય રચનાને પૂર્ણ કરવા અર્થે ક્યાંક-ક્યાંક કૌંસ કરવામાં આવેલ છે. આ પ્રવચનો સાંભળી અને ગ્રંથારૂઢ કરવાનું કાર્ય શ્રી નિજેશ જૈન, સોનગઢ દ્વારા કરવામાં આવેલ છે. પ્રવચનોને તપાસવાનું કાર્ય શ્રી દિનેશભાઈ શાહ, વિલે પાર્લા, શ્રી અતુલભાઈ જૈન, મલાડ અને શ્રીમતી આરતીબેન જૈન, મલાડ દ્વારા કરવામાં આવેલ છે. આ પ્રસંગે ટ્રસ્ટ તેમના પ્રત્યે આભાર વ્યક્ત કરે છે.

જિનવાણી પ્રકાશનનું કાર્ય ગંભીર તથા જવાબદારીપૂર્ણ હોવાથી અત્યંત જાગૃતિપૂર્વક તથા ઉપયોગની એકાગ્રતાપૂર્વક કરવામાં આવેલ છે. તેમ છતાં પ્રકાશન કાર્યમાં પ્રમાદવશ કે અજાગૃતિવશ કોઈ ભૂલ રહી ગઈ હોય તો ત્રિકાળવર્તી વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે ક્ષમા યાચીએ છીએ. સર્વ મુમુક્ષુગણને વિનંતી છે કે અશુદ્ધિઓની નોંધ ટ્રસ્ટને પાઠવે જેથી તે આગળની આવૃત્તિમાં સુધારી શકાય. આ પ્રવચનો (www.vitragvani.com અને Vitragvani App) ઉપર ઉપલબ્ધ છે.

પ્રસ્તુત ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રી તથા તદ્દભક્ત પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનને સાદર સમર્પિત કરીએ છીએ. પાઠકવર્ગ આ પ્રવચનોનો અવશ્ય લાભ લઈ આત્મકલ્યાણને સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. ઇતિ શિવમ્.

ટ્રસ્ટીગણ,  
શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,  
વિલે પાર્લા, મુંબઈ




**કળિકાળસર્વજ્ઞ શ્રી કુંદકુંદાચાર્યદેવ**



અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી

# અધ્યાત્મયુગસર્જક પૂજ્ય સદગુરુદેવ
# શ્રી કાનજીસ્વામીનો સંક્ષિપ્ત જીવન પરિચય

ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના ''ઉમરાળા'' ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઈના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, (તા. ૨૧-૪-૧૮૯૦) રવિવારે વહેલી સવારે આ બાળ મહાત્માનો જન્મ થયો.

જે સમયે આ બાળ મહાત્મા ધરતી પર પધાર્યા, તે સમયે જૈનોના જીવનનો શ્વાસ અંધશ્રદ્ધા, પાખંડ અને શુષ્ક ક્રિયાકાંડમાં રુંધાઈ રહ્યો હતો. કોઈક સ્થળે આધ્યાત્મિક ચિંતન ચાલતું હતું, પણ તેમાં અધ્યાત્મ નહોતું. એવા એ અંધકારમય કળિકાળમાં આ તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થાય છે. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાય છે. વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યવહારિક જીવન સુગંધિત હતું. સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં. જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જવળ ભવિષ્યની આગાહી કરતા બાર લીટીના કાવ્યની રચના કરે છે : ''શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ...''

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કરે છે. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કરે છે અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. પછી ૨૪ વર્ષની વયે (વિ. સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં

સ્થાનકવાસી સંપ્રદાયની દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટે છે. તીક્ષ્ણ બુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના શોધક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતાંબર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી. કર્મ છે તો વિકાર થાય છે ને? જો કે પૂજ્ય ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં. છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓ દઢતાપૂર્વક સિંહગર્જના કરે છે ''જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.''

વિ. સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના જિનશાસન-ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદય સૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બને છે.

૩૨ વર્ષની ઉંમરે, વિધિની કોઈ ધન્ય પળે શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર શેઠ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના હસ્તકમળમાં આવે છે અને આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્ગાર નીકળે છે : ''શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.'' એનું અધ્યયન અને ચિંતન કરતાં અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાય છે. આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિ નિજ ઘર દેખે છે. ત્યારબાદ વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલા રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગ પ્રકાશક' ગ્રંથ પૂ. ગુરુદેવશ્રીને આપ્યો. જે વાંચતા, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં તેઓ તેના વાંચનમાં એવા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું ગમતું નહીં. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાન દીપિકા, વગેરે દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી ૧૩ વર્ષ સુધી ખૂબ જ જ્ઞાનની પ્રગાઢતા બાદ તેઓશ્રીને નિઃશંક નિર્ણય થઈ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળ માર્ગ છે અને તે જ સત્ ધર્મ છે. તેથી અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેશ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડે છે. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી ''સ્ટાર ઓફ ઇન્ડિયા'' નામના એકાંત મકાનમાં મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ. સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે સંપ્રદાયના ચિન્હ મુહપત્તીનો ત્યાગ કરે છે અને જાહેર કરે છે : ''હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈન ધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી કાર્ય કર્યું.

''સ્ટાર ઓફ ઇન્ડિયા''માં ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખુબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન ''શ્રી જૈન સ્વાધ્યાય મંદિર''નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ. સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું.

આ ''સ્વાધ્યાય મંદિર'' જીવન-પર્યન્ત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યા, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી છે. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાય સંગ્રહ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને ભાઈશ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદ્રષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા ઈ.સ.૧૯૫૯ થી ૧૯૮૦ સુધી નિયમિત રીતે ટેપમાં ઉતારી લેવામાં આવી હતી. જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. આ મંગલવાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે. તેથી એટલું તો નક્કી છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમ કાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ. સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી ''આત્મધર્મ'' નામની માસિક આધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ ''આત્મધર્મ'' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું ''શ્રી સદ્ગુરુ પ્રવચન પ્રસાદ'' સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્યવિહારી મહાપુરુષની મંગળવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતાંબર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણપૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે..! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરોના તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોને પુસ્તકરૂપે છપાવવાનું કાર્ય વિ. સં. ૧૯૯૯ (ઇ.સ. ૧૯૪૩)થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાન ગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

દસલક્ષણ પર્યુષણ પર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત

દિગંબર સમાજમાં જાગૃતિ આવી છે. આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણ પર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ. સં. ૧૯૯૭ (ઇ. સ. ૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ. સં. ૨૦૦૩ના શ્રાવણ માસથી શરૂ કરવામાં આવેલ છે.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગળ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતાં. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બને છે અને બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિ થાય છે, જેમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહે છે. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

ઇ. સ. ૧૯૪૧ થી ઇ. સ. ૧૯૮૦ દરમ્યાન સૌરાષ્ટ (ગુજરાત) ઉપરાંત ભારત દેશના અનેક શહેરોમાં તથા વિદેશમાં (નાઈરોબીમાં) એમ કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગળ પ્રતિષ્ઠા, આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પવિત્ર કરકમળ દ્વારા થઈ.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષની મંગળકારી જન્મજયંતી ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫મા હિરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી જડિત એક આઠસો પાનાનો દળદાર ''અભિનંદન ગ્રંથ'' આ ભાવિ તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન ગૃહમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા મુંબઈમાં દેશભરના હજારો ભક્તોની હાજરીમાં અર્પણ થયો.

શ્રી સમ્મેદશીખરજીની યાત્રા નિમિત્તે ઈ. સ. ૧૯૫૭ તથા ઈ. સ. ૧૯૬૭માં એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગળ વિહાર કર્યો. તે જ રીતે ઇ. સ. ૧૯૫૯ અને ઇ. સ. ૧૯૬૪માં એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર કર્યો. આ મંગળ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યા અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. આ સત્પુરુષને અનેક સ્થાનોથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઇ. સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થ કાળનો જ અનુભવ થતો.

વિ. સં. ૨૦૩૭ના કારતક વદ સાતમ, (તા. ૨૮-૧૧-૧૯૮૦) શુક્રવારના રોજ, આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં

એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રથી સ્વર્ગપુરી તરફ પ્રયાણ કર્યું. તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરી અધ્યાત્મયુગનું સર્જન કરતાં ગયાં.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતા. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખુબ જ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જવળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર છે; પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય, તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહેતા. ભાવલિંગી મુનિઓના તેઓ દાસાનુદાસ હતા.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરુપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઇત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યા છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે, તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

સમગ્ર જીવન દરમ્યાન આ ગુણવંતા જ્ઞાનીપુરુષે બહુ જ અલ્પ લખ્યું છે, કેમકે તેઓશ્રીને તો તીર્થંકરની વાણી જેવો યોગ હતો. તેમની અમૃતમય મંગળવાણીનો પ્રભાવ જ એવો હતો કે સાંભળનાર તેનું રસપાન કરતાં થાકતા જ નહિ. દિવ્યભાવશ્રુત જ્ઞાનધારી આ પુરાણપુરુષે પોતે જ પરમાગમના આ સારભૂત સિદ્ધાંતો લખાવ્યા છેઃ

૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ, સ્પર્શે નહિ.

૨. દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે.

૩. ઉત્પાદ - ઉત્પાદથી છે, વ્યયથી કે ધ્રુવથી નથી.

૪. ઉત્પાદ પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.

૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.

૬. ભાવશક્તિના કારણે પર્યાય હોય જ છે, કરવી પડતી નથી.

૭. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

૮. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.

૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડવા તે અન્યવશપણું છે.

૧૦. ધ્રુવનું આલંબન, પણ વેદન નહિ, અને પર્યાયનું વેદન, પણ આલંબન નહિ.

આ અધ્યાત્મયુગસર્જક મહાપુરુષે પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસનસ્તંભ શ્રી કહાન ગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

સત્પુરુષનો પ્રભાવના ઉદય જયવંત વર્તો.

# અનુક્રમણિકા


| પ્ર. ક્રમાંક | તારીખ | તિથિ | વાર | ગાથા | શ્લોક | પૃષ્ઠ નંબર |
|---|---|---|---|---|---|---|
| (૧૦) પરમ ભક્તિ અધિકાર | | | | | | |
| ૧૫૮ | ૨૬-૧૧-૧૯૭૨ | કારતક વદ ૬ | રવિવાર | ૧૩૪ | - | ૧-૧૧ |
| ૧૫૯ | ૨૭-૧૧-૧૯૭૨ | કારતક વદ ૭ | સોમવાર | ૧૩૪ | ૨૨૦ | ૧૨-૨૧ |
| ૧૬૦ | ૨૮-૧૧-૧૯૭૨ | કારતક વદ ૮ | મંગળવાર | ૧૩૫ | ૨૨૧ | ૨૨-૩૨ |
| ૧૬૧ | ૩૦-૧૧-૧૯૭૨ | કારતક વદ ૧૦ | ગુરુવાર | ૧૩૬ | ૨૨૨-૨૨૬ | ૩૩-૪૬ |
| ૧૬૨ | ૦૧-૧૨-૧૯૭૨ | કારતક વદ ૧૧ | શુક્રવાર | ૧૩૬-૧૩૭ | ૨૨૭ | ૪૭-૫૮ |
| ૧૬૩ | ૦૨-૧૨-૧૯૭૨ | કારતક વદ ૧૨ | શનિવાર | ૧૩૭-૧૩૮ | ૨૨૮ | ૫૯-૬૯ |
| ૧૬૪ | ૦૩-૧૨-૧૯૭૨ | કારતક વદ ૧૩ | રવિવાર | ૧૩૯ | ૨૨૯ | ૭૦-૮૦ |
| ૧૬૫ | ૦૪-૧૨-૧૯૭૨ | કારતક વદ ૧૪ | સોમવાર | ૧૩૯-૧૪૦ | ૨૩૦ | ૮૧-૯૦ |
| ૧૬૬ | ૦૬-૧૨-૧૯૭૨ | માગશર સુદ ૧ | બુધવાર | - | ૨૩૧-૨૩૫ | ૯૧-૧૦૧ |
| ૧૬૭ | ૦૭-૧૨-૧૯૭૨ | માગશર સુદ ૨ | ગુરુવાર | ૧૪૧ | ૨૩૬-૨૩૭ | ૧૦૨-૧૧૧ |
| (૧૧) નિશ્ચય પરમ આવશ્યક અધિકાર | | | | | | |
| ૧૬૮ | ૦૮-૧૨-૧૯૭૨ | માગશર સુદ ૩ | શુક્રવાર | ૧૪૨ | ૨૩૮ | ૧૧૨-૧૨૨ |
| ૧૬૯ | ૦૯-૧૨-૧૯૭૨ | માગશર સુદ ૪ | શનિવાર | ૧૪૩ | ૨૩૯-૨૪૧ | ૧૨૩-૧૩૩ |
| ૧૭૦ | ૧૦-૧૨-૧૯૭૨ | માગશર સુદ ૫ | રવિવાર | ૧૪૪ | ૨૪૨-૨૪૪ | ૧૩૪-૧૪૪ |
| ૧૭૧ | ૧૧-૧૨-૧૯૭૨ | માગશર સુદ ૬ | સોમવાર | ૧૪૪ | - | ૧૪૫-૧૫૪ |
| ૧૭૨ | ૧૨-૧૨-૧૯૭૨ | માગશર સુદ ૭ | મંગળવાર | ૧૪૫ | ૨૪૫ | ૧૫૫-૧૬૫ |
| ૧૭૩ | ૧૪-૧૨-૧૯૭૨ | માગશર સુદ ૯ | ગુરુવાર | ૧૪૫-૧૪૬ | ૨૪૬ | ૧૬૬-૧૭૬ |
| ૧૭૪ | ૧૫-૧૨-૧૯૭૨ | માગશર સુદ ૧૦ | શુક્રવાર | ૧૪૬ | ૨૪૭-૨૫૦ | ૧૭૭-૧૮૬ |
| ૧૭૫ | ૧૬-૧૨-૧૯૭૨ | માગશર સુદ ૧૧ | શનિવાર | ૧૪૭ | ૨૫૧-૨૫૪ | ૧૮૭-૧૯૭ |
| ૧૭૬ | ૧૭-૧૨-૧૯૭૨ | માગશર સુદ ૧૨ | રવિવાર | ૧૪૭ | ૨૫૫ | ૧૯૮-૨૦૮ |
| ૧૭૭ | ૧૮-૧૨-૧૯૭૨ | માગશર સુદ ૧૩ | સોમવાર | ૧૪૮-૧૪૯ | ૨૫૬-૨૫૭ | ૨૦૯-૨૧૯ |
| ૧૭૮ | ૧૯-૧૧-૧૯૭૨ | માગશર સુદ ૧૪ | મંગળવાર | ૧૪૯ | ૨૫૮ | ૨૨૦-૨૩૦ |
| ૧૭૯ | ૨૧-૧૧-૧૯૭૨ | માગશર વદ ૧ | ગુરુવાર | ૧૫૦ | - | ૨૩૧-૨૪૦ |

| પ્ર. ક્રમાંક | તારીખ | તિથિ | વાર | ગાથા | શ્લોક | પૃષ્ઠ નંબર |
|---|---|---|---|---|---|---|
| ૧૮૦ | ૨૨-૧૧-૧૯૭૨ | માગશર વદ ૨ | શુક્રવાર | ૧૫૦-૧૫૧ | ૨૫૯ | ૨૪૧-૨૫૧ |
| ૧૮૧ | ૨૩-૧૧-૧૯૭૨ | માગશર વદ ૩ | શનિવાર | ૧૫૧ | ૨૬૦-૨૬૧ | ૨૫૨-૨૬૧ |
| ૧૮૨ | ૨૪-૧૧-૧૯૭૨ | માગશર વદ ૪ | રવિવાર | ૧૫૨ | ૨૬૨ | ૨૬૨-૨૭૨ |
| ૧૮૩ | ૨૫-૧૧-૧૯૭૨ | માગશર વદ ૬ | સોમવાર | ૧૫૩ | ૨૬૩ | ૨૭૩-૨૮૨ |
| ૧૮૪ | ૨૬-૧૧-૧૯૭૨ | માગશર વદ ૭ | મંગળવાર | ૧૫૪ | ૨૬૪ | ૨૮૩-૨૯૩ |
| ૧૮૫ | ૨૯-૧૧-૧૯૭૨ | માગશર વદ ૧૦ | શુક્રવાર | ૧૫૫ | - | ૨૯૪-૩૦૫ |
| ૧૮૬ | ૩૦-૧૧-૧૯૭૨ | માગશર વદ ૧૧ | શનિવાર | ૧૫૫ | ૨૬૫ | ૩૦૬-૩૧૬ |
| ૧૮૭ | ૩૧-૧૧-૧૯૭૨ | માગશર વદ ૧૨ | રવિવાર | ૧૫૬ | ૨૬૬ | ૩૧૭-૩૨૭ |
| ૧૮૮ | ૦૧-૦૧-૧૯૭૩ | માગશર વદ ૧૨ | સોમવાર | ૧૫૭ | ૨૬૭ | ૩૨૮-૩૩૯ |
| ૧૮૯ | ૦૨-૦૧-૧૯૭૩ | માગશર વદ ૧૩ | મંગળવાર | ૧૫૮ | ૨૬૮-૨૬૯ | ૩૪૦-૩૫૦ |
| ૧૯૦ | ૦૩-૦૧-૧૯૭૩ | માગશર વદ ૧૪ | બુધવાર | ૧૫૮ | ૨૭૦ | ૩૫૧-૩૬૨ |

## કારતક વદ-૬, રવિવાર, તા. ૨૬-૧૧-૧૯૭૨
## ગાથા-૧૩૪, પ્રવચન નં. ૧૫૮

આ નિયમસાર, મોક્ષમાર્ગનો અધિકાર છે. પર્યાયનો જ આ અધિકાર છે. નિયમસાર એટલે મોક્ષનો માર્ગ, મોક્ષનો માર્ગ એટલે પર્યાય. કુંદકુંદાચાર્ય કહે છે કે મારી ભાવના માટે મેં આ મોક્ષમાર્ગ(રૂપ) નિયમસાર બનાવ્યું છે.

શ્રોતા : ભાવનાનો અર્થ?

પૂજ્ય ગુરુદેવશ્રી : વારંવાર એનું રટણ.

શ્રોતા : પર્યાય કે દ્રવ્ય?

પૂજ્ય ગુરુદેવશ્રી : પર્યાય. પર્યાયનો અનુભવ છેને? દ્રવ્યનો અનુભવ ક્યાં હોય? દ્રવ્ય તો ધ્રુવ છે. વેદનમાં આનંદની પર્યાય એ તો અવસ્થા છે, પર્યાય છે. ધ્રુવ એ વેદનમાં ન આવે, દ્રવ્ય એ અનુભવમાં ન આવે. અનુભવ એટલે વેદવું. દ્રવ્યનું શું વેદન હોય? તત્ત્વની વાત એવી ઝીણી સૂક્ષ્મ છે કે લોકોને અંદરમાં સરખી બેસવી (મુશ્કેલ). આમ વસ્તુ છે–દ્રવ્ય છે અને ત્રિકાળી ગુણ છે. એ ગુણનું વેદન ન હોય. વેદન તો પર્યાયનું જ હોય ત્રણ કાળ ત્રણ લોકમાં. સિદ્ધને પર્યાયનો અનુભવ છે, દ્રવ્ય-ગુણનો નહીં. સમજાણું કાંઈ? એથી આ અધિકાર બધો જ પર્યાયનો છે.

શ્રોતા : આખું શાસ્ત્ર જ પર્યાયનું?

પૂજ્ય ગુરુદેવશ્રી : આ શાસ્ત્ર જ આખું પર્યાયનું છે. અને તેથી એમાં કારણપર્યાય આવી છે. બીજે ક્યાંય નથી અને અહીં આવી એનો હેતુ આ. ત્રિકાળી કારણપર્યાય છે. પર્યાયનો ગ્રંથ છેને. અને આચાર્ય પોતે કહે છે કે મારી ભાવના માટે આ બનાવ્યું છે. છેલ્લી ગાથા છે **णिभावणा** છેને? ૧૮૭. **णिभवणाणिमित्तं मए कदं**.. છેલ્લી ગાથા ૧૮૭. વાત હોય એવી વાત આવવી જોઈએને. આ તો વીતરાગમાર્ગ છે. આ કોઈ કલ્પિત ઊભો કરેલો છે? આહાહા! **णिभवणाणिमित्तं मए कदं**.. આવો શબ્દ આમાં જ આવે છે ભાઈ! 'મેં કર્યો' એવો શબ્દ છે બીજે સમયસારમાં, પ્રવચનસારમાં, પંચાસ્તિકાયમાં નથી.

શ્રોતા : હું કહું છે એ તો આવ્યું, વોચ્છામિ.

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ જુદું. આ તો છેલ્લે **मए कदं णियमसारणामसुदं**.. મેં કર્યું નિયમસારસૂત્ર. પણ આ કરી શકાય નહીંને? પણ મારી ભાવનામાં હતું કે આમ બને, એ અપેક્ષાએ 'મેં કર્યું' એમ નિમિત્તથી કથન કહેવાય. વાણીને કરે આત્મા? **मए कदं** છે. **णच्चा जिणोवदेसं**.. આચાર્ય પોતે કહે છે કે સર્વજ્ઞ પરમાત્મા જિનેશ્વરના ઉપદેશને મેં જાણીને આ

બનાવ્યું છે. છેને નામ જુઓને! **णच्चा जिणोवदेसं**.. સર્વજ્ઞ વીતરાગદેવ પરમાત્મા તીર્થંકરદેવનો જે ઉપદેશ છે એને મેં જાણીને **पुव्वापरदोसणिम्मुक्कं**–પૂર્વાપરદોષથી રહિત આ શાસ્ત્ર છે. કહો, સમજાણું કાંઈ? આહાહા! વીતરાગની સાથે વાતું કરવી બાપુ! એ તો કાંઈ... સમજાણું કાંઈ? આમાં ૧૩૪ ગાથા. ટીકા, એની ટીકા. અન્વયાર્થ વંચાઈ ગયો છે કાલ.

**ટીકા : આ, રત્નત્રયના સ્વરૂપનું કથન છે.** નિશ્ચય સમ્યગ્દર્શન, નિશ્ચય સમ્યગ્જ્ઞાન, નિશ્ચય સમ્યક્ચારિત્ર—એવી જે નિર્મળ વીતરાગી પર્યાય એનું આ કથન છે. સમજાણું કાંઈ? આ રત્નત્રયસ્વરૂપ... આ રત્નત્રય નિશ્ચય. વ્યવહાર... એ પછી કહેશે કે આવું હોય એને. હવે કહે છે, **આ, ગાથામાં રત્નત્રયના સ્વરૂપનું કથન છે**. રત્નત્રય એને જ કહીએ કે પરમાનંદમૂર્તિ પ્રભુ એની નિર્વિકલ્પ પ્રતીતિ, નિર્વિકલ્પ (અર્થાત્) રાગની અપેક્ષા વિનાનું સ્વનું જ્ઞાન, રાગની અપેક્ષા વિનાની રમણતા. એવી જે ચારિત્રની પર્યાય, દર્શનની પર્યાય, જ્ઞાનની પર્યાય, એના સ્વરૂપનું કથન છે. સમજાણું કાંઈ? હવે વિસ્તાર કરે છે.

**ચતુર્ગતિ સંસારમાં પરિભ્રમણના કારણભૂત...** ચાર ગતિ(રૂપ) સંસાર એનું પરિભ્રમણ... જુઓ! સ્વર્ગ–દેવગતિ પણ પરિભ્રમણ છેને? ચાર ગતિમાં છે, એ કાંઈ આત્માની ગતિમાં નથી. આહાહા! **ચતુર્ગતિ સંસારના પરિભ્રમણના કારણભૂત, તીવ્ર મિથ્યાત્વકર્મની પ્રકૃતિથી...** મિથ્યાત્વકર્મ લીધું છે, પણ એના નિમિત્તથી થતો મિથ્યાત્વભાવ અને પ્રકૃતિ નિમિત્ત બેયને ગણીને એનાથી વિરુદ્ધ... તીવ્ર મિથ્યાત્વકર્મની પ્રકૃતિથી **પ્રતિપક્ષ (વિરુદ્ધ)...** શું? આ નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. **નિજ પરમાત્મતત્ત્વનાં સમ્યક્ શ્રદ્ધાન...** શ્રદ્ધાન કોનું? કે નિજ પરમાત્મતત્ત્વ ત્રિકાળી ધ્રુવ એની શ્રદ્ધા. સમજાણું કાંઈ? એટલે કે સામાન્યસ્વરૂપ જે ત્રિકાળી એના ઉપર શ્રદ્ધાનું પરિણમવું, પર્યાયનું થવું એ સમ્યક્ શ્રદ્ધાન.

પાછો એમ શબ્દ વાપર્યો છેને 'નિજપરમાત્મતત્ત્વ'. ભગવાન પરમાત્મતત્ત્વ એ બીજા દૂર રહ્યા. એની શ્રદ્ધા તો વિકલ્પ છે. સર્વજ્ઞ પરમાત્માની શ્રદ્ધા, પરદ્રવ્યની શ્રદ્ધા તો એક શુભ વિકલ્પ છે–રાગ છે. આ નિજ પરમાત્મતત્ત્વ પૂર્ણ.. એક પર્યાયની–અવસ્થાની પાછળ.. સમજાણું કાંઈ? જે એને શ્રદ્ધે છે એ પર્યાયની પાછળ. સમજાણું કાંઈ? **નિજ પરમાત્મતત્ત્વનાં સમ્યક્ શ્રદ્ધાન**–નિર્વિકલ્પ-શ્રદ્ધા... કારણ કે પૂર્ણ સ્વરૂપ એના તરફ જ્યાં વલણ થાય એટલે એક સમયની પર્યાય, રાગ ને નિમિત્ત એના તરફનો જે વિકલ્પ છે એ છૂટી જાય છે. કહો, મગનભાઈ! આહાહા!

નિજ પરમાત્મતત્ત્વ પોતાનું પરમસ્વરૂપ ત્રિકાળી પરમપારિણામિક સ્વભાવભાવ, ધ્રુવભાવ, સામાન્યભાવ, નિત્યભાવ, સદૃશભાવ, એકરૂપભાવ, અખંડભાવ, અભેદભાવ—બધાય એકાર્થ છે. સમજાણું કાંઈ? એના સમ્યક્ શ્રદ્ધાન... પરિણામ લેવા છેને. સમ્યક્ શ્રદ્ધાન એ પરિણામ છે–પર્યાય છે. કલ્યાણજીભાઈ! સમ્યગ્દર્શન સમ્યક્ નિશ્ચય એ પર્યાય છે. એને

અહીં પરિણામ કીધા છે. છે? **સમ્યક્ શ્રદ્ધાન**, સમ્યક્-**અવબોધ...** સાચો અવબોધ-જ્ઞાન. ત્રિકાળી પરમાત્મા પોતાનો સ્વભાવ ધ્રુવ ત્રિકાળ હોં પોતે, એનું જ્ઞાન-એનો અવબોધ... આનંદની પર્યાય લેતું જે જ્ઞાન આવે એને અહીંયા જ્ઞાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

અને સમ્યક્ **આચરણસ્વરૂપ...** સમ્યક્ ચૈતન્યમૂર્તિમાં શ્રદ્ધા, જ્ઞાનની પર્યાય સહિત અંદરમાં રમણતા, આનંદસ્વરૂપ પરમાત્મા પોતે એમાં રમણતા એનું નામ આચરણ, એનું નામ ચારિત્ર. સમજાણું કાંઈ? આ આચરણ.. આચરણ કરે છેને લોકો. કહે છે કે એ નિજ પરમાત્મતત્ત્વ પૂર્ણસ્વરૂપ ભગવાન એ દ્રવ્ય, એમાં રમણતા, પરમ આનંદની પર્યાય સહિત પરમાનંદમાં રમણતા, એમાં આચરણસ્વરૂપ શુદ્ધરત્નત્રય, એ ત્રણને શુદ્ધરત્નત્રય કહે છે. એ પરિણામો છે. એ ત્રણ પરિણામ છે-પર્યાય છે. આહાહા! સમજાણું કાંઈ? એ ચેતનજી! આ પરિણામનું નામ લે છે પર્યાયને. આ તો કહે, મેં પર્યાયનો ગ્રંથ બનાવ્યો, એમ કહે છે.

કહે છે કે એવા **શુદ્ધરત્નત્રય...** શુદ્ધ કેમ કીધું? કે ઓલા વ્યવહાર નહીં, નિશ્ચય રત્નત્રય. એ જ વાસ્તવિક રત્નત્રય છે, ઓલા તો બધા પથરા છે, વિકલ્પ છે, છે એ બંધનું કારણ.. બંધનું કારણ. આ તો એક વાત એવી છે કે વસ્તુ છે એ અબદ્ધસ્વરૂપ છે, એને આશ્રયે પરિણામ આવે એ અબંધ પરિણામ જ આવે. એ અબંધ પરિણામને અહીં શુદ્ધરત્નત્રય કહ્યા છે. સમજાણું કાંઈ? અબદ્ધસ્વરૂપ ભગવાન આત્મા... આવે છેને પાંચ બોલ? એનો અર્થ એ કે વસ્તુ જે છે એનો આશ્રય થતાં જે પરિણામ થાય એ અબદ્ધ જ હોય. અબદ્ધ પરિણામ કહો કે મોક્ષના માર્ગના પરિણામ કહો—એક છે. સમજાણું કાંઈ?

**શુદ્ધરત્નત્રય-પરિણામોનું...** પોતે આચાર્યે કહ્યું છેને, **सम्मत्तणाणचरणे जो भत्तिं कुणइ...** સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર(રૂપ) નિર્મળ પરિણામ-પર્યાય એની જે ભક્તિ કરે, આહાહા! એને શ્રાવક ને સાધુ કહીએ. આહાહા! સમજાણું કાંઈ? આ ભગવાનની ભક્તિ કરે એ તો શુભભાવ છે, એમ કહે છે. ભગવાનજીભાઈ! આહાહા! આ તો તીર્થંકર વીતરાગ... અરે! સર્વજ્ઞ કોને કહીએ ભાઈ? જેના પેટ મોટા. એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક એની સામું જોયા વિના જાણવામાં આવે એ તે શું ચીજ છે? એ પર્યાય શું છે ભાઈ? એમ ને એમ બોલી નાખવું ને માની લેવું એ જુદી ચીજ છે. સમજાણું કાંઈ? એવી જે સર્વજ્ઞપર્યાય, એ સર્વજ્ઞગુણ જે ત્રિકાળી સ્વભાવ છે એમાંથી આવે છે, અથવા એને આશ્રયે પ્રગટ થાય છે. આ મોક્ષનો માર્ગ એ પણ પરમાત્મ ત્રિકાળી વસ્તુને આશ્રયે પ્રગટ થાય છે.

એ **પરિણામોનું જે ભજન...** .... એ પરિણામોનું જે ભજન એટલે પરિણમવું. સમજાણું કાંઈ? **ભજન તે ભક્તિ છે...** માર્ગ વીતરાગનો ભાઈ! અલૌકિક માર્ગ છે. આહાહા! લોકોને સત્ય શું છે એ કાને પડવું મહાદુર્લભ છે. એવી એ ચીજ છે. સમજાણું કાંઈ? પરમાત્મા પોતે, એની શ્રદ્ધા, જ્ઞાન ને આચરણરૂપ-ચારિત્રરૂપ શુદ્ધરત્નત્રય પરિણામો... લ્યો તકરાર કરતા

હતાને ભાઈ! સમ્યગ્દર્શનને તમે પર્યાય કહો છે, પણ એ તો ગુણ છે. હતા ક્ષુલ્લક. શૂરવીરસિંહ હતાને, ગુજરી ગયાને. ..નું જ્યાં બહાર પાડ્યું ત્યાં તકરાર આવી પાછી. તમે સમ્યગ્દર્શનને પર્યાય કહો છો, એ તો ગુણ છે. કહો, આ શું કહેવું? હજી ગુણ કોને કહેવો ને પર્યાય કોને કહેવી એની ખબર નહીં અને ક્ષુલ્લક થઈને બેઠા લ્યો, ૧૧ પડિમાધારી. શૂરવીરસિંહ હતા. આપણે ગયા હતા ત્યાં અંદર હતા, પછી આપણે ન ગયા અંદર. ૧૩ની સાલ. ભૂલેશ્વર. ભૂલેશ્વર મંદિરમાં અંદર હતા અંદર. અમે તો દર્શન કરવા ગયા હતા. કોઈક કહે, અંદર છે.

અરે ભગવાન! હજી તો પર્યાય કોને કહેવી, ગુણ કોને કહેવો ને દ્રવ્ય કોને કહેવો—એની ખબરું ન મળે એને (અને) થઈ ગયા ક્ષુલ્લક ને થઈ ગયા સાધુ લ્યો. નામ આપતા કાંઈ પૈસા બેસે છે? એ ત્રણ રત્નત્રય પરિણામ છે, એ પર્યાય છે. એ આત્માના અસંખ્ય પ્રદેશમાં ગુણ ઉપર પરિણમતી દશા છે. સમજાણું કાંઈ? આહા! આવી જાતનું કેવું કહે છે? એ સ્વરૂપ જ એવું છે. ભગવાન આત્મા પરમસ્વભાવી વસ્તુ એની શ્રદ્ધા ક્યારે થાય? કે પરનું બધું લક્ષ છોડી દઈ, પૂર્ણ પરમાત્મસ્વરૂપ ઉપર દૃષ્ટિ પડતાં વિકલ્પ તૂટી જાય, રાગની એકતા તૂટી જાય અને પરમાનંદની પર્યાય સાથે એકતા થઈ જાય. પરમાનંદ ગુણ સાથે એકતા થઈ જાય. આહાહા!

એકતા થાય ને વળી પર્યાય ને દ્રવ્ય એક થાય નહીં. એનો અર્થ કે આ બાજુ ઢળતી એ આ બાજુ વળી એટલે એકતા કહેવામાં આવે છે. આહાહા! ભક્તિ છે, એ ભજન તે ભક્તિ. દેખો! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામનું ભજન કરવું એટલે એમાં પરિણમવું. કહો, સમજાણું કાંઈ? સુરેન્દ્રભાઈ ગયા? ભગવાન આત્મા એના પરિણામ થાય એને 'ભજન કરવું' કહે છે. ભગવાનનું ભજન કરવું એ મૂકી દીધું અહીં.

શ્રોતા : સમ્યગ્દર્શન પોતે જ ભક્તિ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી : પોતે જ ભક્તિ છે. સમજાણું કાંઈ? આહાહા! એ ભક્તિ છે એની ભક્તિ કરવી એમ કહે છે અહીં તો. આહાહા! એ ભક્તિનો અર્થ **આરાધના એવો તેનો અર્થ છે.** લ્યો, પ્રવચનસાર, અમૃતચંદ્રાચાર્ય, આવે છેને ભાઈ! ગાથા ચારિત્રની. એ વિષયની લીધી છે. આહાહા! આરાધના એવો અર્થ છે એટલે ભગવાન આત્મા પૂર્ણસ્વરૂપની શ્રદ્ધા-જ્ઞાન ને રમણતા એ આરાધના છે. એ આરાધવું–સેવા છે એની. આહા! એ આત્માની સેવા છે.

અહીં ભગવાનની સેવા કરવા બેસે છે, એમ નથી કહેતા? પૂજા કરવા, સેવા કરવા. સેવામાં, હમણા ભગવાનની બહારની સેવામાં બેઠા છે. આ ભગવાનની સેવા છે. એ પરિણામ એ જ સેવા, એ જ આરાધના ને સેવા છે. આહાહા! સમજાણું કાંઈ? માર્ગ ભારે ભાઈ આવો. સાંભળ્યો ન હોય એને તો એવું લાગે કે આ તે શું હશે? આ તે જૈનદર્શનની જૈન પરમેશ્વરની વાત હશે? આપણે તો કંદમૂળ ન ખાવા, ચોવિહાર કરવો, અપવાસ કરવા, છપરબી પાળવું

(એવું સાંભળતા). એ કલ્યાણજીભાઈ! ભાઈ! તને ખબર નથી. એ કરવું.. કરવું એ તો બધો વિકલ્પ છે. ભગવાન આત્મા તો વિકલ્પ રહિત છે. એની શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર પણ વિકલ્પ રહિત છે. સમજાણું કાંઈ?

**આરાધના એવો તેનો અર્થ છે**. શું કીધું એ? શુદ્ધ રત્નત્રય પરિણામોનું ભજન એટલે કે એનું આરાધન, એમ. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એવા જે પરિણામ એનું આરાધન. દ્રવ્યનું આરાધન એમ નહીં. સમજાણું કાંઈ? એ એની સેવા છે પર્યાયની. મોક્ષમાર્ગ એ પર્યાય છે, એની સેવાને અહીં આરાધના કહે છે (અથવા) આરાધનાને સેવા કહે છે, એને ભક્તિ કહે છે. આહાહા! એ ભગવાનભાઈ! બધું સાંભળ્યું હતું આવું ત્યાં? પ્રોષધ કરો, સામાયિક કરો, બસ. પણ પોષો કોને કહેવો? પ્રોષધ એટલે પોષણ આપવું. ચણો જેમ પાણીમાં પોઢો થાય, એમ આત્માની દશાનું પોષણ વીતરાગતાનો ભાવ પ્રગટ થાય એને પ્રોષધ કહે. હવે આ તો બેસી ગયો અપવાસ કરીને, ... કરીને, થઈ ગયો પોષો. આહાહા! આ પહેલા સામાયિકની વાત આવી ગઈ છે ૧૩૩ ગાથા સુધી. સામાયિક કોને કહેવી? પરમાનંદ પ્રભુ એના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ એને સામાયિક કહીએ. સમજાણું કાંઈ?

સર્વજ્ઞ જિનેન્દ્રદેવ આમ કહે છે. જુઓને! માથે કહ્યું છેને **जिणेहि पण्णत्तं**.. જિનેશ્વરદેવ વીતરાગ પરમાત્મા ત્રિલોકનાથ અરિહંતદેવ, જેને એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોકનું જ્ઞાન છે, સો ઇન્દ્રો જેના તળિયા ચાટે, સો ઇન્દ્રો જેની રજ માથે ચડાવે છે—એવા જિનેન્દ્રદેવ ભગવાનનો હુકમ છે, એની આજ્ઞામાં છે આ વાત. ભાઈ! તારો પ્રભુ પૂર્ણાનંદનો નાથ એની શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ એને અમે આત્માની સેવા કહીએ છીએ. એ પરિણામની સેવા એ આત્માની સેવા છે. આહાહા! સમજાણું કાંઈ? કારણ કે અનિત્ય દ્વારા નિત્યનો નિર્ણય થાય છે.

એ શબ્દ છેને ભાઈ! ચિદાનંદ.. શું કહેવાય? ચિદ્વિલાસમાં. છેને એ તો સાદી ભાષાથી વાત કરી છે. અનિત્યથી નિત્યનો નિર્ણય થાય છે. અનિત્ય પર્યાય કહો. આહાહા! સમજાણું કાંઈ? આ બધી ભાષા નવા માણસને ગ્રીક-લેટિન જેવું લાગે. જે વીતરાગના ઘરની મૂળ વાત એની ખબરું ન મળે. સવારમાં ઉઠીને ભગવાનની પૂજા કરો, બસ, જાઓ થઈ ગયો તમારે ધર્મ. ભાઈ! એ તો એક શુભભાવ છે અને એ તો આત્માની વિરાધના છે. આરાધના તો આ વીતરાગી પરિણતિ તે આરાધના છે. સમજાણું કાંઈ? થોડું પણ પરમ સત્ય હોવું જોઈએ. સમજાણું કાંઈ? તો આ પરમ સત્ય. આહાહા! આ નિયમસાર જ મોક્ષના માર્ગનો અધિકાર છે.

**આરાધના એવો તેનો અર્થ છે**. કોનો અર્થ? શુદ્ધરત્નત્રય પરિણામનો. એ પરિણામની ભક્તિ, ભજન, પરિણામનું પરિણમવું એનું નામ આરાધના. એવો આરાધનાનો અર્થ છે. આહાહા! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિર્વિકલ્પ વીતરાગી પર્યાયપણે પરિણમવું એ આરાધના છે, એ મોક્ષમાર્ગની સેવા છે. કહો, આ સેવા નથી કહેતા? શું કહે સેવા ધર્મ..? યોગિનામ્-અપિ. એ

આ સેવા. કોણ કરતો હતો પરની સેવા? આંખની પણ પાંપણ ફેરવવાની તાકાત નથી જીવમાં, (ત્યાં) જીવ જડને શું કરે? આ આમ.. આમ થાય એ તો જડની ક્રિયા છે. જડના અસ્તિત્વમાં એ થાય છે. આમ આમ થાય એ આત્માના અસ્તિત્વમાં થાય છે? એ આંખની પાપણનું ફરવું એના અસ્તિત્વમાં જીવ નથી. એ જડને લઈને ફરે છે. આહાહા! એ જડની પર્યાય છે. ચૈતન્યની પર્યાય એને શું કરે? જાણે પર તરીકે. પર તરીકેની સેવા એ કરે એવું તો ત્રણ કાળમાં આત્મામાં સ્વરૂપ છે નહીં. આહાહા! સમજાણું કાંઈ? કહે છે....

હવે, **એકાદશપદી શ્રાવકોમાં જઘન્ય છ છે...** શ્રાવકની અગિયાર પડિમા થાય છે. ગૃહસ્થાશ્રમમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના અંશ સહિત... એ ગુણના પ્રકારો છે બધા. સમજાણું? અહીં તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ શ્રાવકને પણ હોય છે એમ સિદ્ધ કર્યું છે. કોઈ કહે, શ્રાવકને તો... શ્રાવક કહેવો કોને? વાડામાં પડ્યા એને શ્રાવક કહીએ? એ તો અનાદિના પડ્યા છે, એ ક્યાં શ્રાવક હતા? સમજાણું કાંઈ? એ ગિરધરભાઈ! આવો આકરો માર્ગ છે આ તો. ભગવાન આત્મા, સર્વજ્ઞ ત્રિલોકનાથ તીર્થંકરદેવે જે કેવળજ્ઞાનમાં જોયો દરેક આત્મા, એ આત્માને (અને) બીજાના આત્માને પણ ભગવાને એવો જોયો કે દયા, દાન, ભક્તિના પરિણામથી ભિન્ન જોયો ભગવાને. અને દયા-દાનના પરિણામને ભગવાને આસ્રવ જોયા અને સ્વાહા બોલાય એને જડ કહ્યું ભગવાને. સમજાણું કાંઈ?

એમ ભગવાન પાસે સ્તુતિ કરેને આ વાણી (દ્વારા). તો ભગવાને જોયું કે સ્તુતિની ભાષા તો જડ છે. એમાં વિકલ્પ ઉઠ્યો એ આસ્રવ છે. ભગવાન આત્મા તો આસ્રવ ને અજીવથી ભિન્ન છે. સમજાણું કાંઈ? આહાહા! આવી વાત ક્યાં છે? 'કબીરની અવળી વાણી' એવું આવે છે. અવળી નહીં, (પણ) આ તો સવળી વાણી છે. કબીરની કહે છે. .... ચિંતામણિ નામનું મોટું મોટું ... છે. એક ફેરી ત્યાં ... ગયા હતાને. જોરુભાઈ હતાને રતિભાઈના બાપ, અમદાવાદ. જોરુભાઈ હતા દેરાવાસી. એ આવે, પ્રેમ હતોને. એ લઈને આવ્યો હતો એક દિ' કબીરનું..... મોટી ચિંતામણિ. વાત આત્માની કરે, પણ આત્મા કોને કહેવો ને શું છે એની ખબરું ન મળે. અંદર એક આત્મા છે, બસ એ આત્મા. .... મોટી ચિંતામણી, અધ્યાત્મ ચિંતામણિ.

અહીં કહે છે કે એ શ્રાવક પણ એ ત્રણની ભક્તિ કરે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર—ત્રણની ભક્તિ (કરે). આવ્યુંને. **सम्मत्तणाणचरणे जो भत्तिं कुणइ सावगो समणो**.. શ્રાવક ને સાધુ. શ્રાવક જ સમ્યગ્દર્શન ને જ્ઞાનની ભક્તિ કરે એમ નહીં. આહાહા! શ્રાવક સાચા એને કહીએ કે આત્મા પૂર્ણ પરમાત્મસ્વરૂપ પ્રભુ એને અવલંબીને, આશ્રય કરીને, જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ થયા... મુનિને સ્થિરતા વિશેષ હોય છે, સમ્યગ્દર્શન-જ્ઞાનમાં તો કાંઈ ફેર નથી, બેયના સરખા હોય છે. ચારિત્રમાં સ્થિરતા શ્રાવકને ઓછી હોય છે,

મુનિને વિશેષ હોય છે—એ ફેર. બાકી શ્રાવકને દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેય હોય છે. સમજાણું કાંઈ? ઓલા બાર વ્રતના વિકલ્પ લીધા એ નહીં. સમજાણું કાંઈ?

એના અંતરમાં ગુણોની દશા, ગુણ ને ગુણનું ધરનાર દ્રવ્ય એને આશ્રયે પ્રગટેલી વીતરાગી પરિણતિ, અતીન્દ્રિય આનંદના સ્વાદવાળી દશા.. અતીન્દ્રિય આનંદના સ્વાદવાળી દશા એને અહીંયા દર્શન, જ્ઞાન ને ચારિત્ર કહેવામાં આવે છે. કહો, મગનભાઈ! એ જ ક્રિયા છે એની. રાગની ક્રિયા હોય છે વ્યવહારથી. જ્યાં સુધી પૂર્ણ ન હોય ત્યાં સુધી ભગવાન પ્રત્યેનું બહુમાન (આદિ) એવો ભાવ આવ્યા વિના રહે નહીં. એ હોય છે, પણ એની મર્યાદા પુણ્યબંધ જેટલી છે. ભાઈ! એ અબંધપરિણામ નહીં. અબંધ કહો કે મોક્ષનો માર્ગ કહો, એ તો ભગવાન અબંધસ્વરૂપને આશ્રયે પ્રગટ થાય. પરને આશ્રયે તો બંધના પરિણામ ઉત્પન્ન થાય. આહાહા!

જુઓને! કેટલી... ચાહે તો ત્રણ લોકના નાથ સમવસરણમાં બિરાજતા હોય અને એની પૂજા ને ભક્તિ અનંતવાર કરી, મણિરતનના દીવા અને હીરાના થાળ અને કલ્પવૃક્ષના ફૂલ. સમવસરણમાં ભગવાન... 'ભવે ભવે જિન પૂજિયો' એવો પાઠ આવે છે પરમાત્મપ્રકાશમાં. અનંતા ભવમાં અનંત વાર સમવસરણમાં ભગવાનને કલ્પવૃક્ષના ફૂલ ને મણિરત્નના દીવાથી આમ પ્રભુ! 'જય જય નાથ જય જય નાથ'.... પણ એ બધો શુભરાગ હતો, એ ધર્મ નહીં. સમજાણું કાંઈ? સાક્ષાત્ સર્વજ્ઞ પરમાત્માની ભક્તિ એ તો શુભરાગ છે. તો પછી ગુરુની ભક્તિ ને શાસ્ત્રની ભક્તિ એ શું હશે? એ શુભરાગ, પુણ્યબંધનું કારણ છે. એ ધર્મપરિણામ નહીં. એવા શ્રાવકના અગિયાર પદ હોય છે, વ્રતના ભેદના હોં. દર્શન-જ્ઞાન તો બરાબર છે. એને હજી ચારિત્રના પરિણામ છે એના અગિયાર ભેદ છે. નિર્મળ પર્યાયના ભેદો છે અગિયાર. સાથે વિકલ્પ ઉઠે એ વ્યવહાર. સમજાણું કાંઈ?

**એકાદશી પદો શ્રાવકોમાં જઘન્ય છ છે**... શ્રાવકોને (નીચેની) છ પડિમા છે એ જઘન્ય છે. શ્વેતામ્બરમાં એ રિવાજ નથી. આ અનાદિનો રિવાજ જૈનદર્શનનો છે. શ્રાવકને સમ્યગ્દર્શન-જ્ઞાન ને ચારિત્ર, અંતરના સ્વરૂપને અવલંબીને અતીન્દ્રિય આનંદની ભરતી સાથે... અતીન્દ્રિય આનંદની, સમજાણું? બાઢ કહે છેને ભરતી? એ અતીન્દ્રિય આનંદની પર્યાય સાથે આ શ્રાવકના અગિયાર પદ હોય છે. એકાદશ શ્રાવકના જઘન્ય છ પદ છે, **મધ્યમ ત્રણ છે...** સાત, આઠ ને નવમી (પ્રતિમા). **ઉત્તમ બે છે...** દસ અને અગિયાર (પ્રતિમા).–**આ બધા શુદ્ધરત્નત્રયની ભક્તિ કરે છે.** જોયું! આવા પડિમાધારી પણ શુદ્ધ રત્નત્રયની ભક્તિ કરે છે. જે વ્યવહારનો વિકલ્પ ઉઠ્યો દર્શનપડિમા ને બાર વ્રતનો, એ વાતની ભક્તિ કરે છે એમ ન આવ્યું અહીં. આહાહા! સમજાણું કાંઈ?

**આ બધા શુદ્ધરત્નત્રયની ભક્તિ કરે છે**. બધા એટલે ઓલા અગિયાર ભાગવાળા. છ (જઘન્ય) પડિમા, સાત, આઠ, નવ, દસ ને અગિયાર. દિગંબરમાં બહુ અત્યારે, ક્ષુલ્લક થઈ

જાય બે, પાંચ ને દસ પડિમાધારી. એ પડિમા કોને હોય? જેને શુદ્ધરત્નત્રય પ્રગટ્યા છે એને હોય. સમજાણું કાંઈ? અંતર ભગવાન આત્મા એની નજરુંમાં નિધાન તરતું હોય, જેના જ્ઞાનમાં પૂર્ણ સ્વરૂપ તે જ્ઞેયરૂપે થઈ ગયું હોય, જેની રમણતા, દ્રવ્ય ઉપર જેની રમણતામાં શાંતિ.. શાંતિ.. શાંતિ.. શાંતિ.. એવી અકષાય શાંતિ પરિણમી હોય—એને આ અગિયાર પડિમા હોય છે. આહાહા! ભારે વાત ભાઈ! આ તો બધી નિશ્ચયની વાતું છે. પણ નિશ્ચય એટલે સાચું, વ્યવહાર એટલે આરોપિત, ઉપચારિત. સમજાણું કાંઈ? એ હોય છે, પણ એ કાંઈ ધર્મચીજ નહીં. સમજાણું કાંઈ?

જિનેશ્વરનો જે ધર્મ 'કેવળી પણ્ણત્તો ધમ્મો શરણં' એ ધર્મ બીજો–આ. એ વ્રત ને નિયમ ને પૂજા ને ભક્તિનો વિકલ્પ–રાગ એ 'કેવળી પણ્ણત્તો ધમ્મો' સાચો નહીં. વ્યવહારે કહેવાય, જ્યારે નિશ્ચય હોય તો. સમજાણું કાંઈ? દુનિયાથી (જુદી) અવલદોમની વાત છે ભાઈ! **આ બધા**... બધા એટલે? પહેલી પડિમાથી માંડી અગિયાર પડિમાવાળા, એ **શુદ્ધરત્નત્રયની ભક્તિ કરે છે**. આહાહા! સમજાણું કાંઈ? એ પડિમામાં, સત્યવ્રતમાં અંદર સ્વરૂપની રમણતાના ભાવમાં એની ભક્તિ કરે છે. એની પરિણતિનું આરાધન છે એને. રાગનું આરાધન નથી, છતાં (આરાધન) કહેવું એનું નામ વ્યવહાર કહેવાય છે. આહાહા! માર્ગ બહુ. વીતરાગનો માર્ગ કહો કે આત્માનો કહો—બેય એક જ છે. સમજાણું કાંઈ? આત્મા પોતે જ વીતરાગની મૂર્તિ છે, અકષાયસ્વભાવનો રસ એ આત્મા. અને પુણ્ય-પાપનો ભાવ તો કષાયવાળો ભાગ છે, એ તો આસ્રવ છે, એ કાંઈ આત્મા નથી. આહાહા! ભારે આકરું કામ.

ઓલા (કહે), સમ્મેદશિખર 'એકવાર વંદે જો કોઈ'. આવે છેને કલ્યાણજીભાઈ? એકવાર... તમારે ન આવે, ઓલામાં આવે. 'એકવાર વંદે જો કોઈ, તાહિ નરકપશુ ન હોઈ..' પશુ ન થયા એમાં શું દાળિયા થયા? ચાર ગતિ તો કરી. એ બધું આવે છે. એ સમ્મેદશિખર નહીં, એ સમ્મેદશિખર તો પર છે, એની ભક્તિ તો શુભરાગ છે. એમાં ભવનો અભાવ થાય એ હોઈ શકે નહીં. વીતરાગનો એ માર્ગ નહીં. વીતરાગનો માર્ગ તો વીતરાગભાવથી લાભ મનાવે એ વીતરાગમાર્ગ. રાગથી લાભ મનાવે એ વીતરાગમાર્ગ નહીં. સમજાણું કાંઈ? આ તો અલકમલકની વાતું જગતને ભારે લાગે.

**એકાદશપદી...** નીચે છે નોટ. **જેમનાં અગિયાર પદો** છે એટલે સ્થાન છે અગિયાર પ્રકારના. **(ગુણાનુસાર ભૂમિકાઓ) છે એવા.** સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાયના ગુણાનુસારી અગિયાર પ્રકાર છે. શ્રાવકને હોં. એવા **[શ્રાવકોનાં નીચે પ્રમાણે અગિયાર પદો છે : (૧) દર્શન** પડિમા. સમ્યક્ અનુભવ, દૃષ્ટિ સહિત જેને આનંદની પર્યાયની રમણતા છે એને નિશ્ચય દર્શન પડિમા કહીએ. શુદ્ધ રત્નત્રય કહ્યા છેને એના ૧૧ ભેદ છે. આ ૧૧ પડિમા વ્યવહારના ભેદ નથી. નિશ્ચયના ભેદો છે. નિશ્ચયના ભેદ છે એ. દર્શન... સમ્યગ્દર્શન શુદ્ધરત્નત્રયમાં આવ્યું

અને ભેગું જ્ઞાન ને અંશે સ્થિરતા-ચારિત્ર છે એને અહીંયા દર્શનપડિમા, શ્રાવકની પહેલી ભૂમિકાને ... કહે છે.

**(૨) વ્રત...** સ્વરૂપમાં વિશેષ લીનતા થઈ એને. નિર્વિકલ્પ અનુભવમાં સમ્યગ્દર્શન થયું અને એને સ્વ-આત્માનું જ્ઞાન થયું. બીજું જ્ઞાન એકકોર રાખો. આત્મજ્ઞાન જ્યાં થયું દશામાં, એની અંદરમાં રમણતાનો, આનંદનો અંશ વધ્યો, પહેલી કરતાં બીજામાં સ્થિરતાનો અંશ વધ્યો એને બીજી પડિમા કહે છે. અગિયાર પડિમાનું આવ્યું છેને હમણા શ્રાવકનું આવ્યું. પુસ્તકમાં આવ્યું છે, નહીં? હેમચંદભાઈ ને? સ્વદ્રવ્યના આશ્રય વિના, ભગવાન (આત્મા)ના અવલંબન વિના જે કંઈ પર્યાય પ્રગટ થાય એ ધર્મ નહીં. આ અગિયારે પડિમા છે પર્યાયના ભેદ. પણ નિર્મળ વીતરાગી પર્યાયના અંશને વૃદ્ધિગત દેનારા ભેદ છે. આહાહા!

**(૨) વ્રત...** અંદર સ્વરૂપમાં લીનતા એ વાત છે હોં. ઓલું વ્રત અગિયાર પડિમાનો વિકલ્પ અને બાર વ્રતનો વિકલ્પ એ અહીં નથી. વ્રતનો શુભભાવ એ અહીં નથી. આ તો શુદ્ધરત્નત્રયની ભક્તિના ભેદની વાત છે. આહાહા! સમજાણું કાંઈ? અગિયાર પડિમા એ શુદ્ધિની વૃદ્ધિના ભેદની વાતું છે બધી. નિર્મળ પર્યાયની શુદ્ધિની વૃદ્ધિ. ભલે પંચમ ગુણસ્થાન હો, પણ એમાં તો પહેલા કરતાં બીજામાં, ત્રીજામાં શુદ્ધિની વૃદ્ધિ હોય છે. એના ભેદની વાત છે. વિકલ્પ હોય એની સાથે, એની અહીં વાત નથી. આહાહા!

**(૩) સામાયિક...** એને-શ્રાવકને સામાયિક હોય છે. અંતરમાં આનંદસ્વરૂપનો લાભ થવો, વીતરાગ પરિણામનો લાભ થવો—એવી જે શુદ્ધરત્નત્રય (પરિણતિ) એને સામાયિક કહેવામાં આવે છે. આહાહા! સમજાણું કાંઈ? શુદ્ધરત્નત્રય માંહ્યલું આ સામાયિક એક ભેદ છે. નિશ્ચય અનુભવ સમ્યગ્દર્શનપૂર્વક અને જ્ઞાન થઈને સ્વરૂપમાં લીનતા, સામાયિકમાં સમતાનો લાભ છે. સમ્યગ્દર્શન-ચારિત્ર ત્રણેય સમતાના લાભની ચીજ છે. આહાહા! સમજાણું કાંઈ? આમ તો કહે સામાયિક (એટલે) સમતાભાવ રાખવો. પણ સમતાની વ્યાખ્યા શું? વિષમતાનો અર્થ રાગ. જેટલો વિકલ્પ ઉઠે એટલો વિષમ છે. આહાહા! વિકલ્પ છે શુભ એ વિષમ છે.

સમ એવો ભગવાન આનંદને અવલંબીને જે નિર્મળ પરિણતિ પ્રગટ થઈ, વીતરાગી લાભ થયો, વીતરાગી સ્વભાવમાંથી વીતરાગી પરિણામનો લાભ થયો, અબંધસ્વરૂપમાંથી અબંધપરિણામનો લાભ થયો એને અહીંયા સામાયિક કહે છે. બધા ગડિયા હાંક્યે જાય, દસ મનના, દસ વચનના, બાર કાયાના—બત્રીસ દોષ લાગ્યા હોય તો મિચ્છામિ દુક્કડમ્. પણ વસ્તુ ક્યાં હતી તે દોષ લાગે? આ વ્રતમાં દોષ લાગ્યો હોય તો મિચ્છામિ દુક્કડમ્. પણ હતા કે દિ' વ્રત તારે? આત્મા અંતર આનંદનું ધામ પ્રભુ એનો આશ્રય લઈને જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પર્યાય પ્રગટ થવી જોઈએ એ તો છે નહીં અને પછી કહે વ્રતના દોષ લાગ્યા, પણ વ્રત જ ક્યાં હતું કે દોષ લાગે? આ તો મિથ્યાત્વનો દોષ છે. એય! ભીખાભાઈ! સામાયિક લ્યો.

**(૪) પ્રોષધોપવાસ...** પ્રોષધ ઉપવાસ એને કહીએ... છેને ચોથી (પ્રતિમા). સામાયિકમાં જે શાંતિ છે એનાથી પ્રોષધમાં વધી ગઈ છે. સામાયિક તો, હંમેશા સ્વરૂપને અજમાઈશ કરવાની એકાગ્રતા તેને સામાયિક કહીએ. પ્રોષધ તો આઠમ, ચૌદસે વિશેષ પોષણ કરવા માટે, અંદર શુદ્ધિની વૃદ્ધિ (કરે એને) પ્રોષધ કહીએ. આહાહા! સમજાણું કાંઈ? આ અપવાસ કર્યા, ચોવિહાર કર્યા, પાણી ન પીધું આઠ દિ' લ્યો, થઈ ગયા અપવાસ. એ તો અપવાસ છે. અપ નામ એમાં માઠો વાસ રાગનો છે. ઉપવાસ તો ભગવાન એને કહે છે કે જે પૂર્ણાનંદનો નાથ પરમાત્મા પોતે એના સમીપમાં જઈને ઠરવું. એ શામજીભાઈ! તમારા ઘરના ... બહુ ચાલ્યું હતું. છાપામાં આવ્યું હતું બહુ. આટલા પ્રોષધ થયા, આટલું આમ થયું, આટલું ઢીકણું થયું. ..... લાંઘણું છે.

શ્રાવકનો આ પૌષધોપવાસ. આત્માના સ્વરૂપની અંદર અનુભવ, પ્રતીતિ, એનું જ્ઞાન ને એમાં રમણતા, સામાયિકમાંથી પ્રોષધમાં વિશેષ શુદ્ધિનો અંશ એને પ્રોષધ ઉપવાસ કહે છે. 'ઉપવાસ' છેને શબ્દ. ઉપ–વીતરાગ આનંદકંદ પ્રભુમાં (વાસ)–સમીપ જઈને ઠરવું એને ઉપવાસ કહેવામાં આવે છે. બાકી બીજાને લાંઘણું કહેવામાં આવે છે. આ લાંઘણ નથી કરતા પૈસા-બૈસા ન આપે તો? લાંઘશું અમે. તે દિ' કોર્ટમાં બહુ નહોતા જાતા ભાઈ! પહેલે લાંઘણે બેસે, મકાનની સામે જઈને બેસે, ઉંબરે બેસે. પહેલાં એટલું બધું નહોતું, એટલું વેરેય નહોતું. આવે ને ઉંબરે બેસે. લાંઘણું કરે, લાવો પૈસા. કોર્ટમાં ઝટ ન જાતા.

એમ આત્માની સમીપમાં અનુભવ વિના, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની વીતરાગતા વિના આ બધા અપવાસ કરે, એ બધા ઉપવાસ નહીં, અપવાસ છે. રાગમાં વસેલો આત્મા ... અને આ ઉપવાસ છે. આરે, ભારે વાતું ભાઈ! વાતે વાતે ફેર. 'આણંદ કહે પરમાનંદા માણસે માણસે ફેર, એક લાખે તો ન મળે ને એક ત્રાંબાના તેર.' એમ વીતરાગ કહે છે કે અનાદિથી અજ્ઞાની સાથે મારે ને તારે વાતે વાતે ફેર છે. સમજાણું કાંઈ? કહો, ગિરધરભાઈ! આહાહા! નાગરભાઈએ તો સાંભળ્યુંય નહોતું. હતું જ ક્યાં? ઉતર્યા હતા તે દિ' ૯૯માં. ....ની જગ્યામાં હતાને સોમચંદભાઈ. સોમચંદ કેવા કહેવાય? આપણે ભૂદર.. ભૂદર સોમપુરા. ત્યાં હતાને જ્યારે નીકળી હતી મોટી... ત્યારે તો નાગરભાઈ સાથે હતા. આહાહા! એ તો વિરોધ કાંઈ આનો નહોતો, પોતાને બેસતું નહોતું એનો વિરોધ હતો. .... પણ બેસે નહીં, તો શું કરવું ત્યારે? પરાણે .. કરીને બેસી જાય....

આ વાત તો હજી સાંભળી જાય નહીં એવી કઠણ. હવે એને અંદરમાં સમ્યગ્દર્શન એટલે શું એની ખબર નથી. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા તે સમકિત. એ ભગવાનભાઈ! આવું તો સાંભળ્યું હતુંને અત્યાર સુધી? નવ તત્ત્વની શ્રદ્ધા રાખો એ સમકિત. આહાહા! અરે! નવ તત્ત્વના ભેદની શ્રદ્ધા તો મિથ્યાત્વ છે. અંતર્મુખ થઈને... જીવ ને જડ બે દ્રવ્ય છે અને સાત એની પર્યાયો છે. નવમાં સાત તો પર્યાય છે. પુણ્ય, પાપ, બંધ, આસ્રવ, સંવર, નિર્જરા, મોક્ષ. ત્રણ નિર્મળ પર્યાય છે. પુણ્ય-પાપ, આસ્રવ, બંધ એ મલિન પર્યાય છે. બે દ્રવ્ય છે. નવ તત્ત્વમાં

ક્યા દ્રવ્ય ને કેટલી પર્યાય, ક્યા પ્રકારની એ ખબર ન મળે. પ્રગટે એ તો પછી વાત. સમજાણું કાંઈ?

**(૫) સચિત્તત્યાગ...** શ્રાવકને પંચમ ગુણસ્થાનમાં આનંદની શુદ્ધિની વૃદ્ધિ કરતાં-કરતાં સચિત્તનો ત્યાગ છે. જેમાં જીવ હોય એને ન ખાવું, એટલો રાગ ઘટાડ્યો સ્વભાવને આશ્રયે. જેમાં જીવ હોય એ સચિત્ત. સચિત્તનું અચેત કરીને ખાય. ખાવાનો અર્થ કે રાગ એટલો હોય, એમ. સમજાણું કાંઈ? રાગનો અંશ હોય. સચિત્તમાં તો, સચિત્તને ખાવાનો જે રાગ એ અંશ એને ન હોય. એટલી અંદર વીતરાગતા પ્રગટેલી હોય છે એને પડિમા કહેવાય છે. સમજાણું કાંઈ? લ્યો, સચિત્તત્યાગ આવ્યોને? તો કહે, આત્માને ત્યાગ કીધોને આમાં? એ તો ભાષા વ્યવહારે શું કહેવાય? એકેન્દ્રિય, દ્વિન્દ્રિય (આદિ) સચિત્ત કહેવાય. સમજાણું કાંઈ? આહાહા!

**(૬) રાત્રિભોજનત્યાગ...** સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાયમાં શ્રાવકને વૃદ્ધિ થતાં એને રાત્રિભોજનનો ત્યાગ હોય છે. એટલો રાગ એણે આત્માના ભાન સહિતની દશામાં ઘટાડ્યો હોય. સમજાણું કાંઈ? આમ સાધારણ રીતે તો રાત્રિભોજન જૈનોને ન હોય. કારણ કે એમાં તો ત્રસ, કંથવા.. કઢી ને ખીચડી લઈને બેઠો હોય એમાં ઝીણા જીવ આવે કઢીમાં. સમજાણું કાંઈ? એ તો હોય નહીં. અહીં તો બરાબર નિર્દોષ રીતે રાત્રિના આહારના રાગનો અંશ ઘટાડીને રાગનો વીતરાગનો અંશ વધાર્યો છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પરિણતિ છે એમાં રાગનો અંશ ઘટાડ્યો છે. આહાહા! સમજાણું કાંઈ?

**(૭) બ્રહ્મચર્ય...** સાતમી પડિમા બ્રહ્મચર્યની હોય છે શ્રાવકને. પરસ્ત્રી (આદિ)નો ત્યાગ અંદર.

**(૮) આરંભત્યાગ...** આરંભ કરે નહીં. અહીં સુધી સચેતનો આરંભ કરતો. એકેન્દ્રિય જીવ સચેતને અચેત કરે. અહીં તો સચેતનો અચેત કરવાનો પણ વિકલ્પ હોય નહીં એટલો રાગનો ઘટી ગયો છે. સમ્યક્ આત્માના ભાન ને અનુભવની દશામાં, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પરિણતિમાં. સમજાણું? પછી આરંભ....

**(૯) પરિગ્રહત્યાગ...** નવમી પડિમામાં પરિગ્રહ ન હોય.

**(૧૦) અનુમતિત્યાગ...** આહાર કર્યા એને અનુમોદન ન આપે. એટલો રાગ ઘટીને આનંદના સહિતની શુદ્ધિ વધી હોય.

**અને (૧૧) ઉદ્દિષ્ટાહારત્યાગ...** એને માટે કરેલો આહાર ન લે. શ્રાવક અગિયારમી પડિમાવાળો એને માટે કરેલો આહાર ન લે. એટલો રાગ ઘટી ગયો હોય વીતરાગદશા સહિત. એ વીતરાગની વૃદ્ધિ એના અગિયાર પદ કહેવામાં આવ્યા. વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**કારતક વદ-૭, સોમવાર, તા. ૨૭-૧૧-૧૯૭૨**
**ગાથા-૧૩૪, શ્લોક-૨૨૦, પ્રવચન નં. ૧૫૯ (હિન્દી)**

...ભક્તિ કિસકો કહતે હૈં. જૈનશાસનમેં પરમાત્માને સત્યભક્તિ, નિશ્ચયભક્તિ ..... યે બાત હૈ. **નિજ પરમાત્મતત્ત્વકે સમ્યક્ શ્રદ્ધાન-અવબોધ-આચરણસ્વરૂપ શુદ્ધરત્નત્રય-પરિણામોંકા જો ભજન વહ ભક્તિ હૈ...** ક્યા કહતે હૈં? જો યહ આત્મા હૈ અંતર પૂર્ણ શુદ્ધ આનંદકંદ ઉસકે અંતર્મુખ હોકર નિશ્ચય સમ્યગ્દર્શન... રાગકા અવલંબન ઔર રાગકા ... ભાવ રહિત ઐસા નિર્વિકલ્પ સમ્યગ્દર્શન ઉસકા ભજન કરતે હૈં, પરિણમન કરતે હૈં વહ સમ્યગ્દર્શનકી સચ્ચી ભક્તિ કહનેમેં આતા હૈ. કહો, સમજાય છે કાંઈ?

**સમ્યક્ શ્રદ્ધાન...** પૂર્ણાનંદ પ્રભુ એક સમયમેં આત્મા શુદ્ધ જ્ઞાન આનંદઘન ધ્રુવ ઉસકે સન્મુખ હોકર નિશ્ચય સમ્યગ્દર્શન વીતરાગી પર્યાય, ઐસા અવબોધ–શુદ્ધ સ્વભાવકા–અપના નિજ આત્માકા જ્ઞાન ઔર તીસરા આચરણ સ્વરૂપ... ભગવાન આત્મા આનંદસ્વરૂપમેં આચરણરૂપ–ચારિત્રરૂપ પરિણતિ વહ શુદ્ધ રત્નત્રય. શુદ્ધરત્નત્રય પરિણામ હૈ, શુદ્ધરત્નત્રય પર્યાય હૈ. ભજન, ઉસકા ભજન. લ્યો, ભજન વળી આ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકા ભજન. એ બધા રૂપક છે. આવશે પછી. નિશ્ચય સહિત એવું હોય તો વ્યવહાર કહેવામાં આવે છે. પુણ્યબંધનું કારણ છે. સાચી ભક્તિ તો આત્મા પરમાનંદની મૂર્તિ, એની અંતર્મુખ થઈને સમ્યગ્દર્શન... જો દર્શનકો આત્માકા અવલંબન, આધાર, આશ્રય હૈ ઔર જો જ્ઞાનમેં આત્માકા આશ્રય હૈ ઔર સ્વરૂપમેં આત્મામેં રમણતા—વહ શુદ્ધરત્નત્રયકો–પરિણામકો ભક્તિ કહતે હૈં. કહો, સમજાણું કાંઈ?

**પરિણામોંકા જો ભજન...** પરમાનંદમૂર્તિ સ્વરૂપ પ્રભુ એની શ્રદ્ધા, જ્ઞાન ને આચરણનું ભજન કરવું એટલે આરાધવું (એટલે) એ પરિણામનું સેવન કરવું, એ પરિણામરૂપે પરિણમન કરવું એનું નામ ભગવાન... જિન કહ્યુંને. **जिणेहि पण्णत्तं...** જિનેન્દ્રદેવ વીતરાગદેવ એને સાચી ભક્તિ કહે છે. સમજમેં આયા? **આરાધના ઐસા ઉસકા અર્થ હૈ.** એ પરિણામનું સેવન, પરિણામનો અનુભવ, નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જો વીતરાગી પરિણતિ–પર્યાય હૈ ઉસકા સેવન, ઉસકા અનુભવ વહ શુદ્ધરત્નત્રયકી ભક્તિ કહનેમેં આતા હૈ. એના અગિયાર ભેદ છે શ્રાવકના. કાલ આવી ગયા છે. શ્રાવક હોય એના અગિયાર ભેદ હોય. શ્રાવકને પણ દર્શન, જ્ઞાન, ચારિત્રની ભક્તિ હોય છે, નિશ્ચય હોં. નહીં તો વહ શ્રાવક કહનેમેં આતા નહીં.

આત્મા પૂર્ણાનંદ અભેદ ચૈતન્યવસ્તુ ઉસકી દૃષ્ટિ, જ્ઞાન, રમણતા(રૂપ) નિર્વિકલ્પ પરિણતિ, વહ ભક્તિ શ્રાવકકો ભી હોતી હૈ. સમજાય છે કાંઈ? એના અગિયાર ભેદો, એ વાત પહેલા આવી ગઈ. **યહ સબ શુદ્ધરત્નત્રયકી ભક્તિ કરતે હૈં.** ખરેખર અગિયાર પડિમા ભી

ઉસકો કહતે હૈં... વિકલ્પ જો ઉઠતે હૈં વ્રતકે વહ (પ્રતિમા) નહીં. અંતર સ્વરૂપ નિર્વિકલ્પ આનંદ-સ્વરૂપ પ્રભુ ઉસકા નિર્વિકલ્પ દર્શન, જ્ઞાન, ચારિત્ર–આચરણ વહ શુદ્ધરત્નત્રયકી ભક્તિ શ્રાવક કરતે હૈં. સમજમેં આયા? યે ધર્મ હૈ. ભગવાનની ભક્તિ ને જાત્રા એ તો શુભભાવ છે. ઉસકો વ્યવહાર કબ કહેં? અપના નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પરિણમન હો, ઉસકે (સાથમેં) દેવ-ગુરુકી ભક્તિ યા ...કી ભક્તિકે શુભરાગકો વ્યવહાર કહનેમેં આતા હૈ. અજ્ઞાનીકા તો વ્યવહાર ભી કહનેમેં આતા નહીં. આહાહા! આવો માર્ગ વીતરાગનો છે.

**તથા...** હવે મુનિની વાત કરે છે. શ્રાવક આવા હોય સાચા. આ સંપ્રદાયમાં જન્મ્યા એ શ્રાવક નથી. વે તો નામકે શ્રાવક હૈં, ભાવશ્રાવક નહીં હૈં. ભાવશ્રાવક તો, પૂર્ણાનંદ પ્રભુ ઉસકે સમીપમેં જો દર્શન, જ્ઞાન, ચારિત્ર હોતા હૈ વહ સચ્ચા શ્રાવક હૈ. પોપટભાઈ! ભારે આવું. સચ્ચે મુનિ કૈસે હોતે હૈં? જો **ભવભયભીરુ...** જિસકો ચાર ગતિમેં જાના (ઉસકા) ભય લગતા હૈ, ચાર ગતિ ચાહે તો નરક હો, સ્વર્ગ હો, મનુષ્ય હો, ચાર ગતિમેં ભવ કરનેકા જિસકો ભય હૈ.

**પરમનૈષ્કર્મ્યવૃત્તિવાલે...** પરમ વીતરાગી પરિણતિવાલે... શ્રાવકકો જો વીતરાગી પરિણતિ–પર્યાય દર્શન, જ્ઞાન, ચારિત્રકી–આચરણકી હોતી હૈ ઉસસે ઉસકી નિષ્કર્મવૃત્તિ વિશેષ હોતી હૈ. નિષ્કર્મ.. પરમ નિષ્કર્મવૃત્તિવાલે.. પરમ નિષ્કર્મ પરિણતિવાલે... યે પરમ તપોધન— જિસે વીતરાગી પરિણતિરૂપી ધન પ્રગટ હુઆ. અંતરમેં નિર્વિકલ્પ આનંદ, વિકલ્પ નામ રાગ બિના નિર્વિકલ્પ અતીન્દ્રિય આનંદકી પરિણતિ... જો સ્વરૂપ અતીન્દ્રિય આનંદ હૈ ઉસકે આશ્રયસે નિષ્કર્મ અતીન્દ્રિય આનંદકી પરિણતિ–પર્યાય ઉત્પન્ન હો ઉસકા નામ તપોધન કહતે હૈં, મુનિ કહતે હૈં. આહાહા! સમજમેં આયા? ઐસી સ્થિતિ નહીં ઔર અકેલે પંચમહાવ્રત આદિકા વિકલ્પ હૈ વહ મુનિ નહીં. સમજમેં આયા? કુંદકુંદાચાર્ય નિયમસારમેં ઐસે કહતે હૈં. કુંદકુંદાચાર્યકી ગાથા હૈ. ભગવાનકા યે સંદેશ હૈ.

**પરમ તપોધન ભી...** એમ. શ્રાવક તો સચ્ચે હૈં, કહતે હૈં. અપને નિજાનંદ પ્રભુમેં લીનતાકી ક્રિયા શ્રાવકકો તો હોતી હી હૈ, પણ મુનિકો તો ઉત્કૃષ્ટ આનંદકી દશા હોતી હૈ. સમજાય છે કાંઈ? વસ્તુમેં અંતર નિર્વિકલ્પ આનંદકી ભક્તિ, આનંદકે પરિણામ બિના જિતને દયા, દાન, વ્રત, ભક્તિ આદિ કરનેમેં આવે વે સબ વ્યહારાભાસ, પુણ્ય હૈ. વ્યવહાર ભી નહીં હૈ. સમજાય છે કાંઈ? ચાહે તો સમ્મેદશિખરની જાત્રા કરે કે ભગવાનનું સ્મરણ કર્યા કરે, 'ણમો અરિહંતાણં.. ણમો અરિહંતાણં.. ણમો અરિહંતાણં..' વહ સબ શુભભાવ હૈ. નિશ્ચય સમ્યગ્દર્શન બિનાકે શુભભાવકો વ્યવહાર ભી કહનેમેં આતા નહીં. સમજમેં આયા? ઐસા ધર્મ હૈ. આહાહા!

**પરમ તપોધન ભી (શુદ્ધ) રત્નત્રયકી ભક્તિ કરતે હૈં.** પરમ નિધાન ભગવાન.. પરમ નિધાન પ્રગટ મુખ આગળ જગત ઓળંગી જાય... ચિદાનંદ પ્રભુ પરમાનંદનો નાથ આનંદઘન

એને ઓળંગીને–છોડીને એકલી વિકલ્પની ક્રિયાકાંડમાં જે જાય છે એને તો વ્યવહારધર્મ પણ હોઈ શકતો નથી. આહાહા! કહો, સમજાણું કાંઈ? ક્યા હૈ સુજાનમલજી? માર્ગ યહી હૈ. જગતને.... ત્યાં વાંચવા જાયને, બડા પંડિત કહે એને દિગંબરમાં. આહાહા! માર્ગ તો આ છે ભાઈ! પરમાત્માને કહા ઔર કુંદકુંદાચાર્યને ચારિત્ર સહિત અનુભવ કિયા, અનુભવ હોકર યહ કહતે હૈં. ભૈયા! ભગવાનકા યે આદેશ હૈ કિ જો મુનિ અપને આનંદસ્વરૂપમેં શ્રદ્ધા-જ્ઞાન નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત આનંદમેં રમતે હૈં, અતીન્દ્રિય આનંદકા જિસકો શ્રાવકસે વિશેષ સ્વાદ આયા હૈ, ઉસકો ભગવાનકે માર્ગમેં તપોધન–મુનિ કહનેમેં આતા હૈ. આહાહા!

માર્ગ એવો છે, પણ મૂળ માર્ગ પડ્યો રહ્યો ને ઉપરના ઢસરડા રહી ગયા. 'ઢસરડા' સમજતે હો? સર્પ ગયો ને સર્પના લિસોટા. સર્પ જાતા હૈ, ગયા તો પીછે લીસોટા (-નિશાન) રહતા હૈ ન. ઐસે વસ્તુસ્થિતિ રહી નહીં, નિશાનકો માન લિયા કિ યે સર્પ હૈ. આહાહા! વસ્તુ ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા તીર્થંકરદેવ ઐસે ફરમાતે થે ઉસે કુંદકુંદાચાર્ય વહાંસે લાયે. ભગવાનકે પાસ ગયે થે. દિગંબર મુનિ કુંદકુંદાચાર્ય, સંવત ૪૯. આઠ દિન વહાં રહે થે. ત્યાંથી આ ભાતું લાવ્યા. ભાતુ સમજતે હો? કયા કહતે હૈં? ..... આવે છેને, આવે છે. એમાં–પદ્મનંદીમાં આવે છે. આ ભાતું લાવ્યા. ભાતું સમજતે હો? નહીં સમજે? (ટિફિન લાયે). ભગવાન સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ પરમાત્મા બિરાજે છે. મહાવિદેહક્ષેત્રમેં સીમંધર પરમાત્મા તીર્થંકરદેવ અભી મૌજૂદ હૈં. દો હજાર વર્ષ પહલે ભી વે હી થે. ઉનકે પાસ ગયે થે કુંદકુંદાચાર્ય. આઠ દિન રહે થે. સમવસરણકી દિવ્યધ્વનિ, સંતોકી વાણી આદિ સુનકર યહાં આયે, શાસ્ત્ર બનાયે. સમજમેં આયા? આહાહા!

**પરમ તપોધન ભી (શુદ્ધ) રત્નત્રયકી ભક્તિ કરતે હૈં**. મુનિ પંચમહાવ્રત પાલતે હૈં ઐસે નહીં કહા. ક્યોંકિ પંચમહાવ્રતકા વિકલ્પ–રાગ આસ્રવ હૈ. આતા હૈ, જબ તક (પૂર્ણ) વીતરાગતા ન હો, બીચમેં આતા હૈ, પણ વહ બંધકા–પુણ્યબંધકા કારણ હૈ. સમજમેં આયા? શ્રાવક અને મુનિ–દોનોંકો ભગવાનને દર્શન-જ્ઞાન-ચારિત્રકી ભક્તિ કહી હૈ. યહાં ઐસા નહીં કહા કિ શ્રાવકકો ચારિત્ર નહીં હૈ (ઔર) મુનિકો ચારિત્ર હૈ. શ્રાવકકો ભી અંદર અંશમેં ચારિત્ર હૈ. સ્વરૂપકી રમણતા એક અંશમેં આનંદકી લીનતા, આનંદકી રમણતા હૈ, ઉસકો યહાં શ્રાવક કહનેમેં આતા હૈ.

**ઉન પરમ શ્રાવકકોં...** જોયું! શ્રાવકકો પરમ કહા. જગતમેં પરમ શ્રાવક **તથા પરમ તપોધનોંકો જિનવરોંકી કહી હુઈ...** જિનવર પરમાત્મા વીતરાગદેવ ત્રિલોકનાથ ઉનકી કહી હુઈ **નિર્વાણભક્તિ...** યે નિશ્ચયભક્તિ. યે ભક્તિ–નિર્વાણભક્તિ, મોક્ષકી ભક્તિ**—અપુનર્ભવરૂપી સ્ત્રીકી સેવા...** જિસમેં ભવ ન મિલે ઐસી સિદ્ધકી દશા ઉસ રૂપ સ્ત્રીકી **સેવા વર્તતી હૈ.** જિસ ભાવસે ભવ હી મિલે નહીં. આહાહા! ભવ મિલે વહ તો પુણ્યકા કારણ હૈ. સમજમેં આયા?

ચાહે તો સર્વાર્થસિદ્ધિકા ભવ મિલે તો વહ પુણ્યકા કારણ હૈ, યે નિશ્ચયભક્તિકા કારણ નહીં. નિશ્ચયભક્તિસે ભવ મિલતા નહીં. નિશ્ચયભક્તિસે તો મુક્તિ હોતી હૈ. આહાહા! અભી તો મુક્તિ નહીં હૈ ન? યે ક્યા કહતે હૈં? (પૂર્ણ) મુક્તિ નહીં હૈ તો ઈતની મુક્તિ તો હૈ. અપને શુદ્ધ સ્વભાવકે અવલંબનસે રાગસે ભિન્ન હોકર નિર્વિકલ્પ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ઇતની મુક્તિ તો અભી યહાં હૈ. સમજમેં આયા?

શ્રાવક ઔર મુનિકો, અપના આનંદસ્વરૂપ ભગવાન આત્મા ઉસકી વીતરાગી પરિણતિ, નિર્વિકલ્પ પર્યાય ઉસકો જિનવરદેવને ભગવાનને ભક્તિ કહા હૈ. શ્રાવકકો ઔર મુનિકો–દોનોંકો. સચ્ચી ભક્તિ, સચ્ચી સેવા, સચ્ચી આરાધના, આત્મા ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા, સ્વયં પરમાત્મા નિજસ્વરૂપ ઉસકે અંતરમેં એકાગ્ર હોકર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકી પરિણતિ પ્રગટ કરતે હૈં વહ સચ્ચા મોક્ષમાર્ગ હૈ, સચ્ચી વીતરાગ પરિણતિકો મોક્ષમાર્ગ કહતે હૈં. સમજમેં આયા? શ્રાવકકો વીતરાગ પરિણતિ હૈ. અહીં તો શ્રાવકને કહ્યું. સચ્ચા શ્રાવક જો હો, નામ(ધારી) જૈન નહીં, ભાવજૈન. ભાવજૈનકા જો શ્રાવક હૈ વહ તો, આનંદસ્વરૂપ અતીન્દ્રિય જ્ઞાન ઔર આનંદકા પૂંજ આત્મા ઉસ તરફકી અંદરમેં જિસકો વીતરાગી પરિણતિ હોતી હૈ, વીતરાગી દર્શન...

જુઓ! અહીં તો નિશ્ચય સમ્યગ્દર્શનને વીતરાગી કહ્યું. વીતરાગી શુદ્ધરત્નત્રય—વીતરાગી સમકિત, વીતરાગભાવનું જ્ઞાન ને વીતરાગી ચારિત્રની રમણતા એવા શ્રાવકને ભગવાને સાચી ભક્તિ કીધી છે. આહાહા! નિશ્ચય..... નિશ્ચય તો મુનિને હોય, અમારે તો વ્યવહાર હોય. અહીં તો ભગવાન એકલો નિશ્ચય કહે છે. નિશ્ચય જેને હોય એને શ્રાવક કહેવામાં આવે છે. બાકી બધા નામ(ધારી) જૈન છે, એ ભાવજૈન નહીં. ભાવજૈન તો ઉસકો કહતે હૈં... કલ આયા ન? પરમાત્મતત્ત્વ અપના નિજસ્વરૂપ ત્રિકાલી. રાગ આદિ પુણ્યકો ધર્મ માને વહ બહિરાત્મા, મિથ્યાદૃષ્ટિ. રાગસે રહિત મેરી ચીજ પૂર્ણ આનંદ હૈ ઐસી અંતરદૃષ્ટિ હૈ વહ અંતરાત્મા ઔર જૈસા આત્મા હૈ ઐસી પર્યાયમેં પૂર્ણ વીતરાગતા પ્રગટ હો જાય વહ પરમાત્મા. વહ તો પર્યાયકા પરમાત્મા કહા. યહાં દ્રવ્યકા પરમાત્મા કહના હૈ. સમજમેં આયા?

પર્યાયકા બહિરાત્મા, અંતરાત્મા ને પરમાત્મા. પણ પરમાત્માકી પર્યાય, અંતરાત્માકી પર્યાય કૈસે પ્રગટ હોતી હૈ? કિ ત્રિકાલી પરમાત્મતત્ત્વસે ઉત્પન્ન હોતી હૈ. અપના ત્રિકાલી પરમસ્વરૂપ ભગવાન, પરમ પારિણામિકભાવ, સહજાનંદ દ્રવ્યસ્વરૂપ ઐસી ચીજ વહ પરમાત્મા. ઉસકી એકાગ્રતા, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકે પરિણામ ઉસકી સેવા ઉસકો યહાં ભગવાન ભક્તિ કહતે હૈં. ઓહો! ભારે આકરું કામ. લોકોને બહારથી કાંઈ મળી જાય એમ છે નહીં. સમજાણું કાંઈ? ભગવાન કુંદકુંદાચાર્ય કહે છે કે જિનેશ્વરદેવનો આ હુકમ છે. યે

**જિનવરોંકી કહી હુઈ**... જિનેન્દ્રદેવ પરમાત્માને કહી હુઈ **નિર્વાણભક્તિ**... ભવ વિનાની પરિણતિ એની સેવા. આહાહા!

**[અબ ઇસ ૧૩૪વીં ગાથાકી ટીકા પૂર્ણ કરતે હુએ ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહતે હૈં : ]**

**सम्यक्त्वेऽस्मिन् भवभयहरे शुद्धबोधे चरित्रे**
**भक्तिं कुर्यादनिशमतुलां यो भवच्छेददक्षाम् ।**
**कामक्रोधाद्यखिलदुरघव्रातनिर्मुक्तचेताः**
**भक्तो भक्तो भवति सततं श्रावकः संयमी वा ॥२२०॥**

**શ્લોકાર્થ : જો જીવ ભવભયકે હરનેવાલે**... ભવના ભયને હરવાવાળું નિશ્ચય સમ્યગ્દર્શન... ત્રિકાલી આનંદસ્વરૂપ ભગવાન ઉસકે અંતર સન્મુખ હોકર જો શ્રદ્ધા પ્રગટ હુઈ ઉસકા નામ સમ્યગ્દર્શન (ઔર) ભવભય હરનેવાલી દશા કહનેમેં આતા હૈ. સમજમેં આયા? **ઔર શુદ્ધ જ્ઞાન**... અપના નિજાત્મા પૂર્ણાનંદકે અંતર્મુખ હોકર આત્મજ્ઞાન-આત્માકા જ્ઞાન, આત્માકા અનુભવ. ઉસ જ્ઞાનકો ભવભય હરનેવાલી ક્રિયા કહનેમેં આતી હૈ. આહાહા! સમજમેં આયા? **શુદ્ધ જ્ઞાનકી ઔર ચારિત્રકી**... અંતર આનંદસ્વરૂપ ભગવાન અતીન્દ્રિય આનંદ ઉસમેં ચરના, રમના, જમના, લીન હોના વહ ચારિત્ર. વીતરાગમાર્ગમેં ઉસકો ચારિત્ર કહતે હૈં. બાહ્યકી નગ્નદશા ઔર પંચમહાવ્રતકા પરિણામ વહ ચારિત્ર નહીં. સમજમેં આયા? આહાહા! અંતરમેં નિર્વિકલ્પ આનંદકી રમણતા, વીતરાગી નિર્દોષ આનંદકી પરિણતિ ઉસકા નામ ભગવાનકે શાસનમેં ચારિત્ર કહનેમેં આયા હૈ.

**ઔર ચારિત્રકી ભવછેદક અતુલ ભક્તિ**... આહાહા! પહલે 'ભવભયકા હરનેવાલા' કહા. **ભવછેદક અતુલ ભક્તિ**... જિસમેં સ્વર્ગકા ભી ભવ મિલે નહીં, મુક્તિ મિલે. ઐસી ભગવાન આત્મામેં (ભક્તિ). નિમિત્ત, રાગ ઔર પર્યાય ઉસ તરફકી રુચિ, આશ્રય છોડકર, ત્રિકાલી સ્વભાવકા આશ્રય કરકે જો સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર અતીન્દ્રિય આનંદકે સ્વાદ સહિત દશા હોતી હૈ ઉસકા નામ સચ્ચી ભક્તિ કહનેમેં આતી હૈ. સમજમેં આયા? **નિરન્તર કરતા હૈ**... ઐસી ભવછેદક, જિસમેં ભવકા બંધન નહીં. ભવછેદક અતુલ ભક્તિ શ્રાવક ઔર મુનિ નિરંતર કરતે હૈં. આહાહા! અર્થાત્ શ્રાવક ઔર મુનિ જિસે કહેં ઉનકો તો આત્માકે આનંદ તરફકી શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર(રૂપ) નિરંતર પરિણતિ ચલતી હૈ. સમજમેં આયા? આહાહા! સચ્ચે હો ઉનકો હોં. અકેલા બાહ્ય ભેખ ધારણ કિયા અને પંચમહાવ્રતકા કદાચિત્ શુભભાવ હુઆ, વહ ચારિત્ર નહીં. વહ મુનિ નહીં, વહ શ્રાવક ભી નહીં. આહાહા!

'**ભવછેદક અતુલ ભક્તિ નિરંતર**' એટલા શબ્દ વાપર્યા છે. આહાહા! અપને આત્માકો ધ્યેય બનાકર, પૂર્ણાનંદસ્વરૂપકો ધ્યેય બનાકર જો ધ્યાનકી વીતરાગી પરિણતિ હો, વહ અતુલ

વીતરાગી પરિણતિ ભવછેદક હૈ. (ઉસકી) નિરંતર ભક્તિ શ્રાવક ને મુનિ કરતે હૈં. દેવપૂજા, ગુરુસેવા, સ્વાધ્યાય, સંયમ (આદિ) તો સબ વિકલ્પ હૈ. વ્યવહાર શુભરાગકા ભાગ હૈ. વહ નિરંતર (નહીં હોતા), વહ વિકલ્પ તો હોતા હૈ તબ હોતા હૈ. યે સચ્ચી ભક્તિ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિરંતર–સમયકે અંતર બિના હોતી હૈ. એક સમયના વિરહ વિના થાય છે. આહાહા! દ્રવ્યસ્વરૂપ વસ્તુ નિજધામ અસંખ્ય પ્રદેશી અનંતગુણકી ધામ–ખાન ઐસી ચીજમેં જિસકી નિરંતર અનુભવકી પ્રતીતિ, જ્ઞાન ઔર રમણતા હૈ. આરે, ભારે આકરું કામ. કહો, ભીખાભાઈ! આને શ્રાવક કહીએ, કહે છે. શું કીધું?

શ્રોતા : ... અમારી પાસે ગણતરી ન હોય.

પૂજ્ય ગુરૂદેવશ્રી : ગણતરી કેમ ન હોય? હોય એની ગણતરી હોય. હોય એની ગણતરી હોય. માર્ગ વીતરાગનો. પૂરા માર્ગ કહીં દિખે નહીં, હૈ હી નહીં. સર્વજ્ઞ જિનેન્દ્રદેવ એ પણ દિગંબર સંતો સિવાય આ માર્ગ ક્યાંય છે નહીં. એ માર્ગ પણ દુર્લભ બહુ. અશક્ય નથી. તારી પાસે નજીક છે માટે સરળ છે. અભ્યાસ નથી માટે દુર્લભ છે. બહારનો અભ્યાસ આ કરવા, વ્રત પાળવા, ભક્તિ કરવી ભગવાનની, પૂજા ને જાત્રા એ અભ્યાસ અનાદિનો છે. એ તો રાગની ક્રિયા છે, પુણ્યબંધ છે. પાપસે ચારિત્રદોષસે (બચે) હોં. મિથ્યાત્વનો દોષ તો સાથે જ હોય. આહાહા! 'રાગ ધર્મ હૈ, પુણ્ય ધર્મ હૈ, પુણ્યસે મુજે મુક્તિ હોગી' ઐસા મિથ્યાત્વ તો સાથમેં પડા હૈ. સમજમેં આયા? બહુ માર્ગ... નિશ્ચય કહો કે સત્ય કહો. જુઓ! અહીં 'પરમ' કીધું છે. પરમભક્તિ. પરમભક્તિ કહો કે નિશ્ચયભક્તિ કહો.

શ્રાવક ઔર મુનિ... અપની ચીજ નિધાન પરમાત્મસ્વરૂપ ત્રિકાલી દ્રવ્ય અપના, ઉસકી નિરંતર શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા **વહ કામક્રોધાદિ સમસ્ત...** સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જો અપને દ્રવ્યકે અવલંબનસે પ્રગટ હુઆ વહ ભક્તિ. **કામ-ક્રોધાદિ સમસ્ત દુષ્ટ પાપસમૂહસે મુક્ત ચિત્તવાલા જીવ...** આહાહા! જેનું ચિત્ત પુણ્ય ને પાપના પરિણામથી રહિત છે એવા—**શ્રાવક હો અથવા સંયમી હો...** જિસકા ચિત્ત શુભ-અશુભભાવ રાગ ઉસસે રહિત હો ઔર દ્રવ્યકે આશ્રયસે ઉત્પન્ન હુઈ વીતરાગ પરિણતિ સહિત હો. આહાહા! લોકો કહેને કે શ્રાવકને વીતરાગ પરિણતિ ન હોય. શ્રાવકને નિશ્ચય સમ્યગ્દર્શન ન હોય. આ તો શું કીધું? સમ્યગ્દર્શન જ્ઞાન ને ચારિત્ર. લોકોએ એટલું પૂરું કરી નાખ્યું છે જૈનદર્શનને કે વાસ્તવિક શું છે.... અપને .... ચલ પડે હૈં. સમજાણું કાંઈ? આહાહા!

શ્રાવક હો કે મુનિ હો, એને આ દુષ્ટ પાપસમૂહ... પાપના વિકલ્પ જે રાગ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, વ્યવહાર વહ સબ રાગ હૈ. જિસકા ચિત્ત રાગસે રહિત હૈ ઔર દ્રવ્યકે આશ્રયસે વીતરાગ પરિણતિ સહિત હૈ વહ **શ્રાવક હો અથવા સંયમી હો—નિરન્તર ભક્ત હૈ, ભક્ત હૈ**. કહો, મુનિરાજ આ રીતે કહે છે જુઓ! પદ્મપ્રભમલધારિ દિગંબર મુનિ જંગલમેં

વસનેવાલે થે ૯૦૦ વર્ષ પહલે. સમજમેં આયા? ઉનકી યે ટીકા હૈ. મૂલ શ્લોક કુંદકુંદાચાર્યકે હૈં. ઉસ શ્લોકકી યે ટીકા હૈ. ઓહોહો! બે વાર તો કીધું. ઓહો! ભગવાન આત્મા પરમાનંદ-સ્વરૂપ ધ્રુવ નિત્ય અચલ ઉસકા આશ્રય લેકર જિસે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકી ભક્તિ પ્રગટ હુઈ હૈ વહ ભક્ત હૈ, ભક્ત હૈ. કહો, શાંતિભાઈ! આ ભક્ત કીધા.

ભગવાનની સેવા કરવા બેઠો હોય આઠ-આઠ કલાક, એ તો રાગ–શુભરાગ છે. પણ એ રાગ વિનાનું ચિત્ત, જેના ચિત્તમાં રાગના ભાવનો અભાવ છે ઔર અપને સ્વભાવકે આશ્રયસે નિર્મલ–નિર્દોષ વીતરાગી પરિણતિકા સદ્‌ભાવ હૈ વહ શ્રાવક હો કિ મુનિ હો, જૈનતત્ત્વકા ભક્ત હૈ, ભક્ત હૈ. જૈનતત્ત્વ એટલે આત્મા. વીતરાગીતત્ત્વ આત્મા સ્વરૂપ ઉસકી દૃષ્ટિ, જ્ઞાન ને રમણતા (હૈ વહ) ભક્ત હૈ. આહાહા! સમજાણું કાંઈ? જિનેન્દ્રકી ભક્તિ દૂસરી જાતકી હૈ. યે એક શ્લોક હુઆ, પહલા. નિશ્ચય સમકિત, નિશ્ચય જ્ઞાન ને નિશ્ચયની ચારિત્રકી બાત હુઈ. સમજમેં આયા? ઐસા જહાં નિશ્ચય હો તબ ઉસકો સિદ્ધકી ભક્તિ, અરિહંતકી ભક્તિકા ભાવ ઉત્પન્ન હોતા હૈ, વહ શુભભાવ હૈ. ઉસે વ્યવહારભક્તિ કહનેમેં આતી હૈ. સમજમેં આયા?

(હવે ગાથા) ૧૩૫. ૧૩૪ ગાથામેં ગજબ બાત હૈ. નિશ્ચયરત્નત્રય શ્રાવકકો હોતા હૈ. સમ્યક્, નિશ્ચય સમ્યગ્દર્શન... અત્યારે તો કહે કે કે નિશ્ચય સમકિતદર્શન આઠમે, નવમે હોય. ચોથે, પાંચમે વ્યવહાર (સમ્યગ્દર્શન) હોય. એ ચેતનજી! આહાહા! આ તમારા ...નું. તમે જયસેનાચાર્યનું વાંચો તો તમને ખબર પડે કે વ્યવહાર સમકિત ચોથે, પાંચમે હોય છે. ઠીક. વ્યવહાર સમકિત. આહાહા! એ તો રાગ છે. ચારિત્રનો દોષ ..... છે. બાકી ચોથે ગુણસ્થાને નિશ્ચય સમકિત હોય છે. સમજમેં આયા? એ તો રાગનો સંબંધ છે એટલું જણાવીને વાત કરી. સમકિત તો નિશ્ચય જ છે. પરમાત્મપ્રકાશમાં પણ આવ્યું. આ બધા ભરતને, રામને, પાંડવોને બધાને નિશ્ચયસમકિત હતું. આવે છેને. આવે છે એમાં–પરમાત્મપ્રકાશમાં. સમજાણું કાંઈ? આહાહા! વાત તો એવી ચોખ્ખી છે.

જહાં અપના પૂર્ણાનંદ પ્રભુ ઉસકી દૃષ્ટિ, જ્ઞાન ને અંશમેં રમણતા હુઈ, ઓહોહો! ઉસકો શુભરાગકે કાલમેં ભી શુદ્ધપરિણતિ હી સચ્ચી ભક્તિ હૈ. ઉસકો અશુભરાગ હોતા હૈ ઉસ કાલમેં ભી ઉસકો ધર્મકી શુદ્ધપરિણતિ હોતી હૈ. આહાહા! એક સમયકી પર્યાયમેં દો ભાવ. ભગવાનકી ભક્તિકા વિકલ્પ ઉઠતા હૈ વહ શુભરાગ, ઉસી સમય શુભરાગકે કાલમેં ભી અપને આત્માકે આનંદકે આશ્રયસે... રાગ તો આકુલતા હૈ, ઉસી ક્ષણમેં આત્માકે અવલંબનસે જિતની નિરાકુલ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકી પર્યાય હુઈ હૈ વહ ભી હૈ ઔર રાગ ભી હૈ. તબ ઉસ રાગકો વ્યવહાર કહનેમેં આતા હૈ. આહાહા! વિશેષ ખૂબી તો યહ હૈ કિ પરમાત્મા અપના શુદ્ધ ચૈતન્યદ્રવ્ય ઉસકી શ્રદ્ધા, જ્ઞાન, રમણતા હૈ, ઉસ શ્રાવકકો અશુભરાગ આર્તધ્યાન,

રૌદ્રધ્યાન ભી હોતા હૈ. ભાઈ! આર્ત-રૌદ્રધ્યાનકી પર્યાય ભિન્ન રહતી હૈ, યે (શુદ્ધ પરિણતી) ભિન્ન રહતી હૈ. આહાહા! સમય એક હૈ. સમજમેં આયા?

લ્યો, ભાઈ કહેતા હતાને. .... ભોગાનંદમાં બ્રહ્માનંદ. અરે! ભોગાનંદ પોતે બ્રહ્માનંદ નહીં, પણ ભોગના આનંદના વિકલ્પકાળે શ્રાવકને બ્રહ્માનંદ છે. એ બીજી ચીજ છે, એ આનંદ છે. આ (ભોગ) આનંદ છે? વિષયની વાસના એ તો પાપ છે. પાપમેં ધર્મ માને...? વાસનાકે કાલમેં ધર્મીકો અપને દ્રવ્યકે આશ્રયસે જો શુદ્ધપરિણતિ ઉત્પન્ન હુઈ હૈ વહ ધર્મ હૈ. એક હી સમય દોનોં હૈં. આહાહા! ગજબ વાત છે. વિષયકી વાસનાકા ભાવ હો, ઉસી સમય આનંદકી દશા ભી હો ઔર ઉસી સમય નિરાલા રહે. આ તે કાંઈ વાત છે! સમજમેં આયા?

આત્મા તો અસંખ્યપ્રદેશી જીવ હૈ. તો સારે શરીરકે અસંખ્ય પ્રદેશમેં વ્યાપક (હોતે હુએ ભી) ભિન્ન હૈ. ભોગકા નિમિત્ત જો ઇન્દ્રિય હૈ વહાં ભી આત્માકે અસંખ્ય પ્રદેશ હૈં. અસંખ્ય પ્રદેશનો સંખ્યાતમો ભાગ, આખા અસંખ્ય પ્રદેશનો સંખ્યાતમો ભાગ. એ મગનભાઈ! ત્યાં આનંદ છે. આરે, શું છે આ તે? અંતરમેં સ્વભાવકે આશ્રયસે જો ધર્મ–વીતરાગીદશા ઉત્પન્ન હુઈ હૈ, તો ભોગ ઔર ઇન્દ્રિયકે પ્રદેશમેં ભી આનંદ હૈ. ઉસકો કિસકા આનંદ હૈ? શરીરકા? રાગકે વિષયકા? આહાહા! વીતરાગમાર્ગ તો દેખો! મગનભાઈ!

શ્રોતા : બધેય છૂટો પડી ગયો છે.

પૂજ્ય ગુરુદેવશ્રી : બધેય છૂટો જ છે. આહાહા! શરીરકે પરમાણુકી પર્યાયસે તો ધર્મી છૂટા હૈ હી, પણ રાગ આયા ઉસસે ભી છૂટા હૈ. આ તો કાંઈ વાત! આ વીતરાગધર્મ. સમજમેં આયા? જિસકો દૃષ્ટિ હુઈ કિ મૈં તો આનંદમૂર્તિ પ્રભુ હૂં. તો વહ દૃષ્ટિ ઔર આનંદકી પર્યાય અસંખ્ય પ્રદેશમેં વ્યાપક હૈ. હૈ કિ નહીં? આહાહા! અસંખ્ય પ્રદેશમેં વ્યાપક હૈ. ઉસ સમયમેં જો રાગ આયા વહ ભી અસંખ્ય પ્રદેશમેં વ્યાપક હૈ. એ ગિરધરભાઈ! કોઈ દિ' સાંભળ્યું ન હોય. ....શેઠિયા બધા..... શેઠિયા... ચાલ્યા ગયા. આ વળી ભાગ્યશાળી...... આહાહા! બાપા! આ માર્ગ તે પણ ઇન્દ્રોને અનુભવમાં આવ્યો, મુનિઓએ ચારિત્ર સહિત અંગીકાર કર્યો, ગણધરોએ જેને રચ્યો વાણી ને વિકલ્પ દ્વારા.

કહે છે કે એ વખતે ગણધરોને શાસ્ત્ર રચવાનો વિકલ્પ જે આવ્યો, જે પર્યાયમાં વિકલ્પ છે એ જ પર્યાયમાં આનંદ છે. આહાહા! અરે! એ શાંતિભાઈ! જુઓ! આ માર્ગ. ઓલા ચાર મહિના તમે શું કર્યું ત્યાં? ...... હશે કે નહીં ત્યાં? આહાહા! બાપા! માર્ગ વીતરાગકા કહીં (ઔર) દુનિયાને કહીં માન લિયા હૈ. આહાહા! 'માર્ગ સચ્ચા મિલ ગયા, ઉડ ગયા સંદેહ, મૌકા સબકો મિલ ગયા, હુઆ ભસ્મ દેહ.' રાગાદિ મેરી ચીજમેં હૈ હી નહીં. હોતા હૈ, પણ મેરી ચીજમેં નહીં. વહ ભિન્ન હૈ. સમજમેં આયા? આહાહા!

ઐસા વીતરાગીભાવ, ઐસી પરિણતિ–પર્યાય.. અસંખ્ય પ્રદેશમેં પર્યાય હૈ. પર્યાયકા કાલ એક સમયકા હૈ. મોક્ષમાર્ગકી પર્યાયકા કાલ એક સમય હૈ, દૂસરે સમય દૂસરા, તીસરે સમય તીસરા. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વીતરાગી પર્યાય ઉસ પર્યાયકી મુદ્દત એક સમયકી હૈ. ઉસકે સાથ રાગ આતા હૈ વહ ભી એક સમયકી સ્થિતિ હૈ. આહાહા! ત્રિકાળી ભગવાન.... નિમિત્તસે ભિન્ન, શરીરસે ભિન્ન. શરીરકી ક્રિયા હો, ધર્મીકો તો ઉસસે ભિન્ન અપની પરિણતિ ચલતી હૈ. રાગ આયા ભક્તિકા કિ અશુભકા, ઉસસે તેરી ધર્મકી પરિણતિ તો ભિન્ન રહતી હૈ. આ માર્ગ. સમજમેં આયા? એ ચેતનજી!

'ચૈતન્યઘન' એમ લખ્યું છેને. 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન' 'ઘન' શબ્દ વાપર્યો અસંખ્ય પ્રદેશ (માટે). પરમેશ્વર સર્વજ્ઞ સિવાય અસંખ્યપ્રદેશી જીવ બીજે ક્યાંય ન હોય. વીતરાગ સર્વજ્ઞદેવ સિવાય બધાએ કલ્પનાની વાતું કરી છે. પરમેશ્વર સર્વજ્ઞ પરમાત્માએ ત્રણ કાળ, ત્રણ લોક જાણ્યા, પછી ઉપદેશ વાણીમાં આવ્યો. એ ઉપદેશમાં આ આવ્યું. જિનેશ્વર આ કહે છે. ભૈયા! પાંચમા ગુણસ્થાનવાળી શ્રાવિકા બેન હો, અરે! આઠ વર્ષની કન્યા હો, એને પણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેય હોય છે. પછી એ લગન પણ કરે. એય! લગ્નનો અર્થ વિકલ્પ–ભાવ એવો આવે. પણ એનાથી ભિન્ન છે એ વખતે–અશુભ વખતે. આહાહા!

અરે! સીતા મહાસતી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકી પર્યાયકી ભક્તિ કરનેવાલી હૈ. એના પેટમાં લવ ને કુશ. આ શું કહે છે? લવ-કુશ. અંતર દૃષ્ટિમાં તો, મેરા પુત્ર નહીં, મૈં ઉસકી માતા નહીં. આહાહા! પેટ શરીર ભી મેરા નહીં, રાગ ભી મેરા નહીં. સમજમેં આયા? આ તે કાંઈ વાત છે! આહાહા! ધન્ય રે ધન્ય દશા! એની દશા ત્રણ સહિત હોં. ચારિત્રનો અંશ ચોથા કરતા પાંચમામાં વિશેષ છેને. ઓહો! ભગવાન આત્મા... જિનેન્દ્રદેવ એમ ફરમાવે છે કે ચાહે તો શ્રાવિકા હો, પણ ઉસકો અંદર આત્માકે આશ્રયસે નિશ્ચય નિર્વિકલ્પ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રકી પર્યાય હૈ, વહ ઉસકા સ્વ હૈ ઔર ઉસકી વહ સ્વામી હૈ. ઉસમેં ભી વિષય આદિકા રાગ આયા ઉસકા સ્વામી નહીં. પેટમાં સવા નવ મહિના બાળક રહે, મારો નથી. એ બાળકનો આત્મા ને બાળકના રજકણો મારા નથી. પરદ્રવ્ય છેને. આહાહા! વીતરાગમાર્ગ, દુનિયામાં ક્યાંય આવી ચીજ નથી. આહાહા! કેટલું ભેદ કરીને બતાવે છે! આહાહા!

એને વિષયની વાસનાના વિકલ્પના ભોગકાળે, અરેરે! એ (પોતે) તો નિરંતર અંદર પરિણતિમાં વર્તે છે કહે છે. (રાગ સાથે) એકત્વ તૂટી ગયું છેને. અહીં તો નિરંતર ભક્તિમાં વર્તે છે એમ કહે છેને. અરે! શ્રાવિકાનું કેમ (હશે) એ ઉપરથી જરી વિચાર આવ્યો. આહાહા! ભાઈ! ક્યાં પરમાત્મા નથી એની દૃષ્ટિમાં? ક્યે કાળે એનો પરમાત્મા દૃષ્ટિમાંથી છૂટી ગયો છે? આહાહા! સમજમેં આયા? વીસ વર્ષનો રાજકુમાર સમકિતી હો, લડાઈમાં બાણ છૂટતા હોય, એ કાળે એ ક્રિયા એની છે એમ એણે માન્યું છે? અને તે કાળે ભગવાન આત્મા એની દૃષ્ટિમાંથી

દૂર વર્તે છે? દ્વેષનો અંશ દૂર વર્તે છે અને ભગવાન પૂર્ણાનંદનો નાથ એની દૃષ્ટિમાં સમીપ વર્તે છે. મગનભાઈ! આહાહા! ભાષા જુઓને! કેવી કરી છે!

'નિરંતર ભક્ત છે, ભક્ત છે' એમ કહ્યુંને છેલ્લે? શ્રાવક ને શ્રાવિકા નિરંતર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના ભક્ત છે, ભક્ત છે. આનંદકી મૂર્તિ પ્રભુ જહાં દૃષ્ટિમેં આકર આનંદકા અનુભવ હુઆ, ઉસમેં પ્રતીતિ નામ સમ્યગ્દર્શન હૈ, આત્માકા જ્ઞાન ઉસકા નામ સમ્યગ્જ્ઞાન હૈ, અને આત્મામાં રમણતા આનંદની મોજ ઉડાડે સમકિતી. સમજાણું કાંઈ? આહાહા! જુઓ! તો ખરા. સમ્યગ્દૃષ્ટિ ચોથે, પાંચમે હોય, લગ્ન થાય એના. વીસ વર્ષનો થાય ને લગ્ન થાય. કહે છે કે સ્ત્રીને પરણવાને કાળે એનો આત્મા તો અંદર એ ક્રિયા ને રાગથી ભિન્ન વર્તે છે. શું કીધું ત્યાં? શ્રાવક, શ્રાવિકા ને સાધુ એ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના નિરંતર ભક્ત છે. આહાહા! .......

જેટલી અંતર આત્માને આશ્રયે વીતરાગની પરિણતિ થઈ છે, ... ક્યાં જાય? ...માં ગઈ છે? એ તો આત્મામાં રહી છે. એય પંડિતજી! આહાહા! જાગ્રત હૈ અંદર દૃષ્ટિમેં. આહાહા! કહે છે, અહીં 'નિરંતર ભક્ત' કીધું છેને. વસ્તુ ભગવાન પૂર્ણાનંદના જેને ભેટા થયા, એનું જ્યાં અંતર નિર્વિકલ્પ સમ્યગ્દર્શન થયું, ચોથે, પાંચમે, છઠ્ઠે બધે, એમાં આત્મજ્ઞાન અંદર આત્માને સ્પર્શીને થયું, જિતની રાગસે દૂર વર્તતી ઔર ભગવાનકી સમીપ વર્તતી પરિણતિ હુઈ, ઉસકા નામ શ્રાવક ને શ્રાવિકા કહતે હૈં. કહો સમજમેં આયા? ઓહો! ઐસી જડકી ક્રિયાકે કાલમેં ભી ઔર અશુભ-શુભ રાગકે સમયમેં ભી, ઉસકા આત્મા તો ઉસસે ભિન્ન અપની ભક્તિમેં વર્તતા હૈ. સમજાણું કાંઈ? કહો, ભીખાભાઈ! આહાહા! એવી વાતું છે. લ્યો, એ ગાથા પૂરી થઈ. વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**કારતક વદ-૮, મંગળવાર, તા. ૨૮-૧૧-૧૯૭૨**
**ગાથા-૧૩૫, શ્લોક-૨૨૧, પ્રવચન નં. ૧૬૦ (હિન્દી)**

નિયમસાર, ૧૩૫ ગાથા. ૧૩૪મેં યહ કહા કિ જો કોઈ ભવ્ય પ્રાણી અપના પરમાત્મતત્ત્વ ત્રિકાલ શુદ્ધ જ્ઞાન-આનંદઘન ઉસકે શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રકી ભક્તિ કરતા હૈ, ઉસકો નિશ્ચયભક્તિ કહનેમેં આતી હૈ. આત્મા વસ્તુ હૈ ધ્રુવ ચૈતન્ય, પરમાત્મતત્ત્વ અપના નિજસ્વરૂપ ઉસકી શ્રદ્ધા–નિર્વિકલ્પ સમ્યગ્દર્શન, રાગકી અપેક્ષા બિના અપને સ્વભાવ સન્મુખ હોકર જો પરમ આનંદકી પર્યાય સહિત નિશ્ચય સમ્યગ્દર્શન હૈ વહ નિશ્ચય સમ્યગ્દર્શનકી ભક્તિ કરતા હૈ, ઐસે કહતે હૈં. અર્થાત્ વહ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને સમ્યક્-ચારિત્ર–સ્વરૂપમેં રમણતા ઉસકી આરાધના કરતા હૈ, ઉસકા પરિણમન કરતા હૈ, ઉસકો જિનવરને કહી હુઈ સચ્ચી ભક્તિ કહનેમેં આતી હૈ. જિનવરે કહેલી નિશ્ચયભક્તિ.

વહ ૧૩૪મેં ગયા. ૧૩૫મેં, ઐસી નિશ્ચયભક્તિ(રૂપ) એકાગ્રતા હૈ, પણ સ્વરૂપમેં રમણતાકા ઉપયોગ જબ નહીં, તબ ઉસકો સિદ્ધ ભગવાનકી વ્યવહારભક્તિ આયે બિના રહતી નહીં. સમજમેં આયા? વહ ૧૩૫મેં કહતે હૈં. જિસકો નિશ્ચય સ્વરૂપકી દૃષ્ટિ, જ્ઞાન ને રમણતા હૈ ઉસકો ઐસી વ્યવહારભક્તિ સિદ્ધ ભગવાનકી આતી હૈ, (ઉસે) 'કરતે હૈં' ઐસા ભી કહતે હૈં. વ્યવહારભક્તિ ધર્મી કરતે હૈં. હૈ શુભભાવ. સમજમેં આયા? વ્યવહારમેં તો ઐસે કહતે હૈં ન. 'કરતે હૈ' ઐસા પાઠ હૈ ન. પાઠ હી ઐસા હૈ. **कुणदि** હૈ ન. ઉસકા અર્થ, વ્યવહારસે ઐસી ભક્તિ સમ્યગ્દૃષ્ટિકો કિ અપને સ્વરૂપકી આરાધનાવાલે સંતોકો ભી આયે બિના રહતી નહીં.

**मोक्खंगयपुरिसाणं गुणभेदं जाणिऊण तेसिं पि ।**
**जो कुणदि परमभत्तिं ववहारणयेण परिकहियं ॥१३५॥**

નીચે હરિગીત.

**જો મુક્તિગત હૈં ઉન પુરુષકી ભક્તિ જો ગુણભેદસે**
**કરતા, વહી વ્યવહારસે નિર્વાણભક્તિ વેદ રે. ૧૩૫.**

**ટીકા : યહ, વ્યવહારનયપ્રધાન...** વ્યવહારસે મુખ્યતા ઐસી **સિદ્ધભક્તિકે સ્વરૂપકા કથન હૈ.** પહલે નિશ્ચયપ્રધાન ભક્તિ કહી થી. અપના શુદ્ધ સમ્યગ્દર્શનજ્ઞાન-ચારિત્ર પર્યાય ઉસકી જો આરાધના કરતા હૈ, અપની નિર્મલ વીતરાગી પર્યાય જો સાક્ષાત્ મોક્ષકા માર્ગ હૈ ઉસકી સેવા કરતા હૈ વહ નિશ્ચયભક્તિ હૈ. ઐસે નિશ્ચયભક્તિવંતકો વ્યવહારભક્તિ હોતી હૈ. જિસકો નિશ્ચય નહીં ઉસકો તો વ્યવહાર ભક્તિ હોતી હી નહીં. ક્યોંકિ વ્યવહાર કિસકો કહે? અપને સ્વભાવ સન્મુખકી વીતરાગ પરિણતિકી તો પ્રાપ્તિ નહીં ઔર સિદ્ધભગવાનકી અકેલી

ભક્તિ કરે તો વહ શુભરાગ, વ્યવહારભાસ કહનેમેં આતા હૈ. યે (નિશ્ચય સહિત હો તો) વ્યવહાર કહનેમેં આતા હૈ. સમજમેં આયા? શું સુજાનમલજી! પૂજા-બૂજા કભી કી થી?

અપની ચીજકી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકી પરિણતિ–પર્યાય પ્રગટ કિયે બિનાકી અકેલી સિદ્ધાદિકી ભક્તિ હૈ વહ તો મિથ્યાત્વ સહિત શુભભાવ હૈ. સમજમેં આયા? વીતરાગ માર્ગ સમજના દુર્લભ હૈ, અશક્ય તો નહીં. અંતર સ્વભાવ પરમાનંદ પરમજ્ઞાનસ્વરૂપ મૂર્તિ પ્રભુ ઉસકી શ્રદ્ધા.. ઉસકી શ્રદ્ધા... યે ચીજ ક્યા હૈ ઐસી પ્રતીત આયી, ઉસકા અનુભવ હુઆ ઔર ઉસકા જ્ઞાન હોકર સ્થિરતા અંદર હુઈ, વહ તો સંવર-નિર્જરારૂપ નિશ્ચયભક્તિ હૈ. સમજમેં આયા? સચ્ચી ભક્તિ સંવર-નિર્જરારૂપ હૈ ઔર ઉસી ભૂમિકામેં સિદ્ધ ભગવાનકે ગુણભેદકી ભક્તિકા ભાવ આતા હૈ વહ પુણ્યબંધરૂપ વ્યવહારભક્તિ કહનેમેં આતી હૈ. સમજમેં આયા?

**યહ વ્યવહારનયપ્રધાન**... કુંદકુંદાચાર્ય પોતે કહે છે. એ ગુરુના ગુરુ છે. સમજાય છે કાંઈ? મુનિઓના ગુરુ છે એ તો. દો હજાર વર્ષ પહલે (હુએ થે, માંગલિકમેં) તીસરે નંબરમેં આતે હૈં. 'મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, મંગલં કુંદકુંદાર્યો..' તીસરે નંબર પર આયે. પહલે ભગવાન, દૂસરે ગણધર, તીસરે કુંદકુંદાચાર્ય. ઉન કુંદકુંદાચાર્યને અપની ભાવનાકે લિયે ગ્રંથ બનાયા હૈ. નિયમસાર ગ્રંથ અપની ભાવનાકે લિયે બનાયા હૈ.

કહતે હૈં, **વ્યવહારનય પ્રધાન સિદ્ધભક્તિકે સ્વરૂપકા કથન હૈ**. વ્યવહારસે સિદ્ધભક્તિ કરતે હૈં, હૈ તો શુભરાગ, પણ વ્યવહારનયસે કથનમેં 'કરતે હૈં' ઐસા આતા હૈ. ક્યોં? વહ રાગકા પરિણમન હૈ ન ઉસ અપેક્ષાસે. નિશ્ચયસે કરનેલાયક હૈ ઉસ અપેક્ષાસે નહીં. સમજાય છે કાંઈ? શુભરાગ કર્તવ્ય હૈ ઐસા નહીં, પણ ઉસકે પરિણમનમેં શુભરાગ આતા હૈ તો વ્યવહારસે 'ભક્તિ કરતે હૈં' ઐસા કહનેમેં આતા હૈ. મુખ્ય, નિશ્ચયની મુખ્યતા તો ગઈ, એ વ્યવહારની મુખ્યતા કરે છે. શુભરાગ તો કહ્યો હતો પહેલો.

શ્રોતા : .......

પૂજ્ય ગુરુદેવશ્રી : વ્યવહારપ્રધાન કથન છે. એ વ્યવહારપ્રધાનમાં જ શુભ હોય. નિશ્ચયપ્રધાનમાં શુભ ક્યાંથી હોય?

શ્રોતા : નિશ્ચયપ્રધાનપણું........

પૂજ્ય ગુરુદેવશ્રી : ના, ના, એમ હોય? વ્યવહારમાં વ્યવહારનું પ્રધાનપણું હોય. સાચું-ખોટું.... આશ્રય કરવાલાયક છે માટે ... વ્યવહાર નથી. આશ્રય કરનેકે લિયે તો એક દ્રવ્યસ્વભાવ હી હૈ. આશ્રય કરનેકે લિયે પ્રધાન ઐસી બાત યહાં હૈ હી નહીં.

શ્રોતા : અશુભથી બચવા માટે પ્રધાન કહ્યુંને?

પૂજ્ય ગુરુદેવશ્રી : એ અશુભથી બચવા માટે.... એ બચવું એ પણ વ્યવહાર છે. પણ ઉસ સમયમેં પર ઉપર લક્ષ જાતા હૈ તો ઐસી વ્યવહારપ્રધાન ભક્તિ કહનેમેં આતી હૈ. ઐસી

બાત હૈ. ક્યોં કહા? નિશ્ચયપ્રધાન દૃષ્ટિ તો હૈ, અનુભવ તો હૈ, ઉસકા સિદ્ધ ઉપર લક્ષ જાતા હૈ તો વ્યવહારપ્રધાન 'શુભભાવ કરતા હૈ' ઐસા કહનેમેં આતા હૈ. ભારે વાત ભાઈ! આકરી ભારે. એકકોર વ્યવહાર કર્તવ્ય નહીં, એકકોર વ્યવહાર કરના એમ કહતે હૈં. 'કરના'કા અર્થ, વિકલ્પકા પરિણમન હૈ ઉસ અપેક્ષાએ કર્તા કહતે હૈં. આહાહા! (કર્તા)બુદ્ધિ નહીં હૈ. આહાહા! ભારે માર્ગ ભાઈ! નિશ્ચય-વ્યવહારરૂપ યથાર્થ માર્ગ ક્યા હૈ વહ સમજના કઠિન હૈ.

**જો પુરાણ પુરુષ...** જિસકી–સિદ્ધભગવાનકી ભક્તિ કરના હૈ વહ વ્યવહાર, પણ સિદ્ધ ભગવાન હુએ કૈસે? વહ બાત તો પહલી કહતે હૈં. સિદ્ધભગવાન હુએ કૈસે? **જો પુરાણ પુરુષ સમસ્ત કર્મક્ષયકે ઉપાયકે હેતુભૂત કારણપરમાત્માકી અભેદ-અનુપચાર-રત્નત્રયપરિણતિસે સમ્યક્ રૂપસે આરાધના કરકે સિદ્ધ હુએ...** પહેલી વ્યાખ્યા કરી. જિસકી ભક્તિ કરની હૈ વે હુએ કૈસે? **પુરાણ પુરુષ સમસ્ત કર્મક્ષયકે ઉપાયકે હેતુભૂત...** કારણપરમાત્મા ત્રિકાલી ભગવાન... અભેદ અનુપચાર કારણપરમાત્મા... ત્રિકાલી પરમસ્વભાવભાવ સહજ ધ્રુવ ઇસકો યહાં કારણપરમાત્મા કહતે હૈં. ઇસકી અભેદ.. અભેદ અંદર નિર્વિકલ્પ આત્માકી અનુપચાર–ઉપચાર બિના યથાર્થ રત્નત્રય પરિણતિસે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિશ્ચય રત્નત્રય પરિણતિસે સમ્યક્ રૂપસે આરાધના કરકે... રત્નત્રયકી સચ્ચી રીતસે આરાધના કરકે... રત્નત્રય હૈ પર્યાય. સમજમેં આયા? ચેતનજી! અહીં પાછું એ લાવ્યા. પાઠમાં છેને.

**રત્નત્રયપરિણતિસે સમ્યક્ રૂપસે આરાધના કરકે સિદ્ધ હુએ... કારણપરમાત્માકી અભેદ-અનુપચાર-રત્નત્રય પરિણતિસે સમ્યક રૂપસે આરાધન કરકે...** ઇસ રીતસે સિદ્ધ હુએ. કોઈ વ્યવહારસે સિદ્ધ હુએ ઐસા હૈ નહીં, ઐસે સિદ્ધ કરના હૈ યહાં. વ્યવહારભક્તિકા ભાવ નિશ્ચય સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીકો આતા હૈ વહ બતાયા, પણ વહ મોક્ષકા કારણ નહીં. સમજમેં આયા? બીચમેં આયે બિના રહતા નહીં, પણ મોક્ષકા કારણ નહીં. કહો, સમજમેં આયા? આહાહા! **સિદ્ધ હુએ ઉનકે...** ઐસે કારણપરમાત્માકી રત્નત્રય પરિણતિસે સમ્યક્ રૂપસે આરાધના કરકે સિદ્ધ હુએ. **ઉનકે...** 'ગુણભેદ' છેને? **मोक्खंगयपुरिसाणं गुणभेदं**.. પહેલો મોક્ષપુરુષ કેવા એની વ્યાખ્યા કરી છે.

**ઉનકે કેવલજ્ઞાનાદિ શુદ્ધ ગુણોંકે ભેદકો જાનકર...** સિદ્ધ ભગવાન પૂર્ણ કેવળજ્ઞાન, પૂર્ણ કેવળદર્શન, અનંત આનંદ, પૂર્ણ વીર્ય—એવા ગુણના ભેદને જાણીને **નિર્વાણકી પરમ્પરા હેતુભૂત...** મોક્ષકી સાક્ષાત્ હેતુભૂત તો નિશ્ચય ભક્તિ હૈ, પહલી કહી વહ. નિર્વાણકી પરંપરા હેતુભૂત અર્થાત્ શુભભાવમેં અશુભ તો ટલા હૈ, પણ શુભ ટાલકર જબ મુક્તિ હોગી તો 'પરંપરાહેતુ' કહનેમેં આતા હૈ. **ઐસી પરમ ભક્તિ...** લ્યો, ઉસકો નહીં પરમભક્તિ. વ્યવહારપ્રધાન પરમભક્તિ. વધારે 'પરમ' વાપરે છેને. ..ને પરમભક્તિ કીધી છે. નિશ્ચય

વીતરાગી પરિણતિની સાથે છેને. નિશ્ચયસ્વભાવ કારણપરમાત્માકે આરાધનસે ઉત્પન્ન હુઈ વીતરાગી પરિણતિ સાથમેં હૈ, ઉસકો રાગકી ભક્તિ, પરમભક્તિ કહનેમેં આતી હૈ. આહાહા!

ભારે. એક બાજુ દુઃખરૂપ હૈ ઐસા આયા. રાગ હૈ વહ જડ હૈ, પુદ્ગલદ્રવ્ય હૈ. અપેક્ષા સમજના ચાહિયે ન. સમજમેં આયા? કહા ન વહાં, પુદ્ગલદ્રવ્ય કહા. દોપહરકો વહ ચલતા હૈ. કિસ અપેક્ષાસે? વહ ભાગ રાગકા અંશ હૈ, પરદ્રવ્યકે આશ્રયસે હુઆ હૈ તો જડ હૈ, પરદ્રવ્ય હૈ ઐસા કહા. યહાં જબ તક પરિણતિ પૂર્ણ પ્રગટ ન હો, તબ તક અપની નિશ્ચય પરિણતિકે સાથમેં ઐસા રાગકા ભાવ પરમભક્તિ આતી હૈ. આહાહા!

શ્રોતા : આતી હૈ એમ કહેવું ને પાછું કહે કે કરે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી : આતી હૈ વહ નિશ્ચયસે. વ્યવહારસે 'કરે' ઐસા કહનેમેં આતા હૈ. વાત તો આ જ છે. પાઠ હૈ ન **कुणदि**.. વ્યવહારનય પ્રધાન (કથન)મેં તો 'કરે' ઐસા હી આતા હૈ. પાલે, કરે, વહ વ્યવહાર ધર્મ હૈ, પણ ઉસકી મર્યાદા પુણ્યબંધ જિતની હૈ. બહુ આઘે લઈ જાય વાત તો ગડબડ થશે. સમજાય છે કાંઈ?

શ્રોતા : પરંપરા તો છેને?

પૂજ્ય ગુરુદેવશ્રી : પરંપરાનો અર્થ શું? 'કરતા-કરતા થાય' એ પ્રશ્ન ક્યાં છે? આહાહા! યહાં તો સ્વરૂપ ભગવાન આત્મા ઉસકી આરાધનારૂપ પર્યાય.. ઉસકી આરાધના કરકે નિર્મલ, નિર્વિકલ્પ શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ–ચારિત્ર પ્રગટ હુએ હૈં... શ્રાવકકો ભી હૈ ન તીનોં. યે તો ગાથા હૈ. શ્રાવકકો ભી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તીનો હૈં, નિશ્ચય તીનો હૈં. શ્રાવકકો... **सावगो समणो**. જેમ જાણવા જેવું છે એમ બરાબર જાણવું તો જોઈએ કે નહીં? જાણવામાં દ્વેષ આવી જાય એના ઉપર? સમજમેં આયા?

**कुणदि परम**.. કુંદકુંદાચાર્ય પોતે પાઠમાં કહે છે. **कुणदि परमभत्तिं**.. છે? (અર્થાત્) કરે પરમભક્તિ. એ જ કુંદકુંદાચાર્ય કહે કે રાગ જડ હૈ, પરદ્રવ્ય હૈ, ઝેરકુંભ હૈ. કિસ અપેક્ષાસે કહા? નિશ્ચયકી અપેક્ષાસે કહા. ઉસકી–વ્યવહારકી અપેક્ષા જબ લેતે હૈં તબ તો ઉસકો પરમભક્તિ કહનેમેં આયા હૈ, પણ વ્યવહારસે હોં. નિશ્ચયસે પરમભક્તિ વહ. આહાહા! કહતે હૈં, ઐસે **કેવલજ્ઞાનાદિ શુદ્ધ ગુણોંકે ભેદકો જાનકર**... આમ તો 'સિદ્ધકો જાનકર' ન કહેતાં, સિદ્ધકે કેવલજ્ઞાન (આદિ) ભેદકો જાનકર કહા. ક્યોંકિ પર હૈ ન. પરમેં સિદ્ધકા દ્રવ્ય સીધા ન લિયા. 'સિદ્ધના ગુણભેદને જાણીને' ઐસા લિયા. વ્યવહાર બતાના હૈ ન. સમજમેં આયા? સીધા સિદ્ધ .... ન લીધું. કારણ કે સિદ્ધ છે એ પરદ્રવ્ય છે.

હવે સિદ્ધના ગુણો એના ભેદને જાણીને, એમ કહ્યુંને જુઓ! **गुणभेदं जाणिऊण**.. પાઠમાં છેને. સિદ્ધના ગુણના ભેદને જાણીને... આહાહા! કેવળજ્ઞાન, કેવળદર્શન, પરમ આનંદ, પરમ વીર્ય—ઐસે જો ગુણભેદ, હૈં તો વે પર્યાય, ઉસકો યહાં ગુણભેદ–ગુણકા ભેદ કહનેમેં આયા.

ઐસે ગુણભેદ.. ભેદકો જાનકર... ઐસે ગુણકે ભેદકો જાનકર... સિદ્ધકી કેવલ પર્યાય કૈસી હૈ, આનંદ કૈસા હૈ—ઉસકો પર્યાયકો બરાબર જાનકર. કહો, સમજમેં આયા?

**નિર્વાણકી પરંપરા હેતુભૂત...** અહીં બધા વાંધા. શુભરાગ પરંપરા મોક્ષનું કારણ. પણ કઈ અપેક્ષાએ? સાક્ષાત્ તો હૈ નહીં. પરંપરાકા અર્થ ક્યા હુઆ? ઉસસે મુક્તિ હોતી હૈ? (શુભ)રાગ અભી હૈ ઉસસે અશુભરાગ ઘટા હૈ, શુદ્ધ ઉપયોગ કરકે શુભરાગ ટલેગા ઉસ અપેક્ષાસે 'પરંપરા' કહનેમેં આયા હૈ. સમજમેં આયા? રાગસે ક્યા હોતા હૈ? પરંપરામેં રાગસે રાગ હોતા હૈ, ઉસમેં હોતા ક્યા હૈ? જિનવાણીમાં એની જે અપેક્ષા છે એ જાણવી કઠણ બહુ. શ્રીમદ્માં આવે છેને. 'ઇચ્છે છે જો જોગીજન..' આવે છેને. આહા! 'જિનપ્રવચન દુર્ગમ્યતા.. છેને. 'થાકે અતિ મતિમાન, અવલંબન શ્રી સદ્ગુરુ, સુગમ અને સુખખાણ.' એમ આવે છે. એ છેલ્લા શબ્દો છે. શ્રીમદ્નો છેલ્લો આ છેલ્લો સંદેશ.

'ઇચ્છે છે જે યોગીજન..' એ મગનભાઈ! આહાહા! માર્ગ વીતરાગનો, ભાઈ! જે નયે કહે છે એને જાણવું જોઈશે. છતાં બીજા (વ્યવહાર)નયનો માર્ગ એ મોક્ષનો માર્ગ છે નહીં. આ ભારે વાત. સમજાણું કાંઈ? પૂર્ણ વીતરાગતા ન હો તબ તક સાક્ષાત્ ભગવાન આદરણીય કહના વહ ભી વ્યવહાર હૈ. ભગવાન આદરણીય ત્રણ લોકના નાથ સાક્ષાત્ સર્વજ્ઞ પરમેશ્વર બિરાજે છે સમવસરણમાં. વે વંદન કરનેલાયક હૈં વહ વ્યવહાર હુઆ. વે તો પરદ્રવ્ય હૈં. પણ વ્યવહારસે આદરણીય હૈ ઐસા કહનેમેં આતા હૈ. તીર્થંકર આદરવાલાયક છે એ (વિકલ્પ) છાંડવાલાયક છે. એ તો નિશ્ચયથી, પણ વ્યવહારથી?

શ્રોતા : એ બેમાં સાચું ક્યું?

પૂજ્ય ગુરુદેવશ્રી : બેય. વ્યવહારની અપેક્ષાએ વ્યવહાર, નિશ્ચયની અપેક્ષાએ નિશ્ચય સાચું. વ્યવહારની અપેક્ષાએ વ્યવહાર છે એમ સાચો.

શ્રોતા : પણ વ્યવહારનય જૂઠો.. જૂઠો.. ....

પૂજ્ય ગુરુદેવશ્રી : જૂઠો (એટલે) એ જે કહે છે એ સાચી વાત નથી, એમ. વહ જો ભક્તિ કહતા હૈ વહ સચ્ચી ભક્તિ નહીં ઇસલિયે જૂઠા કહો, પણ વસ્તુ રીતસે તો હૈ કિ નહીં? એના ગીત ગાયા નથી, એનું વસ્તુનું સ્વરૂપ જણાવ્યું છે. આહાહા!

એ તો વસ્તુનું સ્વરૂપ જણાવ્યું છે કે આ સ્થિતિમાં આવું હોય છે. સમજાણું કાંઈ? નહીંતર તો પછી પંચપરમેષ્ઠી પરદ્રવ્ય છે. આદરવાલાયક છે, વંદન કરવાલાયક છે એ પણ વાત તો વ્યવહારથી.... જૂઠી તો ત્રિકાળીની અપેક્ષાએ જૂઠી છે, પણ એની અપેક્ષાએ છે કે નહીં? એટલી વાત. બાકી સાચાનો અર્થ એનાથી–એના કારણે મુક્તિ થશે, એનાથી સંવર-નિર્જરા થશે—એમ નથી. આહાહા! ભારે કામ. 'જ્યાં જ્યાં જે જે યોગ્ય છે તહાં સમજવું તેહ, ત્યાં ત્યાં તે આચરે આત્માર્થી જન એહ.' આચાર્ય પોતે કહે છે જુઓને! **गुणभेदं जाणिऊण...** સિદ્ધના

ગુણભેદોને જાણીને **जो कुणदि परमभत्तिं ववहारणयेण परिकहियं**. એને વ્યવહારનયથી કહેવામાં આવે છે. ત્યાં એને ચોંટે કે ભક્તિ સંવર-નિર્જરા છે અને એનાથી મુક્તિ થાય—એમ નથી.

શ્રોતા : એ સંવર-નિર્જરાનું પરંપરા કારણ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી : બિલકુલ પરંપરાએ કારણ નથી. એ તો પરંપરા કારણ તો અશુભ ટાળીને શુભ થયો છે, સમ્યગ્દર્શન સહિત છે તો હો. અંતર દૃષ્ટિ છે શુભમાં અશુભ ટળ્યું છે. અંતર દૃષ્ટિ, અનુભવ નથી તો શુભમાં અશુભ ટળ્યું જ ક્યાં છે? મિથ્યાત્વ ટળ્યું નથી તો અશુભ ક્યાંથી ટળે? ભારે વાતું.

શ્રોતા : તો કાંઈ સીધો રસ્તો બતાવો.

પૂજ્ય ગુરુદેવશ્રી : આ સીધો.. સીધોસટ રસ્તો છે.

શ્રોતા : નિશ્ચયની અપેક્ષાએ એ સાચું કહે, વ્યવહારની અપેક્ષાએ એ સાચું.

પૂજ્ય ગુરુદેવશ્રી : વ્યવહારે વ્યવહાર છે કે નહીં? છે ને? તો ઉસકા અર્થ... વાંધા ઉઠાવે છેને એ. **जइ जिणमयं पवज्जह मा ववहारणिच्छए मुयह**.. (સમયસાર ગાથા ૧૨).

શ્રોતા : બેયને ન છોડો.

પૂજ્ય ગુરુદેવશ્રી : ન છોડોનો અર્થ શું? વ્યવહાર છે એટલી વાત. વ્યવહાર આદરણીય છે નિશ્ચયથી અને એનાથી મુક્તિ—એમ પ્રશ્ન છે નહીં. આહાહા! સમજમેં આયા? એ લોકો (કહે), જુઓ! વ્યવહાર છોડવો નહીં એટલે વ્યવહારથી પણ નિશ્ચય થાય. —એમ નથી.

શ્રોતા : (વ્યવહારને) પકડી રાખવું.

પૂજ્ય ગુરુદેવશ્રી : પકડે શું રાખે? વ્યવહાર છે એમ જાણવા જેવું છે, બસ. વ્યવહાર જાણેલો.. છે એ જાણેલો પ્રયોજનવાન છે. 'છે' એમ જાણેલો પ્રયોજનવાન, બસ એટલું. એનાથી મુક્તિ થાય, એનાથી સંવર-નિર્જરા થાય—એમ નથી. ભારે વાત ભાઈ! તેમ એ ભાવ આવે જ નહીં (એમ નથી). આવે છેને ભૂમિકા અનુસાર. મુનિ ગણધર, સ્વામિકાર્તિક જેવા...

સમંતભદ્રાચાર્ય તો એમ 'સ્તુતિ'નું કહે છે... સમંતભદ્ર આચાર્ય એટલે? એ તો કહે છે કે હે પ્રભુ! મને તો તમારી સ્તુતિ કરવાનું વ્યસન થઈ ગયું છે. આવે છે. સમંતભદ્ર આચાર્ય. કથાકાર તો કહે છે કે ભાવી તીર્થંકર છે. સમજાણું કાંઈ? ભવિષ્યમાં તીર્થંકર થવાના છે. લોકકથામાં ચાલ્યું આવે છે. અહીંયા તો કહે છે કે હે પ્રભુ! ચોવીસ તીર્થંકરની સ્તુતિ કરી. સમંતભદ્ર આચાર્ય મુનિ. આચાર્ય. 'ણમો લોએ સવ્વ આઇરીયાણં.' એ પોતે કહે છે કે હે પ્રભુ! મને તો તમારી ભક્તિનું વ્યસન લાગી ગયું છે.

શ્રોતા : એ પાળવું કે છોડવું?

પૂજ્ય ગુરુદેવશ્રી : એ પ્રશ્ન અહીં નથી. છે એટલી વાત, બસ. એ ભાવ છે, આવે છે, હોય છે, પુણ્યબંધનું કારણ છે. આરે, ભારે. સમજાણું કાંઈ? આવે છે, હોય છે, માટે સંવર-નિર્જરાનું કારણ છે, મોક્ષનું કારણ—એમ નહીં.

શ્રોતા : પરંપરા કારણ...

પૂજ્ય ગુરુદેવશ્રી : પરંપરાનો અર્થ શું? એનો અભાવ કરીને (મુક્તિ પ્રાપ્ત) કરશે એનું નામ પરંપરા કારણ. એ ભાવથી પરંપરાએ મળે એમ નહીં. વસ્તુસ્થિતિ આમ છે. આમ તો સ્વભાવ એક મોક્ષનું કારણ છે. નિર્મળાનંદ પ્રભુ સ્વભાવનો આશ્રય લઈને નિર્વિકલ્પ વીતરાગી પરિણતિ એ જ મોક્ષનું કારણ છે. આહા! આવી વાત છે ભારે કઠણ જગતને. નયોના કથનો સમજવા...

**પરંપરાહેતુભૂત ઐસી પરમભક્તિ જો આસન્નભવ્ય...** દેખો! જિસકો મુક્તિ નજીક હૈ ઐસા જીવ કૌન? આસન્નભવ્ય. અલ્પકાલમેં કેવલજ્ઞાન પ્રાપ્તિકી તૈયારી હૈ. ક્યોંકિ નિશ્ચય મોક્ષમાર્ગ તો પ્રગટા હૈ, બીચમેં રાગ આયા ઉસે 'રાગ કરતા હૈ' ઐસા વ્યવહારનયસે કથન હૈ. ઓહો! એક ગાથામેં..! ભવ્ય **જીવ કરતા હૈ...** એમ આવ્યુંને? રાગ આવો હોય એટલું જણાવવા 'કરતા હૈ' એમ વ્યવહારથી (કહ્યું). અને 'કરતા હૈ' એમ કેમ કહ્યું? કે એની પરિણતિ છેને એટલી. પ્રવચનસાર. ગણધર ભી બારહ અંગ રચતે હૈં તો જાનતે હૈં કિ મેરી પર્યાયમેં રાગકા ભાવ હૈ, પરિણતિ હૈ ઐસા જાને. પરિણતિકી અપેક્ષાસે કર્તા હૈં. કરનેલાયક હૈ ઇસલિયે કર્તા હૈં ઐસા નહીં. ... ફેર બહુ. સમજમેં આયા?

પ્રવચનસારમેં તો ઐસા કહા કિ ગણધરકો ભી કર્તૃત્વનય હૈ. હૈ? ૪૭ નયમેં હૈ. ગણધરકો હૈ, અરે! તીર્થંકર જબ છદ્મસ્થ હો તબ તીર્થંકરકો હૈ. 'કેવલજ્ઞાન સુખ પાયા..' આહાહા! ઉસકો ભી કર્તૃત્વનય હૈ. કર્તૃત્વનયકી વ્યાખ્યા થોડી જુદી હૈ. કરનેલાયક હૈ ઐસા કર્તૃત્વનય નહીં, પણ કર્તૃ નામ પરિણમન હૈ ઐસા જ્ઞાની જાનતે હૈં. સમજમેં આયા? માર્ગ તો હૈ ઐસા હૈ. કંઈપણ ફેરફાર કરવા જશે તો એનો ફેરફાર થઈ જશે. એવી વાત છે. ભૂલભૂલામણીનો (માર્ગ) નથી, ભૂલભૂલામણીને ટાળવાનો માર્ગ છે. એ તો અનાદિનો છે. ઓહોહો! ગહન વાત છે. એ શું કહ્યું?

એક તો ગુણભેદ જાણીને... હવે એ ગુણભેદ જાણવામાં રહે? અભેદપણું છોડીને વળી પરના ગુણભેદ જાણવા? પોતાના ગુણભેદ પણ વિકલ્પ છે. શું કહ્યું? પોતાનું દ્રવ્ય, ગુણ ને પર્યાય—એવા ભેદ ત્રણ કરવા એ પણ એક વિકલ્પ-રાગ છે. વીતરાગમાર્ગ... અહીં તો 'સિદ્ધના ગુણભેદ જાણીને' એમ કીધું છે. **गुणभेदं जाणिऊण**.. એક વાત. **कुणदि**–કરે. બે વાત. **परमभत्तिं**.. ત્રણ વાત. પણ એ ચીજ જાણવાલાયક છે માટે આ શબ્દ વ્યવહારથી કહ્યા છે. સમજાય છે કાંઈ?

નિશ્ચયથી આદરવાલાયક છે એમ નહીં. તો તો બે નય જ ન રહે? આ આદરવાલાયક ને આ પણ આદરવાલાયક તો બે (ભેદ) કેમ પડ્યા? સમજાય છે કાંઈ? વ્યવહારનય ગ્રહવાલાયક છે એનો અર્થ કે જાણવાલાયક છે. એ તો ખુલાસો કર્યો. બહુ ખુલાસો અત્યારે... આહાહા! વ્યવહારનય ગ્રહવાલાયક કહ્યો છેને. એ ગ્રહવાલાયકનો એનો અર્થ કે 'છે' એમ જાણવાલાયક છે. છે. આહા! જાણવાલાયક છે. ગ્રહણ ને આદરવાલાયકનો પ્રશ્ન ક્યાં છે? વ્યવહારે આદરવાલાયક કહ્યો એનો અર્થ કે એનું પરિણમન છે એ અપેક્ષાએ. (વાસ્તવમાં) આદરવાલાયક છે નહીં. આરે ગજબ વાત.

શ્રોતા : .....

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ તો નિમિત્તથી કહ્યું, એ તો બીજી વાત થઈ. એ તો નિમિત્ત છે એનું જ્ઞાન કરાવ્યું. ....... અહીંયા તો પરંપરાહેતુ, પરમભક્તિ અને આસન્નભવ્ય મોક્ષગામી જીવ નજીકમાં આ કરે છે એમ કહે છે. ઉસકો વ્યવહાર હોતા હૈ એમ કહતે હૈં. અજ્ઞાનીકો તો વ્યવહાર હોતા નહીં. આહાહા! વ્યવહારાભાસ હૈ.

**પરમભક્તિ જો આસન્નભવ્યજીવ કરતા હૈ ઉસ મુમુક્ષુકો...** દેખો! મોક્ષગામી પુરુષકો, આત્માકે આરાધક જીવકો અથવા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તીનકી સેવા કરનેવાલે પુરુષકો **વ્યવહારનયસે નિર્વાણભક્તિ હૈ.** બસ હૈ, ઇતના. સમજાય છે કાંઈ? વ્યવહાર નથી જ, સાધકજીવને રાગ નથી જ, તો એ વીતરાગ થઈ ગયો. સમજાય છે કાંઈ? અને વ્યવહાર મોક્ષનું કારણ છે (એમ માને) તો દૃષ્ટિ ખોટી થઈ ગઈ. .... હોય છે, ગણધરને હોય છે. ભગવાનને સાંભળીને બાર અંગ રચે લ્યો. બાર અંગની રચના કરે છે. એમાં પહેલું તો 'ણમો અરિહંતાણં..' ગણધર ચાર જ્ઞાન, ચૌદ પૂર્વની રચના ક્ષણમાં કરે. તીર્થંકરના વજીર, દિવાન. 'ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં..' પાંચ નમોકાર સ્મરે છે કે નહીં? લખવા ટાણે વિકલ્પ આવ્યો કે નહીં?

પ્રવચનસારમાં તો ત્યાં કહ્યું કે જેનું નામ લેવાથી પણ ... હોય. એમ કહ્યું છે. વર્ધમાન નામ છેને વર્ધમાન. ધર્મના કર્તા છે, યોગીઓને તારનાર છે ભગવાન. યોગીઓ તારનાર છે (એટલે) તરનારને તારવાનું નિમિત્ત છે. અને ધર્મના કર્તા–પોતાના સ્વરૂપના ધર્મના કર્તા છે. તીર્થંકરો કેવળીઓ પોતાનું આનંદસ્વરૂપ એના એ પોતે ધર્મકર્તા. ધમ્મકત્તાણં... તીર્થ... યોગીઓને તારવા સમર્થ એમ કરીને શું કીધું? જેણે આત્માના આનંદમાં યોગ જોડ્યો એવા જીવને ભગવાન નિમિત્ત છે. સમજાણું કાંઈ? ... નામ લઈ. આહાહા! ઘાતિકર્મનો નાશ કર્યો છે. ભગવાને ઘાતિકર્મનો નાશ કર્યો, એવો પાઠ છે. એ પાઠમાંથી અમૃતચંદ્રાચાર્યે કાઢ્યું કે ઘાતિકર્મનો નાશ થવાથી જેમને જગત ઉપર અનુગ્રહ કરવાની શક્તિ પરમેશ્વરતા પ્રગટ થઈ છે. એનો અર્થ કે જે કરનારાઓ છે એને નિમિત્ત થાય એટલે અનુગ્રહ કરનાર કહેવામાં આવે છે. પાઠ છે. છે કે નહીં? આ તો જોયો છે એક-એક શબ્દ. ઘાતિકર્મનો નાશથી કહ્યું શું આમાં? આટલું કહ્યું, ઘાતિકર્મનો નાશ.

एस सुरासुरमणुसिंदवंदिदं धोदघाइकम्ममलं... કાલ આવ્યું હતુંને. કાલ સજ્જાયમાં આવ્યું હતું. **ઘાતિકર્મમળ ધોઈ નાખેલ**... ધોઈ નામ સમજ્યાને? સાફ. **હોવાથી જેમને જગત પર અનુગ્રહ કરવા સમર્થ.. જગત પર અનુગ્રહ કરવાને સમર્થ એવી અનંતશક્તિરૂપ પરમેશ્વરતા છે**. આહાહા! આ અમૃતચંદ્રાચાર્ય. પાંચ ગાથા પ્રવચનસારની, પહેલી પાંચ ગાથા. પહેલી ગાથાનો જ અર્થ છે. આહા! **एस सुरासुरमणुसिंदवंदिदं धोदघाइकम्ममलं। पणमामि वड्ढमाणं**... એ 'વર્ધમાન' શબ્દ પડ્યો છે એટલે નામ કાઢ્યું. **तित्थं**.. યોગીઓને તારવામાં સમર્થ, **धम्मस्स**.. પોતાના સ્વરૂપના ધર્મના કર્તા. બીજાના કર્તા નથી, એમ.

અમૃતચંદ્રાચાર્ય પોતે કહે છે, ઘાતિકર્મકા નાશ કરનેસે ભગવાનકો જગત ઉપર અનુગ્રહ કરનેકી શક્તિ પ્રગટ હુઈ હૈ. આહાહા! ઉસકા અર્થ સમજમેં આયા? જગત ઉપર અનુગ્રહ કરવામાં સમર્થ... આહાહા! એમ કે આ પરમેશ્વર જ જગતને નિમિત્ત છે એમ કહે છે. અપની સ્વરૂપકી પરિણતિ પ્રગટ કરનેવાલેકો પરમાત્મા વીતરાગદેવ એક હી નિમિત્ત હૈ. દૂસરા કોઈ નિમિત્ત હોતા નહીં. સમજાય છે કાંઈ? આ તો હળદરના ગાંઠે ગાંધી ન થવાય એવું છે. એક હળદરનો ગાંઠિયો રાખ્યો હોય ને ગાંધી થઈ ગયા. ગાંધી (થવા) એને ઘણી ચીજો જોઈએ. એકલા ગાંઠિયે ગાંધી ન થવાય. ગાંધી તો ઘણી ચીજો રાખે. અમારા ઘર પાસે ગાંધી હતા. ગાદીએ બેસતા....... આહાહા!

સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગકા માર્ગ ઔર ઉસમેં કુંદકુંદાચાર્યકા કથન ઐસી ચીજ કહીં જગતમેં હૈ નહીં. આહાહા! વ્યવહારકે સ્થાનમેં વ્યવહાર હૈ, ઇતના બતાના હૈ. લાભકા કારણ નહીં તો ક્યોં કરના? પણ આયે બિના રહે નહીં. ક્યોં કરના ક્યા? સમજમેં આયા? વહ અશુભકે વંચનાર્થ હૈ. અશુભને ટાળવા માટે શુભ આવ્યા વિના રહે નહીં. આ જ પ્રકારનો હોયને. **ઉસ મુમુક્ષુકો વ્યવહારનયસે નિર્વાણભક્તિ હૈ**. ઓહોહો! એક ગાથામાં તો ઘણા પ્રકાર આવ્યા.

**[અબ ઇસ ૧૩૫વીં ગાથાકી ટીકા પૂર્ણ કરતે હુએ ટીકાકાર મુનિરાજ છહ શ્લોક કહતે હૈં :]** આહાહા!

**उद्धूतकर्मसंदोहान् सिद्धान् सिद्धिवधूधवान्।**
**संप्राप्ताष्टगुणैश्वर्यान् नित्यं वन्दे शिवालयान्॥ २२१॥**

બધા 'ન્' 'ન્' આવ્યા સાથે. **उद्धूतकर्मसंदोहान्** એક ન્, **सिद्धान् सिद्धिवधूधवान्** એ બીજો પાછળનો ન્, **संप्राप्ताष्टगुणैश्वर्यान्.. नित्यं वन्दे शिवालयान्.**

**શ્લોકાર્થ : જિન્હોંને કર્મસમૂહકો ખિરા દિયા હૈ...** લ્યો, વળી કર્મ જડને ખેરવી શકે? વહ તો જડ હૈ. પણ અપની સ્થિરતા હુઈ તબ (કર્મ) ખિરતે હૈ (ઉસે) વ્યવહારસે ખિરાતે હૈં ઐસા કહનેમેં આતા હૈ. આહાહા!

શ્રોતા : ભગવાનની ભાષામાં એવું કેમ આવે...?

પૂજ્ય ગુરુદેવશ્રી : એવું આવે, વ્યવહાર વિના કથન શી રીતે આવે? લાંબુ-લાંબુ કરે? જ્યારે આત્મા પોતાના સ્વરૂપમાં થાય ત્યારે અસ્થિરતાનો નાશ થાય છે, ઐસે નિમિત્તકર સામને કર્મકી પર્યાય અક્રમ(રૂપ) હો જાતી હૈ ઉસકો ક્ષય કહનેમેં (આતા હૈ). લાંબી-લાંબી આવી વાત (આવે)? .... 'જડ ખિરા દેતે હૈં'કા અર્થ ક્યા? ક્યોં સબ ખિરતે હૈં? ઉસકા નિમિત્ત કૌન? સમજમેં આયા? જિતની પર્યાય અંતરમેં સ્થિર હુઈ હૈ વહ પર્યાય ખિરનેમેં નિમિત્ત હૈ, ઉપાદાન ઉસકા હૈ. આહાહા! **જિન્હોંને કર્મસમૂહકો ખિરા દિયા હૈ**... ઉસકા અર્થ સિદ્ધ ભગવાનકો નિમિત્તરૂપ કર્મ ભી હૈ નહીં. આહાહા!

**જો સિદ્ધિવધૂકે (મુક્તિરૂપી સ્ત્રીકે) પતિ હૈં...** સિદ્ધ ભગવાન અપની પૂર્ણ નિર્મલ આનંદકી પરિણતિ ઉસકે સ્વામી હૈં. વે જગતકે સ્વામી નહીં. સમજાય છે કાંઈ? અપની નિર્મલ વીતરાગી પર્યાય ઉસકે વે સ્વામી હૈં. ત્રણ લોકકે નાથ કહનેમેં આતે હૈં વહ તો વ્યવહારસે કહા. કહેવાયને ભગવાનને ત્રણ લોકના નાથ? એ તો જાણે છે એ અપેક્ષાએ. નાથ તો અપની પર્યાયકા હૈ. સમજમેં આયા? નમોત્થુણંમાં આવે છેને 'લોગનાહાણં'. નમોત્થુણંમાં આવે છે. 'લોગનાહાણં.. લોગ-પઈવાણં..' પછી એ તો પ્રકાશ કરનારા. 'લોગનાહાણં..' લોકના નાથ. એ સુજાનમલજી! આતા હૈ કિ નહીં નમોત્થુણંમેં? કર્યું છે નમોત્થુણં? પણ પછી કર્યું એ રહ્યું ક્યાં? 'નમોત્થુણં અરિહંતાણં, ભગવંતાણં, આઈગરાણં, તિત્થયરાણં, સયંસબુદ્ધાણં, પુરિસુત્તમાણં, પુરિસસીહાણં..' શ્વેતામ્બર–સ્થાનકવાસી, દેરાવાસી બેયમાં આવે છે. આમાંય–દિગંબરમાંય આવે છે, પણ આ લોકોને પ્રચલિત નથી. સામાયિક પાઠમાં આવે છે.

**જિન્હોંને કર્મસમૂહકો**... કર્મ અકેલા રજકણ નહીં થા, બહોત હૈં ઐસા બતાયા. **ખિરા દિયા હૈ,** જો સિદ્ધિવધૂકા સ્વામી હૈ, **જિન્હોંને અષ્ટ ગુણરૂપ ઐશ્વર્યકો સંપ્રાપ્ત કિયા હૈ...** લ્યો. જેણે આઠ મૂળગુણ એવા... 'ગુણ' શબ્દે તો પર્યાય છે અહીં. આઠ ગુણ એટલે આઠ પર્યાય એમ લેવું. ગુણ તો ત્રિકાલી હૈં, પણ પર્યાયકો યહાં ગુણ કહનેમેં આયા હૈ. પર્યાયકી ઉલટી દશાકો અવગુણ કહનેમેં આતા હૈ. હૈ વહ ભી પર્યાય. અવગુણ ભી પર્યાય, ગુણ ભી પર્યાય. ત્રિકાલી ગુણ તો ધ્રુવ હૈ. ઉસમેં પરિણમન, ઘટના-બઢના હોતા નહીં.

**અષ્ટગુણરૂપ ઐશ્વર્યકો સંપ્રાપ્ત કિયા હૈ**... લ્યો, જેણે આઠ ગુણરૂપી... વ્યવહારે કહ્યુંને, વ્યવહાર છેને એ. નિશ્ચયથી તો અનંત ગુણની પર્યાય પ્રાપ્ત થઈ છે. નિશ્ચયથી તો અનંત ગુણની પર્યાય પ્રાપ્ત થઈ છે. યે વ્યવહાર. આહાહા! ગજબ વાત છે. આઠ પર્યાય પ્રગટ હુઈ વહ વ્યવહાર હુઆ. અનંત ગુણકી પર્યાય પ્રગટ હુઈ વહ નિશ્ચય હૈ. ફિર ભી વહ પર્યાય હૈ તો વહ ભી વ્યવહાર હૈ. સ્વકી અપેક્ષાસે બાત ઐસી નિકલે.

**તથા જો કલ્યાણકે ધામ હૈં...** લ્યો, કલ્યાણનું ધામ છે. **શિવાલયાન્**... શિવાલય આ. **શિવાલયાન્**... એ મુક્તિનું ધામ, આનંદનું ધામ ભગવાન છે. આહાહા! **કલ્યાણકે ધામ હૈં**... શિવ એટલે કલ્યાણ. **શિવાલયાન્**... આલય–ધામ.. ધામ. **ઉન સિદ્ધોંકો મૈં...** અબ મુનિરાજ કહતે હૈં. **સિદ્ધોંકો મૈં નિત્ય વંદન કરતા હૂં**. સાતમું આવે ત્યાં (વિકલ્પ) ખરી જાય. ઐસી જહાં

જહાં ભૂમિકા હૈ વહાં વહાં વિકલ્પ હૈ, ઇતના બતાના હૈ. **મૈં નિત્ય વંદન કરતા હૂં.** આહાહા! કહો, ઐસા વિકલ્પ આતા હૈ ઉસ અપેક્ષાસે વહાં 'નિત્ય વંદન કરતા હૂં' (કહતે હૈં). વળી ના પાડે છે. મુનિકો છઠવાં ગુણસ્થાન અલ્પ કાલ રહતા હૈ, તુરંત સપ્તમ આ જાતા હૈ. વહાં સિદ્ધકો વંદન ઐસા વ્યવહાર ભી રહતા નહીં. ભારે માર્ગ ભાઈ! એકલો સમજણનો પિંડ એવો માર્ગ.

એકકોર કહે કે વ્યવહાર તે જડ છે, પરદ્રવ્ય છે, ઝેર છે. અહીં તો (કહે છે), નિત્ય વંદુ. એય! વહ તો વ્યવહારસે ઐસા ભાવ આયા. જબ તક વિકલ્પ હૈ તબ તક વંદનકા આદરભાવ હૈ, ઐસા કહતે હૈં. વહ ભી નિશ્ચયકા અનુભવ હો ઉસકો, યે બાત બિના નહીં. અપના નિશ્ચય આનંદ પ્રભુ ઉસકી અંતર નિર્વિકલ્પ દૃષ્ટિ, જ્ઞાન, શાંતિ બિના ઉસકો સિદ્ધકા વંદન વ્યવહારસે ભી કહનેમેં આતા નહીં. મૈં નિત્ય... સામા ભગવાન દૂર રહ્યાને? મૈં ઉનકો નિત્ય-કાયમ વંદન કરતા હૂં. ઐસા ભાવ મંગલાચરણ આદિમેં આતા હૈ કિ નહીં?

નેમિનાથ ભગવાનના પુરાણમાં આવે છે. નેમિનાથ ભગવાન હતાને ત્રણ જ્ઞાનના ધણી, ક્ષાયિક સમકિતી. સ્નાન કરીને... ધોતિયું કહે શું કહે? અબોતિયું. અબોતિયું... આપણી ભાષા. નાહીને કાઢી નાખ્યું કપડું. શ્રીકૃષ્ણની સ્ત્રી હતી (એને કહ્યું), ધોઈ નાખ. સ્ત્રી કહે, ક્યા? હમારે પતિ શ્રીકૃષ્ણકા ભી નહીં કહતે તો તુમ ક્યા..? હમારે કૃષ્ણ તો નાગકી શૈયામેં સોતે હૈં. વહાં ગયે ભગવાન. તીન જ્ઞાન હૈં ન. ક્ષાયિક સમકિતીકો ઐસા વિકલ્પ આયા. આહાહા! મુજે દૂસરા કહના થા. પીછે શ્રીકૃષ્ણકો ખબર પડી કિ યે તો ઇતને શક્તિવાન હૈં. બહોત... (કહાં) વાસુદેવ, (કહાં) તીર્થંકર.

એકબાર સભામેં સબ બલવાન યોદ્ધા બૈઠે થે. પાંડવો, કૃષ્ણ આદિ સબ યોદ્ધા. વખાણ કરતા કરતા, કોઈ કહે, આ જોરાવર, આ જોરાવર, ઇસકા જોર હૈ, ઉસકા જોર હૈ. કિસીને કહા કિ દૂસરેકી બાત છોડો, ભગવાન બૈઠે હૈં ઉનકા જોર બહોત હૈ. નેમિનાથ બોલે નહીં. વે બહોત જોરવાલે થે. શ્રીકૃષ્ણ કહે, લાવો, આપણો બેય લડીએ. નેમિનાથ ભગવાન કહે, મેરા પૈર ઐસા પડા હૈ, ઉઠાઓ પૈર. વિકલ્પ હૈ. શ્રીકૃષ્ણ આમ ટીંગાઈને પરસેવા વળી ગયા. પગ ઊંચો ન કરી શક્યા. પીછે લગ્નકા..... મુજે દૂસરા કહના થા. જબ (નેમિનાથકી) લગ્નકી હા હુઈ કિ ઉનકા લગ્ન કરાના હૈ. મહારાજ! આપ લગ્ન કરો. આપ કહો ઉસસે કરા દે. લગ્નકી હા હુઈ તો ઉન્હોંને ૐ ઇતના કહા. પુરાણમેં હૈ. એ વખતે ૐ કહ્યો, એમ કહે છે. વહ ભી વિકલ્પ હૈ. સમજમેં આયા? વિકલ્પકે સ્થાનમેં વિકલ્પ હોતા હૈ, ઉસ સમય જાનનેલાયક હૈ. આવે છે માટે એ નિશ્ચયથી આદરવાલાયક છે એમ નહીં અને આવ્યા વિના રહે એમ પણ નહીં. **વંદન કરતા હૂં.** આહાહા! મુનિ પોતે (કહે છે) લ્યો. વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**કારતક વદ-૧૦, ગુરુવાર, તા. ૩૦-૧૧-૧૯૭૨**
**શ્લોક-૨૨૨-૨૨૬, ગાથા-૧૩૬, પ્રવચન નં. ૧૬૧**

નિયમસાર, ૨૨૨ કલશ હૈ, ૨૨૨ કલશ. હિન્દી.. હિન્દી.

**व्यवहारनयस्थेत्यं निर्वृतिभक्तिर्जिनोत्तमैः प्रोक्ता ।**
**निश्चयनिर्वृतिभक्ती रत्नत्रयभक्तिरित्युक्ता ॥२२२॥**

હિન્દી (શાસ્ત્ર) હૈ હિન્દી? ક્યા કહતે હૈં? દેખો!

**શ્લોકાર્થ : ઇસપ્રકાર (સિદ્ધભગવન્તોંકી ભક્તિકો)...** જો સિદ્ધ ભગવાન હુએ ઉનકી ભક્તિકો **વ્યવહારનયસે** ભક્તિ કહનેમેં આતી હૈ. અર્થાત્ અપને અંદરમેં જો સ્વભાવકી ભક્તિ હૈ.... વહ આયેગા. **નિશ્ચય-નિર્વાણભક્તિ રત્નત્રયભક્તિકો કહા હૈ.** સૂક્ષ્મ બાત હૈ. અપના સ્વભાવ ચૈતન્ય આનંદમય હૈ. ઉસ આનંદમય સ્વભાવમેં અંતરમેં એકાગ્ર હોકર વીતરાગી પરિણતિ પ્રગટ હો, ઉસકા નામ નિશ્ચય મુક્તિકી ભક્તિ.. મુક્તિકી ભક્તિ કહતે હૈં. નિશ્ચય તો અપને સ્વભાવકે આશ્રયસે સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર, વિકલ્પ નામ રાગસે રહિત, અપની ચૈતન્યશક્તિકે અવલંબનસે જો નિર્દોષ–પવિત્ર પરિણતિ–અપની દશા પ્રગટ હો, ઉસકા નામ નિર્વાણકી નિશ્ચય-ભક્તિ કહનેમેં આતી હૈ. ઔર સિદ્ધ ભગવાનકી ભક્તિ... જબ ઐસી સ્થિતિમેં અંદરમેં રહ સકતે નહીં તો સિદ્ધ ભગવાનકી ભક્તિ આતી હૈ, યે શુભભાવ હૈ, પુણ્યબંધકા કારણ હૈ. સમજમેં આયા?

ઐસે વ્યવહારનયસે.... સિદ્ધ ભગવાન પર હૈં ન? અપનેસે સિદ્ધ ભગવાન પર હૈં, તો પરકી ભક્તિ વ્યવહારભક્તિ હૈ. સમજમેં આયા? પંચપરમેષ્ઠીકી ભક્તિ વહ ભી વ્યવહાર ભક્તિ નામ પુણ્યભાવ હૈ, ધર્મભાવ નહીં, નિશ્ચય-ધર્મ નહીં. ઉસકો–પુણ્યકો વ્યવહારધર્મ કહતે હૈં. આહાહા! માર્ગ ઐસા હૈ ભાઈ! ભગવાન આત્મા અનંત.. અનંત જ્ઞાન, દર્શન, આનંદકા પિંડ પ્રભુ આત્મા હૈ. ઉસમેં એકાગ્ર હોના, ચૈતન્ય નિજ પરમસ્વરૂપમેં એકાગ્ર હોના ઉસકો નિશ્ચયરત્નત્રય ભક્તિ કહતે હૈં. ઐસા દશાવંત જબ સ્વરૂપમેં લીન ન હો (સકે), તબ અશુભસે બચનેકો સિદ્ધ ભગવાનકી ભક્તિ વ્યવહારસે આતી હૈ. વહ પુણ્યબંધકા કારણ હૈ. સમજમેં આયા?

દો પ્રકારકી ભક્તિ હુઈ. એક વ્યવહારનયસે સિદ્ધ ભગવાનકી (ભક્તિકો) **નિર્વાણભક્તિ જિનવરોંને કહા હૈ.** જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ તીર્થંકર પરમાત્મા પરમેશ્વર (કહતે હૈં કિ) સિદ્ધ ભગવાનકી ભક્તિ, અર્થાત્ જિનવરદેવ કહતે હૈં કિ મેરી ભક્તિ વહ વ્યવહારનયસે ભક્તિ હૈ. શુભભાવ હૈ, વિકલ્પ હૈ, પ્રશસ્ત રાગ હૈ, પુણ્યબંધકા કારણ હૈ. જબ તક આત્મા

પૂર્ણ વીતરાગ ન હો, તબ તક અંતરમેં સ્વભાવકે આશ્રયસે સમ્યગ્દર્શન-જ્ઞાન-શાંતિ જો પ્રગટ હોતી હૈ વહ નિશ્ચયભક્તિ હૈ. ઉસકે સાથ ઐસા વિકલ્પ આયે બિના રહતા નહીં. સમજમેં આયા?

ભક્તિ દો પ્રકારકી હૈ. નિશ્ચય-ભક્તિ કભી કી હી નહીં ઔર નિશ્ચયભક્તિ બિના વ્યવહારભક્તિકો વ્યવહાર કહનેમેં આતા હી નહીં. ઐસી બાત હૈ. અપના નિશ્ચય સ્વભાવ આનંદઘન ચૈતન્ય, જિનેન્દ્રોંને જો કહા પૂર્ણાનંદ પ્રભુ અંદર, (વહ) અનંત જ્ઞાન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, વીતરાગતાકા પૂર આત્મા હૈ. ઉસકે અંતરમેં એકાગ્ર હોકર નિર્વિકલ્પ આનંદકા સ્વાદ સહિત સમ્યગ્દર્શન આદિ હો, ઉસકો પરમાત્મા સચ્ચી નિશ્ચયભક્તિ કહતે હૈં. સમજમેં આયા? યે તો હિન્દીમેં ચલા. તુમ હિન્દીમેં પૂછતે થે ન. સૌ હિન્દી આદમી આયે હૈં ન. આહા! ઐસા માર્ગ હૈ વીતરાગકા.

જિનવરદેવ... 'જિનવરે' એમ કહ્યુંને. જુઓને! (ગાથા ૧૩૫કે) પાઠમેં ભી હૈ ન, **परिकहियं**.. જિનવરોને કહા હૈ યે. તીર્થંકરદેવ ત્રિલોકનાથ જિનકો એક સમયમેં તીન કાલ, તીન લોક જાનનેમેં આયા ઐસે ભગવાનકે શ્રીમુખસે દિવ્યધ્વનિ દ્વારા ઐસા આયા. ભગવાન તો આત્માકો 'ભગવાન' કહકર બુલાતે હૈં. આત્મા ઉસકા અંદર સ્વરૂપ ભગવાન હૈ ન. તો ઐસી ચીજ જો અનંત જ્ઞાન ઔર આનંદસે ભરી હૈ, ઉસકી અંતર અનુભૂતિ કરના, ઐસી ચીજકે અંતરમેં આનંદ–નિર્વિકલ્પ અતીન્દ્રિય આનંદ સહિત પર્યાયમેં પરિણતિ વીતરાગી હોના ઉસકા નામ નિશ્ચય–સચ્ચી ભક્તિ હૈ, જો સંવર ને નિર્જરા સ્વરૂપ હૈ. સમજમેં આયા?

ઔર ઉસમેં ઉપયોગ સ્થિર રહ સકે નહીં, તબ સિદ્ધભક્તિકા ભાવ સમકિતીકો ભી, મુનિકો ભી શુભરાગ આતા હૈ. સિદ્ધભગવાનકી ભક્તિ(રૂપ) શુભરાગ વ્યવહારભક્તિ હૈ. સમજમેં આયા? સ્વદ્રવ્ય આશ્રયે નિશ્ચય, પરદ્રવ્ય આશ્રયે વ્યવહાર. આહાહા! યે જૈન સિદ્ધાંતકા માર્મિક માલ હૈ. સ્વદ્રવ્ય આશ્રિત જો ઉત્પન્ન હોતા હૈ, ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદ પ્રભુ ઉસ તરફકી એકાગ્રતા, અતીન્દ્રિય આનંદમેં એકાગ્રતા હો, અતીન્દ્રિય આનંદકે સ્વાદ સહિત શાંતિ ને સ્વચ્છતા જો પ્રગટ હો ઉસકો સચ્ચી ભક્તિ કહતે હૈં. ઉસકે સાથમેં સિદ્ધ ભગવાનકી ભક્તિ હો તો વ્યવહારભક્તિ કહનેમેં આતી હૈ. પંડિતજી! ભારે વાત ભાઈ! સમજમેં આયા? **ઇસપ્રકાર (સિદ્ધ ભગવંતોકી ભક્તિકો)**... નિર્વાણભક્તિ હૈ ન. વ્યવહારનયસે (કહા). વ્યવહારનય ... છે કે નહીં?

શ્રોતા : નિર્વાણભક્તિ ક્યાં, એ તો પુણ્ય છે, એમ.

પૂજ્ય ગુરુદેવશ્રી : વ્યવહાર કહતા હૈ ન. મોક્ષના માર્ગ બે કહેવાય છેને વ્યવહારે. એમ વ્યવહારે લીધું છે.

શ્રોતા : એનાથી નિર્વાણ થઈ જાયને?

પૂજ્ય ગુરુદેવશ્રી : નિર્વાણ થાય નહીં, પણ ઐસે વ્યવહારસે કહનેમેં આતા હૈ. યે તો નિમિત્ત હૈ, ઈતના. સંવર-નિર્જરાકે સાથમેં ઐસા સિદ્ધભગવાન (પ્રતિ) રાગ આતા હૈ વહ ભી નિર્વાણકી ભક્તિ વ્યવહારસે હૈ. ઉસકા અર્થ ક્યા? આવી હોય એ ભક્તિ. પણ હૈ પુણ્યબંધકા કારણ. ઉસસે નિર્વાણ.. નિર્વાણ નહીં (હોતા), પણ વ્યવહારસે નિર્વાણકા કારણ કહનેમેં આતા હૈ. આહાહા! સમજમેં આયા? સૂક્ષ્મ બાત હૈ ભગવાન! તીર્થંકર પરમાત્મા જિનેશ્વરદેવ ઉનકા માર્ગ અચિંત્ય ને અલૌકિક હૈ. ઐસી ચીજ વીતરાગ સિવા દૂસરે કહીં હૈ નહીં. સારા જગત–સબને કલ્પના કી હૈ.

જિનેન્દ્રદેવને જો આત્મા દેખા ઔર આત્મા હૈ ઐસા પરમાત્માને કહા, ઐસા ભગવાન આત્મા સચ્ચિદાનંદસ્વરૂપ, સત્ નામ કાયમ રહનેવાલા, ચિદ્ નામ જ્ઞાન, આનંદ નામ સુખ ઐસા સ્વરૂપસે ભરા પડા પ્રભુ હૈ, ઐસા અંતરમેં નિર્વિકલ્પ (અર્થાત્) રાગ ઔર મનકે સંગ બિના અપને અસંગ ચૈતન્યકે સાથ અંતર સંગ કરના ઉસકા નામ સચ્ચી ભક્તિ કહનેમેં આતી હૈ. ભારે વાત ભાઈ! **નિશ્ચય-નિર્વાણભક્તિ રત્નત્રયભક્તિકો કહા હૈ**. નિશ્ચયભક્તિ તો ભગવાન ત્રિલોકનાથ ઐસી ફરમાતે હૈં કિ અંતર આનંદસ્વરૂપ પ્રભુ, રાગકી ક્રિયાસે રહિત ઔર એક સમયકી પર્યાયસે ભી ભિન્ન ચૈતન્ય ભગવાન ઉસમેં પર્યાયકો એકાગ્ર કરના અથવા નિર્મલ પર્યાયમેં અપને આત્માકો સ્થાપના. સમજમેં આયા? આવશે પછી. **मोक्खपहे.. ठविऊण**..

અપના મોક્ષ નિશ્ચય સમ્યગ્દર્શન.... શ્રાવક ભી ઉસે કહતે હૈં. શ્રાવક ને સાધુ દોનોંકી યે બાત હૈ. શ્રાવકકો વ્યવહારસે ધર્મ હોતા હૈ ઔર મુનિકો નિશ્ચયસે હોતા હૈ—ઐસી ચીજ નહીં. શ્રાવક હો કિ મુનિ હો, સચ્ચે હોં. યે સંપ્રદાયકા નામ હૈ વહ શ્રાવક નહીં. જિસકે અંતરમેં રાગસે ભિન્ન હોકર પૃથક ભગવાન આત્માકી અંદર અનુભૂતિમેં પ્રતીત હુઈ હૈ ઔર જિસે શાંતિકા અંશ પ્રગટ હુઆ હૈ, જિસકો અતીન્દ્રિય આનંદકા અંશ પણ પ્રગટ હુઆ હૈ, ઉસકા નામ યહાં શ્રાવક કહનેમેં આતા હૈ. બાકી બધા વાડાના શ્રાવક છે. સમજમેં આયા? ઐસે સાધુ ભી ઉનકો કહતે હૈં. નગ્નપના લે લિયા ઔર ૨૮ મૂલગુણ પાલતે હૈં તો સાધુ હૈં— ઐસા હૈ નહીં. વે ભી નિશ્ચયભક્તિ કરતે હૈં. અપના આનંદસ્વરૂપ ભગવાન આત્મા ઉસમેં લીન હોકર અતીન્દ્રિય આનંદકા પ્રગટ સ્વસંવેદન વિશેષ હો ગયા હૈ, ઉસકા નામ સાધુ, ઉસકા નામ નિર્વાણકી સચ્ચી ભક્તિ કહનેમેં આતી હૈ. ભારે આકરી વાત ભાઈ!

જિનવરકા માર્ગ સમજના (મુશ્કેલ હૈ). અકેલી બાહરસે જાત્રા કરો, ભક્તિ કરો ઔર ધર્મ હો ગયા—ઐસા હૈ નહીં. જાત્રા અપની કરે તો ધર્મ હોતા હૈ, એમ કહતે હૈં. બાહરકી જાત્રામેં શુભભાવ હૈ. અશુભસે બચનેકો શુભભાવ (આતા) હૈ. યે વ્યવહારભક્તિ હૈ, સચ્ચી ભક્તિ નહીં. સમજમેં આયા? દોનોં બાત આ ગઈ એક કલશમેં. વ્યવહારનયસે નિર્વાણભક્તિ

જિનવરોંને કહા હૈ. વ્યવહારસે કહા હૈ ન? અને એમ છેને? મોક્ષકા માર્ગ વ્યવહારસે કહા ન? વ્યવહારકા અર્થ ક્યા? મોક્ષકે દો (માર્ગ). પુરુષાર્થસિદ્ધિમેં આતા હૈ. મોક્ષના બે કારણ છે નિશ્ચય-વ્યવહાર. વ્યવહાર કારણ નહીં હૈ, પણ આરોપ કરકે (કહા હૈ). દોનોંસે મુક્તિ હોતી હૈ અર્થાત્ નિશ્ચયસે મુક્તિ હોતી હૈ ઔર વ્યવહારકા અભાવ હોકર હોતી હૈ. આકરો માર્ગ ભાઈ! અનંતકાલમેં કભી સમ્યગ્દર્શન ક્યા ચીજ હૈ ઔર સમ્યગ્દર્શન કિસકે આશ્રયસે ઉત્પન્ન હોતા હૈ (ઉસકી) ખબર નહીં.

સમ્યક્ નિશ્ચય સમ્યગ્દર્શન દેવ-ગુરુ-શાસ્ત્રકે આશ્રયસે ઉત્પન્ન નહીં હોતા. દેવ-ગુરુ-શાસ્ત્રકી શ્રદ્ધા કરનેસે ભી સમ્યગ્દર્શન નહીં હોતા. દેવ-ગુરુ-શાસ્ત્રકી શ્રદ્ધા વહ રાગ હૈ, વિકલ્પ હૈ, ક્યોંકિ પરદ્રવ્યકા આશ્રય હૈ. અપને ચૈતન્યકે આશ્રયસે (સમ્યગ્દર્શન હોતા હૈ). વીતરાગ ચિદાનંદમૂર્તિ અપના સ્વભાવ.... આ દેહ તો હાડકા છે, જડ છે, માટી છે. વાણી ભી માટી, જડ હૈ. અંદર જો કર્મ આઠ હૈ વે ભી જડ હૈં ઔર દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા (આદિ)કા શુભ-અશુભરાગ ઉત્પન્ન હોતા હૈ વહ તો આસ્રવ હૈ.

ઉસકે પીછે અંદર આસ્રવ ઔર અજીવસે રહિત આનંદમૂર્તિ પ્રભુ આત્મા, ઉસકો પકડકે લીનતા (કરકે) આનંદકા સ્વાદ લેના, આહાહા! ઉસકા નામ ભગવાનકે માર્ગમેં (ભક્તિ કહતે હૈં). વીતરાગકે માર્ગમેં હૈ, દૂસરેમેં તો હૈ હી કહાં? ઉસકો સચ્ચી ભક્તિ કહતે હૈં. વ્યવહાર તો ત્યાજ્ય હી હૈ. જબ તક પૂર્ણ ન હો (તબ તક) સિદ્ધ ભગવાનકી ભક્તિકા ભાવ, વંદનકા, નમસ્કારકા આતા હૈ, વહ શુભભાવ હૈ. વહ વ્યવહાર(ભક્તિ) કહનેમેં આતા હૈ. હૈ બંધકા કારણ, પણ વ્યવહારસે મુક્તિકા કારણકા આરોપ દેનેમેં આતા હૈ. ૨૨૩ કલશ.

**निःशेषदोषदूरं केवलबोधादिशुद्धगुणनिलयं ।**
**शुद्धोपयोगफलमिति सिद्धत्वं प्राहुराचार्याः ॥२२३॥**

ત્યાં જિનવરોએ કહ્યું હતું, હવે આચાર્યો એમ કહે છે.

**શ્લોકાર્થ : આચાર્યોંને...** કુંદકુંદાદિ આચાર્ય મહાસંત, અમૃતચંદ્રાદિ આચાર્ય દિગંબર મહામુનિ, જંગલમેં બસનેવાલે, અંદર વીતરાગમૂર્તિ દશા પ્રગટ હુઈ હૈ. સમજમેં આયા? અંદર વીતરાગતા પ્રગટ હુઈ હૈ, આનંદકા ધોધ બહતા હૈ અંદરમેં. આનંદકી ધારા બહતી હૈ મુનિકો. સમજમેં આયા? અતીન્દ્રિય આનંદકી ધારા અંદરમેં બહતી હૈ ઉસકા નામ સાધુપદ કહનેમેં આતા હૈ. સમજમેં આયા? ઐસે આચાર્યોંને **સિદ્ધત્વકો...** સિદ્ધ પરમાત્માકો **નિઃશેષ (સમસ્ત) દોષસે દૂર...** સિદ્ધમેં કોઈ દોષ હૈ નહીં. દોષ કૈસા? પૂર્ણ દોષ નાશ હો ગયે હૈં. ઐસે દોષસે દૂર ઔર **કેવલજ્ઞાનાદિ શુદ્ધ ગુણોંકા ધામ...** કેવલજ્ઞાન, કેવલદર્શન, અનંત આનંદ, અનંત વીર્ય ઐસે ગુણકા સ્થાન–ધામ સિદ્ધ ભગવાન. **ઔર શુદ્ધોપયોગકા ફલ કહા હૈ.** ક્યા કહતે હૈં?

સિદ્ધપદ ફલ કિસકા? કિ શુદ્ધોપયોગ. પુણ્ય-પાપકા ભાવ, શુભ-અશુભભાવ વહ અશુદ્ધ ઉપયોગ હૈ. આહાહા! ઉસસે મુક્તિ નહીં મિલતી. સમજમેં આયા? શુભ-અશુભ રાગસે રહિત ત્રિકાલી આનંદકંદમેં શુદ્ધ ઉપયોગ, નિર્મલ વીતરાગીદશા જો ઉત્પન્ન હો, ઉસ શુદ્ધોપયોગકા ફલ સિદ્ધપદ હૈ. અશુભકા ફલ નરકાદિ હૈ, શુભકા સ્વર્ગાદિકા હૈ ઔર શુદ્ધોપયોગકા ફલ સિદ્ધપદ હૈ. સમજમેં આયા? વહ કહા હૈ આચાર્યોંને. સિદ્ધ વે કેવલજ્ઞાનાદિ શુદ્ધ ગુણોંકા ધામ હૈં ઔર શુદ્ધ ઉપયોગકા ફલ હૈ. શ્રાવકકો ઔર મુનિકો ભી અંતરમેં શુભરાગ, શુભ-ઉપયોગ ઉસસે રહિત હોકર અંદર શુદ્ધ આનંદઘનમેં ઉપયોગ લગા દેના, વહ વીતરાગી ઉપયોગ–શુદ્ધોપયોગ મુક્તિકા માર્ગ હૈ ઔર વહ શુદ્ધોપયોગકા ફલ મુક્તિ હૈ.

બીચમેં શુભ આતા હૈ સિદ્ધ ભગવાનકી ભક્તિ (આદિ). પહલે કહા ન, પણ ઉસકા ફલ મુક્તિ હૈ ઐસા નહીં. ચેતનજી! જુઓ! અહીં ના પાડી પાછી લ્યો. .... કર દિયા. વ્યવહારસે કહા થા (ઉસે) છોડ દિયા. આહાહા! ભાઈ! માર્ગ જો જિનવરોંને કહા, વહ તો વીતરાગીભાવ જિનવરોંને કહા હૈ. વીતરાગીભાવ, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વહ વીતરાગી પરિણતિ હૈ. વીતરાગી પરિણતિ નામ પર્યાય. વહ ત્રિકાલી ભગવાન આત્માકે અવલંબનસે ઉત્પન્ન હોતી હૈ. કોઈ દેવ-ગુરુ-શાસ્ત્રકે આશ્રયસે ઉત્પન્ન હોતી નહીં. ઐસા હૈ. આહાહા!

અરે! જૈનમેં જન્મે (હોને પર ભી) જૈન પરમેશ્વર ક્યા કહતે હૈં ઉસકી ભી ખબર નહીં ઔર (કહતે હૈં) હમ જૈન હૈં. જૈન હોના ઉસમેં તો મહા–અનંત પુરુષાર્થ હૈ. પુણ્ય-પાપકા રાગ જો વિકલ્પ હૈ ઉસસે ભિન્ન હોકર ચિદાનંદ ભગવાનકા અવલંબન લેકર નિર્દોષ સમ્યગ્દર્શન, આત્માકા નિર્દોષ સમ્યગ્જ્ઞાન ઔર આત્મામેં રમણતા ઉસકા નામ જૈન હૈ. સમજમેં આયા? કહતે હૈં, ભગવાન (હુએ) વહ તો **શુદ્ધોપયોગકા ફલ હૈ**. સિદ્ધ ભગવાન જો હુએ, અનંત સિદ્ધ હુએ, યે શુદ્ધોપયોગકા ફલ આયા હૈ. શુભોપયોગસે મુક્તિફલ મિલતા નહીં. પહલે કહા, વ્યવહારનયસે નિર્વાણકી ભક્તિ હૈ. આહાહા! આવે છેને એવો ભાવ. હોય છેને નિમિત્ત. નિમિત્તથી કહેવાય છે. નિશ્ચયસે મુક્તિકા માર્ગ નહીં. ઓહો! **શુદ્ધોપયોગકા ફલ કહા હૈ**. ૨૨૩ (શ્લોક હુઆ). ૨૨૪.

**ये लोकाग्रनिवासिनो भवभवक्लेशार्णवान्तं गता**
**ये निर्वाणवधूटिकास्तनभराश्लेषोत्थसौख्याकराः ।**
**ये शुद्धात्मविभावनोद्भवमहाकैवल्यसंपद्गुणाः**
**तान् सिद्धानभिनौम्यहं प्रतिदिनं पापाटवीपावकानं ॥२२४॥**

**શ્લોકાર્થ :** સિદ્ધ ભગવાન **જો લોકાગ્રમેં વાસ કરતે હૈં...** ચૌદ બ્રહ્માંડ(કે) ઉપર(કે ભાગમેં) મુક્તિશીલા ઉપર. સિદ્ધ ભગવાન વ્યવહારસે મુક્તિશીલા ઉપર રહતે હૈં. સમજમેં આયા? નિશ્ચયસે અપનેમેં હૈ. લોકાગ્રમેં સિદ્ધ ભગવાન વાસ કરતે હૈં. **જો ભવભવકે ક્લેશરૂપી**

**સમુદ્રકે પારકો પ્રાપ્ત હુએ હૈં...** આહાહા! સિદ્ધ પરમાત્મા ભવભવકે... ભવભવ શબ્દે નરક, સ્વર્ગાદિ ભવ. યે સબ ક્લેશ હૈ. સ્વર્ગમેં ભી ક્લેશ હૈ, કષાયકા દુઃખ હૈ વહાં ભી. ઐસે **ભવભવકે ક્લેશરૂપી સમુદ્રકે પારકો પ્રાપ્ત હુએ હૈં**. સબ ક્લેશકા નાશ કર દિયા હૈ. ભવસમુદ્ર તો ક્લેશ હૈ ન. આહાહા! પુણ્ય-પાપ ક્લેશભાવ હૈ. શુભ-અશુભભાવ ક્લેશ હૈ, દુઃખ હૈ, આકુલતા હૈ. આહાહા! ઇન સબ ક્લેશકો.... ક્લેશરૂપી સમુદ્ર.. ઓહોહો! અનાદિસે એકેન્દ્રિય, નિગોદ, ઈયળ, કીડી, મકોડા ઐસે જીવ... ભવકા કારણ સેવકર ભવ હુએ, ભવકા કારણ તો ક્લેશ હૈ. સમજમેં આયા?

ઐસે ક્લેશરૂપી સમુદ્રકે પારકો પ્રાપ્ત હુએ હૈં ઔર અપની પર્યાયમેં ઇતની પુષ્ટિ હુઈ... સિદ્ધ ભગવાનકી.... સિદ્ધ ભગવાન પર્યાય હૈ. સમજમેં આયા? સિદ્ધ ભગવાન કોઈ દ્રવ્ય-ગુણ નહીં. દ્રવ્ય-ગુણ તો ત્રિકાલી હૈં, કેવલજ્ઞાન આદિ પર્યાય હૈં. તો સિદ્ધ ભગવાન અપની **જો નિર્વાણવધૂકે પુષ્ટ સ્તનકે આલિંગનસે...** અપની પર્યાયમેં જો પુષ્ટ અનંત આનંદ ઉત્પન્ન હુઆ ઉસકે સ્પર્શસે સુખકી ખાન હૈ. અપની પર્યાયમેં અનંત આનંદકી ખાન હૈ યે સિદ્ધ ભગવાન. આહાહા! સમજમેં આયા? ભગવાન આત્મા તો અતીન્દ્રિય આનંદકી ખાન હૈ હી, પ્રત્યેક આત્મા અતીન્દ્રિય આનંદસે ભરા આત્મા હૈ અંદર, પણ સિદ્ધ ભગવાનમેં અતીન્દ્રિય આનંદ પર્યાયમેં પ્રગટ હુઆ હૈ. સમજમેં આયા? પર્યાય સમજતે હો ભૈયા? પર્યાય.. પર્યાય સમજતે હો? પર્યાય ક્યા? અવસ્થા. વર્તમાન અવસ્થા. સિદ્ધ અવસ્થા હૈ, પર્યાય હૈ, ગુણ નહીં. ગુણ તો ત્રિકાલી હૈ. મોક્ષકા માર્ગ ભી પર્યાય હૈ, મોક્ષ ભી પર્યાય હૈ, સંસાર ભી વિકારી પર્યાય હૈ.

તત્ત્વદૃષ્ટિકા અભ્યાસ હી ઘટ ગયા હૈ. બાહરકી ક્રિયાકાંડમેં અકેલે ઘુસ ગયે હૈં. ઉસમેં સત્ય તત્ત્વ ક્યા હૈ વહ વિચારનેકા અવસર નહીં ઔર ઐસા ઉપદેશ મિલતા નહીં. આહાહા! કહતે હૈં, **નિર્વાણવધૂકે પુષ્ટ સ્તન...** અર્થાત્ અપની પર્યાયમેં ઇતની પુષ્ટિ હુઈ હૈ. જૈસે શરીરકી ઇન્દ્રિય, અવયવ પુષ્ટ હૈં બાહર, ઐસે ભગવાનકી પર્યાય આનંદસે ઇતની પુષ્ટ હૈ કિ **ઉત્પન્ન સૌખ્યકી ખાન હૈં....** આહાહા! અતીન્દ્રિય આનંદકા સિદ્ધભગવાનકો અનુભવ હૈ. અતીન્દ્રિય આનંદકા અંશમેં અનુભવ તો સમ્યગ્દૃષ્ટિકો ભી હોતા હૈ.

શ્રોતા : શેઠીયાઓને પણ સુખનો અનુભવ હોય.

પૂજ્ય ગુરુદેવશ્રી : શેઠીયાને શું? શેઠીયાને ક્યાં? ધૂળમાં (સુખ) માને? ધૂળના શેઠીયા સબ દુઃખી હૈ બિચારે. એય! યે લક્ષ્મી હૈ ન પાંચ-પચાસ લાખ, વહ તો ધૂલ હૈ, માટી હૈ. યે માટી મેરી હૈ ઐસા માનનેવાલા તો મહામૂઢ હૈ, દુઃખી હૈ. પોપટભાઈ! સાચું હશે આ? છ-છ છોકરા... ધૂળમાંય સુખ નથી. દુઃખ હૈ. રાજા ને શેઠીયા રાંકા છે, ક્લેશમાં રંગાયેલા દુઃખી છે. સમજમેં આયા? આહાહા! પરમાત્મા તો કહતે હૈં, ..... મુનિકો આત્મામેં વીતરાગી આનંદ આયા વે સુખી હૈં. સમ્યગ્દૃષ્ટિ ભી ચૌથે ગુણસ્થાનમેં હો, ગૃહસ્થાશ્રમમેં હો, તો ભી ઉસકો

અતીન્દ્રિય આનંદકા સ્વાદ આતા હૈ. ઉસકો સમકિતી, શ્રાવક કહનેમેં આતા હૈ. સમજમેં આયા?

શ્રાવક, શ્રાવિકા ઇસકો કહેં કિ જિસકો અંતર આત્મા અતીન્દ્રિય આનંદમૂર્તિ પ્રભુ ઉસકા અનુભવ હોકર અતીન્દ્રિય આનંદકા સ્વાદ આયા હો, ઉસકી પ્રતીતિકા નામ સમકિત કહનેમેં આતા હૈ. સમજમેં આયા? બહોત ફેર હૈ. વીતરાગકે તત્ત્વકા માર્ગ ઐસી અલૌકિક ચીજ હૈ. કભી ઉસે યથાર્થપને સુનનેમેં આયા નહીં. સમજમેં આયા? યહાં ભગવાન આચાર્ય કહતે હૈં.... કુંદકુંદાચાર્યકા મૂલ શ્લોક હૈ. ઉસકી ટીકા કરનેવાલે પદ્મપ્રભમલધારિદેવ દિગંબર મુનિ જંગલમેં વસતે થે. નગ્ન દિગંબર થે, અંતરમેં આનંદકી લહર છૂટતી થી. અતીન્દ્રિય આનંદકે સ્વાદમેં દુનિયાકા દુઃખ ક્યા હૈ ઔર સંસાર ક્યા હૈ ઉસકી ગંધ નહીં. અતીન્દ્રિય આનંદમેં મશગૂલ થે, ઉસકા નામ સાધુપદ કહનેમેં આતા હૈ. સમજમેં આયા?

કહતે હૈં, ઓહો! **સુખકી ખાન હૈં (તથા) શુદ્ધાત્માકી ભાવનાસે ઉત્પન્ન....** દેખો! શુદ્ધ આત્મા પવિત્ર પ્રભુ ત્રિકાલી ઉસકી ભાવના નામ એકાગ્રતા. આહાહા! **ઉત્પન્ન કૈવલ્યસમ્પદાકે (-મોક્ષસમ્પદાકે) મહા ગુણોંવાલે હૈં...** આહાહા! કહે છે કે સિદ્ધ ભગવાનકો કૈવલ્યસંપદા, અનંત આનંદાદિ ક્યોં પ્રગટ હુએ? કિ વે શુદ્ધાત્માકી સન્મુખમેં એકાગ્ર હોકર રહે હૈં. આહાહા! શુદ્ધસ્વરૂપ ભગવાન નિત્યાનંદ પ્રભુ ઉસકે સન્મુખકી પર્યાય... પર્યાય હૈ ન. ભાવના યે પર્યાય હૈ. ભાષા પણ જુદી જાતની. વીતરાગકા માર્ગ દૂસરી જાતકા હૈ. આહાહા! ઓલા કહે, તમારી (ભાષા)વર્ગણા જુદી છે. આહાહા!

સિદ્ધ ભગવાન કૈસે હુએ? કેવલજ્ઞાનાદિકી પ્રાપ્તિ કૈસે હુઈ? કિ અપના શુદ્ધ ભગવાન આત્મા પૂર્ણ નિત્યાનંદ આત્મા ઉસકી ભાવના–એકાગ્રતા, અંતર્મુખ એકાગ્ર હોકર ઉત્પન્ન કૈવલ્યસંપદા–કેવલજ્ઞાનાદિ પર્યાયકી સંપદા ઐસે મહા ગુણોંવાલે હૈં. ગુણ શબ્દસે તો પર્યાય હૈ હોં. પર્યાયકો યહાં ગુણ કહનેમેં આયા હૈ. કેવલજ્ઞાન વહ ગુણ નહીં, કેવળજ્ઞાન તો નયી પર્યાય ઉત્પન્ન હોતી હૈ. ગુણ તો ત્રિકાલી હૈં. આહાહા! સમજમેં આયા? વસ્તુ ભગવાન દ્રવ્ય વહ ત્રિકાલી હૈ ઔર ઉસમેં જ્ઞાન, દર્શન, આનંદાદિ ગુણ ભી ત્રિકાલી હૈં. ઉસકે અવલંબનસે પ્રગટ હો વહ પર્યાય હૈ. કેવલજ્ઞાન, કેવલદર્શન, ક્ષાયિક સમકિત, અનંત સુખ યે સબ પર્યાય હૈં. પર્યાયકો યહાં ગુણ કહનેમેં આયા હૈ. સમજમેં આયા? આહાહા!

**મહા ગુણોવાલે હૈં, ઉન પાપાટવીપાવક...** કૈસે હૈં ભગવાન સિદ્ધ પરમાત્મા? **(-પાપરૂપી વનકો જલાનેમેં અગ્નિ સમાન)** ઐસે સિદ્ધ હૈં. આહાહા! પાપ શબ્દે પુણ્ય-પાપ દોનોં. પુણ્ય ને પાપ દોનોં પાપ હૈં, વિભાવ હૈં. ઉસકો જલાનેમેં અગ્નિ સમાન હૈ. ઐસે **સિદ્ધોંકો મૈં પ્રતિદિન નમન કરતા હૂં.** પદ્મપ્રભમલધારિદેવ ટીકાકાર મુનિરાજ કહતે હૈં... નગ્ન મુનિ દિગંબર જંગલમેં રહતે થે. વે કહતે હૈં કિ ઓહો! ઐસે સિદ્ધ ભગવાનકો મૈં પ્રતિદિન નમન કરતા હૂં–વંદન કરતા

હૂં, આદર કરતા હૂં, ઉનકે પ્રતિ બહુમાન કરતા હૂં. ઐસે ભગવાન મુનિરાજ કહતે હૈં. સમજમેં આયા? હૈ વિકલ્પ હોં શુભરાગ.

શ્રોતા : ભક્તોને વ્યવહાર શું કામ બતાવે?

પૂજ્ય ગુરુદેવશ્રી : શુભરાગ હૈ ન. ભગવાનકો વંદન કરના તો શુભરાગ હૈ, વૃત્તિકા ઉત્થાન હૈ. વૃત્તિ ઉઠતી હૈ રાગ. અપને સ્વરૂપમેં એકાગ્ર હોના ઉસમેં વીતરાગતા હૈ. આહાહા! ભારે માર્ગ આકરો.

વીતરાગદેવ જિનેન્દ્રદેવ.. ગણધર અને ઇન્દ્રોની સમક્ષમાં પરમાત્માની આવી વાણી નીકળી. ભગવાન બિરાજતે હૈં મહાવિદેહમેં. સીમંધર પરમાત્મા બિરાજતે હૈં મહાવિદેહમેં. સમજમેં આયા? ક્યા કહા? સીમંધર ભગવાન બિરાજતે હૈં ન અભી. મહાવિદેહમેં બિરાજતે હૈં અભી. મનુષ્યદેહ હૈ, ૫૦૦ ધનુષકી ઊંચાઈ હૈ, કરોડ પૂર્વકા આયુષ્ય હૈ. ગત ચોવીસીમેં મુનિસુવ્રત ભગવાનકે કાલમેં જન્મે થે, દીક્ષા લી, અભી અબજો વર્ષ રહેંગે. વહાં કુંદકુંદાચાર્ય ગયે થે. યે કુંદકુંદાચાર્ય નગ્ન મુનિ, દિગંબર સંત, દો હજાર વર્ષ પહલે ગયે થે. નજીક આવોને બધા. ઘોડી (-ઠવણી) કાઢી નાખો. પહેલેથી સમજવું જોઈએને કે આજ બહુ માણસ છે. ઘોડી કાઢી નાખો બધા. કહતે હૈં, મૈં ઐસે સિદ્ધ ભગવાનકો નમન કરતા હૂં. હૈ તો વ્યવહાર, હૈ તો શુભભાવ, પણ ઐસા (ભાવ) આયે બિના રહે નહીં. સમજમેં આયા?

શ્રોતા : પણ એવો ભાવ ન આવે એણે શું કરવું?

પૂજ્ય ગુરુદેવશ્રી : ન આવે એણે વીતરાગ થઈ જવું. વીતરાગ થાય એને ન આવે અને કાંઈ એવો ન આવે. એ મિથ્યાદૃષ્ટિ છે. એય! એક વીતરાગને ન આવે અને એક મિથ્યાદૃષ્ટિને ન આવે. બેને ન આવે.

શ્રોતા : મિથ્યાદૃષ્ટિ ને ભગવાન બેય સરખા થયા.

પૂજ્ય ગુરુદેવશ્રી : સરખા જ છે. ઓલા અજ્ઞાનમાં પૂરા છે ને ઓલા જ્ઞાનમાં પૂરા છે. આહાહા! શુભભાવ બીચમેં ન હો તો વહ વીતરાગ હો ગયા. નિશ્ચય સહિતમેં ઐસી પંચપરમેષ્ઠીકી ભક્તિ (આદિ) વ્યવહાર ન હો તો ઉસકો (-છદ્મસ્થકો) નિશ્ચય ભી હૈ નહીં. સમજમેં આયા? વાત એવી ઝીણી. ફિર ભી, વ્યવહારસે નિશ્ચય હોતા હૈ, વ્યવહારસે મુક્તિ હોતી હૈ—ઐસા નહીં હૈ, પણ વ્યવહાર આયે બિના રહે નહીં. જબ તક (પૂર્ણ) વીતરાગતા, સર્વજ્ઞતા ન હો, તબ તક અંતર અનુભવ સમ્યગ્દર્શન-જ્ઞાન હોતે (હુએ) ભી શુભભાવ ભક્તિકા આતા હૈ. જાનતે હૈં જ્ઞાની કિ પુણ્યબંધકા કારણ હૈ. અશુભસે બચનેકો (આતા હૈ). સમજમેં આયા?

મુનિ કહતે હૈં દેખો ન. **મૈં પ્રતિદિન નમન કરતા હૂં.** છઠવે ગુણસ્થાનમેં મુનિ–સંત બિરાજતે હૈં. તીન કષાયકા અભાવ હૈ. ક્ષણમેં સપ્તમ, ક્ષણમેં છઠવા, ક્ષણમેં સપ્તમ. સચ્ચે

મુનિકો (અંતમુહૂર્તમેં) હજારો બાર છઠવાં-સાતવાં આતા હૈ. સાચા મુનિ જેને જિનેન્દ્રદેવ મુનિ કહે, એ મુનિને તો ક્ષણમાં છઠ્ઠું, ક્ષણમેં સાતમું. એક અંતર્મુહૂર્તમેં હજારો બાર છઠવાં-સાતવાં આતા હૈ. ઔર સચ્ચે મુનિકો તો નિદ્રા પૌની સેકંડકી હોતી હૈ. પૌની સેકંડકી નીંદ. એક સેકંડકી નીંદ હો તો મુનિપના નહીં રહતા. મુનિ કિસકો કહેં? દુનિયા માને બાહરસે તો મુનિ હો જાય? આહાહા! પરમેષ્ઠી હૈં, પંચ પરમેષ્ઠી હૈં પાંચોં.

અતીન્દ્રિય આનંદમેં, કહતે હૈં દેખો ન, મેરી ચીજ તો મેરે પાસ હી હૈ. એમ કહતે હૈં. મેરા સ્વરૂપ ભગવાન આત્મા ઉસકે અવલંબનસે મુજે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર—નિશ્ચય નિર્વાણભક્તિ તો મુજે હૈ હી. પણ મૈં વિકલ્પસે સિદ્ધકો નમન સુબહ, દોપહર, શામકો વારંવાર કરતા હૂં. ઐસા ભાવ મુજે આતા હૈ. આહાહા! અશુભસે બચનેકો ધર્મીજીવકો ભી આયે બિના રહતા નહીં. ધર્મી સમજતે હૈં કિ પુણ્યબંધકા કારણ હૈ. સમજમેં આયા? ૨૨૪ થયોને. ૨૨૫.

**त्रैलोक्याग्रनिकेतनान् गुणगुरुन् ज्ञेयाब्धिपारंगतान्**
**मुक्तिश्रीवनितामुखाम्बुजरवीन् स्वाधीनसौख्यार्णवान् ।**
**सिद्धान् सिद्धगुणाष्टकान् भवहरान् नष्टाष्टकर्मोत्करान्**
**नित्यान् तान् शरणं व्रजामि सततं पापाटवीपावकान् ॥२२५॥**

ન્ ન્ છેને બધે. ન્ કરવો છેને. સ્વાધીન સુખના દરિયા છે.

આહાહા! પદ્મપ્રભમલધારીદેવ મુનિ થે. નૌસોં વર્ષ પહલે ભગવાન કુંદકુંદાચાર્યકે (શાસ્ત્રકી) ટીકા કિયા ઉન્હોંને. કુંદકુંદાચાર્યકો તો દો હજાર વર્ષ હુએ, સંવત ૪૯. કુંદકુંદાચાર્ય ભગવાનકે પાસ ગયે થે. આઠ દિન રહકર, યહાં આકર યે શાસ્ત્ર બનાયા હૈ. ઉસકી ટીકા, પદ્મપ્રભમલધારિદેવ મુનિ થે ઉન્હોંને બનાયી હૈ. કૈસે હૈં સિદ્ધ ભગવાન?

**શ્લોકાર્થ : જો તીન લોકકે અગ્રભાગમેં નિવાસ કરતે હૈં...** અધો, (ઉર્ધ્વ) ને મધ્ય. તીન લોકકે ઉપરકે (ભાગમેં) સિદ્ધ ભગવાન બિરાજતે હૈં. લોકાગ્ર-(તીન લોકકે) અગ્રભાગમેં નિવાસ કરતે હૈં. **જો ગુણમેં** ભારી હૈં. ગુણમેં ભારી હૈં-**બડે હૈં...** ઉનસે કોઈ ગુણમેં બડે હૈં નહીં. કેવલજ્ઞાની તીર્થંકર અભી અરિહંત હૈં વહાં તક ચાર કર્મ બાકી હૈ. સિદ્ધકો તો આઠોં કર્મકા અભાવ હૈ. ચાર કર્મકા અભાવ હોકર અનંત જ્ઞાનાદિ હુએ હોં વે અરિહંત. આઠોં કર્મકા નાશ હોકર પદ હુઆ વહ સિદ્ધ. મહાવીર ભગવાન આદિ અભી સિદ્ધ(પદ)મેં હૈં, સીમંધર ભગવાન અભી અરિહંત (પદ)મેં હૈં. સમજમેં આયા?

રૂષભ (આદિ) ચૌબીસ તીર્થંકર સિદ્ધ હો ગયે 'ણમો સિદ્ધાણં'. જબ યહાં થે, સમવસરણમેં થે તબ તક ણમો અરિહંતાણંમેં થે. અબ 'ણમો સિદ્ધાણં'મેં ગયે. સીમંધર (આદિ) વીસ તીર્થંકર ભગવાન બિરાજતે હૈં, મહાવિદેહમેં સાક્ષાત્ કેવલજ્ઞાની મૌજૂદ હૈં. સૌ

ઇન્દ્રો પૂજનેકો આતે હૈં. મનુષ્યક્ષેત્રમેં મહાવિદેહમેં ભગવાન બિરાજતે હૈં. વહ અરિહંતપદ હૈ. ચાર કર્મકા નાશ હૈ ઔર ચાર કર્મ અભી બાકી હૈ. સમજમેં આયા?

**તીન લોકકે અગ્રભાગમેં નિવાસ કરતે હૈં...** યે ક્ષેત્ર બતાયા. ઔર અબ ગુણ. જો ગુણમેં ભારી હૈં. અનંત.. અનંત.. અનંત. જિતને ગુણ હૈં દ્રવ્યમેં (ઉન) સબકી પર્યાય પૂર્ણ પ્રગટ હો ગઈ. ગુણમેં ભારી કહા ઉસકા અર્થ, પર્યાયમેં હોં. ગુણ તો સબકે સરિખે હૈં. અપની પર્યાય, અનંત ગુણકી પર્યાય પૂર્ણ પ્રગટ હુઈ. ઐસે સિદ્ધ ભગવાનકે ગુણ લિયે. **જો જ્ઞેયરૂપી મહાસાગરકે પારકો પ્રાપ્ત હુએ હૈં...** સિદ્ધ ભગવાન... જિતના જાનનેલાયક જ્ઞેય તીન કાલ, તીન લોક હૈ (ઐસા) મહાસાગર.. ઓહોહો! અનાદિ-અનંત દ્રવ્ય, ઉસકી પર્યાય, અનંત ગુણ ત્રિકાલ ઐસે જ્ઞેયકે મહાસાગરકે પારકો પ્રાપ્ત હુએ હૈં. સબ જ્ઞેયકો જાનતે હૈં. કોઈ બાકી હૈ નહીં. તીન કાલ, તીન લોકકી જો ચીજ હૈ (ઉન) સબકો જાનતે હૈં. કહાં કૈસે ઉત્પન્ન પર્યાય હોગી, કહાં હો ગઈ—સબકો ભગવાન જાનતે હૈં.

**જો મુક્તિલક્ષ્મીરૂપી સ્ત્રીકે મુખકમલકે સૂર્ય હૈં...** કૈસે હૈં સિદ્ધ ભગવાન? મુક્તિ લક્ષ્મી રૂપી સ્ત્રી પરિણતિ ઐસા મુખકમલકે સૂર્ય... સમય-સમયકી પર્યાય સદા પ્રગટ પ્રકાશમાન હોતી હૈ. સિદ્ધ ભગવાનકો સદા નયી-નયી પર્યાય હોતી હૈ. પર્યાય વહ કી વહ નહીં રહતી. પર્યાયકા તો એક સમયકા કાલ હૈ. કેવલજ્ઞાન પર્યાય હૈ તો એક સમય રહતા હૈ કેવલજ્ઞાન. દૂસરે સમયમેં કેવલજ્ઞાનકી દૂસરી પર્યાય. પર્યાય હૈ. આહાહા! પર્યાય કોને કહેવી ને ગુણ કોને કહેવા? આંધળે આધળા ચાલે ને ધર્મ થઈ જાય. ધૂળમાંય ધર્મ નથી. સમજમેં આયા? કેવલજ્ઞાની, સિદ્ધ ભગવાનકો જિતને ગુણકી પર્યાય પ્રગટ હુઈ વહ સમય-સમયમેં નયી-નયી પ્રગટ હોતી હૈ એમ કહતે હૈં. સમજમેં આયા? નયી પર્યાય હૈ ન. ગુણ નહીં. ગુણ તો ત્રિકાલી હૈં. કેવલજ્ઞાન, કેવલદર્શન વહ ભી પર્યાય હૈ, અવસ્થા હૈ, અંશ હૈ. નયી-નયી પર્યાય ઉત્પન્ન હોતી હૈ સિદ્ધકો. મુક્તિલક્ષ્મીરૂપી સ્ત્રી ઉસકે મુખકમલકે સૂર્ય હૈં.

**જો સ્વાધીન સુખકે સાગર હૈં...** આહાહા! સિદ્ધ ભગવાન તો સ્વાધીન સુખકે સાગર હૈં. યે દુનિયાને (સુખ) માના સ્ત્રીમેં, પૈસામેં, ધૂલમેં, આબરૂમેં, વહ મહા દુઃખ હૈ. દુઃખનો એ સાગર છે. પોપટભાઈ! તમારે છ છોકરા છે. ભાઈ! ચાર જણા ઉપાડે, એક જણો મોઢા આગળ ને એક જણો પાછળ. આહાહા! અમારે હીરાભાઈ કહેતા. હીરાભાઈને સાત છોકરા છે. આ હીરાભાઈ નહીં આપણે ભગત? એને સાત છે. પહેલા..... ઠીક છે. ચાર જણા ઉપાડે ને એક મોઢા આગળ દોણી લઈને ચાલે, પાછળ અગ્નિ લઈને ચાલે. નુકશાન છે. ધૂળમાંય સુખ નથી. તારા પૈસાના ઢગલા એ તો જડ છે. જડમેં સુખ હૈ? સ્ત્રીનું શરીર માંસ છે, હાડકા, ચામડા છે. ઉસમેં સુખ હૈ? સમજમેં આયા?

દાળ, ભાત, રોટલી, મોસંબી એ તો જડ છે, માટી છે, ધૂળ છે. ઉસમેં સુખ હૈ? હલવા–શીરા. હલવા કહતે હૈં ન હલવા? ઉસમેં સુખ હૈ કિ નહીં? ધૂલમેં સુખ હૈ? વહ તો ધૂલ હૈ. હલવા તો ધૂલ હૈ. ઘી, લોટ ને સક્કર તીનોં ધૂલ હૈ, અજીવ હૈ. ધૂલમેં, અજીવમેં ક્યા ફેર હૈ? વહ તો પુદ્‌ગલ હૈ. 'રજકણ કે રિદ્ધિ વૈમાનિકદેવની, સર્વે માન્યા પુદ્‌ગલ એક સ્વભાવ જો..' ભગવાન આત્મામેં આનંદ હૈ ઐસે નહીં માનકર પરમેં આનંદ માનનેવાલા મૂઢ મિથ્યાદૃષ્ટિ હૈ. ઉસકો જૈન કહતે નહીં. સમજમેં આયા? આ તો બાપુ! જૈનદર્શન સમજવું કઠણ છે. વીતરાગમાર્ગ અલૌકિક પંથ. દુનિયામાં ક્યાંય જોડ નથી. ઐસી ચીજકો સમજના, કરના વહ મહા પુરૂષાર્થ હૈ. સમજમેં આયા?

કહતે હૈં, **સ્વાધીન સુખકે સાગર હૈં...** ઉસકા અર્થ, વહ પરાધીન સુખ હૈ કલ્પનાકા. આ બંગલા–હજીરા મોટા, દસ લાખ, વીસ લાખના હજીરા હોય છેને? ચાલીસ લાખનો બંગલો છે નહીં ત્યાં? ગોવામાં. આપણા વાણિયા છેને ત્યાં એક શાંતિલાલ ખુશાલ. ચાલીસ લાખનો બંગલો. ઉસમેં ક્યા હૈ? ધૂલ? ઘણા ઢગલા પડ્યા છે.

શ્રોતા : એરકન્ડીશન હોય તો એવી મજા પડે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : ધૂળમાંય મજા પડે નહીં. આહાહા! અપની ચીજમેં જો આનંદ હૈ વહ આનંદ કહીં દૂસરી કોઈ ચીજમેં હૈ નહીં. દૂસરેમેં આનંદ માનના વહ મિથ્યાદૃષ્ટિ, મૂઢ, અજ્ઞાની હૈ. ઉસકો, જૈન પરમેશ્વરકી ક્યા આજ્ઞા હૈ ખબર નહીં. આહાહા! સમજમેં આયા?

કહતે હૈં, **સ્વાધીન સુખકે સાગર હૈં**.... સિદ્ધ ભગવાનકો તો પૂર્ણ આનંદ પ્રગટ હુઆ હૈ. આહાહા! **જિન્હોંને અષ્ટ ગુણોંકોં સિદ્ધ (-પ્રાપ્ત) કિયા હૈ...** લ્યો. અષ્ટગુણ એટલે સમકિત આદિ પર્યાય. આતા હૈ ન સિદ્ધકે આઠ ગુણ. ગુણ શબ્દસે પર્યાય. મોક્ષશાસ્ત્રમેં આતા હૈ. **અષ્ટ ગુણોંકો પ્રાપ્ત કિયા હૈ... જો ભવકા નાશ કરનેવાલે હૈં...** જિસમેં ભવ હૈ નહીં. આહાહા! પૂર્ણ આનંદ પ્રગટ હુઆ સિદ્ધદશા, ભવ ક્યા? ફિરસે (જન્મ) હોતા હૈ? એમ કહતે હૈં. ભઈ! ભક્તોંકો ભીડ પડે, રાક્ષસકા જોર હો તો ભગવાનકો અવતાર કરના પડે.—ઐસા હૈ નહીં. ભગવાન કહાં અવતરે? વે તો પૂર્ણ દશા (પ્રાપ્ત કરકે) પરમાત્મા હો ગયે. **ભવકા નાશ કરનેવાલે હૈં તથા જિન્હોંને આઠ કર્મોંકે સમૂહકોં નષ્ટ કિયા હૈ...** આઠ કર્મના સમૂહનો નાશ કર્યો છે.

**ઉન પાપાટવીપાવક (-પાપરૂપી અટવીકો જલાનેમેં અગ્નિ સમાન) નિત્ય (અવિનાશી) સિદ્ધભગવન્તોંકી મૈં** ઐસે નિત્ય ભગવંતકી મૈં **નિરન્તર શરણ ગ્રહણ કરતા હૂં.** વારંવાર–નિરંતર મુજે શરણ હૈં. મંગલિકમેં આતા હૈ ન. 'અરિહંતા સરણં.. અરિહંતા સરણં, સિદ્ધા સરણં, સાહૂ સરણં..' આતા હૈ ન. મંગલિકમેં આતા હૈ. 'ચત્તારિ મંગલં, અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં.., અરિહંતા સરણં, સિદ્ધા સરણં, સાહૂ સરણં, કેવળી પણ્ણત્તો ધમ્મો સરણં.' એ ધર્મ આ. અંદરમેં વીતરાગીદશા પ્રગટ હો વહ ધર્મ હૈ. વહ 'કેવળી પણ્ણત્તો ધમ્મો' હૈ. આહાહા! સમજમેં

આયા? સિદ્ધ ભગવંતોકી મૈં નિરંતર શરણ લેતા હૂં. વ્યવહાર ભક્તિ હૈ. ભક્તિ આતી હૈ ન મુનિકો ભી. આખિરકા શ્લોક ૨૨૬.

**ये मर्त्यदैवनिकुरम्बपरोक्षभक्ति-**
**योग्याः सदा शिवमयाः प्रवराः प्रसिद्धाः।**
**सिद्धाः सुसिद्धिरमणीरमणीयवक्त्र-**
**पंकेरुहोरुमकरंदमधुव्रताः स्युः॥२२६॥**

સિદ્ધ ભગવાન કૈસે હૈં? **શ્લોકાર્થ : જો મનુષ્યોંકે તથા દેવોંકે સમૂહકી પરોક્ષ ભક્તિકે યોગ્ય હૈં...** અરિહંત તો સમવસરણમેં બિરાજતે હૈં તો પ્રત્યક્ષ ભક્તિ હોતી હૈ. સિદ્ધોંકી પ્રત્યક્ષ ભક્તિ હૈ નહીં, (ઉનકી) પરોક્ષ ભક્તિ કરતે હૈં. સિદ્ધકો લક્ષમેં લેકર વિકલ્પસે પરોક્ષ ભક્તિ હૈ. **જો સદા શિવમય હૈં...** સિદ્ધ ભગવાન તો સદા કલ્યાણમૂર્તિ હૈં. શિવમય એટલે કલ્યાણસ્વરૂપ. **જો શ્રેષ્ઠ હૈં...** સારે જગતમેં તત્ત્વમેં વે શ્રેષ્ઠ તત્ત્વ હૈં. **તથા જો પ્રસિદ્ધ હૈં...** આ શેઠ.. આ શેઠ કહેવાય, બાકી બધા રાંકા કહેવાય ભિખારા. કરોડપતિ ને અબજપતિ, રાજા હૈં ન સબ, વે ભિખારી હૈં. મુજે ચાહિયે, મુજે યે ચાહિયે, યે ચાહિયે. ભિખારી–રાંક હૈં. ભગવાન આત્માકી જિસકો ભાવના હૈ વે બાદશાહ હૈં. સમજમેં આયા?

જો શ્રેષ્ઠ હૈં, **જો પ્રસિદ્ધ હૈ....** સિદ્ધ ભગવાન તો પ્રસિદ્ધ હૈં, કહતે હૈં. આહાહા! સ્તુતિમેં આતા હૈ ન. સિદ્ધપ્રસિદ્ધં. 'શુદ્ધ વિશુદ્ધં પ્રસિદ્ધં..' પ્રસિદ્ધ હૈં સર્વજ્ઞ. અનાદિસે સિદ્ધ ભગવાન હુએ વે જગતમેં પ્રસિદ્ધ હૈં. આહાહા! સમજમેં આયા? **વે સિદ્ધભગવન્ત સુસિદ્ધિરૂપી રમણીકે રમણીય મુખકમલકે મહા મકરન્દકે ભ્રમર હૈં...** અર્થાત્ આનંદકી પર્યાયકા સ્વાદ લેતે હૈં. **(અર્થાત્ અનુપમ મુક્તિસુખકા નિરન્તર અનુભવ કરતે હૈં).** યે સિદ્ધ ભગવાનકી વ્યવહાર ભક્તિ કહી. અપની ભક્તિ અંદરમેં આનંદમેં એકાકાર હોકર નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વહ નિશ્ચયભક્તિ. ઉસકો ઐસા વિકલ્પ આતા હૈ વહ વ્યવહારભક્તિ. (હવે) ૧૩૬ (ગાથા).

**मोक्खपहे अप्पाणं ठविऊण..** જુઓ! આવ્યું, મોક્ષની પર્યાયમેં આત્માકો સ્થાપકર... અભેદ હૈ.

**मोक्खपहे अप्पाणं ठविऊण य कुणदि णिव्वुदी भत्ती।**
**तेण दु जीवो पावइ असहायगुणं णियप्पाणं॥१३६॥**
**રે! જોડ નિજકો મુક્તિપથમેં ભક્તિ નિર્વૃત્તિકી કરે,**
**અતએવ વહ અસહાય-ગુણ-સમ્પન્ન નિજ આત્મા વરે. ૧૩૬.**

**ટીકા : યહ, નિજ પરમાત્માકી ભક્તિકે સ્વરૂપકા કથન હૈ.** વહ સિદ્ધભગવાનકી ભક્તિકા સ્વરૂપકા કથન વ્યવહારસે થા. અબ નિજ પરમાત્મા અપના સ્વરૂપ. નિજ પરમાત્મા

અપના ત્રિકાલી જ્ઞાન, આનંદ સ્વભાવ ઐસા અપના પરમાત્મા, ઉસકી ભક્તિકે સ્વરૂપકા કથન હૈ. નિજ પરમાત્મા કહાં આયા? તું પરમાત્મા હી હૈ અંદર, એમ કહતે હૈં. તેરા સ્વભાવ પરમાત્મા હી હૈ. પરમાત્મા ન હો તો પર્યાયમેં પરમાત્મ(પના) કહાંસે આયેગા? સમજમેં આયા? ખબર નહીં કિ મૈં પરમાત્મા હૂં. મૈં પામર હૂં, મૈં રાગવાલા હૂં, મૈં સ્ત્રી હૂં, મૈં પુરુષ હૂં ઐસા માનતા હૈ તો) મૂઢ હૈ. સમજમેં આયા? નિજ પરમાત્મા, અંદરમેં પૂર્ણ જ્ઞાન, આનંદાદિ ગુણસંપન્ન પ્રભુ કારણપરમાત્મા આત્મા અપના નિજ જીવ ત્રિકાલી—ઐસે આત્માકી ભક્તિ, અંદર એકાગ્ર હોના વહ અપની ભક્તિ હૈ. સિદ્ધભગવાન(કી ભક્તિ) વહ પરકી ભક્તિ રાગ હૈ. સમજમેં આયા?

**નિજ પરમાત્માકી**... વળી પરમાત્મા બીજો-જુદો હશે અંદર? આત્મા પોતે જ પરમાત્મા છે. 'અપ્પા સો પરમપ્પા'. ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ અપના, રાગસે તો ભિન્ન હૈ, પણ એક સમયકી પર્યાયસે ભી ભિન્ન હૈ. દૂર.. દૂર.. દૂર. બહુ દૂર હશે ક્ષેત્રથી? ક્ષેત્રસે દૂર હોગા? ક્ષેત્ર તો વહીંકા વહીં હૈ. દૂર કહાં હૈ? અપની એક સમયકી પર્યાયકા ક્ષેત્ર વહી ધ્રુવકા ક્ષેત્ર હૈ. સમજમેં આયા? આહાહા! ક્ષાયિક પર્યાયનું ક્ષેત્ર-અંશ ધ્રુવની અપેક્ષાએ જુદું. છે તો અસંખ્ય પ્રદેશ માહ્યલો એ અંશ. આહાહા! ભારે ઝીણું.

શ્રોતા : .... એનું જુદાપણું ઉડી જાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી : એ જુદાપણું ઉડતું નથી. એ જુદાપણું નિશ્ચયથી તો યથાર્થ છે. ક્ષેત્રની અપેક્ષા એને છે નહીં. પરસે જુદા કરનેકો (એક ક્ષેત્ર કહા). વહ તો પર્યાય હૈ. પર્યાયમેં હી કાર્ય હોતા હૈ ન. સિદ્ધ વહ પર્યાય હૈ, અનુભવ પર્યાય હૈ. પર્યાય કાર્ય હૈ, દ્રવ્ય તો ત્રિકાલી .... હૈ. સમજમેં આયા?

ધ્યાન કરતી હૈ.... કૌન કરતા હૈ? પર્યાય કરતી હૈ કિ ધ્રુવ કરતા હૈ? પણ કરતી હૈ કૌન? અનિત્ય હૈ વહ નિત્યકા ધ્યાન કરતી હૈ. ચિદ્વિલાસમેં હૈ. હૈ ન? એ તો સાધારણ ભાષા..... વસ્તુ તો ત્રિકાલ હૈ, પણ પર્યાય.... યહાં તો 'પર્યાયમેં આત્માકો સ્થાપના' ઐસા લિયા હૈ. પર્યાયમેં આત્માકો સ્થાપના. **मोक्खपहे अप्पाणं ठविऊण**.. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જો વીતરાગી પર્યાય હૈ ઉસમેં આત્માકો સ્થાપના. ઉસકા અર્થ ..... હુઆ. અપની પર્યાય અંદરમેં જાતી હૈ તો પર્યાયને ઉસકા આશ્રય લિયા તો આત્મા પર્યાયમેં આયા. જો રાગમેં થા વહ નિર્મલ પર્યાયમેં આયા. ઐસી બાત હૈ. ભારે વાતું ભાઈ!

**નિરંજન નિજ પરમાત્માકા આનન્દામૃત પાન કરનેમેં અભિમુખ જીવ ભેદકલ્પનાનિરપેક્ષ નિરુપચાર-રત્નત્રયાત્મક...** ઓહોહો! લાંબી વાત આવી. **નિરુપરાગ મોક્ષમાર્ગમેં અપને આત્માકો સમ્યક્ પ્રકારસે સ્થાપિત કરકે**... દેખો! નિરંજન નિજ પરમાત્મા અપના સ્વરૂપ આનંદામૃત, ઉસકા આનંદકા અમૃત પાન કરનેમેં અભિમુખ... અતીન્દ્રિય આનંદકો પીનેમેં અભિમુખ ઐસા ધર્મી. આહાહા! ક્યા કહતે હૈં? સમજમેં આયા? સમ્યગ્દષ્ટિ

જીવ અપના જ્ઞાનાનંદમૃત પાન કરનેમેં અભિમુખ હૈ. આહાહા! અપના નિર્વિકલ્પ આનંદ જો આત્મામેં હૈ ઉસે પીનેમેં તત્પર હૈ વહ સમકિતી હૈ. બહુ ઝીણું. 'નિરંજન નિજ પરમાત્માકા આનંદામૃત' વહ તો ત્રિકાલી વસ્તુ હુઈ. ઐસા આનંદામૃત પાન કરનેમેં અભિમુખ (અર્થાત્) અતીન્દ્રિય આનંદકા સ્વાદ લેનેમેં જો સન્મુખ હૈ. આહાહા! ઉસકા નામ ધર્મી કહનેમેં આતા હૈ. સમજમેં આયા?

ઐસા **જીવ ભેદકલ્પનાનિરપેક્ષ**.... ભેદ હૈ કિ યે ગુણ હૈ, ગુણી હૈ, પર્યાય હૈ, દ્રવ્ય હૈ, ઐસા ભી ભેદ નહીં. નિરપેક્ષ–ભેદરહિત, નિરુપચાર–ઉપચારરહિત, રત્નત્રયાત્મક નિશ્ચય રત્નત્રયસ્વરૂપ... ઉપચરિત રત્નત્રય વ્યવહાર હૈ. નિરુપચાર રત્નત્રયસ્વરૂપ... **નિરુપરાગ**–રાગ બિના **મોક્ષમાર્ગમેં અપને આત્માકો...** ઐસે મોક્ષમાર્ગ(રૂપ) નિર્મલ પર્યાયમેં અપને આત્માકો સ્થાપતા હૈ વહ નિશ્ચયભક્તિ કરનેવાલા હૈ. લાંબું વાક્ય છે. સમજમેં આયા? અપને પરમાત્માકી ભક્તિ કરતા હૈ. આહાહા! આનંદામૃત પાન કરનેવાલા, નિજાનંદ અમૃતકા અનુભવ કરનેવાલા જીવ નિજ પરમાત્માકી ભક્તિ કરતા હૈ. આહાહા! કહો, સમજમેં આયા? સિદ્ધભગવાનકી ભક્તિકા રાગ વહ આનંદ નહીં, ઐસે બતાના હૈ. રાગ હૈ, આકુલતા હૈ. આતા હૈ, પણ આકુલતા હૈ. આનંદકા પાન કરે વહ નિશ્ચય–સચ્ચી ભક્તિ હૈ ઔર ઉસે સમ્યગ્દૃષ્ટિકી સચ્ચી ભક્તિ કહનેમેં આતી હૈ.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## કારતક વદ-૧૧, શુક્રવાર, તા. ૧-૧૨-૧૯૭૨
## ગાથા-૧૩૬-૧૩૭, શ્લોક-૨૨૭, પ્રવચન નં. ૧૬૨

આ નિયમસાર, પરમ ભક્તિ અધિકાર. સાચી ભક્તિ કોને કહેવી કે જે ભક્તિ મુક્તિનું કારણ છે? ૧૩૬ (ગાથા) ફરીને.

**ટીકા : આ, નિજ પરમાત્માની ભક્તિના સ્વરૂપનું કથન છે.** નિજ આત્મા અંદર જે છે, અનંત જ્ઞાન-દર્શન સંપન્ન એવો જે આત્મા–નિજપરમાત્મા એ પરમ સ્વરૂપ છે, પોતાનું અનાદિ નિજ પરમસ્વરૂપ એવો જે નિજ પરમાત્મા, એની ભક્તિના સ્વરૂપનું કથન છે. ...... એ પણ પહેલા આવ્યું. ... જરૂર પડે રામજીભાઈ બોલાવે એને. .......... આહાહા! અરેરે! આવો અંદર ભગવાન **નિરંજન નિજ પરમાત્મા...** પોતાનો અંતર સ્વભાવ, દ્રવ્ય એટલે વસ્તુ એનો સ્વભાવ... એ નિજપરમાત્મા નિરંજન છે. એને વસ્તુને અંજન–મેલ નથી. એ તો એની પર્યાયમાં, કર્મના નિમિત્તના સંબંધે મેલ છે એ તો અવસ્થામાં છે, અંશમાં છે, ત્રિકાળીમાં નથી. આહાહા!

નિરંજન નિજ આત્મા પરમાત્માનું અંદર સ્વરૂપ છે પોતાનું–નિજ, એનું **આનન્દામૃત પીવામાં....** આહાહા! વાત જ કોઈ (અલૌકિક)! ભગવાન આત્મા અંદર આનંદનું અમૃતસ્વરૂપ છે આત્મા. એનો સ્વભાવ આનંદ–અતીન્દ્રિય આનંદ અમૃતસ્વરૂપ છે. સમજાય છે કાંઈ? એ બાહ્યના ધૂળમાં ક્યાંય સુખ નથી. અનાદિનો મૂઢ અજ્ઞાની પૈસામાં, આબરૂમાં, કીર્તિમાં, શરીરમાં, સ્ત્રીમાં, હજીરા.. હજીરા એટલે આ બંગલા મોટા દસ-દસ લાખના, વીસ લાખના— એમાં મજા (માને) છે. મૂઢ મિથ્યાભ્રમમાં ...માં સુખ માને છે. એ અધર્મદૃષ્ટિ છે. આહાહા! પોતાના સ્વરૂપમાં આનંદ છે એને મૂકીને ક્યાંય બીજે આનંદ ને સુખ છે એ મહા અધર્મદૃષ્ટિ છે. આહાહા! સમજાય છે કાંઈ? ત્રિલોકનાથ તીર્થંકરદેવ વીતરાગ પરમેશ્વરે જે આત્માને જોયો અને કહ્યો એ આત્મા તો આનંદસ્વરૂપ છે. સમજાણું કાંઈ?

મૃગની ડૂંટીમાં કસ્તૂરી (છે પણ) મૃગલાને ભાન નથી. જેની નાભિમાં કસ્તૂરી એ હરણિયા–મૃગલાને ભાન નથી. એમ જેના અંતરમાં અતીન્દ્રિય આનંદ છે એવો જે આત્મા એનું ભાન નહીં, એ બધા મૃગલા જેવા, હરણિયા જેવા, ઢોર જેવા છે એમ કહે છે. સમજાણું કાંઈ? પછી ભલે અબજોપતિ હો, ધૂળપતિ હોય, કરોડપતિ હોય. આહાહા! કહો, પંડિતજી! આવું હશે વીતરાગનું સ્વરૂપ? આહાહા! નિરંજન નિજ પરમાત્મા, એનું અંતરનું કાયમી અસલી સ્વરૂપ, શક્તિનું સત્ત્વ એવો જે ભગવાન આત્મા પોતે, એનું આનંદામૃત... આહાહા! છેલ્લામાં છેલ્લી વાત, માખણની વાત છે. આનંદ-અમૃત એવું જે સ્વરૂપ એને પીવામાં જે અભિમુખ છે, એને અનુભવ કરવામાં એ સન્મુખ–દ્રવ્યની સન્મુખ છે એ દશાને ધર્મ કહીએ. ભારે ધર્મ. સમજાણું

કાંઈ? વીતરાગ તીર્થંકરદેવ પરમેશ્વર ત્રિલોકનાથના માર્ગમાં તો આ ધર્મ કહેવાય છે. સમજાણું કાંઈ?

એ આનંદામૃત પીવામાં **અભિમુખ જીવ...** અંતરના આનંદને અનુભવવામાં, નિર્વિકલ્પ-રસને ચૂસવામાં... આહાહા! આવો ધર્મ કેવો હશે? ભક્તિ કરવી, જાત્રા કરવી, પૂજા કરવી, આ વ્રત કરવા એ ધર્મ. ધૂળેય ધર્મ નથી, એ તો પુણ્યનો ભાવ છે. રાગની મંદતા હોય તો શુભ પુણ્યભાવ છે, ધર્મ નહીં. આહાહા! ધર્મ તો વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ એને કહે છે કે ધર્મી એવો જે જીવ એનો પોતાનો જે ધર્મ આનંદ અમૃતસ્વરૂપ, એને જે એકાગ્ર થઈને પીવે એનું નામ ધર્મ છે. આહાહા! ધન્ય રે ધન્ય! એ પોપટભાઈ! વીતરાગનો માર્ગ આ છે. અજ્ઞાનીઓએ બીજો કહ્યો હોય એ માર્ગ નહીં. આહાહા! સમજાણું કાંઈ? પરમાત્મા દ્રવ્ય–વસ્તુ, એનું કાયમનું સ્વરૂપ આનંદામૃત એ ગુણ, એનું પીવું એ પર્યાય. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા વસ્તુ તરીકે અનાદિ-અનંત છે, એવો જેનો આનંદ અમૃતસ્વભાવ ધર્મ–ગુણ પણ અનાદિ-અનંત છે. એની સન્મુખ થઈને અને નિમિત્ત, રાગ ને એક સમયની પર્યાયથી વિમુખ થઈને, આહાહા! એ જ્ઞાનામૃત પ્રભુ આત્મા એને પીવો, નિર્વિકલ્પરસને પીવો. આહાહા!

શું હશે આ તે? આ મોસંબી પીવી, કઢી પીવી, મોસંબી પીવી કહેવાય. આ તો આત્માનો રસ પીવો. લ્યો, આ શું હશે? સમજાણું કાંઈ? એ કઢી ને મોસંબી કોઈ પીતું જ નથી. કદી પીધી નથી કોઈ દિ'. ફક્ત એના ઉપર લક્ષ કરીને રાગને પીવે છે એ. સમજાય છે કાંઈ? જેમ એના ઉપર લક્ષ કરીને રાગને પીવે, એમ આત્મા ઉપર લક્ષ કરીને આનંદને પીવે. આહાહા! બાપુ! મોક્ષરૂપ ધર્મ અપૂર્વ ચીજ છે. એવી કોઈ ચીજ નથી કે આ સામાયિક કરી નાખીએ, પ્રૌષધ કરીએ, ભગવાનની પૂજા કરીએ ને ધર્મ થઈ ગયો. એવું કરતા નથી આવડ્યું અનંત કાળમાં? અનંત વાર કર્યું એ તો. પણ ભગવાન આત્માના સ્વરૂપની સન્મુખતા કદી એક સેકંડ પણ કરી નહીં. આહાહા! એની સામું જોયું નહીં કે આ કોણ છે, આ આત્મા શું છે આ વસ્તુ. સમજાય છે કાંઈ?

કહે છે કે એ આત્મા પોતાનો પરમાત્મા હોં અહીંયા. ભગવાન પરમાત્મા તો પર રહ્યા. એ કાંઈ આત્માને શાંતિ ન આપે. ત્યાં ક્યાં આત્માની શાંતિ પડી હતી? શાંતિ તો અહીં અંદરમાં છે. આહાહા! ભગવાન આત્મા અમૃત.. અમૃત રૂપ જ છે એનું. એની સન્મુખ, એના પીવામાં અભિમુખ... જે અંતરના નિર્વિકલ્પ આનંદના રસના પીવામાં સન્મુખ છે એવો જીવ. સમજાણું કાંઈ? **ભેદકલ્પના નિરપેક્ષ...** જેમાં ભેદેય નહીં કે હું દર્શન છું, જ્ઞાન છું, આનંદ છું. એવો જ્યાં ભેદ (એટલે) અનેકપણું નથી. **નિરુપચાર રત્નત્રયાત્મક...** ઉપચાર વિનાનું રત્નત્રય—સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર. અંતર્મુખસ્વરૂપ ભગવાન આત્મા એની અંતર્મુખ થઈને પ્રતીતિ એ સમ્યગ્દર્શન, અંતર્મુખ થઈને થતું જ્ઞાનનું વેદન એ જ્ઞાન અને અંતર્મુખમાં આનંદનું વેદન

એ ચારિત્ર. એવો નિરુપચાર... ભગવાનની શ્રદ્ધા, દેવ-ગુરુની શ્રદ્ધા એ બધો રાગ ઉપચારિક રાગ છે. ઉપચાર આરોપેલ ધર્મ છે, વાસ્તવિક નહીં. આહાહા!

મૃગની ડૂંટીમાં કસ્તૂરીની કિંમત મહા અમૂલ્ય છે, પણ એ મૃગલાને ભાન નથી. એમ ભગવાન આત્મામાં અંતર અમૃત આનંદ ભર્યો છે, પણ પશુ જેવા–ઢોર જેવા જીવોને એની ખબર નથી. આ બધા કરોડોપતિ, અબજોપતિ પૈસાવાળા ઢોર જેવા હશે? આ તો મોટા પૂંછડાં વળગાડ્યા હોય કરોડપતિના, અબજપતિના. દસ-દસ લાખ, વીસ-વીસ લાખની પેદાશ હોય વર્ષની. ભૂતડા છે બધા. આહા! સાંભળને! એ જડ ચીજ ક્યાં તારી હતી? એ તો માટી– ધૂળ છે જગતની. સમજાય છે કાંઈ? જે એની નથી એને મારી માની અને જે એની છે એને મારી માની નહીં. આહાહા! સમજાય છે કાંઈ? એ ચીજ તો જડ છે, ધૂળ છે. આ શરીર માટી–ધૂળ છે, એમ લક્ષ્મી ધૂળ થઈને રહી છે. આ શરીર અજીવ થઈને રહ્યું છે, લક્ષ્મી અજીવ થઈને રહી છે. જીવ થઈને રહી છે? એ જીવની છે? એટલે પરને પોતાનું માનતાં સ્વની માન્યતા ભ્રષ્ટ થઈ ગઈ છે. સમજાણું કાંઈ?

'પર મારા' એ અનાદિકાળની માન્યતાથી મૂઢને સ્વની શ્રદ્ધા ભ્રષ્ટ થઈ ગઈ છે. આહાહા! ભારે વાત! આ પૈસાવાળો હોય, પચ્ચીસ-પચાસ લાખ ખરચી નાખે, પચ્ચીસ-પચાસ હજાર. એટલું બધું તો ખરચે નહીં, પણ પચ્ચીસ-પચાસ હજાર ખરચે. પચ્ચીસ લાખ ખરચી નાખે કરોડપતિ? પણ પચ્ચીસ-પચાસ (લાખ) ખરચે તો ધર્મ ક્યાં હતો? સાંભળને! આહાહા! લક્ષ્મી તો જડ માટી છે. એનો સ્વામી થઈને વાપરે તો મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. જડનો સ્વામી છે એ? એ તો જડ ચીજ છે જગતની. એનું સ્વામીપણું કરવા ગયો ત્યાં સ્વનું સ્વામીપણું છૂટી ગયું. આહાહા!

ભગવાન આત્મા અમૃતનો સાગર છે અંદર. 'આનંદ, અમૃત' એમ બે શબ્દ છેને. આહાહા! અરે! એની એને ખબરું ન મળે. માણસ થઈને પણ જેને સાંભળવા મળે નહીં. સમજાય છે કાંઈ? એ શાંતિભાઈ! શું છે આ બધા? આહાહા! ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરદેવ ફરમાવે છે એ સંતો કહે છે. ભાઈ! તારું સ્વરૂપ તો આનંદ અમૃતસ્વરૂપ છે. આહાહા! આનંદ અમૃત... એને પીવામાં સન્મુખ થઈને... જે અનાદિથી એનાથી વિમુખ છે અને પુણ્ય-પાપનો રાગ અને એના ફળમાં સન્મુખ છે એ મિથ્યાદૃષ્ટિ છે. જે ભગવાન આત્મા આનંદ અમૃતસ્વરૂપમાં સન્મુખ છે–અભિમુખ છે, અભિ–આમ સન્મુખ છે. આહાહા!

એ **ભેદકલ્પનાનિરપેક્ષ...** જેમાં ભેદ, 'હું આનંદ ને જ્ઞાન છું' એવો ભેદનો વિકલ્પ ને ભેદ પણ જેમાં નથી. એવો **નિરુપચાર-રત્નત્રયાત્મક** મોક્ષમાર્ગ એની ભક્તિ, એમ. આહાહા! ભારે. સમજાય છે કાંઈ? રત્નત્રયરૂપ... અંતર સ્વરૂપ મહા આનંદામૃત એનો સ્વાદ લઈને, આનંદ-અમૃતનો અનુભવ કરીને એમાં જે પ્રતીત થવી એ સમ્યગ્દર્શન છે. એ આનંદામૃતનું

જ્ઞાન થવું એનું નામ સમ્યગ્જ્ઞાન, એ આનંદામૃતમાં લીનતા થવી એનું નામ ચારિત્ર. વાતું જાણે... એક જણો કહેતો હતો કે ઊંચી બહુ વાતું આઘી તમારી. પણ આ હજી પહેલા નંબરની– એકડાની છે. ઊંચી તો આઘી રહી ગઈ. આહાહા! સમજાણું કાંઈ?

ઠોઠ નિશાળિયા જેવા છોકરા હોય, નગરશેઠના છોકરા હોય, પછી ઉપરથી ..... ચડાવા કરીને ચડાવ્યા હોય. આહાહા! તલકચંદભાઈ કહેતા તમારા. નગરશેઠના દીકરા પાસ ન થાય એટલે ચડાવા કરે ચડાવા. ચોથીમાંથી પાંચમી, પાંચમીમાંથી છઠ્ઠી. પરીક્ષા લેવા આવ્યો હોય એ કહે, એલા! આને બીજી ચોપડીની ખબર નથી ને છઠ્ઠીમાં કોણે ચડાવ્યો આને? કોણે......? ...... કહો, સમજાણું? એમ અહીં ભાન ન મળે કાંઈ અને ધર્મના મોટા ધર્મી છે આ. પૂંછડાં લગાડી દીધા એને. શું કીધું? એમ દુનિયામાં ચાલે છે. ત્યાં પરીક્ષક સાચો આવ્યો હોય ને પરીક્ષા કરવા ગયો હોય. એલા! કોણે આ બેસાડ્યો છે છઠ્ઠામાં? કોણ છે.....?

સાહેબ! એણે પૈસા ખરચ્યા છે દસ લાખ. દસ લાખ્યા ખરચ્યા એ ક્યાં બાપના છે? એ પૈસો તો જડ છે. ધર્મી કોણે કીધો એને? એને દેરાસર બનાવ્યું છે મોટું દસ લાખનું. એ કોણે બનાવ્યું? એ તો જડની પર્યાય છે. દેરાસરમાં..... ખબર છે? એણે કદાચિત્ મંદરાગ કર્યો હોય મંદ તો શુભપુણ્ય છે. ધર્મ ક્યાં આવ્યો ત્યાં? બંધ આવ્યો મહા પાપનો. પુણ્યથી ધર્મ થાય એ માન્યતા એ જ મિથ્યાત્વનું પાપ છે. એ શાંતિભાઈ! આવી વાતું છે આકરી બાપા! આહાહા! વીતરાગમાર્ગ સર્વજ્ઞ ત્રિલોકનાથ તીર્થંકર કોને કહે? આલીદુઆલી માને એવો માર્ગ છે એ? આહાહા!

કહે છે કે નિરુપચાર રત્નત્રયસ્વરૂપ... આહાહા! નિરુપરાગ મોક્ષમાર્ગ... ઉપરાગ– મલિનતા. મલિનતા રહિત એવું અંતરમાં આનંદના અમૃતની પ્રતીતિ, જ્ઞાન ને રમણતા એવી જે નિશ્ચયરત્નત્રય પરિણતિ–પર્યાય એવો મોક્ષમાર્ગ. એને મોક્ષમાર્ગ કહીએ. આહાહા! સાંભળ્યું ન હોય બીજું. એમ ને એમ અવતાર... આને મોક્ષમાર્ગ કહીએ. આનંદામૃત ભગવાનમાં લીનતાથી જે શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ પ્રગટે એને મોક્ષમાર્ગ કહીએ. એ મોક્ષમાર્ગમાં પોતાના આત્માને... ભાષા દેખો! મોક્ષમાર્ગ છે પર્યાય, આનંદામૃતનું પીવું એ છે પર્યાય. પર્યાય શું હશે? આહાહા! ઓલો પંડિત આવ્યો હતો એ કહે, પર્યાય કોને....? ઓલો પંડિત નહોતો આવ્યો? સુદેશ.. સુદેશ શાસ્ત્રી. હવે પંડિત. એ કહે, પર્યાય.....? .......... સુદેશ શાસ્ત્રી. હવે એ પંડિત. પર્યાય? પણ આ પર્યાય એટલે તારી અવસ્થા. અહીંયા મોક્ષમાર્ગની પર્યાય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

અંદર અવસ્થા—શુદ્ધ ચૈતન્ય ભગવાન તરફની જે શુદ્ધ પરિણતિ વીતરાગીદશા, એ ત્રણેયમાં–સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સમાઈ જાય છે. એવી જે પર્યાય એમાં પોતાના આત્માને સ્થાપે છે. આહાહા! એનો અર્થ કે જેણે દૃષ્ટિમાં ભગવાનને લીધો એણે દૃષ્ટિમાં આત્માને

સ્થાપ્યો, એમ કીધું. સમજાણું કાંઈ? આહાહા! આવો માર્ગ કેવો છે? પડિકમણા કરવા આવતા, આવું હતું ત્યાં? આહાહા! અમેય કરતા ત્યાં પાલેજમાં. ત્યાં ૧૭-૧૭, ૧૮-૧૮ વર્ષની ઉંમરે બધું કરતાં પડિકમણા કરતા, સામાયિક કરતા, ચોવિહાર કરતા. ચોવિહાર તો ઠેઠથી છે અમારે, ૬૪ વર્ષથી દુકાનથી ચોવિહાર છે. ૬૪ વર્ષ થયા રાતે પાણી-આહારનો ત્યાગ. ૬૪ વર્ષ. એ વખતે દુકાને ધંધો ચાલે પણ..... ભાન ન મળે કાંઈ. આને, ધર્મ કરીએ એમ માનતા. સાંજે પડિકમણું કરીએ, ગવરાવીએ એકાદ-બે ગાયન. કંઠ સારો હતોને તે દિ' તો. લોકો સાંભળે..... ધૂળમાંય (ધર્મ) નથી, સાંભળને!

ભગવાન આત્મા અંદર પરમાનંદની મૂર્તિ પ્રભુ એ સુખનો સાગર છે ભગવાન. અરે! ક્યાં જોવું? જ્યાં સુખસાગર ભગવાન છે. સુખસાગર, લ્યો એ આવ્યો હતોને સાધુ સુખસાગર. એય ચેતનજી! પોતાનું તો બધાય કરે છે, પરનું કરે એ..... પોતાનું તો કૂતરા પણ કરે છે. ગજબ વાતું કરે છે. પરનું કરે છે. ધૂળેય ન કરે, સાંભળને! આ શરીરના રજકણ છે એ.... આ તો માટી છે. કહે છે કે જે કોઈ પ્રાણી જીવ... જીવ આવ્યુંને, અભિમુખ જીવ. **નિરુપરાગ મોક્ષમાર્ગમાં...** રાગ વિનાનો આત્માનો વીતરાગી સ્વભાવ, જે આત્મા પોતાની વીતરાગી પર્યાયમાં સ્થાપે છે આત્માને, પોતાની પર્યાયમાં આત્માને સ્થાપે છે.

શ્રોતા : પર્યાયે આશ્રય લીધો.

પૂજ્ય ગુરુદેવશ્રી : આશ્રય લીધો એ 'સ્થાપે છે' કીધુંને.

**સમ્યક્ પ્રકારે સ્થાપીને નિવૃત્તિના—મુક્તિરૂપી સ્ત્રીના—ચરણકમલની પરમ ભક્તિ કરે છે...** આહાહા! કહે છે કે ભગવાન આનંદ અમૃતસ્વરૂપ પ્રભુ એની સન્મુખ થઈને જે અતીન્દ્રિય આનંદનું વેદન કરે છે, એ વેદન તે નિશ્ચય રત્નત્રય પરિણતિ છે, એ મોક્ષનો માર્ગ છે. એ મોક્ષમાર્ગમાં પોતાના આત્માને સ્થાપીને, એનો અર્થ એ થયો કે રાગથી ભિન્ન પડીને જ્યાં સ્વરૂપની દૃષ્ટિ કરી ત્યારે આત્મા દૃષ્ટિમાં સ્થાપ્યો એમ કહેવામાં આવે છે. દૃષ્ટિ ત્યાં સ્થાપી કહો કે દૃષ્ટિમાં આત્મા સ્થાપ્યો કહો. આહાહા! સમજમેં આયા? સમજાય છે કાંઈ? પાંચ દિ'થી હિંદી ચાલતું હતુંને. આજ તો ગુજરાતી આવ્યું. કાલે હિન્દી આવે છેને ઓલા લોકો.

એવો ભગવાન આત્માનો અંતરનો મોક્ષનો માર્ગ એમાં આત્માને સ્થાપીને, માર્ગમાં સ્થાપીને, પર્યાયમાં આત્માને સ્થાપીને... ચેતનજી! ગાથા એ છેને. પહેલેથી એ જ કીધું છે. પહેલી ગાથામાં **सम्मतणाण... अप्पाणं...** એ ગાથામાં આત્માને સ્થાપ્યો છે. **जीवो चरितदंसण-णाणठिदो..** સમયસારની બીજી ગાથા. જેણે ભગવાન આત્માને, અંતર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે આનંદના સ્વાદવાળી દશા છે, એમાં જે આત્માને સ્થાપે છે તે સ્વસમય એટલે આત્મા છે. અને જે કોઈ રાગ ને દ્વેષમાં આત્માને સ્થાપે છે એ પરસમય, અણાત્મા, જડ છે. આહાહા! વીતરાગના વચનો ઊંચો કરી નાખે એમ છે. સુજાનમલજી! આહાહા!

'મનુષ્યા સ્વરૂપે મૃગા ચરન્તિ' આવે છેને, એ લોકોમાં આવે છે બહારમાં. 'મનુષ્યા સ્વરૂપે મૃગા ચરન્તિ.' મનુષ્યના રૂપે મૃગલા-હરણીયા છે (અર્થાત્) ઢોર જેવા છે કહે છે. આહાહા! વીતરાગમાર્ગની ઓળખાણ વિના, સર્વજ્ઞ પરમેશ્વર પરમાત્મા અરિહંતદેવ એમણે જે કહ્યો માર્ગ એના ભાન વિના બધા પશુ જેવા છે એમ કહે છે. (સર્વથા) એકાંત માને 'પશુ' કહે છેને (સમયસારમાં અનેકાંતના) ચૌદ બોલમાં, નહીં? પશુ એ પશુ. આહાહા! પશુનો અર્થ 'પશ્યતિ બધ્યતિ ઇતિ પશુ.' જે પોતાના મિથ્યાત્વભાવથી નવા કર્મને બાંધે એ પશુ કહેવામાં આવે છે. આહાહા! સમજાણું કાંઈ?

**પોતાના આત્માને સમ્યક્ પ્રકારે સ્થાપીને નિવૃત્તિના—મુક્તિરૂપી સ્ત્રીના—ચરણકમળની પરમ ભક્તિ કરે છે...** જુઓ! કહે છે કે મુક્તિ પામવામાં કારણ છેને મોક્ષમાર્ગ, એ મુક્તિરૂપી ચરણકમળની પરમ ભક્તિ કરે છે. પોતાના મોક્ષમાર્ગની ભક્તિ કરે છે એ મુક્તિની જ ભક્તિ કરે છે એમ કહે છે. સમજાણું કાંઈ? ભારે વાત વ્યાખ્યા ભાઈ! જે કોઈ આત્મા, વીતરાગ પરમેશ્વર તીર્થંકરે કહ્યો એવો અંતર આત્મા જે અમૃતથી ભરેલો પ્રભુ છે, એની જે સેવા કરે છે, એ સેવા પર્યાયની સેવા કરે છે (એમ) કહે છે અહીં તો. આહાહા! અને એ પર્યાયની પરમ ભક્તિ એ મુક્તિના ચરણકમળની ભક્તિ છે. સમજાણું કાંઈ? આહાહા!

તે મુક્તિના ચરણકમળની પરમ ભક્તિ કરે છે. આહાહા! પોતાના વીતરાગભાવની ભક્તિ કરે છે. (પર્યાયમાં) આત્માને સ્થાપે એ મુક્તિના ચરણકમળની જ ભક્તિ કરે છે. કારણ કે એથી આગળ જઈને મુક્તિ પામવાનો છે. આહાહા! ચોરાશીના અવતાર ધોકા ખાતો રખડે છે માળો ચારેકોર. સમજાણું કાંઈ? રાજા હો કે રંક હો, શેઠિયા હો કે દેવ હો, બધા દુઃખી છે બિચારા. મિથ્યાભ્રાંતિ ને રાગમાં રંગાઈ ગયેલા છે. રાગે રંગાયેલા બધા દુઃખીયા પ્રાણી છે. એવા સંસારમાંથી જેણે નીકળવું હોય એણે ભગવાન આત્માનું શરણ લેવું (એટલે કે) પોતાનું હોં. 'કેવળી પણ્ણત્તો ધમ્મો શરણં' આવે છેને? બોલ્યે જાય, હાંકે જાય ગડિયા, અર્થનું ભાન ન મળે. મંગળિક બોલે, 'ચત્તારિ મંગલં, અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં..' જાઓ. શું કહેવાય પણ આ? ગડિયા. પોપટભાઈ! પડિકમણામાં આવે કે નહીં?

**તે કારણથી તે ભવ્ય જીવ,** આહાહા! **ભક્તિગુણ દ્વારા નિજ આત્માને...** આહાહા! એ વીતરાગીદશા વડે, નિર્વિકલ્પ આનંદની પરિણતિ દ્વારા **નિજ આત્માને કે જે નિરાવરણ સહજ જ્ઞાનગુણવાળો હોવાથી...** એવા આત્માને પામે છે એમ કહેવું છે. આવા આત્માને પામે છે, પણ કેવો આત્મા? એ પછી વર્ણન કરે છે. આહાહા! પર્યાયમાં પૂર્ણતાને પ્રાપ્ત કરે છે એમ કહેવું છે મૂળ તો. સમજાણું કાંઈ? જુઓને! ટીકા તો અમૃતથી ભરી છે. ખબરેય ન મળે શું ભગવાન કહે છે એ. એવો જે જીવ-ભવ્યજીવ પોતાની શાંતિ ને આનંદની પરિણતિ દ્વારા નિજ આત્માને પામે છે. કેવો છે આત્મા પોતાનો? **કે જે નિરાવરણ** છે. વસ્તુમાં આવરણ કેવું? અને **સહજ**

**જ્ઞાનગુણવાળો હોવાથી...** સ્વભાવિક જ્ઞાન, આનંદાદિ ગુણ ભર્યા છે એમાં તો. એવો **અસહાયગુણાત્મક છે...** જેના ગુણને, દ્રવ્યને બીજાની સહાય નથી. એવા ગુણસ્વરૂપ **તેને–પ્રાપ્ત કરે છે.** એટલે એવા આત્માને પર્યાયમાં પ્રાપ્ત કરે છે. આહાહા! ભારે ટીકા ભાઈ! સમજાણું કાંઈ?

**નિરાવરણ સહજ જ્ઞાનગુણવાળો હોવાથી...** એકલું જ્ઞાન જ લીધું. **અસહાયગુણાત્મક...** પછી કીધું, અસહાય ગુણસ્વરૂપ છે. જેના આનંદાદિ ગુણોને કોઈની સહાય નથી અર્થાત્ જેને અભિમુખ થઈને પરિણતિ–વીતરાગીદશા(રૂપ) મોક્ષમાર્ગ થયો એને પણ કોઈની સહાય નથી. આહાહા! ભારે! કોઈક કહે, આ તો એલ.એલ.બીની વાતું છે. અરે! એકડાની વાત છે, હજી સમ્યગ્દર્શન કોને કહેવું એની વાત છે આ તો. સમજાય છે કાંઈ? એ નિશ્ચય સમ્યગ્દર્શન–સ્વસ્વરૂપના અનુભવમાં પ્રતીતિ થવી અને સ્વરૂપનો અનુભવનું જ્ઞાન અને એમાં રમણતા એનું નામ મોક્ષમાર્ગ કહેવામાં આવે છે. એ મોક્ષમાર્ગમાં જેણે જીવને સ્થાપ્યો એ ગુણસ્વરૂપ એવો ભગવાન અસહાયાત્મક એવી આત્માની પૂર્ણ પર્યાયને પ્રાપ્ત કરે છે. કહો, સમજાણું કાંઈ? હવે કળશ કહ્યો કળશ. ૨૨૭ કળશ.

**[હવે આ ૧૩૬મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]**

**आत्मा ह्यात्मानमात्मन्यविचलितमहाशुद्धरत्नत्रयेऽस्मिन्**
**नित्ये निर्मुक्तिहेतौ निरुपमसहजज्ञानदृक्शीलरूपे ।**
**संस्थाप्यानंदभास्वन्निरतिशयगृहं चिच्चमत्कारभक्त्या**
**प्राप्नोत्युच्चैरयं यं विगलितविपदं सिद्धिसीमन्तिनीशः ॥२२७॥**

એ તો શ્લોક કહેવાણો, હવે એનો અર્થ.

**શ્લોકાર્થ : આ અવિચલિત-મહાશુદ્ધ-રત્નત્રયવાળા...** જેણે ન ચળે એવી આત્માની દૃષ્ટિ, જ્ઞાન ને રમણતા પ્રગટ કરી છે. સમજાય છે કાંઈ? આ અવિચલિત–વિચલિત નહીં એવા મહાશુદ્ધ-રત્નત્રયવાળા... મૂળ તો મોક્ષનો માર્ગ કહેવો છે ત્યાં. **મુક્તિના હેતુભૂત...** મોક્ષ સિદ્ધપદનું કારણ **નિરુપમ-સહજ-જ્ઞાનદર્શનચારિત્રરૂપ...** જેને ઉપમા નથી એવો સ્વભાવિક ભગવાન આત્મા... એનું અહીં જ્ઞાન પહેલું લીધું છે. આત્માનું સ્વસંવેદન પ્રત્યક્ષ જ્ઞાન, આહાહા! એની અંદર અનુભવમાં પ્રતીતિ અને ચારિત્ર... ઓલો 'શીલ' શબ્દ વાપર્યો છેને શીલ. **શીલરૂપે... ज्ञानदृक्शीलरूपे...** શીલ એટલે ચારિત્ર અંદરનું. શુદ્ધસ્વરૂપ આનંદામૃત એમાં લીનતા, આનંદામૃતસ્વરૂપ ભગવાનમાં રમણતા એ એનું શીલ છે, એ એનું ચારિત્ર છે. આહાહા! ચારિત્રની વ્યાખ્યા પણ જુદી.

**નિત્ય આત્મામાં આત્માને...** આવા ચારિત્રરૂપ એટલે કે એવો જે મોક્ષનો માર્ગ, એમ. નિત્ય આત્મામાં આત્માને **ખરેખર સમ્યક્ પ્રકારે સ્થાપીને...** નિત્ય આત્મામાં આત્માને...

આત્માને આત્મામાં... ખરેખર એવા શુદ્ધ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એમાં જે આત્માને સ્થાપે છે. **આ આત્મા ચૈતન્યચમત્કારની ભક્તિ વડે...** ચૈતન્યચમત્કારની ભક્તિ વડે... સમજાણું કાંઈ? ચૈતન્યચમત્કાર જેમાંથી દર્શન-જ્ઞાન-ચારિત્ર નીકળે એ ભક્તિ વડે, **નિરતિશય ઘરને...** કે જેનાથી કોઈ ચડિયાતું નથી એવું નિરુપમ ઘર, પોતાનું ઘર અંદર. આહાહા!

આ ધૂળના ઘર એના ક્યાં હતા? બોખલા.. બોખલા કરીને મરી જાય ને ક્યાંય ચાલ્યો જાય. દસ-દસ લાખના બંગલા પડ્યા હોય તોય એ... ઘોદા મારે ઓલો ડોક્ટર આવીને. રહેવા દો, બહુ રહેવા દો હવે, હવે જુઓ, એમ કહે વાણિયા. .... હવે જુઓ એટલે શું? મરવાની તૈયારી. હવે જુઓ! ઘોદા મારશું. તારા રૂપિયા-બુપિયા લેને, આમાં નાખને. રૂપિયા કે દિ' તારા હતા? એ તો જડ છે. જે તારું સ્વરૂપ છે એને તો તેં જાણ્યું નથી અને જે તારા નહોતા એને માનીને મરવું છે તારે. એટલે એનો ... છોડવો નથી, એટલે ભવભ્રમણમાં જાવું છે તારે રખડવા. આહાહા! કહો, ભીખાભાઈ! આવું હશે આ બધું? આહાહા!

કહે છે કે **મુક્તિના હેતુભૂત નિરુપમ સહજ જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ...** આહાહા! મુનિને પણ ભાષા કરતાં કરતાં અંદરથી (ઉલ્લાસ ઉછળે છે). પહેલું તો કીધું, મહાશુદ્ધ રત્નત્રયવાળું. વળી પાછું એવું કોણ? કે જ્ઞાન-દર્શન-ચારિત્ર. એવા નિત્ય આત્મામાં, હંમેશા આત્માને આત્મામાં આમ સ્થાપે છે નિરંતર. આહાહા! વીતરાગી પરિણતિરૂપી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં હંમેશા–નિરંતર આત્માને એમાં સ્થાપે છે. આહાહા! સમજાણું કાંઈ? આવું વ્યાખ્યાન કેવું આ? આ જૈનધર્મનું આવું હશે સ્વરૂપ? ઓલામાં તો કંદમૂળ ન ખાવા, દેરાસર બનાવવું, કલ્યાણક મનાવવા, મોટા વરઘોડા કાઢવા.

ભાઈ! એ તો પરની ક્રિયા છે, કોણ કરે? એ તો થવાની હોય ત્યારે થાય, સાંભળને! એમાં કદાચિત્ જોડે એનો શુભભાવ હોય નિમિત્ત. એ કાંઈ ધર્મ નથી. એ વરઘોડા પણ ધર્મ નથી અને એમાં શુભભાવ થાય એ પણ ધર્મ નથી. એ તો અશુભથી બચવા એવો ભાવ હોય છે. એ બચવા કોને કહીએ? સમકિતીને માટે. એય! ઓલો તો (માને કે) રાગ જ હું છું, ત્યાં વળી એનાથી બચવું ક્યાં આવ્યું? એને તો (એમ છે કે) એ જ છું. પછી એનાથી બચવું ક્યા આવ્યું? આહાહા!

આત્મા ચૈતન્યચમત્કારની ભક્તિ વડે... આ ચમત્કાર છે. જગત કાંઈ ચમત્કાર ભાળે ત્યાં છોકરો કરી દો, ... આપે, ઢીકણું કરી દો, પૈસા આપે, શું કહેવાય ઓલા? ... મુંબઈના. મૂઢ જેવા બધા ભટકીને મરી જાય માળા. ધૂળેય નથી ત્યાં, સાંભળને હવે! ઓલા ચુડાવાળા નથી? એ બતાવે છે, છેને .... આપણે આવતાને. મુંબઈમાં છે. સોનાની કટકી. તમે કેમ... અમારા નસીબ વિના..... જો આવું કરશો તો આમ મળશે, આવું કરશો તો આમ. ..... મુંબઈના નથી ઓલો ચુડાવાળો? તારવાળો નહીં, આ તો બીજા છે. ....... એ બતાવે છે. એ જગજીવનભાઈ,

બોટાદ.. બોટાદના. સાચી વાત. એના બાપને જોયા છેને. ...... અપાસરો હતોને, અંદર જતાં....... એ માળો કહેતો કે અમે તો કોઈકને બતાવીએ સોનાની કટકી. જુઓ! આ.... પણ તું લેને. કહે, એ અમારા નસીબમાં ન હોય. આવા ડિંગ મારે, બિચારા ભ્રમણામાં જઈ... આહાહા!

અહીંયા તો કહે છે કે ચૈતન્યચમત્કાર... આહાહા! એની શ્રદ્ધા થતાં ચૈતન્ય મહા ભગવાન છે એમ ભાસે. એનું જ્ઞાન થતાં લોકાલોકને એક સમયમાં જાણે એવો આત્મા છે, એવો ચૈતન્યચમત્કાર છે. સમજાણું કાંઈ? આહાહા! **ચૈતન્યચમત્કારની ભક્તિ વડે નિરતિશય ઘરને**... આહાહા! પોતાનું નિજઘર જે ભગવાન આત્મા આનંદસ્વરૂપ એના ઘરને પામે છે કહે છે. આ બધા રાગ ને પુણ્ય-પાપ ને શરીર ને બાયડી-છોકરા ને ધૂળ એ બધા પરઘર છે. આહાહા!

**નિરતિશય ઘરને—જેમાંથી વિપદાઓ દૂર થઈ છે**... આહાહા! ભગવાન આત્મા અમૃતનો સાગર જ્યાં દૃષ્ટિ ને અનુભવમાં લીધો, કહે છે, એ તો આપદાથી દૂર થઈ ગયો છે. વિપદાથી દૂર થયો અને સંપદાને પામ્યો. સમજાણું કાંઈ? એ પોતાના આનંદની, જ્ઞાનની સંપદાને પામ્યો, આપદાથી દૂર થયો. આહાહા! કહો, સમજાણું કાંઈ? આ પૈસા ને બાયડી છોકરાની સંપદા, બંગલા–હજીરા મોટા એ તો ધૂળની સ્મશાનની સંપદા છે. સમજાણું કાંઈ? તારી સંપદા તો અંદર આનંદસ્વરૂપ છે. આહા! **જેમાંથી વિપદાઓ (દૂર થઈ છે અને) જે આનંદથી શોભિતું છે**... આહાહા! ભગવાનનું ઘર તો અંદરથી આનંદથી શોભીતું છે. આનંદ મૂક્યો છે અંદર. સમજાણું કાંઈ? ઘરને–બંગલાને આ કરે છેને, શું કહેવાય? ...., ફલાણું... એને રંગરોગાન કરી શોભિતું કરે. આ આત્મા અમૃતનું ઘર અમૃતથી શોભિતું છે. આહાહા! આવો આત્મા સાંભળ્યો નથી. ક્યાં ગયો હશે માળો?

**આનંદથી ભવ્ય છે...** આનંદને લાયક છે, દુઃખને–આપદાને લાયક નથી. (દુઃખ) રહ્યું જ નહીં એવું નિજઘર આત્મા, એને ધર્માત્મા ચૈતન્યચમત્કારની ભક્તિ વડે પ્રાપ્ત કરે છે. આહાહા! એકેક કળશે બધું ઉડાવી દીધું. વ્યવહારના મીંડા વાળી નાખ્યા. અરે! એની દરકાર ન કરી એણે. અરે! હું ક્યાં જઈશ? અહીંથી જઈશ. અનંતકાળ રહેવાનો છે. આત્મા (અનંત કાળ) રહેવાનો છે, અનાદિ-અનંત છે. હવે અહીંથી જઈને રહેશે ક્યાં? કાંઈ ખબર છે? રાગ ને પુણ્યફળ પોતાના માન્યા એ રહેશે ત્યાં મૂઢપણામાં (અનંત) ભવિષ્યમાં. સમજાણું કાંઈ?

જેણે આત્માને વર્તમાનમાં રાગ ને પરથી ભિન્ન કરી, પોતાની સ્વરૂપની સંપદાને પ્રાપ્ત કરી, એ રહેશે એમાં હવે. સમજાય છે કાંઈ? આત્મામાં રહેશે આનંદમાં હવે. આહાહા! સાધકકાળ હોય ત્યાં સુધી થોડો આનંદ હોય, પૂર્ણ આનંદ કરીને પછી એમાં રહેશે એમ કહે છે. કહો, પોપટભાઈ! આમાં તમારા બધા પૈસા-બૈસાની કાંઈ કિંમત ગણતરી નહીં. તો શું અત્યાર સુધી મહેનત કરી કરીને (કર્યું)? તમારા બાપને આવું નહોતું. ભાઈ ગયો કે છે? ....... કહો,

સમજાણું કાંઈ? આહાહા! નિજઘરમાં અમૃતનો સાગર પડ્યો છે. અમૃતના સાગરના વેદન કરતાં કરતાં અમૃતના પૂર્ણઘરને પામીશ એમ કહે છે. એનું નામ ભક્તિ. વીતરાગની ભક્તિ એ તો શુભભાવ છે, પુણ્ય છે. ચાહે તો સમ્મેદશિખરની ભક્તિ કરે કે ચાહે તો શેત્રુંજયની કરે કે ભગવાનના મંદિરની કરે. શુભભાવ પુણ્ય છે, ધર્મ નહીં. સમજાય છે કાંઈ? ભારે વાત.

અશુભથી બચવા માટે ધર્મીને શુભ હોય છે, (પણ) એ ધર્મસ્વરૂપ નહીં. આહાહા! ધર્મ તો ભગવાન આત્માના અમૃતના સ્વાદમાં વેદનમાં વીતરાગદશા પ્રગટ થાય તે ધર્મ. હજી તો કોને ધર્મ કહેવો એ ખબર વિના ધર્મ થાય શી રીતે? સમજાણું કાંઈ? **તેને–અત્યંત પ્રાપ્ત કરે છે અર્થાત્ સિદ્ધિરૂપી સ્ત્રીનો સ્વામી થાય છે.** લ્યો. મુક્તદશાને પ્રાપ્ત કરે છે. ભગવાન મુક્ત સ્વરૂપ એવો પ્રભુ એના ઘરને સંભાળીને જ્યાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રગટ કર્યું, એ પૂર્ણ મુક્તિને પામે છે. સમજાણું કાંઈ? ૧૩૬ ગાથા થઈ.

**रायादीपरिहारे अप्पाणं जो दु जुंजदे साहू ।**
**सो जोगभत्तिजुत्तो इदरस्स य किह हवे जोगो ॥१३७॥**
**રાગાદિના પરિહારમાં જે સાધુ જોડે આત્મને,**
**છે યોગભક્તિ તેહને; કઈ રીત સંભવ અન્યને? ૧૩૭.**

બધા બોલો છે અહીંયા. ઓલા સમાધિમાં સામાયિક લીધી હતી, આ ભક્તિમાં યોગ લીધો હવે. આ યોગી યોગ કરેને, એ યોગ કોને કહેવો? યોગ તો, આત્મા અમૃતસ્વરૂપ આનંદમાં એકાકાર થવું એનું નામ યોગ છે. બાકી બધા ફોક છે. સમજાણું કાંઈ?

**ટીકા : આ, નિશ્ચયયોગભક્તિના સ્વરૂપનું કથન છે.** યોગભક્તિ હોં, એ પર્યાય થઈ. નિશ્ચયયોગ... આત્માનું સ્વરૂપ આનંદમૂર્તિમાં યોગ (અર્થાત્) જોડાવું. જે અનાદિનું જોડાણ પુણ્ય ને પાપમાં, રાગમાં છે એ એનું અધર્મમાં જોડાણ છે. એને ભગવાન આનંદસ્વરૂપમાં જોડવો એ જોગને અહીંયા ધર્મ કહે છે. આહાહા! ભારે વાત. એની શ્રદ્ધામાં તો લે વાત. એ શ્રદ્ધા ને જ્ઞાનમાં વાત લેતા એનું વીર્ય હવે સ્વસન્મુખ થવાનું જ કામ કરે છે. સમજાણું કાંઈ? ચાહે જેટલા ભાવ, ભવ બંધાવ, પણ અંદર એનું વીર્ય તો અંતર્મુખ થવાનું જ કામ કરે છે. સમજાય છે કાંઈ? આહાહા! બસ, અત્યારે તો વાતું છે.

આમાં તો બધા ...... લીધા છે, ભક્તિ, સામાયિક ને યોગ. આહાહા! ભાઈ! તારી તને ખબર નથી. તું કોણ છો? ક્યાં છો? કેવો છો? ક્યારનો છો? એમ ને એમ હાંકે રાખે દુનિયાની વાતું, આમ છે, તેમ છે, ફલાણું છે, ઢીકણું છે. ડાહ્યાના દીકરા થઈને બેસે. એમાં પાંચ-પચાસ લાખ પૈસા હોય ધૂળ. હું પહોળો ને શેરી સાંકડી. મકાન બનાવવા છે અમારે. આઠ છોકરાઓ છે. લાવો, જોડેવાળા ખાલી કરો. હું પહોળો થઈ ગયો હવે. એક મકાનમાં સમાઉં એવો નથી. મકાન બીજા કરવા પડે, લાવો જમીન. નજીકની જમીન અમારે કામ આવેને. દૂરની શું કામ

આવે? હું પહોળો થઈ ગયો છો હવે. મરી ગયો, સાંભળને હવે! ..... ધૂળ ક્યાં તારી હતી? આહાહા!

આનંદનો નાથ અમૃતનો સાગર પરમાત્મા પોતે છે. આહાહા! એમાં એકાગ્ર થવું એને યોગ કહ્યો. કાયોત્સર્ગ આવી ગયો છે હોં. કાયોત્સર્ગ આવ્યું, સામાયિક આવ્યું. બધા નામ (આવ્યા). સમાધિ આવ્યું, ઘણા બધા ....... કેટલા નામ...? ઘણા નામ લીધા છે. લખ્યા છે. બીજામાં લખ્યા છે, આમાં નથી. ......... દયા, સમ—સમતા, બધા નામ આવે છેને. બધા ઘણા નામ છે. ક્યાંક લખ્યા હતા ખરા. સંયમ, નિયમ, અધ્યાત્મ, તપ, ધર્મધ્યાન, શુક્લધ્યાન, કુળમંદિર, સામાયિકવ્રત, પરમભક્તિ, સ્ત્રી.. સ્ત્રીની ઉપમા આપી છેને. યોગભક્તિ, જુઓ! આ યોગભક્તિ આવી. ૨૭૪ છે? લખ્યું છે એમાં. યોગભક્તિ, યોગ, શુદ્ધનિશ્ચય-આવશ્યક, સામાયિકગુણ, સંપૂર્ણ થાય છે, પ્રતિક્રમણાદિ ક્રિયા, શુદ્ધનિશ્ચય ક્રિયા, પરમાર્થ ક્રિયાકાંડ, ભાગવત શાસ્ત્ર, સત્સિદ્ધ. સત્સેવા, લ્યો એવા બધા નામ છે. એવા બધા નામ આમાં ભર્યા છે.

ક્રિયાકાંડ, શમ, દમ, યમ, મૈત્રી, દયા, દમ, ચાર આરાધના, નિશ્ચય સમિતિ, નિશ્ચય ગુપ્તિ, એ જ્ઞાનશરીર, ભાઈ! કીધું હતુંને, જીવને શરીર કીધું, જ્ઞાનરૂપી શરીર. શરીર, ચારિત્ર, સત્તા, અવબોધ, પરમ ચૈતન્યસુખ, પ્રતિક્રમણ આદિ ક્રિયા, સંયમ, આચાર, જપ. જપ કીધુંને જીવને. ધ્યાન, પરમકળા અનુષ્ઠાન, પ્રત્યાખ્યાન, શુદ્ધ મોક્ષની સિદ્ધિ, મુક્તિસામ્રાજ્ય, જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, નમસ્કારયોગ્ય, મંગળવચન, શરણ, આચાર, આવશ્યક, શાસ્ત્રસ્વાધ્યાય, કુળદેવીચક્ર, રત્નદીપ, સુખનું મંદિર, જ્ઞાનનો મહેલ, આલોચના, હિમરાશી, જ્ઞાનશરીરી, ઉત્તમ ઔષધ, પ્રાયશ્ચિત, પંચમહાવ્રત, સમિતિ, સિદ્ધ, સંયમ, તપ, સ્નાન, આત્મલબ્ધિ, બોધ, જ્ઞાન, ચિત્ત, મહાવ્રતાદિ, નિયમ, કાર્યોત્સર્ગ ને પરમ સમાધિ. એટલા બધા નામ છે. લખ્યા હતા એક ફેરી. કેટલા નામ આવ્યા આના આત્માના? ધર્મની પર્યાયના છે હોં એ બધા. સમજાણું કાંઈ?

આ નિશ્ચય યોગભક્તિ. ઓલા યોગી કહેને કે અમે યોગ સાધીએ છીએ. યોગ કોને કહેવો, તને ખબરેય નથી. આમ જાપ, આમ-આમ કરીને બેસે. આહાહા! એ યોગ નહીં. યોગ તો, સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવે જે આત્મા કહ્યો એ આત્માના સ્વરૂપમાં જોડાણ કરવું એનું નામ યોગ છે. બાકી બધું ફોક છે. સમજાણું કાંઈ? આહાહા! નિયમસારમાં તો આ બધા શબ્દો આપ્યા છેને. એટલા બધા સમસારમાં નથી. (શ્રોતા : વિશેષણો આમાં ઘણા છે). આખું પાનું ભર્યું છે આમાં.

**નિરવશેષપણે અંતર્મુખાકાર...** શું કહે છે હવે? રાગના અંશની કોઈપણ મદદ વિના અંતર્મુખ આકાર જે સમાધિ અંતર્મુખસ્વરૂપ... વસ્તુ અંતર્મુખ છે એની સન્મુખની પર્યાય અંતર્મુખ છે, એમ કહે છે. આહાહા! **નિરવશેષ અંતર્મુખાકાર (-સર્વથા અંતર્મુખ જેનું સ્વરૂપ છે એવી) પરમ સમાધિ વડે...** આ તો મોક્ષમાર્ગની પર્યાયની વ્યાખ્યા ચાલે છે. ધર્મપર્યાય,

મોક્ષમાર્ગની પર્યાય, સમાધિ, સામાયિક બધી એને કહેવામાં આવે છે. એ કેવી છે દશા? કે **અંતર્મુખાકાર પરમ સમાધિ વડે**... આહાહા! એ પર્યાયની વાત છે. વસ્તુ તો ત્રિકાળી ધ્રુવ છે, પણ જેણે અંતર્મુખ કરીને આખી પર્યાય પ્રગટ કરી છે. એવા અંતર્મુખની પર્યાય દ્વારા.. એમ કહે છે. આહાહા!

આ ગ્રંથ જ પર્યાયનો છે. નિયમસાર છેને. નિયમસાર એટલે મોક્ષનો માર્ગ. મોક્ષનો માર્ગ એટલે પર્યાય. ત્રીજી ગાથામાં કહ્યું, **णियमेण य जं कज्जं**.. નિશ્ચયથી કરવાલાયક હોય તો મોક્ષનો માર્ગ, એટલે નિશ્ચયથી કરવાલાયક હોય તો આ વીતરાગી પર્યાય, યથાર્થથી કરવાલાયક હોય તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય. ત્રીજી ગાથામાં છે. **णियमेण य जं कज्जं**.. ભગવાન કુંદાકુંદાચાર્ય પોકારે છે. નિશ્ચયથી.. નિશ્ચયથી.. **णियमेण** કરવાલાયક હોય તો મોક્ષમાર્ગની પર્યાય. આહાહા! સમજાય છે કાંઈ? કેમકે મોક્ષમાર્ગ જ પર્યાય છે, આ સમાધિ પણ પર્યાય છે, યોગ પણ પર્યાય છે, અંતરસ્વરૂપમાં એકાગ્રતા એ પર્યાય–યોગપર્યાય. આહાહા! પર્યાય દ્રવ્યની સાથે જ છે, ધ્રુવની સમીપ જ પર્યાય છે. એક તલના અંશ જેટલું પણ છેટું નથી. ધ્રુવ ને એની મોક્ષમાર્ગની પર્યાય એક અંશે પણ દૂર નથી. એના અસંખ્યપ્રદેશમાં જોડે પર્યાય પડી છે. આહાહા! વિશેષ કહેશે લ્યો.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**કારતક વદ-૧૨, શનિવાર, તા. ૨-૧૨-૧૯૭૨**
**ગાથા-૧૩૭-૧૩૮, શ્લોક-૨૨૮, પ્રવચન નં. ૧૬૩**

(ગાથા) ૧૩૭ છે. ફરીને. **ટીકા : આ, નિશ્ચયયોગભક્તિના સ્વરૂપનું કથન છે.** એટલે કે આત્માનો નિશ્ચય સ્વભાવ પૂર્ણ શુદ્ધ ધ્રુવ એમાં જોડાણ કરવું. વર્તમાન નિર્વિકલ્પ પર્યાય દ્વારા, શુદ્ધ પરિણતિ દ્વારા એમાં જોડાણ કરવું અથવા શુદ્ધ પરિણતિમાં આત્માને સ્થાપવો. કહો, સમજાય છે કાંઈ? **નિરવશેષપણે અંતર્મુખાકાર...** સંબંધની વાત છે અત્યારે. કેવી છે પર્યાય અંદર શાંતિની, સમાધિની? ત્રિકાળી જ્ઞાયકભાવનું લક્ષ કરીને, આશ્રય કરીને જેણે નિર્મળ–નિર્દોષ અતીન્દ્રિય આનંદની પર્યાય પ્રગટ કરી, એ અતીન્દ્રિય આનંદની પર્યાય આત્મામાં જોડે છે, અથવા આત્માને અતીન્દ્રિય આનંદની પર્યાયમાં જોડે છે. બેય અરસપરસ છે. અહીં તો અતીન્દ્રિય પર્યાયમાં આત્માને જોડે છે એમ કહેવું છે. આહાહા!

**નિરવશેષ**... જે અંતર્મુખ સમાધિ એટલે રાગ વિનાની દશા એ નિરવશેષ છે, એમાં કાંઈ રાગ બાકી રહેતો નથી. બધું અંતર્મુખદશા થઈ જાય છે. આહાહા! વર્તમાન નિર્દોષ આનંદ, શ્રદ્ધા, જ્ઞાન આદિની પર્યાય એમાં નિરવશેષ–કાંઈ બાકી રાખ્યા વિના તદ્દન પરિણતિ શુદ્ધ અંતર્મુખાકાર **(-સર્વથા અંતર્મુખ જેનું સ્વરૂપ છે એવી)...** પરમ સમાધિ એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન ને ચારિત્ર. સમ્યગ્દર્શન-જ્ઞાન ને ચારિત્ર જે અહીં નિયમસાર, મોક્ષનો માર્ગ છે. વસ્તુનું સ્વરૂપ પરમાનંદની મૂર્તિ એવી દૃષ્ટિ, એનું જ્ઞાન ને એની રમણતા એ પર્યાય છે. એ પર્યાય અંતર્મુખ છે એમ કહે છે. એ પર્યાયને બહિર્મુખપણું છૂટી ગયું છે, અંતર્મુખ દૃષ્ટિ થઈ છે, અંતર્મુખ જેની દશા વળી છે. ભારે ભાઈ!

શ્રોતા : પર્યાયનું મોઢું આમથી આમ ફરવું એ અંતર્મુખ?

પૂજ્ય ગુરુદેવશ્રી : હા, અંતર્મુખ આમ વળવું એ. બહિર્મુખ છે આ રાગ ને પુણ્ય ને વિકલ્પમાં.

આ તો વસ્તુનું સ્વરૂપ એવું છે. સર્વથા અંતર્મુખ એવી **પરમ સમાધિ...** અંશે પણ પરનો આશ્રય નથી. વ્યવહાર રત્નત્રયનો રાગનો પણ જેમાં બિલકુલ સંબંધ છે નહીં. આહાહા! **પરમ સમાધિ વડે...** એ પરમ સમાધિ કહો કે નિશ્ચય સમ્યગદર્શન, જ્ઞાન ને ચારિત્ર કહો. એ ત્રણેય અંતર્મુખ સમાધિ છે. એ પર્યાયનું મુખ અંતર્મુખ છે. કેમકે વસ્તુ જે ધ્રુવ છે એ અંતર્મુખ છે. તેથી એ પર્યાયને અંતર્મુખ વાળી છે. આ નિયમસાર તો એકલી માખણની કાતળીયું છે. આહાહા! શુદ્ધ પર્યાયની જ વાત છે આ તો નિયમસાર. આહાહા! સમજાય છે કાંઈ? આ કંઈ ઉતાવળે આંબા પાકે એમ નથી. આ તો ધીરજથી કામ લે તો ચાલે એવું છે. આહાહા! પહેલી એની રીત તો સમજણમાં લે, (પછી) એનો પ્રયોગ કેમ કરવો.

કહે છે કે જે પર્યાય વર્તમાન શાંતિ, નિર્વિકલ્પ આનંદ આદિની પર્યાય એને અહીં સમાધિ કહે છે. લોક જે બાવા-બાવા કરે સમાધિ, એ તો બધો ભ્રમ ને અજ્ઞાન છે. આહાહા! અંતર્મુખ ભગવાન પૂર્ણ અંતર્મુખ પડેલી ચીજ છે. એને–પર્યાયને બાહ્યથી પણ વાળી અંતર્મુખ કરીને.. નિરવશેષપણે અંતર્મુખ કરીને... બાકી કંઈ રાખ્યા વિના એકલો પર્યાયને અંતર્મુખ કરીને... એ દિલીપ! અલૌકિક વસ્તુ છે. આહાહા! તારા દાદા આવ્યા નથી. ગયા હશે. કહો, સમજાણું કાંઈ? છે ને? ....... આહાહા!

**સમસ્ત મોહરાગદ્વેષાદિ પરભાવોનો પરિહાર હોતાં...** એટલે? નિર્વિકલ્પ પર્યાયને અંતર્મુખ વાળતાં... એ પર્યાય જ અંતર્મુખ છે. બહિર્મુખમાં (થતાં) મોહ ને રાગ-દ્વેષનો ત્યાં નાશ થાય છે. ભારે માર્ગ ભાઈ! કહો, ભીખાભાઈ! આહાહા! અરે ભગવાન! પરમાનંદની મૂર્તિ પ્રભુ વસ્તુનું સ્વરૂપ, દ્રવ્ય ને ત્રિકાળીભાવ તે જ એનું વસ્તુનું સ્વરૂપ છે. એ પોતે અંતર્મુખ ચીજ છે. એ પર્યાય અંતર્મુખરૂપ વળી છે એમ કહે છે. સર્વથા અંતર્મુખ છે. કંઈક બહિર્મુખ ને કંઈક અંતર્મુખ એમ છે નહીં. આહાહા! સમજાય છે કાંઈ? આ તો માખણની વાતું છે. જૈનદર્શન એટલે વસ્તુદર્શનનો પક્ષ છે એકલો. આહાહા! કરવાનું હોય તો જન્મ-મરણ ટાળવા તે આ છે. બાકી બધું ધૂળ ને ધમાલ છે. માર્ગ, આ વસ્તુનું સ્વરૂપ જ એવું છે.

ભગવાન આત્મા અંતર્મુખ આનંદકંદ પ્રભુ છે, નિત્યાનંદ પ્રભુ છે, એ અંતર છે. એને–વર્તમાન પર્યાયને અંતર્મુખ વાળીને, સર્વથા વાળીને, એમ. કાંઈ અંશ પણ બહારનો આશ્રય એમાં લેવો—એ છે નહીં. આહાહા! માર્ગ ભાઈ તે આકરો. પહેલો તો સમજવો મુશ્કેલ પડે. વળવું એ તો પછી. શું કહે છે આ? ભાઈ! તારો નાથ અંદર બિરાજે છે. આહાહા! એના બારણાં ખડખડાવા હોય તો તારે નિર્મળ પર્યાય દ્વારા અંતરમાં જાવું પડે. સમજાણું કાંઈ? બારણું ખડખડાવે ત્યારે ઓલો કહે, જાગો છો? હા. એમ નિર્મળ પર્યાય દ્વારા આત્માનું બારણું ખોલવું પડશે. આહાહા! ભારે! પાધરી વસ્તુ આ? પાધરી શું, વસ્તુ જ એ છેને. એ પાધરી કહો કે આડી-અવળી ગમે તે કહો, વસ્તુ એ છે. એક સેકંડના અસંખ્ય ભાગમાં ગુણનું–એકલા ગુણનું દળ, એ ચીજને અંતર્મુખ પર્યાય દ્વારા પકડી શકાય છે. કહો, સમજાણું કાંઈ? આહાહા!

એવી **સમાધિ વડે...** બધાને 'પરમ' શબ્દ જ અહીં વાપર્યો છે. **પરમ સમાધિ વડે**, એમ. આહાહા! એટલે કે નિર્દોષ વીતરાગી પર્યાય દ્વારા કે જે પર્યાય ત્રિકાળી ધ્રુવને અવલંબીને અંતર્મુખ થયેલી છે, સર્વથા અંતર્મુખ થયેલી છે. કહો, મગનભાઈ! આવો માર્ગ ભારે ભાઈ! જ્યાં ભગવાન બિરાજે ત્યાં જાવું પડેને. એમ તું સ્વરૂપ ભગવાન બિરાજે છે પૂર્ણ સ્વરૂપ. તારો પરમાત્મા તું પોતે છો. એવું પરમાત્મ સ્વરૂપ પોતાનું એ અંતર્મુખ ચીજ છે. એ પરમ સમાધિ જે નિર્દોષદશા એ પણ અંતર્મુખાકારે થઈને પરિણતિ થાય છે. ભારે વાતું ભાઈ! એ પરમ સમાધિ

દ્વારા **સમસ્ત મોહરાગદ્વેષાદિનો પરિહાર હોતાં**... એ વડે મિથ્યાત્વ ને રાગ-દ્વેષનો નાશ થાય છે, એમ કહે છે. આહાહા! કહો, સમજાણું કાંઈ?

**જે સાધુ...** ઊંચી વાત કરી છે, મુનિથી વાત કરી છે. **આસન્નભવ્ય જીવ...** જેને કેવળજ્ઞાનની દશા હવે નિકટ વર્તે છે. આસન્નભવ્ય છે (એટલે) નજીક જેની યોગ્યતા, મુક્તિની પ્રાપ્તિ માટે નજીક યોગ્યતા છે. કહો, સમજાણું કાંઈ? બીજાને તો એવું લાગે કે આ કોની વાત કરે છે. કેવળીની વાત હશે? ઊંચા દરજ્જાની વાત છે બાપુ! પહેલો માર્ગ જ આ છે ભાઈ! જ્યાં ભગવાન છે ત્યાં તારે જાવું પડશે, એટલે તારી નિર્દોષ પર્યાયમાં ભગવાનને સ્થાપવા પડશે. આહાહા! સમજાણું કાંઈ? અથવા નિર્દોષ પર્યાયને દ્રવ્યમાં સ્થાપવી પડશે. એ તો એક જ વાત છે. સમજાણું કાંઈ? રાગરહિત નિર્વિકલ્પદશા એમાં આત્માને સ્થાપીને કહો કે નિર્વિકલ્પ પર્યાયને અંદરમાં સ્થાપીને... એ તો અપેક્ષિત કથન છે. સમજાય છે કાંઈ?

જે સાધુ, સાધકજીવ, આસન્નભવ્યજીવ—જેને મુક્તિનું સ્થાન હવે નજીક છે. કોઈ એમ કહેતા હતા કે બાહુબલી ધ્યાનમાં હતા ત્યારે કેવળજ્ઞાન આમ આંટા મારતું હતું. જરી વાતું કરતાં. એક ફેરી અમારે ત્યાં બોટાદમાં મોટી સભા હતી. પાંચમો અધ્યાય ચાલતો હતો. સમયસાર શું, આચારાંગનો. પાંચમો અધ્યાય લોકસાર છે. એ અધ્યાયનું નામ લોકસાર છે. પાંચમો અધ્યાય, આચારાંગના પહેલા ભાગમાં. ઝીણી વાત આવી પછી. સભા મોટી ત્યાં તો. ......... એક વાત આવતાં લોકો કહે, ઓહોહો! કેવળજ્ઞાન તો ફરતું ફરે છે. કેવળજ્ઞાન શું બહાર આવતું હશે? કેવળજ્ઞાન તો પોતાની નિર્મળ પર્યાય છે. એ બહાર ક્યાં ફરે? આહાહા!

બાહુબલી માટે એમ કહે છે કે કેવળજ્ઞાન ફરતું હતું, પણ જરીક અહંપણું રહી ગયું. મેં ભરતનું અપમાન કર્યું છે, આમ કીધું છે. એટલો (વિકલ્પ) રહી ગયો. હતાં મુનિ છઠ્ઠા ગુણસ્થાનવાળા ધર્માત્મા. ક્ષણે-ક્ષણે આનંદના ઝૂલે ઝૂલતા હતાં. એક અંશ આમ રહી ગયો કે આ ભરતની જમીન છે. ભરતને કેમ લાગ્યું હશે? બસ, એ એક શલ્ય રહી ગયું. બાર મહિના સુધી કેવળજ્ઞાન ન થયું. વેલડીયું વીંટાણી શરીર ઉપર. સર્પે દર કર્યા પગ ઉપર, રાફડા બાંધ્યા. એક ક્ષણ જ્યાં ભરત ચક્રવર્તી આવે છે અને આમ પૂજા કરે છે. પૂજા કરે છે ને આમ નજર જાય છે. ઓહો! આને તો કાંઈ નથી, આ તો પૂજા કરે છે. બસ, અંદર ઉતર્યા ને કેવળજ્ઞાન થયું. કેવળ કાંઈ બહારથી આવતું હશે કે અંદરમાંથી?

૮૫ની સાલ હતી. પહેલું આચારાંગનું પુસ્તક બહુ ઝીણું હતું. બ્રહ્મચર્ય... કહેવાય છે. જરીક થોડું-થોડું એમાં અધિકાર........ તે દિ' વાંચતાં લાગ્યું, આહાહા! આ તો ઘણા વર્ષની વાત છે હોં. ૪૩ વર્ષ પહેલાની વાત છે. .... એવો અધિકાર છે. અમારે મૂળચંદજી કાંઈક કહેતા હતા, આ અધ્યનનમાં મને મારો...... એમ કહેતા હતા. ... 'એગં જાણઈ સવ્વં જાણઈ'...... આસવા તે પરિસહા, પરિસહા તે આસવા. આસ્રવ તે સંવર છે ને સંવર તે આસ્રવ.... એવા ઘણા સૂત્ર

આવે છે. ઘણા સૂત્ર આવતા એમાંથી લડાવતા. મૂળ તો અંદરમાં હતુંને કાંઈક. અને લોકો પણ સર્પની જેમ ડોલે. .... આખી સભા. ત્યારે (કહે), કેવળ બહાર ફરે છે. એમ હશે? કેવળજ્ઞાનની પર્યાય તો અંદર ગુણમાં પડી છે. ચેતનજી! બહારથી આવતી હશે?

શ્રોતા : મતિ-શ્રુતજ્ઞાન કેવળજ્ઞાનને બોલાવે છે એમ આવે છે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : આવે છેને. 'બોલાવે'નો અર્થ કે જે મતિ ને શ્રુતજ્ઞાન આત્મા સન્મુખ થઈને થયું, એ મતિ ને શ્રુતજ્ઞાન એમ કહે છે કે અલ્પકાળમાં કેવળજ્ઞાન આવો. ધવલમાં પાઠ છે, મતિ ને શ્રુતજ્ઞાન કેવળજ્ઞાનને બોલાવે છે. બોલાવે છે એટલે દૂર હોયને હોંકારો કરે કે એલા! અહીં આવ. એમ કહે કે નહીં? એવો પાઠ છે ધવલમાં. આહાહા! જેને જ્ઞાનગુણના અંકુર–સમ્યક્ મતિ-શ્રુત ફૂટ્યા અંદરથી, એ અંદર વળેલી દશા છે, પણ એ દશા ઉગ્રપણે વળીને કેવળજ્ઞાનને બોલાવે છે એટલે કેવળજ્ઞાનને પ્રગટ કરવાની તૈયારી છે એમ કહે છે. ધવલમાં તો એ પાઠ છે હોં પંડિતજી! મતિ-શ્રુતજ્ઞાન કેવળજ્ઞાનને બોલાવે છે. ક્યાં દૂર છો તું? અહીંયા આવ. એય પોપટભાઈ! આવી વાતું છે. આહાહા! લોકો રસ્તે ચાલતા બોલાવે કે એલા! એય! આ રસ્તો ક્યાંનો છે? અમે જાઈએ છીએ એ ફલાણો રસ્તો છેને? કે હા, જાવ, જાવ. એમ અહીં કેવળજ્ઞાનને કહે છે મતિ-શ્રુત. આહાહા! છે તો પર્યાય. મતિ-શ્રુત પણ પર્યાય ને કેવળજ્ઞાન પણ પર્યાય.

કહે છે, જે સાધુ–આસન્નભવ્યજીવ **નિજ અખંડ અદ્વૈત–પરમાનંદસ્વરૂપ સાથે...** દેખો! શું કહે છે? 'નિજ અખંડ અદ્વૈત-પરમાનંદ સ્વરૂપ સાથે' એ વર્તમાન પર્યાય છે. **નિજ અખંડ અદ્વૈત**–એકરૂપ **પરમાનંદસ્વરૂપ સાથે નિજ કારણપરમાત્માને જોડે છે...** આહાહા! જે વિશેષણો દ્રવ્યને છે એ પર્યાયને આપ્યા છે. ભગવાન આત્મા નિજ અખંડ અદ્વૈત પરમાનંદસ્વરૂપ છે, પણ એમાંથી પ્રગટેલી જે પર્યાય છે, એ જે સમાધિ કીધી, સર્વથા અંતર્મુખ કીધી, તે આ પર્યાય છે. **નિજ અખંડ અદ્વૈત પરમાનંદસ્વરૂપ સાથે**... આહાહા! શબ્દો ઓછા પડે છે. પંડિતજીએ લખ્યું છે..... આહાહા! શી રીતે તને ગાઉં, તારા ગાણા શી રીતે ગાઉં? એમ કહે છે.

એવો ત્રણ લોકનો નાથ તું પરમાત્માનું સ્વરૂપ લઈને પડ્યો અને પામર થઈને ફરે છે, ..... લજ્જા આવે છે. આહાહા! ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરદેવ એમ ફરમાવે છે, ભાઈ! રાગ વિનાની નિર્મળ પર્યાય જે દ્રવ્યને અવલંબે પ્રગટે, એ વીતરાગી શ્રદ્ધા, વીતરાગી જ્ઞાન, વીતરાગી શાંતિ એ નિજ અખંડ અદ્વૈત પરમાનંદસ્વરૂપ છે. એની સાથે નિજકારણપરમાત્માને... પહેલી કહી એ પર્યાય છે. એની સાથે નિજકારણપરમાત્મા તે દ્રવ્ય છે. **નિજકારણપરમાત્માને જોડે છે**... આહાહા! નિર્મળ દશામાં આત્માને જોડે છે.. નિર્મળ દશામાં આત્માને જોડે છે. સમજાણું કાંઈ?

**તે પરમ તપોધન જ...** એ પરમ તપરૂપી જેને લક્ષ્મી પ્રગટી છે... આહાહા! પરમ સમાધિ કહો, નિજ અખંડ અદ્વૈત પરમાનંદસ્વરૂપ કહો કે એને તપરૂપી ધન કહો, આ લક્ષ્મી

આત્માની. બહારની ધૂળની લક્ષ્મીમાં ખુશી થયેલા પાગલ બની ગયેલા છે. આહાહા! એ પોપટભાઈ! પંડિતજીને સરસ્વતી વરી છે અને આને લક્ષ્મી વરી છે. બેય મિત્ર હતાને. કો'ક કહેતું હતું, નહીં? કોઈકે કીધું એટલે કહ્યું. મારે જે કહેવું હોય એ હું સીધું કહી શકું નહીં. બીજી જાત હોયને. કહો, સમજાણું કાંઈ? આહાહા! લક્ષ્મી કે દિ' એની હતી? એ તો ધૂળની કો'કની છે. આહાહા! એ તો જડની છે. જડરૂપ થઈને રહી છે. ચૈતન્યની કોઈ પર્યાયમાં થઈને રહી છે? ચૈતન્યની પર્યાયરૂપ થઈને તો, આ નિર્વિકલ્પ અખંડ આનંદસ્વરૂપ એવી પર્યાય એ આત્માની પર્યાય થઈને રહી છે. ભારે વાતું ભાઈ! સમજાણું કાંઈ?

એ તપરૂપી ધન છે. આહાહા! જેને આનંદનો નાથ જ્યાં ખીલ્યો છે, કહે છે. કમળ જેમ ખીલે, એમ ચૈતન્યમૂર્તિ આનંદનું ધામ ભગવાન એના ઉપર દૃષ્ટિ કરતા એ ખીલી નીકળશે એની જાતે. સમજાય છે કાંઈ? એ ખીલેલી કળા એને અહીંયા પરમ તપોધન કહે છે. જેને તપરૂપી લક્ષ્મી પ્રગટી છે અંદરથી. સમજાણું કાંઈ? આહાહા! જ્યાં રાગના અંશનો વિકાસ નથી, અવકાશ નથી. વિકાર નથી... પણ અવકાશ જ જ્યાં નથી. સમજાણું કાંઈ? આવો માર્ગ છે ભાઈ! લોકોને એવું લાગશે... નવા માણસો વાડામાં હોય. આ તો બધી કોણ જાણે કેવી ઊંચી વાત કરે છે? ક્યાંનું ક્યાંય? હું ન પહોંચી શક્યો એની વાત કરે છે. એ માર્ગ જ આ છે, સમજને!

ધર્મ કરવો હોય મોક્ષને માટે, જન્મ-મરણના દુઃખો ટાળવા હોય તો આ એક ઉપાય છે. એ વિના બધા થોથેથોથાં છે બાપા! અરે! ચોરાશીના અવતારમાં એ ... મરી ગયો. જતરડા ઓલા કાઢે છેને ભાઈ? સોની.. સોની. ભાઈ કહેતા હતા. લોઢાના..... રૂપાના તાર કાઢે છે. પાતળા કરવા હોયને. એવું કઠણ હોય... એકદમ ઢાળે... સમજાય છે કાંઈ? જતરડા ઝીણા કાણા હોય. જોયું, બધું જોયેલું છેને. જોયું હોય ત્યાં નજર કરીને જોયું હોય. એકાદવાર જોયું હતું ઉમરાળામાં. બજારમાં સોની કરતો હતો આમ. પાતળા, શું કહેવાય? એ જતરડામાંથી નીકળે એ પાતળા સુંવાળાં ... થઈને નીકળે. એમ ભગવાન આત્મા... અરેરે! ભગવાન કહેતાં એને ... થઈ જાય છે. અરેરે! હું ભગવાન? બાપુ! ભગવાન પૂરો પડ્યો છે તું અંદર. તને ખબર નથી. સમજાણું કાંઈ? એ ભગવાનને પામર તરીકે માન્યો, તેં અનાદર કર્યો છે. પ્રભુની અશાતના તેં કરી. આહાહા!

હા, આ તો ...... જાણે ભગવાન હોય? .....? અરે ભગવાન! બાપા! તને આવડો નાનો .... હજી ... લાગે છે. નિર્ધન હોય એને કોઈ પાંચ કરોડ રૂપિયાવાળો કોઈ કહે, તો ખુશી થાય. ભલે કહે છેને. કહે છેને ........ ગરીબ તો કહેતા નથી. આહાહા! સાચી વાત છે. આહાહા! ભાઈ! તારું સ્વરૂપ તો અંદર દયા-દાનના વિકલ્પે પકડાય એવું નથી. એ સ્વરૂપની જાતની પર્યાય થતાં તે પકડાય એવું છે. સમજાણું કાંઈ? જેવી ચીજ પ્રભુ અંતર્મુખ પડી છે અનાદિથી,

એવી નિરવશેષ અંતર્મુખ આકારવાળી પર્યાય દ્વારા પકડાય એવું છે. આહાહા! મુનિએ પણ ટીકા કરી છેને! અમૃત વરસાવ્યા છે એમણે પંચમકાળમાં. આહાહા! 'અમૃત વરસ્યા રે પંચમકાળમાં..' આવે છેને, શ્રીમદ્માં આવે છે.

જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત,
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્ગુરુ ભગવંત રે,
ગુણવંતા રે જ્ઞાની, અમૃત વરસ્યા પંચમકાળમાં.

અમૃતના ધોધ વરસ્યા નાથ પંચમકાળમાં. એમ કહી ગુરુને બહુમાન આપે છે. આહા! સમજાણું કાંઈ? આહાહા! ગુરુ તો પોતે છે. 'વ્યવહારે તે જિનદેવ...' નથી આવતું? શ્રીમદ્માં આવે છે. 'વ્યવહારે જિનદેવ... નિશ્ચય..' એમ કાંઈક છે. ........... હા, આપે છે. આહા! દેવનો દેવ ભગવાન પોતે જ છે. આહાહા! પોતાનો સ્વભાવ અંદર પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરે ફરમાવ્યો છે. ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ એને અંતર્મુખની પર્યાય દ્વારા પકડાવ્યો છે. અંતર્મુખની પર્યાયમાં એ આવે એટલે અંતર્મુખની પર્યાયમાં સ્થાપ્યો એમ કહેવાય છે.

એ **પરમ તપોધન જ**, એમ. આવી દશાવાળો જ, એમ કહે છે. **શુદ્ધનિશ્ચય-ઉપયોગભક્તિવાળો છે...** દેખો! ભાષા વાપરી પાછી. ઉપયોગભક્તિ છે. આહાહા! શુદ્ધ ઉપયોગભક્તિ. શુભ દયા-દાન વ્રતાદિના પરિણામ તો શુભરાગ, પુણ્યબંધનનું કારણ છે, એ ધર્મ-ઉપયોગ નહીં. આ શુદ્ધનિશ્ચય-ઉપયોગ ભક્તિવાળો છે. આહાહા! **શુદ્ધનિશ્ચય-ઉપયોગ-ભક્તિવાળો છે**... શુદ્ધ યથાર્થ અંતરના ઉપયોગ સાથે જોડી દીધો છે જેણે આત્માને, એવી ભક્તિવાળો એ છે. આહાહા! કહો, દિલીપ! બહુ ઊંચી વાત આવી છે તું આવ્યોને. એને સમજાય છે. એ ગિરધરભાઈ! આ નાનો છોકરો ૧૪ વર્ષનો છે. સમજાય એવું છે, કહે છે. ન સમજાય એટલે વળી શું? સમજાણું કાંઈ? એનો પડકાર..... ઝીણામાં ઝીણી વાત....

અરે! આ ચીજ વસ્તુનું સ્વરૂપ... લોકો કહેને, ૧૧મી ગાથામાં **भूदत्थमस्सिदो खलु** કીધું. ....... આહાહા! ઉલ્લસિત વીર્ય જોઈએ. શ્રીમદ્માં આવે છેને. ઉલ્લસિત વીર્યવાળો આ માર્ગને સમજી શકે. ઉંમરની... આમાં ક્યાં છે? આત્માને ઉંમર જ ક્યાં છે? એ તો અનાદિ-અનંત છે. આ શરીરની વાતું થાય, આટલા વર્ષ થયા ને આટલા વર્ષ થયા. ભગવાનને ઉંમર ક્યાં? એ તો અનાદિ-અનંત છે આત્મા. સમજાણું કાંઈ? આહાહા! શુદ્ધ... કેટલા શબ્દો ફેરવી-ફેરવીને કહ્યા છે! પહેલું નિશ્ચય યોગભક્તિનું સ્વરૂપ કહ્યું, પછી અંતર્મુખાકાર પરમ સમાધિ કીધી, પછી નિજ અખંડ અદ્વૈત-પરમાનંદસ્વરૂપ કહ્યું, પછી એને તપોધન કહ્યો, એને શુદ્ધનિશ્ચય-ઉપયોગભક્તિવાળો કહ્યો. આહાહા! કહો, સમજાણું કાંઈ?

**બીજાને—બાહ્ય પ્રપંચમાં સુખી હોય તેને...** આહાહા! શું કહે છે? અનેકાંત કરે છે. આવો જેનો ઉપયોગ અંદર જ્ઞાન, દર્શન ને આનંદનો અંતરમાં જોડાઈ ગયો છે અથવા જ્ઞાન-

દર્શન-આનંદની પર્યાયમાં ભગવાનને જેણે સ્થાપ્યો છે એ આવો શુદ્ધ-ઉપયોગ ભક્તિવાળો હોય છે. **બીજાને—બાહ્ય પ્રપંચમાં**... એટલે શું કહે છે? જેને કંઈપણ સંયોગમાં ચિત્તમાં પ્રસન્નતાનો અંશ વર્તતો હોય એવા જીવને આ ગ્રાહ્ય થઈ શકશે નહીં. સમજાણું કાંઈ? આહાહા! **બીજાને—બાહ્ય પ્રપંચમાં**... જેણે કંઈપણ બાહ્ય પદાર્થ અનુકૂળ શરીરમાં, આબરૂમાં, કીર્તિમાં, સ્ત્રીના વિષયમાં.. આહાહા! એવા પ્રપંચ પ્રત્યે જે સુખી છે, 'મને ઠીક છે, પ્રસન્નતા મને ઠીક પડે છે' એવા જીવોને માટે આ દુર્લભ છે. એવાને યોગભક્તિ ક્યાંથી હોય?

જે રાગમાં એકાકાર થઈને સ્વાદ લેતો હોય છે અને બહારની ચીજમાં જેની પ્રસન્નતા, નાની-મોટી, અધિક-વિશેષ ઊંડે-ઊંડે જેને વર્તે છે એવા જીવોને આવી **યોગભક્તિ કઈ રીતે હોય?** આહાહા! બહારમાં...... શરીર સારું, બાયડી સારી, છોકરા સારા, હજીરા સારા. 'હજીરા' સમજાય છે? મકાન. લોટિયા વોરાને દાટેને એને હજીરા કહેવાય. જામનગરમાં બહાર છે હજીરા મોટા. ત્યાં એને દાટે. આ પણ દાટેલો પડ્યો છે, ભાન ન મળે કાંઈ. આહાહા!

કહે છે કે બાહ્યપ્રપંચ (અર્થાત્) આખી દુનિયાનો સંયોગ બધો, એમાં જેને સુખી(પણું), કંઈપણ પ્રસન્નતા વર્તતી હોય એવા જીવને આ યોગભક્તિ ક્યાંથી હોય? સમજાણું કાંઈ? કહો, પોપટભાઈ! છ-છ છોકરાઓ, ચાલીસ-પચાસ લાખ રૂપિયા, મોટી પેદાશું. છોકરાઓ કરે ને પોતે બેસે. પહેલા કર્યું હશે....... હવે એ કરે ને આપણે જોવાનું. મજા ખરી કે નહીં એટલી? કોના છોકરા ને કોના રૂપિયા? વટેમાર્ગુ ચાલતા કંઈક ઝાડ હેઠે બેઠો, ત્યાં બે-ચાર કૂતરા, ગલુડિયાં દેખાય તો આ કહે, આ અમારા દીકરા. એમ છે કે નહીં? આહાહા! કાંતિભાઈ! તમારો મોટો નથી આવતો હમણા અહીં? નાનોય નથી. કહો, સમજાણું કાંઈ?

**બીજાને—બાહ્ય પ્રપંચમાં**... આહા! ગજબ વાત કરે છેને! જેને કોઈ પણ શુભભાવમાં ઠીકપણું એવું વર્તતું હોય, એને આવી યોગભક્તિ ક્યાંથી હોય? આહાહા! એને આવી ધર્મની પર્યાય ક્યાંથી હોય? એમ કહે છે. અમરચંદભાઈ! આહાહા! ત્રણ લોકનો નાથ પોતે આનંદનો ધામ બિરાજે છે, એના સન્મુખની દશા (હોય) તો જેને પરસન્મુખમાં ખેદ વર્તતો હોય, પ્રસન્નતાના અંશ ક્યાંય હોય નહીં. સમજાય છે કાંઈ? એને આવી યોગભક્તિ હોય છે. સમજાણું કાંઈ? આહાહા! શરીર કાંઈક સારું, મારું નમણું શરીર છે, રૂપાળું શરીર છે, કાઠી પણ આમ બરાબર આમ ગણપતિ જેવું શરીર છે, બાયડી સારી છે, છોકરાઓ સારા છે, છોડીયું સારી છે, જ્યાં-જ્યાં વરાવીએ ત્યાં વેવાઈ પણ એવા સારા મળે છે, છોકરાને વરાવીએ તો એ કન્યાઓ પણ એવી મળે છે. બહુ પણ... શું છે હવે? બધી સ્મશાનની ખાડીયું છે, બધી સ્મશાનની રાખું છે બધી. એમાં જેને અંશે પણ પ્રસન્નતા વર્તે એને આ યોગભક્તિ ક્યાંથી હોય? કહે છે. ભગવાન આત્માના આનંદસ્વરૂપ તરફ ઢળવું એ ક્યાંથી હોય? આમ ઢળી ગયો એ આમ ક્યાંથી આવે? કહે છે. સમજાણું કાંઈ? આહાહા! મુનિએ પણ ટીકા કરી છેને!

**इदरस्स य किह हवे जोगो**.. પાઠ છેને. **सो जोगभत्तिजुत्तो इदरस्स य किह हवे जोगो**... ઓહો! નાથ! જેણે અંતરની દૃષ્ટિ ને અંદરની પરિણતિથી આ આત્માને જોયો. એ કોણ

જોડાય? જેને બહારના અંશમાં કાંઈપણ પ્રસન્નતાનો નાશ થઈ ગયો છે. સમજાણું કાંઈ? ક્યાંય જેને હોંશ ને હરખ, ગમે તે અનુકૂળ ચીજોના ઢગલા દેખે તોપણ આવતી નથી. આહાહા! સમજાણું કાંઈ? અરે! આ તો વીતરાગ માર્ગ છે બાપા! સો-સો ઇન્દ્ર જેને પૂજે અને લોકના સ્વામી શક્રેન્દ્ર ને ઇશાનેન્દ્ર, દક્ષિણ અર્ધલોકના સ્વામી શક્રેન્દ્ર, ઉત્તરના સ્વામી (ઇશાનેન્દ્ર), આ લોકના બે લાડા, રાજા મોટા. ભગવાન પાસે આમ ગલુડિયાની જેમ બેસે આમ. આહાહા!

એવો ત્રિલોકનાથ આત્મા, કહે છે કે જેને આવી પર્યાય પ્રગટી હોય એને એનો સંબંધ હોય. જેને પર્યાયના તળમાં ક્યાંય પણ સુખીપણું એટલે બાહ્યમાં ...માં ...થી માંડીને બધી ચીજો, કંઈપણ એને સુખબુદ્ધિ વર્તતી હોય એવા જીવને આ ક્યાંથી હોય? કહો, સમજાણું કાંઈ? આહાહા! શું તારા ગાણા ગાઈએ? કહે છે. આ તો હજી સમ્યગ્દર્શનની વાત ચાલે છે હોં. સમ્યગ્દર્શન આને થાય. સમજાણું કાંઈ? એ ભૂમિકાની વાત છે અહીં તો હજી. ચારિત્રની વાત તો .... બીજી વાત છે બાપા! આહાહા!

કહે છે... અરે! કુંદકુંદાચાર્યે પોતે કહ્યું છે. **सो जोगभत्तिजुत्तो... अप्पाणं जो दु जुंजदे साहू**.. વિકાર આદિની પર્યાયનો ત્યાગ કરીને આત્માને પોતાની નિર્મળ પર્યાયમાં જોડી દે છે, આહાહા! એને જોગભક્તિ હોય છે. જોગભક્તિ એટલે ધર્મભક્તિ, ધર્મની પરિણતિ, વીતરાગીદશા એને હોય છે. **इदरस्स य किह हवे जोगो**.. બીજાને શું એ ક્રિયા હોય? આહાહા! કંઈક બે શબ્દ આવડી ગયા ત્યાં બીજા સાંભળીને રાજી થાય, તો એ ખુશી થઈ જાય. કહો, સમજાણું કાંઈ? એવાઓને આ આત્મા કેમ હાથ આવે? આહાહા! પંડિતજી! આહાહા!

**એવી રીતે (અન્યત્ર શ્લોક દ્વારા) કહ્યું છે કે :–** બીજાનો આધાર આપ્યો એમણે.

**आत्मप्रयत्नसापेक्षा विशिष्टा या मनोगतिः ।**
**तस्य ब्रह्मणि संयोगो योग इत्यभिधीयते ॥**

આહાહા! **શ્લોકાર્થ : આત્મપ્રયત્નસાપેક્ષ વિશિષ્ટ જે મનોગતિ...** એટલે કે જે પરિણતિને આત્માના પ્રયત્નની સાપેક્ષતા છે, પોતાના સ્વભાવના પ્રયત્નની સાપેક્ષતા એ ગતિ–પરિણતિમાં છે. **તેનો બ્રહ્મમાં સંયોગ થવો...** નિર્મળ પરિણતિ વીતરાગી આત્મપ્રયત્ન સાપેક્ષ પ્રગટી છે એવી દશાને બ્રહ્મમાં સંયોગ થવો... આ આનંદમૂર્તિ બ્રહ્મમાં સંયોગ થવો. **(-આત્મપ્રયત્નની અપેક્ષાવાળી ખાસ પ્રકારની ચિત્તપરિણતિનું આત્મામાં જોડાવું)...** આમ કીધું પાછું. સમજાણું કાંઈ? ભગવાન પૂર્ણાનંદ ધ્રુવ જ્યાં બિરાજે છે એ પરિણતિનું એમાં જોડાવું થયું. **ચિત્તપરિણતિનું...** મનની પરિણતિ એટલે પોતાની નિર્મળ પરિણતિ. એનું આત્મામાં જોડાવું એને ભગવાન તીર્થંકરદેવ યોગ કહે છે. આ બાવા ને જોગી બધા યોગ કહે છે એ ફોક છે. સમજાણું કાંઈ?

આ તો તીર્થંકર સર્વજ્ઞદેવ એમણે કહેલો આત્મા એવા આત્મામાં જેની પરિણતિ જોડાણી છે એને યોગી ને જોગ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? કઈ જાતની વાતું...? ઓલો

તો કહે, દયા પાળો, વ્રત પાળો, પૂજા કરો, ભક્તિ કરો, કંદમૂળ ન ખાવું, છપરબી પાળવી, થઈ ગયો ધર્મ. ધૂળેય નથી, સાંભળને હવે! એ તો બધી રાગની ક્રિયાના ફોક છે બધા. સમજાણું કાંઈ? ભગવાન પૂર્ણાનંદનો નાથ અંદરમાં જે પર્યાયથી જોડાય એ પર્યાયને અહીંયા ધર્મ ને મોક્ષનો માર્ગ કહે છે. આહાહા! અરે! આવું સાંભળવું મળે નહીં એ કે દિ' વિચારે, કે દિ' રુચિ કરે અને કે દિ' જોડાય અંદરમાં? સમજાણું કાંઈ? અરે! વીતરાગમાર્ગમાં જૈન પરમેશ્વરના સંપ્રદાયના વાડામાં આવ્યો, એને આ વસ્તુની ખબરું ન મળે અને જૈન કહેવરાવે, એ જૈન નથી કહે છે. સમજાણું કાંઈ?

અહીં તો ત્યાં સુધી કહ્યું કે જેને પુણ્યના પરિણામ, ભગવાન કહે છે, મારા પ્રત્યેની ભક્તિનો ભાવ એમાં પણ જેની પ્રસન્નતા વર્તે એને આવો યોગ કેમ હોય? એમ કહે છે. કહો, પોપટભાઈ! બાહ્યમાં સુખબુદ્ધિનો અર્થ એ કર્યો. આહાહા! તને મોક્ષમાં વળાવવો છે. છોકરીને વળાવે ત્યારે ગાણા નથી ગાતા? આહાહા! ભગવાન! તને ભગવાનના ભેટા કરાવીએ, પરમાત્મા તને કરાવવો છે. આહાહા! ભાઈ! એ પરમાત્મપણું તો તારી પાસે છે જ. ધ્રુવરૂપે પરમાત્મા પોતે તું જ છો, પણ એની નિર્મળ પરિણતિ દ્વારા જ્યારે જોડાણ થાય ત્યારે તેને આ 'છે' એમ પ્રતીતમાં આવે. ત્યારે એને આ 'છે' એમ કબૂલાત થાય. એ વિના કબૂલાત થાય નહીં. આહાહા! દશા પણ આવી વીતરાગી, એમ.

જુઓને! **આત્મપ્રયત્નસાપેક્ષ**... આહાહા! રાગના પ્રયત્નની અપેક્ષાવાળી ગતિ પરિણતિ એ નહીં. ખાસ મનોગતિ, એમ કે ખાસ વીતરાગી પરિણતિ, તેનો બ્રહ્મમાં સંયોગ... બ્રહ્મ નામ આત્માનો આનંદ ભગવાન કહે છે એ હોં. બીજા બ્રહ્મ-બ્રહ્મ કહે છે એ વાતું નહીં. અહીં તો તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમાત્મા અરિહંતદેવ જેને બ્રહ્મ નામ આત્મા કહે એવા આત્માનો સંયોગ થવો (અર્થાત્) પોતાની પરિણતિનું આત્મામાં જોડાવું થાય, તેને મોક્ષનો માર્ગ, તેને યોગ (કહે), એનો વેપાર તે સમાધિ ને શાંતિ છે. આહાહા! સુજાનમલજી! સાદડીમાં તો આવું કાંઈ સાંભળવા પણ મળ્યું નહીં હોય. સાદડીમાં સાદડી હોય. મુંબઈમાં 'સાદડી' નથી કહેતા? ..... ભેગા થાય. આહાહા! આ તો સાદડી ઉઠાવી દેવાની વાત છે.

**તેને યોગ કહેવામાં આવે છે.** પરમાત્મા સંતો એમ કહે છે, જેણે પોતાની નિર્વિકલ્પદશાને આત્મા સાથે જોડી છે, જોડી છે એ યોગી છે. સમકિતી પણ એટલો યોગી છે. સમજાણું કાંઈ? આહાહા! આ વિશેષ યોગી છે, મુનિ વિશેષ યોગી તપોધન છે. આહાહા! એને કેવળજ્ઞાન નજીક વર્તે છે. એક કૂદકો માર્યે કેવળજ્ઞાન. સ્થિરતા છે એમાં એક વિશેષ કૂદકો માર્યો અંદરમાં એકાકાર.... આહાહા!

**વળી (આ ૧૩૭મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :–**

**आत्मानमात्मनात्मायं युनक्त्येव निरन्तरम् ।**
**स योगभक्तियुक्तः स्यान्निश्चयेन मुनीश्वरः ॥२२८॥**

**શ્લોકાર્થ : જે આ આત્મા આત્માને આત્મા સાથે...** આત્મા આત્માને આત્મા સાથે... નિર્વિકલ્પ પરિણતિ પણ તે આત્મા, એને ત્રિકાળી આત્મા સાથે, આહાહા! **નિરંતર જોડે છે....** ઓહોહો! જેની સ્વરૂપ સન્મુખની દૃષ્ટિ-જ્ઞાન થયા એ તો નિરંતર જ વર્તે છે. એક સમયનો પણ ત્યાં આંતરો નથી. આહાહા! સમ્યગ્દર્શન થયું, એ પર્યાય નિરંતર સ્વસન્મુખ જ વર્તે છે. સમજાણું કાંઈ? સમકિતીને ક્યાંય સુખ-દુઃખ હોતું નથી. આખું લોક, ચક્રવર્તીનું રાજ ને તીર્થંકરના સમવસરણમાંથી સુખબુદ્ધિ ઉઠી ગઈ છે. સમજાણું કાંઈ? આહાહા! એવો ભગવાન આત્મા આત્માને આત્મા સાથે નિરંતર જોડે છે. ઓહોહો! જેનો ઉપયોગ ચૈતન્ય સાથે લાગ્યો એ તો નિરંતર જ છે. એ ભગવાન આત્મામાં શાંતિની, વીતરાગપર્યાયની એકાગ્રતા થઈ, એ સદાય–નિરંતર છે. સમજાણું કાંઈ? આહાહા! અહીં 'નિરંતર જોડે છે' એમ ભાષા છે. સમજાણું કાંઈ?

**તે મુનીશ્વર**—મુનિમાં ઈશ્વર... વિશેષ મુનિની વાત લીધી છે. **નિશ્ચયથી યોગભક્તિવાળો છે.** ખરેખર તો, ખરેખર યોગભક્તિવાળો એ છે. એણે–યોગીએ યોગની ભક્તિ કરી. જેઠાભાઈ! આવા શબ્દોય હતા ત્યાં? આહાહા! દિગંબર ધર્મ એટલે સનાતન જૈનદર્શન, અનાદિનું સનાતન, કેવળીએ કહેલું. પૂર્ણાનંદની પૂર્ણ ચીજ, સમજાય છે કાંઈ? એ દિગંબર સંતોએ કહી છે. એવી વાત બીજે ક્યાંય છે નહીં. પક્ષ નથી, આ વસ્તુનું સ્વરૂપ આવું છે. ૧૩૮ ગાથા આવીને?

**सव्ववियप्पाभावे अप्पाणं जो दु जुंजदे साहू ।**
**सो जोगभत्तिजुत्तो इदरस्स य किह हवे जोगो ॥ १३८॥**

પહેલામાં પણ એ આવ્યું. બેય એક(સરખા) આવ્યા.

**સઘળા વિકલ્પ અભાવમાં જે સાધુ જોડે આત્મને,**
**છે યોગભક્તિ તેહને; કઈ રીત સંભવ અન્યને? ૧૩૮.**

આહાહા! આ કુંદકુંદાચાર્યની ભાવનાનો ગ્રંથ છે. મુનિદશા વર્તે છે, તીર્થંકર પાસે ગયા હતાં, આઠ દિન રહ્યા હતાં, એમની ભાવનાનો આ ગ્રંથ છે. આહાહા! સમજાણું કાંઈ?

**ટીકા : અહીં પણ પૂર્વ સૂત્રની માફક નિશ્ચય-યોગભક્તિનું સ્વરૂપ કહ્યું છે. અતિ-અપૂર્વ નિરુપરાગ રત્નત્રયાત્મક...** ધર્મદશા–પરમ સમાધિ કેવી છે? અતિ અપૂર્વ શુદ્ધરત્નત્રયસ્વરૂપ છે. પૂર્વે કોઈ દિ' એક સેકંડ પણ થયું ન હોય એવી જે ભગવાન આત્માના સ્વરૂપની અંતર શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા, એ રાગની પર્યાય વિના અરાગી પરિણતિ અપૂર્વ નિરુપરાગ રત્નત્રય... આહાહા! રાગ–ઉપરાગ વિના નિર્વિકલ્પ રત્નત્રયસ્વરૂપ, શુદ્ધરત્નત્રયસ્વરૂપ, ભગવાન પરમાનંદસ્વરૂપ પ્રભુ એની શ્રદ્ધા, જ્ઞાન ને લીનતા એ રાગ વિનાની નિર્વિકલ્પ શુદ્ધ અવસ્થા છે. મોક્ષનો માર્ગ એ શુદ્ધ પર્યાય છે. સમજાણું કાંઈ? આહાહા!

**નિજચિદ્વિલાસલક્ષણ...** આહાહા! પરમ સમાધિનું લક્ષણ નિજ ચૈતન્યનો વિલાસ છે. આવે છેને ઓલું 'ચૈતન્યવિલાસ વ્યવહાર'? પ્રવચનસાર (ગાથા) ૯૪. આહાહા! કહે છે કે રાગની રમતું તો એ ઝેરનો વિલાસ છે અને આ ભગવાન આનંદનો વિલાસ, ચૈતન્યનો વિલાસ છે. એ પર્યાય છે હોં. પૂર્ણાનંદ પ્રભુ તરફ દૃષ્ટિ કરતાં જે પર્યાય પ્રગટે એ ચૈતન્યનો વિલાસ છે. એ ચૈતન્યની રમતું રામ સાથે એણે માંડી છે. સમજાણું કાંઈ? આહાહા! જેને સાંભળતાં, જેને આ વાત સાંભળતાં (આનંદના) અંકુરા ફૂટે, એના અનુભવનું શું કહેવું! કહે છે. સમજાણું કાંઈ? આહાહા!

**નિજચિદ્વિલાસલક્ષણ નિર્વિકલ્પ પરમ સમાધિ વડે...** આહાહા! કોઈપણ વિકલ્પ નામ રાગનો અંશ જેમાં નથી એવી નિર્મળ શાંતિ–સમાધિ, વીતરાગ પરિણતિ દ્વારા **સમસ્ત મોહરાગદ્વેષાદિ વિવિધ વિકલ્પોનો અભાવ હોતાં...** બધા મિથ્યાત્વ ને રાગ-દ્વેષના વિવિધ વિકલ્પ, અનેક પ્રકારના વિકલ્પ, એમ. **અભાવ હોતાં પરમ સમરસીભાવ સાથે...** પોતાની નિર્મળ પરમ સમરસી... પરમ સમરસી પર્યાય હોં. સમરસીભાવ સાથે **નિરવશેષપણે અંતર્મુખ નિજ કારણસમયસારસ્વરૂપને...** નિરવિશેષ... છેને નીચે? **પૂરેપૂરું, (કારણસમયસારસ્વરૂપ પૂરેપુરું અંતર્મુખ છે**). આ દ્રવ્ય લીધું, ઓલામાં પર્યાય હતી. ઓલામાં હતુંને નિરવશેષ? નિરવશેષ એ પર્યાય હતી, આ દ્રવ્ય છે. આહા! ...વાળાને તો આ લુખ્ખી વાત લાગે. અરે! આ આનંદના રસથી ભરેલી વાત છે. જેને આનંદનો રસ આવ્યો છે અંદર, એવી પરિણતિમાં આત્માને સ્થાપે છે. એવી સમરસી વીતરાગી શાંતિ હોં. આહાહા!

**સમરસીભાવ સાથે નિરવશેષપણે અંતર્મુખ નિજ કારણસમયસારસ્વરૂપને**, એમ. પૂરેપૂરું અંતર્મુખ નિજકારણસમયસાર ભગવાન આત્મા છે. એને **જે અતિ આસન્નભવ્ય જીવ** આહાહા! **સદા જોડે છે જ...** જોડશે એમ નહીં, જોડે છે જ. આહાહા! જોયું! અહીં પોતાની વાત કરે છે. નિરવશેષપણે અંતર્મુખ નિજ કારણસમયસાર ભગવાન એને **જે અતિ આસન્નભવ્ય જીવ....** આવા સમરસીભાવ સાથે જીવ સદા જોડે છે જ.. જીવ સદા જોડે છે જ. આહાહા! સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની ને સાધુ નિરંતર સ્વરૂપના જોડાણમાં આત્માને જ જોડે છે. જોડે છે જ. જોડે છે આમ કીધું. જોડશે એમેય નહીં. છે જ. આહાહા! 'સદા જોડે છે જ' પાછું આવ્યુંને. ઓલામાં 'નિરંતર' હતું.

અતિ આસન્નભવ્ય... ભવ્યત્વનો પાક ફળીને અલ્પકાળમાં કેવળજ્ઞાન થવાનું છે હવે. કહો, સમજાણું કાંઈ? મોક્ષના મહેલમાં પેસવાના છે હવે. એવા જીવને માટે... આહાહા! **સદા જોડે છે જ, તેને ખરેખર નિશ્ચયયોગભક્તિ છે...** આહાહા! અરે! **બીજાઓને નહિ** હોં. વિકલ્પ પરાયણ ને વિકલ્પમાં લીન એવા જીવને આ ક્યાંથી હાથ આવે? સમજાય છે કાંઈ? એ રાગના રસિયાને આત્મરસ કેમ આવે? સમજાય છે કાંઈ? બીજાને આ આત્મા હાથ આવે નહીં.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**કારતક વદ-૧૩, રવિવાર, તા. ૩-૧૨-૧૯૭૨**
**શ્લોક-૨૨૯, ગાથા-૧૩૯, પ્રવચન નં. ૧૬૪**

આ નિયમસાર, પરમભક્તિ અધિકાર. પરમભક્તિ કહો કે નિશ્ચયભક્તિ કહો કે સત્યભક્તિ કહો. ૨૨૯ કળશ છે.

**[હવે આ ૧૩૮મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છેઃ]**

**भेदाभावे सतीयं स्वाद्योगभक्तिरनुत्तमा ।**
**तयात्मलब्धिरूपा सा मुक्तिर्भवति योगिनाम्॥ २२९॥**

શું કહે છે? **શ્લોકાર્થ : ભેદનો અભાવ હોતાં...** ભગવાન આત્મા પૂર્ણ અભેદ ચિદાનંદ-સ્વરૂપ છે. શરીર, વાણી, મન તો જેમાં નથી, પણ જેમાં પુણ્ય ને પાપના વિકલ્પ પણ નથી, પણ જેમાં દ્રવ્ય ને પર્યાય, દ્રવ્ય ને ગુણ એવા ભેદ પણ નથી. સમજાણું કાંઈ? **ભેદનો અભાવ હોતાં...** અખંડ જ્ઞાયકભાવ પૂર્ણ અભેદ એકરૂપ સ્વભાવ, એમાં આ દ્રવ્ય છે ને આ ગુણ છે એવો પણ જેમાં ભેદનો અભાવ થાય છે. **આ અનુત્તમ યોગભક્તિ હોય છે...** એના જેવી ઊંચી નહીં એવી નિર્વિકલ્પ પરિણતિ આત્મામાં થવી. એ પર્યાય છે. **અનુત્તમ યોગભક્તિ...** સ્વરૂપ પૂર્ણ અભેદ એમાં જોડાવું અથવા નિર્મળ અવિકારી પર્યાયમાં દ્રવ્યને જોડી દેવું, એનું નામ યોગભક્તિ છે, અવિકારી પર્યાય એને અહીંયા યોગભક્તિ કહી છે. સમજાણું કાંઈ?

સર્વજ્ઞે કહ્યો એવો નિર્વિકલ્પ અભેદ આત્મા છે, એની દૃષ્ટિ થતાં, અભેદનો આશ્રય લેતાં જે કાંઈ નિર્મળ વીતરાગી આનંદની–અતીન્દ્રિય આનંદની પર્યાયના સ્વાદ સાથે વીતરાગી પર્યાય થાય એને અહીંયા યોગભક્તિ કીધી છે. આહાહા! સમજાણું કાંઈ? પરમેશ્વર વીતરાગ તીર્થંકરદેવની ભક્તિ એ તો શુભરાગ છે. એ સાચી ભક્તિ નથી, એ તો ઉપચારિક ભક્તિ છે. ......... કરીને પૂછી લીધું. આહાહા! ભગવાન પોતે પૂર્ણાનંદ ઈશ્વર પરમાત્મસ્વરૂપ એ પોતે છે. એવો જે અભેદ આત્મા એમાં ભેદનો અભાવ થતાં... એમ શબ્દ લીધો છેને પહેલો. 'હું આ ગુણ છું અને ગુણનો ધરનાર છું' એવો પણ જ્યાં ભેદ પડતો નથી. એવું જે ચૈતન્યતત્ત્વ એકલો અતીન્દ્રિય આનંદનો રસકંદ અભેદ ઉપર દૃષ્ટિ થતાં અનુપમ યોગભક્તિ હોય છે. એના જેવી ઊંચી કોઈ ચીજ નથી. જેનાથી કોઈ બીજું ઉત્તમ નથી. જુઓ! આ પર્યાયની વાત કરે છે.

શ્રોતા : દ્રવ્યથી પણ ઉત્તમ સત્..?

પૂજ્ય ગુરુદેવશ્રી : અહીં તો પર્યાયની વાત છે. એ ચેતનજી! અનુભવ તો પર્યાયનો છેને. અનુભવ દ્રવ્યનો ન હોય. વેદન છે, અતીન્દ્રિય આનંદનું વેદન યોગભક્તિ એ તો પર્યાય

છે. સમજાય છે કાંઈ? ભલે પર્યાયનો વિષય દ્રવ્ય અભેદ છે, પણ પર્યાય પોતે અનુત્તમ છે, એના જેવી કોઈ ઉત્તમ છે નહીં. આહા! સમજાય છે કાંઈ?

**અનુત્તમ યોગભક્તિ હોય છે**... આ યોગ એટલે મન-વચન-કાયાના યોગ એ નહીં. (યોગ એટલે) ધ્રુવ ચૈતન્ય ભગવાન એમાં નિર્મળ–વિકાર રહિત પર્યાયનું જોડાણ અથવા નિર્વિકારી પર્યાયમાં આત્માનું જોડાણ. આહા! જેનાથી બીજું કાંઈ ઉત્તમ નથી એવી સર્વશ્રેષ્ઠ ભક્તિ કહેવામાં આવે છે. જુઓ! આ ભક્તિ છે એ અપરમભાવ છે. ધ્રુવ છે એ પરમભાવ છે. ચેતનજી! કઈ અપેક્ષા છે એ જાણવી પડેને. છે અપરમભાવ છે છતાંય સર્વોત્કૃષ્ટ છે. કેમકે વેદન તો આનંદનું છેને. વેદન કાંઈ ધ્રુવનું નથી. પર્યાયનું જ વેદન હોય કેવળીને, સિદ્ધને કે સાધકને. સમજાણું કાંઈ? જેમાં અતીન્દ્રિય આનંદ ભર્યો છે અભેદરૂપ, એમાં એકાગ્ર થઈને જે યોગભક્તિ નામ જોડાણથી ભજન છે. પહેલી શરૂઆત તો એમ કરી છે. આત્માનું સમ્યગ્દર્શન, ત્રિકાળી જ્ઞાયકભાવનું દર્શન, એનું જ્ઞાન અને એની લીનતા—એની ભક્તિ એમ કહ્યું છે. પર્યાયની ભક્તિ કીધી છે. સમજાણું કાંઈ?

**તેના વડે યોગીઓને...** મોક્ષમાર્ગ સિદ્ધ કર્યો. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે વીતરાગી નિર્દોષ નિર્વિકલ્પ પર્યાય છે, એને અહીંયા યોગભક્તિ કહીને મોક્ષનો ઉપાય છે એમ અહીં સિદ્ધ કર્યું છે. વિકલ્પાદિ વ્યવહાર એ કોઈ મોક્ષનો ઉપાય નથી. તેના વડે યોગીઓના અંતર સ્વરૂપમાં જોડાણ કરનાર ધર્માત્માને **આત્મલબ્ધિરૂપ...** મુક્તિ એટલે કે આત્મા જેવી ચીજ છે એવી પૂર્ણ લબ્ધિ નામ પર્યાયમાં પ્રાપ્તિ થવી એનું નામ આત્મલબ્ધિરૂપ મુક્તિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

શ્રોતા : એના વડે એટલે?

પૂજ્ય ગુરુદેવશ્રી : યોગભક્તિ વડે.

શ્રોતા : પર્યાય વડે?

પૂજ્ય ગુરુદેવશ્રી : પર્યાય વડે.

શ્રોતા : પર્યાય વડે પર્યાય....?

પૂજ્ય ગુરુદેવશ્રી : પર્યાય વડે પર્યાય, આત્માની પૂર્ણ પર્યાયની પ્રાપ્તિ પર્યાય વડે થાય છે. પોપટભાઈ આહાહા! ભગવાન અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ સચ્ચિદાનંદસ્વરૂપ—એ સત્–શાશ્વત, જ્ઞાન ને આનંદનો ભંડાર છે. એમાં એકાગ્ર થવાથી યોગભક્તિ પ્રગટ થાય છે. વ્યવહારના વિકલ્પ ને નિમિત્તના આશ્રયે આ ભક્તિ ઉત્પન્ન થતી નથી. એવી પોતાની નિર્દોષદશાનું ભજન. આહાહા! એક પછી એક મણકો જેમ પડે, એમ એક પછી એક પર્યાય અંદરથી પ્રગટ થાય છે એનું નામ યોગભક્તિનું ભજન કહેવામાં આવે છે. આહાહા! સમજાણું કાંઈ?

એ નિર્વિકલ્પ આનંદની શાંતિ અને વીતરાગી પર્યાય દ્વારા ધર્મીજીવને આત્મલબ્ધિ એટલે કે આત્માની પર્યાયની પૂર્ણ પ્રાપ્તિ (થાય) એવી જે મુક્તિ, એ આવી યોગભક્તિ દ્વારા પ્રાપ્ત થાય છે. આહાહા! પહેલું શું કહે છે એ પકડાવું કઠણ પડે. શું કરવું? એમ કંઈ કહેતા હતા. ભાઈ પૂછતા હતાને, શું કરવું? આ કરવું પહેલું. સમજે તો ખરો કે શું કરવાનું છે. આહાહા! પહેલી સમજણમાં–જ્ઞાનમાં લે કે આ ચીજ ત્રિકાળી ધ્રુવ તે અભેદ છે, એનો એક સમયનો પર્યાય છે એ પણ ભેદ છે. રાગ, દયા, દાનના વિકલ્પ અશુદ્ધ તો અસદ્ભૂત (વ્યવહારનય)નો ભેદ છે. આહા! પણ એનો એક સમયની પર્યાય સદ્ભૂત (વ્યવહારનય)નો ભેદ છે. એ સદ્ભૂતનો ભેદ એ વ્યવહાર છે. સમજાણું કાંઈ?

પરમાત્મા પોતે શુદ્ધ અભેદ એકરૂપ-સ્વરૂપ છે. એકરૂપની ભક્તિ થવી અંદરમાં એકાગ્રતા એ શાંતિ, સ્વચ્છતા, પરમેશ્વરતાની પર્યાય વેદનમાં આવે એને અહીંયા ભક્તિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ ભક્તિ વડે મુક્તિ છે. આવી ભક્તિ વડે મુક્તિ છે. મુક્તિ એટલે કે આત્માની પૂર્ણ પર્યાયની પ્રાપ્તિ એનું નામ મુક્તિ. આ તો એમ લીધુંને, આત્મલબ્ધિરૂપ–આત્માની પ્રાપ્તિરૂપ. આત્મા તો પહેલો દૃષ્ટિમાં આવ્યો છે, ત્યારે તો યોગભક્તિ થઈ છે. પણ આત્મા જેવો છે તેટલો પર્યાયમાં પૂર્ણ પ્રાપ્ત થાય. આહાહા! કહો, સમજાય છે કાંઈ? ભગવાન! એનું જેટલું પૂર્ણ સામર્થ્ય છે એવું પર્યાયમાં પૂર્ણ સામર્થ્ય પ્રગટ થાય એમાં આત્મલબ્ધિરૂપ ભક્તિનું કારણ, મુક્તિ તેનું કાર્ય. આહાહા! સમજાણું કાંઈ?

**આત્મલબ્ધિરૂપ એવી તે (-પ્રસિદ્ધ) મુક્તિ થાય છે.** મુક્તિ તો પ્રસિદ્ધ છે જગતમાં. 'સિદ્ધ પ્રસિદ્ધ' આવે છેને સ્તુતિમાં. સિદ્ધ ભગવાન તો પ્રસિદ્ધ છે જગતમાં. કેમકે પ્રસિદ્ધ એવો જે ભગવાન આત્મા એની જે પર્યાય પૂર્ણ થઈ, એ જગતમાં અનાદિથી પ્રસિદ્ધ છે કહે છે. આહાહા! સમજાણું કાંઈ? અથવા આત્મલબ્ધિરૂપ એવી પ્ર-સિદ્ધ... આત્માની પૂર્ણ પર્યાયની પ્રાપ્તિરૂપ વિશેષ પ્ર-સિદ્ધ (અર્થાત્) પ્રકૃષ્ટે પૂર્ણ સિદ્ધ પર્યાય એનું નામ મુક્તિ છે. કહો, સમજાણું કાંઈ? એ ૨૨૯ કળશ થયો. બેય વાત કરી ઉપાય ને ઉપેય, કારણ ને કાર્ય, માર્ગ ને ફળ. એક શ્લોકમાં બે લીટીમાં બધું આવી ગયું લ્યો. ઓહોહો! ૧૩૯ (ગાથા). એ ૨૨૯ (કળશ) હતો. નવડો ત્યાંય હતો, નવડો અહીં આવ્યો. ૧૩૯.

**विवरीयाभिणिवेसं परिचत्ता जोण्हकहियतच्चेसु ।**
**जो जुंजदि अप्पाणं णियभावो सो हवे जोगो ॥ १३९॥**
**વિપરીત આગ્રહ છોડીને, જૈનાભિહિત તત્ત્વો વિષે**
**જે જીવ જોડે આત્મને, નિજ ભાવ તેનો યોગ છે. ૧૩૯.**

'જે જીવ જોડે આત્મને' એમ છે. ભગવાને કહેલા નિર્મળ તત્ત્વની પર્યાયને પ્રગટ કરે એમાં આત્માને જોડે. આત્મામાં પર્યાય જોડે એમ નહીં, આત્માને પર્યાયમાં જોડે. શું કીધું? એ

તો પરસ્પર એક જ છે. એમ પર્યાયને આમ જોડી કહો કે આત્મા અહીં આવ્યો કહો. રાગમાં ન આવતાં નિર્વિકલ્પ પર્યાયમાં આવ્યો. ભારે વાતું ભાઈ! આવો ધર્મ ભારે પકડવો મુશ્કેલ પડે એ પ્રયોગ કે દિ' કરે? કહે છે કે આનંદનો સાગર ભગવાન બિરાજે છે અંદર. એ પાણી ઉલેચે સમુદ્ર ખાલી ન થાય એવો અગાધ સમુદ્ર છે. ઓલા તો સંખ્યાત જોજનમાં છે. આ તો અનંત અનંત સ્વભાવના પિંડમાં પ્રભુ બિરાજે છે. એના સન્મુખની–અભિમુખની જે દશા એને અહીંયા ધર્મદશા, ભક્તિદશા, મોક્ષમાર્ગની દશા, એના ફળ તરીકે પૂર્ણ આત્માની પ્રાપ્તિ–મુક્તિ એ ભક્તિનું ફળ છે. આ ભક્તિ. સમજાણું કાંઈ? ૧૩૯ની ટીકા.

**ટીકા : અહીં, સમસ્ત ગુણોના ધરનારા ગણધરદેવ...** મુનિને લીધા છે. સંત–સાધુના ટોળા, એના માલિક (અર્થાત્) ધરનારા. ગણધર—અનંત અનંત ગુણોના ધરનારા અને ગુણના ધરનારા સંતોના ધરનારા. આહાહા! **સમસ્ત ગુણોના ધરનારા ગણધરદેવ વગેરે...** 'વગેરે' છેને શબ્દ? **जोण्हकहियतच्चेसु... જિનમુનિનાથોએ...** એકલા ગણધર નહીં પાછા, જેટલા વીતરાગી સંતો અનંત કાળમાં અનંતા થયા, અત્યારે છે ને ભવિષ્યમાં થશે. આહાહા! એવા જિનમુનિ... વીતરાગીદશાને પ્રાપ્ત એવા જિનમુનિનાથોએ... જિન નામ મુનિના નાથ, આચાર્યો આદિ. **કહેલાં તત્ત્વોમાં...** ... મુનિઓ વડે... કુંદકુંદાચાર્યાદિ... પોતે ..... એમ નાખ્યું. જિનમુનિનાથ એટલે પોતે કુંદકુંદાચાર્ય એમાં ભેગા આવી ગયા. એટલે કે કુંદકુંદાચાર્ય 'હું કહું છું' એમ ન કહેતા, આહાહા! મારું માનવું એમ ન કહેતાં, જિનમુનિનાથોએ કહ્યું છે કહે છે. પોતે જિનમુનિનાથ નથી? આહાહા!

**જિનમુનિનાથોએ કહેલા તત્ત્વોમાં વિપરીત** આગ્રહ રહિત–**અભિનિવેશ રહિત...** અજ્ઞાનીઓ જે અનેક પ્રકારના ઉલટા તત્ત્વો કહ્યા એના આગ્રહ રહિત **આત્મભાવ...** પાઠમાં છેને. એ ભાવ. ભગવાને આત્મતત્ત્વ પૂર્ણ કહ્યું અને એની સંવર-નિર્જરાની સાધકદશા હજી અપૂર્ણ છે એને અહીંયા નિજભાવ કહે છે. સમજાય છે કાંઈ? આ ત્રિકાળીની વાત નથી. **णियभावो सो हवे जोगो** એમ છેને? આહાહા! અંદર નિર્દોષ પર્યાય, અનાકુળ આનંદની પર્યાય એ નિજભાવ છે–એ પોતાનો ભાવ છે. રાગાદિ પોતાનો ભાવ નથી. ભારે વાતું ભાઈ! સમજાણું કાંઈ? જેને જન્મ-મરણના ફેરા ટાળવા હોય એનો ઉપાય શું એની વાત ચાલે છે. ચોરાશીના અવતાર કરીને દુઃખી.. દુઃખી.. દુઃખી છે. આહાહા!

ત્યાં તો સાંભળ્યું હતું, જેઠાભાઈનો દીકરો મરી ગયો એ. જેઠાલાલ સંઘવી. કાલ સાંભળ્યું હતું. લગ્ન ત્યાં હતાને ઓલા સંઘરાજકામાં. અમારું ૮૦નું ચોમાસું હતું ત્યાં બોટાદ. તે દિ' ત્યાં જન્મ હતો. ૮૦નું ચોમાસું હતુંને, મોટું ચોમાસું હતું. સભા મોટી. હજાર-હજાર, પંદરસો માણસ. જેઠાભાઈને છોકરું નહોતું. જેટલા દિ' પાંચમ, આઠમ, અગિયારસ, પાંખીના પ્રૌષધ થાય જેટલા એનામાં બધાને લાડવા ને ગાઠિયા સવારમાં. પૂનમ, પાંચમ, આઠમ ને

અગિયારસ. એમાં છોકરું થયું ક્યાંક. આ પણ પાછો ગુજરી ગયો લ્યો. આહાહા! શું છે આ જગતની જાળ? ભારે. સાચવવામાં થાય દુઃખ. પણ શેના દુઃખ? જેની મુદ્દત થઈ એની.... આહાહા! જેણે આત્માના જોડાણ કર્યા નથી એને સંસારના જોડાણમાં રખડવાનું છે. આહાહા! સમજાણું કાંઈ? કેમકે ભવિષ્યમાં આત્મા અનંત કાળ રહેવાનો છે.

હવે જે રાગના રસિયા રાગના રસમાં પડ્યો છે એ તો ત્યાં ને ત્યાં રહેશે એનો ભવિષ્યકાળ. આહાહા! અને જેને રાગના રસિયાપણું છોડીને આત્મરામનું રસિકપણું કર્યું હશે તો ભવિષ્યમાં ત્યાં જ રહેશે અનંતકાળ. સમજાણું કાંઈ? આહાહા! જે સંયોગીભાવમાં પ્રેમથી પ્રીતિયું કરીને જોડાણા છે એ તો ભવભ્રમણમાં એમ ને એમ રહેશે. આહાહા! જેણે રાગના રસિયાની રમતું છોડી દીધી છે, આહાહા! અને આતમરામ સાથે જેણે રમતું માંડી છે, એનું ભવિષ્ય આતમરામમાં રહેવાનું (અનંત કાળ). એકાદ-બે ભવ રાગ હોય તો એ રાગમાં નથી, એ પોતાની ભક્તિમાં છે. આહાહા! અને જેણે રાગની રમતું સેવી છે, રાગના રસિયા ભવિષ્યકાળમાં રાગમાં રહેનારા છે. ભવભ્રમણમાં રહેનારા છે એમ કહે છે. અનાદિ-અનંત ભગવાન છે તો જ્યાં એની રુચિ છે ત્યાં તે રહેવાનો છે. પોપટભાઈ! આહાહા!

અહીં તો કહે છે કે **જૈનમુનિનાથોએ કહેલાં તત્ત્વો**... આહાહા! આત્મા પૂર્ણ અખંડાનંદ. પર્યાયમાં સંવર ને નિર્જરાની દશા, પર્યાયમાં આસ્રવ ને પુણ્ય-પાપની અવસ્થા—એવું જે તત્ત્વ ભગવાને કહ્યું, એના આગ્રહ રહિત... જગતના કહેલા તત્ત્વો જગતના પ્રાણીઓએ જોયા નથી અને તત્ત્વની વાતું કરી છે એનો આગ્રહ છોડી દેજે. જેણે જોઈને કહ્યું એનો આગ્રહ કરજે હવે. ભાઈ! સમજાય છે કાંઈ?

ઓલામાં એક આવે છે, 'કંચન ને કામિની ચોકી આડી શ્યામની, રામની રમતને તે જ લૂંટે..' આવે છેને. કંચન ને કામિની ચોકી આડી શ્યામની, રામની રમતને તે જ લૂંટે..' રાગના ભાવની રમતું આત્માના લૂંટારા છે બધા. આહાહા! જેણે આત્માની રમતું માંડી અંદરમાં, ભગવાન સાથે પ્રેમ કર્યો, ત્રિલોકનાથ આત્મા સાથે હોં, એની જે ભક્તિ (અર્થાત્) નિર્દોષ–વિકારરહિત આત્મભાવ–પર્યાય એને આત્મભાવ કીધો છે અહીં. સમજાય છે કાંઈ? એની વીતરાગી આત્માની પર્યાયને આત્મભાવ કહ્યો છે અહીં. એને નિજભાવ કહ્યો છે. પર્યાયનું વર્ણન છેને અહીંયા. કુંદકુંદાચાર્યનો આ ગ્રંથ જ આખો પર્યાયનો છે. નિયમસાર એટલે પર્યાય. અને પોતે પોતાની ભાવના માટે આ ગ્રંથ બનાવ્યો છે. આહાહા!

શ્રોતા : ભાવના દ્રવ્ય હશે કે પર્યાય?

પૂજ્ય ગુરુદેવશ્રી : શું હશે એ? પર્યાય હશે? આ શું કહે છે? આહાહા! કીધુંને આ. આત્મભાવ... પાઠમાં એ છે **णियभावो**.. પૂર્ણાનંદ પ્રભુ એમાં જેણે વર્તમાનદશાને જોડી છે

અથવા વર્તમાન વિકાર રહિત નિર્વિકારી દશામાં આત્માને લાવ્યો છે, સ્થાપ્યો છે. આહાહા! સંતોની વાણી તો જુઓ! માર્યા શબ્દના બાણ, રામબાણ.

કહે છે, ભગવાન! એક વાર સાંભળને! તારું પ્રભુત્વપણું–ભગવાનપણું પૂર્ણ પડ્યું છે તારામાં. એમાં આશ્રય કરીને જે નિર્વિકારી–નિર્દોષ પર્યાય—આનંદના સ્વાદ સહિતની સ્વચ્છતા ને પવિત્રતા પ્રગટ થાય એ આત્માનો ભાવ છે. કહો, સમજાણું કાંઈ? એ પર્યાય એ આત્મભાવ છે. ભોગવવું તો એ છે. માલ ગમે તેટલો પડ્યો હોય કોઠીમાં, પણ જે ઘઉંના દાણાનો લોટ થઈ રોટલી થાય એ ખાવામાં આવે. એમ અંદરમાં આનંદાદિ ગમે તે ભર્યો હોય કોઠીમાં, આહાહા! પણ એમાં સન્મુખ–અભિમુખ થઈને નિર્દોષ–વિકાર રહિત પર્યાય પ્રગટ થાય એને પરમેશ્વર, કુંદકુંદાચાર્યદેવ આત્માનો નિજભાવ કહે છે. આહાહા! એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની વીતરાગી પર્યાયને ભગવાન નિજભાવ કહે છે. રાગાદિ વિકલ્પ ઉઠે એ નિજભાવ નહીં, એ અપેક્ષાએ વાત કરે છે. સમજાણું કાંઈ? આહા! તીર્થંકરદેવની ભક્તિનો વિકલ્પ ઉઠે એ નિજભાવ નહીં, એ પરભાવ છે. સમજાણું કાંઈ? આહાહા!

અરે! એના માપ એને કોઈ દિ' ન આવ્યા. આખો આનંદનો ડુંગરો પડ્યો રહ્યો પોતે. આહાહા! આનંદરૂપી રત્ન. અહીં તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાયને રત્ન કીધા. આ ભાવ જે નિજભાવ એને–પર્યાયને રત્ન કીધા. એવી-એવી અનંતી પર્યાયનો પિંડ ભગવાન બિરાજે છે અંદર, એનું શું કહેવું! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને રત્નત્રય કહ્યા. આહાહા! એના ફળરૂપે મુક્તિ, એ તો રત્નનું ફળ આવ્યું. એવા અનંતા રત્નને ધરનાર આત્મા એનું શું કહેવું! મહા રત્નની ખાણ છે એ તો. આહાહા! સમજાણું કાંઈ?

**આત્મભાવ તે જ નિશ્ચય-પરમયોગ છે,** પાછું એમ. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા... એને–વર્તમાન પર્યાયને અંતરમાં વાળતાં... પર્યાયને વાળતાં એટલે આ પર્યાય છે એને વાળું છું એમ નથી. એ તો ભેદ પડી ગયો. પણ વળી જાય છે આમ વાળતાં. ભગવાન પૂર્ણાનંદનો નાથ બિરાજે છે પોતે. ત્રિલોકીનાથે પણ વખાણ કરતાં કરતાં (એની) વાણીમાં પૂરો ન આવ્યો એવો છે. સમજાણું કાંઈ? એની સામું મીટ માંડીને, ત્રિકાળી જ્ઞાયકભાવ પરમાત્મા પોતે તેને ધ્યેય બનાવીને, જે ધ્યાનની પર્યાય પ્રગટ થઈ એને અહીંયા આત્માનો ભાવ કહે છે અને એ નિશ્ચય પરમયોગ છે. એ આત્માએ સાચું જોડાણ કર્યું. સાચેસાચો, સત્‌ની સાથે સત્‌ની પર્યાયને જોડી. આહાહા! સમજાણું કાંઈ? એને નિશ્ચય-પરમયોગ છે, એમ ભગવાન, સંતોએ કહ્યું છે. આહાહા! એ તો (ભૂમિકા) થઈ. હવે વિશેષ કહે છે.

**અન્ય સમયના તીર્થનાથે કહેલા...** આહાહા! સર્વજ્ઞદેવ પરમેશ્વર પૂર્ણ પરમાત્મા, જેને આત્મલબ્ધિ પૂર્ણ થઈ ગઈ છે, એવા પરમાત્માએ જે કહ્યું એનાથી વિરુદ્ધ અન્ય સમય... ઝીણી વાત છે. આહા! વીતરાગ પરમેશ્વરે કહ્યા સિવાય **અન્ય સમયના તીર્થનાથે કહેલા...** ઝીણી વાત

છે હોં ભગવાન. એમાં એમ પણ કહેવા માગે છે કે અન્ય સમય એટલે પરમાત્મા અને અમે સંતો જે તત્ત્વો કહીએ છીએ એનાથી વિરુદ્ધ કહેલા તત્ત્વોવાળા છે જગતમાં. એ વખતે તો શ્વેતામ્બર સંપ્રદાય નીકળી ગયેલો હતો. ભાઈ! નીકળી ગયેલો હતો, એટલે એ અન્ય સમયમાં જાય છે. શાંતિથી વિચારવાનું છે બધું. એમનું આચાર્યનું હૃદય આ છે. એનાથી માંડીને બીજા જેટલા કહેનારા બધાય અન્ય સમયના તીર્થનાથે કહેલું છે. આહાહા! બહુ આકરું લાગે.

જે પક્ષમાં જન્મ્યો હોય એ પક્ષના..... એય શાંતિભાઈ! આ અમારા શાંતિભાઈ આવ્યા છે. એમના ભાઈ વળી ત્યાં જોડાણા, આ વળી અહીં જોડાણા. આહાહા! આવી આતમની રમતુંની વાતું, બાપા!... ક્યાંથી આવે? સમજાણું કાંઈ? સર્વજ્ઞના માર્ગમાં આ વાત છે એમ કહે છે. એમણે કહેલો આત્મા, એમણે કહેલો સંવર, એમણે કહેલી નિર્જરા, એમણે કહેલો મોક્ષ અને એમણો કહેલો આસ્રવ, પુણ્ય-પાપ ને બંધ. શ્રીમદ્‌માં આવે છેને ભાઈ! 'હે નાથ! આપે કહેલા દયા-દાનને મેં ઓળખ્યા નહીં.' ક્ષમાપના પાઠ. આપે કહ્યા. દુનિયા કહે એમ નહીં. સમજાણું કાંઈ? આ વીતરાગ પરમાત્મા સનાતન જૈનદર્શન એના મુનિનાથો–દિગંબર સંતો... આહાહા! એમ કહેવા માગે છે હોં અંદર.

એ સિવાય અન્ય સમયના માર્ગના કહેનારા એના પંથના આચાર્યો આદિ **(–જૈનદર્શન સિવાય અન્ય દર્શનના તીર્થપ્રવર્તકે કહેલા) વિપરીત પદાર્થમાં અભિનિવેશ...** આહાહા! એ ગિરધરભાઈ! બહુ આકરી વાત છે. વાડામાં પોસાણા હોયને... આહાહા! દિગંબરો સંતોની કથની એકધારી, નિર્મળાનંદને પ્રગટ કરીને પૂર્ણને પ્રાપ્ત કરે એવી એકધારા છે. એવી વાત બીજે ક્યાંય નથી. આહાહા! **વિપરીત પદાર્થમાં અભિનિવેશ** એટલે **દુરાગ્રહ તે જ વિપરીત અભિનિવેશ–**અભિપ્રાય **છે.** આહાહા! સર્વજ્ઞ મુનિઓએ કે ગણધરાદિ... ગણધરાદિનું નામ લીધું પોતાના ભાવમાં. સમજાય છે? આમ તો સમુચ્ચય છે ત્યાં. ..... એમ છેને સાધુ જોડે. પણ અર્થ કરતાં ગણધરને લીધા. આહાહા! પાઠમાં એમ છેને અહીંયા તો **जोण्हकहियतच्चेसु**.. ૧૩૯ (ગાથા). જૈનોએ કહેલા તત્ત્વ. જૈન એ કોઈ પક્ષની વસ્તુ નથી, એ કોઈ સંપ્રદાય જૈન છે એમ નથી. એમણે જે કહ્યું તત્ત્વ, એ સ્વરૂપ જ એવું છે. સર્વજ્ઞપણાથી કહ્યું છે. ગણધરોએ તે રચ્યું છે અને તે પ્રાપ્ત કર્યો છે. સમજાણું કાંઈ? આહાહા!

એનાથી વિપરીત જે અભિનિવેશ **તેનો પરિત્યાગ કરીને...** પહેલેથી એમ લીધું છે. આહાહા! કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રે કહેલા તત્ત્વ (એને) પહેલું છોડી દેવું. પહેલું છોડવું પડશે. કહો, મગનભાઈ! હવે અપૂર્ણ છે કે નહીં બીજે? અમારે ઘણા વર્ષ પહેલા વાત થતી, ૩૦-૩૫ વર્ષ પહેલા. શ્રીમદ્‌માં આવે છેને. અપૂર્ણ આવે છે. બીજા માર્ગને અપૂર્ણ કહીએ. ખોટા..... માર્ગ તો એમ જ છે બાપા! હોં. એ કોઈને એવું લાગે, (પણ) સત્ય તો એક પૂર્ણ સત્ય આ એક જ છે.

જૈન દિગંબર સંતોએ કહ્યું એ એક જ પરમ સત્ય છે. આજ બેસે, કાલ બેસે કે પછી બેસે, આ જ (બેસાડ્યે) છૂટકો છે. સમજાણું કાંઈ?

આચાર્ય પોતે નામ નાખ્યું છેને. **जोण्हकहियतच्चेसु** છેને પાઠમાં. જૈનો, ગણધરો(એ કહેલા) તત્ત્વો આદિ... તો કુંદકુંદાચાર્ય કહે છે કે હું પણ ભેગો છું એમાં. અમે કહેલા તત્ત્વોથી જે વિરુદ્ધ પદાર્થ છે, ભાઈ! તારે (એની) શ્રદ્ધા છોડવી પડશે. સમજાણું કાંઈ? વળી એમ કહ્યું. ... આ તો કાંઈ બીજી જાત છે. આ તો ખાસ સર્વજ્ઞપણાનું .... અને સર્વજ્ઞની પર્યાયમાં પૂર્ણતા પ્રાપ્ત થતાં, પૂર્ણ (આત્મા)ને જાણતાં એ બધું જણાઈ ગયું ભેગું. એમણે કહેલા તત્ત્વોને ગણધરોએ ઝીલ્યા. કુંદાકુંદાચાર્ય ત્રીજે નંબરે આવે છે. 'મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમોગણી..' ગણધરનું નામ લઈ પછી પોતે આવ્યા છે. 'મંગલં કુંદકુંદાર્યો.' એમણે જે નિર્મળધારા, સર્વજ્ઞના કેડાયતથી જે કહી છે એવી બીજે ક્યાંય છે નહીં.

એટલે કહે છે, વિપરીતતાને છોડી દઈને **જૈનોએ કહેલાં તત્ત્વો...** જૈનો એટલે આ ગણધરો, મુનિ ને કુંદકુંદાચાર્યાદિ. જિને કહેલા એમ નથી કીધું ભાઈ! જૈનોએ કહેલાં. એનો અર્થ કે ગણધર ને સંતોએ કહેલાં, એમ. જિને વીતરાગે કહેલાં એમ નહીં. સમજાણું કાંઈ? આહાહા! **જૈનોએ કહેલાં...** મુનિઓ ગણધરો આદિ જે અંદરમાં છઠ્ઠું, સાતમું ગુણસ્થાન ઝૂલતા હતાં, સાક્ષાત્ મોક્ષની પ્રાપ્તિની તૈયારી હતી. એવા સંતોએ કહેલાં તત્ત્વો **નિશ્ચયવ્યવહારનયથી જાણવાયોગ્ય છે.** હવે આ વાત આવી ભેગી. કે નિશ્ચયને ઠીક કહે એ જાણવાયોગ્ય છે, પણ વ્યવહારનયથી એ જાણવાલાયક છે. એની પર્યાય વ્યવહાર છે એ જાણવાલાયક છે. એમ આવ્યું કે નહીં એમાં?

દ્રવ્ય નિશ્ચય છે અને પર્યાય વ્યવહાર છે. અને રાગાદિ એ તો અસદ્ભૂત વ્યવહાર છે એ તો એકકોર રાખો. આહાહા! સંતોએ શાંતિના માર્ગને વેદીને જે તત્ત્વ કહ્યાં, એ નિશ્ચય-વ્યવહારનયથી જાણવાયોગ્ય છે. **बोद्धव्या..** છેને. **निश्चयव्यवहारनयाभ्यां बोद्धव्यानि..** સંસ્કૃત છે. પંડિતજી! સંસ્કૃતમેં હૈ. ભાઈ! વ્યવહારનયને જાણવાનું શું કામ છે? એક જ રાખોને નિશ્ચય. પણ વ્યવહારને જાણ્યા વિના એની પર્યાય કેવડી, ક્યાં છે, કેમ છે... સમજાણું કાંઈ? જાણવામાં ભડકે એ. એને તો નિશ્ચય-વ્યવહાર એકેયની ખબર નથી. એય! આહાહા!

શ્રોતા : પ્રમાણ ... હોય ત્યારે જ નિશ્ચય.....

પૂજ્ય ગુરુદેવશ્રી : એ તો બે થઈને પ્રમાણ છેને. એ આપણે અર્થમાં આવે છે નહીં? સમયસારના ભાવાર્થમાં. દરેક જ્ઞાનનું લક્ષ કરીને સમકિત હોય છે. ભીખાભાઈ! ભાવાર્થમાં આવે છે. કથંચિત્ દરેક જ્ઞાનના પક્ષનું લક્ષ કરી સમકિત હોય છે. .... દરેક પક્ષનું. આવે છે, ભાવાર્થમાં ભાઈએ ભર્યું છે. સમજાણું કાંઈ?

ત્રિલોકનાથના મુખેથી જે દિવ્યધ્વનિ આવી, એના ગણધરોએ, સંતો જૈનોએ અંતર પરિણમાવી અને એમણે કહેલા તત્ત્વો એને નિશ્ચય-વ્યવહારથી જાણવાયોગ્ય છે. 'વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે' એ કહ્યું છેને. બારમી ગાથા. એનો અર્થ શું થયો? વ્યવહાર જાણવાલાયક છે. જાણવાલાયક ન હોય તો... જ્ઞેય છે એ બધા જાણવાલાયક છે. સમજાણું કાંઈ? બધા જ્ઞાનમાં જાણવાલાયક છે. આહાહા!

ભગવાને, મુનિઓએ કહેલાં તત્ત્વો, નિશ્ચયથી અને વ્યવહારનયથી... નિશ્ચયમાં સ્વાશ્રય પણ નિશ્ચય આવે અને આત્મા સિવાય પર એ વ્યવહાર આવે. આત્મામાં ને આત્મામાં કહેવું હોય તો દ્રવ્ય તે નિશ્ચય આવે ને પર્યાય તે વ્યવહાર આવે. આમ પરની અપેક્ષાએ પર એ વ્યવહાર અને સ્વની અપેક્ષાએ બધો દ્રવ્ય-ગુણ-પર્યાય તે નિશ્ચય. આમ (પ્રમાણમાં) આવતાં રાગ તે પર અને નિર્મળ પર્યાય તે સ્વ. આમ આ નિશ્ચય અને આ વ્યવહાર. આમ (અભેદમાં) આવતાં પર્યાય વ્યવહાર ને દ્રવ્ય નિશ્ચય છે. સમજાણું કાંઈ? શું કીધું એ?

નિશ્ચય-વ્યવહારના પ્રકારો કહ્યા. નિશ્ચય સ્વ દ્રવ્ય-ગુણ ને પર્યાય નિશ્ચય એ સ્વ. આ એનો રાગ એ સ્વ. પરની અપેક્ષાની વાત છેને. અને રાગનું પરિણમન તો, ગણધરો પણ જાણે કે આ કર્તૃત્વ મારું છે. ૪૭ નયમાં એ ન આવ્યું? ભાઈ! ૪૭ નય. રાગનું પરિણમન છે એ ગણધર જાણે છે કે છે આ. પરિણમન મારી પર્યાયમાં છે. કરવાલાયક છે એમ નહીં, પણ પરિણમન છે તેને કર્તાનય તરીકે જાણવાલાયક છે. કર્તવ્ય નહીં, પણ કર્તૃત્વ છે એને જાણવાલાયક છે. આહાહા! ભારે વાતું ભાઈ! ૪૭ નયમાં (વાત) આવી છેને.

શ્રોતા : આ તો મુંઝાવે. નિશ્ચય, વ્યવહાર, કેટલા વિકલ્પ.......

પૂજ્ય ગુરૂદેવશ્રી : મૂંઝવણ નીકળવાની વાત છે. મૂંઝવણ કેવી એને? એમ કે આ બધા ભંગ પાડેને..... કહ્યુંને, સ્વની અપેક્ષાએ આખો આત્મા દ્રવ્ય-ગુણ પર્યાય આ સહિત એ નિશ્ચય અને પર તે વ્યવહાર. બાકી આમ જતાં રાગ તે વ્યવહાર અને નિર્મળ પર્યાય સહિત દ્રવ્ય તે નિશ્ચય. પછી (નિર્મળ) પર્યાય તે વ્યવહાર ને ત્રિકાળી તે નિશ્ચય. ... હવે ત્યાં અર્થ કર્યો છે. ત્યાં છેલ્લો પોઈંટ છે. કહો, સમજાણું કાંઈ? કહો, કાંતિભાઈ! આહાહા! અનેકાંત પોતે જ એકાંત છે. ... એકાંત છે.

**જૈનોએ કહેલાં તત્ત્વો નિશ્ચય-વ્યવહારનયથી**... પાઠમાં છે ખરુંને. **जोण्हकहियतच्चेसु**.. 'જાણવું' એમ એનો અર્થ. ત્યારે તે .... જાણે છે એમ કહેવાયને. નિર્મળ પર્યાયમાં જોડાવું કે નિર્મળ પર્યાયને દ્રવ્યમાં જોડવી. પર્યાયનું જ્ઞાન હોય ત્યારે પર્યાય નામ થાયને. છતાં અહીં 'પર્યાય છે ને જોડવું' એમેય નથી. આહાહા! ગજબ વાત છે. એ તો કથનીમાં એમ આવે. પણ ભગવાન આત્મા જ્યાં અંતર્મુખ જોયો તો પર્યાય ત્યાં વળી. ત્યાં 'વાળું છું' એમ નથી. આહાહા! સમજાણું કાંઈ? એ જાણવાયોગ્ય છે. **बोद्धव्या**..

**સકલજિન એવા ભગવાન તીર્થાધિનાથનાં...** હવે કહે છે હોં. ગણધર, મુનિ, શ્રાવક આદિ. સમજાણું? અહો! સકલજિન—**દેહ સહિત હોવા છતાં તીર્થંકરદેવે રાગદ્વેષ અને અજ્ઞાનને સંપૂર્ણ રીતે જીત્યા છે તેથી તેઓ સકલજિન છે.** દેહ સહિત છેને ત્યાં. આહાહા! **સકલજિન એવા ભગવાન તીર્થાધિનાથનાં...** તીર્થના અધિનાથ ભગવાન પરમાત્મા. અરે! **ચરણકમળના ઉપજીવકો...** એને જૈનો કહ્યા છે. વીતરાગ પરમાત્મા સર્વજ્ઞદેવ... પહેલી ગાથામાં આવી ગયું, નિયમસારમાં પહેલામાં આવી ગયુંને. ચોથીમાં? ઉપકારનું નહીં? (છઠ્ઠી ગાથા પછીનો) શ્લોક છે, (પાનું ૧૫). **ઇષ્ટફળની સિદ્ધિનો ઉપાય સુબોધ છે...** છે? વિદ્યાનંદસ્વામીનો શ્લોક છે, શ્લોકવાર્તિક. એ બ્રાહ્મણ હતા પહેલા. બ્રાહ્મણમાંથી પછી ભાન થયું કે ઓહો! માર્ગ તો બીજો હતો. ત્યારે પછી મુનિ થયા. મુનિ થઈને તત્ત્વાર્થસૂત્રની શ્લોકવાર્તિક ટીકા બનાવી છે.

**ઇષ્ટફળની સિદ્ધિનો ઉપાય સુબોધ છે...** સમ્યગ્જ્ઞાન, સાચા ફળની સિદ્ધિનો ઉપાય તો સમ્યગ્જ્ઞાન છે. સમજાણું કાંઈ? ઇષ્ટફળની સિદ્ધિ એનો ઉપાય સમ્યગ્જ્ઞાન, મુક્તિનો ઉપાય સમ્યગ્જ્ઞાન, એમ. મુક્તિની પ્રાપ્તિનો ઉપાય સમ્યગ્જ્ઞાન છે. એ માટે તો સમ્યગ્જ્ઞાન લીધું. (દર્શન) છે, પણ દર્શનને ખબર ક્યાં છે? હું સમકિત છું કે નથી એ સમકિતને ક્યાં ખબર છે? એ તો જ્ઞાનને ખબર છે. **સુબોધ સુશાસ્ત્રથી થાય છે...** એ સુબોધ–સમ્યગ્જ્ઞાન સાચા શાસ્ત્રથી થાય છે. એય ભીખાભાઈ! **સુશાસ્ત્રની ઉત્પત્તિ આપ્તથી થાય છે...** આહાહા! હિતને કહેવાવાળા એવા આપ્ત પુરુષો એના મુખકમળથી નીકળેલ સુશાસ્ત્ર છે. શાસ્ત્રની ઉત્પત્તિ પરમાત્માના મુખથી થાય છે. પછી 'આપ્ત' શબ્દ લીધો. **માટે તેમના...** ઓલું છેને, એમાં તો સમકિતીને પણ આપ્ત કહ્યા છે ભાઈ! અધ્યાત્મપદસંગ્રહ, દીપચંદજી. ત્યાં હિતને માટે કબૂલ કરવાલાયક એમ કરીને વ્યાખ્યા બાંધી છે.

**માટે તેમના પ્રસાદને લીધે આપ્ત પુરુષ બુધજનો વડે...** એવા આપ્ત પુરુષો હિતને માટે માનવાલાયક છે. આહાહા! એવા પુરુષો બુધજન વડે... જોયું! જેને વિવેક પ્રગટ્યો છે એવા વડે **પૂજવાયોગ્ય છે.** આહા! **(મુક્તિ સર્વજ્ઞદેવની કૃપાનું ફળ હોવાથી...** ચંદુભાઈ! શું નાખ્યું આમાં? **(મુક્તિ સર્વજ્ઞદેવની કૃપાનું ફળ હોવાથી...** નિમિત્ત છેને એ. **સર્વજ્ઞદેવ જ્ઞાનીઓ વડે પૂજનીય છે, કેમ કે કરેલા ઉપકારને સાધુ પુરુષો (સજ્જનો) ભૂલતા નથી.**

શ્રોતા : એક બાજુ આમ કહે કે કોઈ કોઈને ઉપકાર કરે નહીં અને અહીં કહે છે એ ઉપકારને ભૂલે નહીં.

પૂજ્ય ગુરુદેવશ્રી : એ ઉપકાર વ્યવહાર છે. છેને વ્યવહાર એવો? વ્યવહાર નથી? વ્યવહાર આશ્રય કરવાલાયક નથી એ જુદી વાત છે. વ્યવહાર છેને. ભૂલતા નથી. છેને એ... પોતે બ્રાહ્મણ હતાં. (મુનિ) શાસ્ત્ર વાંચતાં હતાં એમાંથી.... આ શું? આવું તત્ત્વ? સ્વાધ્યાય કરતાં હતાં કોઈ દિગંબર મુનિ, એમાં પોતે નીકળ્યા. આ શું કહો છો? ઓહો! ..... આ શું કહો

છો? એકદમ સાધુ થઈ ગયા. આવો માર્ગ! આહાહા! પછી આ શ્લોકવાર્તિક બનાવ્યું. એમનું આ કાવ્ય છે. સમજાણું કાંઈ? **કેમકે કરેલા ઉપકારને સાધુ સજ્જનો ભૂલતા નથી.**

શ્રીમદ્દે ત્યાં સુધી કહ્યું, 'તે તો પ્રભુએ આપિયો..' ભક્તિના વચનો હોય છેને બહુમાનના એટલે (કહ્યું), આપે આપ્યો અમને. આપ્યો અપાતો હશે? વ્યવહારથી બહુમાન વિનયમાં એવા શબ્દો આવે. એ માયા નથી. (કોઈ) એમ કહે, તમે કહો કે ગુરુથી લાભ થાય નહીં, કારણ કે નિમિત્ત છે અને વળી તમે કહો કે પ્રભુ! આપનાથી લાભ થયો.—એ માયા નથી? એમ આવ્યું છે લ્યો. તમારા હિન્દી પ્રાન્ત તરફથી આવ્યું છે. માયા નથી.

શ્રોતા : એવી ઈચ્છા....

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ ખોટી વાત.......

શ્રોતા : કોઈ મિથ્યાદૃષ્ટિએ મનાવ્યો.....

પૂજ્ય ગુરૂદેવશ્રી : કેવળી વિનય કરે ભગવાન... એ આપણે કીધું હતું. (સંવત) ૯૫માં અર્થ કર્યો હતો. એ ગુરુ પૂર્વે હતા એનું જ્ઞાન થયું એમાં. કેવળીને વિનય કેવો? કેવળી પૂર્ણ થઈ ગયા. આહાહા! તીર્થંકર જ્યારે દીક્ષા લ્યે ત્યારે સિદ્ધને નમન કરે છે. મુનિપણું લેવું છેને. બીજાને ન કરે. 'ણમો સિદ્ધાણં' કહી... આહાહા!

**સકલજિન એવા ભગવાન તીર્થાધિનાથના ચરણકમળના ઉપજીવકો...** (અર્થાત્) ભગવાનના ચરણકમળના પાસા સેવનારા, સમીપ રહીને જીવનારા, એમ કહે છે. ઉપજીવકો–સેવા કરનારા. સેવા કરનારા (એટલે) પગ દાબતા હશે? પગ જ ક્યાં એને હતા? એમણે કહેલા તત્ત્વોને માનનારા એ સેવા કહેનારા કહેવાય છે. આહાહા! સેવક છે એ. ઓહોહો! તીર્થાધિનાથ ભગવાન તીર્થંકરદેવના **જૈનો**–ધર્મીઓ એ તો સેવક છે એના. આહાહા! પાઠ છેને. **पादपद्मोजीविनो जैनाः**.. ચરણકમળના, એમ. પાદપદ્મ એટલે ચરણકમળ. અર્થ થઈ ગયોને. પદ્મ એટલે કમળ, પાદ એટલે પગ, ચરણકમળના ઉપજીવી **जैनाः**.. આહાહા!

પ્રવચનસારની પાંચ ગાથામાં એ પણ લીધું. જેનું નામ સ્મરવું એ પણ લાભદાયક છે. પ્રવચનસાર, પાંચ ગાથા. એમાં નામ આવ્યુંને. જેનું નામ યાદ કરતાં પણ, વસ્તુસ્વરૂપ શું છે એ ખ્યાલમાં આવી જાય છે. એવા **ચરણકમળના ઉપજીવકો તે જૈનો છે; પરમાર્થે ગણધરદેવ વગેરે એવો તેનો અર્થ છે.** વગેરે હોં, એકલા ગણધરો નહીં. કુંદકુંદાચાર્ય વિગેરે એમાં આવી જાય છે. **તેમણે (-ગણધરદેવ વગેરે જૈનોએ) કહેલાં જે સમસ્ત જીવાદિ તત્ત્વો...** જોયું! જીવાદિ તત્ત્વો બધા **તેમાં જે પરમ જિનયોગીશ્વર નિજ આત્માને જોડે છે...** એમ છે. પર્યાય નહીં, નિજ આત્માને એમાં જોડે છે. **તેનો નિજભાવ જ પરમ યોગ છે.** એ નિજપર્યાય એ જ પરમભાવ છે, નિજભાવ જ પરમયોગ છે, વીતરાગી દશા એ જ પરમયોગ ને નિજભાવ છે. પુરું થયું એ.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**કારતક વદ-૧૪, સોમવાર, તા. ૪-૧૨-૧૯૭૨**
**ગાથા-૧૩૯-૧૪૦, શ્લોક-૨૩૦, પ્રવચન નં. ૧૬૫**

નિયમસાર, પરમ ભક્તિ (અધિકાર). ભક્તિ એનું સ્વરૂપ છે. અહીં આવ્યું છે જુઓ! ૧૩૯ ગાથા. ૨૭૨ પાનું છેને. જૈનો કોને કહેવાય ને જૈનોએ શું કહ્યું છે—એ વાત ચાલે છે. જૈનો, જે તીર્થાધિનાથના ચરણકમળના સેવક છે એને જૈન કહીએ છીએ. જેમને સર્વજ્ઞ વીતરાગદશા પૂર્ણ પ્રગટ થઈ છે, જે પરમ અતીન્દ્રિય આનંદના ભોક્તા છે, સો ઈન્દ્રના એ પૂજ્ય છે—એવા સર્વજ્ઞ વીતરાગ એમના ચરણકમળના સેવકો (અર્થાત્) એમણે કહેલો (ઉપદેશ) એ અનુભવમાં લઈને માનનારા આચાર્ય મહારાજ એ એમના સેવક કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? એવા એ જૈનો એટલે **પરમાર્થે ગણધરદેવ.** જૈનની વ્યાખ્યા કરી, પરમાર્થે ગણધરદેવ, કુંદકુંદાચાર્યાદિ સંતો. **એવો એનો અર્થ છે.**

**તેમણે (-ગણધરદેવ વગેરે જૈનોએ) કહેલાં જે સમસ્ત જીવાદિ તત્ત્વો...** જુઓ! અહીં તો જીવાદિ સાતેય તત્ત્વો આવ્યા. જીવ, અજીવ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ ને મોક્ષ. પુણ્ય-પાપ આસ્રવમાં આવી ગયા. **કહેલાં જે સમસ્ત જીવાદિ તત્ત્વો...** જીવસ્વરૂપ પરમાર્થે પરમાનંદમૂર્તિ એવું જીવતત્ત્વ, એનો આશ્રય લઈને પ્રગટ થયેલી યોગભક્તિ-સંવર ને નિર્જરા. સ્વરૂપના આનંદની ભક્તિ એ સંવર-નિર્જરા. એમાં મોક્ષ પણ આવી ગયો, પૂર્ણ પવિત્રતા તે મોક્ષ. એવા ...તત્ત્વમાં અજીવ, આસ્રવ, બંધની નાસ્તિ. સમજાણું કાંઈ? એવા તત્ત્વોને... **જીવાદિ તત્ત્વો...** એમ એનું નામ જીવાદિ તત્ત્વ. અંતર્મુખ ભગવાન આત્મા પૂર્ણાનંદ એ જીવતત્ત્વ. એનો આશ્રય કરીને, સન્મુખ થઈને જે વીતરાગી પર્યાય (થાય). આ જોગભક્તિની વાત છેને. આત્માનો શુદ્ધ ઉપયોગરૂપી વેપાર પ્રગટ થાય એને જોગભક્તિ કીધી. એ સંવર-નિર્જરા સ્વરૂપ છે, શુદ્ધિસ્વરૂપ છે. દ્રવ્ય તદ્દન પૂર્ણ શુદ્ધ છે, એને આશ્રયે સંવર-નિર્જરા પર્યાય પ્રગટી તે અપૂર્ણ શુદ્ધ છે (અને) પૂર્ણ શુદ્ધ મોક્ષપર્યાય.

એવા તત્ત્વોને... ભગવાને કહેલા, ગણધરોએ કહેલા એવા તત્ત્વોને... **તત્ત્વો તેમાં જે પરમ જિનયોગીશ્વર...** એમ કહ્યું છેને? અજીવ, આસ્રવ અને બંધ એમાં આત્માને જોડે એનો અર્થ શું થયો? કે એ આમાં નથી. આહાહા! ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ ચૈતન્યપ્રભુ એની સન્મુખ થઈને જે વીતરાગી દશા—સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના પરિણામ એ યોગ છે. એની ભક્તિ કરવી એમ કીધું (અર્થાત્) એનું આરાધન કરવું. આહા! ભાષાય જુદી જાતની છે. સમજાય છે કાંઈ? આહાહા! પૂર્ણાનંદનો નાથ પ્રભુ પૂર્ણ.. પૂર્ણ, એ જીવાદિ તત્ત્વોમાં જીવ આવ્યું. એની સન્મુખ થઈને નિર્મળ વીતરાગી નિર્દોષ પર્યાય થવી એ સંવર-નિર્જરા. પૂર્ણ થવું, એ લક્ષમાં છે કે આ પૂર્ણ થાય તે મોક્ષ. એવા તત્ત્વની અંદરમાં આસ્રવ, અજીવ ને બંધ એ

નથી એમાં. નવે-સાતે તત્ત્વનું જ્ઞાન એમાં (આવી જાય). સાતેય તત્ત્વનું યથાર્થ (જ્ઞાન)... 'સમસ્ત જીવાદિ તત્ત્વ' એમ કહ્યું છેને. એકલો જીવ એમેય નહીં. આહાહા! આ તો પોતા માટેની વાત છે ભાઈ! દુનિયા માટે નહીં. દુનિયા દુનિયાનું જાણે. સમજાણું કાંઈ?

તારો ભગવાન જીવતત્ત્વ પૂર્ણાનંદસ્વરૂપ એને પડખે ચડીને, સન્મુખ થઈને-અભિમુખ થઈને જે દશા પ્રગટ થાય, એ જીવાદિ તત્ત્વમાં સંવર-નિર્જરા તત્ત્વ આવી ગયું. પૂર્ણ શુદ્ધતા એટલે મોક્ષ. એવા તત્ત્વનું અંતર આરાધન કરતાં, એમાં અજીવ, પુણ્ય-પાપ ને બંધ નથી એવું જે આત્મજ્ઞાન એ જીવાદિ તત્ત્વમાં બધું આવી ગયું. ભારે વાત ભાઈ! **તેમાં જે પરમ જિનયોગીશ્વર**... મુનિની વિશેષ વાત છેને આમાં. પરમ જિન યોગીશ્વર. જેની દશા વીતરાગી યોગ... યોગમાં પણ ઈશ્વર છે.

અંતરના સ્વરૂપના જોડાણમાં જેની દશા બીજા સાધકો કરતાં ઉત્કૃષ્ટ છે, એવા **પરમ જિનયોગીશ્વર નિજ આત્માને જોડે છે...** પોતાના આત્માને નિર્મળ પર્યાય, પરની નાસ્તિ ને સ્વની અસ્તિરૂપ પરિણામ એમાં જે જીવ જોડે છે **તેનો નિજભાવ જ પરમ યોગ છે.** તેનો નિજભાવ જે પર્યાય..., નિજભાવ જ પરમયોગ છે. એ નિજપર્યાય જે થઈ એ જ પરમયોગ ને પરમધર્મ છે. આ તો ઓલા પુણ્ય હોય એટલે પૈસાના ઢગલા થઈ જાય. એમાં ડહાપણ-બહાપણ કાંઈ કામ ન કરે. આમાં છે (પુરુષાર્થ). ધૂળમાં કાંઈ નથી, એ તો એની મેળાએ (આવે). ભિખારા હોય સાધારણ, કરોડો-અબજોપતિ થઈ જાય લ્યો. એ અબજોપતિ એટલે જડપતિ. દુનિયા પાગલ તો એને જ વખાણેને. આહાહા!

પ્રભુ મોટો અંદર પડ્યો છે આનંદનો નાથ. પૂર્ણ અનાકુળ એવા સ્વભાવથી પરિપૂર્ણ ભરેલો તત્ત્વ પરમાત્મા એની જેની ખબરું નથી, એવી લક્ષ્મી જેને અંદર પ્રગટી નથી, એની શું કિંમત છે? એમ કહે છે. સમજાણું કાંઈ? ચક્રવર્તીના રાજ હોય તો એની કિંમત શું? જેના સરવાળા નરકમાં જાવું. આહાહા! છ ખંડના રાજ, છન્નું હજાર સ્ત્રીઓ, સોળ હજાર દેવો તૈનાતમાં. શું પડ્યા? જેણે પોતાનું તત્ત્વ આરાધ્યું નથી અને આવા રાગ-દ્વેષ ને મિથ્યાભ્રમને જેણે સેવ્યા છે, એના પરિણામમાં તો નરક ને નિગોદ છે.

જે જીવો, **જીવાદિ તત્ત્વો તેમાં જે પરમ જિનયોગીશ્વર નિજ આત્માને જોડે છે** એટલે કે વીતરાગી પર્યાયમાં આત્માને જોડે છે, તે જોડાયેલો ભાવ-**તેનો નિજભાવ જ પરમયોગ છે**. બીજો વળી પરમ યોગ છે એમ નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ પરમ યોગ છે એમ નથી, એમ કહે છે. એ પરમાં જોડાણ છે. આહાહા! પોતાનો મહા અપાર-અપરિમિત જ્ઞાનાનંદ સ્વભાવ એવું તત્ત્વ એની સન્મુખ થઈને જેની-વીતરાગી પર્યાયની સેવા કરી, એ યોગી અને એ યોગધર્મનો આરાધક છે. આહાહા! **તેનો નિજભાવ જ**... સ્વભાવ

પરિપૂર્ણ પ્રભુ એને અવલંબે, એને આશ્રયે પ્રગટેલી જે નિર્મળ આનંદદશા એ **નિજભાવ જ પરમયોગ છે**. એ પર્યાય એ જ પરમયોગ છે. આહાહા! કહો, સમજાણું કાંઈ?

માણસને સમજાય (નહીં એટલે) મોટું શું હશે એમ લાગે. આહાહા! મહાપ્રભુ છોને ભાઈ! કહે છે. ચૈતન્યની પર્યાય પૂર્ણ પ્રગટ થાય એ તો પ્રભુ છે જ, પણ આ ત્રિકાળી દ્રવ્ય તો મહાપ્રભુ છે. સમજાણું કાંઈ? એમાંથી તારા પ્રભુની અનંતી પ્રગટ પર્યાયો થાય છે. મહાપ્રભુની પ્રજા કેવળજ્ઞાન એ પ્રભુરૂપી પર્યાય-પ્રભુરૂપી પ્રજા. આહાહા! જેના અંતરની ખાણમાંથી અનંતી પ્રભુતા પ્રગટ થાય છે. એ (અલ્પ) પ્રભુતા પ્રગટ થઈ એને અહીં યોગ કહે છે સાધક(દશા)માં. સમજાણું કાંઈ?

**તેનો નિજભાવ જ પરમ યોગ છે**. સમ્યગ્દર્શનમાં આત્માની પર્યાય નિર્મળ ઓછી છે એમાં આત્માને જોડ્યો એ પરમ જિનયોગીશ્વર નહીં. જેની રમતું આત્મા સાથે માંડી છે, આહાહા! જેની રાગની રમતું અંતરથી છૂટી ગઈ છે, જે આત્માના સ્વભાવના રસિયા થયા છે (અને) રાગના રસિકપણા છૂટી ગયા છે. આહાહા! એવો જે ભગવાન આત્મા એને આવું રસિકપણું જે પ્રગટ્યું છે એની નિજપર્યાયને પરમ યોગ ને પરમધર્મ કહેવામાં આવે છે. આહાહા! અરે! આવી વાતું સાંભળવા મળવી મુશ્કેલ.

અરે! કરવા જેવું જે છે... **नियमेण य जं कज्जं** કહ્યું છેને. નિશ્ચયથી કરવાલાયક હોય તો આવી ધર્મપર્યાય કરવાલાયક છે, એ એનું કર્તવ્ય છે. બાહ્યના કર્તવ્ય કોણ કરે? ભાઈ! એ તો એને કારણે જગતના તત્ત્વો કાર્યરૂપ થઈને પરિણમે છે. એના કાર્યને બીજો શું કરે? રાગરૂપી કાર્ય એ તો અધર્મકાર્ય છે. આહાહા! ધર્મરૂપી કાર્ય... પરના કાર્ય, રાગના કાર્ય, ધર્મકાર્ય. આહાહા! ભાઈ! તું દુઃખી છો. પરને પોતાના માની, પરમાં સુખ છે એવી બુદ્ધિમાં પ્રભુ! તું દુઃખી છો, તને ખબર નથી. પુણ્યભાવમાં સુખ છે, શરીર આવું સુંદર મળે તો સુખ છે, આબરૂ મળે તો સુખ છે. ભગવાન! તારા સુખનો તેં ઘાત કર્યો છે. ભાઈ! તને ખબર નથી. હું શું કરી રહ્યો છું, એનું ફળ શું છે—એની ખબર નથી એને. કહો, ચેતનજી! આહાહા! આપણે પર્યાયની વાત ચાલે છે. પર્યાય છેને આ?

કહે છે, આહાહા! **નિજભાવ જ પરમયોગ છે**. એવી જે આત્માની નિર્મળ-નિર્દોષ-વિકલ્પ વિનાની વીતરાગી અવસ્થા એ જ ધર્મીનો પરમયોગ છે, પરમ વેપાર એ છે. બાકી બધા ધૂળધાણીના વેપાર મરી ગયો, હેરાન થઈ થઈને. કહો, પોપટભાઈ! આહાહા! કરવાનું કર્યું નહીં ને નહીં કરવાના કરીને અભિમાન સેવ્યા. દેખાવ કરીને, દેખાવ કરીને, અમે અપવાસ કર્યા છે, અમે સામાયિકું કરી છે, પ્રૌષધ કરીએ છીએ, પડિકમણા કરીએ છીએ, જુઓ! અમે વેષ બદલીને બીજી જાતનો વેષ ધાર્યો છે. એવા દેખાવ બધા કરી, અંદર જે પલટો ખાવો (જોઈએ) એના ભાન વિના એ બધા ભેખ, આચરણના દેખાવ મિથ્યાભ્રમના દેખાવ છે. આહાહા!

**[હવે આ ૧૩૯મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]** ૨૩૦

**तत्वेषु जैनमुनिनाथमुखारविंद-**
**व्यक्तेषु भव्यजनताभवघातकेषु ।**
**त्यक्त्वा दुराग्रहममुं जिनयोगिनाथः**
**साक्षाद्युनक्ति निजभावमयं स योगः ॥ २३० ॥**

આહા! આ બધું સંસ્કૃતમાં આવ્યું છે....? આહાહા! જુઓને! સંસ્કૃત એટલે સંસ્કાર. આ ભગવાન આત્માના સંસ્કારની વાત ચાલે છે.

**શ્લોકાર્થ : આ દુરાગ્રહને...** વીતરાગ પરમાત્મા સિવાય અન્ય મતોમાં કહેલા તત્ત્વનો આગ્રહ છોડી દઈને... આહાહા! સમજાણું કાંઈ? અહીં તો આચાર્યનું હૃદય એમ કહે છે કે અન્ય સમય એટલે દિગંબર જૈનપંથ સિવાય જેટલા અન્ય પંથો છે બધા જૈનદર્શનથી વિરુદ્ધ છે. (વિપરીત) અભિનિવેશ છે બધો. માર્ગ આવો છે. કહે છે, અન્ય(મત) એના જે શાસ્ત્રો અજ્ઞાનીએ બનાવેલા (અને) એના જે અધિપતિઓ હતા એમણે કહ્યા જે તત્ત્વો, એનો આગ્રહ છોડી દે. એણે પણ કાંઈક કર્યું છે એમ નથી. સમજાણું કાંઈ? અષ્ટપાહુડમાં આવે છેને, અષ્ટપાહુડમાં આવે છે એક ગાથા. આધાકર્મી આદિ...... પણ ધ્વનિ શ્વેતાંબર (માટે) છે. અષ્ટપાહુડમાં આવે છે. સમજાણું કાંઈ? અને ગોમ્મટસારમાં પણ આવે છે. નામ જ આપ્યું છે શ્વેતાંબર... ભાઈ! એનો એ અભિનિવેશ ................ આહાહા! આ માર્ગ છે બાપા!

કહે છે કે એવા અન્યમતોના કહેલાં તત્ત્વોનો આગ્રહ છોડી દઈને **(-ઉપરોક્ત વિપરીત અભિનિવેશને) છોડીને, જૈન-મુનિનાથોના..** આહાહા! **(-ગણધરદેવાદિક જૈનમુનિનાથોના) મુખારવિંદથી પ્રગટ થયેલાં...** મુખરૂપી કમળથી આ વાણી આવી છે એમ કહે છે. **ભવ્ય જનોના ભવોનો નાશ કરનારાં તત્ત્વોમાં...** આહાહા! જુઓને! કહે છે કે તત્ત્વો એવા છે કે ભવના નાશ કરનારા છે. એ તત્ત્વનું ભાન, તત્ત્વની શ્રદ્ધા, તત્ત્વની રમણતા, આહાહા! ભવ્યજનોના ભવોનો ઘાત.. ભવોનો ઘાત કરનારા છે. આહાહા! જેણે આવા ભગવાન પરમાત્માના તત્ત્વોનું અંતર્મુખ થઈને રુચિનું પરિણમન પ્રગટ કર્યું છે, આહાહા! એ પરિણમન ભવના ઘાતના નાશનું કારણ છે. આહાહા! એમ કહે છે. સમજાય છે કાંઈ? 'ભવ્ય જનોના ભવોનો' એમ લીધુંને. અભવિને તો ભવનો ઘાત છે નહીં. ભવ્યોના–ભવ્યજનોના ભવો, એના નાશ કરનારા તત્ત્વોમાં. આહાહા! એ તો જીવદ્રવ્ય ને એનું અવલંબન સંવર-નિર્જરા એ ભવના નાશ કરનાર ઉપાય છે. આસ્રવ અને બંધ જે ભવના કારણ એના નાશનો આ ઉપાય છે. આહાહા!

**જે જિનયોગીનાથ (જૈન મુનિવર)...** 'તત્ત્વો' શબ્દ બહુવચન નાખ્યું છે. એકલો આત્મા એમ નહીં ભાઈ! પાઠમાં છે. .... જુઓ! પાઠમાં છે. **जोण्हकहियतच्चेसु**.. કારણ કે એકલો આત્મા.. આત્મા તો વેદાતાંદિ ઘણા કહે છે. પણ એ આત્મા સર્વજ્ઞે કહ્યો એવો નથી, એ સર્વજ્ઞે કહેલો નહીં અને બીજા તત્ત્વો તો એમાં છે જ નહીં. આચાર્ય એમ કહે છે. સમજાણું કાંઈ? આ પક્ષપોષણ માટે નથી. આત્માના પક્ષમાં જતાં આવી જ દશા એને હોય છે, તત્ત્વોની આવી

સ્થિતિ હોય છે. તત્ત્વનું જ એવું સ્વરૂપ છે કહે છે. આહાહા! હા, એમ કહે છે. અમારામાં કહ્યું છે. એનામાં પાછું બીજું હોય. અરે ભગવાન! શાસ્ત્રની વાત એ કાંઈ જૂઠી હોય? બીજા શાસ્ત્રમાં આ કહ્યું હોય ને આ શાસ્ત્રમાં આમ કહે—એમ બે ફેર છે? આહાહા! સમજાણું કાંઈ?

**ભવ્ય જનોના ભવોનો નાશ કરનારા** એવા **તત્ત્વોમાં**... જીવતત્ત્વ, સંવર-નિર્જરા તત્ત્વ, મોક્ષતત્ત્વ અને આસ્રવ-બંધના અભાવરૂપી ભાવ—એવું જે તત્ત્વ (એમાં) **જિનયોગીનાથ** ( જૈન મુનિવર)... નાથ કહ્યા છેને. **નિજ ભાવને સાક્ષાત્ જોડે છે...** એ તત્ત્વોમાં પોતાની પર્યાયને જોડે છે એમ કહે છે. સમજાણું કાંઈ? ભારે. માણસને આ જાતનો અભ્યાસ નહીં અને ઓલો બહારનો (અભ્યાસ). ધર્મને નામે બાહ્યનો અભ્યાસ. વાસ્તવિક તત્ત્વનો અભ્યાસ પડ્યો રહ્યો. આહાહા! જુઓને! આ ... પૂરા થાય છે, ચાલ્યા જાય છે. એ પંથે જવું. ક્યાં પંથે પકડ્યો હતો ને ક્યાં જતા હશે? આહાહા! જે પંથના છેડા ન મળે, ભવના નાશના અંત નહીં, એ પંથ શું? એમ કહે છે. જેનાથી મિથ્યાત્વનું પોષણ થાય, રાગ-દ્વેષનું પોષણ (થાય) એ પંથ–માર્ગ જૈનના નહીં. આહાહા!

પૂર્ણ ભગવાન આત્મા, એ પૂર્ણને પડખે ચડીને થયેલી દશા એને યોગ કહેવામાં આવે છે અને એ યોગ ભવના નાશનું કારણ છે. આહાહા! સમજાણું કાંઈ? એક સજ્જાય આવે છે. એ વખતે દુકાન ઉપર વાંચેલી, ઘણા વખતે યાદ આવી. 'હોંશીડા મત હોંશ ન કીજે..' એવી જાતના શબ્દો છે. સજ્જાય આવે છે. ચાર સજ્જાયનો....... એય! 'હોંશીડા મત હોંશ ન કીજે..' એ રાગ ને પરમાં હોંશીલા હોંશ ન કર ભાઈ! આહાહા! એ સજ્જાય આખી આવે છે હોં. ઘણા વર્ષ પહેલા દુકાન ઉપર વાંચેલી. ૬૬-૬૭-૬૮, સંવત ૬૬-૬૭-૬૮. એય! એવી આવે છે 'હોંશીડા મત હોંશ..' ભાઈ! તને પુણ્ય ને પાપના ભાવ, એના ફળમાં હોંશું કેમ આવે છે? સમજાણું કાંઈ? એ ઝેર છે ને ઝેરના ફળ છે. આહાહા!

ભગવાન આત્મામાં હોંશ કરને એકવાર. 'સાક્ષાત્' શબ્દ આમાં વાપર્યો છે જોયું! **નિજ ભાવને સાક્ષાત્ (જોડે છે** અર્થાત્) પર્યાયમાં ભગવાનને એકત્વ કરે છે. પર્યાયને આમ એકત્વ કરે કહો કે દ્રવ્યને પર્યાય એકત્વ કરે કહો. આહાહા! અરે! જેનાથી ભવના અભાવનો ભણકાર ન આવે એ માર્ગ શો? એમ કહ્યું. જુઓને! ઘાતક કહ્યુંને ભાઈ! જે ધર્મની પર્યાયમાં ભવના અભાવનો ભણકાર ન આવે અને મોક્ષ થવાની પર્યાય છે એવો ભણકાર ન આવે એ ધર્મ શો? આહાહા! આ 'ભવઘાતક' શબ્દની વ્યાખ્યા ચાલે છેને. એના ઉપર આ વાત ચાલે છેને. શાંતિભાઈ! હવે તમારે.... પણ બીજું તો કહો? એને કહેવું જોઈએને કાંઈ ફળનું? આહાહા! અરે ભગવાન!

કહે છે કે જે આત્માની ભક્તિ અથવા પર્યાયની ભક્તિ... વીતરાગીદશા, શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિની ભક્તિ એમાં ભવના અભાવનો ભણકાર છે. જેમાં મોક્ષની પર્યાયની તૈયારીનો ઉત્પાદ છે. તૈયાર આમ...... એમ અહીં કહે છે. જુઓને! ભવનો ઘાતનો અર્થ મોક્ષ. આહાહા! એટલે? આસ્રવ ને બંધના અભાવનો ભાવ, અભાવરૂપ ભાવ, એ ભાવ મોક્ષનું કારણ અને આસ્રવ-

બંધના અભાવનું કારણ. સમજાણું કાંઈ? ઓલામાં તો આવ્યું છે, નહીં? આપણે આમાં આવ્યું છે. અરે! કહેવામાત્ર વ્યવહાર રત્નત્રય તો તેં અનંતવાર કર્યા છે. આવે છેને. આહાહા! દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા, પંચમહાવ્રત, શાસ્ત્રના ભણતર (આદિ) પરવિષય બધા, ભાઈ! એ કહેવામાત્ર રત્નત્રય ભવોભવ કર્યા છે, કહે છે. અનંતા ભવ કર્યા છે. આહા! હવે એને–વ્યવહાર રત્નત્રયને નિશ્ચયનું કારણ માને પાછું. જે ભવના કારણ એને ભવના અકારણનું કારણ માને.

કહે છે કે આહાહા! **ભવ્ય જનોના ભવોનો નાશ કરનારાં તત્ત્વો...** ભગવાન આત્મા એ તો પૂર્ણાનંદ છે, જેમાં પર્યાયનો પણ અભાવ છે. પણ જેને આશ્રયે પર્યાય પ્રગટ થઈ એ પર્યાય પરમ યોગ છે અને એ ભવના નાશનો ઉપાય છે, મોક્ષની નજીક લાવે એ ભાવ છે. આહાહા! 'તત્ત્વ' શબ્દ વાપર્યો છેને આમાં તો. 'એક જ આત્મા' એમ શબ્દ નથી વાપર્યો. તત્ત્વ (શબ્દ) વાપર્યો, નવે તત્ત્વો. સમજાણું કાંઈ? આ એના અંતર હૃદયમાં બેસવું જોઈએ હોં. હૃદય એટલે જ્ઞાન. આ વાત બેસવી જોઈએ.

**જિનયોગીનાથ નિજભાવને સાક્ષાત્ જોડે છે...** જે જોગીનાથ આવા નિજભાવને–પર્યાયને સાક્ષાત્ જોડે છે **તેનો એ નિજ ભાવ તે યોગ છે.** ભગવાન આત્માની પર્યાય જે વીતરાગી સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ ભવના અભાવનું કારણ અને મોક્ષનું કારણ છે. એવી વીતરાગી આત્માની દશા એ નિજભાવ, તેને ભગવાન અહીં યોગ કહે છે. યોગીનો વેપાર આ છે કહે છે. ધર્મીનો ધર્મ આ છે. વસ્તુ તરફના આશ્રયમાં જે પર્યાય પ્રગટી એ પર્યાયને દ્રવ્યમાં વાળી કહો કે એ પર્યાયમાં દ્રવ્યને વાળ્યું કહો. ભારે... આહાહા! એ યોગ છે, તે આત્માનો વેપાર છે કહે છે.

શ્રોતા : એમાં કમાણી શું છે?

પૂજ્ય ગુરુદેવશ્રી : કમાણી મોક્ષની. આહાહા! વર્તમાન કમાણી શાંતિ ને આનંદની, એના ફળરૂપે પૂર્ણ શાંતિ ને આનંદ એ કમાણી છે. આ ધૂળની વાતું નથી. આહાહા! જ્યાં પચાસ લાખ થાય ને કરોડ-બે કરોડ થાય ત્યાં તો જાણે શું થયું? આભે પાટું મારે જાણે. ..... આહાહા! શું છે ભાઈ? એ બધા સોજા ચડ્યા છે બાપા! તને ખબર નથી.

આ પુષ્ટિ આત્માની શાંતિનો સાગર (એની) અંતરની એકાગ્રતા સંવર-નિર્જરા એ ધર્મ છે. આ સંવર-નિર્જરા દુનિયા ધર્મ માને આ ... વ્રતાદિ, એ નહીં, એ તો વિકલ્પ–રાગ છે. ભગવાન આત્માનો આનંદકંદ પ્રભુ, પોતાનું નિજસ્વરૂપ શુદ્ધ આનંદ છે એમાં જેણે પોતાની વીતરાગી પર્યાય જોડી દીધી છે, એને ધર્મીનો ધર્મ વેપાર કહેવામાં આવે છે. ગિરધરભાઈ! આ બધાએ શું કર્યું ત્યારે અત્યાર સુધી? આહાહા! અરેરે! આ જુઓને! ઓલા છોકરાને બહુ યાતના વેદન..... બહુ ભયાનક.... પેશાબમાં રસી થઈ છે કહે છે. આહા! પણ આવા પૈસા હતા ને લાખો કેટલા વાપર્યા. કંઈ કર્યું નહીં કામ? શું કામ બાપા? આહાહા! અને નિરોગતા હોય તો તને શરણ શું? 'આત્મભ્રાંતિ સમ રોગ નહીં..' એ રોગનો અભાવ તે નિરોગતા છે. આહાહા! સમજાણું કાંઈ? આહાહા!

છ ખંડના ચક્રવર્તીઓ રાજા ઉદાસ થઈ ગયા પરથી. છન્નું હજાર જેને ઘરે સ્ત્રીઓ, (છતાં) ઉદાસ.. ઉદાસ.. ઉદાસ. અરે! અમે જ્યાં છીએ ત્યાં એ ચીજો તો નથી, (પણ) તેના તરફનો વિકલ્પ પણ અમારામાં નથી.. સમજાણું કાંઈ? એવી જેને રટ ને રમણતા ભગવાન આત્માની લાગી છે અંદરમાં, એ વિના ક્યાંય એને ચેન પડતું ન હોય. ચેન એટલે? પુણ્ય-પાપના ભાવ કે તેના ફળમાં ક્યાંય પ્રસન્નતા ન દેખાતી હોય, ઉલ્લાસ ન દેખાતો હોય. ઉલ્લાસ તો ભગવાન આત્મામાં જિનનાથે... જુઓ! હવે આધાર આપે છે. આવું તો અનંતા તીર્થંકરો કરી ગયા છે. ....... આહાહા! બાપુ! એ જ તારે કરવાનું છે. ૧૪૦ છેલ્લી ગાથા ભક્તિ (અધિકાર)ની.

**उसहादिजिणवरिंदा एवं काऊण जोगवरभत्तिं ।**
**णिव्वुदिसुहमावण्णा तम्हा धरु जोगवरभत्तिं ॥ १४० ॥**

ધાર.. ધાર પ્રભુ! તું ધાર, એમ કહે છે. નિર્મળ વીતરાગી પર્યાયને ધાર. એ ચેતનજી! પર્યાય છેને. અને પાઠમાં 'ધાર' કહે છે ભગવાન કુંદકુંદાચાર્ય. **धरु जोगवरभत्तिं**... ભાઈ! અનંતા તીર્થંકરોમાં આ ચોવીસીના લીધા. નીચે હરિગીત.

**વૃષભાદિ જિનવર એ રીતે કરી શ્રેષ્ઠ ભક્તિ યોગની,**
**શિવસૌખ્ય પામ્યા; તેથી કર તું ભક્તિ ઉત્તમ યોગની.. ૧૪૦.**

**ટીકા : આ, ભક્તિ અધિકારના ઉપસંહારનું કથન છે.** ભક્તિ અધિકારની છેલ્લી ગાથા છે. અહો! મહાપુરુષે કર્યું એ તારે કરવાનું છે, કહે છે. જે રસ્તે મહાજન ગયા.. મહાજન ગયા એ રસ્તે તારે જાવું બાપુ! બીજા રસ્તા હોય નહીં. સમજાણું કાંઈ? અરેરે! આવો મનુષ્યદેહ મળ્યો ભાઈ! એ વિંખાઈ જશે, ક્યાંય સાંભળવાનો જોગ પણ નહીં રહે. આહાહા! જુઓ! પોતે આચાર્ય કુંદકુંદાચાર્યદેવ વાત કરવા માંગે છે, પોતાની ભાવનામાં ભાવે છે, એમાં ભેગા તીર્થંકરોને લીધા.

**આ ભારતવર્ષમાં...** વર્ષ આવ્યુંને... વર્ષ શું કીધું? એટલે ભાઈ કહે, ક્ષેત્ર. ક્ષેત્ર શું લીધું? દેશ. 'ભારતવર્ષ' શબ્દ પડ્યો છેને. 'આ ભારતદેશમાં' એ ક્ષેત્ર બતાવ્યું. **પૂર્વે...** આ કહેલા પૂર્વે... એ કાળ બતાવ્યો 'પૂર્વે'. **શ્રી નાભિપુત્રથી માંડીને...** પાઠમાં વૃષભદેવ છે. એની ઓળખાણ આપી ટીકાકારે કે નાભિપુત્ર. સમજાણું કાંઈ? એટલે કે એ નાભિના પુત્ર હતા. કોઈ અધ્ધરના ઈશ્વર હતા એમ નહીં. આ અદ્ધરનો ઈશ્વર, ઈશુ એ ઈશ્વરનો પુત્ર હતો, એ ઓલા વાતું કરે છેને. ગપ્પેગપ્પ માર્યા બધાએ. 'નાભિપુત્ર' એમ કહીને ટીકાકાર, ઋષભદેવ ભગવાન માતા-પિતાના પુત્ર હતા એમ સિદ્ધ કરે છે. ત્યાંથી અધ્ધરથી આકાશથી આવ્યા છે એમ નથી. સમજાણું કાંઈ? 'વૃષભાદિ' છેને, આદિ એટલે નાભિપુત્રથી માંડીને.

**શ્રી વર્ધમાન સુધીના...** એટલે આ ચોવીસીને સાબિત કરી. આ ચોવીસીમાં ચોવીસ તીર્થંકરોએ... ઋષભદેવ ભગવાનથી માંડીને વર્ધમાન મહાવીર પરમાત્મા સુધીના... આહાહા!

પોતાના વડેરાઓને યાદ કર્યાં છે. ઓલા કાગડા બોલાવીને શ્રાદ્ધ નાખીને યાદ કરે છે. આ ભગવાનનો માર્ગ સંભારીને યાદ કર્યા છે. અહો! આવો માર્ગ. આહાહા! **ચોવીસ તીર્થંકર...** ચોવીસ તીર્થંકર... **जिणवरिंदा** છેને પાઠમાં? એટલે એના માટે આટલા શબ્દો વાપર્યા. ચોવીસ તીર્થંકર એટલે કે **પરમદેવો...** જેની દિવ્યશક્તિ પરમ પૂર્ણ પ્રગટ થઈ ગઈ છે. **પરમદેવો** (એટલે) સર્વજ્ઞ વીતરાગ. આહાહા! જેની પર્યાયમાં પૂર્ણતા, સર્વજ્ઞતા પ્રગટી છે એવા એ બધા ભગવાનો હતા. આહાહા! એ **વીતરાગ** હતા. એ ગુણ કીધા.

**ત્રિલોકવર્તી કીર્તિવાળા** હતા. ત્રણ લોકમાં જેમની કીર્તિ પ્રસરી હતી. ઉત્તમ પુરુષોમાં પ્રસરી એ ત્રણ લોકમાં પ્રસરી એમ કહેવામાં આવે છે. ત્રણ લોકમાં અભવિ ને બીજા મિથ્યાદૃષ્ટિઓ ઘણા છે. એની કાંઈ ગણતરી નહીં. સમજાય છે કાંઈ? ગણતરીયોગ્ય-ગણવા લાયક માણસો, પુરુષો, દેવો એવા ત્રણ લોકમાં કીર્તિવાળા એ હતા. આહાહા! **ત્રિલોકવર્તી કીર્તિવાળા...** ત્રણ લોકમાં જેની કીર્તિ વર્તે છે. એ વખતે વિરોધ કરનારાઓ નહોતા? એ કંઈ માણસ ગણાય? એમ કહે છે. કોણ ગણે છે? જેમ હાથી ચાલે અને કૂતરો ભો.. ભો.. કરે. એની સામું જોવે કોણ? એ છે જ ક્યાં? આહાહા! અહીં તો મહાપુરુષો જે ધર્મના આરાધકો, સેવકો છે એમાં જેની કીર્તિ એટલે ત્રણ લોકવર્તી જેની કીર્તિ હતી, એમ કહે છે. ક્યાંય એની અણ-આબરૂ નહોતી. આહાહા! કેટલા વિશેષણો વાપર્યા છે!

**उसहादिजिणवरिंदा..** એમાં જિનવરમાં તીર્થંકર, પરમદેવ, સર્વજ્ઞ વીતરાગ, ત્રિલોકવર્તી કીર્તિવાળા અને **મહાદેવાધિદેવ...** મહા દેવોના દેવ (એટલે) ગણધરોના દેવ, ઇન્દ્રોના દેવ, આહા! મુનિઓના પણ દેવ. **મહાદેવાધિદેવ પરમેશ્વરો-બધા...** બધા ચોવીસ પરમેશ્વરો. એ બધા કહે છે કે અમે તને કહીએ છીએ યોગભક્તિ કરવાનું એ તારા એકલા માટે નહીં, આ તો ભગવાનો તરી ગયા એટલે કહીએ છીએ તને. આહાહા! સમજાણું કાંઈ? એવા ચોવીસ તીર્થંકરની હયાતીની કબૂલાત, પહેલાંથી છેલ્લા (તીર્થંકર) સુધીમાં જેમાં કાળ અસંખ્ય વર્ષ થાય એની કબૂલાત, આવા ચોવીસ તીર્થંકરની ત્રણ લોકમાં જેની કીર્તિની કબૂલાત. અને મહા પરમેશ્વર, સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર.

**યથોક્ત પ્રકારે નિજ આત્મા સાથે...** યથોક્ત એટલે પૂર્વે કહી એ. **નિજ આત્મા સાથે સંબંધ રાખનારી...** ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એની સાથે સંબંધ રાખનારી... બીજા સાથે સંબંધ તોડનારી એમ ન કહ્યું નાસ્તિથી, (પણ નિજાત્મા સાથે) સંબંધ રાખનારી એમ. સમજાણું કાંઈ? **યથોક્ત પ્રકારે...** જે કહ્યું, માથે ઘણી ગાથાઓ ગઈ એમાં કહ્યું. **નિજ આત્મા સાથે...** પરમાત્મા પોતાનો, પરમ વીતરાગમૂર્તિ પ્રભુ પોતે છે એવા નિજાત્માની સાથે.. **નિજ આત્મા સાથે સંબંધ રાખનારી...** આત્મા સાથે સંબંધ રાખનારી... આ સગપણ કરે ત્યારે, 'સંબંધ હમણાં કર્યો' એમ નથી કહેતા લોકો? હમણાં સંબંધ કર્યો છે આમની સાથે. વેવાઈ કર્યા છે અમારા. એમ કહે છેને વાતું. વેવાઈ કર્યા છે એમાં એની હોંશુ હોય. આહાહા! જરીક પાંચ-પચાસ લાખના આસામી

હોય અને દીકરી આપી હોય તો (કહે), આમને હમણાં વેવાઈ કર્યા છે. મોહનભાઈ! આવું ચાલે છે કે નહીં તમારે? આહાહા!

અહીં કહે છે અમે આત્માની સાથે હમણાં સંબંધ કર્યો છે નવો. 'નવા વેવાઈ કર્યા છે' એમ નથી કહેતા? એમ કહે છેને મગનભાઈ? આ તમારું વઢવાણ તો જોરાવરનું વચલું ગામ. હુશિયાર તો ઠીક, પણ વચલું ગામ. આહાહા! ભગવાન સાથે મેં તો સગાઈ માંડી, કહે છે. ભગવાને પોતાની સાથે સંબંધ બાંધ્યો છે, એમ. આહાહા! અનાદિનો સંબંધ તૂટ્યો, એ સમ્યગ્દર્શન-જ્ઞાનથી સંબંધ જોડી લીધો એણે. અહીં તોડી નાખ્યો ને અહીં જોડી દીધો. આહાહા! અરે! એવી વાતું ક્યાં છે બાપા? જેના નામસ્મરણ... નથી આવતું ભાઈ? પ્રવચનસાર. આહાહા! હજી આ ભાવવાળા.. ભાવવાળા.. એવું એનું નામ પડે ત્યાં ઓલા ભાવ (ઉછળે), આહાહા! એમ કહે છે. સગાવહાલાના નામ પડે, નામ કરતાંય એની રૂદ્ધિ હોયને એ એના મગજમાં આવે કે આ તો પૈસાવાળા. (એમ) આવા ભગવાન!

જેણે નિજ આત્મા સાથે સંબંધ રાખનારી **શુદ્ધનિશ્ચયયોગની ઉત્તમ ભક્તિ કરીને...** આત્માની ભક્તિ એમ ન લીધું. આત્મા સાથે સંબંધ રાખનારી, એટલું. પણ ભક્તિ કોની? શુદ્ધનિશ્ચયયોગની. વીતરાગી પર્યાય જે નિર્દોષ પ્રગટ થઈ, ધર્મપર્યાય પ્રગટ થઈ, એવો શુદ્ધનિશ્ચયયોગ (અર્થાત્) શુદ્ધ સાચો વેપાર.. શુદ્ધ સાચો વેપાર. આહાહા! લાખો લાદીયું પડતી હોય ફટ.. ફટ.. ફટ.. ચોસલા. તમારે ઓલો છોકરો કરતો હશે મોટા મકાન... આ હમણાં.... આહાહા! **ઉત્તમ ભક્તિ કરીને...** એવા પરમેશ્વરોએ પોતાની નિર્મળ ભક્તિ કરીને... આહાહા! સો ઇન્દ્રોના પૂજનિક પરમાત્માએ પણ પોતાના આત્મા સાથે સંબંધ રાખનારી અને વિકલ્પ ને નિમિત્તથી સંબંધ તોડનારી (ભક્તિ કરી). વાત પહેલી સમજણમાં તો લે કે આ શું કહે છે. આહાહા!

**ઉત્તમ ભક્તિ કરીને, પરમ-નિર્વાણવધૂના...** મુક્તિરૂપી સ્ત્રી, એના **અતિ પુષ્ટ સ્તનના...** એટલે એની પર્યાયનું પુષ્ટપણું. અનંત જ્ઞાન દર્શન, આનંદ જેની પર્યાયમાં પુષ્ટ–કઠણ થયા છે. **ગાઢ આલિંગનથી...** એની પર્યાયના સ્પર્શથી... આહાહા! પોતાની નિર્મળ આનંદની પર્યાયના આલિંગનથી... આહાહા! **સર્વ આત્મપ્રદેશે...** અસંખ્ય પ્રદેશે... ભગવાન આત્માને.. પોતાના આત્માની સાથે સંબંધ કરનારી, રાખનારી શ્રદ્ધા, જ્ઞાન, ને શાંતિ જે આત્મા સાથે સંબંધ રાખનારી છે, એવો જે ધર્મભાવ એ ધર્મી આત્મા સાથે સંબંધ રાખનારો છે. એ ધર્મના ફળ તરીકે અસંખ્ય પ્રદેશોમાં... આહાહા! 'આત્મપ્રદેશ' જોયું! ઓલું પાછું આવ્યું. મુક્તિમાં કોઈ (જુદા) પ્રદેશ-બ્રદેશ ન માને. એ (અસંખ્ય) પ્રદેશ સર્વજ્ઞ સિવાય બીજે છે ક્યાં? અસંખ્ય પ્રદેશી છે નહીં વીતરાગ સિવાય. સમજાણું કાંઈ? પ્રદેશની સંખ્યામાં પણ ફેર છે શ્વેતામ્બર ને દિગંબરમાં. પ્રદેશમાંય ફેર છે. માપની સંખ્યામાં ફેર છે. મોટો ફેર છે, ઘણો ફેર છે.

**સર્વ આત્મપ્રદેશે અત્યંત-આનંદરૂપી પરમસુધારસના પૂરથી પરિતૃપ્ત થયા...** આહાહા! ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ એની સાથે સંબંધ કરનારી દશા, યોગ, સમ્યગ્દર્શન, જ્ઞાન,

ચારિત્રની પર્યાય—એનાથી આ પામ્યા. શું પામ્યા? અસંખ્યપ્રદેશે **અત્યંત-આનંદરૂપી પરમસુધારસના પૂર...** પર્યાયમાં હોં. એ પરમ અમૃતનું પૂર જેની પર્યાયમાં આવ્યું. આહાહા! સમજાણું કાંઈ? એના ગાણાય સાંભળ્યા નથી કોઈ દિ' એણે. આ તો પર્યાયના ગાણા છે હોં. **પરમસુધારસના પૂર**... આ હાહા! પર્યાયનું પૂર ચાલ્યું જાય છે અંદર મુક્તદશા.

અહીં નથી કહેતા? માળે એક રોગ મટે ત્યાં બીજો. બીજો એક ખાટલો ઉપાડે ત્યાં બીજો, બાર મહિનાથી કોઈ સખ નથી. ખાટલા વિનાનું ઘર નથી (થતું), એમ કહે છેને? ઘરમાં એક છોકરો માંદો ઉઠે, ત્યાં બાયડી (માંદી) થાય, બાયડી ઉઠે ત્યાં વળી પોતે (માંદો) થાય. ..... બાર-બાર વર્ષ સુધી અમારું ઘર ખાટલા વગરનું નથી (થયું). કાંઈક-કાંઈક સૂતા જ હોય માળા. આહા! પોરબંદરમાં એક બાઈ આમ સાડા ત્રણ વર્ષથી સૂતી હતી લ્યો, સાડા ત્રણ વર્ષ. આમ પીડા.. પીડા રહી. માંડ-માંડ આમ સૂવે આમ ઊંધે માથે. આહાહા! અહીં તો કહે છે, જેમ એને દુઃખના પૂર એક પછી એક આવ્યા જ કરે છે, એમ આનંદનું પૂર એક પછી એક આવ્યા કરે છે. આહાહા! આ એની પર્યાયની વાત ચાલે છે. પર્યાયવાનની તો શું વાતું કરવી! કહે છે. આહાહા!

**પરમસુધારસ**... અમૃતના વેણલા વાયા ત્યાં, કહે છે, અમૃતનો પ્રવાહ આવ્યો. પર્યાયમાં–અવસ્થામાં દુઃખની પર્યાય(રૂપ) સંસાર પહેલા હતો, (એનો) નાશ થઈને અનંત સુધારસનો પ્રવાહ આવ્યો. પૂરથી પરિતૃપ્ત થઈ ગયા છે. આહાહા! **માટે**–આવા કારણે, એમ કહે છે. **સ્ફુટિતભવ્યત્વગુણવાળા હે મહાજનો!** આવા માણસોએ આમ કર્યું ને આમ પામ્યા, એમ કહે છે. ભવ્યત્વગુણવાળા... આહા! જેનો ભવ્યત્વગુણ પ્રગટ થઈ ગયો છે હવે. લાયકાત તો હતી, એ પ્રગટ.. પ્રગટ થઈ. ભવ્યત્વગુણની યોગ્યતા–લાયકાત પ્રગટ થઈ ગઈ. **હે મહાજનો!** લ્યો, સંબોધન આપે છે. આ સાગમટું નોતરું છે. **હે મહાજનો!** એમ કહે છે લ્યો. તમે પણ આવોને આમાં! આત્માના અનુભવમાં ભેગા રહો, તમે આવો અહીંયા. આહાહા!

**તમે નિજ આત્માને પરમ વીતરાગ સુખની દેનારી...** આહાહા! નિજ આત્માને પરમ વીતરાગ સુખની દેનારી (એટલે) આ ઝેરના સુખોને ટાળનારી... આ પૈસા પાંચ-પચ્ચીસ લાખ હોય, એમાં વળી કન્યા કરોડપતિની આવતી હોય, એને વળી કન્યાને બીજો ભાઈ ન હોય અને કન્યાનો બાપ સાંઈઠ વર્ષનો થયો હોય, બીજી છોકરીનો અવકાશ હોય નહીં અને એ સાંભળે કે કન્યા આપણને કરોડે આવશે. જુઓ! હોંશ. ધૂળમાંય નથી, ઝેરના હોંશ છે બધા. આ તો આનંદની હોંશું છે. ભગવાન પરમાનંદનો નાથ જેણે સેવ્યો, અરે! એની ભક્તિ સેવી પર્યાયની, એમ કહે. સમજાણું કાંઈ? **પરમ વીતરાગ સુખની દેનારી એવી તે યોગભક્તિ કરો.** આહાહા! પર્યાય પ્રગટ કરો, એમ કહે છેને. યોગભક્તિ કરો. પૂર્ણ પરમાત્મા પોતે એની શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ એ પરમયોગ છે, એ કરો. એ કરવાલાયક છે ભાઈ! સમજાણું કાંઈ? કે જેના ફળ મુક્તિ છે. સુધારસના પૂરથી તૃપ્તિ થાય એવું જ એનું ફળ છે. માટે આવી યોગભક્તિ કરો.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**માગશર સુદ-૧, બુધવાર, તા. ૬-૧૨-૧૯૭૨**
**શ્લોક-૨૩૧-૨૩૫, પ્રવચન નં. ૧૬૬**

નિયમસાર, પરમ ભક્તિ અધિકાર. છેલ્લું છે. કળશ છે ૨૩૧.

**[હવે આ પરમ-ભક્તિ અધિકારની છેલ્લી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ સાત શ્લોક કહે છે:]**

**नाभेयादिजिनेश्वरान् गुणगुरून् त्रैलोक्यपुण्योत्करान्**
**श्रीदेवेन्द्रकिरीटकोटिविलसन्माणिक्यमालार्चितान्।**
**पौलोमीप्रभृतिप्रसिद्धदिविजाधीशांगनासंहतेः**
**शक्रेणोद्भवभोगहासविमलान् श्रीकीर्तिनाथान् स्तुवे॥२३१॥**

....નો અર્થ ... કર્યો છે આમાં? વૃષભાદિ તીર્થંકરોએ જે યોગવરભક્તિ કરી અને તમે પણ એમ કરો. એ છેલ્લો અધિકાર છે. યોગવરભક્તિ એટલે? પોતાનો પૂર્ણ ધ્રુવસ્વભાવ આનંદ એમાં એકાગ્ર થવું. એવી જે નિર્મળ આનંદામૃત પરિણતિ એને અહીંયા યોગવરભક્તિ કીધી છે.

**શ્લોકાર્થ : ગુણમાં જેઓ મોટા છે...** એમણે પણ આ કર્યું છે એમ કીધું. વૃષભાદિ તીર્થંકરો ગુણમાં જેઓ મોટા છે... **જેઓ ત્રિલોકનાં પુણ્યના રાશિ છે (અર્થાત્ જેમનામાં જાણે કે ત્રણ લોકનાં પુણ્ય એકઠાં થયા છે)...** પવિત્રતામાં એ પૂર્ણ છે અને પુણ્યમાં એ પૂરા છે એમ કહ્યું અહીં. તીર્થંકર (કેમ કહ્યા)? કોઈ સામાન્ય કેવળી હોય એ ગુણે પૂરા હોય, પણ પુણ્ય એટલા હોય નહીં. પણ આ તીર્થંકરો તો ગુણેય પૂરા ને પુણ્યેય પૂરા છે. એવા ત્રણ લોકના પુણ્યનો જાણે ઢગલો ભેગો થયો હોય, નહિ?

**દેવેન્દ્રોના મુગટની કિનારી પર પ્રકાશતી માણેકપંક્તિથી જેઓ પૂજિત છે...** જેમણે વીતરાગભાવ પૂર્ણ પ્રગટ કર્યો છે સર્વજ્ઞ વીતરાગસ્વભાવ, એવા ભગવાનોને ઇન્દ્રો... **(અર્થાત્ જેમનાં ચરણારવિંદમાં દેવેન્દ્રોના મુગટ ઝૂકે છે)...** આમ મસ્તક ઝૂકે છે એનો અર્થ 'મુગટ ઝૂકે છે' એમ કહ્યું. આહાહા! જેમણે, પોતાનો સ્વભાવ શુદ્ધ પૂર્ણ છે એવો પ્રગટ કર્યો છે. શક્તિએ તો બધા ભગવાન જ છે, શક્તિએ તો. શક્તિએ ભગવાન એમાં શું આત્માને વળે? એની વ્યક્તતા, પ્રગટતા, પૂર્ણતા જે છે એ પ્રગટ થઈ, એવા ગુણમાં મોટા પુરુષો ને પુણ્યના ઢગલાવાળા એને ઇન્દ્રોના મુગટોના કિરણો એને નમે છે. આ પણ એક અસ્તિત્વ સાબિત કર્યું. પૂર્ણ પર્યાય પ્રગટ છે અને પુણ્ય પૂરા છે એને, ઇન્દ્રો પુણ્યના ભોગી છે એવા પણ ત્યાં મુગટના કિરણથી નમી જાય છે. એ ગુણના આદર કરનારા ઇન્દ્રો પણ જેને નમે છે, એમ.

**(જેમની આગળ) શચી આદિ પ્રસિદ્ધ...** એ ... આદિ. **શચી આદિ પ્રસિદ્ધ ઈન્દ્રાણીઓના સાથમાં શક્રેન્દ્ર વડે કરવામાં આવતાં...** પહેલા દેવલોકના ઇન્દ્ર છે એ એકભવતારી છે. બેય ઇન્દ્ર-ઇન્દ્રાણી–ઇન્દ્ર ને ઇન્દ્રાણી બેય એક ભવ કરનારા છે. છેલ્લો જેમને દેવનો દેહ છે, પછી મનુષ્યનો છે. એવા ઇન્દ્રાણીની સાથે શક્રેન્દ્ર વડે... કેવી વાત લીધી? જોયું! એક ભવે મોક્ષ જનારા એવા ઇન્દ્ર ને ઇન્દ્રાણી, જેનો ભવ–જેની દશા વર્તમાન જ મોક્ષ છે એવા ભગવાનને નમે છે. કેવી રીતે? **કરવામાં આવતાં નૃત્ય...** નાચ કરતાં-કરતાં, લ્યો. સમજાણું કાંઈ? ત્રિલોકનાથ તીર્થંકરદેવ વૃષભથી માંડીને મહાવીર પર્યંત એમના ચરણારવિંદમાં જેના મુગટ નમે છે અને ઇન્દ્રાણીની સાથે શક્રેન્દ્ર નાચે છે.

ઓહો! એ શક્રેન્દ્ર તો ક્ષાયિક સમકિતી છે. એવો ભાવ આવે છે કે ઓહો! જેની દશા પૂર્ણ પ્રાપ્ત છે, સુખમાં પૂરા પરિણમી ગયા છે. આવે છેને છેલ્લી ગાથામાં, નહીં? સમયસાર, છેલ્લે ૪૧૫. શું આવે છે? તૃપ્ત તૃપ્ત થઈ ગયા છે. પામ્યા છે એમ નથી. તૃપ્ત તૃપ્ત. પણ થશે એ પરિણમી જશે, એમ. પામશે એમ નહીં. એવી ભાષા છે. આહાહા! તૃપ્ત-તૃપ્ત... જેવો સ્વભાવ છે અતીન્દ્રિ આનંદ એવાને પામી જશે, પરિણમી જશે. ઉત્તમ સુખ.... પ્રાપ્ત કરશે, પરિણમશે. એવા ભગવાનની પાસે ઇન્દ્રાણીની સાથે ઇન્દ્રો પણ નાચે છે. **ગાન** કરે છે, ઇન્દ્ર-ઇન્દ્રાણી ગાન કરે છે.

**અને આનંદથી જેઓ શોભે છે, અને શ્રી તથા કીર્તિના જેઓ સ્વામી છે...** ભગવાન શોભા, સૌંદર્ય, ભવ્યતા અને કીર્તિના જેઓ સ્વામી છે. પૂર્ણ કીર્તિ જેને પ્રાપ્ત છે. ઇન્દ્રો પણ જેની કીર્તિ કરે એને પછી કીર્તિની શું ખામી હોય? એ પુણ્યની વાત વર્ણવી. પૂર્ણ ગુણના ધણી છે, પૂર્ણ કીર્તિવાળા ઇન્દ્રો પણ જેની કીર્તિ કરે છે. **તે શ્રી નાભિપુત્રાદિ જિનેશ્વરોને હું સ્તવું છું.** મુનિરાજ પોતે કહે છે કે અહો! આવા પૂર્ણ પરમાત્માદશાને પ્રાપ્તને મારા લક્ષમાં લઈને હું એને સ્તવન કરું છું, એની હું સ્તુતિ કરું છું. મારે સ્તુતિ કરવાને લાયક છે. આહાહા! આ દુનિયાને પૈસાવાળાને, .... વાળાને વખાણ કરવાલાયક છે એમ નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? આવા પરમાત્મદશા પ્રાપ્ત, જેની સત્તાનો સ્વીકાર કરીને હું એમની સ્તુતિ કરું છું, સ્તવન કરું છું એમ મુનિરાજ પોતે કહે છે. ઇન્દ્રો તો સ્તવે છે પણ હું પણ સ્તવું છું, એમ કહે છે. સમજાણું કાંઈ? એ ૨૩૧ (શ્લોક) થયો. ૨૩૨.

**वृषभादिवीरपश्चिमजिनपतयोप्येवमुक्तमार्गेण ।**
**कृत्वा तु योगभक्तिं निर्वाणवधूटिकासुखं यान्ति॥२३२॥**

**શ્લોકાર્થ : શ્રી વૃષભથી માંડીને શ્રી વીર સુધીના જિનપતિઓ...** ગણધરના પણ પતિ. એવા **પણ યથોક્ત માર્ગે (પૂર્વોક્ત પ્રકારે) યોગભક્તિ કરીને...** પરમાનંદની પરિણતિરૂપી યોગભક્તિ કરીને, નિરાકુળ શુદ્ધપર્યાયની પરિણતિ પ્રગટ કરીને મુક્તિને પામ્યા છે. આવા

પુરુષો પણ આ ભક્તિ કરીને મુક્તિને પામ્યા છે. જિનેશ્વરો યોગભક્તિ કરીને... યોગ એટલે સ્વરૂપમાં જોડાણ કરીને. પરથી ખસીને, સ્વમાં વસીને પોતાની નિર્મળધારાની ભક્તિ કરી જેણે. આહાહા! એ કરીને **નિર્વાણવધૂના**–મોક્ષરૂપી સ્ત્રીના **સુખને પામ્યા છે.** પરમાનંદની દશા જેને પ્રાપ્ત થઈ ગઈ છે કે જે આનંદનો હવે એને એક સમય પણ વિરહ નથી. આહાહા! માખણની એકલી વાતું કરી છે. 'સુખને પામ્યા છે' એમ કરીને એમ કહ્યું કે આવા મહાપુરુષો તીર્થંકરો પણ વીતરાગી પરિણતિની ભક્તિ કરીને મુક્તિને પામ્યા છે. એ રાગથી કે વ્યવહારથી મુક્તિને પામ્યા નથી.

અહીં એને દ્રવ્યસ્વભાવનું માહાત્મ્ય કરાવે છે. ભગવાન! તું પૂર્ણ પરમાત્મા છો. એની માન્યતા, જ્ઞાન ને રમણતા થાય એને યોગવરભક્તિ કહેવામાં આવે છે. જેનું જોડાણ રાગ ને વિકલ્પથી છૂટી જઈને, પૂર્ણ આનંદસ્વરૂપ એવો દ્રવ્યસ્વભાવ એમાં જેની લીનતા થઈ ગઈ છે, એ લીનતાને અહીંયા યોગવરભક્તિ કહેવાય છે. આહા! આ યોગીની ભક્તિ. યોગીએ યોગ શું સાધ્યો? પરમાનંદસ્વરૂપ ભગવાન એકલો અતીન્દ્રિય આનંદસ્વરૂપ, એની સન્મુખની શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા એ સ્વરૂપના જોડાણની ભક્તિ છે. આહા! અને જીવને કર્તવ્ય હોય તે એ કરવાલાયક છે એમ કહે છે. આવા પુરુષે કર્યું પછી પ્રશ્ન શો? એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? એવી યોગભક્તિ વડે કરીને યથોક્ત માર્ગ એટલે પૂર્વે કહ્યો એ માર્ગથી નિર્વાણવધૂના સુખને પામ્યા છે. (હવે) ૨૩૩.

**अपुनर्भवसुखसिद्धयै कुर्वेहं शुद्धयोगवरभक्तिम् ।**
**संसारघोरभीत्या सर्वे कुर्वन्तु जन्तवो नित्यम्॥ २३३॥**

**શ્લોકાર્થ : અપુનર્ભવસુખની (ભુક્તિસુખની) સિદ્ધિ અર્થે...** ફરીને ભવ ન મળે (અર્થાત્) અપુનર્ભવ એવી મુક્તિસુખની સિદ્ધિને અર્થે **હું...** મુનિરાજ પોતે કહે છે. અહો! પરમાનંદ સુખ તો મુક્તિમાં છે. એ મુક્તિના સુખને માટે, એ મુક્તિના સુખની સિદ્ધિ અર્થે, મુક્તિના સુખ પ્રાપ્તિને અર્થે **હું શુદ્ધ યોગની ઉત્તમ ભક્તિ કરું છું...** કેટલા શબ્દ વાપર્યા છે! શુદ્ધ વેપાર, ઉત્તમ એની ભક્તિ. આહાહા! શુદ્ધ યોગ એટલે શુદ્ધ ઉપયોગ, એવી જે ઉત્તમ ભક્તિ, એનું ભજન. એની ભજનની લગની લાગી છે કહે છે. આહાહા! પરમાનંદનો નાથ એનો આશ્રય લઈને જે પ્રગટ થયેલી પ્રભુતા, શુદ્ધતા, પવિત્રતા, શુદ્ધ ઉપયોગ એની હું ભક્તિ કરું છું. આહાહા! પર્યાયની ભક્તિ કરું છું એમ કહે છે.

પર્યાયને આશ્રય તો દ્રવ્યનો છે, સમજાણું કાંઈ? પણ એ રીતે હું પરિણમું છું.. પરિણમું છું, એને હું આરાધું છું. રાત્રે કહ્યું હતું, નહીં? શાસ્ત્રમાં આરાધનાના ચાર બોલ આવે છે. આત્મ-આરાધના એમ ન કીધું. ત્યાં તો જ્ઞાન, દર્શન, ચારિત્ર ને તપની આરાધના. ચાર આવી ગયાને.

એનો અર્થ કે પર્યાયને આધાર તો દ્રવ્યનો છે, પણ પ્રગટેલું પરિણમન આરાધું છું એમ કહેવામાં આવે છે. આહા! ભારે માર્ગ ભાઈ! દુઃખથી મુક્ત થવાનો પંથ એ કહે છે જુઓ!

**સંસારની ઘોર ભીતિથી...** ભગવાન... સંસારના ઘોર ભયથી... એકલા નારકી આદિના દુઃખને એમ નથી કહ્યું. **સંસારની ઘોર ભીતિથી...** સંસરણ–વિકારમાં જવું એ મહા ભીતિ–મહા ભય છે. આહાહા! વિકાર, મિથ્યાત્વાદિ ભાવ જે સંસારના કારણ છે એ સંસારથી ભય પામ. આહાહા! ક્યાંય પરમાં પ્રમોદતા, અનુકૂળતામાં હરખ ન આવે (એનો) ભય પામ, એમ કહે છે, આહાહા! સમજાણું કાંઈ? ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદના સ્વભાવ સન્મુખ વળવા સંસારથી ભય પામ. સંસરણ–રખડવું, ચાર ગતિના ભવમાં આવવું (એનો) ભય પામ, એમ કહે છે. ભવમાં આવવું એનો ભય પામ. સમજાણું કાંઈ?

સંસારમાં ઘોર ભય છે, ઘોર ભીતિ છે. છેને પાઠમાં છે, **संसारघोरभीत्या**.. અરે! **સર્વ જીવો...** સંસાર ઘોર ભયથી... ચાર ગતિના ભવો, એનું જે કારણ વિકારભાવ, મિથ્યાત્વભાવ એનાથી ભય પામ હવે. એનાથી ભય પામીને સર્વ જીવો... અહીં તો સાગમટે વાત કરી જગતને. બધા આત્માઓ, ઓહોહો! **નિત્ય...** બધા આત્માઓ અને તે પણ કાયમ **તે ઉત્તમ ભક્તિ કરો.** બધા જીવો કાયમ–નિત્ય ભગવાન પરમાત્માની સેવાથી ઉત્પન્ન થયેલો આરાધકભાવ એને આરાધો. આહાહા! સમજાણું કાંઈ? ભાઈ! મારગડા જુદા છે બાપુ! લોકોએ કલ્પ્યા છેને બહારથી, આ વ્રત કર્યા, તપસ્યા કરી, સંથારા કર્યા. બધી મિથ્યાત્વભાવની ક્રિયાઓ છે.

શ્રોતા : જ્ઞાની પણ કરે છે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : જ્ઞાની એવું નથી કરતો, એ તો અંદરમાં રમે એ કરે છે. આહાહા! સમજાણું કાંઈ?

સિંહ દેખીને જેમ ભાગે.. આહાહા! વઢવાણમાં થયું હતુંને. વઢવાણ નથી જોયું? ઓલા પાંદડા લેવા ગયા હતા વઢવાણમાં, નહીં? આ શું કહેવાય ઓલા? ટીમરુ નહીં, ટીમરુ નહીં, આપટો. આપટાના (પાન). મોટી ઓલી હતી પાછલા ભાગમાં. જુવાન છોકરો હોં. એ તો જાતા રહેતા આપટો લેવા. મોટો વેપાર. લાવને છોકરાને (મોકલું). પરણેલો છોકરો એને મોકલ્યો..... ત્રણ તો માણસ સાથે મોકલ્યા. જ્યાં જંગલમાં જાય... આપટો તો પડેલો. આપટાની પાછળ એક સિંહ. સિંહ હતો એક. એવો ત્રાડ મારીને આવ્યો. આહાહા! અમે ત્યાં હતાં તે દિ'. ત્રાડ મારીને આવ્યો તો રાડ નાખી.

જુવાન માણસ પરણેલો, ત્રણ માણસ સાથે. ત્રણ તો બાવળે ચડી ગયા. બાવળ.. બાવળ. બબૂલ.. બબૂલ. આ ચડવા જાય છે ત્યાં ધોતીયું ભરાણું જરી. બાવળના લાકડે ભરાણું એટલે ત્યાં સિંહે મારી થાપ, પાડ્યો હેઠે. ત્રણ જણા સથવારે માકલ્યા હતા એ જુએ છે ખાતા.

ઓલો સિંહ ખાય ને ઉપર જુએ. શું કરે પણ? આહાહા! જુવાન હોં પરણેલો. .... ઘણા રૂપિયા આપ્યા દાનમાં. સ્નાન સાથે એકસો આઠ જાપ. એ સિંહને દેખીને કેવો ભાગ્યો હશે? એમ ભાગ, કહે છે. વિકારના પરિણમનથી ભાગ, પાછો વળ, એમ. આહાહા! સમજાય છે? સિંહના મોઢામાં જાવું, બાપુ! આહાહા! બેય સંસાર છે, ...થી ભય પામ. જે સંસારમાં પ્રવેશ કરે એને અમે સુશીલ કેમ કહીએ? આહાહા!

છઠ્ઠા ગુણસ્થાનની વાત વર્ણવી છે સમયસાર નાટકમાં, ત્યાં તો એમ કહ્યું છે, છઠ્ઠે જ્યાં પ્રમત્તમાં આવે છે (તો) સંસાર તરફ આવ્યો છે. આમ (સાતમે) જાય ત્યાં મોક્ષ તરફ આવ્યો.— એમ કહે છે ત્યાં. આહાહા! છઠ્ઠા ગુણસ્થાનની સ્થિતિ વર્ણવી છે બનારસીદાસે. .... આમ રાગમાં, પરમાં જાય તો ... સંસાર તરફ આવ્યો. આહાહા! એય! સમજાણું કાંઈ? છઠ્ઠા ગુણસ્થાનવંતને પણ જ્યાં વિકલ્પ થાય છે એ સંસાર તરફ આવ્યો, એમ કહે છે. આમ જ્યાં જોડાય છે ત્યાં મોક્ષ તરફ આવ્યો છે. ભગવાનના સ્વરૂપમાં રમે છે એ (રાગથી) ભય પામીને રહેનારો છે એમ કહે છે. આહાહા! અહીં તો હોંશું કરે પુણ્ય બાંધવાની, એમાંથી આમ થાય (એવી) હોંશું કરે. આહાહા! જેના ફળ ભવ, એના ભાવની હોંશું એ તો મિથ્યાત્વભાવ છે. જે ભવના કારણો છે તે પ્રત્યે તું ભય પામ, કહે છે. ભાઈ! એમ કહે છે. સમજાણું કાંઈ?

**સંસારની ઘોર ભીતિ**... ઓહોહો! નિગોદમાં જાય, નરકમાં જાય, સ્વર્ગમાં જાય, સિંહમાં જાય, આકુળતા.. આકુળતા. શાંતિના સાગર પ્રભુને ભૂલી, એવી આકુળતાની ભઠ્ઠીમાં સળગી રહ્યો છે એ. એનાથી (ધર્મી) ભય પામ્યો છે. તો આ બધા પૈસા-બૈસા, છોકરા સારા થાય (એનાથી) ભય પામ એમ કહે છે.

શ્રોતા : છોકરા સાચવે...?

પૂજ્ય ગુરુદેવશ્રી : એમ હોય કંઈ? સુમનભાઈ એનો છોકરો.... આહાહા!

સ્વરૂપમાંથી સંસરણ ઇતિ સંસાર. સ્વરૂપમાંથી ખસવું એ સંસાર. એનાથી ભય પામ એમ કહે છે. આમ આવ્યું ભાઈ! જ્યાં શાંતિનું સ્થાન છે, જ્યાં આનંદનું, વિશ્રામ લેવાનું સ્થાન–ધામ છે, જેમાં જવાથી તને વિશ્રામ મળશે. આહાહા! એ સંસારના ભયથી–**ભીતિથી સર્વ જીવો નિત્ય**... ઓહોહો! મુનિરાજ પણ! **સર્વ જીવો**... અરે! પણ અભવિ? સાંભળને હવે! અહીં તો બધા ભગવાન છે ભાઈ! આહાહા! આનંદના રસમાં... કહેશે આગળ. સુંદર આનંદ ઝરતું ઉત્તમ તત્ત્વ પડ્યું છેને અંદર. આહાહા! પછી કહેશે ૨૩૫માં. આહાહા! એ ડુંગરે–ચૈતન્યના ડુંગરે તો આનંદ ભર્યો છે. એમાં એકાગ્ર થાય તો અતીન્દ્રિય આનંદના ઝરણા ઝરશે. બાકી આ સંસારના ભાવમાં તો ઝેર છે. આહાહા!

સર્વ જીવો, એ પણ નિત્ય... નિત્ય (અર્થાત્) સમયના વિરહ વિના સ્વભાવની સન્મુખની આરાધનામાં રહે છે. આહાહા! **તે ઉત્તમ ભક્તિ કરો**. આહાહા! એ ઉત્તમ ભક્તિ છે.

આહાહા! કહો, સમજાણું કાંઈ? આ તો કહે, ભાઈ! આપણે તો આગમ ને મૂર્તિનો આધાર છે. એનાથી અત્યારે... મૂર્તિનો આધાર એ તો શુભભાવ છે. આહાહા! આગમની શ્રદ્ધા, આગમની ભક્તિ એ શુભભાવ છે. એને નિર્વાણ દૂર છે. કહ્યું છેને. પંચાસ્તિકાય..... ધર્મીની વાત છેને અહીં તો. ધર્મીને આ પ્રમાણેનો દોષ છે, તો આની તો વાતું શું કરવી? એમાં જ માન્યું છે બધું. આગમ ને મૂર્તિ, શું કહે છે આ? 'જિનબિંબ ને જિનાગમ ભવિજનકો આધાર..' અહીં કહે છે, એના ભાવથી ભય પામ. આહાહા! ગજબ વાત કરે છેને. જુઓ! આખી ચીજ પ્રભુ રહી ગઈ છે. આહાહા!

આનંદનો સાગર પ્રભુતાથી ભરેલો છેને. એક-એક ગુણની પ્રભુતાથી જુઓ તો અનંત ગુણના પ્રભુત્વનો પ્રભુ પોતે છે. આહાહા! એમ ન માનો કે ક્ષેત્ર નાનો માટે હું નાનો છું. આહાહા! અરે! નિગોદના એક શરીરમાં અનંતા જીવ. અરે! વિશ્વાસ તો લાવ. એ એક-એક જીવમાં પરમાત્મશક્તિ પૂર્ણ પડી છે. ક્ષેત્ર અંગુલના અસંખ્યમા ભાગનું છે. સમજાણું કાંઈ? કોનું? નિગોદના જીવનું. અંગુલના અસંખ્ય ભાગનું શરીર, એમાં અનંતા જીવો. એ એક-એક જીવમાં પૂર્ણ પ્રભુતાનું તત્ત્વ શક્તિ–સ્વભાવ છે. ક્ષેત્રથી (નાનું) એમ ન જુઓ. ક્ષેત્રથી મોટપ લાગે તો તું મોટો થાય એમ નથી. એના તત્ત્વના સ્વભાવનું માહાત્મ્ય, એવા ભગવાન અનંતા પડ્યા છે જુઓને! આહાહા!

એવો તું આત્મા છો પૂર્ણાનંદ–પૂર્ણ આનંદ. ભગવાનને આનંદ પ્રગટ્યો એથી અનંતગુણો.. અનંતગુણો આનંદ. એની નિત્ય ભક્તિ કરને. એનું આરાધન કરીને પર્યાયનું આરાધન કર, એમ કહે છે આહાહા! એ પર્યાયનું આરાધન કર. આહાહા! ભાષા આમ 'પર્યાય' લીધી, પણ વાત તો, આમ જ્યાં જોડાણ થાય છે એ જોડાણની પર્યાયની ભક્તિ કર એમ કહે છે. આહાહા! આવો ધર્મ કઈ જાતનો? આહાહા! **સર્વ જીવો**... આહાહા! આનંદમાં આવી ગયા છેને એ તો. બધા જીવો.. પણ પ્રભુ! તમને ખબર નથી? અભવિ છે, દૂર-ભવિ છે, કોઈ તો ભવ્યજીવ નિગોદમાંથી નીકળ્યો જ નથી. અરે! સાંભળને! હું નીકળ્યો માટે બધાને નીકળવાનું કહું છું. આહાહા!

ભાઈ! એ આનંદનો ધામ પ્રભુ! તું છોને. આહાહા! વિસામાના ઠેકાણા, વિસામાનું ધામ એવા પ્રભુમાં જા અને જે પરિણતિ નિર્મળ થાય એની ભક્તિ કર, એની સેવા. રાગની ને નિમિત્તની સેવા છોડી દે, એમ કહે છે. કહો, પોપટભાઈ! આવી વાતું છે. સોનાની મોટરું, મકાનમાં હીરાના ખાટલા, હોય છેને? અત્યારે ઓલાનો–ખ્રિસ્તીનો ગુરુ છેને? પોપ.. પોપ. બધા મોટા-મોટા અબજોપતિ, કરોડોપતિ એના ભગત છે. શું છે પણ? એ તો ધૂળ છે. એના તરફના ઝુકાવની હોંશ એ ઝેર છે. એના તરફના ઝુકાવની હોંશના ઝેર પીવે છે એ. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પૂર્ણાનંદ પ્રભુ છેને. કહે છે, એવા આત્માની પરિણતિ શુદ્ધ થઈ એને ભજ, એને આરાધ, એની સેવા કર. એમાં એક પછી એક મણકા.... પર્યાયના. ઓલા મણકા માંડે છેને. એમ અહીં પર્યાયમાં એક પછી એક પર્યાય, એક પછી એક પર્યાય શુદ્ધની એવા... આહાહા! અરે! આ વાતું ક્યાં છે ભાઈ? સમજાણું કાંઈ? બહારના ભભકામાં પોતાનું.... મરી ગયા, ... વયા ગયા. મરી ગયા કેટલાક તો બિચારા સાવ સાંભળ્યા વિનાના. આહાહા! **નિત્ય તે ઉત્તમ ભક્તિ કરો**. બીજી ભક્તિ છે ખરી. ભગવાનના ગુણની ભક્તિ છે એ શુભભાવ છે. ઉત્તમ ભક્તિ આ છે. ઓલી વ્યવહાર છે. આહાહા! ૨૩૩ થયો. (હવે) ૨૩૪.

**रागद्वेषपरंपरापरिणतं चेतो विहायाधुना**
**शुद्धध्यानसमाहितेन मनसानंदात्मतत्त्वस्थितः ।**
**धर्मं निर्मलशर्मकारिणमहं लब्ध्वा गुरोः सन्निधौ**
**ज्ञानापास्तसमस्तमोहमहिमा लीये परब्रह्मणि ॥२३४॥**

આહાહા! અરે! મેં ગુરુ પાસેથી આવું પ્રાપ્ત કર્યું છે. આહાહા! ખૂબી તો શું કહે છે? **શ્લોકાર્થ** : કે મેં મારા **ગુરુના સાન્નિધ્યમાં નિર્મળસુખકારી ધર્મને પ્રાપ્ત કરીને...** મારા ગુરુએ મને એમ કહ્યું છે, એમ કહે છે. કહ્યું એવું મેં કર્યું, એમ કહે છે. આહાહા! ગુરુ એને કહીએ કે જે ગુરુ નિર્મળસુખકારી ધર્મની પ્રાપ્તિ બતાવે. આહાહા! વ્યવહાર-ફ્યવહાર, ઢીકણું-ફીકણું એ યાદેય કર્યું નહીં. આહાહા! અમારા વીતરાગી ગુરુ એની સમીપમાં હું આ પામ્યો છું, એમ કહે છે. એ ગુરુએ અમને એમ કહ્યું હતું, શુદ્ધાત્મસ્વરૂપ છો ભાઈ!

કુંદકુંદાચાર્યે કહ્યુંને, અમારા ગુરુએ અમને અનુગ્રહ (કરીને) શુદ્ધાત્માનો (ઉપદેશ) કર્યો છે. આહાહા! એ વિનયના વાક્યો છે અને આવું હોય છે. નથી હોતું એમ છે? સાચા ગુરુના સમીપમાં આવું હોય છે. આહાહા! ત્રીજા પદમાંથી ધર્મ લીધો... અરે! અમારા સંતો, અમારા ગુરુઓ... યાદ કર્યા એ વખતે. એના સાનિધ્યમાં–એના સમીપમાં નિર્મળસુખકારી ધર્મને પ્રાપ્ત કર્યો. આહાહા! કેમકે ગુરુએ અમને અંતર્મુખ થવાની વાત કરી હતી. અમે એમની સામું જોઈને સાંભળતા, ત્યારે એમણે અંતર્મુખ થવાની વાત કરી હતી, એમ કહે છે. આહાહા! અરે! દિગંબર ગુરુ તો જુઓ! આહાહા! આનંદના વેણલા વાયા છે. એને આનંદ ઝરે છે પ્રભુ!

જગતના ભાવને ભૂલી જા ભાઈ! આમ અમે માન્યા હતા, આમ અમે કર્યું હતું, આમ હોય છે, વ્યવહાર સાધન છે, વ્યવહારથી નિશ્ચય પ્રાપ્ત થાય—એ બધું ભૂલી જા. સમજાણું કાંઈ? એ લખ્યું છે કે વ્યવહાર સાધન કહ્યું છે અને આ લોકો ના પાડે છે. અરે ભાઈ! સાંભળને! રાગને સાધન..... અરે! એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે ત્યાં. આહાહા! જ્યાં પોતાનો આશ્રય લેવો ત્યાં પરની અપેક્ષા છે નહીં. એવો ભગવાન નિશ્ચળ નિરાલંબી પરમાત્મા પોતે છે જેને રાગના આલંબનની જરૂર નથી. એવું અમને ગુરુએ કહ્યું હતું એવું અમે કર્યું, એમ

કહે છે. સમજાણું કાંઈ? આહાહા! જૈનના ગુરુઓ આમ કહે, એમ કહે છે. સમજાણું કાંઈ? પરમેશ્વરના સાધક સંતો આમ કહે.

**નિર્મળસુખકારી ધર્મ...** અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ (અર્થાત્) સુખ મળે એ ધર્મ. આહાહા! સમજાણું કાંઈ? ગુરુના સમીપમાં અમે નિર્મળસુખકારી ધર્મને પ્રાપ્ત કર્યો છે. આહાહા! એનો અર્થ કે નિર્મળ આનંદકારી ધર્મને પ્રાપ્ત થયેલા ગુરુઓએ અમને આ સૂચવ્યું હતું. આહા! એમનો ઉપદેશ આ હતો એમ કહે છે. ગજબ છેને! આહા! આવા ઉપદેશ ગુરુઓના હોય છે, એમ કહે છે. એ ગુરુઓ એવા હોય છે અને એની સમીપે પામનારા આવા હોય છે. આહાહા! આ તો ઉપદેશ કાંઈકનો કાંઈક મળે. ચાંદમલજી! પ્રતાપગઢમાં ભાઈએ એકવાર કહ્યું હતું. આહાહા! બધું મૂક્યું... ચીમનભાઈ આવ્યા હતા. .......... મુંબઈથી આવ્યા હતા એ. આહા! આ વાત ક્યાં છે? બાપા! સાંભળવા મળવી પણ મુશ્કેલ છે. આહાહા!

મુનિરાજ એમ કહે છે કે અમને અમારો નિર્મળ સુખરૂપ ધર્મ પ્રાપ્ત થયો છે. ... શું કર્યું? પુણ્ય ને પાપના ભાવ તો દુઃખરૂપ છે. વ્યવહાર જે રાગ એ તો દુઃખરૂપ છે. આહાહા! ગુરુની સમીપમાં નિર્મળ આનંદકારી ધર્મ... જે ધર્મ આનંદમય છે, અતીન્દ્રિય આનંદનો સ્વાદ છે એવો ધર્મ ગુરુએ અમને કહ્યો છે. આહાહા! સમજાણું કાંઈ? પહેલી તો વાત શું કહે છે એ એને કઠણ પડે. એવું વીંખી નાખ્યું તત્ત્વનું કથન. વ્યવહારની આડમાં નિશ્ચયને તો ક્યાંય મારી નાખ્યો, ઉડાડી દીધો આખો. જે કાંઈ નથી એને બધું આપ્યું અને જેમાં બધું છે એમાં કાંઈ ... નહીં. આહાહા!

મુનિરાજ કહે છે કે અમારા ગુરુ તો નિર્મળ આનંદકારી ધર્મને પ્રાપ્ત હતાં. જેવા પ્રાપ્ત હતાં એવું અમને કહ્યું અને કહ્યું એવું અમે પ્રાપ્ત કર્યું. આહાહા! સમજાણું કાંઈ? આ તો જેને સંસારની દુકાન ઉઠાવવી હોય એની વાત છે. સંસારની દુકાન પણ રાખવી ને ધર્મ પણ કરવો—બે થાય એવું નથી. આહાહા! દિગંબર સંતો તો કેવળજ્ઞાનના થાંભલા છે. આહાહા! કેવળજ્ઞાનના બીજડા રોપ્યા (તો) કેવળજ્ઞાન થયે છૂટકો.

**જ્ઞાન વડે જેણે સમસ્ત મોહનો મહિમા નષ્ટ કર્યો છે એવો હું...** એમ પાછું નાખ્યું. ગુરુના સાનિધ્યમાં નિર્મળ સુખ–આનંદ, નિર્મળ આનંદકારી, એમ. ધર્મમાં ચારિત્ર એ તો દુઃખ છે બાપા! બાપુ! તને ખબર નથી. ચારિત્ર તો ઉઘાડે પગે ચાલવું, ઉના પાણી પીવા, આમ ચાલવું.. આહાહા! અરે! મીણના દાંતે લોઢાના ચણા ચાવવા એવું ચારિત્ર કઠણ છે. અરે! તને ખબર નથી ભાઈ! ચારિત્ર તો આનંદકારી છે. 'ચરિત્તં ખલ્લુ ધમ્મો.' એ અહીં કહ્યું છે, નિર્મળ સુખકારી ધર્મ. સમજાણું કાંઈ? ભાઈ! સમ્યગ્દર્શન પણ સુખરૂપ છે, અહીં તો ચારિત્ર તો બહુ સુખરૂપ છે, આનંદરૂપ છે. એમાં સહન કરવું પડે છે અને આમ છે. અરે! તું સમજતો નથી પ્રભુ! આહાહા!

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણે પરિણામ છે, ત્રણ પર્યાય છે. એ આનંદદાયક પર્યાય છે. દુઃખદાયક નહીં, આર્તધ્યાન નહીં, રૌદ્રધ્યાન નહીં. એ તો ધર્મધ્યાનની આનંદદાયક દશા છે. આહાહા! ભાઈ! આ સત્યની વાતું જગતને એવી કઠણ પડે. બહારમાં વ્યવહારમાં એકલા ઝુકાવી દીધા છેને, જાણે એનાથી બધું આ મળશે. આ કોણ કહે છે? જુઓને! આ તો મુનિરાજ કહે છે. આ સોનગઢના શબ્દો છે? ઓલા કહે, સોનગઢે આમ કરી નાખ્યો માર્ગ. જૈનસંસ્કૃતિનો લોપ કરી નાખ્યો. અરે ભગવાન! ભાઈ! તારે આવવું પડશે આ રસ્તે હોં. સુખી થવું હોય તો આ રસ્તે આવવું પડશે. ભાઈ! તું અત્યારે વિરોધ કરે છે, પણ એ કરવું પડશે. આહાહા! શું શબ્દો વાપર્યા છે! શું વાત કરી છે!

ગુરુના સમીપમાં, મુનિરાજ કહે છે, અમે આનંદદાયક ધર્મ પામ્યા છીએ હોં. દુઃખદાયક પુણ્યને નહીં. આહાહા! સમજાણું કાંઈ? એનો અર્થ કે અમારા ગુરુએ વ્યવહાર જણાવ્યો હતો, પણ વ્યવહાર સ્થાપીને વ્યવહારથી લાભ (થશે) એમ કહ્યું નહોતું. સમજાણું કાંઈ? આહાહા! અરે! વીતરાગમાર્ગ સિવાય આ ક્યાં છે...? આહાહા! કહો! એક શબ્દમાં તો કેટલું નાખ્યું છે! ઓહોહો! એક તો ગુરુને સ્વીકાર્યા છે, સાચા સંત–મુનિ ધર્માત્મા કેવા હોય અને એમનો ઉપદેશ કેવો હોય અને એ ઉપદેશનું ફળ જે આવે એ એમણે કીધું હતું એ આવ્યું. નિર્મળ આનંદકારી... ભગવાન આનંદસ્વરૂપ છેને. એની પરિણતિ પ્રગટ થઈ છે એ આનંદકારી છે, દુઃખનો લેશ નથી. ચારિત્રમાં સહન કરવું પડશે એ ભાવ એમાં નથી ભાઈ! સહન કોને કરે? સમજાણું કાંઈ?

ઓહો! નિર્દોષ આનંદ એવો જે ધર્મ, એવું જે ચારિત્ર.. આહાહા! એને પ્રાપ્ત કરીને, એમ કહે છે ભાઈ! અમે તો નિર્મળ આનંદદાયક ચારિત્રને પ્રાપ્ત કર્યું છે. મુનિ છેને. સમજાણું કાંઈ? અમે 'જ્ઞાન વડે' એ અસ્તિથી વાત કરી. હવે નાસ્તિથી કરે છે. અમે અમારા જ્ઞાનના ભાનના અનુભવ દ્વારા **સમસ્ત મોહનો મહિમા**.. મોહનો મહિમા **નષ્ટ કર્યો છે એવો હું**.... ભાઈ! આ ગુરુના સાનિધ્યમાં આવ્યું. આહાહા!

શ્રોતા : 'ગુરુથી લાભદાયી' એ આવ્યું ને?

પૂજ્ય ગુરુદેવશ્રી : 'લાભદાયી' એ આવ્યું કે એ જાતનું પરિણમન કર, એ કહ્યું છે. વીતરાગમાર્ગ તે કોઈ માર્ગ છેને! આહાહા! જિનેશ્વરના શાસનમાં આ રીત તે રીત છેને! આ જ વસ્તુનું સ્વરૂપ છે, બીજું કાંઈ છે નહીં. અમરચંદભાઈ! આહાહા! પાછું વ્યવહારથી નિશ્ચય પામ્યા છીએ એમ નહીં, પણ નિશ્ચયથી વ્યવહારનો નાશ કર્યો છે. **જ્ઞાન વડે જેણે**... આહાહા! ગજબ છેને! સંતો પણ આમ કહેતા હશે એ વાતમાં. **સમસ્ત મોહનો મહિમા નષ્ટ કર્યો છે**... આહાહા! વ્યવહાર રત્નત્રયનો રાગ હોય તોય મહિમા મને નષ્ટ થઈ ગયો છે. સમજાણું કાંઈ?

ભગવાન પૂર્ણાનંદની મહિમાના પરિણમનમાં અને એ પરિણમન દ્વારા મોહનો નાશ કર્યો છે. સમજાણું કાંઈ? (શ્રોતા : એક મોહનો મહિમા ગાય છે ને એક મોહને) નષ્ટ કરે છે. આહાહા!

**એવો હું, હવે રાગદ્વેષની પરંપરારૂપે પરિણત ચિત્તને છોડીને...** આહાહા! રાગ-દ્વેષ શુભાશુભભાવ એની પરંપરા.. પરંપરા થાય એવા વ્યવહાર ચિત્તને છોડી દઉં છું. આહાહા! સમજાણું કાંઈ? એમાં રાગ-દ્વેષની પરંપરા થાય છે એમ કહે છે. રાગ પછી રાગ, રાગ પછી રાગ પુણીની પેઠે. રાગ પછી રાગ જ થાય, રાગ પછી રાગને કારણે કાંઈ ધર્મ થાય? આહાહા! રાગ અનર્થનું કારણ કહ્યું છેને બાર ભાવનામાં. રાગ-દ્વેષની પરંપરારૂપી પરિણત ચિત્તનો સ્વભાવ એવો છે કે રાગ.. રાગ.. રાગ એમ કરે. ... રાગ છે. આહાહા! એ ચિત્તને છોડીને, કહ્યું છે. એના ચિત્ત વિનાના થઈ ગયા? સાંભળને ભાઈ! અંતરમાં જ્યાં દૃષ્ટિ મૂકી ત્યાં ચિત્ત છૂટી ગયું છે. આવો માર્ગ ... હેય કરી નાખ્યો છે. એ શાંતિભાઈ! સાંભળ્યું હતું બધું ન્યાં? એના ભાઈ છે તો જાતા તો હોયને કો'ક દિ'. માર્ગ બહુ આકરો. વીતરાગના સાધન.... કોઈ ચીજ છે નહીં. લોકોને ખ્યાલમાં નથી ને ચાલી નીકળ્યા છે બાપા!

અને **શુદ્ધ ધ્યાન વડે સમાહિત (-એકાગ્ર, શાંત) કરેલા મનથી...** ઓલું આવું ચિત્ત છોડી દીધું છે, હવે શુદ્ધ ધ્યાન વડે એકાગ્ર કરેલું મન... મન તો શબ્દ છે, આમ અંતર એકાગ્ર કર્યું. **આનંદાત્મક તત્ત્વમાં...** આહાહા! શબ્દ તે શબ્દ. આનંદસ્વરૂપ તત્ત્વમાં... મારો નાથ આનંદસ્વરૂપ પ્રભુ છે. આહાહા! મારું તત્ત્વ જ આનંદસ્વરૂપ છે. એવા આનંદસ્વરૂપ તત્ત્વમાં સ્થિત રહેતો થકો... એ આનંદની પરિણતિમાં **સ્થિત રહેતો થકો, પરબ્રહ્મમાં (પરમાત્મામાં) લીન થાઉં છું.** લીન થયો છું, લીન થાઉં છું. આહાહા! સ્થિત રહ્યો થકો... પરમાત્મા મારો ભગવાન પૂર્ણ પ્રભુ વસ્તુ.. વસ્તુપણે હયાતીપણે પરમાત્મા જ છે હયાતી જગતમાં. મારી હયાતી એટલે પરમાત્માની હયાતી, એની હયાતીમાં હું લીન થાઉં છું. સમજાણું કાંઈ? આહાહા!

દિગંબર મુનિઓ તો ધર્મના થાંભલા છે, જેણે ધર્મના બીજ રોપ્યા. એવી વાત ક્યાંય નથી હોં. આહાહા! પછી લોકો કહે કે આ તો તમે દિગંબરધર્મ અંગીકાર કર્યો. બીજો કોઈ દિગંબર હશે? બાપા! વસ્તુ આવી છે. એક જ વસ્તુ છે, બીજી વસ્તુ છે જ નહીં. સમજાણું કાંઈ? ગિરધરભાઈ! આ વસ્તુ છે. આહા! જેને સાંભળતા પણ પ્રમોદ થાય, એના અનુભવના પ્રમોદની શું વાત કરવી! એ જ જૈનશાસન છે.

**પરમાત્મામાં લીન થાઉં છું.** ખબર પડે છે પોતાને? આ પાંચમા આરાના સાધુ છેને, અવધિજ્ઞાન નથી, મનઃપર્યયજ્ઞાન નથી, કેવળજ્ઞાન નથી. આહાહા! કેવળજ્ઞાનની ઉપસ્થિતિ નથી. પોતે છે કે નહીં? આહાહા! ..... અત્યારે ભગવાન ક્યાંક હશે, કેવળી ક્યાંક હશે. હવે સાંભળને બાપા! મોટો ભગવાન બિરાજે છે કેવળજ્ઞાનનો કંદ. કેવળજ્ઞાન ઉત્પન્ન થાય એવું મૂળ તો પડ્યું છે બધું અહીં. સમજાણું કાંઈ? આહાહા! વાત એ કે પોતાની મોટપ સૂઝી જ નથી.

સૂઝ વિના બૂઝ–સમજણ હોય નહીં એને. આહાહા! એ ૨૩૪ કીધો. એક ગાથાના સાત શ્લોક. ભક્તિ છેને અંદરની. ૨૩૫.

**निर्वृतेन्द्रियलौल्यानां तत्त्वलोलुपचेतसाम् ।**
**सुन्दरानन्दनिष्यन्दं जायते तत्त्वमुत्तमम् ॥ २३५॥**

**શ્લોકાર્થ :** અરે! **ઇન્દ્રિયલોલુપતા જેમને નિવૃત્ત થઈ છે...** આહાહા! ઇન્દ્રિય તરફની લોલુપતા જેમને નિવૃત્ત થઈ છે. **जो इंदिये जिणित्ता..** સમજાણું કાંઈ? પાંચ ઇન્દ્રિય તરફના વલણનો ભાવ–લોલુપતા ખસી ગયો છે. આહાહા! **અને તત્ત્વલોલુપ (તત્ત્વપ્રાપ્તિ માટે અતિ ઉત્સુક) જેમનું ચિત્ત છે...** આહાહા! પૂર્ણાનંદનો નાથ એની જેને લોલુપતા થઈ છે હવે. પોપટભાઈ! આવી વાતું તમારે ન્યાં હશે છોકરામાં બેઠા ને? ઓલામાં બહારમાં નથી... આહાહા!

**ઇન્દ્રિયલોલુપતા જેમને નિવૃત્ત થઈ છે અને તત્ત્વલોલુપ (તત્ત્વપ્રાપ્તિ માટે અતિ ઉત્સુક) જેમનું ચિત્ત છે**... સ્વભાવની પ્રાપ્તિ માટે જેમનો ઉત્સાહ અપૂર્વ છે એમ કહે છે. આહાહા! કહો, સમજાણું કાંઈ? **તેમને સુંદર-આનંદ ઝરતું...** આહાહા! એને સુંદર આનંદ ઝરતું **ઉત્તમ તત્ત્વ પ્રગટે છે.** અતીન્દ્રિય આનંદની પરિણતિ સહિતનું ઉત્તમ તત્ત્વ જણાય છે, એમ કહે છે. સમજાણું કાંઈ? આવા જંગલમાં રહીને... સુજાનમલજી! તત્ત્વલોલુપતા... જેને તત્ત્વની લોલુપતા પ્રગટી તેને સુંદર આનંદ ઝરતું તત્ત્વ મળે છે, એમ કહે છે અહીં. વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**માગશર સુદ-૨, ગુરુવાર, તા. ૭-૧૨-૧૯૭૨**
**શ્લોક-૨૩૬-૨૩૭, ગાથા-૧૪૧ પ્રવચન નં. ૧૬૭**

પરમ-ભક્તિ અધિકારના છેલ્લા કળશ છે. નિયમસાર, (શ્લોક) ૨૩૬.

**अत्यपूर्वनिजात्मोत्थभावनाजातशर्मणे ।**
**यतन्ते यतयो ये ते जीवन्मुक्ता हि नापरे ॥२३६॥**

**શ્લોકાર્થ : અતિ અપૂર્વ નિજાત્મજનિત ભાવનાથી ઉત્પન્ન થતા સુખ માટે જે યતિઓ યત્ન કરે છે...** એનો અર્થ. અતિ અપૂર્વ–અનંતકાળથી કદી ઉત્પન્ન થઈ નથી એવી નિજાત્મજનિત ભાવના... નિજ આનંદસ્વરૂપ ભગવાન આત્મા એની ઉત્પન્ન થયેલી ભાવના–નિજાત્મજનિત ભાવના... શુદ્ધ ધ્રુવ આનંદકંદ એવો જે નિજાત્મા એનાથી ઉત્પન્ન થતી ભાવના.. ઉત્પન્ન થયેલી ભાવના નામ સ્વરૂપમાં એકાગ્રતા, એનાથી ઉત્પન્ન થતું સુખ–નિજાત્મજનિત ભાવનાથી ઉત્પન્ન થતો આનંદ...

વસ્તુ પોતે આનંદસ્વરૂપ છે એ અનંતકાળમાં એને વિશ્વાસમાં આવ્યું નથી. એ આનંદનો એકલો રસ સ્વતઃ રસ છે. ધ્રુવ ચૈતન્ય વજ્રનું બિંબ, અતીન્દ્રિય આનંદનું એ ધ્રુવબિંબ છે. આહાહા! એનાથી ઉત્પન્ન ભાવના (અર્થાત્) એવા સ્વભાવની એકાગ્રતાથી ઉત્પન્ન થયેલી પર્યાય, એનાથી ઉત્પન્ન થતું સુખ... આત્મામાં, અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન આત્મા એની એકાગ્રતાથી અતીન્દ્રિય આનંદ ઉત્પન્ન થાય એ (માટે) **જે યતિઓ યત્ન કરે છે**... આમાં જે યતિઓ યત્ન કરે છે. યતિઓ એટલે સંતો પરમ આનંદ–સુખ ઉત્પન્ન થાય એ માટે યત્ન કરે છે. આહાહા!

અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ માટે, પોતાના આત્માથી અનંત આનંદ પ્રગટ થાય એના માટે યત્ન કરે છે અંદર. યતિઓ યત્ન કરે છે. સંતો સ્વભાવમાં પ્રાપ્ત સુખને માટે યત્ન કરે છે. સુખને–અતીન્દ્રિય આનંદને માટે. આહાહા! અતીન્દ્રિય આનંદ એ નિજાત્મજનિત ભાવનાથી ઉત્પન્ન થતું સુખ છે. આ પુણ્ય ને પાપનો ભાવ એ દુઃખ છે. જે કોઈ નિજ આત્મા... પર આત્મા ભગવાન નહીં. તે પણ અતિ અપૂર્વ નિજાત્મજનિત ભાવના... અનાદિકાળથી યત્ના, રક્ષા વિકારની કરી. વિકારની (કરી), પરની તો નહીં. આહાહા! યતિ નામ ધરાવીને પણ, સાધુ નામ ધરાવીને પણ એણે યત્ના–રક્ષા શુભાદિ, પુણ્યાદિ ભાવની રક્ષા કરી, જતના ત્યાં કરી, એ તો દુઃખ છે. કહો, સમજાણું કાંઈ?

પૈસા .. થયા કે શરીર ... થયું—એ વાત તો અહીં છે નહીં. પણ રાગના વિકલ્પ જે પુણ્ય દયા, દાનાદિના ભાવ એમાં એણે–સાધુ યતિએ યત્ના, રક્ષા કરી. એ દુઃખના ફળને ... છે.

આહા! નુકશાનનો ધંધો છે એ. આકરો માર્ગ ભાઈ! એવા સુખને માટે યતિઓ યત્ન કરે છે. ભાષા કેવી છે જુઓને! **यतन्ते यतयो ये ते**.. એને યતિ કહીએ. યતિ એટલે આ ઓલા જતિ છે એ હશે? એ નામમાત્ર છે, એ જતડા ક્યાંથી થયા? આ તો સાધુ હો, પંચમહાવ્રતના પરિણામ પાળતા હો—એવી રાગની યત્ના કરવાવાળા દુઃખના ફળને અનુભવે છે, એ દુઃખને અનુભવે છે, આકુળતા છે.

ભગવાન આત્મા અનાકુળસ્વરૂપ છે એને અવલંબીને જે ભાવના ઉત્પન્ન થઈ, એનાથી ઉત્પન્ન અતીન્દ્રિય આનંદને માટે એ યતિઓ યત્ના કરે છે. આહાહા! કષાયની યત્ના કરે છે એમ ન આવ્યું. છ કાયની દયા પાળે છે... સંવત્સરીમાં નથી આવતું? સંવત્સરીમાં લખેને ખમતખામણામાં. છકાયની દયા પાળવી, છકાયના ગોવાળ... એ પોપટભાઈ! એ ઘણું લખતા હશે. છ કાયના રક્ષક, છકાયના ગોવાળ, છકાયના પિયર. અરે! એ કોણ છકાય પણ? છકાયમાં અકાય એવો જે ભગવાન આત્મા, કાયા વિનાનો ભગવાન અનંત ગુણનો પિંડ પ્રભુ જીવાસ્તિકાય. આહાહા! સમજાણું કાંઈ? ... એવો માર્ગ છે ભાઈ!

શુદ્ધજીવાસ્તિકાય... પોતે જીવ છે કે નહીં? શુદ્ધ જીવાસ્તિકાય... આગળ આવશે, ક્યાંક શબ્દ છે. એમાં જે યત્ના કરે છે, સ્વરૂપ સન્મુખતાની જે ભાવના છે એનાથી (ઉત્પન્ન) અતીન્દ્રિય આનંદના સુખ માટે એ ભાવના કરે છે. **તેઓ ખરેખર જીવન્મુક્ત થાય છે...** આવા જીવો શરીરનું આયુષ્ય હોવા છતાં પરથી મુક્ત થઈને આનંદમાં રહે છે. સમજાણું કાંઈ? આહા! **તેઓ ખરેખર જીવન્મુક્ત થાય છે**... કેવળજ્ઞાન પામે છે. શરીરની સ્થિતિ ભલે હો, પણ એનાથી મુક્ત થઈને અતીન્દ્રિય આનંદને અનુભવે છે. **બીજાઓ નહિ.** અનેકાંત કર્યું. ભગવાન આનંદમૂર્તિ પ્રભુ એની ભાવનાની જતના જેને નથી એવા અજ્ઞાનીઓને મુક્તિ ને મુક્તિની ભાવના હોતી નથી. આહાહા! પંચમહાવ્રત પાળતો હોય, ૨૮ મૂળગુણ પાળતો હોય, એ મૂઢ છે કહે છે. એ આકુળતાને સેવનારો છે. આહાહા! એ સાધુ દુઃખને.. દુઃખને પંથે દોરાયેલો છે. આહાહા! આ તે કંઈ વાત! પંચમહાવ્રત પાળે તોય દુઃખ છે એમ કહે છે. અહીં તો પંચમહાવ્રતધારી...

**બીજાઓ નહીં**. એક સ્વદ્રવ્યની ભાવના કર્યા વિનાના પ્રાણી જીવનમુક્ત થતા નથી. એ સંસારમાં રખડે છે, ચાર ગતિમાં. આહાહા! સમ્યગ્દૃષ્ટિને પણ નિજાત્માની ભાવના થઈ, એના ફળને–વર્તમાનમાં અતિન્દ્રિય આનંદના સુખને અનુભવે છે, પૂર્ણ નહીં. યતિઓ પૂર્ણ આનંદને પ્રગટ કરીને અનુભવે છે. સમજાણું કાંઈ? આવો ધર્મ કેવો હશે આ? જૈનધર્મ આવો હશે? આ કોની વાત ચાલે છે? જૈનધર્મ એટલે આત્માનો આનંદ. ભગવાન અતીન્દ્રિય આનંદની મૂર્તિ એમાં યત્ના કરવી અને રાગાદિને છોડવા, જીતવા એનું નામ જૈનધર્મ છે. જૈનધર્મ કોઈ વાડો ને પક્ષ નથી. સમજાણું કાંઈ? **બીજાઓ નહીં**. આહા! એમ કહીને શું કહે છે? આનંદમૂર્તિ ભગવાન એની જેને અંતરની ભાવના નથી અને રાગ ને પુણ્યની જેને ભાવના છે, એ જીવો

આત્મસુખને પામતા નથી, પણ એ ચાર ગતિના દુઃખને પામે છે. આહાહા! સમજાણું કાંઈ? (શ્લોક) ૨૩૭.

**अद्वन्द्वनिष्ठमनघं परमात्मतत्त्वं**
**संभावयामि तदहं पुनरेकमेकम् ।**
**किं तैश्च मे फलमिहान्यपदार्थसार्थैः**
**मुक्तिस्पृस्य भवशर्मणि निःस्पृहस्य॥२३७॥**

**एकमेकम्** એટલે એકનો અર્થ 'કેવળ એક' કર્યો ભાઈ! **एकमेकम्..** છેને શબ્દ. આહાહા! કેવળ એક, એમ. એકનો અર્થ કેવળ એક.. કેવળ એક. **एकमेकम्..** એકલો ભગવાન પૂર્ણાનંદ..

**શ્લોકાર્થ : જે પરમાત્મતત્ત્વ (રાગદ્વેષાદિ) દ્વંદ્વમાં રહેલું નથી...** આહાહા! ભગવાન આત્મા પુણ્ય ને પાપના દ્વંદ્વમાં રહેલો જ નથી. આહાહા! સમજાય છે કાંઈ? પોતાનું પરમતત્ત્વ એ શરીરમાં તો રહેલું નથી, પણ પુણ્ય ને પાપના વિકલ્પની વાસના(રૂપ) દ્વંદ્વમાં એકરૂપ ચૈતન્ય રહેલો નથી. આહાહા! સમજાણું કાંઈ? **અને અનઘ (નિર્દોષ, મળ રહિત) છે...** ભગવાન આત્મા સચ્ચિદાનંદસ્વરૂપ નિર્મળાનંદ–અતીન્દ્રિય આનંદમય નિર્મળ છે.

**તે કેવળ એકની હું,** એમ. ... છેને. એકનો અર્થ 'કેવળ' કર્યો. **તે કેવળ એકની હું...** કેવળ એક એટલે પુણ્ય ને પાપના વિકલ્પમાં નથી, નિર્મળાનંદ છે એવા એકને હું **ફરીફરીને સંભાવના (સમ્યક્ ભાવના) કરું છું.** આહાહા! મારું રટણ ભગવાન પ્રત્યે કાયમ છે કહે છે. ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એની પર્યાયની માળા આમાં ફરે છે કહે છે. સમજાણું કાંઈ? એની ભક્તિની માળા ફરે છે. પૂર્ણાનંદ સ્વરૂપ એની અંતરની દૃષ્ટિ ને એકાગ્રતા એ પર્યાય નિરંતર છે. આહાહા! ક્યાં જૈનધર્મ છે ને ક્યાં લોકોએ માની લીધો, દયા પાળવી ને વ્રત પાળવા. સમજાણું કાંઈ? **તે કેવળ એકની હું ફરીફરીને...** મારી ભાવના ત્યાં જ જાય છે... એનું નામ ધર્મ ને એનું નામ મોક્ષનો માર્ગ છે. આહાહા!

**મુક્તિની સ્પૃહાવાળા...** હું કેવો છું? કહે છે. હું તો એક મુક્તિની સ્પૃહાવાળો છું, પૂર્ણ આનંદની પ્રાપ્તિની અભિલાષાવાળો છું. આહાહા! પૂર્ણ અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ મુક્તિ. મુક્તિ એટલે અતીન્દ્રિય આનંદની પૂર્ણ પ્રાપ્તિ એનું નામ મુક્તિ. એની સ્પૃહાવાળો છું કહે છે. ધર્મી એની સ્પૃહાવાળો હોય છે. આહાહા! **અને ભવના સુખ પ્રત્યે નિઃસ્પૃહ એવા મને...** જુઓ! અહીં ગુલાંટ મારી આખી વાત. પરમાનંદરૂપી મુક્તિ એની સ્પૃહાવાળો–ઇચ્છાવાળો–અભિલાષી ભવના સુખ પ્રત્યે નિઃસ્પૃહ છે. ભવના સુખમાં મારી ઇચ્છા નાશ થઈ ગઈ છે. મુક્તિના સુખ માટે સ્પૃહાવાળો ભવના (એને) સુખ માટેની (સ્પૃહા) નીકળી ગઈ છે અંદરથી. આ નહીં, આ નહીં. આહા! સમજાણું કાંઈ? ભવનું સુખ તો કીધું હોં, દુનિયા કહે છે એટલે. ધૂળમાંય સુખ

નથી. પૈસામાં, છોકરામાં, આબરૂમાં, કીર્તિમાં, ધૂળ ને ધમાલ. જગતના પ્રાણી માને છે કે એમાં સુખ છે. એની સ્પૃહાથી તો નિઃસ્પૃહ છે. આની સ્પૃહાવાળો, આનો નિઃસ્પૃહ. આમ ગુલાંટ મારી વાત. સમજાણું કાંઈ?

પૂર્ણાનંદરૂપી આત્મા ભગવાન અને એની પર્યાયમાં પૂર્ણાનંદની પ્રાપ્તિરૂપી મુક્તિ એની અભિલાષાવાળો–સ્પૃહાવાળો છે અને ભવના સુખની નિઃસ્પૃહતા છે–સ્પૃહા વિનાનો છે એમ કહે છે. આહાહા! સમજાય છે કાંઈ? ભારે નાખ્યું ભાઈ! વીતરાગમાર્ગ એવો અલૌકિક લોકોને ખ્યાલમાં આવ્યો નથી. આહાહા! ત્યારે કહે, આવો છે તો ગયો ક્યાં પણ ત્યારે? પણ એણે વિશ્વાસમાં લીધો છે ક્યાં? સમજાણું કાંઈ? જાય ક્યાં? એ છે ત્યાં છે. પણ એને વિશ્વાસમાં લીધા વિના આવો છે એવું આવે ક્યાંથી? રુચિમાં એ આત્મા આવો છે એમ લીધા વિના 'છે' એ ખ્યાલ ક્યાંથી આવે? એ છે તો છે. પણ એની સન્મુખની રુચિ કરીને 'આ છે' એમ જાણ્યા વિના એ તો અજાણપણે રાગને, પુણ્યને પોતાના માને છે. જ્યાં માને છે ત્યાં દોરાઈ ગયો છે. અહીં માનતો નથી કે આ મહા પરમાનંદની મૂર્તિ હું છું. માન્યું નથી માટે ત્યાં જોડાણો નથી. સમજાણું કાંઈ?

આ પૈસાવાળા અને શેઠને માટે શું હશે? અરે! એકને તો પૈસા થયા તો હાથમાંથી લાકડી છોડી દીધી. રાજકોટ..... અહીં જ્યાં પૈસા ગયા તો લાકડી લેવા માંડી. આ તો બધું જોયેલું છે હોં બધું. અપાસરા પાસેથી નીકળે. અપાસરો ..... શેરીમાંથી નીકળે, દેરાસર જાય. એલા! લાકડી કેમ લીધી હવે? ....... પૈસા ગયા તો કડ ભાંગી. આહાહા! પહેલા પૈસા થયા તો લાકડી છોડી દીધી. આ છોડ્યા વિના...... આ શું...? આહાહા! હું તો એક સંસારના સુખનો નિઃસ્પૃહી છું. આહાહા! મારે સંસારના સુખની સ્પૃહા નથી અને મુક્તિના સુખની સ્પૃહાવાળો છું. આહાહા! બે અર્થ કર્યા. આહાહા!

**એવા મને આ લોકમાં પેલા અન્ય પદાર્થસમૂહોથી શું ફળ છે?** એવા એટલે આ. આ બધા શરીર, બાયડી, છોકરા, પૈસા આબરૂ, કીર્તિ, ધૂળ, ધમાલ, પુણ્ય-પાપ—એવા અન્ય પદાર્થસમૂહો—અન્ય પદાર્થનો ઢગલો, એનાથી શું ફળ છે મને? આહાહા! સમજાણું? ઓલા કહે, તમે પુણ્યને માનો છો? એમ કે પુણ્ય માનો તો તો પુણ્ય કરવું ને એનાથી ધર્મ થાય અને વળી પુણ્યથી પૈસા મળે, એનાથી પાછો ધર્મ થાય, ત્યારે તમે પુણ્ય માન્યું કહેવાય. અમારે હિંમતભાઈ.... નહીં? શું કીધું? એની જ વાત છે. જીવાપ્રતાપ... અમે પુણ્ય ને પાપને બધાને માન્યા, સાંભળને! કાંઈક કહ્યું હતું, નહીં? નવે તત્ત્વને માનીએ છીએ. આહાહા! ....... ગાંધીજી હતા ને જીવાપ્રતાપ આવ્યા. તમે માનો છે આને? આહાહા! આ બધા ધર્મના શેઠીયા. આહાહા!

શું થાય? મારી નાખ્યા કુગુરુએ જગતને અને પોતે કુગુરુને માનીને પોતે મરી ગયા છે. આહાહા! સંતોની વાણી તો આવી હોય છે. ........... આહાહા! શું થાય? પોતાને પોતાની

મહત્તાની ખબર ન મળે અને બીજા પુણ્ય-પાપની મહત્તાને માનનારાઓ..... એનાથી ભવ અને આ ધૂળ બહાર પૈસા-બૈસા મળે, ધર્મ કરે તો પુણ્ય થાય ને પુણ્યથી પાછા પૈસા મળે, પૈસા કાંઈ ઝાઝા હોય તો વળી પાછો ધર્મ થાય. આહાહા! રખડાઉ તે પણ. આહાહા! ભગવાન! તને ખબર નથી ભાઈ!

ત્રણ લોકનો નાથ એક સમયમાં પૂર્ણ આનંદનો પિંડ પ્રભુ આત્મા બિરાજે છે. એની હયાતીને તું કબૂલતો નથી, એનો તને વિશ્વાસ નથી. કારણ કે એ વસ્તુ નજરમાં પડ્યા વિના વિશ્વાસ આવતો નથી. અને આ પુણ્ય ને પાપના વિકલ્પો દેખાય અને એના ફળ દેખાય, એનો વિશ્વાસ, એ તો મિથ્યાદૃષ્ટિનો વિશ્વાસ છે. સમજાણું કાંઈ? અમારે એમ કે....... આ લોકમાં પેલા અન્ય પદાર્થ, અરે! પુણ્ય ને પાપાદિના ફળો અને પુણ્ય-પાપ એની સાથે મારે શું ફળ છે? કહો, સમજાણું કાંઈ? આહાહા! એ ભક્તિ કીધી લ્યો. એ ભગવાન આત્માની ભક્તિ હોં.

**આ રીતે, સુકવિજનરૂપી કમળોને માટે જેઓ સૂર્ય સમાન છે અને પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર જેમને પરિગ્રહ હતો એવા શ્રી પદ્મપ્રભમલધારિદેવ વડે રચાયેલી નિયમસારની તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં (અર્થાત્ શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી નિયમસાર પરમાગમની નિર્ગ્રંથ મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવવિરચિત તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં) પરમ-ભક્તિ અધિકાર નામનો દશમો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.** લ્યો.

હવે, નિશ્ચય-પરમાવશ્યક (અધિકાર). ઓલા સાંજ-સવાર કરે છેને સામાયિક, ચોવિસંથો, વંદના, પડિકમણું, કાયોત્સર્ગ ને પચખાણ.—છ આવશ્યક. સાચા છ આવશ્યકો કોને કહેવા એનું વર્ણન આમાં આવે છે. આહાહા! અગિયારમો અધિકાર નિશ્ચય-પરમાવશ્યક. ખરેખર પરમ અવશ્ય કરવાલાયક આવશ્યકનું સ્વરૂપ શું છે એનો અધિકાર છે. ગાથા.

**जो ण हवदि अण्णवसो तस्स दु कम्मं भणंति आवासं।**
**कम्मविणासणजोगो णिव्वुदिमग्गो त्ति पिज्जुत्तो ।।१४१।।**

**હવે વ્યવહાર છ આવશ્યકોથી...** જુઓને! કેટલી ચોખ્ખી સ્પષ્ટ વાત કરી છે. સામાયિક, ચોવીસંથો જે વિકલ્પવાળા છે, શુભ રાગવાળા છે... સામાયિક, 'ણમો અરિહંતાણં, ણમો અરિહંતાણં' કરીને સામાયિક કરે એ શુભરાગ છે. ચોવીસંથો–ભગવાનની સ્તુતિ કરવી એ શુભરાગ છે. ગુરુ આદિને વંદન એ શુભરાગ છે. પડિકમણાનો શુભરાગ મિચ્છામિ દુક્કડમ આદિ એ પણ શુભરાગ છે. પચખાણ–ભવિષ્યના ..... એ પણ એક વિકલ્પ છે. એવા છ આવશ્યક... કાયોત્સર્ગ... એ વ્યવહાર છ આવશ્યક એનાથી પ્રતિપક્ષ, એમ. આમ કીધું છે.

વ્યવહાર છ આવશ્યક ને નિશ્ચય છ આવશ્યક એક જાતના છે એમ નથી. સમજાણું કાંઈ? વ્યવહાર આવશ્યક શુભરાગવાળો છે, નિશ્ચય આવશ્યક અરાગ પરિણતિવાળી દશા છે. આત્માને અવલંબીને થતી સ્વવશદશા, નિર્મળ નિર્વિકારીદશા એ નિશ્ચય આવશ્યક છે અને

રાગવાળો ભાવ એ વ્યવહાર આવશ્યક છે. વ્યવહાર આવશ્યકથી **પ્રતિપક્ષ...** વ્યવહાર આવશ્યકનું ફળ પુણ્ય, નિશ્ચય આવશ્યકનું ફળ મોક્ષ. બેય પ્રતિપક્ષ છે. વસ્તુ પ્રતિપક્ષ અને એનું ફળ પણ પ્રતિપક્ષ છે. સમજાણું કાંઈ? આહા! આ તો વ્યવહારના પણ ઠેકાણા ન મળે અને વ્યવહારને ધર્મ માનીને બેઠા. આહાહા!

સામાયિક, ચોવિસંથો–ભગવાનની સ્તુતિ—એ વ્યવહાર છ આવશ્યકથી પ્રતિપક્ષ... ન ગોઠે આને. પાછળ ધર્મધ્યાન લેશે. સ્વ-આત્માને આશ્રયે નિશ્ચય ધર્મધ્યાન. ઓલો કહે, શુભભાવ એ ધર્મધ્યાન. એનો મેળ ક્યાં ખાય આમાં? રતનચંદજી એ ટીકા.... માંડવીવાળો. આહાહા! **શુદ્ધનિશ્ચય...** સાચા ... નિશ્ચય આવશ્યક, વીતરાગી નિર્મળ આનંદની પર્યાય, અકષાય આત્માની પર્યાય એ નિશ્ચય આવશ્યક. એ અધિકાર કહેવામાં આવે છે. આહાહા!

**નથી અન્યવશ જે જીવ, આવશ્યક કરમ છે તેહને;**
**આ કર્મનાશનયોગને નિર્વાણમાર્ગ કહેલ છે. ૧૪૧.**

**ટીકા : અહીં (આ ગાથામાં), નિરંતર સ્વવશને નિશ્ચય-આવશ્યક-કર્મ છે એમ કહ્યું છે.** શું કહે છે? ભગવાન આત્મા પૂર્ણ જ્ઞાન ને આનંદનું ધામ એવા આત્માને જે વશ થયો છે. રાગને વશ છૂટી જઈને નિરંતર સ્વવશ છે, આત્મા આનંદસ્વરૂપમાં આવેલ છે. આહાહા! નિર્વિકારી દશા જે સ્વભાવને આશ્રયે પ્રગટ થઈ છે, વીતરાગી સમ્યગ્દર્શન, વીતરાગી જ્ઞાન ને વીતરાગી–રાગરહિત સ્થિરતા—એવું જે સ્વવશપણું એને નિશ્ચય આવશ્યક કર્મ કહે છે, નિશ્ચય આવશ્યક કાર્ય કહે છે. સામાયિક એ અંદર વીતરાગી પર્યાય સમતાનો વાસ, શુદ્ધ ચૈતન્યદ્રવ્યને અવલંબીને નિજાશ્રિત જે વીતરાગી પરિણતિ થાય, એને ભગવાન સામાયિક કહે છે. એ સામાયિક કાર્ય છે. સામાયિક એ જીવનું અવશ્યનું–જરૂરિયાતનું કાર્ય છે.

એટલે અહીં કીધું, દ્રવ્યકર્મ, ભાવકર્મ... દ્રવ્યકર્મ, ભાવકર્મ બેય.... જડકર્મ, એ કર્મ છે. એમાં વળી દ્રવ્ય ને ભાવ કેવા? અનુભવ.. અનુભવ મોક્ષમાર્ગ છે. અનુભવ-બનુભવ આપણે કેવા? એ તો વેદાંતમાં હોય. ૮૦ની સાલમાં. ઠાકરશી ગોપાણી હતાને. બોટાદના હતા ઠાકરશી ગોપાણી ને .... ગોપાણી. ઓલા પંડિત અમૃતલાલ, એનો બાપ....... મળ્યા હતા ત્યાં મુંબઈમાં. આવા ભાવ....... એ ઠાકરશી ગોપાણી ૮૦ની સાલમાં પડિકમણું કરતા. આ અનુભવ-અનુભવ મહારાજ શું કહે છે? અનુભવ આપણે હોય? આ અનુભવ ક્યાં...? મૂળચંદ.... મૂળચંદ કહે, અનુભવ આપણે ન હોય, અનુભવ વેદાંતમાં હોય. આવા હજી શબ્દની ખબર ન મળે. શું થાય? અને બીજું, આ સ્વરૂપ. કીધું, પાંચ પદ છે એનું શું સ્વરૂપ છે એ જાણવું જોઈએને. સ્વરૂપ શું હશે વળી? અરિહંતનું સ્વરૂપ, સિદ્ધનું સ્વરૂપ. સાંજ-સવાર ગડિયા હાંક્યે જાય, સામાયિક કરે, આવશ્યક પડિકમણું કરીએ છીએ, પથરણું ઝાલી કાંખમાં ચાલ્યા. આહાહા! જૂના માણસ છેને. અરે!

કહે છે, **નિરંતર સ્વવશને નિશ્ચય આવશ્યક કર્મ છે એમ કહ્યું છે**. એક શબ્દમાં એનો આખો ન્યાય આપ્યો. કે જે કોઈ નિરંતર સ્વદ્રવ્યનો આશ્રય લઈને સ્વવશ છે, રાગ ને નિમિત્તને વશ થતો નથી, પણ ભગવાન આત્માના આનંદને વશ થઈને નિર્વિકારી આવશ્યકદશા પ્રગટ કરી છે તેને સાચા આવશ્યક કાર્ય છે, એણે આવશ્યક કાર્ય કર્યું. જરૂર હતું એ એણે કર્યું. આહાહા! આવી ક્યાં વાત હતી ત્યાં? જાદવજીભાઈ! છ આવશ્યક કરો. પણ કેવા આવશ્યક? વ્યવહારનાય ઠેકાણા ન હોય. અહીં તો સ્વચૈતન્ય ભગવાન એનું અસ્તિપણું દૃષ્ટિમાં આવી સ્વીકાર્યું છે અને એને અવલંબીને સ્થિરતા પ્રગટ કરી છે, એને ભગવાન આવશ્યક કર્મ કહે છે. એ આવશ્યકરૂપી કાર્ય છે. પર્યાય છેને એ. નિર્મળ પર્યાય છેને. એ કાર્ય છે (અને) દ્રવ્ય એનું કારણ છે. ત્રિકાળી દ્રવ્ય કારણ છે. આહા!

આવી વીતરાગની વાત સાંભળવાય ન મળે. શું હશે એ બેસવું કઠણ પડે. સમજાણું કાંઈ? માર્ગ એવો બાપુ! અનંતકાળ અજાણ્યો. અનંત-અનંતકાળ થયા, સાધુ અનંતવાર થયો, વ્યવહાર શ્રાવક અનંતવાર થયો, બાર વ્રત પાળ્યા, પાંચ મહાવ્રત લીધા, પણ આ લીધો નહીં અંદર ભગવાન આત્માને. દૃષ્ટિમાં, જ્ઞાનમાં એને લીધો નહીં. આહાહા! નિરંતર સ્વવશ, એમ પાછી ભાષા જુઓને! કાયમ ભગવાન આત્માના આનંદને અવલંબીને સ્વવશ એવી નિર્મળદશા નિરંતર પ્રગટ થઈ છે જેને. આહાહા! આગળ તો કહેશે. શુભભાવ છે એ પરવશ છે. જે શુભભાવમાં આવે એ પરવશ છે, પરાધીન છે. આહાહા! ભગવાન આત્માને સ્વવશ આવે એ સ્વવશ સાચું છે. આહાહા!

**વિધિ અનુસાર પરમજિનમાર્ગના આચરણમાં કુશળ...** જુઓ! આ વિધિ લીધી. વીતરાગ પર્યાય એ વિધિ, એમ કહે છે. આહાહા! **વિધિ અનુસાર પરમજિનમાર્ગના**... પરમ જિનમાર્ગની જે વિધિ છે એ આ છે, સ્વદ્રવ્યનો આશ્રય એ એની વિધિ છે. આહાહા! વિધિમાં અવિધિ કરી હોય તો મિચ્છામિ દુક્કડમ્, આવે છેને? આહાહા! ભગવાનના માર્ગની જે વિધિ છે એને અનુસારે પરમજિનમાર્ગના આચરણમાં કુશળ... ભગવાનની વિધિ તો એ કહી, વીતરાગી પર્યાય દ્રવ્યને આશ્રયે અવલંબીને પ્રગટ કરવી એ વિધિ છે. જૈનમાર્ગની વિધિ આ છે. રાગ એ જૈનમાર્ગની વિધિ નથી. આહાહા! **વિધિ અનુસાર પરમજિનમાર્ગ**... પરમજિનમાર્ગ... મહા વીતરાગી માર્ગ એના આચરણમાં... વસ્તુ નિર્વિકલ્પ પરમાનંદ પ્રભુ એના આચરણમાં કુશળ, એની લીનતામાં કુશળ. આહાહા!

**એવો જે જીવ સદાય અંતર્મુખપણાને લીધે...** લ્યો, વિધિ આ. અંતર્મુખપણાની પરિણતિ, અંતર્મુખપણે થવું એ એની વિધિ. બહિર્મુખપણું છોડવું એમ ન લીધું, પણ અંતર્મુખ થવું પાધરું એ વિધિ. શુભ–અશુભરાગ છે એ તો બહિર્મુખ છે. આ તો અંતર ભગવાન શુદ્ધ જીવાસ્તિકાય પરમપારિણામિકભાવ એને અવલંબીને, એને આશ્રયે એના આચરણમાં કુશળ એ સદા અંતર્મુખ છે. આહાહા! **અંતર્મુખપણાને લીધે અન્યવશ નથી...** વસ્તુ ભગવાનને અવલંબે

અંતર્મુખથી હોવાથી એ રાગને વશ નથી, મનને વશ નથી, કર્મને વશ નથી. આહાહા! ભારે માર્ગ ભાઈ!

ઓલા કહે, આ વ્યવહાર જૈનસંસ્કૃતિ છે એ જૈનની સંસ્કૃતિ છે. એનો આ સોનગઢવાળા લોપ કરે છે. માટે આપણે જૈનસંસ્કૃતિનું રક્ષણ કરો. એય ચેતનજી! આવ્યું છેને એ? શું કહે નહીં ચોપાનિયા? ઓહોહો! આ વ્યવહાર ક્રિયાકાંડ બધો એ જૈનસંસ્કૃતિ છે અને એનાથી ધર્મ માનવો એ સોનગઢવાળા ના પાડે છે. જૈનસંસ્કૃતિનો લોપ થાય છે. જૈનસંસ્કૃતિ તો આ છે કે વીતરાગસ્વભાવમાં વીતરાગ પરિણતિનો આશ્રય કરીને આચરણમાં રહેવું, વીતરાગી પરિણતિરૂપી આચરણ કરવું એ એની વિધિ (અને) એ જૈનસંસ્કૃતિ છે. આહાહા! આવ્યું છેને. વાંચ્યું કે નહીં? આહાહા! અરે ભગવાન! શું કરવું એની ખબર પડતી નથી. પરાધીન થાય અને માને કે જૈનમાર્ગ આ છે. અથવા શુભરાગને પરાધીન થાય તો પછી સ્વાધીન થાય. પરાધીન કારણ ને સ્વાધીન કાર્ય. સમજાણું કાંઈ?

**વિધિ અનુસાર**... ભાષા જુઓને! આહા! **યથાવિધિ**, એમ. છેને? **યથાવિધિ** એટલે વિધિ અનુસાર, એમ. ભગવાનના માર્ગની વિધિ એ કે અંતર વીતરાગી સ્વભાવ ભગવાનની અંદર આચરણ કરવું એ વિધિ. એ તો આવે છેને સમયસાર પુણ્ય-પાપ (અધિકાર)માં, ...વિધાન આ કહ્યું. ભગવાને તો વિધાન આ કહ્યું છે. આત્માની સન્મુખ થઈને અનુભવ કરવો એ વિધાન ભગવાને આગમમાં કહ્યું છે. આહાહા! પહેલામાં પહેલું એ. બીજું-ત્રીજું કાંઈ નહીં. આહાહા! કાંઈક છે, પણ એનાથી આ થાય છે એમ નથી. એ તો પરાધીન છે. વ્યવહાર ક્રિયાકાંડ જેટલો હોય, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચમહાવ્રતના પરિણામ એ બધો શુભરાગ છે, એ તો પરાધીન છે. પરાધીનમાંથી સ્વાધીનતા પ્રગટે? પર દિશાના તરફના ભાવથી સ્વ દિશા તરફ જવાય? આ તો વાત બે ને બે ચાર જેવી છે. પણ લોકોત્તર.... આ લોકોત્તરથી કહીએ છીએ. રાગ એ પરાધીન છે, પરલક્ષી દશા છે. સ્વલક્ષી દશા એનાથી થાય? સમજાણું?

**યથાવિધિ**, એમ પાછું. યથાનો અર્થ 'અનુસાર' કર્યો? વિધિ અનુસાર, એમ. **યથાવિધિ**.. આહાહા! **પરમજિનમાર્ગના આચરણમાં**.. આહાહા! **કુશળ એવો જે જીવ સદાય અંતર્મુખપણાને લીધે**... જેની દશા અંતર્મુખ વળી છે. અંતરમાં રહેલો ભગવાન એની સન્મુખ દશાવંત છે. આહાહા! એ **અન્યવશ નથી**... એ વ્યવહારને, પુણ્યને વશ નથી. આહાહા! અહીં તો કહ્યું પહેલું કે વ્યવહાર-ફ્યવહારથી પ્રતિપક્ષ છે. વ્યવહાર જે છ આવશ્યક વિકલ્પ છે એ તો પરાધીન છે, અન્યવશ છે. એ સ્વવશ છે? અન્યવશ પહેલું ને સ્વવશ પછી (એમ હોય)? સુજાનમલજી! શરીરકા નામ હૈ વહ ભૂલ જાતા હૈ? સુજાનમલજીકો રાત્રિકો (બુલાયે) તો, કહે હા. એ રીતે જો અંદર બેઠું હોય તો ક્યાંય ભૂલે નહીં, સ્વપ્નમાં ભૂલે નહીં. સ્વપ્નમાં પણ એમ આવે કે ઓહો! રાગથી ભિન્ન મારી ચીજ છે. સમજાણું કાંઈ? આહાહા!

આ જૈનસંસ્કૃતિ છે. વીતરાગભાવ પ્રગટ કરવો એ જૈનસંસ્કૃતિ છે. જૈનમાર્ગ ને? તો જૈનમાર્ગ વીતરાગમાર્ગ હશે કે રાગમાર્ગ હશે? એમાં એ તો પરમજિનમાર્ગ... આહા! એના

આચરણમાં, વીતરાગી પરિણામના આચરણમાં કુશળ એવો જીવ... ઓહોહો! ટીકા પણ તે ટીકા છેને! સદાય અંતર્મુખપણું.. જેને વસ્તુનું સન્મુખપણું નિરંતર વર્તે છે. દૃષ્ટિ અને જ્ઞાનમાં વસ્તુ નિરંતર વર્તે છે નિરંતર. એ અન્યવશ નથી. દ્રવ્યસ્વભાવની સન્મુખ નિરંતર દૃષ્ટિ છે એ સ્વવશ છે, અન્યવશ નથી. આહાહા!

**પરંતુ સાક્ષાત્ સ્વવશ છે એવો** એનો **અર્થ છે...** ઓલું ચારિત્રનું.... પ્રવચનસાર. એવી શૈલી છે. અન્યવશ નથી એટલે શું? સાક્ષાત્ સ્વવશ છે. ભગવાન પૂર્ણાનંદનો નાથ એમાં એકાકાર થઈને પડ્યો છે, નિર્વિકલ્પ પરિણતિમાં એ પડ્યો છે, કહે છે. એ સ્વવશ છે. એવો એનો અર્થ છે. અન્યવશ નથી એ કથનનો 'સાક્ષાત્ સ્વવશ' એવો અર્થ કર્યો છે. **તે વ્યવહારિક ક્રિયાપ્રપંચથી પરાઙ્મુખ...** આહાહા! હવે...... **વ્યવહારિક ક્રિયાપ્રપંચથી પરાઙ્મુખ...** આ સામાયિક કરવું, ભગવાનની સ્તુતિ કરવી, વંદન કરવો એવો વિકલ્પ, એવી ક્રિયા.. પ્રપંચક્રિયાનો વિસ્તાર, એનાથી પરાઙ્મુખ જીવને... આહાહા!

જુઓ! ... કોરથી વાત કરી. **સ્વાત્માશ્રિત-નિશ્ચયધર્મધ્યાનપ્રધાન પરમ આવશ્યક કર્મ છે.** ઓલો કહે, ધર્મધ્યાન તો શુભરાગમાં જ ધર્મધ્યાન છે પહેલું. શુભોપયોગ એ જ ધર્મધ્યાન છે. ઓલા રતનચંદજી લખ્યા-લખ કરે છે. આમાં આ .... છે. અહીં કહે છે કે સ્વ-આત્માશ્રિત નિશ્ચય ધર્મધ્યાન હોય છે. આહાહા! વ્યવહારના વિકલ્પથી પરાઙ્મુખ અને સ્વ-આત્માને આશ્રિત નિશ્ચયધર્મધ્યાન પ્રધાન–મુખ્ય એવું પરમ આવશ્યક કાર્ય એમને હોય છે. આહાહા! પહેલો વ્યવહાર આવશ્યકનો વિકલ્પ જે છે એનો જે વિસ્તાર કે આ છે... એનાથી પરાઙ્મુખ થઈને સ્વભાવના આશ્રયે નિશ્ચયધર્મધ્યાનમાં આવ્યો, સ્વભાવને આશ્રયે સાચા ધર્મધ્યાનરૂપ... જુઓ! અહીં નિશ્ચય ધર્મધ્યાન ને વ્યવહાર ધર્મધ્યાન—બે પ્રકાર કહ્યા. રાગને વ્યવહારધર્મધ્યાન કહ્યો એ તો ઉપચારથી કહ્યો.

આવ્યું હતુંને. નિજ તત્ત્વનો લોલુપી. (કળશ ૨૩૫). ...ના વિષયનો લોલુપી રહિત.. ...ના વિષયનો લોલુપી નહીં. નિજ તત્ત્વનો લોલુપી. આહાહા! એવો જે નિજ ભગવાન આત્મા. શરીરાદિ નહીં, રાગાદિ નહીં એવું જે તત્ત્વ અંદર એને આશ્રિત, લ્યો. સ્વ-આત્માને આશ્રિત નિશ્ચયધર્મધ્યાન પ્રધાન છે. રાગાદિ છે...... ગૌણ કર્યું. પરમ આવશ્યક કાર્ય છે. પરમ અવશ્ય સ્વવશનું એ કાર્ય છે. એમ નિરંતર... કોણે કહ્યું આવું? કહે છે. કોણ કહેનાર છે આ? **નિરંતર પરમતપશ્ચરણમાં લીન** ગણધરો આદિ. આહાહા! મહા આનંદમાં લીન એવા **પરમ જિનયોગીશ્વરો કહે છે.** પરમ જિનયોગીશ્વરો એને આવશ્યક કાર્ય કહે છે. આહાહા! હજી તો સાંભળવા મળે નહીં કે પરમ આવશ્યક કોને કહેવું. આમ બેસે.... ભવભ્રમણના કારણને ભવભ્રમણના નાશનો ઉપાય માને, એ ત્યાંથી છૂટે કે દિ'?

એમ કે આવું કહેનાર કોણ છે? સ્વ-આત્માને આશ્રિત નિશ્ચયધર્મધ્યાન તે પરમ આવશ્યક કાર્ય છે, આવું કોણે કહ્યું? કે જે નિરંતર પરમ આનંદમાં લીન છે. ઇચ્છાનિરોધ પરમ તપસ્યા. આત્માની શુદ્ધિ સહિત શોભા અંદર પ્રગટ થઈ ગઈ છે.... એવા સંતો–પરમ

જિનયોગીશ્વરોએ કહ્યું છે. એ કોઈ રાંકાનું, સાધારણનું વચન નથી એમ કહે છે. આહાહા! ભારે આકરું લાગે. આ લૂખુંલસ જેવું લાગે. આત્માના રસિકોને રસ લાગે. રાગના રસિયાને આ રસ લાગે નહીં. આહા! આવા સંતો જે આત્માના આનંદમાં લીન હતા એમણે આ કહ્યું છે કે પરમ આવશ્યક આને કહીએ. સમજાણું કાંઈ?

**વળી, સકળ કર્મના વિનાશનો હેતુ એવો જે...** હવે માર્ગ કહે છે. નિર્વાણનો માર્ગ છે, એમ. સકળ કર્મના નાશનો હેતુ એવો જે **ત્રિગુપ્તિગુપ્ત...** નીચે અર્થ કર્યો છે. **નિજ આત્મા જેનો આશ્રય છે એવું નિશ્ચય ધર્મધ્યાન પરમ આવશ્યક કર્મમાં પ્રધાન છે.** પરમ આવશ્યક કાર્યમાં આ મુખ્ય છે. નીચે બીજો અર્થ કર્યો છે. **પરમયોગનું લક્ષણ...** પરમ સ્વરૂપમાં એકાગ્રતાનું લક્ષણ **ત્રણ ગુપ્તિ વડે ગુપ્ત (-અંતર્મુખ) એવી પરમ સમાધિ છે.** અંતર્મુખ નિશ્ચય ધર્મધ્યાન એ પરમ શાંતિ છે. સ્વદ્રવ્ય સન્મુખની એકાગ્રતા, સ્વદ્રવ્યને આશ્રયે પ્રગટેલી એ પરમ સમાધિ છે, એ માર્ગ છે, એ યોગ છે, એ મોક્ષનો માર્ગ છે. આહાહા! વ્યવહારના પ્રેમીઓને તો એવું લાગે. ત્યારે ઓલા કહે કે વ્યવહારનો ઉપદેશ દેવો, વ્યવહારના, શું કહે? પ્રાણ પોષવા. આહાહા!

અગિયાર કાયદા કર્યા છેને તમારે ત્યાં. ..... વ્યવહારના પ્રાણ પોષવા. આ વાત સાંભળીને સાધુને ખળભળાટ થઈ ગયો છે. અહીં આવ્યા હતા બિચારા. ..... કાંઈ દેખાતું નથી અંદર ....... પણ માર્ગ તો એ છે. .......... મોક્ષ ન મળે.... ત્યાંથી છૂટવાનું... છૂટીને જાવું ક્યાં? ચાર જણ આવ્યા હતા. અહીં અભ્યાસ... શું? અહીં અભ્યાસ કરવાનું કાંઈ સાધન નથી. સૌએ (પોતાને) આશ્રયે રહેવું. શેઠ! પાંજરાપોળ ભેગી નથી કરી. સૌના ખર્ચે ને સૌને આધારે રહેવું. .... સમજે તો. આમ નહીંતર ટોળા તો ઘણા ભેગા થાય. કોઈક વળી બિચારા સમજવાના કામી હોય (અને) કોઈ ન સમજવાના કામી હોય. ઠીક છે અહીં, ખાવું, પીવું, રહો, જાઓ. આહાહા!

કહે છે કે **સર્વ કર્મના વિનાશનો હેતુ**-કારણ **એવો ત્રિગુપ્તિગુપ્ત પરમસમાધિલક્ષણ પરમ યોગ...** આહાહા! પરમ શાંતિરૂપી પરમ યોગ... રાગરહિત આત્માને આશ્રયે નિશ્ચય ધર્મધ્યાન જે પ્રગટ્યું, એ પરમ સમાધિરૂપ પરમયોગ **તે જ સાક્ષાત્ મોક્ષનું કારણ હોવાને લીધે...** સમજાણું કાંઈ? **નિર્વાણનો માર્ગ છે.** આ મોક્ષનો માર્ગ વીતરાગમાર્ગમાં છે. સમજાણું કાંઈ?

**આમ નિરુક્તિ અર્થાત્ વ્યુત્પત્તિ-અર્થ છે.** આહાહા! અવશ્ય કરવાલાયક જીવને, સંતો-જિનયોગીશ્વરે કહેલી વિધિ અનુસાર અંતરનું આચરણ નિશ્ચય ધર્મધ્યાન એ એક જ મુક્તિનો માર્ગ છે. એનાથી નિર્વાણની પ્રાપ્તિ થાય છે. મોક્ષનો માર્ગ વળી બીજો પણ છે એમ નહીં. આહાહા! વ્યવહારના રસિયાઓને આ નિશ્ચય તે એકાંત લાગે. વ્યવહાર હોય, પણ એ બંધનું કારણ છે. નિશ્ચય સહિત પણ એવા વિકલ્પ આવે એ પુણ્યબંધનું કારણ છે. અબંધનું કારણ એ નથી. અબંધનું કારણ તો આ સ્વરૂપને આશ્રયે નિશ્ચયધર્મધ્યાન ત્રિગુપ્તિગુપ્ત એવો પરમસમાધિયોગ.. પરમસમાધિરૂપ અંતર વેપાર, અકષાયનો વેપાર એ મુક્તિનું કારણ છે. એ સિવાય કોઈ મુક્તિનું કારણ છે નહીં. (પ્રમાણ વચન ગુરુદેવ)

**માગશર સુદ-૩, શુક્રવાર, તા. ૮-૧૨-૧૯૭૨**
**શ્લોક-૨૩૮, ગાથા-૧૪૨, પ્રવચન નં. ૧૬૮**

..... જરૂરનું–અવશ્ય કરવાલાયક આચરણ જે મોક્ષનો માર્ગ એનો આ અધિકાર છે. (ગાથા) ૧૪૧માં અમૃતચંદ્ર આચાર્યનો આધાર આપે છે.

**એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (પ્રવચનસારની તત્ત્વદીપિકા નામની ટીકામાં પાંચમા શ્લોક દ્વારા) કહ્યું છે કે :—**

**आत्मा धर्मः स्वयमिति भवन् प्राप्य शुद्धोपयोगं**
**नित्यानन्दप्रसरसरसे ज्ञानतत्त्वे निलीय ।**
**प्राप्स्यत्युच्चैरविचलतया निःप्रकम्पप्रकाशां**
**स्फूर्जज्ज्योतिःसहजविलसद्रत्नदीपस्य लक्ष्मीम् ।।**

**શ્લોકાર્થ : એ રીતે શુદ્ધોપયોગને પ્રાપ્ત કરીને...** એટલે શું કહ્યું ? કે જે અવશ્ય કરવાલાયક કર્તવ્ય છે એવો જે શુદ્ધ-ઉપયોગ... શુભ-અશુભભાવ છે એ અશુદ્ધ-ઉપયોગ છે. હિંસા, જૂઠું, ચોરી, વિષય-ભોગવાસનાનો ભાવ એ અશુદ્ધ-ઉપયોગ છે, એમ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ પણ અશુદ્ધ-ઉપયોગ છે. એ બે અશુદ્ધ-ઉપયોગને છોડીને ભગવાન આત્માના અવલંબે અંતરમાં શુદ્ધ-ઉપયોગરૂપી ધર્મને પ્રાપ્ત કરે... શુદ્ધ-ઉપયોગ એ ધર્મ છે એમ કહે છે. દયા, દાન, વ્રત, ભક્તિ આદિના ભાવ એ ધર્મ નથી, એ પુણ્યભાવ છે. ધર્મ શુદ્ધ-ઉપયોગરૂપી ધર્મ છે. પૂર્ણાનંદ આત્મા, અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુ આત્મા છે એના તરફનો વેપાર (અર્થાત્) સન્મુખ થઈને જે પરિણામ થાય એને શુદ્ધ-ઉપયોગ કહે છે.

એ **શુદ્ધોઉપયોગને પ્રાપ્ત કરીને...** પર્યાય છેને. પર્યાય છે આ શુદ્ધ-ઉપયોગ. શુભ-અશુભભાવ વિકારી પર્યાય છે અને આ શુદ્ધ-ઉપયોગ એ નિર્વિકારીદશા છે. એવો ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યબિંબ એને અવલંબીને થતાં પરિણામ એને અહીં શુદ્ધ-ઉપયોગ કહે છે અને એ ધર્મ છે. એને **પ્રાપ્ત કરીને આત્મા સ્વયં ધર્મ થતો...** પોતે આત્મા ધર્મરૂપે થયો. શુદ્ધ પરિણામ, નિર્દોષ–નિર્વિકારી વીતરાગ પરિણામપણે આત્મા પોતે થયો એમ કહે છે. કોઈથી થયો નહીં એમ કહે છે. કે ઓલો રાગાદિ મંદ પરિણામ હતા એથી ધર્મરૂપ થયો—એમ નથી. આ પ્રવચનસારની જ્ઞાનતત્ત્વ (અધિકાર)ની છેલ્લી ગાથા (પછીનો શ્લોક) છે.

**શુદ્ધોપયોગને પ્રાપ્ત કરીને...** આત્માનો શુદ્ધ ચૈતન્યસ્વભાવનો આશ્રય કરીને જે શુદ્ધ પરિણામ–શુદ્ધ વેપાર થાય, તેને **પ્રાપ્ત કરીને સ્વયં ધર્મ થતો...** પોતે ધર્મરૂપે પરિણમ્યો, એમ કહે છે. પુણ્ય ને પાપના રાગ રહિત ભગવાન આત્મા શુદ્ધોપયોગને પ્રાપ્ત કરી, સ્વયં ધર્મરૂપે

પરિણમ્યો. આત્મા ધર્મરૂપે થયો એમ કહે છે. સમજાણું કાંઈ? રાગનો ભાવ હતો તેથી આ થયો એમ નહીં. પોતે જ શુદ્ધ-આત્મા શુદ્ધ ઉપયોગપણે પરિણમતો સ્વયં ધર્મરૂપે થયો. આહા! લ્યો, આ ધર્મ. ભારે ધર્મ ભાઈ! આવો. આ કહે કે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રા બધું ક્યાં ગયું? એમાં રાગની મંદતા હોય તો શુભોપયોગ છે, ધર્મ નહીં. સમજાણું કાંઈ?

જેને મોક્ષના સુખ અનંત... એમાં સુખ છે, બીજે ક્યાંય સુખ છે નહીં. એવી મોક્ષની દશાની પ્રાપ્તિનો અભિલાષી જીવ શુદ્ધ આત્માના અવલંબે શુદ્ધોપયોગ ને ધર્મપણે થાય. એ **ધર્મપણે પરિણમતો થકો, નિત્ય આનંદના ફેલાવથી સરસ (અર્થાત્ જે શાશ્વત આનંદના ફેલાવથી રસયુક્ત છે)...** એ શુદ્ધ-ઉપયોગમાં નિત્ય આનંદનો ફેલાવ રહે છે અથવા નિત્ય આત્મામાં આનંદરસ છે. કેવો છે ભગવાન આત્મા? કે નિત્ય આનંદના ફેલાવથી સરસ છે આત્મા–વસ્તુ. ભગવાન આત્મા નિત્ય આનંદનો જેમાં વિસ્તાર છે, સરસ આનંદ પડ્યો છે જેની અંદરમાં. એની સત્તામાં ધ્રુવપણે નિત્ય આનંદનો વિસ્તાર પડ્યો છે. કેવો? સરસ. શાશ્વત આનંદના ફેલાવથી સરસ.. સરસ–રસયુક્ત છે. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદના વિસ્તારના રસથી ભરેલો પડ્યો છે, રસ સહિત છે એમ કહે છે. સમજાણું કાંઈ? નિત્યાનંદના રસથી ભરેલો પ્રભુ આત્મા પોતે છે. આહાહા!

**એવા જ્ઞાનતત્ત્વમાં...** એકલું જ્ઞાનતત્ત્વ નથી. એવું જે જ્ઞાનતત્ત્વ સ્વ, એમ. ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ છે, જ્ઞાનતત્ત્વ છે, પણ એ આનંદના ફેલાવથી રસ સહિત જ્ઞાનતત્ત્વ છે. ત્રિકાળીની વાત છે. આહાહા! એ કોણ છે એની એને ખબર ન મળે અને ખબરું વિના ધર્મ કરવા માંડે. કરો ધર્મ. ધૂળમાંય ધર્મ નથી ક્યાંય. સમજાણું કાંઈ? વ્રત, તપ ને ભક્તિ એ બધી શુભરાગની મંદતા છે, શુભ મિથ્યાત્વ સહિત. કેમકે વસ્તુ શું છે એની દૃષ્ટિની તો ખબર નથી. સમજાય છે કાંઈ? કહે છે કે ભગવાન તત્ત્વ કેવું છે? જ્ઞાનતત્ત્વ છે. પણ કેવું છે? નિત્ય આનંદના વિસ્તારથી રસવાળું છે. એવું આ આત્મતત્ત્વ છે અંદર.

એમાં 'સરસ' શબ્દ વાપર્યો છે. નહીં આતા 'સરસ'? સંસ્કૃતમાં છે. વિભક્તિમાં અમારે સરસ બહુ ચાલે છે. સરસ. ભારે સરસ છે, આ ભારે સરસ છે—એમ નથી કહેતા? આહાહા! અમારા શેઠિયા તો એમ કહે, 'સરસ' શબ્દ ભારે.... મીઠો બહુ. એમ કહે છે. દીપચંદજી શેઠીયા. સરસ–રસ સહિત. ભગવાન આત્મા વસ્તુ છે એ જ્ઞાનતત્ત્વ (અને) એ આનંદના રસ સહિત છે. એ જ્ઞાનસ્વરૂપ આનંદના રસ સહિત છે. વસ્તુ હોં. સમજાણું કાંઈ? એવા જ્ઞાનતત્ત્વમાં... એ તો વસ્તુ થઈ. 'લીન થઈને' એ પર્યાય થઈ. ઉપયોગરૂપ થઈ સ્વયં આત્મા ધર્મરૂપ થતો... કઈ રીતે થયો? એ કહે છે.

કે ભગવાન આત્મા નિત્ય જ્ઞાનતત્ત્વ એવું સ્વરૂપ જીવનું, જેમાં નિત્ય આનંદનો ફેલાવ રસ સહિત છે, એમાં લીન થયો એનું નામ શુદ્ધ-ઉપયોગ છે, એનું નામ ધર્મ છે. આહાહા! કહો,

સમજાણું કાંઈ? ધર્મી એવો જે આત્મા, જેમાં જ્ઞાનતત્ત્વ ને નિત્ય આનંદ સહિત ભરેલો ધર્મ છે. ધર્મી એવો જે આત્મા-વસ્તુ, એમાં જ્ઞાનતત્ત્વ અને જેની સાથે અતીન્દ્રિય આનંદ સરસ છે એવા સ્વભાવથી ભરેલો આત્મા, એમાં લીનતા... આહાહા! એમાં એકાગ્રતા, એનું નામ ધર્મ છે. કહો, શાંતિભાઈ! ભારે આકરું કામ લાગે. છે તો એની ઘરની ચીજ, પણ હવે અભ્યાસ નહીં, સાંભળવા ન મળે કે આ શું કહે છે.

આત્મા એટલે કે 'છે' બસ. પણ આત્મા એટલે શું? આત્મા એટલે જ્ઞાનનો ભંડાર ને આનંદ સહિત એવું તત્ત્વ છે એ તો. જ્ઞાન ને આનંદ—બે નાખ્યા. આહાહા! પૂર્ણ આનંદ ને પૂર્ણ જ્ઞાનનું તત્ત્વ એ આત્મા છે. સમજાણું કાંઈ? અલૌકિક ચીજ. ભગવાન અરિહંતને જે અનંત આનંદ પ્રગટ્યો એ તો પર્યાયમાં પ્રગટેલો અનંતમા ભાગનો આનંદ છે. ભગવાન આત્મા તો આનંદ સ્વભાવથી જ્ઞાનતત્ત્વવાળું પ્રભુ પોતે બિરાજમાન આખો છે કહે છે. આહાહા! સમજાણું કાંઈ? એ ચીજને દૃષ્ટિમાં લઈને લીન થવું, આહાહા! આનું નામ જૈનધર્મ છે.

**લીન થઈને અત્યંત અવિચળપણાને લીધે...** પર્યાયની વાત છે. અત્યંત અવિચળપણાને લીધે અંતરમાં જામ્યો છે ચૈતન્યમાં ઉપયોગ. જેમાં શુભ ને અશુભ રાગ પણ નથી. એવી જે આત્માની નિત્યતા ને ધ્રુવતામાં જામી છે દૃષ્ટિ ને સ્થિરતા. અવિચળપણાને લીધે... અત્યંત અવિચળ... એ પર્યાય અત્યંત અવિચળ-ન ચળે એવી એ પર્યાય છે. સમજાણું કાંઈ? આવા તો શબ્દોય સાંભળ્યા ન હોય. પોપટભાઈ! કરો પડિકમણા, કરો સામાયિક, કરો વ્રત ને કરો અપવાસ. આહાહા! અરેરે! એને કોણ આત્મા છે ને ક્યાં જાવું છે એની ખબરું ન મળે અને ધર્મ થઈ જાય એને. ધર્મ કરનારો આત્મા, એ આત્મા કેવો છે એની ખબર ન મળે અને ધર્મ થાય એને. આહાહા! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એ તો જ્ઞાનતત્ત્વ છે. જ્ઞાન અધિકારની છેલ્લી ગાથા છેને. જ્ઞાન કહ્યું, પછી જ્ઞેય માટે ભલામણ કરી છેને બીજા શ્લોકમાં. આ શ્લોક પછી બીજા શ્લોકમાં ભલામણ કરી છે. 'પ્રશમને લક્ષે જ્ઞેયનો અભ્યાસ કરવો.' .... દ્રવ્ય-ગુણ ને પર્યાયનું જ્ઞાન કર, તને સુખ થશે. પછીનો કળશ છે. જ્ઞાનતત્ત્વના છેલ્લા બે શ્લોકમાં આ પહેલો છે. પછી જ્ઞેયતત્ત્વ અધિકાર શરૂ થાય છે. ભગવાનની દિવ્યધ્વનિનો સાર. કહે છે કે આત્મા શુદ્ધ-ઉપયોગરૂપે સ્વયં ધર્મ થયો થકો... એટલે શું? એમ. 'શુદ્ધોપયોગને પ્રાપ્ત કરીને સ્વયં ધર્મ થયો થકો' એટલે શું? કે આનંદના વિસ્તારથી જ્ઞાનતત્ત્વવાળો ભગવાનતત્ત્વ આત્મા એમાં લીનતા થવી એનું નામ ધર્મ. એ ધર્મને પ્રાપ્ત થયો આત્મા. એ કેવો છે ધર્મ?

**અત્યંત અવિચળપણાને લીધે દેદીપ્યમાન જ્યોતિવાળા** છે એ તો. ચૈતન્યના તેજ છે જેમાં. જેના ઉપયોગમાં-શુદ્ધ પરિણતિમાં ચૈતન્યના તેજ આવ્યા છે. છેને, એ જુદી જાતની ચીજ છે. **દેદીપ્યમાન જ્યોતિવાળા...** શોભતી જ્યોતિ છે કહે છે. આહાહા! જેમ આ સૂર્યના કિરણો પણ

પ્રકાશવાળા, એમ ભગવાન જ્ઞાન ને આનંદના રસવાળું તત્ત્વ એમાં લીનતાથી દેદીપ્યમાન જ્યોતિ પ્રગટી છે. આહાહા! લ્યો, કરવાનું હોય તો આ છે એમ કહે છે. આવશ્યક (અધિકાર) છેને આ. વ્યવહારુ છ આવશ્યક લીધાને? સામાયિક, ચોવિસંથો, વંદના, પડિકમણું, કાયોત્સર્ગ, પચ્ચખાણ—એનાથી આ વિરુદ્ધ છે. આનાથી એ વિરુદ્ધ ને એનાથી આ વિરુદ્ધ. ધર્મ- પરિણામથી વ્યવહાર છ આવશ્યક વિરુદ્ધ છે. ભાષા બહુ આકરી પડે. આહાહા! ...... ભારે આકરું છે. વ્યવહાર છ આવશ્યક એ કાંઈ ધર્મ નહીં. ધર્મ નહીં એટલે પછી એને (વ્યવહાર ધર્મ કહ્યો). આહાહા! એને લોકો ધર્મ માનીને બેઠા છે. ..... આહાહા! સફળ કરવાને.. સફળ કરવાનો માર્ગ–રસ્તો આ.

એવો ભગવાન જ્ઞાનસ્વરૂપ, જ્ઞાનતત્ત્વ, જ્ઞાનસ્વરૂપ, અતીન્દ્રિય આનંદના રસના ફેલાવથી રસવાળું એવું જે ચૈતન્યતત્ત્વ, એમ. એવું ચૈતન્યતત્ત્વ... એને દૃષ્ટિમાં લઈને જ્યાં લીનતા થઈ, એ અવિચળપણાને પામતી દિવ્યજ્યોતિનો પ્રકાશ આવ્યો બહાર. કહો, ભીખાભાઈ! એ બધું કેટલું કર્યું એણે? પણ ખોટા હોય એના (સરવાળા) મીંડા જ આવેને. આહાહા! સાચું કર્યું છે કે દિ'? આહાહા! અને શું છે, કેમ તત્ત્વ છે, શેમાં લીન થવું—એની હજી ખબર ન મળે. શેમાં લીન થવું? જેમાં લીન થવું છે એ ચીજ કેવી છે? ભગવાન આત્મામાં લીન થવું, એ છે કેવો? ભાઈ! એ તો જ્ઞાનસ્વરૂપી અતિ આનંદના ફેલાવથી રસવાળું તત્ત્વ છે. આહાહા! એ ચૂસવું હોય એટલું ચૂસ. સમજાણું કાંઈ? ચાંદમલજી! આહાહા!

એ રસવાળું તત્ત્વ છે, કહે છે. જ્ઞાન ને આનંદ આદિ સ્વભાવના રસવાળું તત્ત્વ છે. એ શક્તિવાળું તત્ત્વ છે આવું. જ્ઞાન ને આનંદના સ્વભાવના સામર્થ્યવાળું એ તત્ત્વ છે. આહાહા! એવા તત્ત્વમાં હું લીન છું... એનો અર્થ એ કે એના તરફની દૃષ્ટિ કરીને એમાં એકાગ્ર થવું એને અહીંયા ધર્મ–જૈનધર્મ કહે છે. સમજાણું કાંઈ? ઓલા કહે, 'અહિંસા પરમો ધર્મ.' કોઈ જીવને ન મારવો એ જૈનધર્મનો સાર છે. એનો અર્થ આ કે આત્માને ન મારવો એ જૈનધર્મનો સાર છે. એટલે કે આત્માનું તત્ત્વ જેવું છે તેવું સ્વીકાર થતાં એને ન માર્યો કહેવાય છે, એમ છે એને રાખ્યો એવો. છે એવો ન રાખતાં એને રાગવાળો ને પુણ્યવાળો માનવો એણે જીવને ન રાખ્યો, એણે પોતાના જીવને મારી નાખ્યો. સમજાણું કાંઈ? આહાહા! જીવિયા વવરોવિયા... આવે છેને?

ભગવાનનું જીવન, જ્ઞાનસ્વરૂપી ને આનંદરૂપી એનું જીવન છે જીવનું સ્વરૂપ. જીવતો જીવ તો એને કહીએ. એવા જીવનો આદર ન કરતાં, શુભ-અશુભ રાગનો આદર કરીને ધર્મ માનવો એ જીવની હિંસા છે, એ હિંસાધર્મ છે. અને રાગ ને પુણ્ય-પાપ રહિત ભગવાન આત્મા, જ્ઞાનનું સ્વરૂપ અને આનંદની મૂર્તિ પ્રભુ, એમાં એકાગ્ર થવું, એમાં રાગની ઉત્પત્તિ ન થવી, વીતરાગભાવની ઉત્પત્તિ થઈ એ અહિંસા. એ અહિંસા પરમોધર્મ જૈન છે. આહાહા! કહો, સમજાણું કાંઈ?

**અને સહજપણે વિલસતા (-સ્વભાવથી જ પ્રકાશતા) રત્નદીપકની નિષ્કંપ-પ્રકાશવાળી શોભાને પામે છે...** રત્નનો દીવો હોય રત્નનો, એમાં હવાથી કાંઈ હલે? એમ ભગવાન આત્મા નિજસ્વરૂપમાં લીનતારૂપી પ્રકાશ જ્યાં પ્રગટ્યો, એ પ્રકાશથી શોભાયમાન છે. એ શોભા છે આત્માની. આહાહા! રત્નદીપકની માફક... રત્નનો દીવો જેમ પ્રકાશે, એમ ચૈતન્ય-હીરો આનંદનો સાગર જ્ઞાનનો સમુદ્ર એવા ભગવાનમાં લીન થતાં દેદીપ્યમાન તે શોભે છે. શુભ-અશુભ પરિણામ તો એની અશોભા છે. આહાહા! સમજાણું કાંઈ?

આ તો હજારો વર્ષથી લખેલા શબ્દો છે. બે હજાર વર્ષ કુંદકુંદાચાર્યના શાસનને થયા. **રત્નદીપકની નિષ્કંપ-પ્રકાશવાળી શોભાને પામે છે (અર્થાત્ રત્નદીપકની માફક સ્વભાવથી જ નિષ્કંપપણે અત્યંત પ્રકાશ્યા–જાણ્યા કરે છે).** આહાહા! એટલે? જ્ઞાન ને આનંદના રસવાળું તત્ત્વ, એની સન્મુખ થઈને જે લીનતા થઈ એ પ્રકાશ ને શાંતિથી શોભતું તત્ત્વ છે, એનું નામ ઉપયોગ, શુદ્ધ ઉપયોગ ને ધર્મ કહે છે. બસ જાણ્યા જ કરે છે એમ કહે છે. જાણવાની ક્રિયા– પરિણતિ થાય એનું નામ અહીંયા ધર્મ છે. આહાહા! એ શ્લોક પ્રવચનસારનો હતો. હવે પોતે કહે છે.

**વળી (આ ૧૪૧મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે) :–**

**आत्मन्युच्चैर्भवति नियतं सच्चिदानन्दमूर्तौ**
**धर्मः साक्षात् स्ववशजनितावश्यकर्मात्मकोऽयम्।**
**सोऽयं कर्मक्षयकरपटुर्निर्वृतिरेकमार्गः**
**तेनैवाहं किमपि तरसा यामि शं निर्विकल्पम्॥ २३८॥**

**શ્લોકાર્થ : સ્વવશતાથી ઉત્પન્ન આવશ્યક-કર્મસ્વરૂપ...** એટલે? રાગને વશ થઈને ઉત્પન્ન થાય એ તો પરવશતા, એ તો અધર્મ છે. ભગવાન આત્માને વશ થઈને... અવશ એટલે પરને વશ ન થઈને, સ્વને વશ થઈને એ સ્વવશતા. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો રસકંદ એને વશ થઈને ઉત્પન્ન થતાં આવશ્યક-કર્મ... ઉત્પન્ન થતું જરૂરિયાત કાર્ય, આ અવશ્યકાર્ય. સ્વવશતાથી ઉત્પન્ન થતું એ અવશ્ય કાર્ય છે. ભગવાન આત્મા પૂર્ણાનંદનું સ્વરૂપ એના વશે, એને તાબે થઈને ઉત્પન્ન થતું આવશ્યક કાર્ય, જીવને મોક્ષને માટે જરૂરિયાતરૂપી કર્મ.. કર્મ એટલે કાર્ય.

**આ સાક્ષાત્ ધર્મ...** એવું જે આવશ્યકરૂપ કર્મ એ સાક્ષાત્ ધર્મ. સમજાણું કાંઈ? ઓહો! મુનિએ પણ કઈ રીતે .... વર્ણવ્યું છે સ્વવશતા! પરમાનંદસ્વરૂપ જેને સ્વવશ થઈને ઉત્પન્ન થયેલું આવશ્યક કાર્ય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના જે પરિણામ એ સાક્ષાત્ ધર્મ છે. આહાહા! સમજાણું કાંઈ? આ તો નિશ્ચયની વાત છે, પણ કંઈ વ્યવહાર?... વ્યવહાર તો કીધો. વ્યવહાર તો પરવશ છે, પરને આધીન થયેલો ભાવ છે, એ ધર્મ નહીં. અને પરવશને આધીન થયેલા ભાવથી સ્વવશને

આધીન ભાવ થાય? રાખ્યું નાખેને, વ્યવહાર સાધન ને નિશ્ચય સાધ્ય. આવે છે શાસ્ત્રમાં. એ તો નિમિત્ત કેવું છે એનું ધ્યાન અપાવવા. આહાહા!

અહીં તો ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ અનાદિ-અનંત શાશ્વત ચીજ છે. એને વશે એટલે સ્વવશે, અંતરમાં એને આશ્રયે થઈને જે આવશ્યક કાર્યસ્વરૂપ એનું નામ સમતા, સામાયિક, ચોવિસંથો, જે કહો એ એનું નામ છે. આત્માને વશે ઉત્પન્ન થયેલા ભાવ, અવશ્ય કાર્ય, એ સાક્ષાત્ ધર્મ. એ **નિયમથી...** કહે છે કે એ નિયમથી ક્યાં રહે છે? **સચ્ચિદાનંદમૂર્તિ આત્મામાં (સત્-ચિદ્-આનંદસ્વરૂપ આત્મામાં) અતિશયપણે હોય છે.** આવું આવશ્યક કાર્ય, સાક્ષાત્ ધર્મ ક્યાં રહે છે? સચ્ચિદાનંદ પ્રભુ ભગવાન આત્મામાં એ રહે છે. ઓહોહો! કેવી શૈલી ને કેવી ગાથાઓ છે! સમજાણું કાંઈ?

સાક્ષાત્... આ સાક્ષાત્, એમ. નિયમથી–ચોક્કસ રીતે... સચ્ચિદાનંદમૂર્તિ આત્મા, સત્ ચિદ્ ને આનંદ—એવું જેનું સ્વરૂપ છે એવો આત્મા. એ આત્મામાં અતિશયપણે હોય છે. આત્મામાં એ ધર્મ હોય છે. સમજાણું કાંઈ? વાડાવાળાને તો એવું આકરું લાગે કે આ શું કહે છે. 'વાડા બાંધીને બેઠા રે પોતાનો પંથ કરવાને..' આ તો ભગવાનનો માર્ગ છે. વીતરાગ ત્રિલોકનાથ તીર્થંકરદેવ ઇન્દ્રો અને ગણધરોની સમક્ષમાં આવશ્યકનું સ્વરૂપ આમ વર્ણવતાં હતાં. કહો, સમજાય છે કાંઈ? સચ્ચિદાનંદમૂર્તિ—શાશ્વત, જ્ઞાન ને આનંદનું જેનું સ્વરૂપ છે એવો જે ભગવાન આત્મા એમાં અતિશયપણે આવો ધર્મ, આવું આવશ્યક કાર્ય હોય છે.

**તે આ** આત્માશ્રિત **(આત્મસ્થિત ધર્મ)...** સચ્ચિદાનંદ પ્રભુ એને આશ્રિત થયેલું આ કાર્ય એ સાક્ષાત્ ધર્મ છે. આત્મામાં એ રહેલ છે પર્યાય. એ **કર્મક્ષય કરવામાં કુશળ...** એ કર્મના નાશ કરવામાં **કુશળ એવો નિર્વાણનો એક માર્ગ છે...** મોક્ષનો આ એક જ માર્ગ છે. બે માર્ગ.. બે માર્ગ છે મોક્ષના એમ નહીં. આહાહા! મોક્ષમાર્ગનું નિરૂપણ બે પ્રકારે છે, મોક્ષમાર્ગ એક પ્રકારે છે. **કર્મક્ષય કરવામાં કુશળ એવો નિર્વાણનો એક માર્ગ છે.** આહાહા! **તેનાથી જ હું શીઘ્ર કોઈ (-અદ્ભૂત) નિર્વિકલ્પ સુખને પ્રાપ્ત કરું છું.** મુનિરાજ પોતાને જોઈને વાત કરે છે. દિગંબર મુનિ છે, જંગલમાં વસનારા છે, જેને વસ્ત્રનો ધાગો પણ હોઈ શકતો નથી. લંગોટી તો શેની હોય? એવું જેને અંતરમાં આત્મધ્યાન ને આનંદ પ્રગટ્યો, એની બહારની દશા આવી થઈ જાય છે. સમજાણું કાંઈ?

**તેનાથી જ**, એમ પાછું. એક તો નિર્વાણનો એક માર્ગ કહ્યો અને એનાથી જ. એવા મોક્ષમાર્ગથી, સચ્ચિદાનંદ પ્રભુમાં સ્થિરતાની પરિણતિ દ્વારા **હું શીઘ્ર કોઈ (-અદ્ભૂત) નિર્વિકલ્પ સુખને** વર્તમાન **પ્રાપ્ત કરું છું.** સમજાણું કાંઈ? લ્યો, આનું નામ મુનિપણું. નિર્વિકલ્પ અદ્ભૂત આનંદને વર્તમાન પ્રાપ્ત કરું છું. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ આનંદસ્વરૂપ છે એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? એમ કહીને, નિર્વિકલ્પ સુખને હું પ્રાપ્ત કરું છું. આવશ્યક કર્મ જે

આત્મામાં લીનતારૂપી પર્યાય છે, એ સુખરૂપ છે. એ સુખરૂપ છે, આનંદરૂપ છે. આમ કહેને કે ચારિત્ર તો વેળુના કોળિયા છે ભાઈ! ધૂળેય નથી, સાંભળને! તને ચારિત્રની ખબર નથી. ચારિત્ર પણ સુખરૂપ છે એમ કહે છે. હું એવી દશા નિર્વિકલ્પ સુખને પ્રાપ્ત કરું છું. સમજાણું કાંઈ?

આવશ્યક કાર્ય એ સાક્ષાત્ ધર્મ (કે) જે આત્મા સચ્ચિદાનંદમૂર્તિ એમાં રહેલી પર્યાય, સમજાણું? એનાથી હું... એ એક જ મોક્ષનો માર્ગ છે અને એનાથી હું વર્તમાનમાં આનંદને પ્રાપ્ત કરું છું, નિર્વિકલ્પ આનંદને પ્રાપ્ત કરું છું. આહાહા! વાતું કરે છેને ભાઈ! ધર્મ એને કહીએ કે જેમાં નિર્વિકલ્પ આનંદ પ્રાપ્ત થાય, એમ કહે છે. સમજાણું કાંઈ? ધર્મ કરીશું ને એનું ફળ મળશે પછી સ્વર્ગમાં. કહે છે, સ્વર્ગનું ફળ એ તો પુણ્યનું ફળ છે. ધર્મ ક્યાં આવ્યો એમાં? આહાહા! અહીં તો નિર્વિકલ્પ સુખ–રાગમિશ્રિત વિનાનું આનંદનું સુખ ઉત્પન્ન કરવાવાળું આ માર્ગમાં... આ માર્ગનું કેટલું વર્ણન કર્યું છે! આવશ્યક કર્મસ્વરૂપ છે, સાક્ષાત્ ધર્મ છે, આત્મામાં હોય છે, એ કર્મક્ષય કરવાનો એક જ માર્ગ છે, તેનાથી શીઘ્ર વર્તમાનમાં હું આનંદને પ્રાપ્ત કરું છું. આહાહા! કહો, સમજાણું કાંઈ?

માણસને તો એવું લાગે, પણ કરવું શું આમાં? પણ આ 'કરવું' ન આવ્યું અંદર? વસ્તુ ભગવાન પૂર્ણાનંદ છું એમાં અંતર લીનતા એ કરવાનું છે, એ જૈનમાર્ગ છે. આવી વાત અન્ય માર્ગમાં ક્યાંય છે? નહીં. બધે ક્યાંય પણ ધર્મમાં ઓતપ્રોત છે બધા જીવો. આહાહા! અરે ભગવાન! બાપુ! શું કરે? ધર્મ તો, આવો સચ્ચિદાનંદ પ્રભુ આત્મા એમાં લીનતાથી એ એક જ મોક્ષનો માર્ગ, નિર્વિકલ્પ આનંદને પ્રાપ્ત થાય તે માર્ગ છે. તેને ધર્મ કહીએ, તેને સાક્ષાત્ આવશ્યક કર્મ કહીએ, તેને ધર્મ કહીએ, તેને આવશ્યક કર્મ કહીએ. આહાહા! ..... કહો, સમજાણું કાંઈ? આહાહા! નિયમસાર (એટલે) મોક્ષનો માર્ગ. આહાહા!

એ શું કહે છે 'શીઘ્ર' શબ્દ કહીને? કે અમે અત્યારે ધર્મ કરીએ છીએ ને એનું સુખ પછી પ્રાપ્ત થશે—એમ નહીં. ધર્મ તો કરીએ છીએ, એનું સુખ પછી મળશે. અહીં તો તે કાળે.. શીઘ્ર–તે કાળે જ, એમ કહે છે. આહાહા! **શીઘ્ર જ હું નિર્વિકલ્પ સુખને પ્રાપ્ત કરું છું**. જે કાળે મારું આવશ્યક કાર્ય, સાક્ષાત્ ધર્મ થયો, તે કાળે જ મને આનંદની પ્રાપ્તિ છે, એમ. પછી થશે કે હમણા કરતાં કરતાં થશે—એમ ધર્મનું સ્વરૂપ નથી, એમ કહે છે. કહો, સમજાણું આમાં? આવો ધર્મ કેવો આ? જૈનધર્મ આવો હશે? જૈનધર્મ તો છકાયની દયા પાળવી, કંદમૂળ ન ખાવા, પરિગ્રહ ન રાખવો. એવી વાતું હોય તો કાંઈ સમજાય પણ ખરી. ન્યાં ક્યાં ધર્મ હતો? સાંભળને હવે! રાખવું-ન રાખવું એ આત્મામાં છે જ ક્યાં? રાગને રાખવાનું આત્મામાં નથી ત્યાં વળી બીજું બહારનું રાખવું છે જ ક્યાં? સમજાણું કાંઈ? ભારે....

હું પોતે આત્મા આવો છું સત્, મારા આવશ્યક કર્મ(સ્વરૂપ) સાક્ષાત્ ધર્મમાં નિર્વિકલ્પ સુખને હું પ્રાપ્ત કરું છું. આહાહા! આ સ્વરૂપ આવું છે એવું એણે સાંભળ્યું નથી. જિંદગીયું કાઢી

નાખી બર્બાદ. ઢોરના અવતાર એવા માણસના અવતાર લીધા... બરાબર હશે? આહાહા! કહે છે કે નિર્વિકલ્પ નામ અદ્ભૂત રાગ વિનાનું સુખ... જેટલી મારી લીનતા દ્રવ્યમાં થઈ એ મારું આવશ્યક કર્મ, એ મારો ધર્મ અને એનું નામ મોક્ષનો માર્ગ અને એમાં જ હું શીઘ્ર નામ તત્કાળ આનંદને પામું છું, એમ કહે છે. આહાહા! ભારે વાત. કેવો એક કળશ કહ્યો! આહાહા! અમૃતથી ભરેલો ભગવાન તું છો, પણ એની પર્યાય પણ શાંતિથી ભરેલી છે એમ કહે છે. એને જ ધર્મ કહ્યું. આમ ... ઉપાડું છું, પરિષહ સહન કરું છું, (એમાં) બહુ દુઃખ લાગે છે. એ તો આર્તધ્યાન છે. એ કેવો ધર્મ? સમજાણું કાંઈ? ઓહોહો! પદ્મપ્રભમલધારિદેવે પણ કળશ મૂક્યો છેને જુઓ! ૧૪૧ ગાથા થઈ. ૧૪૨. આમાં આવે છે.....

**ण वसो अवसो अवसस्स कम्म वावस्सयं ति बोद्धव्वं ।**
**जुत्ति त्ति उवाअं ति य णिरवयवो होदि णिज्जुत्ती ॥ १४२ ॥**
**વશ જે નહીં તે 'અવશ', 'આવશ્યક' અવશનું કર્મ છે;**
**તે યુક્તિ અગર ઉપાય છે, અશરીર તેથી થાય છે. ૧૪૨.**

આ તો સાંજ-સવાર બોલતા નથી સામાયિક ને ચોવિસંથો? એ મોહનભાઈ! બોલે છે કે નહીં ગડિયા? સામાયિક, ચોવિસંથો, ખામણા, કાર્યોત્સર્ગ, પચ્ચખાણ.

એની **ટીકા : અહીં, અવશ...** પરને વશ ન હોય એવો સ્વવશ, એમ. અવશની આ વ્યાખ્યા છે. અવશ એટલે પરાધીન એમ નહીં. સમજાણું કાંઈ? અવશ છે આત્માને, એમ કહે છેને. અવશ એટલે પરાધીન—એમ નહીં. અવશ (એટલે) પરને વશ ન હોય એવો સ્વવશ. **અવશ = સ્વવશ, પરને વશ નહીં એવા, સ્વાધીન, સ્વતંત્ર. પરમજિનયોગીશ્વરને...** અવશ પરમજિનયોગીશ્વર... વીતરાગી સંતોને, જે પરમેશ્વરના પંથમાં, અંતરના માર્ગમાં આવ્યા છે. આહાહા! 'પરમ, જિન, યોગીશ્વર' એટલા શબ્દ છે. પરમ વીતરાગ સ્વરૂપમાં જોડાણવાળા યોગી એમાં પણ ઈશ્વર. આહાહા! જુઓ તો, જૈનના મુનિઓની વ્યાખ્યા આ છે. જૈનમુનિ કોને કહેવા? જેને ગણધરનો નમસ્કાર પહોંચે. આહાહા! જૈનમુનિ, જેને ગણધર 'ણમો લોએ સવ્વસાહૂણં'માં (સ્મરે).

એ **પરમજિનયોગીશ્વરને પરમ આવશ્યકકર્મ જરૂર છે**... આહાહા! આવા સંતોને **પરમ આવશ્યક**—અવશ્ય કરવાનું કાર્ય જરૂર છે. આહાહા! અવશ એટલે સ્વાધીન. સ્વાધીન અવશ્ય કર્મ જરૂર છે. આહાહા! કર્મ એટલે કાર્ય. નિર્મળ વીતરાગી પર્યાયને અહીં આવશ્યક કર્મ કહ્યું છે. કાંઈ કરવાનું, કહે છેને કે કરવું, તો આ કરવું. આહાહા! **જે યોગી...** પોતાનો પરમાનંદ સ્વભાવ ભગવાન એમાં જેણે પર્યાયને જોડી દીધી છે. જે પર્યાય અનાદિથી વર્તમાન રાગમાં જોડાણી હતી એને આમ જોડી દીધી છે, એને અહીંયા ધર્મી ને યોગી કહેવામાં આવે છે. અન્યમતીના બાવા યોગી એની અહીં વાત નથી. સમજાણું કાંઈ? જેને ભગવાને કહેલો આત્મા એ જ જ્યાં દૃષ્ટિમાં આવ્યો નથી તો એને યોગી કેમ કહેવો? કહે છે. એને યોગનો સાધનાર કેમ કહેવો?

**જે યોગી નિજ આત્માના પરિગ્રહ સિવાય...** એક પરમાત્મા પોતે સ્વરૂપ એનો એને પકડ અંદર છે. એ હું, એમ. એ સિવાય **અન્ય પદાર્થોને વશ થતો નથી...** એ રાગને, પુણ્યને, શરીરને વશ થતો નથી. આહાહા! **નિજ આત્માના પરિગ્રહ સિવાય...** પોતાના આત્માના પકડ સિવાય અન્ય પદાર્થને વશ થતો નથી. **તેથી જ જેને 'અવશ' કહેવામાં આવે છે...** સ્વાધીન. એ વ્યવહાર છ આવશ્યક આદિ પરાધીન છે. આ છ આવશ્યક તે સ્વાધીન છે. **તેથી જ જેને**... એટલે? 'તેથી જ જેને' એટલે? જેને આત્માનો પકડ છે અંદર. એ જ એનું પરિગ્રહ છે એટલે પકડવાની વસ્તુ એક જ છે. બીજા અન્ય પદાર્થોને વશ થતો જ નથી **તેથી જ એને 'અવશ' કહેવામાં છે**. તેથી જ એને સ્વવશ કહેવામાં આવે છે. ભારે.

**તે અવશ પરમજિનયોગીશ્વરને...** આત્માને આધીન થયેલો, સ્વવશ બનેલો, અવશ નામ પરને આધીન નહીં થયેલો... પરમજિનયોગીશ્વર શુભભાવને પણ આધીન નથી. આહાહા! **પરમજિનયોગીશ્વરને નિશ્ચય-ધર્મધ્યાનસ્વરૂપ...** લ્યો, વ્યાખ્યા કરી. સાચા ધર્મધ્યાન સ્વરૂપ... આહાહા! જેને શુભવિકલ્પ પણ નથી. ભગવાન પૂર્ણાનંદ આત્મામાં લીન થયેલ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અથવા સામાયિક, ચોવિસંથો બધું એ છે. એને નિશ્ચય-ધર્મધ્યાન સ્વરૂપ... લ્યો. ઓલા કહે છે કે શુભભાવ એ નિશ્ચયધર્મધ્યાન, શુદ્ધભાવ એ શુક્લધ્યાન. એમ કહે છે. આહાહા! બહુ ફેરવી નાખ્યું. આખો વીતરાગમાર્ગને ફેરવી નાખ્યો. આખો વીતરાગમાર્ગ ફેરવી નાખ્યો. ધર્મધ્યાન એને કહીએ કે જે પોતાનો સ્વભાવ આનંદ ને જ્ઞાનની મૂર્તિ એને વશ થઈને જરૂરિયાતના ભાવ જે પ્રગટ્યા, એને નિશ્ચય-ધર્મધ્યાન કહીએ. વીતરાગી પરિણતિને નિશ્ચય-ધર્મધ્યાન કહીએ એમ કહે છે. સમજાણું કાંઈ?

અહીં તો અજ્ઞાનીને શુભભાવ કંઈક હોય, એ ક્રિયા ને એ ધર્મ. એ તો અજૈન ધર્મ છે, એ જૈનનો ધર્મ નથી. જૈન એ તો વસ્તુનું સ્વરૂપ છે. વીતરાગમૂર્તિ આત્મા, જ્ઞાન ને આનંદની મૂર્તિ આત્મા એમાં લીન થવું, એ વીતરાગતા, એ ધર્મ છે. વીતરાગસ્વરૂપ ભગવાન અકષાય આનંદનો કંદ એ વીતરાગમૂર્તિ જ આત્મા છે. એમાં લીન થવું એ વીતરાગી પર્યાય છે, એનું નામ ધર્મ, એનું નામ જૈનધર્મ. જૈનધર્મ કોઈ વાડો નથી, જૈનધર્મ કોઈ પક્ષ નથી, એ તો વસ્તુનું સ્વરૂપ છે. ઓલા કહે, છકાય જીવ રક્ષણે થયા એ ભગવાને (વ્રત) પાલન કર્યા. એની તકરાર. ભગવાને છકાય જીવની રક્ષા માટે પ્રવચન કર્યા.

પ્રશ્નવ્યાકરણમાં છે. એની એક મહિનો ચર્ચા તેરાપંથી ને દેરાવાસી વચ્ચે. તેરાપંથી છેને આ તુલસી ને એ. બીજા બાવીસીવાળા (દેરાવાસી). એક મહિનો ચર્ચા. તેરાપંથી કહે, રક્ષણ માટે એટલે નહીં મારવા માટે. ઓલો કહે, રક્ષા માટે. એ ચર્ચા મહિનો. બેય ખોટી વાત છે. ભગવાનના પ્રવચનો આત્માની વીતરાગતા પ્રગટ કરવા માટે કહ્યા છે. સમજાણું કાંઈ? આહાહા! બીજાને મારવા-ન મારવા એ તો બધો વિકલ્પ છે, રાગ છે. બહુ ... સામાયિક ને આલોચના. **અવશ પરમ**

**જિનયોગીશ્વરને નિશ્ચય-ધર્મધ્યાનસ્વરૂપ**... કેવી ભાષા કરીને વર્ણવે છે! એનું નામ સાચા ધર્મનું સ્વરૂપ ધ્યાનસ્વરૂપ છે.

એને **પરમ-આવશ્યક-કર્મ જરૂર છે...** આહાહા! કહો, આટલું ન ખાવું ને આટલું ખાવું. ચેતનજી! આટલો ઘૂંટડો પાણી પીવું... ...... ત્યાં ગયા હતા એક ફેરી. દેરાવાસી સાધુ હતા. ..... અરે ભગવાન! બાપા! ..... નથી ભાઈ! ધર્મનો પ્રકાર ને રીત શું છે એ હજી સાંભળ્યું નથી, દેશના સાંભળી નથી એણે. આહાહા! આવું **જરૂર છે એમ જાણવું.** સંતોને, દ્રવ્યસ્વરૂપને આશ્રયે લીન થયેલી દશા નિશ્ચય-ધર્મધ્યાનસ્વરૂપ આવશ્યક કાર્ય જરૂર છે એમ જાણવું. ફેરવીને ફેરવીને વાતો કરી છે. આહાહા! કહો, ભીખાભાઈ! આવો શબ્દ હતો તે દિ' ૪૦-૫૦ વર્ષમાં? ઊના પાણી પીવા, ઉપધાન કરવા. ઉપધાન પણ કર્યાં છે નહીં ત્રણ-ચાર વાર? ઉપધાન. ... કરેને. ... શું થાય? જેનો પક્ષ કર્યો હોય એમ માને. આહાહા!

ભગવાન તો એકકોર રહી ગયો, તને મૂકીને બધી વાતું. અહીં કહે છે, તને જોડીને બધી વાતું એનું નામ ધર્મ. આહાહા! કેટલા શબ્દ અહીં જોડ્યા છે! ઓહોહો! એક આત્માનો પરિગ્રહ.. પરિગ્રહ એટલે પકડ. આત્મા અખંડાનંદ તે હું, બસ. અન્ય પદાર્થને વશ થતો નથી, આને– આત્માને વશ થાય છે. તેથી જ તેને જરૂર અવશ–સ્વાધીન કહેવામાં આવે છે. તે સ્વાધીન પરમજિનયોગીશ્વરને નિશ્ચયધ્યાન(સ્વરૂપ) પરમ-આવશ્યક જરૂર છે એમ જાણવું. હવે એ છે શું ચીજ?

**(તે પરમ-આવશ્યક-કર્મ) નિરવયવપણાનો ઉપાય છે...** અવયવ નામ શરીર નહીં મળવાનો એ ઉપાય છે. અશરીરી થવાનો આ ઉપાય છે. આહાહા! મોક્ષનો ઉપાય ન કહેતાં, અશરીરી થવાનો આ ઉપાય છે (એમ કહ્યું). અવયવ રહિત થવાનો આ ઉપાય છે. આ બધા જડ માટી–ધૂળના અવયવો કાન, નાક ને આ બધા. આહાહા! નિરવયવપણાનો ઉપાય છે. એ ઉપાય છે તે યુક્તિ છે. બે શબ્દ છેને અંદર? **जुत्ति त्ति ववाअं..** ત્રીજા પદમાં છે. મુક્તિનો ઉપાય.... એ જ **યુક્તિ છે,** એમ. સ્વભાવના આશ્રયે થઈને નિશ્ચય ધર્મધ્યાન થાય તે આવશ્યક કર્મ તે જ એની યુક્તિ છે, એ એનું જોડાણ છે અંદરની સાથે. બીજી કોઈ યુક્તિ છે નહીં.

**અવયવ એટલે કાય; તેનો (કાયનો) અભાવ તે અવયવનો અભાવ (અર્થાત્ નિરવયવપણું). પરદ્રવ્યોને અવશ જીવ નિરવયવ થાય છે...** પરદ્રવ્યને (વશ) જે જીવ થતો નથી અને જીવ સ્વ-ભગવાનને આધીન અંદર થાય છે, એ નિરવયવ થાય છે. ખુલાસો કર્યો. 'પરદ્રવ્યને અવશ' છેને? **(અર્થાત્ જે જીવ પરદ્રવ્યોને વશ થતો નથી તે અકાય થાય છે).** હવે એને શરીર મળતું નથી. આહાહા! ભવ નથી એને પછી, એમ કહે છે. **આ પ્રમાણે નિરુક્તિ—વ્યુત્પત્તિ—છે.** સમજાણું કાંઈ?

જે ભાવથી શરીરરહિતપણું મળે એ ભાવને અહીંયા મોક્ષનો માર્ગ કહ્યો છે, એ ભાવને આવશ્યક કર્મ કહ્યું છે, એ ભાવને સામાયિક, ચોવિસંથો, વંદના કહ્યું છે. સમજાણું કાંઈ? ચોવિસંથોમાં તો ભગવાનની સ્તુતિ આવે છે? તારી સ્તુતિ એ ભગવાનની સ્તુતિ થઈ ગઈ. વંદનામાં તો એકાદ ગુરુને વંદન આવે? એ પૂર્ણાનંદનો નાથનો ગુરુ છે એની એકાગ્રતા એમાં તારું વંદન આવી ગયું, લે. આહાહા! પડિકમણું, પ્રત્યાખ્યાન, આવશ્યક બધું એમાં એમાં આવી ગયું. ચોવીસ તીર્થંકરની સ્તુતિ છેને. એ ચોવીસ તીર્થંકર ... થયા એ.... એની સ્તુતિ એનું નામ ચોવિસંથો. નિશ્ચયધર્મધ્યાનના પરિણામને ચોવિસંથોની સ્તુતિ કીધી. એય! એ અકાય થવાનો ઉપાય છે. વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**માગશર સુદ-૪, શનિવાર, તા. ૯-૧૨-૧૯૭૨**
**શ્લોક-૨૩૯-૨૪૧, ગાથા-૧૪૩, પ્રવચન નં. ૧૬૯**

ચોવીસ તીર્થંકરની સ્તુતિ, વંદન, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, કાયોત્સર્ગ. વાસ્તવિક છહ આવશ્યક કિસકો કહતે હૈં વહ યહાં કહતે હૈં. શ્લોક હૈ ૨૩૯.

**[અબ ઇસ ૧૪૨વીં ગાથાકી ટીકા પૂર્ણ કરતે હુએ ટીકાકાર મુનિરાજ શ્લોક કહતે હૈં :]**

**योगी कश्चित्स्वहितनिरतः शुद्धजीवास्तिकायाद्**
**अन्येषां यो न वश इति या संस्थितिः सा निरुक्तिः ।**
**तस्मादस्य प्रहतदुरितध्वान्तपुंजस्य नित्यं**
**स्फूर्जज्ज्योतिःस्फुटितसहजावस्थयाऽमूर्तता स्यात् ॥२३९॥**

શ્લોકાર્થ : જો **કોઈ** ધર્માત્મા.. **યોગી** એટલે ધર્માત્મા, **સ્વહિતમેં લીન રહતા હુઆ...** અપના શુદ્ધ જીવાસ્તિકાય—શુદ્ધ જીવ-અસ્તિકાય પુણ્ય-પાપકે રાગસે જો ભિન્ન હૈ, પુણ્ય-પાપકી ક્રિયાસે ભી ભિન્ન હૈ ઔર શરીરકી ક્રિયાસે ભી ભિન્ન હૈ, ઐસા અપના શુદ્ધ જીવ-અસ્તિકાય (અર્થાત્) અસંખ્યપ્રદેશી નિર્મલ આનંદઘન, ઐસે જીવમેં અપને સ્વહિતમેં લીન રહતા હૈ, આનંદસ્વરૂપમેં લીન રહતા હૈ ઉસકા નામ આવશ્યક કહનેમેં આતા હૈ. આહાહા! ઉસકા નામ સામાયિક. અપના શુદ્ધ આનંદસ્વરૂપ શુદ્ધ જીવ-અસ્તિકાય વહ શાંતિ (આદિ) અનંત-અનંત ગુણસે ભરા હૈ ઉસમેં એકાગ્ર હોકર લીન રહતા હૈ ઉસકો યહાં સામાયિક કહતે હૈં.

સામાયિક (અર્થાત્) ઐસે બૈઠ કર 'ણમો અરિહંતાણં' કરકે ચલે જાય વહ સામાયિક. વહ સામાયિક-બામાયિક નહીં હૈ. સમજમેં આયા? અંદર દયા, દાન, ભક્તિ, ભગવાનકા સ્મરણ કરકે દો ઘડી નિકાલ દે, વહ સામાયિક નહીં. વહ તો રાગકી ક્રિયા હૈ, વહ ધાર્મિક ક્રિયા નહીં. ધાર્મિક ક્રિયા તો અંતર શુદ્ધ ચૈતન્યસ્વરૂપ ઉસમેં સ્વહિતમેં અપને કારણસે અંદર લીન હોના, પૂર્ણાનંદ સ્વભાવકા આશ્રય કરકે ઉસમેં એકાગ્ર હોના ઔર (ઉસકે) **અતિરિક્ત અન્ય પદાર્થોંકે વશ નહીં હોતા.** સૂક્ષ્મ બાત હૈ. અંદર ભગવાનકા સ્મરણ આદિકા રાગ વહ ભી પરપદાર્થ હૈ. શુભરાગ હૈ ન. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિકા રાગ વહ તો શુભરાગ હૈ. ઉસકે વશ નહીં હોના ઔર અપને ચૈતન્ય આનંદકે વશ હોના ઉસકા નામ સામાયિક, ચોવિસંથો–વીતરાગકી સ્તુતિ, વંદન, પ્રતિક્રમણ, ધર્મ ઉસકો કહનેમેં આતા હૈ. વીતરાગકા ધર્મ ઐસા હૈ. સમજમેં આયા?

**અતિરિક્ત**.... ભગવાનકે સિવા... અપના શુદ્ધ ચૈતન્ય જ્ઞાનસ્વભાવ, આનંદસ્વભાવ જિસમેં અનાદિ-અનંત અવિનાશી પડા હૈ અપને આત્મામેં. જીવાસ્તિકાય ઈસકો કહતે હૈં કિ જિસમેં સમ્યગ્જ્ઞાન, આનંદ આદિ અનંત સ્વભાવ પડા હૈ અવિનાશી. ઉસમેં એકાગ્ર હોના, સ્વ આત્માકા આશ્રય કરકે લીન હોના વહ આવશ્યકક્રિયા હૈ. વીતરાગમાર્ગમેં વહ ધાર્મિકક્રિયા હૈ. ચાંદમલજી! યે સબ ક્રિયા કરતે હૈં ન લોગ સામાયિક, પ્રતિક્રમણ? વહ તો શુભરાગ હૈ, વિકલ્પ હૈ, ધર્મક્રિયા નહીં. ભક્તિ, પૂજા, જાત્રા યે સબ શુભરાગ હૈ. વહ ધાર્મિક ક્રિયા નહીં, પુણ્ય હૈ.

ધાર્મિક ક્રિયા તો ઉસકો વીતરાગ કહતે હૈં કિ અપના ચૈતન્ય ભગવાન.... 'શુદ્ધજીવાસ્તિકાય' શબ્દ લિયા હૈ દેખો! અસંખ્યપ્રદેશી સત્તા આત્માકી હૈ. ઐસા સર્વજ્ઞ સિવા કહીં દૂસરે હૈ નહીં. અસંખ્યપ્રદેશી અસ્તિ–હૈ ઐસા જીવ, ઉસમેં અનંતગુણકા સ્વરૂપ હૈ. ઉસ તરફકા લક્ષ કરકે, ઉસકો ધ્યેય બનાકર, ઉસમેં લીન રહના ઉસકા નામ ધાર્મિકક્રિયા, આવશ્યક ક્રિયા, મોક્ષકે માર્ગકી ક્રિયા ઉસકો કહનેમેં આતી હૈ. આહાહા! સમજમેં આયા? **અતિરિક્ત...** ભગવાન આત્મા સિવા, આત્મા આનંદમૂર્તિ ને જ્ઞાયકભાવ ઉસકે સિવા **અન્ય પદાર્થો...** ચાહે તો શુભરાગ હો, ભગવાનકી ભક્તિ હો, ભગવાનકા સ્મરણ હો—વહ સબ પરપદાર્થ રાગ હૈ. ઉન પરપદાર્થમેં વશ ન હોના, અપને ચિદાનંદમેં વશ હોના–રહના ઉસકા નામ ધાર્મિક ક્રિયા હૈ. સુજાનમલજી!

શ્રોતા : આવી ક્રિયા તો આપ જ ફરમાવો. બાકી હિંદુસ્તાનમાં કહીં નહીં હૈ. યે સુનનેકો આયે હૈં.

પૂજ્ય ગુરુદેવશ્રી : વીતરાગમાર્ગકે ઘરકી યે ક્રિયા હૈ. અસ્તિ-નાસ્તિ ક્રિયા. નિજ તત્ત્વ સત્ત્વ ભગવાન... સત્ત્વ નામ નિજ–અપના સામર્થ્ય–જ્ઞાન, આનંદાદિકા સ્વભાવ ઉસમેં લીન હોના, જિસસે અતીન્દ્રિય આનંદકા સ્વાદ આતા હૈ. અતીન્દ્રિય આનંદકા સ્વાદ આના વહ આવશ્યકક્રિયા હૈ.

**ઇસપ્રકાર જો સુસ્થિત રહના** ઉસકા નામ આવશ્યક હૈ, લ્યો. **'નિરુક્તિ'** હૈ ન. 'નિરુક્તિ' શબ્દ પડા હૈ ન. સુ-સ્થિત... આનંદકંદ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ ઉસમેં સુસ્થિત (અર્થાત્) વિશેષે અતિશય સ્થિર રહના, શાંતિમેં સ્થિર રહના, શુદ્ધ ઉપયોગમેં લીન રહના, વહ આવશ્યક ક્રિયા હૈ. નિરુક્તિ–ઉસકા અર્થ ઐસા હૈ. આહાહા! **(અર્થાત્ અવશપનેકા વ્યુત્પત્તિ-અર્થ) હૈ.** અવશ નામ પરસે વશ ન હોના. ... વાત છે. શુભરાગ હૈ, દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજાકા ભાવ વહ ભી રાગ હૈ, પુણ્ય હૈ. વહ આત્મિક ધાર્મિક ક્રિયા નહીં, વહ તો રાગકી ક્રિયા હૈ. રાગકે વશ ન હોના, વીતરાગમૂર્તિ ચૈતન્યમૂર્તિ અપને સ્વભાવમેં વશ રહના ઉસકા નામ સામાયિક હૈ, ઉસકા નામ તીર્થંકરકી સ્તુતિ હૈ. તીર્થંકર સ્વયં આત્મા, ઉસમેં લીન રહના વહ

તીર્થંકરકી સ્તુતિ હૈ. ગુરુકી વંદના—આત્મા આનંદકંદમેં રહના વહ ગુરુકી વંદના હૈ. ભીખાભાઈ! આ બધું બહારનું તો ઉડી જાય છે.

રાગ હો, અશુભસે બચનેકો ઐસા ભાવ હો, વહ ધર્મસ્વરૂપ નહીં. વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ ધર્મ ઐસા કહતે હૈં, અપના શુદ્ધ ભગવાન જીવાસ્તિકાય ઉસકે સ્વહિતમેં લીન રહના. પરકે હિત-બિતકી બાત યહાં નહીં. સમજમેં આયા? પરકા હિત કર દું, પરકા ઐસા કર દું. કોઈ કર સકતા નહીં. કૌન કરતા હૈ? વિકલ્પ આતા હૈ વહ ભી પરાધીન પુણ્યભાવ હૈ. આહાહા! દૂસરેકા મૈં કર દું. 'કર સકું' ઐસી માન્યતા હી મિથ્યાત્વ હૈ. ઔર વિકલ્પ ઉઠતા હૈ વહ શુભરાગ હૈ. આહાહા! બહુ માર્ગ, અપૂર્વ માર્ગ. અનંતકાલસે કભી પ્રગટ કિયા નહીં, યથાર્થપને પરિણમન કિયા હી નહીં. બાહરસે ક્રિયાકાંડ કરતે-કરતે ધર્મ હોગા ઐસા માનકર જિંદગી વ્યર્થ પૂરી કી. આહાહા!

**ઐસા કરનેસે (–અપનેમેં લીન રહકર પરકો વશ ન હોનેસે) દુરિતરૂપી તિમિરપુંજકા જિસને નાશ કિયા હૈ...** (દુરિત અર્થાત્) દુષ્કૃત, દુષ્કર્મ. પાપ ને પુણ્ય દોનોં દુરિત હૈં. શુભ ને અશુભભાવ દોનોં અઘ–પાપ હૈં, દુરિત હૈ, વહ સુરીત નહીં. સમજમેં આયા? દુરિત આયા? દુ-રિત—માઠી રીત. શુભ ને અશુભભાવ તો માઠી રીત–ગતિ હૈ, આત્માકી ગતિ નહીં. વહ આત્માકા ધર્મ નહીં. કહ્યુંને, **परदव्वादो दुग्गई, सद्दव्वादो हु सुग्गई..** (મોક્ષપાહુડ ગાથા ૧૬). જિતની પરદ્રવ્યકે આશ્રય, લક્ષસે વૃત્તિ ઉત્પન્ન હોતી હૈ વહ સબ દુરિત ઔર દુર્ગતિ હૈ. અપને ચૈતન્યકી ગતિકી રીતિ નહીં. આહાહા! ખબર ભી નહીં કિ ક્યા ધર્મ હૈ ને ક્યા..... ઐસે ને ઐસે માન લિયા કિ ધર્મ કરતે હૈં. આહાહા! અપૂર્વ વાત છે ભગવાન!

યહાં તો પરમાત્મા, સંતો, મુનિયોં... કુંદકુંદાચાર્યાદિ જંગલમેં રહનેવાલે મુનિ થે. દો હજાર વર્ષ પહલે ભગવાનકે પાસે ગયે થે. સીમંધર પરમાત્મા મહાવિદેહમેં બિરાજતે હૈં વહાં ગયે થે. વહાંસે આકર યે શાસ્ત્ર બનાયા હૈ. કુંદકુંદાચાર્ય.. આતા હૈ ન. 'મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમોગણી, મંગલં કુંદકુંદાર્યો..' વે કુંદકુંદાચાર્ય ફરમાતે હૈં. એમના (શાસ્ત્રની) ટીકા કરનારા પદ્મપ્રભમલધારિદેવ.

ઓહો! કહતે હૈં, **દુરિતરૂપી તિમિરપુંજ...** શુભ ને અશુભભાવ તિમિર–અંધકાર હૈ. ચૈતન્યપ્રકાશ, આત્માકે આનંદકા પ્રકાશ ઉસકે પાસ શુભ-અશુભભાવ તો તિમિર–અંધકાર હૈ. આહાહા! સમજમેં આયા? ભગવાન આત્મા અપને આનંદ ને જ્ઞાનકે પ્રકાશકા પુંજ, ઉસકી અપેક્ષાસે શુભ ને અશુભરાગ તિમિરપુંજ હૈ, અંધકારકા પુંજ હૈ, અજ્ઞાનકા ઢગલા હૈ. આત્મા આનંદકા ઢગલા હૈ. ઢગલા ક્યા કહતે હૈં? ઢેર. આહાહા! સમજમેં આયા? માર્ગ સૂક્ષ્મ હૈ ભાઈ! જૈનધર્મ બહોત સૂક્ષ્મ હૈ. લોકોએ કલ્પ્યો છે ધર્મ, ઐસા ધર્મ-બર્મ હૈ નહીં.

જૈનધર્મ અર્થાત્ અપના આનંદસ્વરૂપ ભગવાન સચ્ચિદાનંદ આત્મા જિસે સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવને દેખા અંદરમેં, ઐસી ચીજમેં દૃષ્ટિ કરકે ઉસમેં લીન હોના, નિર્વિકલ્પ પરિણતિ પ્રગટ કરના, રાગકે અવલંબન બિના ભગવાન પૂર્ણાનંદ અપના સ્વભાવ ઉસકે અવલંબનસે નિરાગી–વીતરાગી પરિણતિ પ્રગટ કરના ઉસકા નામ ભગવાન આવશ્યક, સામાયિક કહતે હૈં. સામાયિકની વ્યાખ્યા એ. આહાહા! **દુરિતરૂપી તિમિરપુંજકા જિસને નાશ કિયા હૈ...** અપના ચૈતન્ય ભગવાન આનંદસ્વરૂપી પ્રભુ, ઉસમેં આશ્રય કરકે લીન હોકર જિસને વીતરાગી આનંદ, શાંતિ પ્રગટ કી ઔર પુણ્ય-પાપ તિમિર–અંધકારકા નાશ કિયા, ઉસકો ઉત્પન્ન કિયા અને અંધકારકા નાશ કિયા, ઉસકા નામ ભગવાન ધર્મ કહતે હૈં. પોપટભાઈ! આહાહા!

**ઐસે ઉસ યોગીકો...** ઐસે ઉસ ધર્માત્માકો... જિસને અપને શુદ્ધ આનંદસ્વભાવમેં અપની પર્યાય જોડ દી હૈ, અપની અવસ્થા જિસમેં જોડ દી હૈ, ઐસે ધર્મીકો **સદા પ્રકાશમાન જ્યોતિ દ્વારા...** સદા ચૈતન્યકે પ્રકાશકી જ્યોતિ દ્વારા **સહજ અવસ્થા પ્રગટ હોનેસે...** પૂર્ણ શુદ્ધ અવસ્થા પ્રગટ હોનેસે **અમૂર્તપના હોતા હૈ.** ઉસકો અમૂર્તપના નામ સિદ્ધપદ હોતા હૈ. સમજમેં આયા? શુભાશુભરાગ વહ મૂર્ત હૈ. આહાહા! જિસ ભાવસે તીર્થંકરગોત્ર બંધે વહ ભાવ અંધકાર હૈ, રાગભાવ હૈ, ઐસે કહતે હૈં ભાઈ! વહ રાગ હૈ, રાગસે બંધ હોતા હૈ. ધર્મસે બંધ હો? તીર્થંકરગોત્ર પ્રકૃતિકા બંધ ધર્મસે હોતા હૈ? રાગ હૈ, પુણ્ય હૈ વહ. તો યહાં તિમિરપુંજમેં ડાલ દિયા હૈ. ક્યોંકિ અજ્ઞાનસ્વભાવ હૈ વહ. અપના જ્ઞાન ને આનંદ સ્વભાવ નહીં. આહાહા! આવી વાત છે.

ઐસે ધર્મીકો **સદા પ્રકાશમાન ચૈતન્ય જ્યોતિ દ્વારા...** ઐસી પ્રકાશમાન જ્યોતિ સ્થિરતા દ્વારા **સહજ અવસ્થા ઉત્પન્ન હોનેસે....** સહજ પૂર્ણદશા પ્રગટ હોનેસે **અમૂર્તપના હો જાતા હૈ.** વહ સિદ્ધ હો જાતા હૈ. સમજમેં આયા? ઐસી ધર્મ ક્રિયાસે સિદ્ધપદ હોતા હૈ. દયા, દાન, વ્રત, આદિકે પરિણામસે સિદ્ધપદ હોતા હૈ ઐસા હૈ નહીં. જૈનશાસનમેં ઐસા હૈ નહીં. દૂસરેમેં તો હૈ કહાં? વીતરાગ સિવા દૂસરેમેં તો કહીં તીન કાલમેં કુછ હૈ નહીં. સમજમેં આયા? ઓહોહો! એક કલશમેં કિતના ભર દિયા દેખો! હવે ૧૪૩ ગાથા. ૧૪૨કા કલશ હુઆ.

**वट्टदि जो सो समणो अण्णवसो होदि असुहभावेण ।**
**तम्हा तस्स दु कम्मं आवस्सयलक्खणं ण हवे ॥ १४३ ॥**
**વર્તે અશુભ પરિણામમેં, વહ શ્રમણ હૈ વશ અન્યકે;**
**અતએવ આવશ્યકસ્વરૂપ ન કર્મ હોતા હૈ ઉસે. ૧૪૩.**

જૈન સાધુ નગ્નપના ધારકે ભી, **ટીકા : યહાં, ભેદોપચાર-રત્નત્રયપરિણતિવાલે...** કુછ શ્રદ્ધા દેવ-ગુરુકી હોતી હૈ ઐસે રત્નત્રય પરિણતિવાલે મિથ્યાદૃષ્ટિ જીવ. જિસને રાગમેં ધર્મ

માના હૈ. સમજમેં આયા? દિગંબર સાધુ હો તો ભી મિથ્યાદૃષ્ટિ હૈ. પંચમહાવ્રતકા પરિણામ વહ રાગ હૈ. કહતે હૈં, જિસકો રાગકી કુછ ઐસી શ્રદ્ધા હૈ, દેવ-ગુરુ-શાસ્ત્રકી કુછ શ્રદ્ધા હૈ, સમ્યગ્દર્શન નહીં, પણ શ્રદ્ધા હૈ—ઐસે ભેદોપચાર રત્નત્રયપરિણતિવાલે **જીવકો અવશપના નહીં હૈ ઐસા કહા હૈ.** ઉસકે (અપને) આત્માકે તાબે નહીં વહ, આત્માકે વશ નહીં, વહ પરવશ હૈ. આહાહા!

**જો શ્રમણાભાસ–દ્રવ્યલિંગી...** સાધુ નામ ધરાકર નગ્નપના ધારણ કર દ્રવ્યલિંગી **અપ્રશસ્ત રાગાદિરૂપ અશુભભાવ સહિત વર્તતા હૈ....** ઉસકો અશુભભાવ જો રહતા હૈ. મંદિર મેરા, ક્ષેત્ર મેરા, મકાન, ધન, ધાન્યાદિ, મંદિરકે લિયે પૃચ્છા કરકે... કરતા હૈ, વહ સબ દ્રવ્યલિંગી સાધુ મિથ્યાદૃષ્ટિ હૈ. સમજમેં આયા? હૈ અંદરમેં દેખો! ટીકા હૈ. વહ અપ્રશસ્ત રાગ નામ અશુભભાવમેં વર્તતા હૈ. **વહ નિજ સ્વરૂપસે અન્ય પરદ્રવ્યોમેં વશ હૈ.** અપના આનંદ-સ્વરૂપ ભગવાન ઉસકો તો વશ ન હુઆ, પરકે વશ હોતા હૈ. ચિંતા કરતા હૈ મંદિરકી, મંદિરકે લિયે પૈસાકી, કહતે હૈં કિ આર્તધ્યાન હૈ.... સમજમેં આયા? ઐસા મકાન બનાના ચાહિયે, મંદિર બનાના ચાહિયે, ઉસકે લિયે ચંદા ઈકઠા કરના ચાહિયે. ઐસી ચિંતામેં પડા શુભભાવવાલા હૈ. આર્તભાવવાલા હૈ કહતે હૈં. જો પરદ્રવ્યોકે વશ હૈ વહ રાગમેં વશ હો ગયા હૈ. ભગવાન આત્મા આનંદમૂર્તિકે આશ્રયમેં રહા નહીં. પરકા આશ્રય લે લિયા હૈ. આહાહા!

**ઇસલિયે ઉસ જઘન્ય રત્નત્રયપરિણતિવાલે જીવકો...** હલકા રત્નત્રય, એમ. હલકા એટલે આચાર થોડા ભી નહીં. જઘન્ય–હલકા.. હલકા. હલકા સમજતે હો? છોટા. છોટા નહીં, આ તો હલકા. .... એ પણ નહીં. **સ્વાત્માશ્રિત નિશ્ચય...** ઐસે જીવકો સ્વ-આશ્રિત.... ભગવાન આનંદસ્વરૂપ ઐસા આત્મા ઉસકે આશ્રિત **નિશ્ચય-ધર્મધ્યાનસ્વરૂપ...** સચ્ચા ધર્મધ્યાન ક્રિયાસ્વરૂપ **પરમ-આવશ્યક-કર્મ નહીં હૈ.** ઉસકે પાસ ધર્મધ્યાન હૈ નહીં. આહાહા! વહ આર્તધ્યાનમેં પડા હૈ એમ કહતે હૈં. મંદિર બનાના, મકાન બનાના, ચંદા કરો ભૈયા! જાત્રા જાના હૈ, .... સાથમેં ઈતને આદમી રહને ચાહિયે—ઐસી ચિંતા કરનેવાલા રાગકો વશ હૈ, પરવશ હૈ, દ્રવ્યલિંગી હૈ, આત્માકા આશ્રય ઈસને છોડ દિયા હૈ. આરે ભારે.

આર્તધ્યાન કર્યું એ પુણ્ય-પાપ છે. પુણ્ય-પાપ .... છેને. .......... ધ્યાન શુભ હોય છે. પણ આવા કાળમાં પુણ્યભાવ મંદિર બનાવો, આ કરો, જાત્રા નિકાલો, પૈસા એકઠા કરો, ફલાણા નામે લખો પાંચ હજાર, લખો દસ હજાર. ઐસી ચિંતા અશુભ હૈ, આર્તધ્યાન હૈ. પુસ્તક છપાના હૈ, લાવો પાંચ હજાર. પુસ્તક હમારે છપાના હૈ ઐસી શુભભાવકી ચિંતા આર્તધ્યાન હૈ. આહાહા! વહ સાધુ નહીં. વહ દ્રવ્યલિંગી વ્યવહારાભાસી સાધુ કહનેમેં આતા હૈ.

શ્રોતા : શ્રાવકને આવો ભાવ આવે?

પૂજ્ય ગુરુદેવશ્રી : શ્રાવક જ એવા હોય શુભભાવવાળા. ઓલા કહે, ...... આમાં અગ્રેસર કહીને કરાવશું, મંદિર કરાવશું, સમવસરણ કરાવશું, ફલાણું કરાવશું. એની ચિંતામાં પડ્યા હોય એ રાગવાળા છે. સ્વનો આશ્રય એને નથી. આહાહા! આકરું કામ છે ભાઈ! આત્મા આનંદસ્વરૂપ ભગવાન અનાકુલ શાંતિકા સાગર તો આત્મા હૈ. ઉસકા આશ્રય લિયા નહીં ઉસકો ધર્મધ્યાન હોતા નહીં. આહાહા! શ્રાવક તો ઈસમેં આતા હૈ કિ નહીં? એમ કહતે હૈં. શ્રાવક નામ ધરાવે ઔર સ્વકા લક્ષ, સ્વકા આશ્રય હૈ નહીં ઔર અકેલી પરકે આશ્રય(રૂપ) ચિંતામેં રહે વહ ભી દ્રવ્યલિંગી શ્રાવક હૈ. આહાહા! સમજમેં આયા? ....

**ઈસલિયે ઉસ જઘન્ય રત્નત્રય પરિણતિવાલે જીવકો સ્વાત્માશ્રિત નિશ્ચય ધર્મધ્યાન-સ્વરૂપ પરમ આવશ્યક-કર્મ નહીં**. જરૂરકા જો સ્વાશ્રય કાર્ય હૈ વહ કાર્ય તો હૈ નહીં. અપને હિતકા કાર્ય જો હૈ, અપને શુદ્ધસ્વરૂપકે આશ્રયસે હિત હોતા હૈ વહ તો હૈ નહીં. અકેલે પરકે કાર્યમેં રુકતા હૈ ચિંતામેં, વહ તો અશુભભાવમેં રુકનેવાલા હૈ, મિથ્યાદૃષ્ટિ હૈ. આરે ભારે. સમજમેં આયા? **(વહ શ્રમણાભાસ) ભોજન હેતુ દ્રવ્યલિંગ ગ્રહણ કરકે...** નગ્નપના હો તો આહારાદિ મિલ જાય. એટલે આત્માર્થી નથી એમ કહેવું છે. **દ્રવ્યલિંગ ગ્રહણ કરકે સ્વાત્મકાર્યસે વિમુખ રહતા હુઆ...** અપને નિજ સ્વરૂપમેં તો વિમુખ રહતા હૈ. પરકે કાર્યમેં સન્મુખ હોકર કાલ ગંવાતા હૈ. આહાહા!

**પરમ તપશ્ચરણાદિકે પ્રતિ ઉદાસીન....** મુનિપનેકા જો ભાવ હૈ ઉસસે તો ઉદાસ **(લાપરવાહ)** હૈ. દરકાર નહીં કિ મેરી આનંદશક્તિ ક્યા હૈ, વિકાસ હુઆ હૈ કિ નહીં? જિતના આશ્રય લેના હૈ ઉસસે લાપરવાહ હૈ. પરકી દરકાર હૈ. પરકા કરના..... **જિનેન્દ્રમંદિર...** દેખો! જિનેન્દ્રમંદિર બનાના હૈ ભાઈ! હમેં. સમજમેં આયા? **અથવા ઉસકા ક્ષેત્ર...** ઉસકે લિયે ક્ષેત્ર–જમીન ચાહિયે. **મકાન, ધન** ચાહિયે ધન. મંદિરકે લિયે ધન ચાહિયે. જાત્રાકે લિયે ધન—ઐસી ચિંતામેં પડનેવાલા સાધુ અશુભભાવકા સેવનેવાલા હૈ. આહાહા! ક્ષેત્ર, મકાન, ધન–લક્ષ્મી **ધાન્યાદિક–**અનાજ... અનાજાદિ જોઈએને. સાથે માણસ હોય તો એને ખાવા-પીવાની ગોઠવણી કરે અનાજાદિ. **સબ હમારા હૈ ઐસી બુદ્ધિ કરતા હૈ** વહ મૂઢ મિથ્યાદૃષ્ટિ હૈ. આહાહા!

મંદિર–જિનેન્દ્રમંદિર હોય તો પર છે. ઉસે અપના માનતા હૈ વહ મિથ્યાત્વભાવ હૈ, એમ કહતે હૈં. આહાહા! હમારા મંદિર હૈ, હમને બનવાયા હૈ, હમને લક્ષ્મી આદિ ઇકઠા કરકે બડા ઘર બનાયા. પર ચીજ તેરી કહાં હૈ? મંદિર હો કિ ભગવાન હો, વહ પર હૈ. અપને સ્વમેં પરકો અપના માનના વહ મિથ્યાત્વભાવ હૈ. આહાહા! ભારે. બધું લેવાનું. ... વાત સાચી છે. વિદ્યાશાળા, પાઠશાળા. વહ તો પર હૈ. તેરી ચીજ હૈ વહ? (ઉસે) અપની માનના, ઉસમેં રુકના વહ મિથ્યાદૃષ્ટિ અશુભભાવમેં રુકતા હૈ, એમ કહતે હૈં. પાઠશાળા પરવસ્તુ હૈ. વિદ્યા ભણે

વિદ્યાર્થીઓ એ પરવસ્તુ છે. અપને સાથ ક્યા સંબંધ હૈ ઉસકા? આહાહા! વીતરાગમાર્ગ દૂસરા હૈ ભાઈ!

અપને આત્મા સિવા શુભરાગસે લેકર સારી ચીજ, ભગવાન તીર્થંકર ભી પર હૈ. સમ્મેદશિખર, શેત્રુંજાદિ પર હૈ. ઉસે અપના માનના વહી મિથ્યાત્વ હૈ એમ કહતે હૈં યહાં તો. આહાહા! પરચીજ હૈ અપનેસે ભિન્ન, વહ પરવસ્તુ પરદ્રવ્ય હૈ. વહ તેરા સ્વદ્રવ્ય હૈ? ભારે કામ ભાઈ! પરદ્રવ્ય ઉસકો અપના સ્વદ્રવ્ય માનના ઔર ઉસમેં રુકના વહ અશુભભાવ, મિથ્યાત્વભાવ હૈ. આહાહા! ભારે કામ ભાઈ! અપના ભગવાન આત્મા વહ નિજવસ્તુ હૈ. પુણ્ય-પાપકા ભાવ ભી અપના નહીં. તો બાહરકી ચીજ અપની કહાંસે આયી? ચાહે તો પંચપરમેષ્ઠી હો, વે તો પર હૈં, વે તો પર હૈં. વહ તો પરદ્રવ્ય હૈ, પરવસ્તુ હૈ, પરપદાર્થ હૈ. ઉસે અપના માનના, વસ્તુ વિપરીત હૈ. આહાહા! ગજબ વાત. વીતરાગમાર્ગ અલૌકિક માર્ગ હૈ ભાઈ!

ભગવાન કહતે હૈં, હમ તો તેરેસે ભિન્ન હૈં. હમારા પદાર્થ તુમ્હારેસે તો ભિન્ન હૈ, પર હૈં હમ તો. હમકો તુમ (સ્વ) હૈ ઐસા માનો..... આહાહા! એ છેને, અનાદિનું ચાલે છેને. એ ક્યાં નવું છે? કુંદકુંદાચાર્ય.... પદ્મપ્રભમલધારિદેવે એનો ખુલાસો કર્યો છે. વાસ્તવિક વહ ચીજ તો પર હૈ. ચાહે તો જિનેન્દ્રમંદિર હો, ચાહે તો પાઠશાલા હો, ચાહે તો વિદ્યાર્થી પઢતે હોં, ચાહે તો (તીર્થ)મેં દિવાર બાંધનેકા કામ હો, પણ હૈ તો પરદ્રવ્ય. પરદ્રવ્ય મેરેસે હોતા હૈ ઔર વહ પરદ્રવ્ય મેરા હૈ—વિપરીત માન્યતા હૈ, વહ કહતે હૈં. શ્રાવક ને સાધુ નામ ધરાકર ઐસી પ્રવૃત્તિ કરે, મિથ્યાત્વભાવ હૈ. સમજમેં આયા?

**[અબ ઇસ ૧૪૩વીં ગાથાકી ટીકા પૂર્ણ કરતે હુએ ટીકાકાર મુનિરાજ પાંચ શ્લોક કહતે હૈં :]** પાંચ શ્લોક. શ્લોક ૨૪૦મો.

**अभिनवमिदमुच्चैर्मोहनीयं मुनीनां**
**त्रिभुवनभुवनान्तर्ध्वांतपुंजायमानम् ।**
**तृणगृहमपि मुक्त्वा तीव्रवैराग्यभावाद्**
**वसतिमनुपमां तामस्मदीयां स्मरन्ति ॥ २४० ॥**

મુનિરાજ કહતે હૈં... પદ્મપ્રભમલધારિ મુનિ ઉનકા યે શ્લોક હૈ. દિગંબર મુનિ થે, જંગલમેં વસતે થે. મુનિ તો જંગલમેં રહતે થે ઔર આત્માકે આનંદમેં ઝૂલતે થે. અતીન્દ્રિય આનંદકા આશ્રય લેકર અતીન્દ્રિય આનંદકી પરિણતિમેં ઝૂલનેવાલે થે, વે મુનિ યે શ્લોક કહતે હૈં. આહાહા! શ્રાવકને શું... આ બાયડી છોકરા, કુટુંબ? ભીખાભાઈ નથી આવ્યા? ઠીક નથી? સમજાણું આમાં? આ બૈરા, શરીર, પૈસા, કુટુંબ, મકાન એ તો પરદ્રવ્ય છે. પરદ્રવ્ય અપના માનના વહ મિથ્યાત્વભાવ હૈ. કહો, પોપટભાઈ! ભારે વાત ભાઈ! વીતરાગમાર્ગ ભારે આકરો. એ દેવશીભાઈ! શું કરવું આ ખેતર, પાદર ને કૂવાનું? આહાહા! અપના નિજસ્વરૂપ આનંદકંદ

પ્રભુ ઉસકે સિવા દૂસરી સબ ચીજ પર હૈ. પરકો અપના માનના, પરસે હિત માનના ઔર પરસે અહિત માનના—વહ સબ મિથ્યાત્વભાવ હૈ. પાઠશાળા, વિદ્યાશાળા નહિ, પાઠશાળા, બોર્ડિંગ, આહાહા! વહ તો પર હૈ, કહતે હૈં. આહાહા! વહ પરચીજ તેરી કહાંસે હુઈ? દ્રષ્ટિ વિપરીત હૈ. આહાહા! ભારે માર્ગ ભાઈ!

**શ્લોકાર્થ : ત્રિલોકરૂપી મકાનમેં રહે હુએ...** ત્રિલોકરૂપી મકાનમેં રહે હુએ **(મહા) તિમિરપુંજ જૈસા મુનિયોંકા યહ (કોઈ) નવીન તીવ્ર મોહનીય હૈ...** આહાહા! અરે! યે નવીન મોહનીય કહાંસે નિકાલા? કહતે હૈં. વૈરાગ્યસે ઘર છોડા, ફિર કહે યે મેરા, યે મકાન હમારા, મંદિર હમારા, જિનમંદિર હમારા, તીર્થ હમારા લ્યોને. એ ચાંદમલજી! તીર્થ તો પરવસ્તુ હૈ. સમ્મેદશિખર હો તો પરવસ્તુ હૈ, પરદ્રવ્ય હૈ, અપના કહાંસે આયા? ભારે કામ ભાઈ! અરેરે! તીન લોકરૂપી મકાનમેં રહનેવાલા તિમિરપુંજ જેસા મુનિયોંકા યહ કોઈ નવીન મોહ... ઓહોહો! બાયડી, છોકરા, કુટુંબ, દુકાન છોડીને આ વળી દુકાન નવી માંડી પાછી. આહાહા! નવીન તીવ્ર મોહ હુઆ. સ્વરૂપકી ગતિ ધૂલ ગઈ સબ. તેરી ચીજ જો અંદરમેં હૈ વહ તો અપની નહીં માની ઔર જો ચીજ પર હૈ ઉસે અપની માની, ભ્રમણકે રસ્તે ચઢ ગયા. આહાહા! ભારે વાત ભાઈ!

ભગવાન ઐસે કહતે હૈં કિ હમકો ભી તુમ્હારા માનના તેરી ભૂલ હૈ. હમ પરદ્રવ્ય હૈં તેરેસે. સમજમેં આયા? ઔર ગુરુ ભી પરદ્રવ્ય હૈ. પરદ્રવ્યકો અપના માનના ભ્રમણા હૈ. સાધુ હોકર ભી ઐસી ભ્રમણા હોતી હૈ, કહતે હૈં, વહ અજ્ઞાનપુંજમેં પડા હૈ. ભગવાન આત્મા નિર્લેપ, પરસે ભિન્ન, પરકા કુછ અવલંબન ઉસમેં નહીં. પર તો નહીં, પણ પરકા અવલંબનવાલા રાગ ભી ઉસમેં નહીં. ઐસી ભગવાન આત્માકી ચીજ. આહાહા! વીતરાગ.. વીતરાગ સ્વભાવ ઉસમેં પરદ્રવ્યકા અપનાપના અને પરદ્રવ્યકા અવલંબન દોપના આયા, એમ કહતે હૈં. અપનેસે પરદ્રવ્ય વહ અપના ઔર પરદ્રવ્યસે અવલંબનસે હુઆ રાગ વહ અપના કહાંસે આયા? સમજમેં આયા? સૂક્ષ્મ શલ્ય રહ ગયા.

આ સુરદાસનું કાંઈક ગેઝેટમાં હતું. ભાઈએ કાલે દાખલો નહોતો આપ્યો સુરદાસનો? ભાઈએ કીધું, એમાં સાર શું? મેં કીધું, સાર ઓલો ઘોડો હતો એ ભેંસનું દૂધ પીને મોટો થયો–બડા હુઆ. દૂધને લઈને પાણીમાં જાય તો બેસવાનું મન થઈ જાય. એમ આ મૂઢ જેવો અજ્ઞાનમાં પોષાણો, 'પરદ્રવ્ય મારા' એમ પોષાયેલો, એની પરીક્ષા ન મળે, ચાર ગતિમાં ડૂબે છે. બેસી જાય પાણીમાં. શુભભાવ આવ્યો કે કાંઈ પરપદાર્થ ઠીક લાગ્યા તો બેસી જાય ત્યાં. ભેંસના દૂધ પીને.. દાખલો નહોતો? સુરદાસ. અશ્વ પરીક્ષક. અશ્વ એક ઘોડા આયા થા રાજમેં. સુરદાસ રહતા થા રાજમેં. બહોત નિપુણ થા. સુરદાસકો દરબારને દૌડાયા પરીક્ષા કરનેકો કિ કૈસા હૈ અશ્વ. બહોત પરીક્ષા કી સબ અશ્વોંકી. બહોત અચ્છા હૈ, ઐસા હૈ, ઐસા હૈ.

રાજા કહે, સુરદાસકો બુલાઓ. સુરદાસ ગરીબ નહીં થા, ઐસા સામર્થ્યવાલા થા. ગરીબ એટલે પૈસાવાળો એમ નહીં, શક્તિવાળો. ..... સુરદાસ! કૈસા હૈ ઘોડા? ........ ઉસકે પેટકે ભાગમેં ઐસા લગાયા. આને પોષણ ભેંસના દૂધથી કર્યું છે. એની–અશ્વની મા મરી ગઈ હતી તો ભેંસનું દૂધ પાઈ પાઈને મોટો કર્યો છે. એ ઘોડાનો સ્વભાવ એવો છે કે પાણીમાં જાશે તો બેસી જાશે. યે ઘોડા ઐસા હૈ. અરે સુરદાસ! યે ક્યા? ..... કરો, તમારી પરીક્ષા કરો. પાણીમાં જ્યાં લઈ જાય, બેસી ગયો. ઘોડા ન બેસે. પણ પીધું છે ભેંસનું દૂધ, એનાથી પોષાણો ને મોટો થયો. આહાહા! એમ અજ્ઞાની પર મારા માનીને પોષાણો છે, એ બેસી જશે ચાર ગતિમાં રખડવા. એ સૂક્ષ્મ શલ્ય છે અંદર. આહાહા! સૂક્ષ્મ શલ્ય હૈ અંદર. પરદ્રવ્ય હૈ હમારા, પરદ્રવ્યકી રક્ષા કરની હૈ હમારે. સમજમેં આયા? ગજબ બાત કરતે હૈં.

**જિનેન્દ્ર મંદિર**.... લ્યો. મુનિ! તીવ્ર મોહ તુજે ઉત્પન્ન હુઆ હૈ. યે ક્યા હૈ? પરચીજ... વૈરાગ્યસે તુને ઘર છોડા, પીછે પરદ્રવ્ય મેરા હૈ ઐસા માના, ક્યા હુઆ નવીન મોહ તુજે? કિસ જાતકી તેરી દૃષ્ટિ વિપરીત હુઈ? આહાહા! હમારા શિષ્ય હૈ, ઉસકો બરાબર પાલના ચાહિયે, ઐસા કરના ચાહિયે, ફલાણા કરના. ક્યા હુઆ તુજે? હમને ધર્મશાલા બનાયી હૈ, જિનેન્દ્ર ભગવાનકા મંદિર, સમવસરણ બનાયા. એ માટે મુનિ મહારાજ જોઈએ. વહ તો પરચીજ હૈ. પરચીજ મેરી હૈ ઐસી ચિંતા કૈસે ઘૂસ ગઈ તેરેમેં? યે મોહકી ચિંતા હૈ. આહાહા!

નવીન તીવ્રમોહ કૈસે ઉત્પન્ન હુઆ? એમ કહતે હૈં. તેરી ચીજ તો ભગવાન આનંદ-સ્વરૂપ હૈ. પુણ્યકા ભાવ, ભગવાનકી ભક્તિકા ભાવ ભી તેરેમેં નહીં, તેરા નહીં, (ફિર) કિસ ચીજકો તુજે અપની માનના હૈ? સમજમેં આયા? આહાહા! વીતરાગમાર્ગ દેખો! વીરોના માર્ગ છે. ........ એવું આવતું. તમારા લખે છેને ઓલા? સંદેશ. એમાં ગુરુવાણીમાં લેખ હતો. ભગવાનનો માર્ગ .... મહા પુરુષાર્થ છે. ...... એ તો જે રસ્તે ગયો છે એ પાછા ન ફરે એવો માર્ગ વીરોનો છે. સમજમેં આયા? એ કાયરના કામ નહીં અહીંયા. આહાહા!

**વે તીવ્ર વૈરાગ્યભાવસે ઘાસકે ઘરકો ભી છોડકર...** તારું ઘાસ જેવું ઘર તો તેં છોડ્યું વૈરાગ્યે, વળી અમારું મોટું ઘર, અમારા મકાન, આ અમારા મંદિર. ક્યા હુઆ તુજે? ... છોડીને .... બઢ ગયા તુજે. દીકરા છોડીને ચેલા મળ્યા, બાપ છોડીને ગુરુ મળ્યા, ઘર છોડીને મંદિર મળ્યા. ક્યા હુઆ તુજે? ....... કૈસે હો ગયા તુજે? ભગવાન! તુમ તો આનંદકંદ પ્રભુ હો ન. આહાહા! નવ તત્ત્વમેં પુણ્ય-પાપ તત્ત્વ ભી તેરેસે તો ભિન્ન હૈ, તો યે ચીજ તેરી કહાંસે આયી? એક સ્થિતિ હૈ ન ઐસી. આહાહા! **(ફિર) 'હમારા વહ અનુપમ ઘર!'...** અનુપમ એટલે બહોત અચ્છા. જુઓ! શ્વેતામ્બરમાં ચાર-ચાર લાખના મંદિર બનાવે. મંદિર શું, ઉપાશ્રય રહેવાના અમદાવાદમાં. પોતાનો માનીને...... આહાહા! ..... મિથ્યાદૃષ્ટિ પણ પાછા ભાવમાંથી...... દશા. આહાહા! આવી વાત બહુ આકરી વીતરાગમાર્ગની. આહાહા!

**ઐસા સ્મરણ કરતે હૈં!** અરે ભગવાન! તેરા સ્મરણ છોડકર, મૈં તો જ્ઞાન-આનંદ સ્વભાવી પ્રભુ હૂં ઐસા સ્મરણ છોડકર, યે સ્મરણ કહાંસે આયા? આહાહા! ૨૪૦ થયો.

આવશ્યક કહેતાં કહેતા, આ આવશ્યક નહીં એમ બતાવે છે ભાઈ! એ આવશ્યક કાર્ય નહીં. આહાહા! આવશ્યક તો ભગવાન આત્મા જ્ઞાનાનંદ સ્વસ્વરૂપ ઉસકી દૃષ્ટિ કરકે ઉસમેં લીન હોના, વહ સ્વહિતમેં .... આવશ્યક હૈ. આહાહા! વીતરાગમાર્ગકો સમજના મહા કઠિન બાત હૈ. સમજમેં આયા?

પુરુષાર્થસિદ્ધિમેં કહા ન. ભગવાન આત્મા રાગ ઔર શરીરસે સહિત નહીં, અસમાહિત હૈ. પુરુષાર્થસિદ્ધિ ઉપાય (ગાથા ૧૪), અમૃતચંદ્રાચાર્ય. રાગ શુભ-અશુભરાગ ઔર શરીરસે અસમાહિત હૈ. સહિત નહીં હૈ, જુદા હૈ. અપનેકો રાગ સહિત માનના, રાગ સહિત માનના, શુભરાગ સહિત અપનેકો માનના, વહ ભવકા બીજ હૈ. આહાહા! ચાર ગતિમેં રખડનેકા બીજડા હૈ. તો ફિર બાહરકી ચીજ મેરી હૈ... આહાહા! પોપટભાઈ! એવું કામ છે આકરું. કામ તો એવું જ હોયને. આવશ્યક–કરનેલાયક ક્રિયા છોડકર અનાવશ્યક્રિયા જો તેરી નહીં ઉસમેં કહાં ચોંટ ગયા? કૈસે રંગ લગ ગયા તુજે? એમ કહતે હૈં. નવીન મોહ તુજે ઉત્પન્ન હુઆ, એમ કહતે હૈં.

ધર્માત્માકો તો અપને સ્વરૂપમેં એકાગ્ર હોના વહ ક્રિયા હૈ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષકા માર્ગ, આતા હૈ કિ નહીં? તત્ત્વાર્થસૂત્ર. **सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः** સમકિત ક્યોં કહતે હૈં? અપના આનંદસ્વરૂપ સ્વચૈતન્ય ઉસકી પ્રતીતિ, અનુભવ કરના ઉસકા નામ સમ્યગ્દર્શન હૈ. સ્વકો અપના પૂર્ણ સ્વરૂપ માનના વહ સમ્યગ્દર્શન હૈ ઔર સ્વસ્વરૂપકા અંદર જ્ઞાન કરના આત્મજ્ઞાન વહ જ્ઞાન હૈ ઔર ઉસમેં લીન હોના વહ ચારિત્ર હૈ. આહાહા! આવો માર્ગ વીતરાગનો છે. જિનેશ્વર જિનેન્દ્રદેવ પરમાત્મા ઇન્દ્રોની સમક્ષ આ વાત કરતા હતા. ઓહોહો! ભગવાન કહતે હૈં, મેરા મંદિર (ઔર) મૈં તેરેસે તો ભિન્ન હૂં. આહાહા! મેરા તીર્થધામ તેરેસે તો ભિન્ન હૈ. જડ મેરા માનના, પીછે ઉસકે લિયે રુકના—દોનોં ગડબડ હૈ. આહાહા! દેખો! વીતરાગમાર્ગ. દિગંબર સંતોકા યે માર્ગ હૈ. દિગંબર સંત સિવા યે બાત ઐસી કહનેમેં આતી નહીં. આહાહા! (બીજાએ) ગડબડ કરી છે એમ કહે છે. આહાહા! ૨૪૧.

**कोपि क्वापि मुनिर्बभूव सुकृती काले कलावप्यलं**
**मिथ्यात्वादिकलंकपंकरहितः सद्धर्मरक्षामणिः।**
**सोऽयं संप्रति भूतले दिवि पुनर्देवैश्च संपूज्यते**
**मुक्तानेकपरिग्रहव्यतिकरः पापाटवीपावकः ॥२४१॥**

**શ્લોકાર્થ : કલિકાલમેં ભી કહીં કોઈ ભાગ્યશાલી જીવ...** ભલે ઐસા કલિકાલ હો, તો ભી કહીં કોઈ, ક્યાંક ને કોઈક ભાગ્યશાલી જીવ ધર્માત્મા **મિથ્યાત્વાદિરૂપ મલકીચડસે રહિત...** આહાહા! પહલે ઐસા સહિત બતાયા, અબ રહિત (કહા). પરદ્રવ્ય મેરા નહીં, પુણ્ય મેરા નહીં, મેરી ચીજ તો સચ્ચિદાનંદ પ્રભુ નિર્મલાનંદ આત્મા વહ મેરી ચીજ હૈ. ઐસે મિથ્યાત્વ પુણ્યસે રહિત, પર મેરા, રાગ મેરા ઐસે મિથ્યાત્વપંકસે રહિત, યૂં કહતે હૈં. સમજમેં આયા?

મહાધર્માત્મા કોઈ ઐસા મિથ્યાત્વ, અવ્રત આદિરૂપ મલકીચડસે રહિત **ઔર સદ્ધર્મરક્ષામણિ...** સદ્ધર્મકી રક્ષા કરનેવાલા મણિ. (**રક્ષામણિ = આપત્તિયોંસે અથવા પિચાશ આદિસે અપનેકો બચાનેકે લિયે પહેના જાનેવાલા મણિ**). આહાહા!

**સદ્ધર્મરક્ષામણિ ઐસા સમર્થ મુનિ હોતા હૈ.** આનું નામ ધર્માત્મા કહે છે. અપને આનંદ-સ્વભાવમેં રહકર, મિથ્યાત્વસે રહિત હોકર, અપને સ્વરૂપકી રક્ષા કરનેવાલા મુનિ હોતા હૈ, સદ્ધર્મરક્ષામણિ. આત્મા અકેલા આનંદસ્વરૂપ, રાગસે ભિન્ન ઔર મિથ્યાત્વસે રહિત અપની ચીજકો જિસને અનુભવમેં લિયા, ઐસા મુનિ સદ્ધર્મકા રક્ષામણિ હૈ. અપની વીતરાગી પરિણતિરૂપ ધર્મકા રક્ષામણિ હૈ. ઉસકી રક્ષા કરનેવાલા મણિ હૈ. આહાહા! ક્યા કહતે હૈં? આવશ્યકની ગાથાઓ છેને અંદર. પરની રક્ષા નહીં, પણ અપની રક્ષામેં મણિ હૈ એમ કહતે હૈં. આહાહા!

અપના શુદ્ધસ્વરૂપ ઉસકી દૃષ્ટિ કરકે, ઉસમેં સ્થિરતા હોકર, મિથ્યાત્વાદિ અસ્થિરતાકા જિસને ત્યાગ કિયા હૈ ઐસા જીવ, અપની શુદ્ધદશા વીતરાગી પરિણતિ ઉસકા રક્ષા કરનેવાલા વહ મુનિ હૈ.. મણિ હૈ. વહ મુનિ મણિ હૈ. અપને ધર્મકી રક્ષા કરતા હૈ એમ કહતે હૈં. કિસીકી રક્ષા કરતા હૈ ઐસા હૈ નહીં. આહાહા! વાહ રે વાહ! જુઓને! મુનિના શ્લોકો કેટલા સરસ! એનો જ પાઠ છે... કેટલી વાત કરી છે! પરદ્રવ્યનો આશ્રય છોડી, પરદ્રવ્યથી લાભ થાય એવી મિથ્યાત્વ પ્રકૃતિ છોડી, સ્વદ્રવ્યથી લાભ થાય છે એવી સમ્યગ્દર્શન (પ્રગટ) કરી, સ્વભાવમેં લીન અપની.. અપની ધર્મરક્ષામેં મુનિ હૈ. યે આવશ્યક હૈ. અપને સ્વભાવકી રક્ષા કરના વહ અપના કાર્ય હૈ. આહાહા! સમજમેં આયા?

બાહરમેં સમજાના આવે-ન આવે, દુનિયા ઉસસે સમજે-ન સમજે, ઉસકે સંપ્રદાયમેં સેંકડો સાધુ હો કિ ન હો, અકેલા હો—ઉસકે સાથ કોઈ સંબંધ નહીં, એમ કહતે હૈં. બહોત સાધુ બનાયે તો બહોત ધર્મી હુઆ—ઐસા નહીં. આહાહા! અપના ભગવાન આત્મા વીતરાગ-સ્વરૂપી પ્રભુ ઉસકા આશ્રય લેકર વીતરાગી પર્યાયકી રક્ષા કરતા હૈ વહ ધર્મકા મણિ હૈ, ધર્મકા રક્ષામણિ હૈ. આહાહા! આપત્તિ અથવા પિચાશ આદિસે બચાનેકો... હૈ ન. ઐસે રાગસે બચાનેકો યે મણિ હૈ. આહા! **ઐસા** સમર્થ... **સમર્થ મુનિ હોતા હૈ**.

**જિસને અનેક પરિગ્રહોંકે વિસ્તારકો છોડા હૈ...** અનેક પરિગ્રહ (અર્થાત્) વિકલ્પસે લેકર સબ. આહાહા! પર મેરા હૈ ઐસી માન્યતા સબ છોડ દી હૈ. આહાહા! **ઔર જો પાપરૂપી અટવીકો જલાનેવાલી અગ્નિ હૈ...** અંતર આનંદસ્વરૂપમેં રહનેવાલા, અપની રક્ષા કરનેવાલા ધર્માત્મા પાપરૂપી અટવી-વન જલાનેકો અગ્નિ હૈ. **ઐસા યહ મુનિ ઇસ કાલ ભૂતલમેં...** ઐસા ધર્માત્મા ભૂતલમેં પૂજનીક હોતા હૈ, **તથા દેવલોકમેં દેવોંસે ભી ભલીભાંતિ પૂજાતા હૈ.** આહાહા! ઉસકા નામ ધર્માત્મા, મોક્ષકા માર્ગ સાધનેવાલા કહનેમેં આતા હૈ. વહ અપને સ્વસ્વભાવકા આશ્રય કરે. પરકો અપના માને વહ સાધુ હૈ નહીં, એમ કહતે હૈં.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**માગશર સુદ-૫, રવિવાર, તા. ૧૦-૧૨-૧૯૭૨**
**શ્લોક-૨૪૨-૨૪૪, ગાથા-૧૪૪, પ્રવચન નં. ૧૭૦**

**तपस्या लोकेस्मिन्निखिलसुधियां प्राणदयिता**
**नमस्या सा योग्या शतमखशतस्यापि सततम् ।**
**परिप्राप्यैतां यः स्मरतिमिरसंसारजनितं**
**सुखं रेमे कश्चिद्बत कलिहतोऽसी जडमतिः ॥ २४२ ॥**

અહીંયા છ આવશ્યક એટલે સામાયિક પહેલી. સામાયિક કોને હોય છે? કે પહેલો આત્મા દર્શન–દૃષ્ટિમાં અને અનુભવમાં આવ્યો હોય. નિમિત્ત, રાગ અને પર્યાયબુદ્ધિ છોડીને વસ્તુસ્વરૂપ દૃષ્ટિમાં, અનુભવમાં આવ્યું હોય, તે જીવ સ્વરૂપમાં લીનતા કરે એને સામાયિક હોય છે. બીજાને સામાયિક હોતી નથી. જેને વસ્તુ શું છે એ દૃષ્ટિમાં, અનુભવમાં જ આવી નથી, જેમાં સ્થિર થવું છે, જેમાં લીનતા કરવી એ કેમ છે.... પ્રથમ અંતરમાં અતીન્દ્રિય આનંદનો મહાપ્રભુ આત્મા (ઉપાદેય કરી અને) પર્યાયબુદ્ધિ, રાગબુદ્ધિ અને નિમિત્તબુદ્ધિ છોડીને સ્વભાવબુદ્ધિનો અનુભવ નથી એને સામાયિક હોતી નથી. એ જયંતિભાઈ! આ સામાયિકની વાત ચાલે છે.

સામાયિકમાં છ આવશ્યક છેને. ચોવિસંથો–ચોવીસ તીર્થંકરની સ્તુતિ, એ પણ અંતર દૃષ્ટિ કરવાલાયક એવો આત્મા અંતરમાં દૃષ્ટિમાં નિર્વિકલ્પપણે આવે નહીં ત્યાં સુધી એ આત્માની સ્તુતિ કરી શકે નહીં. આત્માની સ્તુતિ કરે નહીં એ ચોવીસ તીર્થંકરની સ્તુતિ કરી શકે નહીં. સમજાણું કાંઈ? એમ વંદન. પોતાનો સ્વભાવ પૂર્ણ શુદ્ધ આનંદ એની અંતર્દૃષ્ટિ થઈને અનુભવ વિના એના ગુણગ્રામ–આત્માના ગુણગ્રામ સ્થિરતા કરી શકે નહીં. પરની વંદના એ તો શુભભાવ છે. દેવ-ગુરુ-શાસ્ત્રની વંદના કે તીર્થંકરની સ્તુતિ એ તો પુણ્યભાવ છે. એ ધર્મભાવ નહીં. ધર્મભાવ તો, આત્મા પૂર્ણ શુદ્ધ આનંદસ્વરૂપને જ્ઞેય બનાવીને, ધ્યેય બનાવીને જે ધ્યાનદશા પ્રગટ થાય, એમાં જે સ્થિરતા વિશેષ થાય એને અહીંયા છ આવશ્યક કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

તો કહે છે, **શ્લોકાર્થ : આ લોકમાં તપશ્ચર્યા...** એટલે આત્માની દૃષ્ટિ થઈ અનુભવ થઈને. ચારિત્ર એટલે સ્વરૂપની રમણતારૂપી મુનિપણું એ તપસ્યા, એનું નામ તપસ્યા છે. આત્મામાં અતીન્દ્રિય આનંદમાં કષાયનો અભાવ થઈ અને અકષાયભાવની–ચારિત્રની સ્વસંવેદનદશા વિશેષપણે થાય એને અહીંયા તપસ્યા કહે છે. એનું નામ તપસ્યા છે. આયંબિલ ને અપવાસ-બપવાસ કરે એ લાંઘણું છે, એ તપસ્યા નહીં. નિર્વિકલ્પ ચૈતન્યવસ્તુ અભેદદૃષ્ટિમાં

આવ્યા વિના એમાં લીનતારૂપી ચારિત્ર અથવા તપસ્યા અથવા મુનિપણું હોઈ શકે નહીં. સમજાય છે કાંઈ?

એ તપસ્યા જગતમાં **સમસ્ત સુબુદ્ધિઓને...** સુબુદ્ધિઓને... કુબુદ્ધિઓની શું વાત કરવી? **સમસ્ત સુબુદ્ધિઓને પ્રાણપ્યારી છે**... આત્મામાં અતીન્દ્રિય આનંદના ઉભરા જેમાં આવે, અતીન્દ્રિય આનંદની ઝલકું આવે અંદરમાં, અતીન્દ્રિય આનંદનું વેદન ઉગ્રપણે આવે, એને ભગવાન મુનિપણું, એને સામાયિક, એને ચોવિસંથો એને કહેવામાં આવે છે. એ સુબુદ્ધિઓને તો પ્રાણપ્યારી છે. ભગવાન આત્મા.. જેને મન ને વિકલ્પથી ભિન્ન પડીને, રાગથી ભિન્ન પડીને સ્વરૂપનું ભાન થયું છે એવા જીવનો સ્વરૂપમાં રમણતા એ તો સુબુદ્ધિઓને પ્રાણપ્યારી તપસ્યા છે. આ તપસ્યા હોં. આહાહા! સમજાણું કાંઈ?

આત્મા શું ચીજ છે એની દૃષ્ટિ, અનુભવ વિના, બધા અપવાસ અને મુનિપણું ધારણ કરે એ બધું ક્લેશ છે. મુનિપણું એ ક્લેશ છે. જ્યાં અંતર નિર્વિકલ્પ આનંદસ્વરૂપ આત્માનું ભાન નથી, એને ચારિત્ર કેવા? એને તપસ્યા કેવી? એને મુનિપણું કેવું? સમજાણું કાંઈ? એવી તપસ્યા આત્માના આનંદમાં, અતીન્દ્રિય આનંદનો લહાવો લેવાની દશા એ તો સુબુદ્ધિઓને પ્રાણપ્યારી છે. સમજાણું કાંઈ? એનું નામ ચારિત્ર છે, એનું નામ મુનિપણું, એનું નામ તપસ્યા છે. **તે યોગ્ય તપશ્ચર્યા સો ઇન્દ્રોને પણ...** ઓહો! આત્માના અતીન્દ્રિય આનંદની ઉગ્ર દશા આત્મામાં પ્રગટ થાય, એ તો યોગ્ય તપસ્યા છે, એ જ યોગ્ય તપસ્યા, મુનિપણું અને ચારિત્ર છે. સો ઇન્દ્રોને પણ **સતત વંદનીય છે.** સો ઇન્દ્રો... ચક્રવર્તી કે વાસુદેવ કે સિંહ—એ બધા ઇન્દ્રોને આ વહાલી છે..... સમજાણું કાંઈ?

**તેને પામીને...** અરે! સ્વરૂપની પ્રાપ્તિ થઈને આવી જેને દશા અંતર મળે, ભગવાન આત્મા આનંદમય છે એમ ભાન થઈને, જેને એ આનંદની દશા ઉગ્રપણે થઈને ચારિત્ર પ્રાપ્ત થાય, **તેને પામીને જે કોઈ**... .... સંસારના સુખની ઇચ્છામાં રમે એ તો ભ્રષ્ટ છે કહે છે. સમજાય છે કાંઈ? શરીરમાં સુખ છે, પૈસામાં સુખ છે, આબરૂમાં સુખ છે, અરે! અંદર પુણ્યભાવ થાય એમાં સુખ છે એવા (માન્યતાવાળા) **જે કોઈ જીવ કામાન્ધકારયુક્ત સંસારથી જનિત સુખમાં રમે છે, તે જડમતિ** છે. આહાહા! એ જડબુદ્ધિ છે. ભગવાન આત્માનો આનંદ એને છોડીને આવા વિષયોમાં સુખબુદ્ધિ ઉત્પન્ન થાય, અનુકૂળતા દેખીને પ્રસન્નતા થાય એ બધા જડબુદ્ધિ છે. સમજાય છે કાંઈ? માન, આબરૂ, શરીર સુંદર, બહારની અનુકૂળતા...... અરે! એમાં જેની બુદ્ધિ પ્રિયપણે ઉત્પન્ન થાય છે એ જડબુદ્ધિ છે. ભગવાન આત્માના આનંદને મૂકીને આવા સુખની બુદ્ધિની વૃત્તિઓ થાય એ જડ છે.

**અરેરે!... તે જડમતિ અરેરે**!... એમ કહે છે. પોતાનો આનંદસ્વભાવ, ચારિત્રની રમણતા, વીતરાગીદશા, અતીન્દ્રિય આનંદના જ્યાં લ્હાવા લેવાની દશા છે એ ચારિત્રદશા છે. એમાં

રાગની પ્રિતીવાળા જીવો જડબુદ્ધિ જે પરમાં સુખની ઇચ્છા કરે છે, અરે! **કળિથી હણાયેલો છે (– કળિકાળથી ઇજા પામેલો છે).** કળિકાળથી જેના જ્ઞાન હણાઈ ગયા છે. આહાહા! પર શરીર, વાણી, મન, આબરૂ, કીર્તિ, પૈસા, સ્વર્ગ, પાપ ને પુણ્યના ભાવ એમાં જેની સુખબુદ્ધિ, હિતબુદ્ધિ છે, અરેરે! એ પ્રાણી હણાઈ ગયા છે બિચારા, એમ કહે છે. એ જડબુદ્ધિ છે. ચૈતન્યના અમૃતના સ્વાદને છોડી અને જગતના સ્વાદિયા, રાગના સ્વાદિયા એ જડબુદ્ધિ છે. આહાહા! મૂઢ છે, મિથ્યાદૃષ્ટિ સંસારમાં રઝળનારા છે.

અતીન્દ્રિય આનંદનો નાથ ભગવાન પોતે, એના આનંદના પ્રેમને છોડી અને જગતના સુખમાં અથવા સુખના કારણોમાં, સુખના કારણ પુણ્ય ને પુણ્યભાવમાં જેની મતિ છે, એમાં જેની પ્રસન્નતા છે. અરેરે! જડબુદ્ધિ કળિકાળથી હણાઈ ગયેલા છે. સમજાય છે કાંઈ? ભારે કામ ભાઈ! એ જયંતિભાઈ! આવું સ્વરૂપ છે. આહાહા! એ ૨૪૨ની વાત થઈ.

ચારિત્ર તો, અતીન્દ્રિય આનંદમાં રમણતા એ ચારિત્ર છે. ચારિત્ર કોઈ બહારની ક્રિયા ને લૂગડાં-લતા કે પંચમહાવ્રતનો વિકલ્પ ઉઠે, એ તો રાગ છે. એવા રાગમાં જેનો પ્રેમ છે અને આનંદસ્વભાવનો પ્રેમ જેણે છોડ્યો છે, જડબુદ્ધિ છે. ભલે સાધુ હો, નગ્ન હો, હજારો સ્ત્રીઓ છોડીને બેઠો હો, પણ જેને અંદરમાં રાગના ભાવમાં પ્રેમ છે, પુણ્યનો ભાવ—દયા, દાન, વ્રતના ભાવમાં પ્રેમ છે એ આત્માના સ્વભાવથી હણાયેલા છે. ભારે આકરૂં. દુનિયાએ ચારિત્ર શું એ સાંભળ્યું નથી. આ લૂગડાં ફેરવ્યા ને થઈ ગયા સાધુ. ધૂળમાંય નથી, સાંભળને! આહાહા!

અહીં તો કહે છે, આત્માના આનંદની પરિણતિ દશા એવી ચારિત્રદશા એ તો સુબુદ્ધિઓને પ્રાણપ્યારી છે. પ્રાણ જેવી પ્યારી છે. ચૈતન્યના આનંદના ભાવપ્રાણ એની પ્યારી થઈ. આહાહા! અને સો ઇન્દ્રોને પણ ચારિત્રની યોગદશા અંતર રમણતા વંદનીય છે. સમજાણું કાંઈ? ચારિત્રના ભાવ કેવા એ જેને સમજવામાં નથી અને આ સાધુ થઈને બેઠા, આહાહા! કહે છે કે મૂઢજીવ જડબુદ્ધિ છે. આકરી ગાથા છે. ૨૪૩.

**अन्यवशः संसारी मुनिवेषधरोपि दुःखभाङ्नित्यम् ।**
**स्ववशो जीवन्मुक्तः किंचिन्न्यूनो जिनेश्वरादेषः ॥२४३॥**

**શ્લોકાર્થ : જે જીવ અન્યવશ છે...** આહાહા! વીતરાગની વાણી તો જુઓ! જે કોઈ આત્મા, એ દયા, દાન, વ્રત, ભક્તિના શુભ પરિણામ એને તાબે થયો છે એ મૂઢ છે, અન્યવશ છે. ભગવાન આનંદનો નાથ નિર્વિકલ્પ પરમાનંદસ્વરૂપ એને એ વશ નથી, એની એને ખબરું નથી અને જે રાગની ક્રિયા, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા કે મહાવ્રતના રાગના પ્રેમમાં પડ્યો એ પરવશ છે. ગુણુભાઈ! ભારે કામ બાપા! વીતરાગમાર્ગ. આહાહા! **જે જીવ અન્યવશ છે...** પ્રભુ આનંદની મૂર્તિ નાથ એના વશ થયો નથી, એનું જેને ભાનેય નથી અને એકલા ક્રિયાકાંડના રાગના પ્રેમમાં ફસાયેલો છે એ અન્યવશ છે, પરાધીન છે.

**તે ભલે મુનિવેશધારી હોય...** મુનિનો વેશ લીધો હોય નગ્નપણું... નગ્નપણું એ મુનિનો વેશ છે, વસ્ત્રપણું એ મુનિનો વેષ નથી, એ તો કુલિંગ છે. સમજાણું કાંઈ? એવી વાત છે બધી. વસ્ત્રપણું એ તો કુલિંગ છે, એ તો જૈનનો વેષ જ નથી. વીતરાગમાર્ગનો એ વ્યવહારે પણ વેશ નથી. જેને નગ્નપણું–દિગંબરપણું મુનિવેશ ધારણ કર્યો, તોપણ રાગ ને પુણ્ય પરિણામમાં વશ થયો છે એ સંસારી છે. સુજાનમલજી! આહાહા! આવી વાત છે. પોતાનો સ્વભાવ અવિનાશી આનંદ ને અવિનાશી જ્ઞાન, જ્ઞાનનો ઢગલો, આનંદનો ઢગલો આત્મા છે, એની જેને દૃષ્ટિ થઈ નથી, એનું જેને જ્ઞાન નથી, એને જે વશ થયો નથી, રાગને વશ વર્તનારો સાધુ મુનિવેશધારી હોય તોય સંસારી છે. નગ્નમુનિપણું લીધું હોય, હજારો રાણીઓ છોડી હોય, દુકાનના ધંધા મૂક્યા હોય તોય એ મૂઢ જીવ સંસારી છે. સમજાણું કાંઈ?

રાગ વિનાનો ભગવાન આત્મા પુણ્ય ને પાપના વિકલ્પ વિનાની ચીજ, એની જેને ખબરું નથી, એની જેણે સંભાળ લીધી નથી, એ શું છે એની સામું જેણે જોયું નથી, આહાહા! એવા આત્માના વિરહવાળા, એને ભગવાન આત્માનો વિરહ છે અંદરમાં અને રાગની ક્રિયાનો એને પ્રેમ છે. આહાહા! સમજાણું કાંઈ? માર્ગ ભગવાનનો બીજો છે ભાઈ! વીતરાગદેવ તીર્થંકર પરમેશ્વર અરિહંતદેવ ત્રિલોકનાથે કહ્યો એ ધર્મ—સમકિત ને ચારિત્રના અંશો જુદી જાતના છે. દુનિયા કલ્પીને માની બેઠા હોય એ માર્ગ નથી. આહાહા! સમજાણું કાંઈ?

અરે! ભગવાન આનંદમૂર્તિ પ્રભુ નિર્વિકલ્પ વીતરાગસ્વરૂપ છે, અરે! એ જેને દૃષ્ટિમાં આવ્યો નથી, લીનતા એમાં થઈ નથી અને એકલી ક્રિયાકાંડ રાગની ક્રિયા એના પ્રેમમાં પડ્યો છે, અન્યવશ છે. એ **મુનિવેશધારી હોય તોપણ સંસારી છે, નિત્યનો દુઃખનો ભોગવનાર છે**... આહાહા! ગજબ વાત કહે છે. કહે છે કે ભલે એ પાંચ મહાવ્રતના વિકલ્પના પરિણામ કરતો હોય, પણ એ દુઃખનો ભોગવનાર દુઃખી પ્રાણી છે. સમજાણું કાંઈ? ચાંદમલજી! આવી વાતું છે. આહાહા! ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ એનો તે જેણે અંતરમાં સ્વાદ આવ્યો નથી, આનંદનો સ્વાદ આવ્યો નથી, અતીન્દ્રિય આનંદની લહેજત શું છે એની ખબરું નથી એવા પ્રાણી, કહે છે, ભલે પંચમહાવ્રત, ૨૮ મૂળગુણ પાળતા હોય, દુઃખના ભોગવનારા છે. આહાહા! રામજીભાઈ બહુ માર્ગ જુદો હોં. દુનિયા બિચારા ક્યાંક માનીને બેઠા છે. આહાહા!

વીતરાગનો માર્ગ તીર્થંકર કેવળીએ કહેલો, એ તો આત્મા અતીન્દ્રિય આનંદ ને અતીન્દ્રિય જ્ઞાનની મૂર્તિ એના પ્રેમમાં લીનતા કરનારો જીવ એને અહીંયા ચારિત્ર ને મુનિ કહેવામાં આવે છે. લીનતા ન હોય ને સ્વરૂપનું ભાન હોય તો એને સમ્યગ્દૃષ્ટિ કહેવામાં આવે છે. પણ એ દૃષ્ટિ પણ નથી ને લીનતા પણ નથી, આહાહા! એ એકલા રાગના વશ પડેલા પંચમહાવ્રત, સમિતિ, ગુપ્તિ ને ક્રિયાકાંડનો રાગ—એ રાગને વશ પડેલા પરવશ છે, સંસારી છે. કહો, પોપટભાઈ! શું સમજવું આમાં? ભારે આ માર્ગ.

**નિત્ય દુઃખનો ભોગવનાર છે...** આહાહા! આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપની સમ્યક્ દૃષ્ટિ છે નહિ અને એકલા રાગની ક્રિયાઓ, મહાવ્રત આદિના પરિણામની ક્રિયા એ તો દુઃખમય છે, રાગ છે એ તો. પંડિતજી! આહાહા! દુનિયાને જેને ચારિત્ર કહે છે એને ભગવાન દુઃખ કહે છે. આહાહા! ક્યાંય મેળ ખાય એવો નથી ભગવાન સાથે. .... ક્યાં એની એને ખબરું નથી. આહાહા! કહો, સમજાણું કાંઈ? **જે જીવ સ્વવશ છે...** હવે સવળી વાત લ્યે છે. જે જીવ સ્વ આનંદ ભગવાનને વશ પડ્યો છે, અંદર અતીન્દ્રિય આનંદ ને જ્ઞાનસ્વભાવ વસ્તુ એની દૃષ્ટિમાં પડ્યો છે, એ સ્વવશ છે. એ પુણ્ય ને પાપના રાગને વશ થતો નથી. એણે આત્માના આનંદનો અનુભવ કર્યો છે, અતીન્દ્રિય આનંદના સ્વાદમાં પ્રચૂર સ્વસંવેદન–આનંદનું વેદન ઘણું વધી ગયું છે. એ જીવ સ્વવશ છે અને **તે જીવન્મુક્ત છે...** આયુષ્ય દેહનું હોવા છતાં અંતર તો મુક્ત છે. આહાહા! ભારે વાત આકરી. ઓલો સંસારી છે ત્યારે આ જીવનમુક્ત છે, એમ કીધું સામસામે ભાઈ! આહાહા!

**જિનેશ્વરથી કિંચિત્ ન્યૂન છે...** ત્રિલોકનાથ અરિહંત પરમાત્મા તીર્થંકરદેવ કેવળજ્ઞાની પરમાત્માથી થોડું ઊણું છે એમનું. કેમકે હજી પૂર્ણ વીતરાગ થયો નથી, પણ છે એ જિનેશ્વર અંતરદશા, અતીન્દ્રિય આનંદમાં કલ્લોલ કરતો, એ વીતરાગની સમીપે વીતરાગપણું પ્રગટ થવા સમીપ છે હવે. સમજાણું કાંઈ? માળે આવી વાતું ભારે આકરી. આહાહા! **જિનેશ્વરથી કિંચિત્ ન્યૂન છે (અર્થાત્ તેનામાં જિનેશ્વરદેવ કરતાં જરાક જ ઊણપ છે).** કેવળજ્ઞાન ને પૂર્ણ વીતરાગતા નથી, પણ જેણે આત્માના આનંદને વશ થઈ અને એને તાબે થઈ, અતીન્દ્રિય પ્રગટ થઈ અંતર ઉભરા લાવ્યા છે. દરિયાને કાંઠે જેમ ભરતી આવે, એમ આત્માની પર્યાયને કાંઠે જેણે આનંદના ઉછાળા માર્યા છે. સમજાણું કાંઈ? દરિયામાં ભરતી આવતા જેમ મોજાં–હિલોળા ઉઠે અંદરથી, એમ ધર્મીને અંતરમાં આનંદના હિલોળા પર્યાયને કાંઠે આવે છે. આહાહા! શું હશે આ ભીખાભાઈ? આહાહા!

આનંદની દશામાં રમતો ચારિત્રવંત એટલે ઉગ્ર જેની દશા વીતરાગી થઈ છે, એમ કહે છે. એ જિનેશ્વરથી કાંઈક–થોડો ઊણો છે. એને મુનિ અને એને ચારિત્ર કહીએ. હજી તો ખબરું ન મળે, ચારિત્ર કોને કહેવાય? આ ક્રિયા કરે ને બાવો–સાધુ થયો, લૂગડાં છોડી સાધુ. ધૂળેય નથી સાધુ, સાંભળને! એય! જેણે દૃષ્ટિ ફેરવી નથી, રાગ, નિમિત્ત ને પર્યાય ઉપર બુદ્ધિ છે એ તો સંસારી જીવ છે. સમજાણું કાંઈ? આહાહા! એ કંઈક ઊણો ફેર છે. આગળ તો કહેશે કે ફેર માનવો એ જડબુદ્ધિ છે એમ કહેશે. ૨૪૪.

**अत एवं भाति नित्यं स्ववशो जिननाथमार्गमुनिवर्गे।**
**अन्यवशो भात्येवं भृत्यप्रकरेषु राजवल्लभवत्॥२४४॥**

**શ્લોકાર્થ : આમ હોવાથી જ જિનનાથના માર્ગને વિષે...** જિનનાથના વીતરાગમાર્ગને વિષે... આહા! ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર અરિહંતના માર્ગને વિષે **મુનિવર્ગમાં સ્વવશ મુનિ સદા શોભે છે...** આહાહા! જુઓને! મુનિના ટોળામાં, જેણે આત્માના આનંદને વશ થઈને અતીન્દ્રિય આનંદ અનુભવ કર્યો છે, જે પુણ્ય ને પાપના વિકલ્પને વશ થતો નથી. આહાહા! એ આત્મા આનંદનું ધામ તેને વશ ને તાબે થયો છે, રાગને તાબે થયો નથી. એ મુનિના ટોળામાં સ્વવશ મુનિ પોતાના અનાકુળ આનંદની દશામાં રમતો સ્વવશ સદા શોભે છે, એ શોભે છે. આહાહા! પંચમહાવ્રતાદિ વિકલ્પના રાગમાં રમતો એ મુનિ નહીં, એ સંસારી છે, એમ કહે છે. આહાહા! પહેલો અશુભરાગ હતો પછી આ શુભરાગ આવ્યો. જાત તો એકની એક છે બંધની. રાગની રમતુંમાં રમનારો સંસારી છે અને આત્માના આનંદમાં રમનારો તે જીવનમુક્ત છે.

એની (-આત્માની) સમીપે ગયો નથી, એનાથી દૂર-દૂર ભાગે છે એવો જે **અન્યવશ મુનિ...** આહાહા! રાગના પરિણામની ક્રિયામાં વશ થઈ ગયેલો છે, વીતરાગી આત્માને વશ થવું જેને રુચતું નથી. આહાહા! **નોકરના સમૂહોમાં રાજવલ્લભ નોકર સમાન શોભે છે...** ખુશામતિયો હોય છેને. **(અર્થાત્ જેમ આવડત વિનાનો, ખુશામતિયો નોકર શોભતો નથી તેમ અન્યવશ મુનિ શોભતો નથી).** આહાહા! આ મૂર્ખના જામ બધા શેઠિયા પૈસાવાળા. સમજાય છે? એય! એવા હોયને. ...ભાઈ! રાજા એવા હોય કેટલાક. એક ..... હતોને? દિગ્વિજય નહીં, કેવા? રણજિતસિંહ, જામનગર. એક જણો ... એ એના વખાણ કરે. માછલા મારવાનું કાંઈક ગોઠવી... કાંઈક હતું કાંઈક. ગુલાબરાય કહેતા હતા.

એ વખાણ કરે, ઓહો! બહુ આપ તો રાજા, પણ આપની દયા ને આપની આ..... કેવી? મારતો હતો કુંજરાને. એવા કુંજરાને મારે. બ્રાહ્મણ હતો એક બિચારો.... કુંજરા મારવા નીકળ્યો. કુંજરા માર્યા. તે બ્રાહ્મણ કહે, અરે રાજા! અમે અહીં બ્રાહ્મણ છીએ અને તમે આ શું મારો છો? પોલીસને કહ્યું, ઉપડાવો કુંજરા એની પાસે. કુંજરા નહીં? કુંજરા..... ઓલો આમ બોલ્યો તો પોલીસને હુકમ કર્યો કે મરેલા મડદા ઉપડાવો, નખાવો મોટરમાં. એનાય વખાણ કરે પાછો. ....... હમણાં તો આમ છે ને તેમ છે..... ........ જામનગરમાં. ગોરધનભાઈ. આપણે ગોરધનભાઈ હતાને. લાંબા હતા... રાજાના વખાણ કરતા. આપ તો આમ.. આપ તો આમ.. માળા! આવા માખણ?

કહે છે, જેને આત્મા આનંદનો નાથ અનુભવમાં આવ્યો નથી અને તેથી રાગની ક્રિયામાં રમનારાઓના ખુશામતિયા વખાણ કરે છે. ઓહો! આપે તો છતી બાયડી છોડી, છોકરા છોડ્યા, ચાલતા ધંધા પચાસ-પચાસ લાખની પેદાશું છોડી. શું છોડ્યું? સાંભળને! એય! 'છતી ૠદ્ધિના ત્યાગી' લખે છેને, ઓલા સંવત્સરીમાં (કાગળ) લખે ત્યારે લખે છે. લખે મોટા પૂંછડાં લાંબા. છતી ૠદ્ધિના ત્યાગી, છકાયના પિયર, છકાયના ગોવાળ. પણ જેને હજી આત્મા

વિકલ્પ ને રાગ ને મન વિનાની ચીજ છે એવું તો દૃષ્ટિમાં આવ્યું નથી, અનુભવ નથી, શેનો એ છ કાયની રખેવાળ થયો? ક્યાંથી થયો? પોતાનો રખેવાળ થયો નથી હજી. આહાહા! રાગ ને પુણ્યથી પોતાને ભિન્ન પાડીને પોતાની રક્ષા કરે એ પોતાનો રક્ષક છે. સમજાણું કાંઈ? પોતાની રક્ષા કરતા આવડતું નથી ને છ કાયના ગોવાળ થઈ ગયા એ બધા. વીરચંદભાઈ! લખે છે કે નહીં ઓલામાં-સંવત્સરીમાં? કાંઈક લખે છે કાગળ લાંબા.. લાંબા. આહાહા!

કહે છે કે અન્યવશ મુનિ તો નોકરના સમૂહમાં... ઓલું 'મુનિવર્ગના સમૂહમાં' હતું. **રાજવલ્લભ નોકર સમાન**... આવડત વિનાનો ખુશામતિયો નોકર. ખુશામત કરતા આવડે, બીજું ભાન ન મળે કાંઈ. **તેમ અન્યવશ મુનિ શોભતો નથી**. આહાહા! જેને આત્માના અતીન્દ્રિય આનંદના સ્વાદ આવ્યા નથી, જેને અતીન્દ્રિય આનંદનું વેદન આવ્યું નથી અને એકલા રાગના વેદનમાં પડ્યો સાધુપણું માને છે અને એના વખાણ (કરે), એ પોતે સાધુ સાચા મુનિના ટોળામાં શોભતો નથી. આહાહા! સમજાણું કાંઈ? વીતરાગમાર્ગ અલૌકિક છે ભાઈ! જગતની સાથે મેળવાય એવું નથી. સર્વજ્ઞ ત્રિલોકનાથ તીર્થંકરદેવ એમણે કહેલો... અહીં કહ્યુંને, **જિનનાથના માર્ગને વિષે**... રાગરહિત આત્માનો જે ધર્મસ્વભાવ એવો જિનનાથનો માર્ગ, એમાં મુનિવર્ગમાં... રાગને વશ થયેલા શોભતા નથી. સમજાણું કાંઈ? આત્માનું ભાન ન મળે....

ખુશામતિયો કીધો છે હોં. ખુશામતી.... બીજું આવડત-બાવડત કાંઈ નહીં. એમ હતુંને. ભાઈ પારસી હતાને પારસી. મહેરબાન, જામનગર. માણસ જરી નીતિવાળા માણસ. એનો પગાર હતો હજારનો કાંઈક. દરબારે બસો વધારી દીધા, બારસો. ..... શેના બારસો કર્યા? દિવાન કહે છે, દરબારે શું કરવા વધાર્યા? કેમ વધાર્યા? તમારું રાજનું કોઈ કામ આવે તો સિફારીશ કરીને છોડું એમ નથી. આહાહા! હું તો જે રીતે હશે એ રીતે કરીશ. બારસો કાઢી નાખો. એય! હજાર રૂપિયા જે છે એ રાખો, વધારે નહીં. કારણ વધારો કરવાનો તમારો હેતુ બીજો હોય. રાજના કામ આવી પડે...... ડોક્ટર આવે છે પ્રાણજીવન છેને. ....... ૩૮ વર્ષ થયા. વૈશાખ સુદ .... સમજાણું કાંઈ? માગશર વદ ૧૦ ને બુધવાર હતો. ......... ૩૮ વર્ષ થયા, અહીં આવ્યે ૩૮. ફાગણ વદ ત્રીજે થાશે. ૩૯મું બેસશે. ત્યારે ઓલાએ કીધું, ૨૦૦ વધારે દઉં છું. શું કરવા? કારણ?

એમ આપણે વિદ્વાન-પંડિત નહીં? ગોપાલદાસ. ગોપાલદાસ બરૈયા દિગંબર પંડિત હતા. કો'કે એના નામનો ધંધો કર્યો. નીતિવાળા બહુ. ધંધો કરીને કાંઈ દસ હજાર પેદા થયા. એને નામે લખ્યા નોકરે. ચોપડામાં જોતા (કહ્યું), કોણે લખ્યું આ? મારે નામે દસ હજાર લખ્યા કોણે? કોણે ધંધો કર્યો? મેં તો ધંધો કર્યો નથી. ...... બે હજાર........ તમારે એમ કહેવું જોઈએને, એના પુણ્ય નથી. તમારે સાંભળવામાં ... નથી. .... હતું એમ કહેવું હતુંને તમારે. ગોપાલદાસ

પંડિતજીના પુણ્ય નહીં, એમ કહેવું હતુંને તમારે. કાઢી નાખ. દસ હજાર પછી કાઢી નાખ્યા. એ પંડિત એવા હતા.

ટિકીટ લેવા ગયા ટિકીટ. છોકરો હતો એનો (બાર વર્ષથી) એક દિવસ વધેલો. અડધી ટિકીટ જોઈએને અડધી ટિકીટ. અડધી ટિકીટથી એક દિ' વધેલો (તેથી) આખી ટિકીટ (જોઈએ). માસ્તર કહે, અડધી લ્યો અડધી. કે નહીં, એક દિવસ વધ્યો છે. એક ટિકીટ આખી જોઈએ, અડધી નહીં. અમે અનીતિમાં ચાલતા નથી. અહીં તો ઠેકાણા ન મળે નીતિના. ૫૦-૫૦, સો રૂપિયા મળતા હોય તો જૂઠું બોલે. હજી નીતિના ઠેકાણા ન મળે એને ધર્મ ક્યાંથી હોય? વિદ્વાન હતો. ઇન્કાર કર્યો. કાઢી નાખ, શેઠને કીધું, દસ હજાર કાઢી નાખ. આવા શેઠની નોકરી છોડી દીધી, છોડી દીધી. આવા શેઠની નોકરી કરું? એય! આવા શેઠની નોકરી કરે... હિંમત તો ... બતાવવી છેને. આહાહા!

આ ખુશામતિયાની વાત કહે છે. રાગમાં રમતું કરનારા, જેને આત્માના ધર્મની ખબરું ન મળે, નિર્વિકલ્પ આનંદનો નાથ જેને નજરમાં આવ્યો નથી અને એકલી ક્રિયાકાંડમાં પડ્યા છે, એ તો સારા સાધુના વર્ગમાં ખુશામતિયા નોકર જેવા છે. આહાહા! (ગાથા) ૧૪૪. શુભ.. શુભ(ની વાત છે). ઓલી અશુભની (હતી).

**जो चरदि संजदो खलु सुहभावे सो हवेइ अण्णवसो ।**
**तम्हा तस्स दु कम्मं आवासयलक्खणं ण हवे ॥ १४४ ॥**
**સંયત રહી શુભમાં ચરે, તે શ્રમણ છે વશ અન્યને;**
**તે કારણે આવશ્યકાત્મક કર્મ છે નહિ તેહને. ૧૪૪.**

આહાહા! આ ગાથા... જેટલી શુભક્રિયાકાંડ છે એ બધાને વશ થયેલો પ્રાણી મિથ્યાદૃષ્ટિ, મૂઢ છે એમ બતાવે છે. શુભભાવ હોં. મહાવ્રતના પરિણામ, અપવાસના પરિણામ, ચોવિહારના પરિણામ, દયા-દાનનો ભાવ, ભગવાનની સ્તુતિના ભાવ—એ બધો રાગ શુભભાવ છે. એ રાગને વશે પડેલા પ્રાણી મિથ્યાદૃષ્ટિ છે.

**ટીકા : અહીં પણ (આ ગાથામાં પણ), અન્યવશ એવા અશુદ્ધ-અંતરાત્મજીવનું લક્ષણ કહ્યું છે.** એ મિથ્યાદૃષ્ટિ જીવનું લક્ષણ. જે સાધુ, દૃષ્ટિ તો પહેલી હોય, એ પછીની આ વાત છે. છતાં જેને દૃષ્ટિનું પણ ભાન નથી, આચરણ એકલા રાગનું કરે, એ મિથ્યાદૃષ્ટિ છે એમ બતાવવું છે. સમજાણું કાંઈ? **જે (શ્રમણ) ખરેખર જિનેન્દ્રના વદનારવિંદમાંથી નીકળેલા...** ત્રિલોકનાથ તીર્થંકર પરમેશ્વર એનું વદન નામ મુખરૂપી અરવિંદ... મુખરૂપી કમળથી નીકળેલી વાણી... નીકળેલા **પરમ-આચારશાસ્ત્રના ક્રમથી (રીતથી) સદા સંયત રહેતો થકો...** વ્યવહાર, આહાહા! વીતરાગના મુખથી નીકળેલો વ્યવહાર. આહાહા! અજ્ઞાનીની વાત તો નહીં.

**જિનેન્દ્રના વદનારવિંદથી નીકળેલા પરમ-આચારશાસ્ત્રના ક્રમથી સદા સંયત રહેતો...** શુભભાવમાં રહેતો... ભગવાનની આજ્ઞા વ્યવહારની છે એવો શુભ ઉપયોગમાં રહે, તો એ મૂઢ છે. શુભોપયોગ તો રાગ છે. જગતને ધર્મ મનાવવો છે અને અહીં ભગવાન કહે, ..... આહાહા! અહીં તો જિનેન્દ્રના મુખકમળથી નીકળેલા પરમ-આચાર શાસ્ત્ર વ્યવહાર હોં, એના ક્રમથી સદા સંયત રહેતો થકો **શુભોપયોગમાં ચરે—પ્રવર્તે છે...** શુભપરિણામ, શુભભાવ, પાપભાવ છોડી પુણ્યભાવમાં–શુભમાં વર્તે છે એ પણ મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. આહાહા! સુજાનમલજી! ઉભા રહેવાનું આત્મામાં. આહાહા!

વિશ્રામસ્થાન ભગવાન મહાપ્રભુ પડ્યો છેને. વીતરાગમૂર્તિ નિર્વિકલ્પ સહજાનંદનો નાથ પડ્યો છે જેમાં રાગની ગંધ નથી, જેને મનનો સંગ નથી. આહાહા! એવું ચૈતન્ય ભગવાન તત્ત્વ એમાં જા, એમાં ઠર તો ધર્મ થાય. બાકી ધર્મ-બર્મ છે નહીં. આહાહા! આવી વાત છે ભગવાન! અશુભમાં .. ખોટો કે શુભમાં ખોટો..? .... એના વિચારને વિશેષતા આપી. આહાહા! નિયમસાર તો નિયમસાર છે. આહાહા! પાછું શું કહ્યું? વીતરાગના મુખથી નીકળેલું વ્યવહાર આચારશાસ્ત્રનું કથન, એમ. એમાં જિનેશ્વર લીધા, બીજાની વાત નહીં.

એમણે કહેલો જે વ્યવહાર, એમાં અશુભથી સંયત થઈ શુભમાં આવે છે, એ **વ્યાવહારિક ધર્મધ્યાનમાં પરિણત રહે છે...** વ્યવહાર એટલે શુભરાગ, શુભ-ઉપયોગ. શુભભાવમાં એ પરિણમેલો રહે છે એને આત્માનું પરિણમન છે નહીં. આહાહા! સમજાણું કાંઈ? ઓહોહો! આકરી વાત લોકોને લાગે. ઓલા બાહ્ય .... એના સાધુ છે ને તારી દેશે. ઓલા માનનારા એના જેવા હોય, મળી રહે સરખે-સરખા. ભગવાન વીતરાગમાર્ગ પ્રભુ.... શાસ્ત્રમાં વીતરાગે વ્યવહાર આચારશાસ્ત્રની જે વાતું કરી એ તો જાણવાલાયક ચીજ છે અને જાણવા માટે કહી છે. એને ઠેકાણે એમાં પ્રવતર્ન કરનારો, એકલો પ્રવર્તન એમાં કરે છે એ પરવશ–પરાધીન સાધુ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા! સમજાણું કાંઈ? બંધમાં એમ આવે છે, નહીં? જિનવર કહેલા વ્રત અભવિ પાળે છે... આહાહા! પંચમહાવ્રતના ભાવ શુભ છે એમાં જે પ્રવર્તે છે, પાછું પ્રવર્તે છે ને પરિણમે છે. એનું પરિણમન શુદ્ધ નથી. સમજાણું કાંઈ?

**ધર્મધ્યાનમાં પરિણત રહે છે**. વ્યવહારિક ધર્મધ્યાન ભગવાનનું સ્મરણ જાપ વિગેરે. **તેથી જ ચરણકરણપ્રધાન છે...** શુભ આચરણના પરિણામ તેને મુખ્ય છે. શુભભાવ જ જેને મુખ્ય છે. આત્મા મુખ્ય છે એ તો એકકોર પડ્યો રહ્યો. ક્રિયાકાંડના પરિણામ મુખ્ય થઈ ગયા એને. એ શુભભાવ છે, પુણ્યભાવ છે, એ રાગભાવ છે, એ બંધનનો ભાવ છે. એમાં જે પરિણમે છે એ પરવશ છે. આહાહા! આટલું બિચારો કરે તોય કહે, ...... બાયડી-છોકરા છોડ્યા હોય, દુકાન છોડી હોય. એ ...ભાઈ! કે દિ' બાયડી-છોકરા તારા હતા? એ તો પરવસ્તુ હતી. પર ક્યાં તારામાં ગરી ગઈ? પરદ્રવ્ય જગતની ચીજ છે. તારી બાયડી ક્યાં થઈ ગઈ? દુકાન ક્યાંથી તારી

થઈ ગઈ? દુકાન તો જડ, પર છે. સમજાણું કાંઈ? એના પ્રત્યેનો જરી અશુભરાગ છોડીને આવ્યો બિચારો શુભરાગમાં, તોય કહે છે કે તું મૂઢ છો. રાગ સ્વરૂપ એ આત્માનું સ્વરૂપ જ નથી. શુભ ને અશુભ પરિણામ બેય વીતરાગ સ્વરૂપથી વિરુદ્ધભાવ છે. આહાહા! સમજાણું કાંઈ?

**સ્વાધ્યાયકાળને અવલોકતો થકો...** બરાબર ટાઈમ થાય છ પહોરની ત્યારે સ્વાધ્યાય કરવી, .... દુકાને પડી હોય વળી સ્વાધ્યાય કરવી, વળી વિચાર કરવો, ..... એવા સ્વાધ્યાયને અવલોકે.... (સ્વાધ્યાયયોગ્ય કાળનું ધ્યાન રાખીને) **સ્વાધ્યાયક્રિયા કરે છે....** શાસ્ત્ર બબ્બે કલાક, ત્રણ-ત્રણ કલાક બબ્બે હજાર શ્લોકો વાંચે. બબ્બે હજાર શ્લોકો. અમારે તો રાત્રે બબ્બે કલાક સુધી હજાર-હજાર, પંદરસો શ્લોકની સ્વાધ્યાય કરતા. હીરાજી મહારાજ હતાને ત્યારે. બીજું કાંઈ નહોતું એટલે ..... હજાર, પંદરસો, બે હજાર ગાથા એક પહોરમાં થઈ જાય. ..... કંઠસ્થ હોયને. પછી નિર્જરા થઈ એમ માને. એ તો એક શુભભાવ છે. ચેતનજી!

આ પણ બેઠેલા, કરેલા પંદરસો. ત્રણ-ત્રણ કલાક એક પહોર ચોવીસસો સજ્જાય. સાડા-ત્રણ કલાક...... હોયને ...... આણે સાડા ત્રણ કલાક સ્વાધ્યાય કરી. પહેલો એક પહોર આવે ત્યાં મહારાજ ઉઠી જાય. .......... શાસ્ત્રસ્વાધ્યાય એ તો શુભભાવ છે, એ તો વિકલ્પ છે, એ આત્મધર્મ નહીં. આહાહા! જોયા છેને હીરાજી મહારાજને? ....... ૭૪માં..... તમારે ૧૧-૧૨ વર્ષની ઉંમર હશે. ૭૧નું ચોમાસું હતું. .......... બધા હતાને તે દિ' તમારા બાપા ને. મોઢા આગળ બેસતા....... પોષામાં મુખ્ય. રામજી હંસરાજ. એના પિતાજી....... વાતું ... છે એ થોથા છે.

અહીં તો, શુભભાવ કરે તોય થોથા છે એમ કહે છે. એય! પૈસાની તો વાતું ક્યાં? આહાહા! વીતરાગ સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્માનો માર્ગ જુદો છે. વીતરાગમાર્ગ તો વીતરાગભાવથી ઉત્પન્ન થાય. રાગભાવથી વીતરાગભાવ ઉત્પન્ન થાય? આહાહા! આકરી વાતું છે. સ્વાધ્યાકાળને...... બરાબર જુએ હોં. નક્ષત્ર જુએ. આ નક્ષત્ર અત્યારે આવ્યું છે....... ૨૮ નક્ષત્ર છેને. બધા જોયેલા, બધા અભ્યાસ કરેલા. આટલા નક્ષત્ર આ કાળે .... ૭૦-૭૦ દીક્ષા લીધી.......... એમ આવ્યું હતું............ આહાહા!

**પ્રતિદિન ભોજન કરીને ચતુર્વિધ આહારનું પ્રત્યાખ્યાન કરે છે....** મુનિને એવું હોય. એકવાર આહાર હોય. સવારે ચા ને બપોરે આહાર ને સાંજે ખીચડી એવું ન હોય. ત્રણ- ત્રણ વાર ગોચરીએ જાય. એ તો વ્યવહાર સાધુ ક્યાં હતા? ખોટા છે. બીજે..... આ તો પ્રતિદિન એક વખત આહાર કરે. પછી ચાર આહારનો ત્યાગ કરે. ચોવીસ કલાક નહીં, અડતાલીસ કલાકે આહાર કરવો. એ બધો શુભભાવ છે, એ કાંઈ ધર્મ નથી. **ત્રણ સંધ્યાઓ વખતે (-સવારે, બપોરે ને સાંજે) ભગવાન અર્હત્ પરમેશ્વરની લાખો સ્તુતિ...** પરમેશ્વર ત્રણ લોકના નાથની સ્તુતિ કરે.

હજારો........ સવારે, બપોરે ને સાંજે. **લાખો સ્તુતિ મુખકમળથી બોલે છે...** પણ એ તો શુભભાવ રાગ છે. ભગવાનની સ્તુતિનો ભાવ એ તો રાગ–શુભરાગ છે, ધર્મ નહીં. આહાહા! ગજબ વાત છે.

ચોવિસંથો આવે છેને, ચોવીસ તીર્થંકરની સ્તુતિ, એ તો શુભરાગ છે, વિકલ્પ છે. એ તો અશુભથી બચવા આવે, એટલું. બાકી પોતે ધર્મ નથી. આ તો શુભભાવ થાય, સ્તુતિ બોલે, લાખો સ્તુતિ મુખકમળથી બોલે. .... મોઢે કંઠસ્થ... હાલતા ને ચાલતા કેટલાક બોલાબોલ કરે છે. હાલતા-ચાલતા બોલવું એ તો અશાતના છે. આ તો બરાબર સ્થિર બેસીને સ્તુતિ કરે છે. લાખો સ્તુતિ (કરે), છતાં એ શુભ પુણ્યભાવ છે, રાગ છે, એ ધર્મ નહીં. એમાં પડ્યો એમ માને કે અમે ધર્મ કરીએ છીએ. આહાહા!

**ત્રણે કાળે નિયમપરાયણ રહે છે (અર્થાત્ ત્રણે વખતના નિયમોમાં તત્પર રહે છે)... એ** અગિયાર ક્રિયા થઈ. **એ રીતે અહર્નિશ (દિવસ-રાત થઈને) અગિયાર ક્રિયામાં તત્પર રહે છે...** પણ એ શુભભાવ છે. એને ધર્મ માને છે એ મિથ્યાદૃષ્ટિ છે. આત્મા વિકલ્પ રહિત છે એની દૃષ્ટિની ખબર નથી તેથી તે અજ્ઞાની, સંસારી છે. વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## માગશર સુદ-૬, સોમવાર, તા. ૧૧-૧૨-૧૯૭૨
## ગાથા-૧૪૪, પ્રવચન નં. ૧૭૧

નિયમસાર, નિશ્ચય-પરમ-આવશ્યક (અધિકાર). અવશ્ય કરવાલાયક ક્રિયા એ અહીંયા કહે છે. (ગાથા) ૧૪૪. કહે છે કે સાધુ નામ ધરાવી, પંડિત થઈને, ભગવાને કહેલા આચારશાસ્ત્રો એમાં જે વર્ણન વ્યવહારનું છે તેમાં જે નિત્ય પ્રવર્તે છે, જિનેન્દ્રદેવે કહેલા વ્યવહારના શાસ્ત્રો ચરણાનુયોગ, એમાં જે વિધિ કહી છે એ પ્રમાણે સાધુ પાળે છે, પણ એ તો શુભરાગ છે, એ ધર્મ નથી. જુઓ! આવી તો વાત ... કરી. **જિનેન્દ્રના વદનારવિંદમાંથી નીકળેલા...** એમ તો કહ્યું છે. વ્યવહાર જણાવે તો ખરોને. આચારશાસ્ત્રમાં જે ક્રિયા બતાવી તે કરે, વ્યવહાર ધર્મધ્યાનમાં પરિણત રહે, શુભરાગમાં પરિણમેલો રહે.

**તેથી ચરણકરણ પ્રધાન છે. સ્વાધ્યાયકાળને અવલોકતો થકો સ્વાધ્યાયક્રિયા કરે** શાસ્ત્રની, વ્યવહાર ભક્તિ આદિની જે ક્રિયા કરે, પણ એ તો શુભભાવ છે. આવી વાત છે ભાઈ! એ પરાશ્રિતભાવ છે, એ કંઈ ધર્મધ્યાન નથી. **પ્રતિદિન ભોજન કરીને ચતુર્વિધ આહારનું પ્રત્યાખ્યાન કરે છે...** ચાર આહારનો ત્યાગ કરે, કહે છે, એ તો શુભભાવ છે. આહાર પરવસ્તુ છે એના પરનું લક્ષ છોડ્યું એ શુભભાવ છે, ધર્મ નથી, એ ધર્મધ્યાન નથી. આહાહા! શુભરાગ છે અને એમાં રહેલો છે તેથી તે મિથ્યાદૃષ્ટિ છે.

**ત્રણ સંધ્યાઓ વખતે (-સવારે, બપોરે ને સાંજે) ભગવાન અર્હત્ પરમેશ્વરની લાખો સ્તુતિ...** ભગવાન તીર્થંકરદેવની સ્તુતિ કરે હજારો-લાખો. એ શુભભાવ છે, પુણ્ય છે, ધર્મ નહીં. જેઠાભાઈ! આવી વ્યવહારની શરતો હોય ચારેકોરની. એ તો રાગ છે, એ તો સંસાર છે. અનાદિકાળની કરેલી એ ચીજ છે. એ કંઈ નવી ચીજ નથી. ત્રણ વખતે-**ત્રણે કાળે નિયમપરાયણ રહે છે...** સવાર, સાંજ, મધ્યાહ્ન જે નિયમ છે સાચો એ પ્રમાણે બરાબર દિવસ-રાત ક્રિયા કરે છે. આકરું લાગે. છતાં એ શુભરાગી જીવ છે, એ ધર્મધ્યાન નહીં. ચેતનજી! તમારે બધું આ જ હતું ત્યાં. આહા! ત્રણ વખત એ લાખો સ્તુતિઓ હતી. એમાં હરખાઈ જાય.

શેત્રુંજય ને સમ્મેદશિખર જઈ ભગવાનની સ્તુતિ કરે લાખો. એ રાગ છે, ધર્મ નહીં. આહાહા! કેમકે એનું લક્ષ પરદ્રવ્ય ઉપર ગયેલું છે. એમાં તો રાગની જ વૃત્તિ ઉત્પન્ન થાય. ભીખાભાઈ! પર્યુષણમાં લાખો ભક્તિ કરે તોય, કહે છે, પરાધીન, પરવશ, મિથ્યાદૃષ્ટિ છે. સમંતભદ્રસ્વામી તો કહે છે કે મને સ્તુતિનું વ્યસન થઈ ગયું છે. બહુ ઝીણી વાત છે. એ વ્યસન એટલે શુભરાગ આવે છે. સમજાણું કાંઈ? ચોવીસ તીર્થંકરની સ્તુતિમાં એમ આવે છે. એનો અર્થ કે શુભરાગ હોય છે. એ કોઈ ધર્મ નથી. આહાહા! વીતરાગ ધર્મ જગતને સાંભળવા મળે નહીં. શુભભાવ કહે તો જાણે, ઓહોહો! જ્યાં શુભભાવ તો સામાયિક ને..... ઓલો શુભભાવ

આવેને શુભ. સમજાય છે? આહાહા! આ બધા શેઠિયાઓ જૈનમાં આવું માનનારા છપદી .... કરે. ભગવાન પણ મળ્યા અનંતવાર, સમવસરણમાં અનંતવાર ગયો, પણ ધોયેલ મૂળા જેવો રહ્યો. આહાહા!

**અગિયાર ક્રિયામાં તત્પર રહે છે**... ..... વ્યવહારક્રિયાકાંડ... **પાક્ષિક, માસિક, ચાતુર્માસિક અને સાંવત્સરિક પ્રતિક્રમણ** કરે છે. પાક્ષિક–પંદર દિવસે પડિકમણું કરે. કરતાં-કરતાં ધર્મ, એમાં જ છવાઈ જાય. એવી ભાષા... ધર્મ કરીએ એટલે શુભભાવ..... આ શરીર. આહાહા! પડિકમણું કરતાં-કરતાં રોમાંચ થઈ જાય છે, છતાં એ શુભરાગ છે, ધર્મ નહીં. આકરી વાતું ભારે. ચાતુર્માસિક પડિકમણું કરે, સંવત્સરી પ્રતિક્રમણ કરે. **સાંભળવાથી ઊપજેલા સંતોષથી...** આહાહા! આપણે તો ભારે પડિકમણું કર્યું, બાર મહિનાના પાપ ધોઈ નાખ્યા લ્યો. ધૂળેય ધોયા નથી, સાંભળને! એ તો શુભવિકલ્પ છે રાગ. કહો, સંવત્સરીમાં પ્રતિક્રમણ કર્યું હશેને સુજાનમલજી? આહાહા! વીતરાગમાર્ગ કોઈ જુદી ચીજ છે. જગતને સાંભળવા મળી નથી. માની બેઠા બહારથી કે આ ધર્મ છે. આહાહા!

કહે છે કે એ બધા વિકલ્પો શુભરાગ એટલે પરદ્રવ્યને લક્ષે થાય છે. એ સ્વદ્રવ્યના આશ્રયની ક્રિયા નથી. સંવત્સરીક (પ્રતિક્રમણ સાંભળવાથી) ઉપજેલો સંતોષ... આહાહા! બાર મહિનાના પાપ સંવર-નિર્જરાથી ધોવાઈ જાય. **જેનું ધર્મશરીર...** પાછી ભાષા શું છે? એનો શુભભાવ બરાબર છે એમ કહે છે. શરીરની એકલી ક્રિયા નથી, પણ એનો શુભભાવ બરાબર છે. રાગની મંદતાનો ભાવ–શુભ ઉપયોગ છે, પણ એ ધર્મ નહીં. આહાહા! ગજબ વાત છે. શુભોપયોગ એ અધર્મ છે. રાડ નાખેને. ...... શુભરાગની ક્રિયામાં રુચિ છે એ જ મિથ્યાત્વ છે. નવી વાત છે, જગતને બેસવી એવી કઠણ એટલે પછી. ... અહીં તો ભગવાન કુંદકુંદાચાર્ય નિયમસારમાં કહે છે, એની ટીકા કરનાર મુનિરાજ કહે છે.

**અનશન** કરે છે. આહારનો ત્યાગ કરે બબ્બે મહિના, છ-છ મહિના. તો પણ એ શુભભાવ છે, એ કાંઈ ધર્મ નથી. આહાહા! આત્મા આનંદસ્વરૂપ ભગવાન શુદ્ધ આનંદનો જ્યાં આશ્રય નથી ત્યાં બધી ક્રિયાઓ રાગની છે. જયસુખભાઈ! આ વર્ષીતપ કરે છે, અનશન કરે, એ કદાચ રાગ મંદ હો તો શુભ છે, ધર્મ નહીં. તપસ્યા એ ધર્મ અને ધર્મ એ નિર્જરાનું કારણ. એવી ..... હતી. આહાહા! શું કહ્યું જુઓને! અનશન એ તો શુભરાગ છે. **અવમૌદર્ય...** ઉણોદરી કરે. પાંચ કોળિયા ખાય, આટલા રસ..... **રસપરિત્યાગ...** દૂધ, દહીં, ખાંડ–સાકર, ગોળ, પકવાનનો ત્યાગ કરે. એ શુભભાવ છે, પુણ્ય છે, ધર્મ નહીં. કારણ કે બધું પર ઉપર લક્ષ ગયું છે. જાદવજીભાઈ! બહુ આવું આકરું. **વૃત્તિપરિસંખ્યાન** કરે છે. પાંચ ગજથી આગળ બીજે જાવું નહીં, લુખ્ખું ખાવું, ફલાણું મળે તો વિગેરે. એ પણ શુભભાવ છે, ધર્મ નહીં.

**વિવિક્ત શય્યાસન...** સ્ત્રી, પશુ, નપુંસક જ્યાં રહેતા હોય ત્યાં ન રહેતાં એકાંતમાં રહે. એ પણ એક શુભરાગની ક્રિયા છે. આત્માની અંતર એકાંતતા ન મળે... આહાહા! રાગના વિકલ્પથી ને ક્રિયાથી પણ આત્મા પાર છે. એવા આત્માનો આશ્રયમાં જ્યાં સુધી જીવ ન લ્યે ત્યાં સુધી આ બધી ક્રિયાઓ પુણ્યની છે. એ ધાર્મિક ક્રિયા નહીં, એ ધાર્મિક આવશ્યક ક્રિયા નહીં. આવશ્યક (અધિકાર) ચાલે છેને. **શય્યાસન અને કાયક્લેશ...** મહિના-મહિના સુધી ઊભા રહે એક પગે. એ તો શુભભાવ છે, રાગની મંદતા હોય તો. એ કાયક્લેશ તપસ્યા એ કાંઈ ધર્મ નથી. આહાહા!

અહીં તો કાયા... શું કીધું? ........ દશવૈકાલિકમાં છે. આઠમું અધ્યયન છેને આઠમું. ....... દેહને દુઃખ જ ન હોય, એ તો જડ છે. અપવાસ કરવાથી તો .... લાગે. એ તો પાપભાવ છે. ...... દશવૈકાલિક સૂત્ર હૈ શ્વેતામ્બરમેં. આઠવેં અધ્યયનમેં હૈ. ...... લોકો બિચારા ... જાય. અપવાસ કરો, ચોવિહાર કરો, આ કરો..., એ ધર્મ છે. અરે બાપુ! એ તો રાગની મંદતા, પુણ્યભાવ છે અને તેમાં રુચિ છે ને એમાં રહ્યો છે એ તો મિથ્યાદૃષ્ટિ છે. ધર્મી પણ નહીં, એ સમકિતી પણ નહીં. એ જૈન નહીં એમ કહે છે.

**છ બાહ્ય તપમાં જે સતત ઉત્સાહપરાયણ રહે છે...** નિરંતર ઉત્સાહ રાખે અપવાસ આદિમાં. બરાબર એક અપવાસને પારણે... એ શું કહેવાય? આયંબિલ. આયંબિલને પારણે બે અપવાસ અથવા એક અપવાસ. અપવાસને પારણે બે આયંબિલ, પાછા એને પારણે ત્રણ આયંબિલ, એને પારણે ચાર આયંબિલ—એમ કરે છેને. અપવાસ એક કરે, આયંબિલ વધારતા જાય ૮૪ સુધી, ૧૦૦ સુધી. બધો શુભરાગ છે, વિકલ્પ છે. ચૈતન્ય ભગવાન રાગરહિત નિર્મળાનંદ પ્રભુ વીતરાગ પરમેશ્વરે જોયો ને કહ્યો એવો ચૈતન્ય આનંદ ને જ્ઞાનનો પુંજ પ્રભુ એનો આશ્રય લીધો નથી, ત્યાં સુધી બધું ફોક છે. સમજાણું કાંઈ? એ વળી સંસાર સ્થાપે છે. આહાહા!

**સ્વાધ્યાય** કરે છે. જોયું! બાહ્યતપમાં સતત ઉત્સાહ પરાયણ, પાછો. ઉત્સાહમાં તત્પર બાહ્યમાં. સ્વાધ્યાય કરે છે. શાસ્ત્રનો હજાર, દસ-દસ હજાર શ્લોકોનો સ્વાધ્યાય. સ્વાધ્યાય તો શુભભાવ છે. પર ઉપર લક્ષે શાસ્ત્રનું ભણવું, ... કરવું એ શુભરાગ છે. એ સ્વાધ્યાય કંઈ ધર્મ નથી. જુઓ! આ શાસ્ત્રની સ્વાધ્યાય કરે તોય ધર્મ નહીં, એમ કહે છે. એ શુભભાવ છે.

શ્રોતા : .... માટે શુભને કરે છે?

પૂજ્ય ગુરુદેવશ્રી : રાગથી ભિન્ન પડીને આત્માનો આશ્રય લ્યે તો. આહાહા! અભવિ શું કરે છે? રાગની ક્રિયાના પરિણામથી વસ્તુ ભગવાન જ્ઞાનાનંદ ભિન્ન છે એવો ચૈતન્યનો આશ્રય લઈ નિર્વિકલ્પદશા કરે ત્યારે તેને ધર્મ થાય. બાકી હરામ ધર્મ હોય તો.

વીતરાગમાર્ગમાં નથી. બીજે તો છે જ ક્યાં? સમજાણું કાંઈ? વ્યવહારની ક્રિયા બધી લઈ લીધી.

**ધ્યાન** કરે. સમ્યક્ ચૈતન્યદ્રવ્યના આશ્રય વિના ધ્યાન કરે વિકલ્પનું. એ શુભધ્યાન છે, શુભરાગ છે. કહેને, ધ્યાનમાં શુભભાવ નથી હોતો. ધ્યાન શેનું કરે? દ્રવ્ય–વસ્તુની તો દૃષ્ટિ છે નહીં, ખબર નથી. આહાહા! પછી ધ્યાન કરે. ધ્યાન શેનું? એ તો આર્તધ્યાન છે, શુભભાવ છે. અંદર એકાગ્ર લાગે એ. ધ્યાનમાં એકાગ્ર થાય શુભભાવમાં, એ મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે. આહાહા! **શુભ આચરણથી ચ્યુત થતાં...** પ્રાયશ્ચિત્ત લે, કોઈ શુભભાવમાં ફેર પડે તો પ્રાયશ્ચિત્ત લે. **ફરી તેમાં સ્થાપનસ્વરૂપ પ્રાયશ્ચિત્ત** લે. એ પણ શુભભાવ છે. આહા! ગજબ વાત કરે છે! મોક્ષમાર્ગ પ્રકાશકમાં આ બધું લીધું છે....

દેવ-ગુરુ-શાસ્ત્રનો **વિનય...** ઝપટથી વિનય કરે. એવો વિનય.. એવો વિનય.. આહાહા! એ શુભભાવ છે. સમજાણું કાંઈ? અરિહંત ભગવાનનો વિનય, ગુરુ નિર્ગ્રંથ મુનિ–સંત સાચા એનો વિનય, એમના પરમાગમનો વિનય. એ પરદ્રવ્ય છે. પરદ્રવ્યનો વિનય શુભરાગ છે. મંદકષાય એવી રીતે પોષે. એ ધર્મનો હેતુ નહીં. એમ કે આવો મંદ કષાય થાય તો હેતુ થાયને આગળ? કાલ આવી નહીં બધી વાતું? કારણ છેને બંધનું. શુભોપયોગ એ પોતે બંધનું કારણ છે. શુદ્ધોપયોગ એ બીજી ચીજ. એ શુભથી ન થાય. એ તો પ્રત્યક્ષ છે. એને લઈને શું થયું?

આ મોટો ફેર છે. જૈનદર્શનની જે આખી ચીજ હતી એ બધી ગુમ કરી નાખી. સંપ્રદાયને નામે ચલાવી અને નગ્ન થયો એટલે થઈ ગયો સાધુ. પંચમહાવ્રતના પરિણામના ઠેકાણા ન હોય સરખા, નિર્દોષ આહાર-પાણી લેવા વ્યવહાર એના ઠેકાણા ન હોય. અહીં શુભભાવના ઠેકાણા નથી એને ધર્મ કેવો? અહીં તો શુભભાવ સરખો હોય, બરાબર નિર્દોષ આહારપાણી લે, એને માટે ચોકા કરીને (બનાવેલ) આહાર મરી જાય તોય ન લે, તો પણ એ શુભભાવ છે, એ ધર્મ નહીં. ધર્મ તો, ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ પોતે વીતરાગમૂર્તિ બિરાજે છે આત્મા, એનો આશ્રય લઈને એમાં એકાગ્ર થાય, એ વીતરાગ પરિણતિ પ્રગટ થાય એને ધર્મ કહીએ. આહાહા! ચાંદમલજી! આવે એ બીજી વાત છે, પણ છે બંધનું કારણ. હોય તો ખરોને. એને ભલો માને અને એ જ ધર્મ છે—એમ મિથ્યાત્વ છે. પહેલા આત્માના આશ્રયે થઈને સમ્યગ્દર્શન થાય, એને પણ આવા શુભભાવ હોય, પણ એ શુભભાવ ધર્મ નહીં, બંધનું કારણ છે એમ જ્ઞાની જાણે. આહાહા!

વિનય કરે, લ્યો. વિનય કર્યો આમ .... વિનયનો અર્થ પુણ્ય-શુભભાવ. દેવ, ગુરુ, શાસ્ત્ર–જિનવાણી એ પરદ્રવ્ય છે, એનો વિનય બહુમાન શુભરાગ છે. હોય ખરો, પણ એ ધર્મ નહીં. ધર્મ તો આત્મા જ્ઞાયકસ્વરૂપ ભગવાન ચૈતન્યબિંબ પ્રભુ એનો અંતરમાં આશ્રય કરે ને લીન થાય એ ધર્મ છે. વીતરાગમાર્ગમાં એને ધર્મ કહીએ, એને આવશ્યક ક્રિયા કહીએ. ધર્મની

આવશ્યકક્રિયા એને કહીએ. આ તો બધું લોપ કરી નાખ્યું છે. જૈન સંસ્કૃતિમાં નાખે છે. અહીં તો વ્યવહારનો લોપ કરી નાખ્યો. આ શું કહે છે અહીં? આ મુનિરાજ શું કહે છે? દિગંબર મુનિ છે, સંત છે. સમ્યગ્દષ્ટિ-જ્ઞાની ધ્યાન ને આનંદમાં રહેનારા છે એ મુનિ એમ કહે છે કે આવી ક્રિયાકાંડ તે ધર્મ નહીં.

**વૈયાવૃત્ય** કરે. ઠીક! સાધર્મીને વૈયાવચ્ચ... ........... વૈયાવચ્ચ કીધું. તીર્થંકર નામકર્મ બાંધે એ. મોટી ચર્ચા ચાલી હતી. (સંવત) ૮૧. ........... વૈયાવૃત્ત્યનું ફળ તીર્થંકરગોત્ર બાંધે એ આદરણીય નહીં? એ ૨૯ બોલ આવે છેને. ........ તીર્થંકરનામકર્મ બાંધે એ તો શુભભાવ થયો. મોટી ચર્ચા ચાલી હતી. મૂળચંદજી ત્યાં હતા બોટાદ. લઈને આવ્યો. આમ કહે છે મૂળચંદ.... તમે તીર્થંકરગોત્રનો નિષેધ કરો છો. વૈયાવચ્ચના ફળનો નિષેધ થાય? વૈયાવૃત્ત્યનો ભાવ છે એ શુભ છે, સાંભળને હવે! સમજાણું કાંઈ? સાધર્મીને વૈયાવચ્ચ.... આ પ્રતિમાની વૈયાવચ્ચ, વૈયાવચ્ચ એટલે મંદિર કરાવવા, ખર્ચનું બધું ધ્યાન રાખવું, વ્યવસ્થા—એ બધો શુભભાવ છે, ધર્મ નહીં, સંવર-નિર્જરા નહીં. એવું તો અનંતવાર કર્યું છે. સમજાણું કાંઈ? સ્વર્ગમાં જાય, કષાયના અંગારે શેકાય ત્યાં.

**અને વ્યુત્સર્ગ...** કાર્યોત્સર્ગ કરે. ..... કાયોત્સર્ગ નથી કરતા? કરેને..... એ **નામનાં અભ્યંતર તપના અનુષ્ઠાનમાં**—અભ્યંતર તપના **(આચરણમાં) જે કુશળબુદ્ધિવાળો છે...** હુશિયાર છે એની વિધિમાં. એ વિધિમાં અવિધિ થવા દે નહીં. **પરંતુ તે નિરપેક્ષ તપોધન...** નિરપેક્ષ એટલે કે પરની અપેક્ષા ન રાખે એવો એ તપોધન નથી, એમ. **સાક્ષાત્ મોક્ષના કારણભૂત સ્વાત્માશ્રિત...** આહાહા! દેખો! સાક્ષાત્ મોક્ષનું કારણ જે આવશ્યક ક્રિયા એ સ્વાત્માશ્રિત છે. જ્ઞાનનો પુંજ પ્રભુ, અતીન્દ્રિય આનંદનો કંદ એને આશ્રયે દૃષ્ટિ પડતાં, સ્થિર થતાં જે પર્યાય થાય તે ધર્મધ્યાન છે, એ મોક્ષનું કારણ છે. કહો, સમજાણું કાંઈ?

આ તો દુનિયા સાથે મેળ ખાય એવું નથી ભાઈ! દુનિયાથી અલગ ઠર્યો. ..... સામાયિક એ જુદી જાત છે. પછી કીધું, સામાયિક શુભભાવ છે. ... શુભભાવ સામાયિકને ન કહેવાય. આવા ને આવા શેઠીયા. હવે ક્યાં માને છે એની જુદી જાત? નંદલાલ શેઠના દીકરા હતા નંદલાલ શેઠના ચુનિલાલ. જયંતિલાલ મગન..... શુભભાવથી એટલે જાણે કે ઓહો! શુભ કીધુંને પણ. સામાયિકમાં મોટો ભાગ શુભ. અરેરે! જેણે દુનિયા....... એ શુભરાગ, શુભ ઉપયોગ છે, એ તો રાગ છે. એમાં ધર્મ ક્યાંથી આવ્યો? .... ધર્મ ક્યાંથી થઈ ગયો એ? એ સામાયિક એની માનેલી....... આહાહા! ..........બધા એની લાઈનમાં જ પડ્યા છે.

અમારે હીરાજી મહારાજ જેવા કેટલા મોટા સંપ્રદાયના ગુરુ. સ્વાધ્યાય કર્યા કરીએ છીએ, લ્યો. .. પહોર. કોઈ સાથે વિકથા નહીં, એક વખત આહાર. સવાર-સાંજ ચા ને દૂધ ખીચડી (એવું) કાંઈ નહીં. એક વખત આહાર લેવા જાય એકલા. ..... ધર્મ માને. એક સાધુ ગયા

હશે. લાપસી મળી. લાપસી.. લાપસી. .......... ખાઈ શક્યા નહીં, વધી. હીરાજી મહારાજ ખાઈ ગયા. એમ કે કો'કની વધેલી ખાઈએ તો નિર્જરા થાય. .... ખબર ન મળે. આ બધા એના ભક્તો હતા—કસ્તુરભાઈ, તારાચંદભાઈ ને છોટાલાલ. આહાહા! જગતને ...ની ખબર ન મળે. ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદનો નાથ છે અંદર, એ પુણ્યની ક્રિયા ને રાગથી પાર છે. એની દૃષ્ટિની ને આશ્રયની ખબર ન મળે અને એને ધર્મ થાય? વીતરાગમાર્ગમાં ધર્મ ન થાય. બીજે તો ક્યાં હતો? અન્યમતમાં તો ક્યાંય એ વાત છે નહીં. આહાહા!

**નિશ્ચયથી...** સ્વાત્માશ્રિત નિશ્ચય આવશ્યક કર્મ જે મોક્ષનું કારણ... એ (વ્યવહાર ક્રિયા) મોક્ષનું કારણ નહીં એવું સિદ્ધ કર્યું. એ ક્રિયાઓ મોક્ષનું કારણ નહીં એમ સિદ્ધ કર્યું. હોય ખરી, મોક્ષનું કારણ નહીં. મોક્ષનું કારણ સ્વાત્માશ્રિત... સ્વાત્માશ્રિત... કેટલી સ્પષ્ટતા છે! એકલો ભગવાન જ્ઞાનની મૂર્તિ, રાગની ક્રિયા વિનાની ચીજ—એવા આત્માને આશ્રયે સ્વ-આવશ્યક કર્મ... જરૂરની ક્રિયા જે આત્માનું કાર્ય, એ સ્વાત્માશ્રિત આવશ્યક કાર્ય, નિશ્ચય આવશ્યક કાર્ય. **નિશ્ચયથી પરમાત્મતત્ત્વમાં વિશ્રાંતિરૂપ નિશ્ચયધર્મધ્યાનને...** આહાહા! વિકલ્પ-રાગ એનાથી રહિત પરમાત્મતત્ત્વ, પોતાનું-નિજ પરમાત્મતત્ત્વ, પોતાનું હોં નિજ. પરમસ્વરૂપ અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત શાંતિનું પરમતત્ત્વસ્વરૂપ ભગવાન આત્મા, એમાં વિશ્રાંતિરૂપ... શુભરાગ એ વિશ્રાંતિ નહોતી એમ કહે છે. આહાહા! એ તો દુઃખ હતું. આહાહા!

આત્મા વસ્તુ, જ્ઞાન ને આનંદ ને ધ્યાન એમાં વિશ્રાંતિ, એમાં ઠરવું, એવું વિશ્રાંતિરૂપ નિશ્ચયધર્મધ્યાન... એને સાચું ધર્મધ્યાન કહેવામાં આવે છે. ..... શુભજોગ એ ધર્મધ્યાન છે, શુભજોગમાં અંશે નિર્મળતા છે, સમકિત છે, ..... એનો નિષેધ.... નિશ્ચયધર્મધ્યાન એને કહીએ કે પરમાત્મતત્ત્વ પરમસ્વરૂપ.. તત્ત્વ એટલે પોતે પરમાત્મા હોં, ભગવાન-પરમાત્મા નહીં. ભગવાન પરમાત્માની સ્તુતિ તો શુભભાવમાં ગઈ. લાખો સ્તુતિઓ કરી. ભગવાન આત્મા નિર્વિકલ્પ અભેદ ચૈતન્યબિંબમાં વિશ્રાંતિ એ પર્યાય. એમાં વિશ્રાંતિ, એવા દ્રવ્યસ્વભાવમાં એકાગ્રતા એ વિશ્રાંતિરૂપ નિશ્ચયધર્મધ્યાન. એનું નામ સાચું ધર્મધ્યાન, એનું નામ સાચી આવશ્યકક્રિયા. ગુલાબચંદભાઈ! આવું બધું સાંભળ્યું હતું કલકત્તા? નહીં. જાદવજીભાઈ ભેગા હતા. આખી વાત બહુ ફરી ગઈ. આખું તત્ત્વ જ બદલાઈ ગયું. એ ઉપરાંત શ્રદ્ધા વિપરીત થઈ ગઈ. આહાહા!

અરે! જેના આત્માને વિશ્રામભાવ ન પ્રગટે, આહાહા! આત્માનું અંતર સમ્યગ્દર્શન-અંતર્મુખની પ્રતીતિ ભાનમાં, એ વિશ્રામસ્થાન છે કહે છે. એનું જ્ઞાન એ વિશ્રામસ્થાન છે, એમાં લીનતા એ વિશ્રામ, સંસારનો જે શ્રમ એને ટાળીને વિશ્રાંતિ. સમજાણું કાંઈ? શુભ-અશુભ રાગનો જે થાક છે........ આહાહા! તેને ઉતારવાનું સ્થાન ભગવાન પરમસ્વરૂપ પરમાત્મ પોતાનો ત્રિકાળી કારણપરમાત્મા, એમાં એકાગ્રતા એ વિશ્રાંતિનું સ્થાન છે, એ પર્યાય મોક્ષનું કારણ છે. આહાહા! સમજાણું કાંઈ? તદ્દન નવા સાંભળનારને તો એવું લાગે કે આ તો..... વ્યવહારનો તો લોપ જ કરી નાખ્યો છે. આમાં શું કરી છે ભાષા? મુનિરાજ શું કહે છે?

જેટલી સવાર-સાંજ, રાત-દિ'ની ક્રિયાઓ એમાં ઉત્સાહપરાયણ–તત્પર ને કુશળ છે, કહે છે કે એ બધો શુભભાવ છે, એ મોક્ષના કારણરૂપ ભાવ નહીં, એ ધર્મરૂપભાવ નહીં. અરે! એની સમજણમાં નક્કી તો કરે કે માર્ગ તો આ છે. સમજાણું? જેને હજી સમજણમાં જ મોટા ગોટાળા છે, એને ક્યાં જઈને રહેવું એની ખબરું ન મળે. આહાહા! ભારે. એવું નિશ્ચયથી પરમાત્મતત્ત્વ જે પોતે, પોતે પરમાત્મતત્ત્વ હોં. એક સમયની પર્યાય, રાગ ને નિમિત્ત વિનાનું તત્ત્વ. સંયોગી ચીજ વિનાનું, રાગ વિનાનું, એક સમયની પર્યાય વિનાનું પરમાત્મતત્ત્વ જે પોતાનું, એમાં વિશ્રાંતિ... આવો ધર્મ કેવો હશે? સમજાણું કાંઈ? એવો ધર્મ વીતરાગનો છે. વીતરાગસ્વરૂપે જ ભગવાન છે. એનો આશ્રય લઈને જે વીતરાગી નિર્દોષ પર્યાય થાય સમકિત..... એ મોક્ષનું કારણ છે. આ તો નિશ્ચય મોક્ષનું કારણ છે, એમ કીધું. વ્યવહારની વાતમાં મોક્ષનું કારણ ન કહ્યું. સમજાણું કાંઈ?

અને વ્યવહાર કરતાં-કરતાં નિશ્ચય થાય એવું આમાં કાંઈ ન આવ્યું. ... રુચિ, દિશા ફેરવી અને સ્વ-ભગવાનની દિશા કરે, લાવે ત્યારે એની દશા ફરે. એમાં તો કાંઈ વ્યવહાર કારણ ન આવ્યું. ...... એની અપેક્ષા વિના સ્વનો આશ્રય કર્યો, વ્યવહારની અપેક્ષા વિના સ્વનો આશ્રય કર્યો, ત્યારે એને ધર્મ થાય. ત્યારે એને સમકિત થાય. આહાહા! સંપ્રદાયમાં તો કોલાહલ મચાવે, એ.. એકાંત છે, એકાંત છે. જ્ઞાનનો માર્ગ અનેકાંત છે, વ્યવહારથી પણ થાય ને નિશ્ચયથી પણ થાય. અરે! સ્વદ્રવ્ય આશ્રયે થાય ને પરદ્રવ્યે આશ્રયે ન થાય—એવો અનેકાંતમાર્ગ વીતરાગનો છે. એ ખ્યાલમાંય નથી. તારી નજરમાં એ માર્ગ કેવો છે એની ખબર નથી, એ કે દિ' નજર નાખે નિધાનમાં? આહા! ......

**નિશ્ચયથી પરમાત્મતત્ત્વ...** કેમ જાણે, પરમાત્મતત્ત્વ બીજો કોઈ હશે ભગવાન? સ્વાત્માશ્રિત પરમાત્મતત્ત્વ પોતાનું થયું. સત્.. સત્.. સત્.. અવિનાશી ગુણનો ભંડાર ભગવાન એવું જે આત્મા પરમસ્વરૂપતત્ત્વ.. પરમસ્વરૂપતત્ત્વ. પર્યાય, રાગ એ પરમસ્વરૂપ નહીં. આ વ્યવહાર જે કહ્યો એ પરમસ્વરૂપ નહીં, એક સમયની પર્યાય એ પરમસ્વરૂપ નહીં. આહાહા! આ તો જેને સંસારની દુકાન ઉઠાવી નાખવી હોય એને માટે છે. લાલપેઠા કરવા હોય... આમથી થાશે, વ્યવહારથી થાશે, આમ કરતાં-કરતાં થાશે—એ લાલાપેઠા કરનારા છે. સમજાણું કાંઈ?

નિશ્ચય સ્વાત્માનું ધર્મધ્યાન એવું પરમાત્મતત્ત્વ એને નિશ્ચય ધર્મધ્યાન કહીએ. **નિશ્ચય ધર્મધ્યાનને તથા શુક્લધ્યાનને જાણતો નથી.** અહીં તો કહે છે, સ્વાત્માશ્રિત નિશ્ચય ધર્મધ્યાન અને શુક્લધ્યાન થાય એને તો એ જાણતો નથી. પરાશ્રિત ક્રિયાથી કલ્યાણ થાય. આહા! તપોધન એ તો બહારથી કહેવાયને. એમાં શું છે? સાધુ છેને? ..... વ્યવહાર કહેવાય. શુભભાવ છેને, સાધુ થયો છે, નગ્ન છે, દિગંબર મુનિ છે. **તેથી...** આહાહા! **પરદ્રવ્યમાં પરિણત હોવાથી...** દેખો! હવે શું કીધું? શુભની જેટલી ક્રિયાઓ કીધી શુભરાગ, એ પરદ્રવ્યમાં પરિણત છે. શુભરાગ જ પરદ્રવ્ય છે, સ્વદ્રવ્ય નહીં. આહાહા! એ બધી ક્રિયાઓ જેટલી કીધી એ શુભરાગ, પરદ્રવ્ય છે, સ્વદ્રવ્ય નહીં.

**પરદ્રવ્યમાં પરિણત હોવાથી તેને અન્યવશ કહેવામાં આવ્યો છે** એવા સાધુને. પરાધીન.. પરાધીન.. રાગને આધીન થઈ ગયેલો, ખોવાઈ ગયેલો આત્મા. આહાહા! ...... જાહેર-પ્રસિદ્ધ આત્મા એ તો, કહે છે, ખોવાઈ ગયો. આહાહા! રાગની પ્રસિદ્ધિમાં પરિણત થઈ ગયેલો... એને તો અન્યવશ.. અનેરા-અનેરા.. રાગ છે એ અનેરી ચીજ છે એમ કહે છે. ક્રિયાકાંડના જેટલા રાગ છે એ શુભરાગ છે, એ અન્ય છે, એને વશ છે, લ્યો. આત્મા રાગથી ભિન્ન છે એવા સ્વાત્માને વશ નથી. રાગ જે અન્ય છે એને એ વશ છે. આહાહા! ભારે. આ બરાબર કહે છે તમારે છોકરો. કહો, સમજાણું કાંઈ? જુઓ આવ્યું! ....

**જેનું ચિત્ત તપશ્ચરણમાં લીન છે એવો...** મુનિપણું એટલે આ વ્યવહાર, એમ કીધું. જુઓ! તપસ્યા કીધી એને. આહાહા! શુભભાવની ક્રિયા, ત્યાગી થયો, દિગંબર સાધુ થઈને મહાવ્રત પાળે, અપવાસ કરે, ચોવિહાર કરે, સાંજ-સવાર પડિકમણા કરે, ભગવાનની લાખો સ્તુતિ કરે, શાસ્ત્રના સ્વાધ્યાયમાંથી બહાર ન આવે. **જેનું ચિત્ત તપશ્ચરણ** એટલે શુભરાગરૂપી સાધુપણું એમાં લીન છે. આહાહા! એક ગાથા પણ ગજબ છે. આહા! અહીં રાગને તો અન્ય કહ્યો. આત્મસ્વભાવ સિવાય આવી ક્રિયા રાગની એને અન્ય કીધી. અન્યને વશ છે, સ્વને વશ નથી. આહાહા!

**આ અન્યવશ શ્રમણ દેવલોકાદિના ક્લેશની પરંપરા પામવાથી શુભોપયોગના ફળસ્વરૂપ પ્રશસ્ત રાગરૂપી અંગારાઓથી શેકાતો થકો...** લ્યો. આહાહા! એ ક્રિયાના ફળ શું જીવને? સ્વર્ગમાં જાય. દેવ છેને દેવાદિ. આ ધૂળના શેઠિયા થાય બે-પાંચ દસ કરોડના. ..... ક્લેશરૂપ પરંપરા... ત્યાં તો ક્લેશ છે એકલો. શુભભાવ પોતે ક્લેશ અને એના ફળમાં સ્વર્ગ ને શેઠાઈ મળે એ ક્લેશ. કહો, પંડિતજી! આમાં છે કે નહિ? પહેલા ...... પહલે તો કહા. અન્યવશ શ્રમણ એવા કોઈ ક્રિયાકાંડી સાધુ... પ્રત્યક્ષ છેને. ફળ શું? આ સ્વર્ગમાં જાશે, કાંઈ પુણ્ય બાકી હશે તો ત્યાંથી શેઠિયા ધૂળના થાશે.

**દેવલોકાદિ ક્લેશની પરંપરા પામવાથી શુભોપયોગના ફળસ્વરૂપ...** ભાષા. પહેલું મોક્ષનું કારણ કહ્યું પાછું. સ્વાત્માશ્રિત ક્રિયા એ મોક્ષનું કારણ અને શુભભાવ એનું ફળ સ્વર્ગ ને શેઠાઈ, એમ કીધું. ચાંદમલજી! આ શુભ કીધો ખરો, હોય ખરો, પણ એનું ફળ આ છે. .... એનું ફળ આ છે એમ કહે છે. જેટલો અંદર દ્રવ્યાશ્રિત ચિદાનંદ નિર્વિકલ્પ દૃષ્ટિ, નિર્વિકલ્પ જ્ઞાન ને વીતરાગતા એટલો માક્ષનો માર્ગ. અને આ ભાવ વચ્ચે આવે એ સ્વર્ગ ને શેઠાઈનું કારણ છે, ક્લેશની પરંપરાનું કારણ છે. શુભરાગ પોતે ક્લેશરૂપ છે, ફળમાં સ્વર્ગમાં જાય ત્યાં દુઃખના અંગારાથી શેકાશે. આ બધા પૈસાવાળા ક્લેશના અંગારાથી શેકાય છે એમ કહે છે. ...ભાઈ! છે કે નહીં આમાં? જુઓ! શુભોપયોગનું ફળ સ્વર્ગ અને શેઠાઈ એટલે ક્લેશની પરંપરા. આહાહા!

આ તો કોઈ એમ કહે કે રાગના ફળથી પરંપરાએ મુક્તિ મળે. એને ક્લેશની પરંપરા છે એમાં તો. આહાહા! જેનું ચિત્ત .....માં લીન છે, શુભરાગની ક્રિયામાં એકાકાર છે. તે **શુભોપયોગના ફળસ્વરૂપ પ્રશસ્ત રાગરૂપી અંગારાથી શેકાતો થકો...** પ્રશસ્ત રાગરૂપી

અંગારાઓથી શેકાતો... અહીં તો કહે, ત્યાં કદાચ શુભરાગ થાય એ પણ શેકાશે. નહીંતર એના ફળમાં જાય તો સ્વર્ગાદિના ભાવ થાય એ અશુદ્ધ છે. અને એના ફળ તરીકે જ્યાં ગયો ત્યાં પણ કંઈક શુભભાવ હોય, એ અંગારાથી શેકાશે. આ સંસારનું ફળ બતાવ્યું. એ ક્રિયાના શુભરાગનું આ ફળ. સ્વાશ્રિત નિશ્ચયધર્મધ્યાન ને શુક્લધ્યાનને જાણતો નથી, એમ કહીને વાત કરી છે.

હવે કોઈ આસન્નભવ્ય કે એનાથી **આસન્નભવ્યતારૂપી...** જેની મુક્તિ નજીક છે, જે ભવ્યને મોક્ષની યોગ્યતા નજીક છે એવા જીવને **ગુણનો ઉદય થતાં... આસન્નભવ્યતારૂપી ગુણનો ઉદય થતાં**, એમ. જરી પરિપાક થયો. એટલી પોતાની વાત કરી. **પરમગુરુના પ્રસાદથી પ્રાપ્ત...** પરમગુરુએ એને આ કહ્યું હતું. આહાહા! એમણે શુભભાવના ફળમાં ધર્મ થશે એમ નહોતું કહ્યું. **પરમગુરુના પ્રસાદથી પ્રાપ્ત પરમતત્ત્વનાં શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનસ્વરૂપ...** આહાહા! મુનિઓએ, સમકિતીઓએ, જ્ઞાનીઓએ એને એમ કહેલું. આહાહા! જુઓ! આ વીતરાગમાર્ગનો ઉપદેશ આવો હોય, એમ કહે છે. સમજાય છે કાંઈ?

વીતરાગી મુનિઓનો ઉપદેશ આવો હોય કે જે એને સ્વાત્મ-આશ્રયે લાભ થાય એ બતાવે, કહે છે. આહાહા! ઉપદેશ પોતે કરે છતાં મારે આશ્રયે થાય એમ ન કહે. એમાં આવે છે કે નહીં? જુઓને! આહાહા! ધન્ય રે ધન્ય માર્ગ! ઝીણી વાત છે. .... સજ્જન માણસો છે, ત્યારે એણે સજ્જનતા વાપરીને. ........ હિંમતભાઈ ત્રણેયને લઈને આવ્યા હતા. સંઘના અગ્રેસર છે એ તો. ....... પણ મહારાજ આમ કહે છે પછી તમારે શું છે? બહુ સજ્જન માણસ. નહીં તો ત્યાંના અગ્રેસર થઈને આવેલા. આહાહા! ચર્ચાની ના પાડે છે. ભાઈએ કહ્યું હતું.

અહીં એ વાત આવી છે કે જેટલી શુભક્રિયાના આચરણનો શુભરાગ છે એ બધો ધર્મ નથી. ભગવાનની સ્તુતિ લાખો કરો, સમજાય છે કાંઈ? વિનય કરો દેવ-ગુરૂ-શાસ્ત્રનો, વ્રત-નિયમના પરિણામ કરો—એ બધા ભાવો શુભ છે. ૨૯૦ (પાનું) છેને? **દેવલોકાદિના ક્લેશની પરંપરા પામવાથી શુભોપયોગના ફળસ્વરૂપ...** એ બધી શુભક્રિયાનું ફળ પ્રશસ્તરાગરૂપી અંગારાથી શેકાશે. ચીમનભાઈ! હિંમતભાઈ છેને? બરાબર આ અધિકાર આવ્યો છે. કહે છે કે પરદ્રવ્યની દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, વિનય, પૂજા બધો શુભભાવ છે. એના ફળમાં અંગારાથી શેકાશે. આ ભગવાને કહેલો જે આત્મા, એવું અંદર પરમતત્ત્વસ્વરૂપ એનો આશ્રય કરીને જે વીતરાગતા થાય એ ધર્મ છે. આહાહા! પોપટભાઈ! આવું છે આ. અત્યાર સુધીમાં સાંભળવા મળ્યું ન હોય. જે સાંભળ્યું એ ધર્મ, જાવ. ત્યાં એકલો ધર્મ કહે.

અહીં તો કહે છે કે એકલો શુભભાવ છે. ભગવાનની ભક્તિ, પૂજા, તારી માનેલી સામાયિક, પોષા, પડિકમણા, જાત્રા, વિનય, વૈયાવચ્ચ—બધાનું ફળ શુભરાગ છે. કારણ કે પરદ્રવ્યનું લક્ષ છે એમાં. એમાં ધર્મની દશા પ્રગટે એવું સ્થાન નથી. આહાહા! એ દેવલોકાદિ, કાં શેઠાઈ, આ પાંચ કરોડ હોયને બે-પાંચ કરોડના આસામી, બધા દુઃખીયા છે એમ કહે છે. પૂર્વે એવો કોઈ શુભભાવ કર્યો હોય એના ફળમાં સ્વર્ગમાં જાય ને ત્યાંથી મરીને શેઠિયા થાય. એ બધા ક્લેશની પરંપરાને પામવાથી શુભોપયોગના ફળસ્વરૂપ શુભભાવ—પ્રશસ્ત રાગરૂપી

અંગારાથી શેકાશે. વીતરાગમાર્ગ આવો છે. વીતરાગ તીર્થંકર કેવળી પ્રણિત .... એનો માર્ગ રાગ વિનાનો માર્ગ છે. આવો રાગ હોય ખરો, પણ એ મોક્ષનો માર્ગ નહીં. આહાહા!

કહે છે, એમાંથી કોઈ ભવ્યપ્રાણી હોય, **આસન્નભવ્યતારૂપી ગુણનો ઉદય થતાં પરમગુરુના પ્રસાદથી પ્રાપ્ત**... ધર્માત્મા સંતો, ગુરુએ એ કહ્યું અને વીતરાગમાર્ગના ગુરુ એમ કહે કે પરમતત્ત્વમાં શ્રદ્ધાન... તારું પરમ તત્ત્વ છે અંદર નિર્મળાનંદ એની શ્રદ્ધા કર. દેવ-ગુરુની શ્રદ્ધા એ શુભરાગ છે. આહાહા! ભીખાભાઈ! ... મુનિઓનો ઉપદેશ એવો છે. વીતરાગી સંતોનો અને વીતરાગી જ્ઞાનીઓનો એ ઉપદેશ હોય... એમણે શું ઉપદેશ કહ્યો? એના પ્રસાદથી તો પરમતત્ત્વ... અંતર સચ્ચિદાનંદ પ્રભુ દ્રવ્યસ્વભાવ કારણપરમાત્મા ત્રિકાળીવસ્તુ એવા તત્ત્વનું શ્રદ્ધાન કર. એનો આશ્રય લઈ શ્રદ્ધાન કર એ મુક્તિનું કારણ છે. સમજાણું કાંઈ? પાધરું થાય, એ એમ કહે છે. અને કરે તે દિ' નિરપેક્ષ થાય એમ કહે છે.

વસ્તુ તરીકે અંદર સચ્ચિદાનંદ પ્રભુ 'સિદ્ધ સમાન સદા પદ મેરો..' સિદ્ધ થાય એ ક્યાંથી થાય? અંદરમાં છે એમાંથી થાય કે બહારથી આવતા હશે? સિદ્ધ પરમેશ્વર થાયને 'ણમો સિદ્ધાણં..' કેવળજ્ઞાન ને કેવળદર્શનની પર્યાય ક્યાંથી આવતી હશે? બહારથી આવે છે કાંઈ? અંદરમાં પડી છે બધી. આહાહા! સમજાણું કાંઈ? ચોસઠ પહોરી તીખાશ લીંડીપીપરમાં પડી છે. લીંડીપીપર નથી હોતી? અંદર પડી છે. અંદર છે એ બહાર આવે છે. બહારથી આવે છે પથ્થરથી? એમ ભગવાન આત્મામાં અનંત જ્ઞાન, અનંત વીતરાગતા, અનંત સ્વચ્છતા, અનંત શાંતિ, અનંત આનંદ એ તો પડેલું જ છે અંદર. એની પ્રતીત કર, કહે છે. સ્વદ્રવ્યની પ્રતીત કર તો સમ્યગ્દર્શન થાય, ત્યારે તે મોક્ષના કારણમાં જોડાય. આહાહા! શુભરાગમાં જોડાણ થાય ત્યાં લગી શુભરાગમાં છે, મોક્ષના કારણમાં નહીં. આહાહા!

મુનિએ તો ખુલ્લું મૂક્યું છે, આમાં કોઈની .... રાખી છે કે સમાજને કેમ ગોઠશે? સમાજ કેમ આને કબૂલશે? સમાજ એને ઘરે રહ્યો. માર્ગ આ છે. પરમતત્ત્વ પોતાનું નિજસ્વરૂપ એની અંતર્મુખ થઈને શ્રદ્ધા, એનું જ્ઞાન ને એનું આચરણ... એનું આચરણ–વસ્તુસ્વરૂપમાં ઠરવું એ આચરણ છે. શુભરાગ એ આચરણ નહીં. **શુદ્ધ-નિશ્ચય-રત્નત્રયપરિણતિ...** ........ નિજસ્વરૂપ એનું શ્રદ્ધાન, એનું જ્ઞાન, અનુષ્ઠાન એ શુદ્ધનિશ્ચય રત્નત્રયપરિણતિ, એ શુદ્ધ સાચી રત્નત્રયની અવસ્થા. એ **વડે નિર્વાણને પામે છે.** શુભરાગની ક્રિયાથી નિર્વાણને પામતા નથી. આમ બે વાત સિદ્ધ કરી છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**માગશર સુદ-૭, મંગળવાર, તા. ૧૨-૧૨-૧૯૭૨**
**શ્લોક-૨૪૫, ગાથા-૧૪૫, પ્રવચન નં. ૧૭૨**

નિશ્ચય-પરમ-આવશ્યક (અધિકાર). જે જરૂરિયાતની–મોક્ષના કારણરૂપ આવશ્યક-ક્રિયા કોને કહેવી એ કહે છે. કળશ આવ્યો છે. ૨૪૫.

**[હવે આ ૧૪૪મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]**

**त्यजतु सुरलोकादिक्लेशे रतिं मुनिपुंगवो**
**भजतु परमानन्दं निर्वाणकारणकारणम् ।**
**सकलविमलज्ञानावासं निरावरणात्मकं**
**सहजपरमात्मानं दूरं नयानयसंहतेः ॥२४५॥**

**શ્લોકાર્થ : મુનિવર**–ધર્માત્મા જીવ **દેવલોકાદિના ક્લેશ પ્રત્યે રતિ તજો...** સ્વર્ગના શુભભાવથી સુખ મળે એ રતિ તજો અર્થાત્ શુભભાવનો પ્રેમ તજો, એમ કહે છે. દેવલોક આદિ એટલે આ શેઠાઈ, ગૃહસ્થ દુનિયા કહેને. ... ઉત્પન્ન કરવું, એ બધા ક્લેશ છે. શુભભાવમાંથી તો ક્લેશની પ્રાપ્તિ થાય છે. સમજાય છે કાંઈ? શુભરાગ—દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એવો ભાવ એ શુભરાગ છે. એનાથી દેવલોક ને આ ધૂળના શેઠિયા કહેવાય એ ક્લેશના સુખને પામે છે. ચીમનભાઈ! આહાહા! એ રતિ તજો. અર્થાત્ સ્વર્ગના સુખ કોઈ સુખ જ નથી, શેઠાઈના સુખ એ સુખ જ નથી, દુઃખ છે. એનો પ્રેમ તજો એટલે એના કારણરૂપ શુભભાવનો પ્રેમ તજો. સમજાણું કાંઈ?

... અધિકાર આવ્યો એનો કળશ છેને આ. .... ક્રિયા વ્યવહાર, ભગવાનની સ્તુતિ કરે, દાન કરે, લાખો સ્તુતિ કરે, .... બરાબર ધ્યાન ક્રિયા કરે શાસ્ત્ર પ્રમાણે વ્યવહારની હોં, શાસ્ત્ર પ્રમાણે વ્યવહારની શુભભાવની ક્રિયા એ પણ બંધ છે. એ બંધનું કારણ છે, એ ધર્મનું કારણ નથી. કહે છે કે મુનિવર અથવા ધર્માત્મા દેવલોક અને શેઠાઈના, મનુષ્ય આદિના ક્લેશ પ્રત્યે રતિ તજો. એ ક્લેશ છે કહે છે. **અને નિર્વાણના કારણનું કારણ...** નિર્વાણના કારણનું કારણ... મોક્ષ છે આત્માનો એનું નામ નિર્વાણ છે. આત્માની પૂર્ણ આનંદદશા પ્રગટ થાય એનું નામ નિર્વાણ છે, મુક્તિ છે. મુક્તિનું કારણ સમ્યગ્દર્શન-જ્ઞાન ને ચારિત્ર છે. મુક્તિનું કારણ આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદઘન એની અંતર્મુખ થઈને શ્રદ્ધા, આત્માનું જ્ઞાન અને એનું ચારિત્ર–વસ્તુમાં રમણતા—એ મોક્ષનું કારણ છે. એ કારણનું કારણ આત્મા છે. આહાહા! સમજાણું કાંઈ?

**નિર્વાણના કારણનું કારણ એવા સહજપરમાત્માને ભજો...** આહા! પરમાત્મા એટલે પોતાનો ધ્રુવસ્વભાવ, એક સમયની જે રાગની દશા છે એ છોડીને, એક સમયની પર્યાય પ્રગટ

છે એનું લક્ષ છોડી દઈને, જે પરમાત્મા ધ્રુવસ્વરૂપ છે પોતાનું પરમસ્વરૂપ પરમાત્માનું.. પરમસ્વરૂપ ત્રિકાળી જ્ઞાયકભાવ, આનંદભાવ, ધ્રુવભાવ, સહજભાવ, સામાન્યભાવ એવો ભગવાન આત્માનો ત્રિકાળી રહેવાનો છે સ્વભાવ એને ભજો. સમજાણું કાંઈ? અહીં તો, ભગવાનનું–પરમાત્માનું ભજન કરવું એ શુભરાગ છે અને રાગનું ભજન કરવું એ વિકાર, મિથ્યાત્વ છે અને એક સમયની પર્યાયનું ભજન કરવું એ વિકલ્પાત્મક રાગ છે. ભારે ઝીણી વાતું.

પોતે પરમસ્વરૂપ ભગવાન આત્મા અનાદિ-અનંત ધ્રુવ નિત્યાનંદ પ્રભુ આત્મા છે એને ભજો. કેમકે મુક્તિ, પરમ સુખ તો મોક્ષમાં છે. એ મોક્ષનું કારણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે, એ દર્શન-જ્ઞાન-ચારિત્રનું કારણ આત્મા છે. આહાહા! બહુ ઝીણું. અરે! એણે પત્તો જ મેળવ્યો નથી કે આ આત્મા શું ચીજ છે. પોતે કાયમ રહેનારો, એનો ત્રિકાળી ધ્રુવસ્વભાવ જેને અહીંયા પરમાત્મા કહ્યો. આહાહા! એક સમયનો ભાવ એ કાંઈ પરમાત્મા નથી. એ તો અપરમભાવ, સાધારણ એક સમયની પર્યાય, વ્યવહાર આત્મા છે. હવે આત્મામાંય વ્યવહાર ને નિશ્ચય. એક સમયની પર્યાય જે પ્રગટ–વ્યક્ત છે એ તો વ્યવહાર છે, એ તો હેય છે. આહાહા! વ્યવહાર આત્મા હેય છે. રાગ તો હેય છે, આહાહા! નિમિત્ત તો હેય છે, પણ એક સમયની પર્યાય છેને એને હેય કહેવું.... છ દ્રવ્ય નિમિત્તાદિ થાય.... આહાહા! સમજાણું કાંઈ? આહાહા!

વસ્તુ છે કે નહીં? પોતે આત્મતત્ત્વ છેને, વસ્તુ છેને, પદાર્થ છેને. એ કાયમ સ્વભાવવાળો પદાર્થ છે કે નહીં? તો કાયમ સ્વભાવવાળો પદાર્થ એ તો અનંત જ્ઞાન, દર્શન, આનંદ, સામાન્ય ધ્રુવ વસ્તુ એને કાયમ સ્વભાવાળો આત્મા કહીએ. આહાહા! એવો ભગવાન પરમાત્મા પોતે કાયમસ્વરૂપી જે વસ્તુ, જેમાં એકાગ્ર થતાં મોક્ષનો માર્ગ પ્રગટ થાય અને એનાથી મોક્ષ થાય–મોક્ષમાર્ગથી મોક્ષ થાય. અહીં તો કારણનું કારણ આ કહ્યું. મોક્ષનો માર્ગ છે એ તો પર્યાય છે. પર્યાયનું કારણ ખરેખર દ્રવ્ય નથી, પર્યાયનું કારણ પર્યાય છે. પણ આશ્રયની અપેક્ષાએ, એ પર્યાયના આશ્રયનો અર્થ જ એ કારણ છે. એના લક્ષથી જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય. આહાહા!

સાક્ષાત્ દેવ-ગુરુ-શાસ્ત્રના લક્ષે સમકિત ન થાય એમ કહે છે. ચાંદમલજી! વાત તો આવી છે ભાઈ! જેને આ જન્મ-મરણના ક્લેશથી છૂટવું હોય... જેને સુખ લાગતું હોય એ તો ત્યાં રખડશે જ એમાં. સમજાણું કાંઈ? પણ જેને એ ચાર ગતિમાં રખડવું ક્લેશ છે, દુઃખ છે, સ્વર્ગમાં પણ શેકાવાનું દુઃખ છે. દુઃખી ત્યાં શેકાઈ જાય છે. એ સુખની કલ્પનામાં ક્લેશ છે. આહાહા! કહો, કેમ હશે આમાં ચીમનભાઈ? આ બધા પૈસાવાળા તમને સુખી કહે છે. એકલા એકના એક, પાંચ-સાત લાખ રૂપિયા, મકાન ને દુકાન, સુખી છે એમ કહે છે. સાચી વાત હશે?

આકુળતા.. આકુળતા. છ છોકરામાં બેઠા હોય તોય આકુળતા. સમજાણું કાંઈ? છ છોકરા સરખે કામ કરતા હોય એમ સાંભળવું એ બધી આકુળતા. એ ભીખાભાઈ! શું હશે આ? આહાહા!

આ કળશ તો બહુ સરસ છે. આહાહા! ભાઈ! નિર્વાણ નામ મુક્તિ, મોક્ષ. પરમ આનંદની પ્રાપ્તિ એનું નામ મુક્તિ. મોક્ષ કહેતા દુઃખથી છૂટવું. ચાર ગતિના દુઃખોથી છૂટીને પરમ આનંદની પ્રાપ્તિરૂપી મુક્તિ, એનું કારણ... મુક્તિ એ પર્યાય છે શુદ્ધ પૂર્ણ, એનું કારણ મોક્ષમાર્ગની પર્યાય, માર્ગની પર્યાય. અંતર વસ્તુ પૂર્ણ પરમાત્મસ્વરૂપ એને કારણ બનાવીને જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય થાય એ પર્યાય મોક્ષનું કારણ. એ પર્યાયનું કારણ દ્રવ્ય. આહાહા! ભારે આકરું. ચાંદમલજી! આ સંપ્રદાયની દૃષ્ટિમાં પડ્યા હોય અને બહારથી ધર્મ માનતા હોય એને આકરું બહુ લાગે. આહાહા!

લાખો સ્તુતિ ભગવાનની કરે સવારથી સાંજ, ભજનો કરે, ભજન બનાવે, ભગવાનના લાખો ભજન કરે એક દિવસમાં. એ પણ શુભરાગ છે ભાઈ! કારણ કે પર તરફની સ્તુતિની વૃત્તિ ઉઠી છે એ રાગ છે. આહાહા! એ મોહનભાઈ! આવું છે આ. દરકાર કરો. પણ દરકાર કરી છે કે દિ'? બહારનો પ્રેમ છે એવો અંદરનો આવ્યો છે ક્યારે એને? સમજાણું કાંઈ? આહાહા! એ સુભાષિતમાં નથી આવતું? 'ઐસી નીતિએ હરામસે, ઐસે હરિસે હોય..' પ્રેમ છે કેટલો જગતના રાગમાં, પુણ્યમાં, ફળમાં, ભોગમાં, વિષયમાં, આબરૂમાં, કિર્તીમાં, પૈસામાં? એનાથી અનંતગુણો પ્રેમ આત્માનો હોવો જોઈએ. કરતો નથી, માળો ત્યાં સલવાઈ ગયો છે બહારમાં. સમજાણું કાંઈ? પ્રકાશદાસજી! આહાહા!

પરમાત્મા પોતે જ શુદ્ધ ધ્રુવ આનંદકંદ છે. પોતે જ સચ્ચિદાનંદ પરમાત્મા છે આત્મા. આહાહા! સમજાય છે? એ વાત બેસવી કઠણ જગતને. આ હું પોતે શુદ્ધ પરમાત્મા પોતે છું. એ પરમાત્માથી પરમાત્મા થાશે. પર્યાયમાં પરમાત્મા તે ત્યાંથી થવાય છે, કાંઈ બહારથી થવાતું નથી. આહાહા! સમજાણું કાંઈ? એ વસ્તુનું સ્વરૂપ જ પોકારે છે, જગત પોકારે છે, જ્ઞાની પોકારે છે, જગતેય એમ કહે છે કે આ આત્મા આવો છે. 'તું છો જીવ તો કર્તા હરિ, તું છો શિવ તો વસ્તુ ખરી.' ..... કહ્યું છે. અખો ભગત થઈ ગયા. 'તું છો જીવ તો કર્તા હરિ, પણ તું છો શિવ તો વસ્તુ ખરી.' પોતે શિવસ્વરૂપ જ છે. સમજાણું કાંઈ? બધા થઈને એક...... વાતમાં ફેર છે. આહાહા!

પોતે શિવસ્વરૂપ ભગવાન આત્મા. એની પર્યાય અને રાગનું લક્ષ છોડીને ....સ્વરૂપ નિત્યાનંદ ભગવાન ધ્રુવ એ પૂર્ણ પરમાત્મસ્વરૂપ જ છે આત્મા. આહાહા! 'અપ્પા સો પરમ અપ્પા' આત્મા તે પરમાત્મા થાય છે. નર તે નારાયણ થાય છે, કોઈ બીજો થાતો નથી. આહાહા! સમજાણું કાંઈ? અરે! પણ કેમ અનાદિની બુદ્ધિયું પર્યાયમાં, રાગમાં, નિમિત્તમાં, સંયોગમાં બુદ્ધિ, કાં રાગમાં દયા, દાન વિકલ્પમાં, કાં અહિંસા આદિમાં અને કાં એની પ્રગટ

પર્યાય એક સમયની વ્યક્ત, બસ એનામાં એનું જોડાણ છે. ભગવાન આખો અંદર ધ્રુવ પરમાત્મસ્વરૂપ એનું એને માહાત્મ્ય આવતું નથી. જોયો, જાણ્યો નથી તો માહાત્મ્ય આવતું નથી. સમજાણું કાંઈ? એ માટે પહેલો જાણ કહે છે. આહાહા! એ તે શું ચીજ છે આ?

એ ચીજને આશ્રયે સમ્યગ્દર્શન એટલે સાચી પ્રતીતિ, સાચું–સમ્યગ્જ્ઞાન, એને સાચું સ્વરૂપમાં રમણતારૂપી ચારિત્ર. એ ત્રણ, વસ્તુને કારણે–પરમાત્મસ્વરૂપ ભગવાન આત્મા એને આશ્રયે થાય. આહાહા! આમ કહીને એમ કહે છે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર શાંતિની પર્યાયનું સ્વરૂપ છે. એ પૂર્ણ શાંતિનું, મુક્તિનું કારણ છે. શાંતિ.. શાંતિ.. શાંતિ. પૂર્ણ શાંતિ પરમાત્મશક્તિમાં પડી છે એની વ્યક્તતા પૂર્ણ શાંતિ એનું નામ મુક્તિ. અને એનો માર્ગ પણ શાંતિનો છે, અકષાયભાવ એવી શાંતિની પર્યાય એ મોક્ષનો માર્ગ છે અને એનું કારણ દ્રવ્યસ્વભાવ એકલો શાંતિનો સાગર. આહાહા! શાંતિ શબ્દે અકષાયભાવ. સમજાણું કાંઈ? પૂર્ણ અકષાયભાવ એ મુક્તિ, અપૂર્ણ શુદ્ધભાવ એનું નામ મુક્તિનો માર્ગ અને એનું કારણ પૂર્ણ શુદ્ધ શાંતિનો સાગર, એનું કારણ સમ્યગ્દર્શન-જ્ઞાન. એને કારણે થાય છે. નિજ ઋદ્ધિને કોઈ દિ' જાણી નથી એણે. હું કેટલી ઋદ્ધિવાળો છું. આત્મા એટલે શું? આહાહા!

આત્મા એટલે વસ્તુનું સ્વરૂપ શાંત, આનંદ, નિત્ય ધ્રુવ અભેદ સામાન્ય સત્ત્વ એકલું, શાંતિ ને આનંદનું સત્‌નું સત્ત્વ, સત્‌ છે આત્મા એનું સત્ત્વ. એ સત્ત્વને મર્યાદા ન હોય. (પૂર્ણ) જ્ઞાન, પૂર્ણ આનંદ, પૂર્ણ શાંતિ, પૂર્ણ સ્વચ્છતા, પૂર્ણ પ્રભુતા—એવો પૂર્ણ પ્રભુ આત્મા એનો આશ્રય લઈને સમ્યગ્દર્શનરૂપી ધર્મ પ્રગટ થાય છે, એનો આશ્રય લઈને એનું જ્ઞાન–સમ્યગ્જ્ઞાન પ્રગટ થાય, એનું જ્ઞાન એને આશ્રયે થાય છે અને એમાં રમણતા થતાં ચારિત્ર, એમાં રમણતા થતાં એનું ચારિત્ર થાય છે. આહાહા! અરે! માળે.... આ પૈસા ને ... મારી નાખ્યા છે. બાયડી, છોકરા ને પૈસા કાંઈ હોય થોડા ઘણા હોય બે-પાંચ, દસ લાખ, વીસ લાખ. ઓહોહો! સુખી છે, બાદશાહી છે અમારે. આહાહા! વિષ્ટાના ઢગલા ઉપર બેઠો છે ને વિષ્ટા ખાય છે.

આનંદસ્વરૂપ ભગવાન... હજી એને વિશ્વાસ ક્યાં છે? આવો હું છું એવો વિશ્વાસ તો લાવ. આહાહા! વિશ્વાસ શબ્દે જાણવું અને આ ચીજ છે એની પ્રતીત કર. પ્રતીત એનું કારણ એ વસ્તુ છે એમ કહે છે. એ સમ્યક્-પ્રતીતનું કારણ પર્યાય પણ નહીં એમ કહે છે. વ્યવહાર દયા-દાનના વિકલ્પ તો સમકિતનું કારણ નહીં, પણ સમકિતનું કારણ એ વર્તમાન પર્યાય પણ નહીં એમ કહે છે. આહાહા! એનું કારણ તો મહાપ્રભુ બિરાજે છે ભગવાન પૂર્ણ.. પૂર્ણ.. પૂર્ણ. આવું કેમ બેસે એને? ભાઈ! વસ્તુ છેને, એ નિત્ય રહેનારું તત્ત્વ છેને. ધ્રુવ કાયમ રહેનારો એ સ્વભાવ છેને. એ સ્વભાવને તું પર્યાય દ્વારા જાણ. એની વર્તમાન અવસ્થા દ્વારા એનો આશ્રય લે. આહાહા! આ માર્ગ છે ભાઈ! મૂળ તો. ધર્મ ને ધર્મનું ફળ જોઈતું હોય તો આ ચીજ છે. બાકી બધી વાતું ભલે જગત કરે. સમજાણું કાંઈ? આમ જાત્રા કરીને મુક્તિ થાશે, ભક્તિ

ભગવાનની કરતાં-કરતાં ભગવાન પ્રસન્ન થાશે ને ભગવાનની ભક્તિથી ભગવાન મળશે—બધી રણમાં પોક મૂકવા જેવી વાતું છે. સમજાણું કાંઈ?

ભગવાન તો પોતે આનંદકંદ સચ્ચિદાનંદ પ્રભુ છે, એનો આશ્રય કરવાથી ભગવાન મળશે, એની સામું જોવાથી ભગવાન મળશે. પરની સામું જોવાથી ભગવાન મળશે નહીં. આહાહા! આવો માર્ગ છે. આ તો બધું જડ છે. આહાહા! એ વિંખાઈને પરમાણુ તો ક્યાંય ઉડી જશે. આ રાગ પણ ફરી-ફરીને ચાલ્યો જાય, ઊડી જાય છે. એક સમયની પર્યાય પણ બદલતી છે. નહીં બદલનારું તત્ત્વ, એમ કહે છે, આહાહા! એવો ભગવાન આત્મા નિત્ય ધ્રુવસ્વરૂપ એનું લક્ષ કર, દૃષ્ટિ કર, એનો આશ્રય લે તો સમ્યગ્દર્શન થશે. ધર્મની શરૂઆત એને અવલંબે થાય છે. કોઈ ક્રિયાકાંડ, પર્યાય ને રાગને અવલંબે ધર્મ શરૂ થતો નથી. આહાહા!

'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો..' આવે છેને છઢાળામાં. 'છોડી સકલ જગત દંદ ફંદ નિજ આતમ ઉર ધ્યાવો.' ભગવાન આત્મા... ભાઈ! એને ખબર નથી. પામર થઈને માને એને પ્રભુતા કેમ બેસે? હું એક રાગવાળો છું, હું એક માણસ છું, હું એક પુણ્ય ને દયાના પરિણામ કરનારો છું—આવી જેને પામરતા બેસી હોય તેને પ્રભુતા કેમ બેસે? સમજાણું કાંઈ? પોતે પ્રભુ પૂર્ણાનંદનો નાથ બિરાજે છે પોતે ધ્રુવ. ભાષા કેવી કરી જુઓને! આહાહા! **નિર્વાણના કારણનું કારણ એવા સહજ પરમાત્માને ભજો**. પાછો પરમાત્મા ક્યો? પોતે. સ્વભાવિક વસ્તુ છે ત્રિકાળ. પર્યાય તો પરિણમતી–બદલતી, બદલતી થાય છે અને આ વસ્તુ છે એ સહજસ્વરૂપ છે. આહાહા! અરે! એને વાતેય સાંભળવા મળે નહીં કે આ ધર્મ કેમ થાય. આમ બહારથી જાણે કાંઈ ધર્મ થઈ જશે. સમ્મેદશિખરમાં ધર્મ હશે, શેત્રુંજયમાં ધર્મ હશે? ચાંદમલજી!

ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરદેવ એમ ફરમાવે છે, ભાઈ! મુક્તિનું કારણ તો સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર છે. આવે છે કે નહીં? 'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ' એ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રનું કારણ આત્મા ત્રિકાળી દ્રવ્ય છે. આહાહા! બહારના કારણે એ સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રગટ થતાં નથી. આહાહા! કહો, સમજાય છે કાંઈ? લ્યો, આ છોકરો બરાબર કહે છે. આ તમારો છોકરો જુઓ! (કહે છે), આ માલની વાત આવી. એ ચાંદમલજી! આ ચૌદ વર્ષનો છોકરો કહે છે. આત્મા છે. અંદર આત્મા છેને અંદર. આ તો હાડકા છે માટી. અંદર શુભ-અશુભભાવ થાય પુણ્ય-પાપના, દયા-દાનના ભાવ એ પુણ્ય અને હિંસાદિના પાપ—એ તો વિકાર છે, પર છે. અને એને જાણવાની એક સમયની વર્તમાન જ્ઞાનની પર્યાયનો અંશ, એ પણ અંશ છે, એ કાંઈ આખી ચીજ નથી.

આખી ચીજ તો અંદર જ્ઞાનનું કંદ પૂરૂં આખું, પૂર્ણ જ્ઞાન, પૂર્ણ આનંદ, પૂર્ણ શાંતિ, પૂર્ણ પ્રભુતા, પૂર્ણ સ્વચ્છતા—એવો સ્વભાવ.. એવા સ્વભાવરૂપ પોતે પરમાત્મા, એને કારણે

સમ્યગ્દર્શન-જ્ઞાન થાય છે, એને આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન ને ચારિત્ર થાય છે. મહાવ્રત ને વિકલ્પ એ કાંઈ ચારિત્ર-ફારિત્ર નથી. સમજાણું કાંઈ? આહાહા! કહો, ચેતનજી! બહુ વાત આવી. બાપુ! જે (તારી) ચીજ છે એને તેં આડમાં રાખી અને જે (તારી) ચીજ નથી તેને તેં મોટી કરી નાખી. આહાહા! ટૂંકામાં એટલી વાત લીધી છે કે શુભભાવનો પ્રેમ છોડ. ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રા હો, એ બધો શુભભાવ છે, એનો પ્રેમ છોડ. આહાહા! પ્રેમ છોડ. અને ભગવાન આત્મા, એની મુક્તિ થાય એમાં કારણ મોક્ષમાર્ગ, એ મોક્ષમાર્ગનું કારણ વસ્તુ છે તેની દૃષ્ટિ કર. આહાહા!

હજી જેને ખ્યાલમાંય વાત નથી કે આ શું ચીજ છે, ક્યાં મારે લક્ષ કરવા જેવું છે, કોને ધ્યેય બનાવવા જેવું છે અને કોને છોડવા જેવું છે લક્ષમાંથી. કહો, પંડિતજી! આહાહા! સાંભળી જ નથી. સાચી વાત છે. અરે! હું કોણ છું અંદર? હું તો એક આત્મા. એટલે? આ રાગવાળો, આ પુણ્ય કરીએ, પાપ કરીએ, બસ એ આત્મા. અરે ભાઈ! તને ખબર નથી. તારી મોટપની મહિમાની તને ખબર નથી. તારું મોટપ તો પરમાત્માના સ્વરૂપમાં પડ્યો છો તું. આહાહા! તારું સ્વરૂપ જ પરમાત્મા છે. જે પરમાત્મા થયા એ તો એક સમયની પર્યાયના પ્રગટદશાવાળા થયા. એવી-એવી અનંતી પર્યાયનો પિંડ ભગવાન પરમાત્મા તું છો. આત્મા કોને કહેવો એની ખબર ન મળે અને ધર્મ કરનાર કેવડો છે એની ખબર નહીં ને ધર્મ એને થાય. સમજાણું કાંઈ? આ તો શાંતિથી વિચારમાં લઈને, ધીરજ ધરીને ત્રિકાળી દ્રવ્ય ઉપર લક્ષ કરવા જેવું છે. એને મોટપ દેવા જેવું છે. બાકી કોઈ ચીજને મોટપ દેવા જેવું છે નહીં. આહાહા! સમજાય છે કાંઈ?

તે **સહજ પરમાત્માને ભજો**. એ ભજન કેવું હશે? પૂર્ણાનંદસ્વરૂપ છે તેની એકાગ્રતા કરે એનું નામ એનું ભજન છે. આહાહા! **–કે જે સહજપરમાત્મા...** અડધો કલાક થયો, નહીં? કેવો છે એને ઓળખાવે છે. કે જે સહજપ્રભુ આત્મા, પરમસ્વરૂપ આત્મા, સહજ પરમસ્વરૂપ આત્મા એ **પરમાનંદમય છે...** અતીન્દ્રિય પરમાનંદમય પ્રભુ આત્મા છે. પુણ્ય ને પાપના વિકલ્પ–વૃત્તિ ઉઠે એ તો દુઃખ છે. એ ભગવાન દુઃખરૂપ નથી, પોતે હોં ભગવાન. આહાહા! શુભ-અશુભભાવ એ દુઃખ છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ શુભરાગ એ દુઃખ છે, તે મય આત્મા નથી એમ કહે છે. એ તો પરમાનંદમય પ્રભુ છે. જેના અતીન્દ્રિય આનંદના એક સમયના ઘૂંટડે આખી દુનિયાના સુખ જેને સડ્યા મીંડદા–સડેલા મીંદડા હોય એવું લાગે. આહા! પણ પોતાની મોટપ પોતાને કેમ સૂઝે? હું આવડો એ કેમ માને? સમજાણું કાંઈ?

એ ભગવાન પોતે એવો છે, એવડો છે, એવો છે, એમ જ છે કે જે પરમાનંદમય છે. આહાહા! એક સમયની પર્યાયના આનંદ જેટલોય નહીં એમ કહે છે. આહાહા! પરમાનંદમય છે. જેના આનંદના સ્વાદના એક અંશ (આગળ) ચક્રવર્તીના રાજ છોડીને અંતરમાં જવા માગે છે. છન્નું હજાર સ્ત્રીઓ પદમણી જેવી, સોળ હજાર દેવ સેવા કરતા હોય, પણ એને પર તરફના

લક્ષમાં જે દુઃખ થાય છે એને છોડવા એ ભગવાન આત્માના લક્ષમાં જાય છે, ત્યારે એ બધું લક્ષમાંથી છૂટી જાય છે. આહાહા! આ નહોતા સમજ્યા માર્ગ. સમજાણું કાંઈ? અહીં અંદર ગયો એટલે કાંઈ ન મળે. બીજામાં સુખબુદ્ધિ, પ્રેમ એ શલ્ય ઉડી જાય છે. એનું નામ ભગવાન સમ્યગ્દર્શન કહે છે હજી તો. સમજાણું કાંઈ? હજી ચોથું ગુણસ્થાન, ધર્મની પહેલી સીઢી, ધર્મની પહેલી સીઢી, પહેલું પગથિયું.

પૂર્ણાનંદસ્વરૂપ ભગવાન એની અંદરમાં દૃષ્ટિ કરીને, દૃષ્ટિમાં કારણ એને બનાવવું, દૃષ્ટિમાં કારણ એને–દ્રવ્યને બનાવવું. આહાહા! એ દૃષ્ટિને અહીંયા સમ્યગ્દર્શન, આનંદના સ્વાદ સાથે, અતીન્દ્રિય આનંદના સ્વાદ સાથે સમ્યગ્દર્શન એને મોક્ષનો માર્ગ કહે છે. આહાહા! પોપટભાઈ! ...... ભાઈ! એ ભાવનો પ્રેમ છોડને નાથ! આહાહા! તારી ક્યાં ચીજ હતી? એ તો દુઃખ છે ભાઈ! તને એમ લાગે છે કે એ પુણ્ય છે માટે ઠીક છે, એના ફળમાં આ ધૂળ મળશે રાજા, દેવ. બાપુ! એ બધું દુઃખ છે. ક્યાંય સુખ છે નહીં. સુખ હોય તો પરમાનંદમય પ્રભુ તું છો. એમ ઓળખાવે છે જુઓ! એ પોપટભાઈ! આહાહા! આ તો બધું લુખ્ખુંલસ કરી નાખે છે. આહાહા! આ બધા પૈસા હોય, એના બાપા પાસે દસ લાખ. એને ત્યાં છોકરા છ. છ તો છોકરા, પચાસ લાખ રૂપિયા.... ઓહોહો! ..... તો ભગવાન છે, કહે છે અહીં તો.

અરે! એના એને જ્ઞાનેય થયા નહીં, એના માહાત્મ્ય માટે જે જાણવું જોઈએ તે જાણ્યું નહીં. આહાહા! એને મૂકીને બીજી ચીજુંના માહાત્મ્યમાં રોકાઈ ગયો, કાંઈ હાથ ન આવ્યું. આવ્યું હાથ તો દુઃખ આવ્યું. સમજાણું કાંઈ? અહીં તો વસ્તુને આનંદમય કહેવી છેને. આહાહા! ભાઈ! તું પરમાનંદનો નાથ છો. પરમાનંદનું રક્ષણસ્વરૂપ જ છો. રક્ષા કરવી એમ નથી, તારું સ્વરૂપ જ એ છે. આહાહા! હવે આત્મા શું છે એની ખબરું ન મળે અને એને ધર્મ થઈને મુક્તિ થાય? જિંદગી વ્યર્થ વઈ જાય. સમજાણું કાંઈ? આહાહા! સહજ પરમાત્મા.. પહેલું કહ્યું હતુંને. **નિર્વાણના કારણનું કારણ સહજ પરમાત્મા**... એ સહજ પરમાત્મા પરમાનંદમય છે. એ ભગવાન પોતે અતીન્દ્રિય આનંદનું ધામ પૂર્ણ સ્વરૂપ છે, જેમાં જતાં વિશ્રામ મળે એવું એ સ્થાન છે.

**સર્વથા નિર્મળ જ્ઞાનનું રહેઠાણ છે...** સર્વથા નિર્મળ જ્ઞાનનું રહેવાનું સ્થાન એ ભગવાન છે. આહાહા! બે લીધાને, આનંદ ને જ્ઞાન. બે લે છેને જ્યાં હોય ત્યાં. બે મુખ્ય...... આહાહા! મુનિએ પણ કળશ કર્યા છેને! ........ નિશ્ચય તે સત્ય, સત્ય તે પરમસત્ય. પરમસત્યનું સત્‌પણું કોને ન ગોઠે? બીજું શું તને ગોઠે? સમજાણું કાંઈ? માળે આવો ધર્મ કેવો? ગુલાબચંદભાઈ! ત્યાં કલકત્તામાં હતું કાંઈ? નહોતું? આ બધા હતાને જાદવજીભાઈ ને.. આહાહા! બાપુ! માર્ગ એવો વીતરાગ છે. તીર્થંકરદેવ કેવળજ્ઞાની એનો કહેલો ધર્મ કોઈ અપૂર્વ છે. જગતે સાંભળ્યોય નથી. સાંભળ્યો એને કહીએ, આહાહા! કે ભગવાન પૂર્ણ શુદ્ધ પરમાનંદ સ્વરૂપ સર્વથા નિર્મળ... કેવળજ્ઞાન તો નિર્મળ, પણ આ તો સર્વથા નિર્મળ પૂર્ણ, એમ કહે છે. સર્વથા નિર્મળ જ્ઞાનનું એ

રહેઠાણ છે. નિર્મળ જ્ઞાન રહેવાનું એ આત્મા સ્થાન છે. આત્મા હોં. પરમાત્મા સર્વથા નિર્મળજ્ઞાનનું રહેઠાણ પોતે છે. આહાહા! સમજાણું કાંઈ? ક્યો પરમાત્મા? આ આત્મા પરમાત્મા નિત્ય ધ્રુવ.

**નિરાવરણસ્વરૂપ છે...** ધ્રુવ વસ્તુ એને આવરણ શું? અખંડાનંદ પરમાત્મસ્વરૂપ સહજસ્વરૂપ–સ્વભાવિકસ્વરૂપ એને આવરણ શું? નિરાવરણસ્વરૂપ છે. **અને નય-અનયના સમૂહથી (સુનયો તથા કુનયોના સમૂહથી) દૂર છે.** વિકલ્પ કે આ નિશ્ચયથી આવો છે ને વ્યવહારથી આવો છે, એ બધા વિકલ્પની લાગણીથી પાર છે. બપોરે ચાલે છે એ. આહાહા! નય, અનય, કુનય. સાચી નય અને કુનય બેયથી દૂર છે કહે છે. આહાહા! એક એ કળશ થયો લ્યો. હવે ૧૪૫ ગાથા. બહુ ગજબ વાત છે. દિગંબર સંતોએ તો કેવળજ્ઞાનીનો માર્ગ ખડો રાખ્યો છે. પાંચમો આરો હોય કે ચોથો આરો, એને કાંઈ લાગુ પડતો નથી. સમજાણું કાંઈ? કહો, ચાંદમલજી!

કર્મે હેરાન કર્યા નથી એમ કહે છે. કર્મ એમાં છે જ નહીં બાપુ! ભગવાન! તારામાં કર્મ કેવા? તારામાં રાગ કેવો? અરે! તારામાં એક સમયની પર્યાય નથી ત્યાં વળી કર્મ કેવા? આહાહા! એવો ભગવાન પૂર્ણાનંદનો સત્-સાહેબો, કહે છે કે એનામાં... હવે અહીં શુભભાવથી તો આગળ લઈ ગયા. એ વસ્તુ છે દ્રવ્ય પૂર્ણ, ગુણ પૂર્ણ ને પર્યાય—એવા ત્રણના વિચારમાં રોકાવું એ પણ રાગ છે, ધર્મ નહીં. આહાહા! સમજાણું કાંઈ?

**दव्वगुणपज्जयाणं चित्तं जो कुणइ सो वि अण्णवसो ।**
**मोहंधयारववगयसमणा कहयंति एरिसयं ॥ १४५ ॥**

ભગવાન કુંદકુંદાચાર્ય, સમવસરણમાં ભગવાન સીમંધર પરમાત્મા મહાવિદેહમાં બિરાજે છે ત્યાં ગયા હતાં, આઠ દિન ત્યાં રહ્યાં, ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યાં. એ કહે છે, અરે ભાઈ!

**જે ચિત્ત જોડે દ્રવ્ય-ગુણ-પર્યાયની ચિંતા વિષે,**
**તેનેય મોહવિહીન શ્રમણો અન્યવશ ભાખે અરે! ૧૪૫.**

ભગવાન આમ કહેતાં હતાં. પરમાત્મા અરિહંતદેવ સીમંધર ભગવાન અને સાથે રહેલા શ્રુતકેવળીઓ, આહાહા! મહાવિદેહમાં બિરાજે છે, ત્યાં ગયાં હતાં કુંદકુંદાચાર્ય. આઠ દિ' રહ્યાં હતાં. આવીને આ શાસ્ત્ર બનાવ્યાં. ભાઈ! જેના મોહરૂપી અંધકાર નાશ થયા છે એવા શ્રમણો, આ વસ્તુ દ્રવ્ય છે, આ ગુણ છે અને આ પર્યાય છે—એવા ભેદના વિચારમાં રહે તેની ચિંતાને રાગ કહે છે. એ ધર્મ નહીં. આહાહા! સમજાણું કાંઈ? ક્યાંથી કાઢી નાખ્યું? ભગવાનની ભક્તિ એ ધર્મ નહીં, એ તો રાગ પુણ્ય છે. આહાહા! અને આખો દિ' શાસ્ત્રે કહેલા આચાર પ્રમાણે વર્તનમાં રહેવું એ પણ શુભરાગ છે. હવે અહીં તો દ્રવ્ય, ગુણ, પર્યાયનું અસ્તિત્વ છે, દ્રવ્ય સત્, ગુણ સત્, પર્યાય સત્. એક વાતમાં આવ્યું હતુંને કે સત્નો વિસ્તાર છે. એ સત્ને

ત્રણ પ્રકારે વિચારવા એ રાગ છે, શુભરાગ છે, ધર્મ નહીં. આહાહા! સમજાણું કાંઈ? ચંદ્રકાંતજી! આવી વાત છે. આહાહા! ન્યાયથી છેને. ભગવાનનો માર્ગ તો ન્યાયથી છે. આહાહા!

**ટીકા : અહીં પણ અન્યવશનું સ્વરૂપ કહ્યું છે.** આ ગાથામાં પણ પરાધીન જીવની વ્યાખ્યા કરી છે. આહાહા! **ભગવાન અર્હત્‌ના મુખારવિંદથી નીકળેલા...** ભગવાન અર્હંતના મુખ-અરવિંદ—મુખરૂપી કમળ, એમાંથી વાણી–ભગવાનની દિવ્યધ્વનિ છૂટી તીર્થંકરની. **મૂળ અને ઉત્તર પદાર્થોનું...** મૂળ પદાર્થ અને એના પેટાભેદો. જેમ જીવ મૂળ, એના પેટાભેદો અનંત જીવો અને મૂળ જીવ ને એના પેટાભેદો ગુણ ને પર્યાય. આહાહા! **મૂળ અને ઉત્તર પદાર્થોનું સાર્થ (–અર્થ સહિત) પ્રતિપાદન કરવામાં સમર્થ...** ભગવાને કહેલા મૂળ પદાર્થ અને એના પેટાભેદો એને **અર્થ સહિત કહેવામાં સમર્થ એવો જે કોઈ દ્રવ્યલિંગધારી (મુનિ)...** આહાહા! શું કહે છે? ભગવાન અરિહંત સિવાય કોઈએ સાચા પદાર્થ કહ્યા જ નથી, બધાએ ગપ્પેગપ્પ માર્યા છે. તીર્થંકર, કેવળી પરમાત્મા સિવાય જે કાંઈ જગતે કહ્યું એ બધી વાત જૂઠેજૂઠી છે.

ભગવાન તીર્થંકરે કહેલા છ દ્રવ્ય સામાન્ય, પેટાભેદ અનંત, અનંત આત્મા, અનંત પરમાણુ સંખ્યાએ અનંત, એક-એક દ્રવ્યના અનંત ગુણ અને એક-એક દ્રવ્યની અનંતી પર્યાય... ભગવાનના મુખે નીકળેલા મૂળ ને ઉત્તર પેટાભેદો... આહાહા! અહીં તો કહેવામાં સમર્થની વાત છે. આહાહા! આ તો કહે છે, દ્રવ્યાનુયોગનું કથન કરવા સમર્થ છે. એમ કહે છે, દ્રવ્ય, ગુણ, પર્યાયનું. આહાહા! પણ એ દ્રવ્યલિંગી મુનિ... કેમકે આત્મા અખંડાનંદ પ્રભુ છે એની ઉપર દૃષ્ટિ કરતો નથી. ફક્ત આ દ્રવ્ય છે, આ ગુણ છે, આ પર્યાય છે—એવા ભેદોમાં રોકાઈને રાગમાં રોકાઈ ગયો છે, કહે છે. પ્રકાશચંદજી! કહો, આ કબીર તો ક્યાંય રહી ગયા. આહાહા! ગાથા એક પછી એક ચડતી જાય છે નજીક લાવવા. આહાહા!

**ક્યારેક છ દ્રવ્યોમાં ચિત્ત જોડે છે...** છ દ્રવ્યના ખ્યાલમાં ચિત્તને જોડે છે એ શુભરાગ છે. આહાહા! **ક્યારેક તેમના મૂર્ત-અમૂર્ત ચેતન-અચેતન ગુણોમાં મન જોડે છે...** પુદ્ગલ મૂર્ત છે, એ સિવાય પાંચ અમૂર્ત છે, એક ચેતન છે ને પાંચ અચેતન છે, એના ગુણો એવા છે એમ કહે છે. એમાં મનને જોડે તો એ પરાધીન જીવ છે. એને આવશ્યક નથી. અવશ્ય કરવાલાયક જે સમ્યગ્દર્શન-જ્ઞાન એ એને નથી. આહાહા! શ્વેતામ્બરમાં એમ કહેવાય છે, દ્રવ્યાનુયોગનું જ્ઞાન આવે એને ..... ન હોય. ખોટી વાત લીધી છે. અહીં તો કહે છે કે દ્રવ્યલિંગી નગ્ન મુનિ હોય, ૨૮ ગુણ પાળતો હોય, પંચમહાવ્રત, પણ એ બધો રાગ છે. આહાહા! વીતરાગસ્વરૂપ એ તો રાગથી ભિન્ન છે. આવો જે મુનિ દ્રવ્યમાં ચિત્તને જોડે છ દ્રવ્યમાં. ભગવાનમાં નહીં, પોતામાં નહીં, (પણ) છ દ્રવ્યમાં. છ દ્રવ્યમાં પોતે આવી ગયો, પણ છ દ્રવ્ય બધું ભેગું.

**અને વળી ક્યારેક તેમના અર્થપર્યાયો...** પ્રદેશ સિવાય... ઓલા એક પ્રદેશત્વગુણની પર્યાય તેને વ્યંજનપર્યાય કહીએ. પ્રદેશ સિવાયના બધા ગુણની અનંત પર્યાયને અર્થપર્યાય કહીએ. એ **અર્થપર્યાયો અને વ્યંજનપર્યાયોમાં બુદ્ધિ જોડે છે...** આહાહા! **પરંતુ ત્રિકાળ-નિરાવરણ, નિત્યાનંદ જેનું લક્ષણ છે...** ભગવાન આત્મા ત્રિકાળી નિરાવરણ વસ્તુ પોતે અને

નિત્યાનંદ જેનું સ્વરૂપ છે. આહાહા! **એવા નિજકારણસમયસારના સ્વરૂપમાં...** એવો નિજ કારણસમયસારસ્વરૂપ એમાં **લીન સહજજ્ઞાનાદિ શુદ્ધગુણપર્યાયોના આધારભૂત** એવું **નિજ આત્મતત્ત્વ...** આ વ્યાખ્યા કરી છે.

કેવો છે ભગવાન આત્મા? કે ત્રિકાળી નિરાવરણ છે વસ્તુ, નિત્યાનંદ જેનું લક્ષણ છે. એવા **નિજકારણસમયસારસ્વરૂપમાં લીન સહજજ્ઞાનાદિ શુદ્ધગુણપર્યાયોના આધાર...** એવા ગુણ ને પર્યાયનો આધાર આત્મા છે એમ કહે છે. એવું નિજાત્મતત્ત્વ એમાં **ચિત્ત ક્યારેય જોડતો નથી...** એને જ્ઞાનમાં, એને લક્ષમાં લેતો નથી અને આ છ દ્રવ્ય ને ગુણ-પર્યાયના લક્ષમાં રોકે છે એ પરાધીન દ્રવ્યલિંગી સાધુ છે. આહાહા! એ પણ મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે. છ દ્રવ્ય, એના ગુણ, એની પર્યાયમાં રોકાય એ તો વિકલ્પમાં રોકાણો. એમાં પ્રવર્ત્યો એ મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? ભારે માર્ગ ભાઈ! આવો.

**તે તપોધનને પણ તે કારણે જ (અર્થાત્ પર વિકલ્પોને વશ થતો હોવાના કારણે જ)...** દ્રવ્ય, ગુણ, પર્યાયના ભેદના વિકલ્પમાં પડ્યો એ તો રાગને વશ છે. એમાં ભગવાન આત્મા ક્યાં આવ્યો? આહાહા! ભારે. સુજાનમલજી! વાત તો એમ જ છે. હા, તે જાણવાનું તો પહેલું ખરું, એમ કહે છે. એવો માર્ગ બાપા! દુષ્કર કાંઈક કરાવે છે. આવે છેને મોક્ષ અધિકારમાં, નહીં? વ્યવહાર આવશ્યક છોડાવતું નથી, પણ દુષ્કર કંઈક કરાવે છે. કારણ કે આ છોડાવીને અંદર ચડાવે છે અંદરની દૃષ્ટિમાં. આહાહા! દુષ્કર કાંઈક કરાવે છે, એમ છે એમાં, નહીં? કરી શક્યો નથી.... એવો ભગવાન આત્મા પૂર્ણ નિત્યાનંદ, ગુણ ને પર્યાયનો આધાર, પોતાના ગુણ ને એનો અંશ એનો આખી ચીજ આધાર. આધાર-આધેય પણ જ્યાં ભેદ નથી. આહાહા!

એવું જે નિજ આત્મતત્ત્વ.. પરમાત્મા પોતાનું તત્ત્વ નિજ. અરે! એમાં ચિત્તને–જ્ઞાનને ક્યારેય જોડતો નથી. ચિત્ત શબ્દે જ્ઞાન. એ જ્ઞાનની પર્યાયને ત્યાં વાળતો નથી અને આ છ દ્રવ્યના ભેદો ને ગુણ ને પર્યાયના વિચારમાં રોકાઈ ગયો છે, આહાહા! તોય તે પરવશ ને મિથ્યાદૃષ્ટિ છે. એ ભીખાભાઈ! આ તો દ્રવ્ય-ગુણ-પર્યાય.... આહાહા! દિગંબર સંતો સિવાય આ કથની ક્યાંય હોય નહીં. સમજાય છે કાંઈ? અંતર વસ્તુની દૃષ્ટિ સહિત હોં, એકલા નાગા ફરે એ તો અનંતવાર દ્રવ્યલિંગીએ કર્યું. પંચમહાવ્રત પણ અનંતવાર પાળ્યા. એ તો રાગ હતો, ત્યાં ક્યાં ધર્મ હતો એમાં? ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ જેમાં સર્વથા નિર્મળ જ્ઞાનનો નિવાસ છે એવું પરમાનંદસ્વરૂપ એવા ધ્રુવમાં દૃષ્ટિ કરતો નથી, ધ્રુવનો આશ્રય લેતો નથી અને આવા ભેદમાં રોકાયેલો છે એ પરવશ છે, પરાધીન છે, એને સાચું આવશ્યક છે નહીં, એને સામાયિક નથી એમ કહે છે. આહાહા! એને ભગવાનની સાચી સ્તુતિ નથી.

દ્રવ્ય, ગુણ, પર્યાયના ભેદમાં રોકાણો છેને. ભેદમાં તો વિકલ્પ ઉઠે છે રાગ. છેને? **दव्वगुणपज्जयाणं चित्तं जो कुणइ सो वि अण्णवसो...** પરાધીન છે. આહાહા! આ તો વીતરાગી મુનિઓમાં આ વાત હોય. અજ્ઞાનીમાં આવા કથન હોઈ શકે નહીં. આહાહા! જગતને આમ સારું લગાડવા અને દુનિયાને જાણે આમ દયા, સત્યને ધર્મ.. આ પણ ધર્મ છે... માખણ

ચોપડીને રખડાવવા માગે છે. એને રખડવું છે ને ઓલાને રખડાવવું છે. ચાંદમલજી! અહીં તો આવી વાત છે. કુંદકુંદાચાર્ય, પદ્મપ્રભમલધારિ મુનિ દિગંબર સંતો જંગલમાં રહેનારા, આત્માના આનંદ સાથે વાતું કરનારા, એ એમ કહે છે કે ભાઈ! અમારા જૈન વાડામાં આવીને સાધુ દ્રવ્યલિંગી પંચમહાવ્રતધારક હોય, પણ એ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદના વિચારમાં રોકાયેલો છે એ મિથ્યાદૃષ્ટિ છે. આત્મદ્રવ્ય જે અખંડાનંદ નિર્વિકલ્પ–રાગ વિનાની ચીજ છે એનો તો એણે આશ્રય લીધો નથી. આહાહા!

'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રીવક ઉપજાયો, પૈ નિજ આતમજ્ઞાન બિના સુખ લેશ ન પાયો.' છઢાલામેં આતા હૈ કિ નહીં? 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રીવક ઉપજાયો..' આવા મહાવ્રતના વિકલ્પમાં ને આવા વિકલ્પના વિચારમાં અનંતવાર લહ્યો. સ્વર્ગમાં ગયો નવમી ગ્રૈવેયકે, પણ આતમજ્ઞાન બિન... પણ એ રાગ વિનાનો ભગવાન નિજાનંદ પ્રભુ એના અનુભવના ભાન વિના લેશ સુખ ન પાયો. એમ કરીને કહે છે કે પંચમહાવ્રતના પરિણામ પણ દુઃખ છે, રાગ છે, એ દુઃખ છે. મુનિવ્રત પાળ્યા પણ, કહે છે, દુઃખ છે. આહાહા! ભારે વાત ભાઈ! શ્રીમદ્ કહે છે કે દિગંબરના તીવ્ર વચનોને લઈને રહસ્ય સમજી શકાય છે કે આ વસ્તુ આમ છે. શ્વેતામ્બરની મોળાશને રસ ઠંડાતો ગયો છે.

કહે છે કે જે કોઈ પ્રાણી અહીં સુધી આવ્યો, ભગવાને કહેલા છ દ્રવ્ય, ગુણ, પર્યાય કહેવામાં હુશિયાર એ જીવ ત્યાં સુધી આવ્યો, એમ કહે છે. આહાહા! એય! પણ કહેવામાં હુશિયાર એ રોકાણો છે દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદમાં. આહાહા! ગજબ વાત છે કે નહીં? આમ તો કીધું કે પ્રતિપાદન કરવામાં સમર્થ છે. દ્રવ્ય, ગુણ ને પર્યાયને કહે. સમજાણું કાંઈ? એની પર્યાયોને કહે, એમાં ગુણને જોડ્યું છે, પણ ત્રિકાળ નિરાવરણ નિત્યાનંદ જેનું લક્ષણ એવા નિજ કારણસમયસારસ્વરૂપમાં લીન રહેલા ગુણો ને પર્યાય, એનો આધાર ભગવાન આત્મા પોતે એમાં ચિત્ત ક્યારેય જોડતો નથી. એ જ્ઞાનને ત્યાં વાળતો નથી, અંતરમાં વાળ્યું નથી એ બધા મિથ્યાદૃષ્ટિ, અજ્ઞાની છે.

**એ તપોધનને પણ**... જુઓ! આ તપોધન એટલે મુનિ થયો ત્યાગી. **તે કારણે જ** (**પર વિકલ્પોને વશ થતો હોવાના કારણે જ**) **અન્યવશ કહેવામાં આવ્યો છે.** એ પરાધીન જીવ છે. રાગને વશે પડેલા દ્રવ્ય, ગુણ, પર્યાયના ભાગને પ્રરૂપે એ પરવશ છે, ધર્મ નથી ત્યાં. આહાહા! એ ભીખાભાઈ! બહુ આઘે જવાનું આ તો. આહાહા! તેને પણ ઓલો વિકલ્પ છેને ભેદનો, ત્યાં રોકાણો છે. વસ્તુ ત્યાં નથી. વસ્તુ તો વિકલ્પથી રહિત અભેદ એકાકાર છે. એમાં દૃષ્ટિનો અનુભવ કરતો નથી એ પણ પરાધીન અને પરવશ જીવ છે, એમ જૈનશાસનમાં ભગવાને કહ્યું છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**માગશર સુદ-૯, ગુરુવાર, તા. ૧૪-૧૨-૧૯૭૨**
**ગાથા-૧૪૫-૧૪૬, શ્લોક-૨૪૬, પ્રવચન નં. ૧૭૩**

૧૪૫ ગાથાની ટીકા ચાલે છે. નિયમસાર, નિશ્ચય-પરમ-આવશ્યક (અધિકાર). આત્માનું મોક્ષને માટે જરૂરનું કાર્ય એને પરમ-આવશ્યક કહેવામાં આવે છે. જેને પરમસુખની પ્રાપ્તિ કરવી છે... પરમ સુખની પ્રાપ્તિ તે મુક્તિમાં છે. મોક્ષમાં પરમસુખ છે. પરમ આનંદ એની જેને પ્રાપ્તિ કરવી છે એને જરૂરિયાતનું કાર્ય શું એ વર્ણવે છે. કહે છે કે દ્રવ્ય, ગુણ, પર્યાય એ ત્રણના ભેદમાં રોકાણો એ પણ એનું આવશ્યક કાર્ય નથી. આહાહા! સમજાણું કાંઈ? બીજા વિકલ્પો વ્યવહારના એ તો જરૂરના નથી, પણ આ આત્મા વસ્તુ છે અનંત શક્તિસંપન્ન અને એની શક્તિ છે જ્ઞાન, આનંદ આદિ અને એની અવસ્થા છે જ્ઞાન-જાણવાની, દેખવાની વગેરે—એવું સત્ એક હોવા છતાં એના ત્રણ ભેદના વિચારમાં રોકાવું એ પરાધીન દશા છે. કેમકે એમાં રાગ-વિકલ્પ ઉઠે છે.

અભેદ એક ચીજ છે ચિદાનંદસ્વરૂપ એને ત્રણ ભેદથી વિચારવો, એમાં રાગ ઉઠે છે. એ જીવ પરાધીન છે, રાગને વશ છે, સ્વાધીન નથી. સમજાણું કાંઈ? એટલે કે પરાધીન, દુઃખી છે એમ કહે છે. આહાહા! વસ્તુ ભગવાન આત્મા અનંત શક્તિસંપન્ન ચીજ, અનંત શક્તિ એ ગુણ અને એની પર્યાય વર્તમાન વર્તતી અવસ્થા—એવું એનું સ્વરૂપ ત્રણ રૂપે વિચારવું, ત્રણ રૂપે ભેદ કરીને રાખવું, એનું નામ રાગ ને વિકલ્પ, પરાધીનદશા છે. કહો, સમજાણું કાંઈ? એને પરવશ કહ્યો છે. કોણે કહ્યો છે? આવી ચીજને કોણે પરવશ કહ્યો? એમ કહે છે. આવું સ્વરૂપ જે પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાયના ત્રણને વિચારે, એને પરાધીન કહ્યો, એ પણ ધર્મી નહીં. આહાહા! સમજાણું કાંઈ? એ સુખી નહીં. આહાહા! આવું તે કોણે કહ્યું? એ કહેશે. એની વ્યાખ્યા છે આ.

પાઠ છેને પાઠ જુઓ! **मोहंधयारववगयसमणा कहयंति एरिसयं**.. આહાહા! પહેલા આમ નાખવું જોઈએ. કુંદકુંદાચાર્યે (કહ્યું) હોં, ભઈ! તમને એમ લાગતું હોય કે જે વ્રત ને તપ ને વિકલ્પ ઉઠે છે એ પણ પરાધીન છે. એ તો વળી ઠીક કદાચિત્ સાધારણ (માણસ)ને. સમજાણું? શુભભાવ પહેલો પરાધીન છે એ ઠીક. પણ આટલી બધી વાત કોણે કહી? પોતાની ચીજને ત્રણ પ્રકારે વિચારવું એ રાગભાવ પરાધીન છે. આહાહા! ભગવાન એકસ્વરૂપે પ્રભુ આત્મા છે. દ્રવ્ય, ગુણ, પર્યાય એવા ભેદ નથી, એ તો અભેદ ચીજ છે. સમજાણું કાંઈ? ભાઈ! ઝીણું પડશે. એ એકરૂપ વસ્તુમાં આ ત્રણ ભાગલા પાડીને વિકલ્પમાં રોકાવું એ દુઃખમાં રોકાણો છે, એ દુઃખી છે. આહાહા! પ્રકાશદાસજી!

ભગવાનનો વિચાર, તીર્થંકર ને કેવળીઓ એને માનવા ને ઓળખે એ વિકલ્પ-રાગ છે, કહે છે, એ તો ઠીક. આહાહા! પણ પોતે નિજ પરમાત્માની વાતમાં ત્રણ ભાગલા પાડવા એ

પરાધીનતા? ભગવાન પરદ્રવ્ય છે, દેવ-ગુરુ પરદ્રવ્ય છે એને વિચારવા ને માનવા એ તો રાગ છે, વિકલ્પ છે, એ તો પરદ્રવ્ય છે માટે ઠીક. પણ આ સ્વદ્રવ્યમાં ત્રણ ભેદ–ભાગલા પાડવા એ પરાધીન? આહાહા! સમજાણું કાંઈ? ભગવાન આત્મા અભેદ, પર્યાય ને ગુણ તો દ્રવ્ય (સાથે) અભેદ છે, એ કોઈ જુદા છે નહીં. એવો ભગવાન આત્મા વસ્તુ તરીકે પૂર્ણસ્વરૂપ પરમાત્મતત્ત્વ છે એને, આ દ્રવ્ય ને આ ગુણ ને આ પર્યાય એટલે આ શક્તિવાળો, આ શક્તિ ને આ એની દશા—એવા એકમાં (ભેદ)... કારણ કે ત્રણનો આધાર તો એક વસ્તુ છે. છતાં એમાં લક્ષ રાખીને રાગમાં રોકાય છે એ પોતાના શુદ્ધગુણસ્વરૂપમાં ચિત્ત ક્યારેય જોડતો નથી. આહાહા! ... વિકલ્પમાં રોકાય, પણ પ્રભુ અખંડાનંદ જ્ઞાનાનંદસ્વરૂપ એને પકડીને એકાગ્ર થતો નથી. ભારે વાતું ભાઈ!

આવું કોણે કહ્યું? કહે છે. કુંદકુંદાચાર્ય પોતે કહે છે કે આમ કહું છું. મારું કહેલું છે એમ નહીં, એ તો સંતો કહી ગયા છે. અનાદિ મહામુનિઓ–તપોધન ધર્માત્મા, અભેદના આનંદના અનુભવી જીવો આમ કહી ગયા છે. સમજાણું કાંઈ? આરે, ભારે. ....ભાઈ! આ ધંધા કરવા, .. કરવા એ પાપ તો પરાધીન છે, (પણ) દયા, દાન ને ભક્તિ તપ કરવો એ વિકલ્પ પરાધીન? ક્યાં સુધી તમારે લઈ જાવું છે? કારણ કે આટલું બધું કહ્યું એ કોણે કહ્યું છે? તમે કહો છો? હું તો કહું છે એ તો ઠીક, પણ મહાપુરુષો કહી ગયા છે.

જેનો મોહ... દર્શનમોહ... છે ને? **જેમણે દર્શનમોહનીય...** ઊંધી પ્રતીતિ–પરમાં સાવધાનપણું એવો જેને દર્શનમોહ ગયો છે એવા સંતો આમ કહે છે. આહાહા! એમનો આધાર આપીને કુંદકુંદાચાર્યને કહેવું પડે છે. દર્શનમોહનીયનો જેણે નાશ કર્યો છે, સમ્યગ્દર્શનને યોગ્ય જે પ્રકૃતિ દર્શનમોહનીય એનો જેણે નાશ કર્યો છે. **અને ચારિત્રમોહનીય કર્મરૂપી તિમિરસમૂહનો...** ચારિત્રમોહનીય–અસ્થિરતાના રાગ-દ્વેષ આદિ એવા કર્મરૂપી તિમિર–અજ્ઞાન એનો સમૂહનો **નાશ કર્યો છે અને પરમાત્મતત્ત્વની ભાવનાથી ઉત્પન્ન...** ઓલો 'નાશ કર્યો' એ નાસ્તિથી કહ્યું, ત્યારે થયું શું એમને? કે પરમાત્મતત્ત્વ ભગવાન પરમસ્વરૂપ પરમાત્મા પોતે આનંદસ્વરૂપ એની ભાવના, એની એકાગ્રતા, એનાથી ઉત્પન્ન...

વસ્તુ ભગવાન અતીન્દ્રિય સચ્ચિદાનંદ પ્રભુ એની એકાગ્રતાથી ઉત્પન્ન **વીતરાગ-સુખામૃતના પાનમાં...** રાગરહિત સુખરૂપી અમૃત એના પીવામાં **જે ઉન્મુખ (તત્પર) છે...** ઉન્મુખનો અર્થ અહીંયા તત્પર છે, સન્મુખ છે. સમજાણું કાંઈ? આહાહા! આ તે નિયમસાર... આહાહા! એવો ભગવાન એકસ્વરૂપે પરમાત્મતત્ત્વ છે એમાં જેની ઉત્પન્નદશા વીતરાગ સુખામૃતના પાન... આહાહા! રાગરહિત આનંદરૂપી અમૃત એના પીવામાં જે ઉન્મુખ છે, નિર્વિકલ્પરસ પીવામાં જે સન્મુખ છે. આહાહા! કારણ કે પરમાં સાવધાનીનો ભાવ અને અસ્થિરતા એ બેય જેણે નાશ કરી છે. અને નાશ થતાં પરમાત્મતત્ત્વમાંથી ઉત્પન્ન થતો પરમ

વીતરાગ અમૃતના આનંદના પીવામાં જે તત્પર છે, એવા મુનિઓ આવું સ્વરૂપ કહે છે. સમજાણું કાંઈ?

**એવા શ્રમણો ખરેખર મહાશ્રમણો છે...** આવા શ્રમણો એ ખરેખર મહાસંતો છે. **પરમ શ્રુતકેવળીઓ છે...** શ્રુતજ્ઞાનમાં પૂરા.. પૂરા કેવળી છે. છદ્મસ્થની વાત છેને અત્યારે. **તેઓ ખરેખર અન્યવશનું આવું (-ઉપર કહ્યા પ્રમાણે) સ્વરૂપ કહે છે.** આહાહા! આવા સંતો–મહામુનિઓ જેમણે વીતરાગીતત્ત્વના કિનારા (પ્રાપ્ત કર્યા) અને રાગના તત્ત્વનો જેણે નાશ કર્યો છે. આહાહા! સમજાણું કાંઈ? અનાદિથી રાગના અનુભવમાં જે જીવ હતો એ દુઃખના અનુભવમાં હતો. જેણે રાગના અનુભવનો નાશ કર્યો અને જેણે વીતરાગ-અમૃતનું પાન કર્યું એવા મહામુનિઓ અન્યવશનું આવું સ્વરૂપ કહે છે. આહાહા! કહો, વીરચંદભાઈ! આ કાંઈ સાધારણ પ્રાણી નથી કહેતા, એમ કહે છે. પોતાની વાત પણ ન કરી. આ સાક્ષી આપે છે. આહાહા! ..... સાચું છે.. સાચું છે એમ હું એકલો કહેતો નથી. આહાહા!

ભગવાન આત્મા અંતરમાં રાગના વિકલ્પથી ભિન્ન છે અને અનંત આનંદાદિ ગુણથી અભિન્ન છે. એવા તત્ત્વને અંતરમાં–પર્યાયમાં પ્રગટ કરી, જે આત્માના આનંદને ચૂસનારા છે, નિર્વિકલ્પ આનંદને ઘૂંટડે ઘૂંટડે પીનારા છે. આહાહા! સમજાણું કાંઈ? ઘૂંટડે-ઘૂંટડે એટલે પર્યાયે-પર્યાયે. પર્યાયે-પર્યાયે અતીન્દ્રિય આનંદના પીનારા છે. સમજાણું કાંઈ? માળે આવો ઉપદેશ કેવો આ? આવો માર્ગ છે ભગવાન! તારા સ્વરૂપની પ્રાપ્તિનો માર્ગ આ છે. આ વિના બધા થોથેથોથા છે. પ્રકાશદાસજી! આહાહા!

ઓલા કહે, 'સાહેબને ભજવા.' અહીં કહે છે, એ તો ક્યાંય વાત રહી ગઈ. 'કબીર કહે કમાલકો, દો બાત સુન લે, એક સાહેબકી બંદગી, ભૂખેકો અન્ન દે.' એય! એ વાત તો ક્યાંય રહી ગઈ. એના માનેલા સાહેબ નહીં, પણ સાચા માનેલા સાહેબ સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્મા. મુક્તિના નાથ એવા સર્વજ્ઞ પરમેશ્વરો અનંત છે. એને માનવાનો ભાવ, કહે છે કે પરસન્મુખ છેને, એ તો રાગ છે. આહાહા! એ તો નહીં, પણ પોતાનો સાહેબ અનંત આનંદના ગુણથી ભરેલો ભગવાન આત્મા, એ અભેદમાં ભેદના ભાવ કરવા એ પરાધીનતા છે. આહાહા! સંતોની વાણી તો જુઓ! રામબાણ. રામનું બાણ ગયું એટલે સામે મર્યે છૂટકો. સમજાય છે? એમ આ બાણ અંદરથી માર્યા છે. ભાઈ! સાંભળ તો ખરો એકવાર. આહાહા!

તારી ચીજ અંદર એકરૂપ અભેદ વસ્તુ છેને તત્ત્વ આત્મા. એકરૂપ અખંડાનંદ પરમાત્મસ્વરૂપ તારું પડ્યું છે, એમાં એકાગ્ર થા. ભેદ નહીં. આહાહા! સમજાણું કાંઈ? હજી તો આને બહારની તકરાર. ઓલો (કહે), મૂર્તિ તમે માનો તો કલ્યાણ થાય, ઓલો કહે તમે નથી માનતા. એ વાંધા બહારના. અહીં તો કહે છે કે મૂર્તિ માને, સર્વજ્ઞ માને તોપણ એ બધો વિકલ્પ છે. આહાહા! ભારે વાતું. ત્યાં તો રાગી છે અને રાગવાળો છે અને દુઃખી છે, આહાહા! પણ

ભગવાન અભેદમૂર્તિ પ્રભુ ચૈતન્ય જે દ્રવ્ય-ગુણ-પર્યાયને પી બેઠું છે આખું. આહાહા! એવું ચૈતન્યતત્ત્વ પોતાનો સાહેબો આત્મા એમાં અભેદ છોડીને ભેદ પાડવા કે આ દ્રવ્ય છે અનંત શક્તિને ધરનારું એક તત્ત્વ, આ ગુણ છે એમાં અનંત સ્વભાવ શક્તિ છે, આ એની પર્યાય છે એનો વર્તમાન અંશ, ... ત્રિકાળી ભાવ—એવા ભેદ પાડનારને પણ ભાવમાં રાગની ઉત્પત્તિ થાય છે. સુખની ઉત્પત્તિ થતી નથી એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ?

ત્યારે કહે છે કે આવી વાતું કરી કોણે? આહાહા! કે મહાશ્રમણો, જેણે આત્માના વીતરાગી પર્યાયના અમૃતના પીણા પીધા છે, અમૃતના સાગરને પર્યાયમાં ઉછાળીને એનું વેદન છે જેને. આહાહા! છદ્મસ્થ હોં, કેવળીની આ વાત નથી. સમજાણું કાંઈ? આ જૈનના સાધુઓ. જૈન એટલે કોઈ સંપ્રદાય નથી. વસ્તુમાં અનંત આનંદાદિ શક્તિ પડેલી છે એને, રાગની એકતા તોડી રાગને જીતવો એનું નામ જૈન. એ તો વસ્તુની સ્થિતિ છે. આહાહા! સમજાણું કાંઈ? અહો! **એવા શ્રમણો ખરેખર મહાશ્રમણો છે**... એક તો આવા કહીને પછી કહ્યું, **પરમ શ્રુતકેવળીઓ છે. તેઓ ખરેખર અન્યવશનું**... ઉપર કહ્યા પ્રમાણે સ્વરૂપ કહેતા હતા, કહે છે. કહેતા હતા પણ નહીં, કહે છે. વર્તમાન પણ એમ જ કહે છે. આહાહા! સમજાણું કાંઈ?

આ પાઠનો (અર્થ) આવો છે, આવો છે ને તેવો છે. આહાહા! ભગવાન અત્યારે પણ સંતો આમ જ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? કહો, ..ભાઈ! આ બધું સમજવું પડશે. ત્યાં ધૂળમાં કાંઈ નથી. સોથા નીકળી ગયા ને નીકળી જશે. શેરડીનો સાંઠો હેઠે પડ્યો હોય અને માથે હજાર મણનું... ગાડું નહીં, આ શું કહેવાય? તમારે ખટારો. રસ્તામાં ભાળીએ છીએને. સાટા પડ્યા હોય ને માથે સોથા. પાણી જુદું ને શેરડીના કટકા જુદા. હેઠે જમીન કઠણ હોય ડામરની કાં ઓલી સીમેન્ટની. એમાં હજાર મણ પથરા ભરીને ગાડું નીકળ્યું હોય, કટકો પડ્યો હોય તો કૂચા. રસ જુદો પડી ગયો હોય ને કૂચા. રસ પસરી ગયો ધૂળમાં. માથે કૂચો આમ થઈ ગયો હોય. આહાહા!

પૂનમભાઈને એમ થયું હતુંને ભાઈ! ફોટોગ્રાફર, પૂનમચંદ ફોટોગ્રાફર. એ બિચારા આમ જાતા હતા. હમણાં એની વહુ ને આવ્યા હતા. એ પાછા ફટફટીયામાં–સ્કુટરમાં જાતા હતા. ત્યાં પાછળથી ખટારો આવ્યો. પડ્યા, રોટલી વણે એમ આ માથું વણાઈ ગયું. થાણામાં ને? આના ઉપર..... આમ ભરાઈ ગયું, માથું લાંબું થઈ ગયું આમ. ફોટો આવ્યો છે, ફોટો લાવ્યા હતા. આહા! એવું છે. ..... અહીં એક ગરાસિયા, નહીં? ........ આમ બેઠો હતો એના પોતાના ખટારામાં અને બારણું ઉઘાડ્યું રાખ્યું હતું જરી. અને અહીં સામે આવ્યો મોટો ખટારો. વાડીલાલના મકાન પાસે. બારણું ને એનો હાથ... બે વચ્ચે ચેપાઈ ગયો. કારણ કે બારણું આમ નીકળી ગયું,. હાથ ત્યાં હતો. ખેંચીને બે વચ્ચે જગ્યા કરીને..... ખટારા વચ્ચે..... અને અહીંથી ..... આમ થઈને નીકળી ગયું. ખટારો ... ગયો, હેઠે નીકળી ગયો. આહાહા!

કહે છે કે આત્માના ભાન વિના તારા સોથા નીકળી જશે. હણાઈ ગયો બાપા! તને ખબર નથી. આહાહા! અરે! શેની તને હોંશુ આવે છે બહારમાં? આહાહા! કરવા જેવું હોય તો શું, એની વાત કરે છે. એ ત્રણ ભેદ પાડીને રહેવું એ કરવા જેવું કાર્ય નથી. બાપુ! આહાહા! (શ્રોતાઃ બીજી વાત તો ક્યાંય રહી). હા, ક્યાંય રહી. આહાહા! અંતર ભગવાન ચિદાનંદ પ્રભુ પૂર્ણાનંદનો નાથ બિરાજે છે, વસ્તુ પોતે પરમાત્મસ્વરૂપ જ છે. એ નર પોતે નારાયણ થાય છે. એનામાં નારાયણ થવાની–પરમાત્મા થવાની શક્તિ છે, આહા! પણ એ અભેદમાં દૃષ્ટિ ને સ્થિરતા કરે તો. આવા બધામાં રોકાય તો આત્માનું કલ્યાણ કાંઈ નહીં થાય કહે છે. આહાહા! સમજાણું કાંઈ?

**એવી રીતે (અન્યત્ર શ્લોક દ્વારા) કહ્યું છે કે :—**

**आत्मकार्यं परित्यज्य दृष्टादृष्टविरुद्धया ।**
**यतीनां ब्रह्मनिष्ठानां किं तया परिचिन्तया ॥**

**શ્લોકાર્થ :** અરે! **આત્મકાર્યને છોડીને...** આહાહા! પોતાનો આત્મા ભગવાન એને જાણવું, દેખવું, ઠરવું, શાંતિ એવું કાર્ય એનું છે. વસ્તુમાં એકાગ્રતા થવી એ એનું કાર્ય છે. ભગવાન પરમાનંદનો નાથ એમાં એકાગ્ર થવું એ એનું કાર્ય છે. એનું કાર્યને છોડીને, **દૃષ્ટ તથા અદૃષ્ટથી વિરુદ્ધ...** કેવળજ્ઞાનીએ જોયું અને શ્રુતજ્ઞાનીએ જોયું એનાથી વિરુદ્ધ. **એવી તે ચિંતાથી (–પ્રત્યક્ષ તથા પરોક્ષથી વિરુદ્ધ એવા વિકલ્પોથી)** તને શું કામ છે? ભાઈ! એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? શ્રુતજ્ઞાન પરોક્ષ છે, કેવળજ્ઞાન પ્રત્યક્ષ છે, પણ છે તો બેયનું એક જ સ્વરૂપ. એણે જે જોયું એ રીતે જ વસ્તુનું સ્વરૂપ છે. એનાથી વિરુદ્ધ વિકલ્પનું તને શું કામ છે? આહાહા! સમજાણું કાંઈ? આહાહા!

જૈન સર્વજ્ઞસ્વભાવ એટલે જ્ઞાનસ્વભાવ ભગવાન આત્મા. આ તો દૃષ્ટ-અદૃષ્ટથી આમ આવ્યું મગજમાં. એ તો જ્ઞાનસ્વભાવી આત્મા છે, એને શ્રુતજ્ઞાનથી જાણે કે કેવળજ્ઞાનથી જાણે, (પણ) જાણવાનો એનો સ્વભાવ છે. આહાહા! સમજાણું કાંઈ? એના સિવાય બીજી ચિંતા ને વિકલ્પથી શું કામ છે તારે? આહાહા! **બ્રહ્મનિષ્ઠ યતિઓને શું પ્રયોજન છે?** બ્રહ્મ નામ ભગવાન આત્મા આનંદમૂર્તિ પ્રભુ, એમાં નિષ્ઠ–એમાં રહેલા, આનંદમાં રહેલા સંતોને બીજું શું પ્રયોજન છે? સમજાણું કાંઈ? ગૃહસ્થોને પણ આત્માના સ્વભાવની એકાગ્રતા સિવાય બીજા કાર્યનું કામ છે? કહો, પંડિતજી! આહાહા! ભગવાન પરમાનંદનો નાથ એનું કાર્ય તો આનંદને પીવું, નિર્વિકલ્પદશાને પીવું છે. એ સિવાય બીજી ચિંતાના કાર્યથી તને શું લાભ છે?

અરે! મનુષ્યના દેહ ચાલ્યા જાય છે. સમયે-સમયે દેહ છૂટવાને નજીક કાળ જાય છે. એનો છૂટવાનો કાળ નક્કી થઈ ગયો છે. એમાં કાંઈ ફેરફાર પડે એવો નથી. આહાહા! ઓલા કહે, ભગવાને દીઠું થાશે. ભગવાને દીઠું એ તો ઠીક, પણ ભગવાન છે કોણ એ તેં માન્યો છે?

આહાહા! સમજાણું કાંઈ? સર્વજ્ઞ છે, જગતમાં કેવળજ્ઞાની છે ભાઈ! એક ગુણની એક સમયની એક પર્યાય કેટલી? કે કાળ-સમય એક અને જાણે ત્રણ કાળ, ત્રણ લોક. આહાહા! એવી પર્યાયવાળું તત્ત્વ એટલે કે મોક્ષતત્ત્વ, એ મોક્ષતત્ત્વની જેને શ્રદ્ધા બેઠી એ તો સમકિતી થયો, અનંત પુરુષાર્થ દ્રવ્ય તરફ વળી ગયો. પુરુષાર્થ ક્યાં નથી? આહાહા! સમજાણું કાંઈ? આહાહા!

એનો પુરુષાર્થ તો અંતર્મુખ વળી ગયો. મહા જે હતું તે (પ્રગટ) થયું ત્યાં. આહાહા! આને હજી શંકા પડે છે. અરે! ભગવાને દીઠું તે દિ' થાશે. પણ સાંભળ તો ખરો! તું પણ દેખનારો છો કે નહીં? સમજાણું કાંઈ? આ ... ને ...ની વાત ચાલે છે બધી. તું જાણનાર-દેખનાર છો કે નહીં? જાણનાર-દેખનારની પુરુષાર્થની ગતિમાં શું એને બાકી રહ્યું હવે? આખો ભગવાન જાણનાર-દેખનારને પ્રતીતમાં આવી ગયો, પછી વળી ભગવાને દીઠું તે દિ' થાશે ને નહીં થાય એ વાત ક્યાં રહી? આહાહા! સમજાણું કાંઈ? કહો, વીરચંદભાઈ! આહા! આ બધા પ્રશ્ન ઉઠાવે છેને. મૂળ એને કેવળજ્ઞાન એટલે શું એના ઠેકાણા નથી. આહાહા! એટલે દેવ કોણ ને દિવ્યશક્તિ જેને પ્રગટી એ કોણ છે એની એને શ્રદ્ધાની ખબર નથી.

એની એવી શ્રદ્ધા થાય કે મુક્તસ્વરૂપ, કેવળજ્ઞાન આવો... એવી જેની શ્રદ્ધા થાય, એને તો સર્વજ્ઞ 'જ્ઞ' સ્વભાવી આત્મા તરફ ગયા વિના શ્રદ્ધા થાય નહીં. એ તો પુરુષાર્થ એમાં આવી ગયો. આહાહા! સમજાણું કાંઈ? લોકોએ એવા વાંધા કરી મૂક્યા છેને વાતમાં, મૂળ સ્વરૂપને સમજ્યા વિના. શ્વેતામ્બરમાંય એ આવે છે, 'દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ રાજનીતિએ ચાર જી, ત્રાસ વિના જડ ચૈતન્ય પ્રભુની, કોઈ ન લોપે કાર જી.' અર્થ સમજાણો? દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ, ભાવ એ ભગવાને જોયું અને ભગવાનની આજ્ઞા છોડીને જડ ને ચૈતન્ય ત્રાસ વિના એનું પરિણમન થયા કરે છે (એટલે કે) દબાણ વિના, એમ કહે છે. આહાહા! 'ત્રાસ વિના જડ ચૈતન્ય પ્રભુની..' ભાષા તો જુઓ! શીતલનાથની સ્તુતિમાં આવે છે. 'કોઈ ન લોપે કાર જી..' કાર એટલે આજ્ઞા. ભગવાનની આજ્ઞા લોપીને કોઈનું પરિણમન હોય નહીં. આહાહા! એય! સમજાણું કાંઈ? પરમાત્માનું પરિણમન જ્ઞાનના પરિણમન સિવાય બીજું પરિણમન હોય નહીં, કહે છે. આહાહા! સમજાય છે કાંઈ? ... બાપુ! આ તો અંદરની વાતું છે. આહાહા!

કહે છે કે આવું પણ ત્રણને ભેદ પાડીને આ કેવળીને માનવા. એ કોઈ સામું જોઈને માનવા નથી. જેમાં એવી કેવળની અનંતી પર્યાયો છે એવો જ્ઞાનગુણ એને કારણપણે ગ્રહીને જે કાર્ય પર્યાયમાં થાય, બસ, એ મોક્ષનો માર્ગ છે. એ પુરુષાર્થથી થાય છે. સમજાણું કાંઈ? બાકી બધી વાતું છે. ઘણા તો એમ કહ્યા કરે છે કે ભગવાને સાથે પુરુષાર્થ પણ દીઠો છેને. એ ખુલાસો છે જ નહીં. એમ કે ભગવાને દીઠું હોય ત્યારે પુરુષાર્થ થાયને. એ તો એનું એ થયું. એ આવે છે. ..... આ પ્રશ્ન તો ૭૨ની સાલથી ચાલે છે. આહાહા!

વાત એવી છે કે જેને આવી સત્તાની શ્રદ્ધા બેસી, આહાહા! આવું હોવાપણું, એક સમયના જ્ઞાનમાં તાકાત કે ત્રણ કાળને ગળી ગયું. ઓહોહો! સમય એક ને ત્રણ કાળ સમાઈ ગયા એમાં. એવી જેની સત્તાનું સામર્થ્ય છે, એની જેને શ્રદ્ધા, 'છે' એવી શ્રદ્ધા થાય, એને તો આત્મા સન્મુખની દૃષ્ટિ થયા વિના શ્રદ્ધા થાય નહીં. સમજાણું કાંઈ? એ તો સમ્યગ્દૃષ્ટિ થયો. આહાહા! એ પુરુષાર્થથી થયો, અંતરમાં જઈને થયો. આહાહા! સમજાણું કાંઈ? આ તો દૃષ્ટ-અદૃષ્ટ આવ્યુંને. પરોક્ષ શ્રુતજ્ઞાન હોય, પ્રત્યક્ષ કેવળજ્ઞાન હોય, બાપુ! જ્ઞાન એટલે જ આત્મા. એના પછી આ બે ભેદ—એક સાધકનું જ્ઞાન અને કેવળજ્ઞાન. એના સિવાય બીજા વિકલ્પની તને જરૂર શું છે? આહાહા! સમજાણું કાંઈ?

હવે ઓલા રતનચંદજી (કહે), ભગવાને દીઠું એ પ્રમાણે થાય એ વાત સાચી છે. એ હિસાબે ક્રમબદ્ધ છે. શ્રુતજ્ઞાની એમ માને ખરો, પણ પુરુષાર્થ કરવામાં સ્વતંત્ર છે. એ શ્રુતજ્ઞાની એમ ન માને કે ભગવાને દીઠું હશે ત્યારે અમે પુરુષાર્થ કરીશું. આવા તો મોટા પંડિતો. રતનચંદજી, મોટા પંડિત. વાંચ્યું છે ઘણું. ચિત્રવેલ ને. બરાબર ....અભ્યાસ હોં. નવરા છેને નિવૃત્તિ લઈને. વકીલ હતા. બહુ અભ્યાસ. ચિતરવેલ છે આ બધી. ભગવાન અભેદ ચૈતન્યમૂર્તિ પ્રભુ એની પ્રતીત કરવાને માટે કોઈ વિકલ્પના આશ્રયની જરૂર નથી. સમજાણું કાંઈ? આહાહા!

આ તો હજી સમ્યગ્દર્શન ... એકડાની વાત છે આ તો. પછી એમાં આ દશા થઈ એટલે સ્વરૂપની તરફ પુરુષાર્થ ગતિ કર્યા જ કરે છે. એ કાંઈ પરિણમન આમ કરું, એમ કાંઈ છે નહીં. પરિણમન તો એનું કર્તા-કર્મના પરિણમનના કાર્યથી થયા જ કરે છે. સમજાય છે કાંઈ? હું કરું પરિણમન એવું ક્યાં છે એમાં? આહાહા! કેમકે પરિણમન જે પર્યાય છે એમાં કર્તા, કર્મ, કરણ એનો સ્વભાવ છે, એથી પરિણમ્યા જ કરશે. દ્રવ્ય ને ગુણના કર્તા (થયા) સિવાય પરિણમ્યા કરશે એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ?

અરે! હવે આવો માર્ગ અભેદનો, કહે છે કે એકલો જાણવા-દેખવાનો જેનો સ્વભાવ છે, ભલે પરોક્ષથી જાણે કે પ્રત્યક્ષથી જાણે, પણ જાણવું-દેખવું જેનું સ્વરૂપ છે એને બીજી ચિંતાનું શું કામ છે? સમજાણું કાંઈ? આહાહા! **બ્રહ્મનિષ્ઠ યતિઓને શું પ્રયોજન છે?** જાણવા-દેખવાના સ્વભાવમાં પડ્યો છે એ આત્મા આનંદમાં પડ્યો છે. આહા! નિયમસાર તે નિયમસાર છે ને! નિયમસર બનાવી દે એવું નિયમસાર છે. નિયમસાર એટલે એવો તું છો. પોતે જ છે, બીજો કોણ? આ તો વાણી છે.

**વળી (આ ૧૪૫મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :–**

**यावच्चिन्तास्ति जन्तूनां तावद्भवति संसृतिः।**
**यथेंधनसनाथस्य स्वाहानाथस्य वर्धनम्॥ २४६॥**

સ્વાહા.. અગ્નિમાં જેટલું પડે એ સ્વાહા થઈ જાય છે, કહે છે. સ્વાહાનું માપ કાઢ્યું. બાળી નાખે છે બધાને. હોમ કરી નાખે અગ્નિ. સ્વાહા.. કરે છેને આમાં–પૂજામાં નથી કરતા? તારો નાથ એમાં બધું ટળી જાય છે. જાણવામાં શું બાકી રહે? એમ કહે છે. એમ આત્માનું જ્ઞાન સ્વાહા.. ત્રણ કાળ, ત્રણ લોકને જાણે એવો આત્મા સ્વાહા... સમજાણું કાંઈ?

**શ્લોકાર્થ : જેમ ઇન્ધનયુક્ત અગ્નિ વૃદ્ધિ પામે છે (અર્થાત્ જ્યાં સુધી ઇન્ધન છે ત્યાં સુધી અગ્નિની વૃદ્ધિ થાય છે)...** સ્વાહા... વૃદ્ધિ પામે છે, એમ. લાકડા સહિતની અગ્નિ એ તો અગ્નિ વધે છે. સમજાણું કાંઈ? **તેમ જ્યાં સુધી જીવોને ચિંતા (વિકલ્પો) છે...** આહાહા! વિકલ્પો ઉઠે છે... જ્ઞાનીને વિકલ્પ નથી. જ્ઞાનીને તો વિકલ્પનું જ્ઞાન છે. અહીં તો વિકલ્પ ઉઠે છે... એમાં એકતાની વૃત્તિ ઉઠે છે ત્યાં સુધી ચિંતા છે, **ત્યાં સુધી સંસાર છે.** આહાહા! એ ચિંતા તે સંસાર છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા ચિંતા નામ વિકલ્પથી તો ભિન્ન છે એમ જ્યાં ભાન થયું ત્યાં મુક્તિ છે અને આ ચિંતામાં રોકાણો ત્યાં સંસાર છે. આહાહા! સમજાણું કાંઈ? આજ ચાલશે એ. વિકલ્પમાં પ્રવર્તે છે એટલે જલ્પમાં પ્રવર્તે છે તે મિથ્યાદૃષ્ટિ છે. આવશે આમાં. આમાં છેને? ગાથા છેને.

**जप्पेसु जो ण वट्टइ,** નથી? એ ૧૫૦ આવી, અહીં આવી. **अंतरबाहिरजप्पे जो वट्टइ...** જોયું! વિકલ્પમાં વર્તે એ તો મિથ્યાદૃષ્ટિ છે, કહે છે. આહાહા! **जप्पेसु जो ण वट्टइ सो उच्चइ अंतरंगप्पा...** વિકલ્પમાં વર્તે છે એ વર્તવું તો પરમાં ગયો એકલો. જ્ઞાની વિકલ્પમાં વર્તતો નથી. આહાહા! એ તો જ્ઞાનમાં પોતે વર્તે છે. વિકલ્પ સંબંધીનું જ્ઞાન પોતાનું છે એમાં વર્તે છે. આહાહા! વસ્તુની સ્થિતિનું જ અહીં વર્ણન છે. કહે છે કે જ્યાં સુધી જીવોને ચિંતા છે ત્યાં સુધી સંસાર છે. વિકલ્પનું પ્રવર્તવું એ સંસારમાં પ્રવર્તવું છે. આહાહા! અને જાણવા-દેખવાના સ્વભાવમાં પ્રવર્તવું એ મુક્તિ છે–મોક્ષ છે. સમજાણું કાંઈ? માણસ એમ કહે, આવા વિકલ્પ પણ...... સાંભળને હવે! એ નથી, તને ખબર નથી. પરજ્ઞેય તરીકે વર્તે છે. સ્વજ્ઞેય તરીકેમાં એમાં છે નહીં.

ધર્મી તો સ્વજ્ઞેયમાં વર્તે છે. આહાહા! પોતાનો સ્વભાવ જ્ઞાનાનંદ એમાં વર્તે છે. રાગમાં વર્તતો નથી. વર્તતો નથી, એનું પ્રવર્તન જ એનું નથી. સમજાણું કાંઈ? મોટી વાતું મોટી બહુ. પોપટભાઈ! કોઈ દિ' સાંભળી નહીં. ઓલા પડિકમણામાં સાંભળી હતી? પંડિતજી સાથે હતાને તે દિ' તો. આહાહા! આ શ્લોકમાં આ નાખ્યું જોયું! ઓલા ત્રણ ભેદ પાડીને વર્તે, વિકલ્પમાં વર્તે છે, એ સંસાર છે. આહાહા! અને ભગવાન આત્મા, સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરે જ્ઞાન-સ્વભાવી આત્મા આનંદ જોયો, એમાં જેની દૃષ્ટિ ગઈ એ તો જ્ઞાનમાં વર્તે છે, એ મુક્તિમાં વર્તે છે. એ મુક્ત થયેલો મુક્તિમાં વર્તે છે. આહાહા!

'સ એવ મુક્ત' આવે છેને. સંસારથી મુક્ત છે. સાધુને મોક્ષતત્ત્વ કહ્યું છે, છદ્મસ્થ હોય તોપણ. કેમકે ભગવાન આત્મા જ્ઞાનાનંદસ્વરૂપી પ્રભુ એમાં જેનું અંતર વર્તન થયું, અભેદમાં જેનું વર્તન થયું એ તો મુક્ત જ થયો. આહાહા! ભેદના વિકલ્પથી મુક્ત થયો તો બીજાથી ક્યાં બાકી રહ્યો? આહાહા! સમજાણું કાંઈ? એવો માર્ગ છે ભાઈ! 'એવો માર્ગ વીતરાગનો ભાખ્યો શ્રી ભગવાન..' જુઓને! આ કહ્યુંને. આ મુનિઓ આમ કહે. આહાહા! મહાસંતો આત્મજ્ઞાનીઓ જેણે આત્માને હથેળીમાં મેળવ્યો, પોતાની પર્યાયમાં આત્માને મેળવી લીધો–પ્રાપ્ત કર્યો. એવા ધર્માત્મા, દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદમાં રોકાવું એ પરાધીન છે, દુઃખી છે એમ કહે છે. આહાહા! તો આ બધું રળવામાં રોકાવું એ બધું શું છે? એ રળવામાં રોકાવાનો ભાવ ...... ભાવ રોકાવાનો આમ. .... એ ભીખાભાઈ! એ ૧૪૫ ગાથા થઈ. ૧૪૬.

**परिचत्ता परभावं अप्पाणं झादि णिम्मलसहावं ।**
**अप्पवसो सो होदि हु तस्स दु कम्मं भणंति आवासं ॥ १४६ ॥**

ઓલા આવશ્યકની છેલ્લીમાં પરાધીનની વ્યાખ્યા કરી હતી, અહીં સ્વાધીનની વ્યાખ્યા આવે છે.

**પરભાવ છોડી, આત્મને ધ્યાવે વિશુદ્ધસ્વભાવને,**
**છે આત્મવશ તે સાધુ, આવશ્યક કરમ છે તેહને. ૧૪૬.**

**ટીકા : અહીં ખરેખર સાક્ષાત્ સ્વવશ પરમજિનયોગીશ્વરનું સ્વરૂપ કહ્યું છે.** મુનિની પ્રધાનતાએ વાત છેને બધી. (એમાં) પાંચમા ગુણસ્થાન શ્રાવક ને સમકિતી આવી જાય છે. સમજાણું કાંઈ? **ખરેખર સાક્ષાત્ સ્વવશ થયેલા**... ભગવાન આત્માને તાબે થયેલા... જેને રાગ ને પુણ્યનું તાબેપણું છૂટી ગયું છે એવા પરમજિન વીતરાગી જોડાણવાળા એના પણ ઈશ્વર–મોટા એનું સ્વરૂપ કહે છે. આહાહા! સ્વરૂપમાં ઉત્કૃષ્ટપણે જોડાણ જેનું થઈ ગયું છે. જઘન્ય જોડાણ સમકિતમાં, મધ્યમ જોડાણ શ્રાવકમાં, મુનિપણામાં ઉત્કૃષ્ટ જોડાણ. સમજાણું કાંઈ?

**જે (શ્રમણ)** નામ સાધુ **નિરુપરાગ નિરંજન સ્વભાવવાળો હોવાને લીધે...** કોણ? નિજ કારણપરમાત્મા. પોતાનો ભગવાન પૂર્ણ જ્ઞાનાનંદસ્વભાવ-સ્વરૂપ એ નિરુપરાગ (અર્થાત્) ઉપરાગ–મેલથી રહિત, વીતરાગ. **નિરંજન સ્વભાવવાળો હોવાને લીધે**... અલિંગગ્રહણમાં એમ આવે છે. સૂરજમાં ઉપરાગ નથી, એમ આવે છે અલિંગગ્રહણમાં. સૂરજમાં ઉપરાગ નથી, એમ ભગવાન આત્માના ઉપયોગમાં મલિનતા નથી. એવો ભગવાન શુદ્ધ-ઉપયોગસ્વભાવી છે. આહાહા! સમજાણું કાંઈ? સૂરજમાં જેમ ઉપરાગ નામ મલિનતા નથી, એમ આત્માના ઉપયોગમાં ઉપરાગ–મલિનતા નથી, એથી શુભ-અશુભભાવ આત્માના ઉપયોગમાં નથી. આત્માના ઉપયોગમાં તો શુદ્ધોપયોગસ્વભાવ તે આત્માનો સ્વભાવ છે. આહાહા! સમજાણું કાંઈ? અલિંગગ્રહણ.

એમ નિરુપરાગ–મલિનતા વિનાનો, નિરંજન–અંજન વિનાનો સ્વભાવવાળો હોવાથી... **હોવાને લીધે**... પોતાનો કારણપરમાત્મા ત્રિકાળી સ્વભાવ ધ્રુવસ્વભાવ એ **નિરુપરાગ નિરંજન સ્વભાવવાળો હોવાને લીધે ઔદયિકાદિ પરભાવોના સમુદાયને પરિત્યાગીને...** ઉદયભાવ, ઉપશમભાવ, ક્ષયોપશમભાવ ને ક્ષાયિકભાવ, આહાહા! એ બધા પરભાવ છે. ત્રિકાળીભાવ તે સ્વભાવ, આ પર્યાયભાવ તે પરભાવ. બાપુ! આ વીતરાગના માર્ગમાં જાવું છે. વીતરાગના દર્શન કરવાની વાતું અલૌકિક હોયને. આહાહા!

ઔદયિકાદિ પરભાવોના સમુદાયને છોડીને એટલે કે ધર્માત્મા ઉદયાદિ રાગ ને પર્યાયાદિની નિર્મળતા એનું લક્ષ છોડી દઈને, એનો આશ્રય છોડી દઈને, **નિજ કારણપરમાત્મા...** અખંડાનંદ આત્મતત્ત્વ ધ્રુવ નિત્યાનંદ એવું સ્થાન નિજ કારણપરમાત્મા—પોતાનો ભગવાન કારણપ્રભુ—**કે જે (કારણપરમાત્મા) કાયા, ઇન્દ્રિય અને વાણીને અગોચર છે...** પહેલું તો કહ્યું, ઓલા ચાર ભાવનો અભાવ કરીને. કાયાથી ગમ્ય નથી, ઇન્દ્રિયથી ગમ્ય નથી, વાણીથી ગમ્ય નથી. આહાહા!

**સદા નિરાવરણ હોવાથી...** અરે! પણ જુવાની અવસ્થામાં આવું સમજાતું હશે? એમ કહે છે. સાંઢડા જેવા શરીર હોય, ચૂરમાના લાડવા બે-ત્રણ ચડાવી જતા હોય, અને ધમ.. ધમ.. બેઠો હોય ઘરમાં ને બહારથી ચાલતો હોય જુવાન માણસ, ધરતી ધ્રુજે. આહાહા! પણ ભાઈ! એ બધું પર છે. તારું તત્ત્વ તો એનાથી નિરાળું છે, નિરાળું હોય તે સ્વદ્રવ્ય. આહાહા! તું છો ત્યાં આ બધું નથી. જુવાની, વૃદ્ધાવસ્થા એ તો માટીના બધા આકારો છે માટીના આકારો. ચૈતન્ય પૂતળામાં માટીના પૂતળા ક્યાં આવ્યા અંદર? આહાહા!

કેટલાક એમ કહેને, હજુ જુવાન અવસ્થામાં અમારે ધર્મ નહીં, જ્યારે પાકશું, શરીરે થાકશું ત્યારે કરશું અમે. આહાહા! આ તો કહે છે કે જો ઠીક હોય તો, રુચિ હોય તો આ કર, આ કરવા જેવું છે. રુચિનો વિષય પછી (માટે) છોડે? આહાહા! જુવાન અવસ્થા જડની, વૃદ્ધાવસ્થા જડની, બાળ અવસ્થા જડની, સ્ત્રીના શરીરના આકારો બધા જડના, પુરુષના આકારો જડના. ભગવાન! એમાં તું નથી. એમાં તું નથી, તેં તારામાં નથી. અહીં તો તારી વાત ચાલે છે. આહાહા! એને વળી આ જુવાનીમાં ન સમજાય ને વૃદ્ધાવસ્થામાં સમજાય, ભુક્તભોગી થયા પછી સમજાય, કેટલાક એમ કહે છે. કહે છે. ખબર છેને બધી વાતું, સાંભળી હોયને. બધું ભોગવી લીધું હોય, તૃપ્તિ થઈ ગઈ હોય. ધૂળેય તૃપ્તો નથી, સાંભળને! અગ્નિમાં લાકડા નાખે તો અગ્નિ ઓલાતી હશે? ભભક થાય પછી. એમ વિષયના સેવનથી વિષયની તૃપ્તિ થતી હશે? આહાહા! સમજાણું કાંઈ?

એ પરવિષય સંબંધી વિચાર ચાલે છે. સ્વવિષયમાં એ બધું કાંઈ નથી, કહે છે. એ તો **સદા નિરાવરણ હોવાથી**... 'સદા' આવ્યુંને ત્યાં? જુવાની અવસ્થા વખતે આત્મા આવરણવાળો

ને વૃદ્ધાવસ્થાએ કાંઈક ઢીલો પડે, ......એમ હશે? આહાહા! ત્રણે કાળે ભગવાન નિરાવરણ પ્રભુ બિરાજે છે અંદર. **નિર્મળ સ્વભાવવાળો છે,** લ્યો. પાછો એ શબ્દ લીધો. ઓલું તો આપણે હરિગીતમાં નાખ્યુંને 'વિશુદ્ધસ્વભાવ.' **નિર્મળ સ્વભાવવાળો છે**... ભગવાન તો નિર્મળ સ્વભાવવાળો છે. ચૈતન્યના નૂર–તેજ જેમાં છે, ચૈતન્યના તેજથી ભરેલું છે એ. પુણ્ય-પાપના અંધકાર એનાથી એ ખાલી છે અંદર. આહાહા!

**અને સમસ્ત દુરઘરૂપી વીર શત્રુઓની સેનાના ધ્વજને લૂંટનારો છે...** કહે છે કે પુણ્ય ને પાપ બેય દુષ્ટ, પાપ–અઘ છે અઘ. દૂરઘ છેને દૂરઘ (અર્થાત્) ભૂંડા પાપ. પુણ્ય ને પાપ બેય ભૂંડા છે. અશુભ ને શુભકર્મ બંને દૂરઘ છે. આહાહા! જરીક શુભકર્મનો ઉદય આવે તો આમ આહાહા.. પાંચ-પાંચ, દસ-દસ લાખની પેદાશું થાય, હીરા-માણેકું જડાય. શું કહેવાય એના સૂવામાં? ખાટલો. પૈસા બહુ પાકે તો ત્યાં પણ જડો, આમ કરો, આ બધું. ઘરવખરી લાવો. શું છે? સ્મશાનનું બધું ભેગું કરે છે. આહાહા!

એ તો લૂંટનારો છે, ભગવાન! એને રાખનારો નહીં, એની શોભાથી શોભાવાળો નહીં. પુણ્ય-પાપના ભાવ ને ફળથી શોભાવાળો નહીં. એને તો લૂંટનારો છે. આહાહા! કહો, ભીખાભાઈ! એ મકાન ને મેડી ને. ૩૦ રૂપિયાના પગારમાં કે દિ' મેડો હતો ત્યાં? હીરાભાઈ પાક્યા પછી મેડી, પૈસા. નહીં, ના પાડે છે. અહીં તો કહે છે કે ભગવાન આત્મા કેવો છે અંદર? પુણ્ય ને પાપના ભાવ ને ફળનો નાશ કરનારો છે. આહાહા! સમજાણું કાંઈ? **તેને–ધ્યાવે છે...** એમાં અંતર એકાગ્ર થાય તે સ્વવશ છે, બાકી બધા પરવશ છે. વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**માગશર સુદ-૧૦, શુક્રવાર, તા. ૧૫-૧૨-૧૯૭૨**
**ગાથા-૧૪૬, શ્લોક-૨૪૭-૨૫૦, પ્રવચન નં. ૧૭૪**

નિયમસાર, ૧૪૬ ગાથા છે. આવશ્યક અધિકાર છેને પરમ-આવશ્યક. સામાયિક, ચોવિસંથો, વંદન આદિ છ આવશ્યક વ્યવહાર છે. આ નિશ્ચયનો અધિકાર છે. તો કહે છે કે વાણી, ઇન્દ્રિય અને કાયથી અગોચર આત્મતત્ત્વ છે. જ્ઞાનસ્વભાવી વસ્તુ જે વિકલ્પથી પણ અગમ્ય છે. **સદા નિરાવરણ હોવાથી નિર્મળ સ્વભાવવાળો છે...** જ્ઞાયકભાવ ધ્રુવસ્વભાવ નિત્યભાવ વસ્તુ એ નિર્મળ સ્વભાવવાળી ચીજ છે. **અને સમસ્ત દુરઘરૂપી વીર શત્રુઓની સેનાના ધ્વજને લૂંટનારો છે...** એટલે કે એમાં વિકારાદિ છે જ નહીં, પણ એનો જે આશ્રય લે એને વિકારનો નાશ થઈ જાય છે. **તેને-ધ્યાવે છે...** આવી જે ચીજ નિત્યાનંદસ્વરૂપ એને જે ધ્યાવે એટલે ધ્યાન કરીને ધ્યેયમાં એને પ્રગટ કરે છે, **તેને જ (-તે શ્રમણને જ) આત્મવશ કહેવામાં આવ્યો છે.** એ સાધુને જ 'આત્માને વશ છે' એમ કહેવામાં આવ્યો છે. આહાહા! વ્યવહાર છ આવશ્યકનો ભાવ છે એ રાગ છે. રાગને વશ એ પરવશ છે. આહા! આવું ચૈતન્યતત્ત્વ એને જે વશ છે તે આત્મવશ છે. તેથી એને શું થાય છે? કહે છે.

**તે અભેદ-અનુપચારરત્નત્રયાત્મક શ્રમણને...** ચૈતન્યવસ્તુ એની જે સમ્યગ્દર્શન નિશ્ચય રત્ન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર—સ્વરૂપનું જ્ઞાન, સ્વરૂપનું શ્રદ્ધાન ને સ્વરૂપમાં વિશ્રાંતિ છે એવા શ્રમણને **સમસ્ત બાહ્યક્રિયાકાંડ-આડંબરના વિવિધ વિકલ્પોના મહા કોલાહલથી પ્રતિપક્ષ...** એવા સાધુને શું થાય છે? કહે છે કે અંતરમાં નિરાવરણ નિર્મળાનંદ પ્રભુ એવા સ્વભાવને વશ થયો... એ વિવિધ વિકલ્પોના સમૂહ... સ્વભાવથી પ્રતિપક્ષ વિવિધ વિકલ્પો હતા એ તો દુઃખરૂપ હતા. આહાહા! છ વ્યવહાર આવશ્યક, સામાયિકનો વિકલ્પ વ્યવહાર એ બધો કોલાહલ, દુઃખરૂપ વસ્તુ છે. એનાથી પ્રતિપક્ષ **મહા-આનંદાનંદપ્રદ...** આહાહા! આનંદનો દેનાર, મહા આનંદ એ આનંદનો દેનાર, એવું એને **નિશ્ચયધર્મધ્યાન** હોય છે. આહાહા!

ધ્રુવ ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદ નિર્મળસ્વરૂપ કારણપરમાત્મા પોતે ત્રિકાળી, એમાં જે લીન થાય છે એને અતીન્દ્રિય મહા-આનંદ.. આનંદની પર્યાય પ્રગટ થાય છે. આહાહા! એને નિશ્ચય ધર્મધ્યાન કહીએ. **નિશ્ચયધર્મધ્યાન તથા નિશ્ચયશુક્લધ્યાનસ્વરૂપ પરમાવશ્યક-કર્મ** એને **છે.** આહાહા! ભલે બીજા વિકલ્પો હો, પણ એ બધા પરવશ, દુઃખરૂપ છે, કહે છે. અને પૂર્ણાનંદનો નાથ પરમાત્મા પોતે એમાં જે નિશ્ચયથી સ્થિર થાય છે, એને આનંદનું દેનારું એવું ધર્મધ્યાન પ્રગટ થાય છે. આહાહા! અતીન્દ્રિય મહા-આનંદનું દેનારું ધર્મધ્યાન છે એમ કહે છે. ધર્મધ્યાન એટલે નિત્યાનંદ ભગવાન આત્મા અવિનાશી એને ધ્યેય બનાવીને એમાં લીન થવું, એ પરમ આવશ્યક કાર્ય છે. એનું નામ સામાયિક છે કે જેમાં આનંદ-અતીન્દ્રિય આનંદનો

અનુભવ થાય, એને સામાયિક કહે છે. કહો, પોપટભાઈ! આહાહા! કે જે જન્મ-મરણના આંટામાંથી મૂકાવાનો ઉપાય છે. કહો, સમજાણું કાંઈ?

એવું ધર્મધ્યાન અને એવું નિશ્ચયશુક્લધ્યાન... વિશેષ અંદર લીન થઈ ગયો છે નિર્મળદશામાં, એવું આવશ્યક કાર્ય તો એ જીવને હોય છે. જે પોતાના પરમાનંદસ્વરૂપમાં લીન છે અને જેને અતીન્દ્રિય આનંદની ઉગ્રતાનું વેદન આવ્યું, એણે ભગવાનની સ્તુતિ કરી. એ ભગવાન પોતે. આહાહા! એણે ભગવાનને વંદન કર્યું, રાગથી હઠીને સ્વરૂપમાં સ્થિર થયો એ એણે પ્રતિક્રમણ કર્યું, એણે પ્રત્યાખ્યાન કર્યું અને એણે કાયોત્સર્ગ કર્યો. આહાહા! ઘણી ધીરજ જોઈએ. ત્રિકાળી નિત્યાનંદ પ્રભુ... અહીં તો ઉત્કૃષ્ટ વાત મુનિની કરી છેને. કારણ કે એને છ આવશ્યક પૂરા હોય છેને. નીચે(ના ગુણસ્થાને) હોય છે પણ અંશે હોય છે એટલે વર્ણનમાં ઉત્કૃષ્ટ વર્ણન હોઈ શકે નહીં. સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શનમાં પણ, સ્વરૂપમાં લીનતા થઈને જે આનંદ આવે એને સમ્યગ્દર્શન, જ્ઞાન ને શાંતિ કહે છે. એને આવું સ્વરૂપરૂપ પરમ-આવશ્યક—પરમ અવશ્ય કરવાલાયક કાર્ય આ છે. પરના કાર્ય તો કરી શકતો નથી, વ્યવહારનો વિકલ્પ ઉઠે એ પણ એનું યથાર્થ કર્તવ્ય નથી, એનું ફળ તો હેય છે, એ બંધ થયો, એનું ફળ તો બંધ છે પોતે. આહા! છ આવશ્યકથી શું ફળ નીપજ્યું? નાપસંદ કરવાલાયક નીપજ્યું કહે છે. વ્યવહાર છ આવશ્યક હોં. આહાહા! આનાથી–નિશ્ચય આવશ્યકથી શું ફળ નીપજ્યું? કે પ્રગટ પ્રસિદ્ધ આનંદની અનુભવદશા પ્રગટ થઈ. આવો માર્ગ છે. બહુ માર્ગ ઝીણો. સમજાણું કાંઈ?

**[હવે આ ૧૪૬મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ આઠ શ્લોકો કહે છે :]** ગાથા એક ને શ્લોક આઠ.

**जयत्ययमुदारधीः स्ववशयोगिवृन्दारकः**
**प्रनष्टभवकारणः प्रहतपूर्वकर्मावलिः।**
**स्फुटोत्कटविवेकतः स्फुटितशुद्धबोधात्मिकां**
**सदाशिवमयां मुदा व्रजति सर्वथा निर्वृतिम्॥२४७॥**

મુનિ—શ્રેષ્ઠ સ્વ-આવશ્યકના કાર્યમાં રહેલો એની બુદ્ધિ ઉદાર છે. **શ્લોકાર્થ : ઉદાર જેની બુદ્ધિ છે...** જેની જ્ઞાનની પરિણતિમાં ઉદારતા પ્રગટી છે કે જેણે આખો આત્માને પકડ્યો છે. આહાહા! આરે, આવી ક્રિયા ભારે. જેની બુદ્ધિ ઉદાર છે, એક સમયની પર્યાયમાં જેણે આખા આત્માને કબૂલી નાખ્યો, એમ કહે છે. ઉદારબુદ્ધિ છે. સમજાણું કાંઈ? જેની એક સમયની દશામાં, પૂર્ણાનંદનો નાથ પરમાત્મા પોતે છે એને તેણે ... છે, એને પકડ્યો છે. એવી જેની ઉદારબુદ્ધિ છે. આહાહા! ભારે આ નિશ્ચય વાત. લોકોને એવી લાગે નિશ્ચય.. નિશ્ચય.. કરે છે. નિશ્ચય તો અત્યારે હોય નહીં, વ્યવહાર હોય અત્યારે, એમ કહે છે. અત્યારે વ્યવહાર હોય.

વ્યવહાર ક્યાં..? આહાહા! એકાંત વ્યહાર તો મિથ્યાત્વભાવ છે. વસ્તુ પોતે ભગવાન સત્-ચિદ્-આનંદ—શાશ્વત નિત્યાનંદસ્વરૂપ વસ્તુ પડી છે પ્રસિદ્ધ. પ્રગટ પ્રસિદ્ધ–પ્રગટ થઈ છે, મોજૂદ છે. એવી ચીજને પકડીને જે સ્થિર થાય છે એ સ્વવશ છે અને એની બુદ્ધિ ઉદાર છે.

**ભવનું કારણ જેણે નષ્ટ કર્યું છે...** ભવના કારણો મિથ્યાત્વ, રાગાદિ એ તો જેણે નષ્ટ કર્યા છે. 'મુક્તિ પ્રમોદથી પામે છે' એમ લેવું છેને. આવો જીવ આનંદથી મુક્તિને પામે છે. ખેદથી, દુઃખથી, સહન કરવા પડે પરિષહ ને ઉપસર્ગ, એને મુક્તિ થાય—એમ નથી. **ભવનું કારણ જેણે નષ્ટ કર્યું છે**... આહાહા! પરમાત્મા પોતે અનંત જ્ઞાન ને આનંદનો સાગર ભગવાન પોતે પ્રસિદ્ધ, પ્રગટ, મોજૂદ–હયાતી ધરાવતું તત્ત્વ છે. એમાં જેની એકાગ્રબુદ્ધિ થઈ છે એણે ભવના કારણનો નાશ કર્યો છે. આહાહા! ભારે કામ ભાઈ! **પૂર્વ કર્માવલિ જેણે હણી નાખી છે...** કર્મની ધારા પૂર્વની હતી એ પણ હણી નાખી, નિર્જરા કરી નાખી.

**અને સ્પષ્ટ ઉત્કટ વિવેક દ્વારા...** પ્રત્યક્ષ ઉત્કટ વિવેક નામ રાગથી ભિન્ન પાડવા દ્વારા જેણે **પ્રગટ-શુદ્ધબોધસ્વરૂપ...** પ્રગટ શુદ્ધબોધસ્વરૂપ—શુદ્ધજ્ઞાનસ્વરૂપ એ તો વસ્તુ આમ પ્રગટ અંદર છે. સમજાણું કાંઈ? **પ્રગટ શુદ્ધબોધસ્વરૂપ સદાશિવમય...** તે પ્રત્યક્ષ ઉત્કટ વિવેક દ્વારા, આવા **સંપૂર્ણ મુક્તિને જે પ્રમોદથી પામે છે...** આહાહા! આનંદનો અનુભવ કરતાં-કરતાં મુક્તિને પામે છે, એમ કહે છે. એને દુઃખ અનુભવવું, ચારિત્ર એ દુઃખ છે, બાપા! મીણના દાંતે લોઢાના ચણા ચાવવા જેવા કાર્ય છે.—એમ નથી, એ વ્યાખ્યા જ ખોટી છે. એ તો આનંદમૂર્તિ ભગવાન એમાં લપેટાઈ ગયો તો અતીન્દ્રિય આનંદ આવે છે એને. અતીન્દ્રિય આનંદ આવે એ આનંદના પ્રમોદમાં.. આનંદના પ્રમોદમાં મુક્તિને પામે છે. સમજાણું કાંઈ?

**તે આ સ્વવશ મુનિશ્રેષ્ઠ જયવંત છે.** આહાહા! મુનિ પોતાની વાત કરે છે હોં. આવા સ્વવશ મુનિ, જે આત્માને પકડીને આનંદમાં પડ્યો છે અને એ આનંદના આનંદ દ્વારા જેને મુક્તિની પ્રાપ્તિ થવાની છે એવા સ્વવશ મુનિશ્રેષ્ઠ.. મુનિશ્રેષ્ઠ જયવંત છે. આહાહા! પોતાને જાહેર કરે છે જાહેરાત. સમજાણું કાંઈ? લખવા વખતે વિકલ્પ છે છતાં એ વિકલ્પનો આશ્રય નથી, વિકલ્પમાં નથી. નિર્વિકલ્પ આનંદસ્વરૂપમાં સ્વવશ મુનિશ્રેષ્ઠ જયવંત છે. આહાહા! એનો જય થઈ રહ્યો છે કહે છે. સમજાણું કાંઈ? રાગને વશે પડ્યા એનો પરાજય થઈ રહ્યો છે. સમજાણું કાંઈ? જુઓને! કળશો કેવા કર્યા છે! ગજબની વાત છે આ. વ્યવહારના પક્ષવાળાને આ વાત ગોઠે નહીં. જે રુચવા જેવી વાત છે એ એને ન ગોઠે.

ભાઈ! તારે કરવું છે શું? હિત કરવું છે કે નહીં? હિત કરવું હોય તો આ રસ્તો છે. પરમ હિતસ્વરૂપ આનંદમૂર્તિ ભગવાન ધ્રુવ એનો આશ્રય લઈને ઠરવું, એ કરવા જેવું કર્તવ્ય છે. બધા ચરણાનુયોગમાં આ વ્યવહાર આચરણની વાતું આવી એ ક્યાં ગઈ? કહે છેને, ભગવાને જે કહ્યો વ્યવહાર એનું ફળ સંસાર છે. આહાહા! આચાર્યે, આચારાંગાદિમાં જેટલો નિશ્ચય

સહિતનો આવો વિકલ્પ હોય એનું જ્ઞાન કહ્યું, એ બધા વિકલ્પો બંધનું કારણ છે. આવા મુનિઓ ધર્માત્મા સ્વવશ છે અને એનું સ્વરૂપ જયવંત વર્તમાન વિદ્યમાન વર્તે છે. આહાહા! કહો, ચેતનજી! આહાહા! ૨૪૭ (શ્લોક) થયો. ૨૪૮.

**प्रध्वस्तपंचबाणस्य पंचाचारांचिताकृतेः ।**
**अवंचकगुरोर्वाक्यं कारणं मुक्तिसंपदः ॥२४८॥**

ગુરુનું વાક્ય તો, એને મુક્તિ આપે એ બતાવે છે. આહાહા! રાગમાં આમ કરને, તારે વ્યવહાર કરવો જોઈએ—એ વાક્ય ગુરુનું નથી એમ કહે છે. જૈન ગુરૂઓનું વાક્ય 'વીતરાગતા પ્રગટ કર' એ છે. રાગ, નિમિત્તની ઉપેક્ષા કરવી અને ત્રિકાળી ભગવાનની અપેક્ષા અંદર કરવી એનું નામ ગુરુનું વાક્ય છે. આહાહા! જૈન સંતો અને જૈન મુનિઓ કે ગુરુઓ આવી વાત કરે છે કહે છે. સમજાણું કાંઈ?

**શ્લોકાર્થ : કામદેવનો જેમણે નાશ કર્યો છે...** આહાહા! જેણે પરમાં સુખબુદ્ધિનો તો નાશ કર્યો છે. ચાહે તો ઇન્દ્રાણી હો અને ચક્રવર્તીની રાણી.. શું કહેવાય? (મુખ્ય) રાણીને સ્ત્રીરત્ન કહે સ્ત્રીરત્ન. જેની એક હજાર દેવ તો સેવા કરે. એના વિષયમાં પણ દુઃખ જેને લાગે છે, એમાં સુખબુદ્ધિ જેની નષ્ટ થઈ ગઈ છે. **કામદેવનો જેમણે નાશ કર્યો છે**... આહાહા! આવા સંગમાં પણ જે વૃત્તિ ઉઠે એનો નાશ કર્યો છે.

**અને (જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ-વીર્યાત્મક) પંચાચારથી સુશોભિત જેમની આકૃતિ છે...** જેનું સ્વરૂપ છે કહે છે. નિશ્ચય જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય જે નિશ્ચય પંચાચાર, એનાથી એનું સ્વરૂપ શોભિત છે. શરીર સુંદર-અસુંદર હોય એની સાથે કાંઈ સંબંધ નથી. વાણી કરતા આવડે કે ન આવડે એની સાથે સંબંધ નથી. તેમ વિકલ્પથી શોભિત છે એમ નથી, એમ કહે છે. છ આવશ્યક કર્યા અને એનાથી શોભે છે એમ નથી. આહાહા! એ તો સ્વરૂપ ભગવાન આત્મા એનું જ્ઞાન, જે સ્વસંવેદન આનંદવાળું જ્ઞાન છે. એની શ્રદ્ધા આનંદવાળી, એનું ચારિત્ર આનંદવાળું, એનું તપસા નિરોધ આનંદવાળું, વીર્ય આનંદની દશાને પ્રગટ કરે છે. એવા પંચાચારથી સંત શોભે છે. આહાહા!

**–એવા અવંચક (માયાચાર રહિત)** ગુરુ એટલે? છ આવશ્યક આદિ કરીને ધર્માત્મા પોતે માને એ તો માયાચારી છે કહે છે. સમજાણું કાંઈ? એ માયાચારપણું જેને છૂટી ગયું છે. અમે સામાયિક કરીએ છીએ, ભગવાનની સ્તુતિ કરીએ છીએ. વંદન, કાયોત્સર્ગ આદિ વિકલ્પ ઉઠે એનાથી શોભિત નથી. એનાથી છળવંત નથી કે આવા થયા માટે અમે ધર્મી છીએ. એમ નથી. પૂર્ણાનંદસ્વરૂપને પકડીને આનંદમાં લીન છે એને લઈને અવંચક છે. ઠગાતો નથી અને બીજાને ઠગતોય નથી. આહાહા!

**પંચાચારથી સુશોભિત**... સુશોભિત.. એકલો શોભિત નથી કહ્યો. સ્વરૂપમાં વીંટાઈ ગયો છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, આ તપ હોં. અપવાસ ને ઇન્દ્રિય(દમન) એ બધા તો, હમણા આગળ કહેશે, એનું ફળ શરીરનું શોષવું છે. અહીં તો અજ્ઞાન ને રાગ-દ્વેષનું શોષણ ને શાંતિની પુષ્ટિ. આહાહા! અરે! આવો માર્ગ ધોખમાર્ગ ચાલ્યો આવે છે. પૂર્ણાનંદનો નાથ પ્રભુ, જેના મોક્ષમાર્ગની પર્યાયથી અનંત ગુણી જેનામાં શક્તિ છે. પંચાચાર જે નિર્મળદશા પ્રગટ થઈ એથી અનંતગુણની નિર્મળતા પડી છે અંદર. એવા નિર્મળતાનો નાથ પંચાચારથી શોભિત છે કહે છે. આ બધા દીકરા–છોકરાઓ અને મકાન, શરીર, કપડાં, ઝવેરાત—એનાથી અમે શોભિત છીએ, આ વાળા છીએ. બાપુ! એ વસ્તુ નથી. અહીં તો ત્યાં સુધી કહે છે, બરાબર સામાયિક હોય વ્યવહાર વિકલ્પ, ભગવાનની સ્તુતિ કરી, વંદન કર્યા, વ્યવહાર પ્રતિક્રમણ.... કહે છે, એ કંઈ આત્માની શોભિતદશા નથી. આહાહા! એ તો ડાઘવાળી દશા છે. સમજાણું કાંઈ?

પંચાચારથી જેની સુશોભિત આકૃતિ એવા અવંચક **ગુરુ એનું વાક્ય મુક્તિસંપદાનું કારણ છે.** એની વાણીમાં, મુક્તિ કેમ થાય એ હોય છે. કહો, સમજાણું કાંઈ? નિમિત્ત તો છેને? એ કોણે ના પાડી? પણ નિમિત્ત (ગુરૂએ) કહ્યું શું? એમાં મુક્તની દશા પ્રગટ કર, એ અમે કહીએ છીએ. રાગ કર ને અમારી સામું જોઈને ભક્તિ કર એમ કહ્યું નથી. ના પાડી છે. એ કહે છે. એમ કહ્યું. શું કહ્યું? મુક્તિની સંપદાનું કારણ છે એનો શો અર્થ થયો? કે વાક્યમાં એમ કહ્યું હતું, ભગવાન તો પૂર્ણ અતીન્દ્રિય આનંદનો કંદ છો એમાં જા ને એકાગ્ર થા. અમારું સામું જોવું રહેવા દે ને વ્યવહારના છ આવશ્યક રહેવા દે એમ કહે છે. ત્યારે (ગુરુને) માન્યા કહેવાય. આહાહા! મુનિરાજ પોતે કહે છેને. આહાહા!

જે આત્માને નિર્મળાનંદ એવી આત્માની દશાનું સ્વરૂપ બતાવે, એના દ્વારા મુક્તિ થાય (એમ) બતાવે—એ ગુરુના વાક્ય છે. એ વીતરાગના વાક્ય ને સિદ્ધાંતશાસ્ત્રના આ વાક્ય છે. આહાહા! વાક્ય છે એટલે આગમ પણ એમ કહે છે. આગમ પણ એમ કહે છે કે ભગવાન પૂર્ણાનંદનું સ્વરૂપ તારું છે તેમાં તું જઈને સ્થાયી થા. આહાહા! ભગવાન કહે, અમે તો તારી સામું જોતા નથી. તું અમારી સામું જોઈને શું કરીશ? કહે છે. એની સામું જોતાં રાગ પ્રગટ થાય એમ કહે છે. એવી વાત છે. આહાહા! રાગનો પ્રમોદભાવ પ્રગટ થાય. વીતરાગની વાણી અને ગુરુઓ આ જ ઉપદેશ કરે, એમ કહે છે. વીતરાગની વાણી પણ આ બતાવે છે. બંધનું જ્ઞાન કરાવે, પણ એ છૂટવા માટેની વાત છે. બંધ કરવા જેવો છે અને બંધના કારણને સેવવા જેવો છે એ વાક્ય–વાણી સંતની ન હોય. આગમની એ વાણી ન હોય એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ?

તારા સ્વરૂપની સ્થિરતા કર, એની સામું જોઈને ઠર, એ મુક્તિનો ઉપાય છે. આહાહા! કહો, સમજાણું કાંઈ? સ્વસન્મુખ થા એટલે તારા મુખને ત્યાં રાખ. અહીંથી વિમુખ થા. આહાહા! એ આવશ્યક કાર્ય છે. જરૂરીયાતનું તો આ કર્તવ્ય છે એમ કહે છે. ઓહોહો! ગજબ શૈલી છેને! ગુરુનું વાક્ય મુક્તિનું...? એ વાક્ય–વાણી મુક્તિનું કારણ હશે? ભાષા આ છે. નિમિત્તમાં આમ કહેવાણું હતું એમ કહે છે. વ્યવહાર કરવો એમ નહોતું કહેવાણું એમ કહે છે. વ્યવહાર આવશ્યક કરવા જેવો છે એમ નહોતું કહ્યું, એમ કહે છે. આવે ભલે વચમાં, પણ કરવા જેવો છે એમ કહ્યું નહોતું. અને કહ્યું હોય તો વ્યવહારથી કહ્યું એ પણ યથાર્થથી નથી. આવશે, 'વ્યવહારે કરે છે' પહેલા આવ્યું હતું. ... વ્યવહારથી કહ્યું હતું, યથાર્થથી નહીં. વ્યવહારે પૂજનીયનો અર્થ એ કે ખરેખર નહીં. આહાહા!

તીર્થંકર ભગવાન વીતરાગદેવ... વીતરાગ એટલે? આહાહા! જેમાં ઇચ્છા ને રાગનો અંશ નહીં, જેમાં પરાશ્રયપણું નહીં. પરાશ્રયપણે તો રાગ થાય છે. જે ભગવાન સ્વ ધ્રુવ એને આશ્રયે જા, એને અવલંબે એને પકડીને સ્થિર થા. આવા વાક્યો, સંતોના, આગમના, કેવળીના આવા વાક્યો છે. બધા આગમમાં સારપણે તો આ કહ્યું છે. શું થાય? પોતાની મોટપ સુઝતી નથીને એટલે ક્યાંક મોટપ લેવા જાય છે, ત્યાં ઠગાય છે. આહાહા! એ ૨૪૮ થયો. ૨૪૯.

**इत्थं बुद्ध्वा जिनेन्द्रस्य मार्गं निर्वाणकारणम्।**
**निर्वाणसंपदं याति यस्तं वंदे पुनः पुनः ॥२४९॥**

અહો! આત્માને પૂર્ણ મુક્તિ, નિર્વાણ નામ પૂર્ણ આનંદ, એ નિર્વાણ–મુક્તિમાં પરમ આનંદ છે. પરમ સુખ ને આનંદની પરમ સંપદા મુક્તિમાં છે. **શ્લોકાર્થ :** મુક્તિનું–**નિર્વાણનું કારણ એવો જે જિનેન્દ્રનો માર્ગ...** આહાહા! વીતરાગનો માર્ગ છે એ. **તેને આ રીતે જાણીને...** નિર્વાણનું કારણ વીતરાગભાવ, વીતરાગમાર્ગ એને જાણીને **જે નિર્વાણસંપદાને પામે છે...** એટલે કે મોક્ષનો જે નિર્વાણમાર્ગ ત્રિકાળી વસ્તુને આશ્રયે પ્રગટ થાય છે, એ માર્ગથી નિર્વાણ પમાય છે. નિર્વાણનું કારણ એવો જિનેન્દ્રનો માર્ગ એટલે વીતરાગભાવ, **તેને આ રીતે જાણીને...** જાણીને નિર્વાણને પામે એનો અર્થ કે ઠરે છે અંદર. સમજાણું કાંઈ? એને જાણ્યો કહેવાય. પૂર્ણ આનંદનો હીરો અંદર પડ્યો છે પોતે, અતીન્દ્રિય આનંદનો હીરો ચમકતો પ્રભુ છે. જેનું મૂલ્યાંકન કરતાં પોતાનું મૂલ્ય થઈ જાય એવી એ ચીજ છે. એના મૂલ્ય શું! આહાહા!

કેવળ ચૈતન્યના હીરા જેમાં અનંત ગુણના પાસા પડ્યા છે એવો જે ભગવાન આત્મા, એનો આશ્રય લેવો એ વીતરાગનો માર્ગ છે, એ જિનેન્દ્રનો માર્ગ છે અને એના દ્વારા મુક્તિને પમાય છે. આહાહા! કહો, સમજાણું કાંઈ? એ સિવાય ક્યાંય સુખ છે નહીં. નિર્વાણ સિવાય સુખ ક્યાં છે? સંસાર તો બધો દુઃખથી સળગે છે. ચક્રવર્તીની સંપદા, છન્નું હજાર સ્ત્રીઓ, સોળ હજાર દેવ સેવા કરે, પણ કષાયની અગ્નિથી સળગી રહ્યા છે. ભડકા છે એ. કષાયના

ભડકાથી બળી ગયા છે એ તો. આહાહા! છ ખંડના રાજ, છન્નું હજાર પદમણી જેવી સ્ત્રી, સોળ હજાર દેવ તો જેની તેનાતમાં, બે હજાર તો અંગરક્ષક, બે હજાર દેવ અંગરક્ષક–અંગની સેવામાં, તેમ છતાં........ ઓહોહો! .....

અંગરક્ષક કોને કહીએ? આ તો રાજાને એમ હોય છે. અંગરક્ષક સાથે... મોટા રાજા. આ તે રાજા હોય તોય શું? ...... એવા હોય છે કે ........ એવા હોય છે... આમ ઊંચું માથું થાય ને ગરે અંદર. એવું હોય નહીં. એ મોટા ઊંચા મખમલના..... એક-બે આમ જોયા છે. ચક્રવર્તીને દેવો કરે છે. એને નોકર કરે, રાજાને કરે છેને. જોડા-બોડા એ પોતે પહેરે નહીં. પોતે આમ પગ કરે તો ઓલો જોડો નાખે અંદર. હા, પણ આમ ....... તમે જોયું નહીં કે રાજાને? એ પગ ............ બેસાડવો તો પડેને. ઓલા ........ આહાહા!

અહીં તો કહેવું છે કે એ બધી દુઃખની જ્વાળમાં સળગે છે. આટલી જેને સગવડતા છે માટે સુખી છે. હરામ છે, કષાયની અગ્નિથી બળે છે, પણ એને શાંતિસ્વરૂપ ભગવાન આત્મા એની ખબર નથી તો મેળવે કોની સાથે? શાંતિનો સાગર શાંત.. શાંત.. શાંત.. એવા અંશના....... કોની સાથે આ દુઃખને મેળવે? એટલે કષાય-અગ્નિને સુખી માને છે. આહાહા! સમજાણું કાંઈ? ઇન્દ્રને ચોરાસી હજાર દેવ, ચાર બાજુ હોં, ચોરાસી હજાર. આમ........ ખાવાની ઇચ્છા થાય તો અમૃત ઝરે કંઠમાંથી. એને રોટલા ન કરવા પડે, એને ચૂલા ન કરવા પડે. ઇન્દ્રની બાઈઓને રાંધવું ન પડે. સમજાણું કાંઈ? ગોળામાં પાણી ભરવા સવારના, ગળવા, ચૂલો સાફ કરવા રાખું કાઢવી અને પાછા છાણા ભાંગવા ને કટકા કરીને ગોઠવવા, આ કરવું—એવું એને ન હોય દેવીને. સમજાણું કાંઈ? છતાંય એ બધા દુઃખી છે, એમ કહેવું છે અહીં. એ સુખી નથી. 'સુખીયા જગતમાં સંત, દુરિજન દુઃખિયા..' આહાહા! પૈસા.. કોણ હતો? મૂઢ છે. એય! હસુભાઈ! આ તો અહીં છે બાપા! આહાહા! ભાઈ! તારી સંપદાની શું વાત કરવી! આહાહા! સમજાણું કાંઈ?

આવ્યું હતુંને જુઓને! **મુક્તિસંપદાનું કારણ**... નહોતું આવ્યું? મુક્તિરૂપી સંપદા.... મહા લક્ષ્મી આનંદસ્વરૂપ.. સિદ્ધપદ એટલે મુક્તિ મહાસંપદા, એ સંપદા. હવે તારી ધૂળની સંપદા ક્યાં હતી? આહાહા! સ્મશાનમાં લાડવો મૂકે, ખબર છેને? લાડવો ખાતો હશે હોંશથી કોઈ સ્મશાનમાં? મરી જાય ને મૂકે, ........ લાડવો મૂકે. એ ખાતો હશે સામે મૂકીને ત્યાં? આહાહા! એમ રાગની અગ્નિ પ્રગટે છે એ તો અનુભવ કરવાલાયક નથી. આહાહા! આ બધા માણસ સુખી કહેવાય કે નહીં? લ્યો. ચારેકોરથી ઘરના માણસો નજરું કરે.... દુઃખી છે? તારા બાપ નથી આવ્યા? ... ગયા એને મૂકવા? આખું ઘર દિલીપ સામું જોવે બધાય. એનો દાદો જુએ, એનો બાપ જુએ, એની મા જુએ. એ સુખી હશે કે નહીં? સુખી નથી. આહાહા!

અરે! જે નિર્વાણસંપદાને પામે છે **તેને હું ફરીફરીને વંદું છું.** આહાહા! મારો આદર ત્યાં છે કહે છે. મુક્તિલક્ષ્મીને પામે એવા સંતોને મારે આદર છે. હું પણ એવો છું એ મારો આદર છે, એમ કહે છે મૂળ તો. આહાહા! સમજાણું કાંઈ? મોક્ષનું કારણ એવી જે આત્માને આશ્રિત મારી આવશ્યકક્રિયા એને હું આદરું છું. એ આદરણીય છે. એ સિવાય કોઈ આદરણીય છે નહીં. આહાહા! ૨૫૦.

**स्ववशयोगिनिकायविशेषक**
**प्रहतचारुवधूकनकस्पृह ।**
**त्वमसि नश्शरणं भवकानने**
**स्मरकिरातशरक्षतचेतसाम् ॥२५०॥**

**नश्शरणं** બે 'શ' કેમ થયા? ઠીક. વિસર્ગ છે. **नश्शरणं**... **न**–અમારું શરણ નહીં. વાહ! **त्वमसि नश्शरणं**... 'શ'નો વિસર્ગ થઈ ગયો. **न**–અમારું શરણ નહીં

**શ્લોકાર્થ : જેણે સુંદર સ્ત્રીની અને સુવર્ણની સ્પૃહાને નષ્ટ કરી છે...** સુંદર સ્ત્રી હોય, એમ. રોગ ન હોય, મરે ત્યાં સુધી રોગ થાય નહીં, શરીરની કોમળતા, નમણાઈ, શરીરના અવયવે-અવયવ જાણે ઇન્દ્રોએ ઘડ્યા હોય એવી ઇન્દ્રિય પ્રત્યે પણ જેને સ્પૃહા નથી. આહાહા! સમજાણું કાંઈ? જેમાંથી સુખબુદ્ધિ ઉડી ગઈ છે. મિથ્યાદૃષ્ટિને પરમાં સુખબુદ્ધિ દેખાય છે. આહાહા! સમ્યગ્દૃષ્ટિને પરમાં સુખબુદ્ધિ ઉડી ગઈ હોય, ભલે ગૃહસ્થાશ્રમમાં હો. કહે છે, એવી સુંદર સ્ત્રી ને સુવર્ણના ઢગલા. આહાહા! કનક ને કામિનીની સ્પૃહા જેને નષ્ટ થઈ ગઈ છે. આહાહા!

**એવા હે યોગીસમૂહમાં શ્રેષ્ઠ...** મુનિને જરી–સહેજ પણ કોઈ વૃત્તિ આવતી હોય... એનો તિરસ્કાર કરીને–નકાર કરીને આ વાત કરે છે. આહાહા! કહે છે કે કંઈપણ સ્ત્રીની સુંદરતા ને સુવર્ણ ને હીરા માણેકથી જડેલા... રાજા હોય છેને મોટા. હીરાના શું કહેવાય? કોટ.. કોટ. હીરાનો કોટ. આ જામનગર છેને, અત્યારે બન્યો છે. જામનગરમાં આખા લીલા હીરા.. પીળા હીરા.. ઓલા હીરા.. ઓલું નીકળે, શું કહેવાય? વરઘોડો? સવારી. સવારી નીકળે. ત્રણ દિ' છઠ, સાતમ ને આઠમ. ત્રણેય દિ' હીરાના કોટ જુદી જુદી જાતના હોય. એકલા હીરા આમ બધા. હીરાનો જ કોટ. પહેલા હતું. ....... અત્યારે તો હવે ફેરફાર થઈ ગયોને.

એવું પહેલા સાંભળ્યું હતું. છઠ-સાત-આઠમ ત્રણ વરઘોડા નીકળે. એ ત્રણેયમાં જુદા-જુદા હીરાના કોટ હોય. આહા! હીરાજડિત હોં. .... એય! લોકો આમ ફરીફરીને જોયા કરે. આહાહા! હાથીએ બેઠા હોય. ધૂળેય નથી, સાંભળને! આહાહા! સોનું શબ્દે બધું હીરા-માણેક. આહાહા! આમ જડેલા લટકાવ્યા હોય, ત્રણ દિ'ના ત્રણ રંગવાળા હીરા-માણેક ... હોય.

આહાહા! એની સ્પૃહા જેને નષ્ટ થઈ છે, જેને સ્પૃહા આનંદની મૂર્તિ ભગવાનની પ્રગટ થઈ છે. આહાહા! સમજાણું કાંઈ?

**હે યોગીસમૂહમાં શ્રેષ્ઠ... निकाय** છેને **योगिनिकाय**... સંતોના સમૂહમાં શ્રેષ્ઠ હે **સ્વવશ યોગી!** આહાહા! **તું અમારું-કામદેવરૂપી ભીલના તીરથી ઘવાયેલા ચિત્તવાળાનું...** ઓહોહો! મુનિ પણ શું કહે છે! જરીક પણ કોઈ વૃત્તિ અસ્થિર થઈ જાય એનો અનાદર કરે છે. સમજાણું કાંઈ? હે સ્વવશયોગી! બેની—કનક ને કામીનીની જેને સ્પૃહા નષ્ટ થઈ છે, હીરામય ભગવાન ચૈતન્યની જેને આનંદ પરિણતિ પ્રગટ થઈ છે, એવા હે યોગી! સ્વવશયોગી! તું સ્વવશ છો. આહાહા!

અહીં તો થોડું બે પાના મોઢે આવડે ત્યાં દેખાડવાનો ભાવ થાય કે અમને આવડે છે. અને ઉત્તર દેતા આવડે ત્યારે એને થાય કે આ તો જ્ઞાન થયું, એ જ્ઞાન સારું લાગે. એ બહારની વાતુંમાં ક્યાં અસર થાય? સમજાય છે કાંઈ? શાસ્ત્રના ભણતર એ પણ આકુળતાનું કારણ છે. આરે, ગજબ વાત છે. એ પરવશ થઈ ગયો છે. આ તો મુનિ (કહે). આહાહા! અરે! આ વાણી તો જુઓ દિગંબર સંતોની! આવી વાત, મુનિઓમાં દિગંબર સંતો સિવાય ક્યાંય હાથ આવે એવી નથી. ક્યાંય એ વસ્તુ નથી. આ ભાવ ઉભા થાય એવી વાત છે. ઊભો કરી દે છે અંદર. આહાહા!

કહે છે કે અરે! અમારું કામદેવરૂપી ભીલના (તીરથી ઘવાયેલા) મન-ચિત્તવાળાનું... જરીક વૃત્તિ એવી કંઈક થઈ જાય... પોતે પોતાની વાત કરે છે હોં. એવા ભીલના તીરથી ઘવાયેલા... આહાહા! એવા ચિત્તવાળાને **ભવરૂપી અરણ્યમાં** તું **શરણ છે.** આહાહા! આવા વિકલ્પની અંદરમાં, પ્રભુ! તારું શરણ તો એ આનંદકંદ શરણ છે, એમ કહે છે. એમ પોતાને પોતાનું શરણ છે એમ કહે છે. એ પોતે પોતાને કહે છે. હે યોગી! આહાહા! ભાષા તો સમજાવવાની શૈલી... ભગવાનની સ્તુતિ એટલે તારી સ્તુતિ એ ભગવાનની સ્તુતિ. કહો, સમજાણું કાંઈ? આહાહા! એવી વસ્તુમાં તો શરણ ભગવાન આત્માનું છે કહે છે. એ શરણમાં સુખ છે. વૃત્તિ ઉઠી એ તો દુઃખરૂપ છે. આહાહા!

મુનિ છે, ત્રણ કષાયનો નાશ થયો, વીતરાગી ઝૂલે ઝૂલે છે... વીતરાગી ઝૂલે ઝૂલે, હિંડોળે હિંચકે છે આમ વીતરાગભાવમાં. જરીક વૃત્તિમાં થોડો ફેર પડે છે એને યાદ કરીને (કહે છે) આ નહીં. આહાહા! સમજાણું કાંઈ? દુનિયાની શોભિત સ્ત્રીઓ, શોભિત સુવર્ણ ને હીરા બેને મૂક્યા. આહાહા! અરે! જેને એ સ્પૃહા ગઈ. ભગવાન પૂર્ણાનંદનો નાથ એની નિસ્પૃહદશાની સ્પૃહા થઈ છે. સમજાણું કાંઈ? હે સ્વવશયોગી! અમારું કામદેવરૂપી ભીલના તીરથી ઘવાયેલું ચિત્ત, એવા ચિત્તવાળાને ભવરૂપી અરણ્યમાં શરણ તું એક છો. અમૃતના સાગરના વહેણલા

વાય છે એ શરણ છે. સમજાણું કાંઈ? આવા પ્રસંગમાં પણ ભગવાન આનંદનો નાથ એનું શરણ છે. સમજાણું કાંઈ? એને શરણે એ વૃત્તિ છૂટી જાય છે કહે છે. આહાહા!

મોટી વાતું લાગે દુનિયાને, પણ તારી મોટપ છેને બાપા! તારી મોટપની શું વાત કરીએ! પર્યાય પ્રગટે મોક્ષના માર્ગની, એની મોટપ પણ આની પાસે તો સાધારણ છે. આહાહા! અરે! મોક્ષ પ્રગટે એ પણ, ત્રિકાળીના માહાત્મ્ય આગળ પર્યાયનું માહાત્મ્ય બહુ અલ્પ છે. આહાહા! એવો ચૈતન્ય હીરલો અનંત-અનંત ગુણના હીરે જડેલું પુરૂં તત્ત્વ. આહાહા! અરે! એકવાર આવીને તો જો ત્યાં, કહે છે. જ્યાં ભંડાર ભર્યા છે. અનંત આનંદ, જ્ઞાનાદિના. આહા! ત્યાં જો, શરણ ત્યાં છે કહે છે. બાકી ક્યાંય છે નહીં. આ આવશ્યક કાર્ય છે એમ કહે છે લ્યો. પરાશ્રિત ... નહીં, એમ કહેવા માગે છે. આવી વૃત્તિ થઈ પરાશ્રિત, ત્યાં આવશ્યક કર્મ.... આહાહા! સમજાણું કાંઈ?

આવશ્યક તો અંદરમાં એકાકાર થવું આનંદની લહેજતમાં, એ આવશ્યક કર્મ છે, પ્રાયશ્ચિત્ત પણ એ છે. આહાહા! પ્રાયશ્ચિત્ત વર્ણવ્યું છેને. આત્મા જ પ્રાયશ્ચિત્ત છે. કાલ નહોતું આવ્યું? પ્રાયઃ ચિત્ત ભાવપણે જ્ઞાન એકલું શુદ્ધ ભગવાન આત્માનું, એ પોતે પ્રાયશ્ચિત્ત સ્વરૂપ જ છે આત્મા. એને શરણે જતાં રાગાદિના વ્યવહાર પ્રાયશ્ચિત્તનો નાશ થઈ જાય છે. આહાહા! એય પ્રકાશદાસજી! કોઈ દિ' ત્યાં સાંભળવા મળે એમ નથી. આહાહા! આવો માર્ગ તે માર્ગ. આહાહા! અને તે તું છો તે જાતનો. અહીં વાત એ થાય છે. તું એવડો આ જાતનો છો. બીજાની વાતું કરે કે આવા મોટા, પણ એનાથી મોટામાં મોટો તું છો. કેવળજ્ઞાનની પર્યાયથી પણ તું મોટો છે. કેવળજ્ઞાનની પર્યાય પણ અપરમભાવમાં જાય છે. આહાહા! અને પોતે પરમભાવમાં જાય છે. આહા! પરમભાવ ભગવાન આત્મા પરમસ્વભાવભાવ ઉત્કૃષ્ટભાવ પોતે, એની આગળ તો મોક્ષનો માર્ગ અપરમભાવ, કેવળજ્ઞાન અપરમભાવ. આહાહા!

એ ... હાથ આવે એવો નથી. આહાહા! વિકલ્પથી હાથ આવે એવો નથી. એ આત્મભાવના ભાવ વડે, આત્મભાવ વડે આત્મા હાથ આવે એવો છે. સમજાણું કાંઈ? કહો, સુજાનમલજી! આહાહા! અરે! ભવરૂપી અરણ્યમાં... આ ભવસાગરરૂપી મોટું અરણ્ય-જંગલ જ્યાં માણસ નહીં, કોઈ ઢોર નહીં. સિંહ-વાઘ હોય, માણસ ન મળે એવા અરણ્યમાં તો પ્રભુ! તું એક શરણ છો. સમજાણું કાંઈ? આહાહા! અનેક રોગ શરીરમાં થાય, મરતા શ્વાસ ચાલે, ડબલ ન્યુમોનિયા થાય, બધું પકડાય, એમ કરતાં શૂળ ઉઠે, આમ કરતા શૂળ ઉઠે. હવે એનું શરણ ક્યાં છે ત્યાં? આહાહા! એ એનું ઘરે રહ્યું અને એના તરફની વિકલ્પની વૃત્તિ પણ એને ઘરે રહી. અહીં જાને અહીં અંદર. ભવરૂપી અરણ્યમાં શરણ તો તારું ચૈતન્ય છે. આહાહા!

(પ્રમાણ વચન ગુરુદેવ)

## માગશર સુદ-૧૧, શનિવાર, તા. ૧૬-૧૨-૧૯૭૨
## શ્લોક-૨૫૧-૨૫૪, ગાથા-૧૪૭, પ્રવચન નં. ૧૭૫

નિયમસાર, નિશ્ચય પરમ-આવશ્યક અધિકાર. ૨૫૧ કળશ છે.

**अनशनादितपश्चरणैः फलं**
**तनुविशोषणमेव न चापरम् ।**
**तव पदांबुरुहद्वयचिंतया**
**स्ववश जन्म सदा सफल मम ॥ २५१ ॥**

મુનિરાજ કહે છે, **શ્લોકાર્થ : અનશનાદિ તપશ્ચરણોનું ફળ શરીરનું શોષણ (-સુકાવું) જ છે...** શરીરનું સુકાવું છે. એમાં રાગ-દ્વેષનું સુકાવું નથી એમ કહે છે. અપવાસ, ઉણોદરી, રસપરિત્યાગ, કાયક્લેશ વિગેરે શુભરાગ છે અને શરીરનું શોષણ છે. **બીજું નહિ.** એનાથી ધર્મ નહીં એમ કહે છે. પરવસ્તુ છેને. અપવાસ, ઉણોદરી, રસપરિત્યાગ, કાયક્લેશ, વૃત્તિપરિસંખ્યાન, પ્રાયશ્ચિત્ત, વિનય વગેરે બાર પ્રકાર(ના તપ) એ પરલક્ષી છે. એનું ફળ તો તને શરીર સુકવવું છે. એમાં આત્માના રાગ-દ્વેષ ને અજ્ઞાન શોષાય એ ચીજમાં નથી. બીજું નથી એમ કહે છે. આહાહા! આકરું પડે માણસને.

શ્રોતા : આહારનો રાગ તો ઘટેને ?

પૂજ્ય ગુરુદેવશ્રી : છૂટ્યો છે ક્યાં ? આહાર છોડ્યો મેં, એમાં મિથ્યાત્વનો રાગ વધ્યો છે. મેં આહાર છોડ્યો અને શરીરને કષ્ટ થયું માટે મને લાભ થયો, એ તો મિથ્યાત્વને પોષે છે. એય! આકરી વાત છે ભાઈ! ભગવાન ચૈતન્યસ્વરૂપનું જ્યાં આલંબન, આશ્રય નથી (અને) બધી ક્રિયાકાંડો એમાં ધર્મનો લાભ થાય છે એવી બુદ્ધિ છે એ મિથ્યાત્વ છે. કહો, ધીરુભાઈ! આહાહા! મેં અપવાસ કર્યા, મેં વર્ષીતપ કર્યું, અમારે ખપતો નથી રસ. પણ આત્મરસ ખપતો નથી એની ખબરું ન મળે. આત્મા આનંદરસ છે એની ખપત નથી. ફક્ત આ રસ છોડ્યો, આ કર્યું, આ કર્યું—એમાં બુદ્ધિ રોકાયેલી છે એ પરાધીન છે. એને સ્વાધીન ધર્મ નથી. જરીએ નથી એમ કહે છે. છેને ? **બીજું નહીં.**

**(પરંતુ) હે સ્વવશ! (હે આત્મવશ મુનિ!)** આત્માને વશ થયેલા છે. અનશનાદિ છે એ બધી વાતું તો પરવશ છે. આત્મા આનંદસ્વરૂપ છે એવા નિત્ય ભગવાન આત્માને અવલંબેલો, એનો આશ્રય લઈને જે વીતરાગીદશા પ્રગટ થઈ એ સ્વવશ છે. ભારે વાત ભાઈ! ચૈતન્ય-સ્વરૂપને આશ્રયે દર્શન, જ્ઞાન ને ચારિત્ર એ સ્વવશ છે. રાગાદિની ક્રિયા ને શરીરાદિની ક્રિયામાં જે એકાગ્ર છે એ તો પરવશ છે. કહો, સમજાણું આમાં ? હે સ્વવશ! પોતાનો ભગવાન આત્મા

પૂર્ણ શુદ્ધ-બુદ્ધ ચૈતન્ય શુદ્ધ, એને આશ્રયે જે પડ્યો છે એનો અવતાર સફળ છે. **તારા ચરણકમળ...** આ **ચરણકમળયુગલના ચિંતવનથી...** એટલે કે મારા આત્માનો સ્વભાવ એની દૃષ્ટિની સ્થિરતારૂપી યુગલ. **તારા ચરણકમળયુગલના ચિંતવનથી** (એટલે) એકાગ્રતાથી **મારો જન્મ સદા સફળ છે.** વિનયથી વાત કરી છે. સમજાણું કાંઈ?

**હે સ્વવશમુનિ! તારા ચરણકમળયુગલના ચિંતવનથી...** એટલે એ આત્મા છે એવો જ હું છું. એવો જે ભગવાન આત્મા નિર્વિકલ્પ ચૈતન્ય અભેદવસ્તુ એની એકાગ્રતાથી મારો જન્મ સદા સફળ છે. સમજાણું કાંઈ? અવતારની સફળતા... આ બધા પૈસા મળે, આબરૂ મળે, અમે બીજાથી કાંઈ ચડિયાતા થયા, પહેલા નહોતા ને હવે વધ્યા—એ બધા રખડવાના રસ્તા છે. તમારો દીકરો પણ કહેતો હતો. બાપુજીએ પૈસાનો... શું કીધું? એય! શું કીધું? સ્વાદ ચાખ્યો છે ક્યાં? એની પાસે ક્યાં...? એના બાપ પાસે ૩૫-૪૦ હજાર રૂપિયા હતા. એવું સાંભળ્યું હતું તે દિ' છોટાભાઈ પાસે. એ જુદા-જુદા ..... કર્યું હશે પચાસ હજાર..... પણ કાંઈ કરોડ, બે કરોડ, ચાર કરોડ હતા? એ બોલતા હતા તે સાંભળ્યું. એમ કે પૈસાનું મોજું જોવે એને ખબર પડે કે એમાં પૈસામાં ..... છે. એમાં રોકાવું પડે, એમાં કેટલી મજા (હોય). શેઠસાહેબ.. શેઠસાહેબ.. શેઠસાહેબ કરે બધા. આહાહા! ધૂળેય નથી, હેરાનગતિ છે ત્યાં.

ભગવાન પૂર્ણાનંદનો નાથ વીતરાગસ્વરૂપે પ્રભુ બિરાજે છે, સિદ્ધસ્વરૂપે આત્મા છે. એનું ચિંતવન એટલે એની એકાગ્રતા, સફળતા. એણે અવતારમાં અવતારનો અભાવ કર્યો, એણે ભવમાં ભવનો અભાવ કર્યો એ સફળ છે. આહાહા! આવો માર્ગ છે ભાઈ! સમજાણું કાંઈ? **મારો જન્મ સદા સફળ છે**. ઓહો! પૂર્ણાનંદનો નાથ પરમાત્મા નિજસ્વરૂપ શુદ્ધસ્વરૂપ એમાં મારું અવલંબન છે, મારે એનો આશ્રય છે, એમાં હું એકાગ્ર છું, એ જ જન્મની સફળતા છે. કહો, હસમુખભાઈ! આ પૈસા ભેગા કર્યા માટે બીજાથી અધિક થઈને મોઢા આગળ નીકળ્યા, કહે છે કે એ ઝેરની પીવાની હોડ્યું છે. બીજો કહે અધશેર પીઉં, તો ઓલો કહે કે શેર પીઉં. ઝેર પીવાની હોડ છે. બાપા! આહા! જન્મને નિરર્થક કરવાની હોડ્યું છે એ. તમે પાંચ લાખ પેદા કરો છો, હું દસ લાખ પેદા કરું છું, ફલાણું કરું છું. શું કર્યું પણ તેં? કહો, સમજાણું કાંઈ? બે ભાઈઓ જુદા પડે ને એક પાસે પચાસ લાખ-કરોડ થાય ને બીજા પાસે કાંઈ ન રહે કે પાંચ, પચાસ હજાર રહે. જોઈ લો તમારે. એ મોહનભાઈ! શું કરવું આમાં? મૂકી દે પડ બધી.

શ્રોતા : ... દરિયામાં નાખી દેવા?

પૂજ્ય ગુરૂદેવશ્રી : નાખી દેવા ને રાખવા એ ક્યાં વાત છે? આત્મા ભગવાન છે, એની પાસે જા. પ્રભુ પરમાત્મસ્વરૂપ અંદર બિરાજે છે એની પાસે જા. આની પાસે જઈને શું છે? રખડી મર્યો છો. આહાહા! સમજાણું કાંઈ? એ ખાટું છે તો ખાટું જ હોયને. હજાર-પાંચસો ખરે.... હજાર પાંચસો ખરે. આહાહા! સડ્યા પાન ખરે એમ ન ખરે? આ સડેલા છે આ તો.

આહાહા! ભગવાન આત્મા... અરે! મુનિ કહે છે કે ધન્ય અવતાર મારો કે મેં આત્માનો આશ્રય ને અવલંબન લીધું. જેણે અનશન ને અપવાસ આદિ કરીને પરના આશ્રય લીધા એના અવતાર એળે જવાના, એમ કહે છે. આહાહા! ભલે બાર પ્રકારના તપમાં રહ્યો હોય, પણ એ રાગ છે ને પરને આશ્રયે પડ્યો છે. ભગવાન આત્માનો આશ્રય ત્યાં નથી. સમજાણું કાંઈ? આહાહા!

......... એવી બધી વાતું છે. લખાણ જ બધા ખોટા છે. દસવૈકાલિકના આઠમા અધ્યયનમાં શ્વેતામ્બરમાં આવે છે. ....... જેટલો અપવાસ કરે, રસપરિત્યાગ કરે, ...... ધન્ના અણગાર એ તો કહે. એ તો અપવાસથી જીર્ણ શરીર કરેલું એમ છે ત્યાં. એને અંદરમાં ભાન-બાન નથી. સાચું ક્યાં છે? ત્યાં તો બહારની ક્રિયાની વાતું છે. ધન્નો અણગાર.... તલના તલહરા હોયને તલના તલહરા સુકાં, ગાડામાં ભર્યા હોય ને ગાડું ચાલે તો કેવું ખડખડે? એમ ઉઠબેસ કરતા હાડકાં ખડખડે. નરશીભાઈ અમારે કહેતા નરશીભાઈ ડોક્ટર. એક ફેરી આવ્યા હતા ત્યાં બોટાદ. સુખલાલજી અપવાસ કરતાને. છઠ્ઠના પારણા ને પારણે લુખું, અઠ્ઠમના પારણા ને પારણે લુખું. ઘી, ગોળ, સાકર નહીં. સુખલાલજી હતા તલસાણાના.

પછી સુખલાલજીએ પૂછ્યું. ભાઈ આવ્યા હતા, નરશીભાઈ આવ્યા હતા દર્શન કરવા. ભાઈ! આ શરીરને કેટલા દિ' (બાકી) લાગે છે? એમ કહે. ત્યારે એ કહે કે હજી વાર છે. ધન્ના અણગારની જેમ જેને ઉભા-બેસતા હાડકાં ખડખડે ત્યારે સમજવું કે હવે છૂટશે. આ ૮૦ની વાત છે. કેટલા વર્ષ થયા? ૪૯ વર્ષ. નરશી ડોક્ટર હતાને મોટા ડોક્ટર હતા જુનાગઢ. બહારમાં પ્રસિદ્ધ હતા. એણે આંખનું ઓપરેશન પોતે શરૂ કર્યું. મોતિયાથી એણે શરૂ કર્યું. લૌકિકમાં... દેખાવમાં કડિયા જેવા લાગે. જેવો કડિયો હોયને. (ડોક્ટર) દેખાય નહીં, દેખાય નહીં.... કડિયો છે એવું લાગે. .... કરે, આ ડોક્ટરની ચિકિત્સામાં મોઢા આગળ વધ્યા, ઓહોહો! ધૂળેય નથી કાંઈ. મોતિયાનું ઓપરેશન વિલાયતી ન કરે એવું પહેલું એણે કર્યું. ....... બહુ વખણાઈ ગયા હતા. ધૂળેય કર્યું નથી. એમાં શું છે? આહાહા!

કહે છે કે જેના અવતાર... આત્મા વસ્તુ ભગવાન નિષ્ક્રિય, રાગથી ભિન્ન છે, એવો સિદ્ધસ્વરૂપી પ્રભુ એમાં જેની દૃષ્ટિ પડી ને આલંબન લીધું છે એનો અવતાર સફળ છે. અવતાર સફળ છે એટલે? હવે અવતાર મળવાનો નથી અને એ અવતારે અવતારના અભાવનું કાર્ય કર્યું છે. આહાહા! સમજાણું કાંઈ? આવી વાતું છે. આહાહા! અરે! વાત તો છે એના ઘરની, પણ એના ઘરમાં શું છે એને સાંભળવા મળ્યું નહીં અને બહારની બહારની વાતુંમાં મરી ગયો એમ ને એમ. ..... માને, આ કરું, આ કરું, આ કરું એમાં ગયો, ત્યાગી થાય તો પછી આ અપવાસ કરું, ઉણોદરી કરું, રસ છોડું. આત્મા શું ચીજ છે, એના તરફમાં કેમ જાવું એ વાતું ન મળે. અવતાર એળે જાય છે. કહો, સમજાણું કાંઈ?

આમાં જેટલો રાગ ઘટ્યો એટલો તો લાભ છેને આમાં—એમ કહ્યું છેને એક ઠેકાણે? કહ્યું છે એ તો બીજી વાત છે. મોક્ષમાર્ગ (પ્રકાશક)માં કહ્યું છે, અશુભરાગ ઘટે એટલું ઠીક, પણ નિર્જરા માને, સંવર માને એમ નથી. આહાહા! એ તો (રાગ) મંદ કરતો હોય તો. આ દુનિયાને દેખાડવા વર્ષીતપ કર્યા હોય ને પાછા ઉજવણી કરવા હોય, પૈસા ખરચાવા હોય ધણી પાસે કે સાસરા પાસે, મરી ગયો હોય તો જેઠ પાસે. .... આહાહા! હેરાન થઈ ગયો.... એ ૨૫૧ થયો. ૨૫૨.

**जयति सहजतेजोराशिनिर्मग्नलोकः**
**स्वरसविसरपूरक्षालितांहः समंतात्।**
**सहजसमरसेनापूर्णपुण्यः पुराणः**
**स्ववशमनसि नित्यं संस्थितः शुद्धसिद्धः ॥२५२॥**

આહાહા! **શ્લોકાર્થ : જેણે નિજ રસના વિસ્તારરૂપી પૂર વડે...** હવે સવળું લીધું. જેણે ભગવાન આત્માનો આનંદરસ, પ્રભુ આત્માનો અતીન્દ્રિય આનંદ એનો જે રસ, એની શક્તિને **વિસ્તારરૂપી પૂર વડે**... આહાહા! ભગવાન અતીન્દ્રિય આનંદસ્વરૂપ એનો વિસ્તાર કર્યો અંદરમાં, કહે છે. પર્યાયમાં આનંદની વિસ્તારતા થઈ. આહાહા! સંસારમાં રાગ અને દ્વેષની વિસ્તારતા હતી. ભગવાન આત્માનો આનંદસ્વભાવ, અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુ આત્મા છે. અહીં તો કહે છે કે એ સિદ્ધ જ છે. **शुद्धसिद्धः** એમ કહ્યુંને છેલ્લે. શુદ્ધ-સિદ્ધ જ છે એ. આહાહા! સમજાણું કાંઈ? એવા આત્માના **નિજ રસના વિસ્તારરૂપી પૂર વડે...** જેણે આત્મા દ્રવ્યમાં એકાગ્રતા કરી છે એને પર્યાયમાં આનંદના પૂર વહે છે, કહે છે. અતીન્દ્રિય આનંદનો પ્રવાહ–વહેણલા વાયા અંદર પર્યાયમાં. આહાહા! સમજાણું કાંઈ?

જેને આત્મા તરફનો આશ્રય નથી અને પરના તરફનો આશ્રય છે, ત્યાં વિકારના વહેલણા.. વિકારના વહેણ વાયા એકલા ઝેરના. આહાહા! જેણે ભગવાન આત્માનું અવલંબન લઈ અને જેની પર્યાયમાં, આહાહા! આનંદરસના વિસ્તારરૂપી ધોધ વડે, પૂર વડે **પાપને સર્વ તરફથી ધોઈ નાખ્યાં છે...** આત્માના આનંદના અનુભવ દ્વારા, આત્માના આનંદની વિશાળતા પર્યાયમાં પ્રગટી એ દ્વારા, જેણે પુણ્ય-પાપ (આદિ) બધા ભાવને... એ પાપ શબ્દે પુણ્ય-પાપ બેય, **સર્વ તરફથી ધોઈ નાખ્યાં છે**... આહાહા! એ આનંદની ધારાએ પુણ્ય-પાપ ધોવાય છે એમ કહે છે. એ પુણ્ય-પાપની ક્રિયા વડે પુણ્ય-પાપ ધોવાતા નથી. આહાહા! સમજાણું કાંઈ?

અનશન, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ, રસપરિત્યાગ, કાયક્લેશ. લ્યો કાયક્લેશ આવ્યો આમાં. ... ને ઇન્દ્રિયદમન એ બધા વિકલ્પો છે. શરીરની જીર્ણતા એમાં પરદ્રવ્ય જીર્ણ (થયું). એમાં તારા દ્રવ્યમાં પુષ્ટિ ક્યાં થઈ? અજ્ઞાનની જીર્ણતા–નાશ ક્યાં થયો ત્યાં? આહાહા! વાત ભારે ભાઈ! ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનું પૂર ને તેજ–નૂર ભર્યું છે, એની એકાગ્રતાથી જેને પોતાની

વર્તમાનદશામાં આનંદની ધારા વહી, આહાહા! એનું નામ ધર્મ. અતીન્દ્રિય આનંદની ધારા વહી એ દ્વારા એણે સંસારના પુણ્ય-પાપનો નાશ કરી નાખ્યો છે. આહાહા!

**જે સહજ સમતારસથી પૂર્ણ ભરેલો હોવાથી પવિત્ર છે...** આહાહા! સ્વભાવિક સમતારસથી પૂર્ણ ભરેલો. પર્યાયમાં એવો છે હોં અંદર. આહા! પોતાનો સમતારસ વીતરાગી શાંતિપર્યાયથી પૂર્ણ ભરેલો પવિત્ર છે. વસ્તુ પવિત્ર છે, એનો આશ્રય લઈને પર્યાયમાં આવી સમતારસની દશા પ્રગટ કરી છે. આહાહા! **જે પુરાણ (સનાતન) છે...** વસ્તુ છે એ તો અનાદિ સનાતન તત્ત્વ છે. પુરાણ પુરુષ–જૂનો પુરુષ છે, એ અનાદિનો ભગવાન છે. **જે સ્વવશ મનમાં સદા સુસ્થિત છે...** આહાહા! **(અર્થાત્ જે સદા મનને-ભાવને સ્વવશ કરીને બિરાજમાન છે)...** જે આત્માને વશ થયેલો છે એ રીતે બિરાજમાન છે. ભારે વાતું,

સ્વવશ, સદા મનમાં–પોતાના ભાવને વશ કરીને બિરાજમાન છે. **અને જે શુદ્ધ સિદ્ધ છે...** પોતે શુદ્ધ સિદ્ધ જ વસ્તુ છે. 'સિદ્ધ સમાન સદા પદ મેરો..' અરે! આ ભગવાન આત્માનું માહાત્મ્ય આવે નહીં અને આ પુણ્ય ને પાપની ક્રિયાનું માહાત્મ્ય આવે, ત્યાં રખડવાના રસ્તા છે કહે છે. આહાહા! પૂર્ણ પુરુષ પરમાત્મા શુદ્ધસ્વરૂપ શુદ્ધ સિદ્ધ, એમ કહ્યુંને. શુદ્ધ સિદ્ધ સમાન એટલે એ શુદ્ધ સિદ્ધ જ છે પોતે. શુદ્ધ સિદ્ધ. આહાહા! એવો જે ભગવાન આત્મા એમાં જેણે દૃષ્ટિ મૂકી છે, એમાં જેણે જ્ઞાનની પર્યાય સ્થાપી છે, એમાં જેની રમણતા છે, એ પવિત્ર છે.

**એવો સહજ તેજરાશિમાં મગ્ન જીવ...** આહાહા! મુનિરાજે પણ કળશો કર્યા છેને! એવો સહજ તેજરાશિ ચૈતન્ય ભગવાન, ચૈતન્ય ને આનંદના પૂરવાળું તત્ત્વ પડ્યું છે અંદર. એમાં જે મગ્ન છે એ **જીવ જયવંત છે.** એ જીવનો ભાવ ને જીવ જયવંત વર્તે છે. મુનિરાજ પોતે પણ એમ કહે છે. જેણે આત્મામાં ભાવને–વર્તમાન નિર્મળ પર્યાયને સ્થાપ્યો અથવા નિર્મળ પર્યાયને આત્મા સાથે જોડી દીધી, એવા **તેજરાશિમાં મગ્ન જીવ જયવંત છે**. એવું જયવંત છે.. એવું જયવંત છે. પર્યાયમાં છે માટે જીવ પણ એ રીતે જયવંત છે. આહાહા! કહો, દિલીપ! આહા! તારા દાદા આવ્યા કે નહીં? આવ્યા? કહો, સમજાણું કાંઈ? .... કરે છેને.

કહે છે... છેલ્લો શબ્દ એ છે. સ્વભાવિક ચૈતન્યના તેજ અંદર અને સ્વભાવિક આનંદના તેજનું પૂર પ્રભુ એમાં જેણે વૃત્તિને–પરિણતિને જોડી દીધી છે એ જયવંત છે. એનું જીવન જયવંત છે, વર્તમાનમાં એ જયવંત છે. આહાહા! એણે જય મેળવ્યો છે. સમજાણું કાંઈ? આહાહા! સંસારને જીતીને જય મેળવ્યો છે. આહાહા! ઔદયિકભાવને જીતી અને સ્વમાં મગ્ન થઈ જયવંત વર્તે છે. એની જય ધ્વજાઓ.. એની જયની ધ્વજા ફરકે છે કહે છે. આહાહા! સમજાણું કાંઈ? હસમુખભાઈ! આવું બધું ત્યાં મુંબઈમાં નહીં મળે કાંઈ. ત્યાં જાશે એટલે ગોઠવાઈ જાશે ફડાક દઈને બધા. ...... સંચાને બહાને પણ વીસ દિ' રહ્યા તો ખરા. આહાહા! .... પૂરું કર્યું છે. આહાહા!

આ આખો સંચો આનંદનો એને જોડી દે, એમ કહે છે. એને હલાવ હલાવ કર. ભગવાન આનંદસ્વરૂપ છે પ્રભુ, એ રાગ ને દ્વેષના વિકલ્પમાં આડોઅવળો જાય છે એને ફેરવી નાખ. ભાઈ! એને સાચો સંચો કર હવે, એમ કહે છે. આહાહા! એ મોટું કારખાનું છે, અનંતગુણનું કારખાનું છે એ. આહાહા! એવા અનંત ગુણના કારખાને જઈ સંચો ફેરવ હવે, એમ કહે છે. એના જીવન જયવંત છે. આહાહા! એનો જય થઈને જીવે છે એ. ઓલા હારીને જીવતા એ તો સંસાર છે. જેણે પોતાની દૃષ્ટિમાં ભગવાનને સ્થાપ્યો છે, જેની દૃષ્ટિમાં ભગવાન આત્મા સમીપ વર્તે એ જયવંત છે. આહાહા! સમજાણું કાંઈ? એ ૨૫૨ કહ્યો.

**सर्वज्ञवीतरागस्य स्ववशस्यास्य योगिनः।**
**न कामपि भिदां क्वापि तां विद्मो हा जडा वयम्॥ २५३॥**

આહાહા! મુનિને પણ જરીક વૃત્તિ છેને. તો કહે છે કે અરેરે! આવો આત્મા... **શ્લોકાર્થ : સર્વજ્ઞ-વીતરાગમાં અને આ સ્વવશ યોગીમાં ક્યારેય કાંઈ પણ ભેદ નથી...** મુનિ, જેણે બહુ ઉગ્રપણે અવલંબન લીધું છેને દ્રવ્યનું. સમ્યગ્દર્શનમાં તો જઘન્યપણે દ્રવ્યનું અવલંબન છે, ચારિત્રવંતને તો ઘણું ઉગ્રપણે દ્રવ્યનું અવલંબન છે. વસ્તુ ભગવાનનો આધાર છે, મોટો આધાર છે. સર્વજ્ઞ-વીતરાગમાં ને આ સ્વવશ યોગીમાં... આ સ્વવશ... ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એને વશ થયેલા ધર્માત્મામાં કાંઈ, ક્યારેય, એમ પાછા. ક્યારેય અને કાંઈ પણ... કોઈ કાળે અને કોઈપણ ભાવે ભેદ નથી. આવા અંતર અવલંબી સંતોમાં અને સર્વજ્ઞ-વીતરાગમાં કાંઈ ફેર નથી એમ કહે છે. આહાહા! જે સર્વજ્ઞ ને વીતરાગની હોડમાં બેઠા–હારમાં બેઠા. ચાંદમલજી! આવું છે કામ.

'હરિનો માર્ગ છે શૂરાનો, કાયરના નહીં કામ..' એ હીજડાનું કામ નહીં ત્યાં, કહે છે. જામનગરમાં થયું હતું પાવૈયાનું. અમને–પાવૈયાને રાખો નોકર, તમને સોંઘા પડશે. જામ વિભાને કહ્યું. રાખ્યા નોકર. એમાં રાજ ઉપર આવી હોય (ચડાઈ તો) ગાયુંને હાંકે. લડાઈ કરવી હોયને તો ધણ આમ બહારથી આવતું હોય તે પાછું વાળે. તો સમજવું કે આ લડાઈ કરવા આવ્યો છે. લડાઈ કરવી છે. ધણ પાછું વાળ્યું. અહીં વિભાના વખતમાં પાવૈયા–હીજડા રાખ્યા હતા પોલીસમાં. ગયા મોટા થઈને આમ. મોટા શરીર... એમાં નદીમાં ભેડો ઉતરવો હશે. ઘોડા ઉતરે અને એની ભાષા નીકળી પાવૈયાની હતી એ. 'એ અદા' એમ કાંઈક ભાષા નીકળી. ઓલા કહે, આ તો હીજડા છે માળા. પાછું વાળીને... આવ્યા વિભા પાસે. વિભા! તારા ખીચડા ખાઈએ ને ગીતડા ગાઈએ, બાકી આમાં અમને કાંઈ..... હીજડાઓ! તમારા કામ નહીં આમાં. એમ રાગમાં એકાકારવાળા નપુંસકનું અહીં કામ નથી, કહે છે. આહાહા! કહો, આવું સાંભળવા મળે છે કાંઈ? એય મધુ! હોંગકોંગ ધૂળ છે ત્યાં. ક્યાં ત્યાં...? આહાહા! એવી વાતું સાંભળવાના જ્યાં ફાંફાં. પૈસા મળે ત્યાં ખુશી થઈ જાય. બે-પાંચ લાખ થાય તો ઓહોહો! એય ચીમનભાઈ!

કહે છે, આહાહા! થોડો ફેર છે એમ કાંઈ ન કહ્યું. એ (૨૪૩) કળશમાં. ૨૮૮ પાનું. કોઈ અપેક્ષાએ જરી ફેર છે. અહીં તો કહે છે, પૂર્ણાનંદમાં પડ્યો, હવે એને ફેર છે એ તું શી રીતે આંકે છે? આહાહા! પૂર્ણાનંદના ધામમાં જ્યાં રમતું માંડી છે એ તો સિદ્ધપદ હવે હથેળીમાં આમ છે, કહે છે. સર્વજ્ઞ વીતરાગી .... જ છે. સમજાણું કાંઈ? આહાહા! એને સર્વજ્ઞ-વીતરાગની પદવી જેવા છે કહે છે. એ અલ્પકાળમાં (મોક્ષ) લેવાના એને મોક્ષતત્ત્વ કહ્યા છે લ્યો પ્રવચનસારમાં. મોક્ષમાર્ગમાં સ્થિર ભગવાન આત્મામાં... એ વાત તો સાંભળે, સમજે તો ખરો કે આ ચીજ આવી છે. એ ચીજમાં દૃષ્ટિ કરવા જેવી છે. કરવાનું હોય તો પહેલું આ કર્તવ્ય છે. સમજાણું કાંઈ? બાકી બધા થોથેથોથાં.

કહે છે, ઓહો! આવી આત્માના સ્વરૂપની પરમાત્મદશા સિદ્ધસ્વરૂપી ભગવાન એમાં જેણે જ્ઞાનને જોડી દીધું છે, જેણે વર્તમાનદશાને ત્યાં જોડી દીધી છે. એવા સંતો ને સર્વજ્ઞ-વીતરાગમાં શું ફેર હોય? ક્યારેય ને કાંઈપણ ભેદ નથી. કોઈ કાળે ને ભાવમાં કાંઈ ફેર નથી એમ કહે છે. **છતાં અરેરે!...** આહાહા! પોતાનું જુઓને એક. **આપણે જડ છીએ...** એમ પોતે નાખે છે. એમ કરીને પુરુષાર્થને ઉઘાડે છે. આપણે આ જડ છીએ, કહે છે, આહાહા! **કે તેમનામાં ભેદ ગણીએ છીએ.** આવા આત્માના આનંદમાં ઝૂલતા મહામુનિ અને કેવળીઓમાં ભેદ ગણે એ તો જડ છે કહે છે. એમ કરીને પુરુષાર્થની ઉગ્રતા અંદર કરે છે. આ શું રોકાણો જરી? એમ કહે છે. સમજાણું કાંઈ? આમ મુનિ છે, પણ થોડો હજી અટકેલો છેને. એમ કરીને કહે છે કે આહા! આવો ભગવાન અહીં કેમ અટકે? જડબુદ્ધિ તારી અસ્થિરતા છે એમ કહે છે. આહાહા! એટલે અસ્થિરતાને જડબુદ્ધિ કહી કે આપણે જડ છીએ કે બેમાં ફેર માન્યો. સમજાણું કાંઈ?

આ તો રામની રમતું છે બધી. આહાહા! રામનું રૂપ ધારણ કરું ત્યાં મારી બુદ્ધિ ફરી જાય છે. એમ જ્યાં આવી વાતું સાંભળું ત્યાં મારું હૃદય હલી જાય છે. (એ રૂપ) થઈ જાઉં તો તો શું થાય? આહાહા! મધુ! સાચી છે...? વાત તો એમ છે હોં. આહાહા! સીતાજીનું કહ્યુંને રાવણે. સાંભળ્યું હતુંને. એક ફેરી કહ્યું હતું. સીતાજી સતિ સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની ધર્માત્મા એ તો. (રાવણ) તીર્થંકર એના ગણધર થવાના. રાવણ થવાના તીર્થંકર તો સીતાજી થવાના ગણધર. પરિણામમાં ફેર જુઓને! કહે છે. આહાહા! રાવણ કહે છે કે આ સીતા વશ થતાં નથી, ઉપાય શું? રામનો વેશ ધારણ કર. પણ રામના રૂપ ધારણ કરું ત્યારે મને માતા દેખાય છે. રામનું રૂપ ધારણ કરું ત્યાં મને મા દેખાય છે. રામ થાય એની તો શું વાતું કરવી? આહાહા! એમ ભગવાન આત્માની વાત સાંભળતા હૃદય હલી જાય છે. આહાહા! સમજાણું કાંઈ? એના સ્વરૂપમાં રમત કરવી–રમણતા કરવી એની શું વાતું કરવી! કહો, ભીખાભાઈ! આહાહા! અરે! જાણે સિદ્ધમાં બેઠો એમ લાગે, કહે છે. સમજાણું કાંઈ?

સાંભળતા જેના રૂવાંટા ઉભા થઈ જાય. આહાહા! આવો ભગવાન! એની સંભાળમાં પડ્યો હોય એની શું વાતું કરવી! સમજાય છે કાંઈ? અહીં તો પુરુષાર્થીના વીરોના કામ છે. ઓલા હીજડા જેવા.... વિભા કહે, મેં નહોતું કહ્યું? તમારા કામ નહીં. ..... જાવ હવે. આ હીજડા જેવા થઈ પોલીસનું કામ કરશે? સમજાણું કાંઈ? એમ રાગને કરીને નપુંસકતા કરે અને રાગને પોતાનો માને એ તો વળી નપુંસકમાં નપુંસક છે. એનાથી ચૈતન્યના કામ થાતા હશે? એય! આહાહા! આ મુનિએ એમ કહ્યું, અરેરે! અમે .... જડ છીએ. એમ કરીને જરી નબળાઈ છેને થોડી, એને ઉગ્રપણે ઉખાડે છે. આહાહા! પોતાની જ વાતું કરે છે અહીં. આહાહા! ૨૫૪.

**एक एव सदा धन्यो जन्मन्यस्मिन्महामुनिः।**
**स्ववशः सर्वकर्मभ्यो बहिस्तिष्ठत्यनन्यधीः॥२५४॥**

અહો! **શ્લોકાર્થ : આ જન્મમાં**–આ અવતારમાં **સ્વવશ મહામુનિ એક જ સદા ધન્ય છે...** જે ભગવાન આત્માને વશ પડ્યો તે ધન્ય છે અવતાર. બાકી બધા અફળ–નિષ્ફળ અવતાર છે. આહાહા! સમજાણું કાંઈ? **આ જન્મમાં સ્વવશ...** ભગવાન આનંદસ્વરૂપ એને વશ પડેલો એ એક જ સદા ધન્ય છે, એમ પાછું. બીજો નહીં. આહાહા! પાંચ-પચાસ લાખ ભેગા કર્યા, બાપે નહોતા મૂક્યા ને સાંપડ્યા, બાહુબળે ભેગા કર્યા, વાતું કરે નવરા થાય એટલે. બાઈયું કરે, આપણા સાસરા પાસે નહોતું. આ ઘરના માણસ ... થયા, ... કર્યું, ત્યાં પાંચ-પચાસ લાખ ભેગા કર્યા. ધૂળ ભેગી કરી. આહાહા! એ ધન્ય નથી, એ તો અધન્ય છે કહે છે. આહાહા! એવા જીવનને તો ધિક્કાર કરવાલાયક છે. આવા જીવનને ધન્ય કહેવાલાયક છે. આહાહા! આ દુનિયામાં કાંઈ મેળવ્યું નહીં, દુનિયામાં ક્યાંય ગણાણા નહીં. દુનિયા ગમે.... લ્યો. બહારમાં પડેને, બહારમાં બીજા વખાણ કરે. આહાહા!

નિહાલભાઈએ તો કહ્યું હતું કે જંગલમાં પુષ્પ હોય, કોઈ એને સૂંઘે નહીં તો એની કિંમત વઈ જાય? અને સૂંઘે તો કિંમત થાય? એમ ગુણીપુરુષના ગુણ કોઈ દેખે, જાણે તો ગુણ કહેવાય? ન જાણે તો શું છે? આહાહા! સમજાણું કાંઈ? અને ન ગણતરીમાં આવે એવું હોય છતાં પોતાને ગણતરી થઈ ગઈ છે અંદર. આહાહા! અને બહારની ગણતરીમાં આવી જાય ને અંદરમાં ન મળે ઠેકાણા. સમજાણું કાંઈ? આહાહા! ઉદ્યોગપતિ.. આ બધા નામ આપે તમારા જેવા. એ પોપટભાઈ! ઉદ્યોગપતિ. આ રામજીભાઈ એમ કહેતા હતાને. એનો પૂનમ ગુજરી ગયો. પૂનમ.. પૂનમ કામાણી ગુજરી ગયોને. બે-પાંચ કરોડ હશે. એ બધા ઉદ્યોગપતિ છે. ઉદ્યોગપતિ ને? સંસારના ધંધાના ધણી. આત્માના ધણી નહીં. લૌકિક એટલે? લોક મૂકે પોક. લોક મૂકે પોક. બીજું શું ત્યાં હતું? આહાહા! સમજાણું કાંઈ?

કહે છે, **આ જન્મમાં સ્વવશ મહામુનિ એક જ સદા ધન્ય છે...** આહાહા! ધન્ય રે અવતાર! જેણે આત્માના આનંદની લહેરું પ્રગટ કરી. નિર્ગ્રંથદશાની વાત છેને અત્યારે.

આહાહા! જેને કોઈએ ઓળખ્યા નહીં, કોઈએ મલાવ્યા નહીં, પણ કહે છે, એ વશ થયો એ ધન્ય છે. આહાહા! એ ભીખાભાઈ! બહાર પડ્યો નહીં, જેના ચોપાનિયામાં બહાર નામ ન આવ્યા. શું કહેવાય તમારા પત્રો? અભિનંદન પત્રો. આહાહા! કાંઈક હશે તો ખરુંને. ..... કંઈ આપતા હશેને. જલસા ભેગા કરે, ઉડાડે કાંઈ....... આજ તો મોટાભાઈ બહાર પાડ્યા. બહાર પાડ્યા ને?

આહાહા! ભગવાન આનંદનો નાથ પ્રભુ, અરે! એનો જેણે આશ્રય લીધો, હવે એને શું બાકી? દુનિયામાં શું એનું કહેવું? 'લહી ભવ્યતા મોટું માન, કોણ અભવ્ય ત્રિભુવન અપમાન.' ત્રણ લોકનો નાથ એમ કહે કે આ ધર્મીજીવ છે. એને કોનું માન લેવું છે? અને તીર્થંકરના મુખમાં એમ નીકળે કે આ પ્રાણી અપાત્ર છે. કોનું જોઈએ તારે અપમાન? આહાહા! કહો, ગિરધરભાઈ! આવી વાતું છે આ તો. આહાહા!

**કે જે અનન્યબુદ્ધિવાળો રહેતો થકો...** એટલે? **(-નિજાત્મા સિવાય અન્ય પ્રત્યે લીન નહિ થતો થકો)...** એના જીવન ધન્ય છે, એના અવતાર સફળ છે, એ મોક્ષની શ્રેણીના માર્ગમાં આવી ગયો છે. આહાહા! મોક્ષ હવે નજીક હથેળીમાં વર્તે છે. એવો આત્મા શું છે એની ખબરું નથી. આત્મા એટલે એક આ છે બસ લ્યો. આહાહા! એની પર્યાયમાં કંઈ ઉઘાડ ઘણો હોય, મોટો પાંચ-દસ હજારનો પગાર લેતો હોય, કાર્યકરમાં મોટો કહેવાતો હોય. આ બધા શું કહેવાય મોટા? વડાપ્રધાન ઇન્દિરા ગાંધી જેવા. લોકોમાં તો, આહાહા! કેવી જીત મેળવી પાકિસ્તાન સામે.

અહીં તો કહે છે, જેણે અજ્ઞાન ને રાગ-દ્વેષને જીત્યા અને વીતરાગ ને આનંદની દશામાં જે લીન રહે છે, આહાહા! એના અવતાર સફળ છે. અરે! જેને પાછળ હવે અવતાર નથી. એને પછી અવતાર નથી એના અવતાર સફળ છે, એમ કહે છે. જેની પાછળ અવતારના મોટા પૂંછડાં લાંબા પડ્યા છે, અહીં ભલે આમીરદાર ને મોટો કરોડપતિ કહેવાય, પાછળ અનંતા સંસારના ભવો પડ્યા છે મોટા લંગાર, ભવની લંગાર પડી છે. આહાહા! કહો, સમજાણું કાંઈ? એ મિથ્યાત્વ ને રાગ-દ્વેષ મારા, પુણ્ય મારા એના પ્રેમમાં પડ્યો, એને ભવિષ્યમાં અનંતા ભવની લંગાર પડી છે. આહાહા!

.... હતો અમારે પાલેજમાં. ત્યાં ઓલા ... કરેને ડબાને. બિચારો જુવાન માણસ હતો. ૬૫-૬૬ની વાત હશે. એમાં હોયને ડબાના... આમ ... નહીં આમ. સામા જોડે ભટકાઈ ગયો... ઓલીકોર બે બાજુ હોય. એ સરખો કરવા ગયો એમાં વયો ગયો. અમે જોવા ગયા હતા બધા. ફોટો હતો. જુવાન હોં. આંખે પાટા બાંધ્યા. કારણ કે ઓલો જોવે તો ચલિત-ચકિત થઈ જાય. પગ ... ગયો. ડબા હોયને પહોળા. સાંકળી તો વચમાં હોય. બે બાજુ ઓલા બે.... ભેગા ન... કરવા ગયો તો એમાં આવી ગયો એનો પગ. આહાહા! ..... ઊંચો થાય ત્યાં પાટા બાંધ્યા. અમે

જોવા ગયા હતા. અરે! જે પુણ્ય ને પાપના રાગમાં કચરાઈ ગયો છે એની રાડ્યું કોણ સાંભળે? સમજાણું કાંઈ?

જેને આત્મામાં એકાગ્ર થઈને જેણે આનંદની લહેરું પ્રગટ કરી છે. આહાહા! દુનિયા ન ગણે, પણ પોતે ભગવાનમાં આવી ગયો. એ 'ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં'માં ગણાશે. કહો, સમજાણું કાંઈ? એને ઇન્દ્રો ને ગણધરો નમસ્કાર કરશે. આહાહા! એ અંદરની આત્મલીલા એવી છે કહે છે. **(-નિજાત્મા સિવાય અન્ય પ્રત્યે લીન નહિ થતો થકો) સર્વ કર્મોથી બહાર રહે છે.** કર્મ એટલે વિકલ્પ-રાગ. સમજાણું કાંઈ? વિકલ્પવાળો સ્વભાવથી બહાર રહે છે. આ વિકલ્પથી બહાર રહે છે. આહાહા! સમજાણું કાંઈ?

આવો ધર્મ કઈ જાતનો હશે? વીતરાગનો આવો ધર્મ? વીતરાગમાં દયા પાળવી. આ દયા પાળી છે એની વાત છે ભાઈ! પરની કોણ દયા પાળે? **સર્વ કર્મોથી બહાર...** કર્મ શબ્દે રાગાદિ વિકલ્પ. એ બધા રાગથી બહાર વર્તે (અને) પોતાના સ્વભાવમાં વર્તે એના જીવન ધન્ય છે. જેણે જીવી જાણ્યું અને દેહ છોડવાને ટાણે સમાધિમરણ કર્યું, એમ કહે છે. એ ૧૪૬ ગાથા થઈ. પહેલી સમજણમાં તો વાત લે, દૃષ્ટિમાં તો લે. આવી ચીજ ને આમ કરે તો ધર્મ થાય. હજી જેના સમજણમાં ઊંધા અર્થ, હવે એ ક્યાં વળે અંદરમાં ને ક્યારે થાય એને ધર્મ? આહાહા! (ગાથા) ૧૪૭.

**आवासं जइ इच्छसि अप्पसहावेसु कुणदि थिरभावं।**
**तेण दु सामण्णगुणं संपुण्णं होदि जीवस्स॥ १४७॥**

સામાયિક કીધી.

**આવશ્યકાર્થે તું નિજાત્મસ્વભાવમાં સ્થિરતા કરે;**
**તેનાથી સામાયિક તણો ગુણ પૂર્ણ થાયે જીવને. ૧૪૭.**

એને સામાયિક કીધી. પાઠમાં **सामण्ण** શબ્દ છે એનો અહીં 'સામાયિક' અર્થ કર્યો. ઓલામાંય સામાયિક હતું.

**ટીકા : બાહ્ય ષટ્-આવશ્યકપ્રપંચરૂપી નદીના કોલાહલ...** આટલા શબ્દો પડ્યા છે. એક તો બાહ્ય. સામાયિક કરું, ભગવાનની સ્તુતિ કરું, વંદન કરું, પડિકમણું કરું—એવો બાહ્ય. ઓલો અભ્યંતર ષટ્-આવશ્યક છે, આ બાહ્ય. **ષટ્-આવશ્યકપ્રપંચ...** પ્રપંચ એટલે વિસ્તાર. ષટ્-આવશ્યકના વિસ્તારરૂપી **નદીના કોલાહલના શ્રવણથી...** એ તો વિકલ્પનો કોલાહલ છે કહે છે. છ આવશ્યક. છ આવશ્યકરૂપી નદી, એનો કોલાહલ. નદી ચાલેને ખળખળાટ.. ખળખળાટ. બહુ પાણી ભરાયને જ્યારે. બહુ પાણી આવે, નદી ખળ ખળ ખળ થાય. એમ છ આવશ્યકના વિકલ્પોરૂપી નદીનો કોલાહલ. આહાહા!

આ ન ગોઠે..... ઓલા રતનચંદ...... અનશન આદિનું ફળ કાંઈ નહીં, શરીરનું સુકાવું. અહીં હજી કહેશે આગળ. અનશનનું ફળ અણ-ઉપાદેય છે. એ આમાં કહેશે આહાહા! ન ગોઠે બાપા! એ વિકલ્પ હોય તો એનું ફળ શું? એ તો બંધ છે. એમાં આત્માને શું? આહાહા! ચાહે તો છ આવશ્યકનો શુભરાગ, તેથી શું? એ વસ્તુ શું? એ તો કોલાહલના શ્રવણથી... આમ સાંભળેને સામાયિક, ચોવિસંથો, પડિકમણા...

**(–વ્યવહાર છ આવશ્યકના વિસ્તારરૂપી નદીના કકળાટના શ્રવણથી) પરાઙ્મુખ...** એનાથી વિમુખ એવા **હે શિષ્ય!** એમ પાઠ છેને. **आवासं जइ इच्छसि** એમ કહ્યુંને? શિષ્યને એમ કહે છેને? **आवासं जइ इच्छसि,** એમ. આહાહા! ભાઈ! અવશ્ય કરવાયોગ્ય આવશ્યકની ભાવના જો તારી હોય તો આ છ બાહ્ય આવશ્યકના કોલાહલથી પરાઙ્મુખ થઈ જા. આહાહા! ભારે આકરું લાગે. ભગવાન કહે છે કે અમને પગે લાગવામાંથી ખસી જા. એક તીર્થંકરને પગે લાગવું ને ઘણાને લાગવું એ વંદન. હઠી જા, કોલાહલ થશે. આહાહા!

આ તો પાંચમા આરાના સંતો કહે છે. સાધુમાં ક્યાં આરા છે? પાંચમા આરાના જીવને માટે કહે છે. કોઈ કહે, આવી વાતું ચોથા આરા માટે હોય, જ્યાં ભગવાન છે ત્યાં આવું હોય. ભાઈ! તને છ આવશ્યકના વિકલ્પ કોલાહલ છે. આહાહા! પરાઙ્મુખ થા હે શિષ્ય! **શુદ્ધનિશ્ચય-ધર્મધ્યાન...** આહાહા! આવું કહીએ તો આકરું લાગે. શુભભાવમાં ધર્મ મનાવવો હોય. અહીં તો કહે છે કે આવું નિશ્ચય શુદ્ધધર્મધ્યાન. આહાહા! અંતરમાં શુદ્ધ ઉપયોગની રમણતા એ ધર્મધ્યાન. શુભરાગ એ ધર્મધ્યાન નહીં. આહાહા! લાંબી વાત છે. વિશેષ આવશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**માગશર સુદ-૧૨, રવિવાર, તા. ૧૭-૧૨-૧૯૭૨**
**ગાથા-૧૪૭, શ્લોક-૨૫૫, પ્રવચન નં. ૧૭૬**

નિયમસાર, નિશ્ચય પરમ-આવશ્યક (અધિકાર). મોક્ષને માટે જરૂરની–આવશ્યક ક્રિયાઓ શું છે એનું આ સ્વરૂપ છે. **બાહ્ય ષટ્-આવશ્યક પ્રપંચરૂપી નદીના...** ટીકાનો ઓલો શબ્દ છેને પહેલો. **આ, શુદ્ધનિશ્ચય-આવશ્યકની પ્રાપ્તિનો જે ઉપાય તેના સ્વરૂપનું કથન છે.** બાહ્ય ષટ્-આવશ્યક (અર્થાત્) શુભવિકલ્પવાળા સામાયિક, ચોવિસંથો આદિ શુભરાગ, એ નદીના **કોલાહલના શ્રવણથી...** જોકે આગળ કહેશે કે મુનિને વ્યવહાર છ આવશ્યક ન હોય તો એ ભ્રષ્ટ છે. પરિભ્રષ્ટ છે એમ કહેશે. કારણ કે વ્યવહાર હોય છે. નિશ્ચયના સ્વરૂપમાં દૃષ્ટિ, જ્ઞાન ને સ્થિરતાપૂર્વક વ્યવહાર છ આવશ્યક હોય. એ આવશ્યક ઉપાદેય નથી એ અપેક્ષાએ અહીં આદરણીય (આવશ્યકની) વાત કરવા માગે છે. સમજાણું કાંઈ? એ ઉપાદેય નથી છતાં આવ્યા વિના રહેતો નથી. જેને નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે એને પણ એ છ આવશ્યકના વિકલ્પો વ્યવહારે હોય છે. સમજાણું કાંઈ?

અહીંયા તો એકલો નિશ્ચય સિદ્ધ કરવો છેને. (ગાથા) ૧૪૮માં એ આવશે. વ્યવહાર છ આવશ્યક નથી એ તો ભ્રષ્ટ છે. નિશ્ચય નથી, વ્યવહાર નથી, શુભભાવેય નથી, એ તો ભ્રષ્ટ છે. અહીંયા તો એ છ આવશ્યકનો જે વિકલ્પ છે વ્યવહારનો, એના **કોલાહલના શ્રવણથી પરાઙ્મુખ...** અંતર સ્વરૂપમાં લીન થવાનો અભિલાષી છે એને આ વિકલ્પ ઉઠે સામાયિક, ચોવિસંથો, ભગવાનની સ્તુતિ, વંદન—એ બધા વિકલ્પોનો કોલાહલ છે, રાગ છે. એનાથી પરાઙ્મુખ... એ રાગથી છૂટીને અંતરમાં જવાની એકાગ્રતા જેની છે એને કહે છે કે **હે શિષ્ય! શુદ્ધનિશ્ચય-ધર્મધ્યાન...** આત્મા અનંત આનંદસ્વરૂપ એની અંતરની એકાગ્રતા એ નિશ્ચય ધર્મધ્યાન છે. આહાહા! સમજાણું કાંઈ?

આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે, એ અતીન્દ્રિય આનંદનો ભંડાર આત્મા છે. એવા અતીન્દ્રિય આનંદ(સ્વરૂપ) નિત્ય ધ્રુવમાં જેની અંતર એકાગ્રતા છે એને અહીંયા નિશ્ચય ધર્મધ્યાન કહે છે, એને અહીંયા સાચું ધર્મધ્યાન કહે છે અને (એને) નિશ્ચય શુક્લધ્યાન છે. એ વિશેષ અંદર નિર્મળતામાં ગયો છે, આત્મા પૂર્ણાનંદ એનો ઉગ્રતાએ આશ્રય લીધો છે જેણે, એને **શુદ્ધનિશ્ચય-શુક્લધ્યાનસ્વરૂપ સ્વાત્માશ્રિત આવશ્યક...** ઓલા છ આવશ્યક જે છે એ તો પરલક્ષી શુભભાવ હતો. ભગવાનની સ્તુતિ, સામાયિક કરવો એવો રાગ હતો. આ સ્વાત્માશ્રિત આવશ્યક છે. નિત્ય આનંદસ્વરૂપ ભગવાન સ્વવસ્તુ એને આશ્રયે થયેલી ક્રિયા, એને અહીંયા નિશ્ચય આવશ્યક ક્રિયા ને ધર્મધ્યાન કહે છે. સમજાણું કાંઈ?

**સ્વાત્માશ્રિત આવશ્યકને...** એ નિશ્ચય-આવશ્યક કેવા છે? કે પોતે ભગવાન આત્માના અવલંબે અંદર અંતર આશ્રય થઈને સ્થિર થયો છે. એ ધર્મધ્યાનની દશા કેવી છે? **કે જે સંસારરૂપી લતાના મૂળને છેદવાનો કુહાડો છે...** સંસારરૂપી વેલડી, રાગની વેલડી... લંગાર રાગ.. રાગ.. રાગ.. રાગ.. કષાય.. કષાય.. કષાય.. કષાય.. એ સંસારરૂપી વેલડી છે એને છેદનારો, સ્વાત્માશ્રિત ક્રિયાનો ભાવ એ છેદનારો કુહાડો છે. આહાહા! નાની લતા હોય એના મૂળમાં કુહાડો મારે, લતા ખલાસ થઈ જાય. સમજાણું કાંઈ? એક ફેરી જોયું હતું. એક મોટા ઓલામાં એક જ વેલો હતો. એક જ, પણ આખો પથરાઈ ગયો આમ. એટલે એનું મૂળ ક્યાં છે જોવું મુશ્કેલ પડે. પાલેજની વાત છે. જંગલ જતા જોયેલો. ત્યાં એકલો વેલો આખામાં આમ. એનું મૂળ ક્યાં છે? એકદમ ફાલેલો. પછી જેને સૂકવવું હતું એણે મૂળ જોયું અંદરમાં, મૂળ જોઈ મૂળમાં કુહાડો માર્યો, બધું સુકાઈ ગયું. પાંદડા તોડવા પડ્યા નહીં એને.

એમ પુણ્ય ને પાપના ભાવ રાગ જે સંસારની લતા-વેલડી છે. એ વેલને છેદવાનો ઉપાય... છેને? **સંસારરૂપી લતાના મૂળને છેદવાનો કુહાડો છે...** મૂળ એનું કાપી નાખે. એ નિશ્ચય આવશ્યક તે એનું મૂળિયું કાપી નાખવાનો (કુહાડો) છે. એ મૂળને કાપવાનો ઉપાય છે. આહાહા! પરને આશ્રયે થયેલા ભાવ એ બધી સંસારની વેલડી છે. સ્વને આશ્રયે ભાવથી તે વેલડી મૂળમાં છેદાય છે, એમ કહે છે. સમજાણું કાંઈ? **સંસારરૂપી લતાના મૂળને છેદવાનો કુહાડો છે તેને—જો તું ઇચ્છે છે...** કહે છે કે આવા ભાવ.. ભગવાનસ્વરૂપ પ્રભુ એમાં એકાગ્ર થવાનો કામી જો તું હો, કેમકે એ ભાવ સંસારલતાને છેદવાનો કુહાડો છે, તો **તું સમસ્ત વિકલ્પજાળ રહિત...** ચાહે તો ભગવાનની ભક્તિનો રાગ હો, સામાયિક કરું, વંદન કરું—એવા બધા વિકલ્પની જાળું... આહાહા! સમજાણું કાંઈ?

સ્વનો આશ્રય જ્યાં નથી ત્યાં પરના આશ્રયે તો આવી વિકલ્પજાળ જ ઉત્પન્ન થાય બધી. આહાહા! 'પરાશ્રિતો વ્યવહાર, સ્વાશ્રિતો નિશ્ચય.' આહાહા! વસ્તુ પોતે મહાપ્રભુ ચૈતન્ય આનંદનો નાથ કંદ પ્રભુ સુખકંદ છે. એવા સ્વતત્ત્વનો આશ્રય લઈને જે ક્રિયા થાય, એ ક્રિયા છે પરિણમનની, એ પરિણમનની ક્રિયા નિશ્ચય સ્વાશ્રિત છે. તેથી પરાશ્રિતની વેલડીને છેદનારો એ કુહાડો છે. જો તું ઇચ્છતો હો આ, તો બધા વિકલ્પજાળને છોડ. આહાહા! **સમસ્ત વિકલ્પજાળ રહિત...** આહાહા! વ્યવહાર છ આવશ્યકના ભાવ શુભરાગ એ પણ વિકલ્પજાળ છે કહે છે. આહાહા! સમજાણું કાંઈ? આરે, ભારે વાતું ભાઈ! શ્રવણથી એટલે વિકલ્પથી. 'શ્રવણથી'નો અર્થ વિકલ્પથી. એ સાંભળે છે કે આ આમ છે, આમ છે—એ વિકલ્પ છે. એનાથી છૂટ. આહાહા! ભારે કામ ભાઈ!

આ તો ઉત્કૃષ્ટ વાત છેને આવશ્યકની. જઘન્યમાં જઘન્ય અવસ્થા સ્વદ્રવ્યને આશ્રયે સમ્યગ્દર્શન થાય, પછી દ્રવ્યના વિશેષ આશ્રયે શ્રાવકની દશા જે શાંતિનો અંશ વધે એ મધ્યમ

દશા છે, અને આ ઉત્કૃષ્ટદશાની વાત છે. આહાહા! ભગવાન આત્માનો ઉગ્રપણે જેણે આશ્રય લીધો છે, ઉગ્રતમ. સમ્યગ્દર્શનમાં સ્વ તરફનો પુરુષાર્થ છે, એ ઉગ્ર છે, સ્વાશ્રિત છે. આહાહા! બાકી પાંચમા ગુણસ્થાને ઉગ્રતર છે. આ ઉગ્રતમ એની ભૂમિકા યોગ્ય-પ્રમાણે ઉગ્રતમ. વિશેષ ઉગ્રતમ તો સ્વનો આશ્રય લઈને શુક્લધ્યાન થઈને કેવળ થાય તે. સમજાણું કાંઈ? એની રીત છે એને પહેલો જાણે તો ખરો. આ એની રીત અને આ એની વિધિ છે. એ સિવાય કોઈ બીજી વિધિ મુક્તિને માટે નથી. આહા!

**નિરંજન નિજ પરમાત્માના ભાવોમાં...** વિકલ્પની જાળો બધી લક્ષમાંથી છોડી દઈને, જે પોતાનો ભગવાન નિરંજન-જેને મેલ નથી, આવરણ નથી એવું જે દ્રવ્ય-વસ્તુ... સદા **નિજ નિરંજન પરમાત્માના ભાવોમાં**... ભાષા લીધી જોયું! ઓલી વિકલ્પજાળને છોડી દઈ, ભગવાનના ભાવ જે છે **સહજ જ્ઞાન...** ત્રિકાળી સ્વભાવિક જ્ઞાન જે દ્રવ્યનો ભાવ છે, એમ કહે છે. વસ્તુ જે આત્મા એ દ્રવ્ય, એનો ભાવ સ્વભાવિક જ્ઞાન ત્રિકાળી એ એનો ભાવ છે. **સહજ દર્શન...** સ્વભાવિક દૃષ્ટાપણું એ ભગવાન આત્માનો સ્વભાવિકભાવ છે. **સહજ ચારિત્ર**... ભગવાન આત્માની સ્વભાવિક વીતરાગતા એ એનો સહજ ચારિત્રભાવ છે. લ્યો, આ ચારિત્ર આવ્યું ત્રિકાળીમાં. વીતરાગભાવ છેને. આહાહા! .... આ તો દ્રવ્યમાં આવ્યું, કહે છે. આવા ભાવોમાં લીન થાય એમ કહેવું છે. સમજાણું કાંઈ? આહાહા!

વસ્તુ.. વસ્તુ.. શાંત.. શાંત.. એકલી અકષાયરસ એવું સત્, એનું એ સત્ત્વ. એ સત્‌નું સત્વ સત્... અનંત જ્ઞાન, સહજ દર્શન, સહજ ચારિત્ર એવા જે ભાવ અને **સહજ સુખ...** અહીં તો ચારિત્ર ને સુખ જુદું લીધું. અરે! એને વિશ્વાસેય હજી ક્યાં આવે છે? હું એક સહજ સુખના ભાવોનો ભંડાર છું, હું જ સહજ ચારિત્રના સ્વભાવવાળો છું, હું જ સહજ જ્ઞાન ને દર્શન સ્વરૂપ છું. સમજાણું કાંઈ? આ આવશ્યક ક્રિયા બતાવે છે. દ્રવ્ય-ભગવાન, એનો ભાવ સહજ જ્ઞાન, દર્શન, ચારિત્ર, સુખ વિગેરે. વિગેરેમાં સ્વચ્છતા, પ્રભુતા, પરમેશ્વરતા, સ્વતંત્રતા આવે છેને. પ્રભુતાનો ગુણ સ્વતંત્રતાથી શોભાયમાન ગુણ છે.

એવા ગુણમાં એકાકાર થવું... **સતત-નિશ્ચળ સ્થિરભાવ કરે છે...** એ પર્યાય થઈ. સમજાણું કાંઈ? જુઓ! દ્રવ્ય, ગુણ ને પર્યાય. જીવ પોતે દ્રવ્ય-વસ્તુ, એના આ બધા ભાવો સ્વભાવિક જ્ઞાન ત્રિકાળી ધ્રુવ, સ્વભાવિક દર્શન, સ્વભાવિક સુખ, સ્વભાવિક ચારિત્ર, સ્વભાવિક સ્વચ્છતા, પ્રભુતા વિગેરે અનંતગુણ. એ અનંતગુણોમાં **સતત-નિશ્ચળ સ્થિરભાવ કરે છે**... આ પર્યાય થઈ. આહાહા! અહીં તો હજી દ્રવ્ય, ગુણ, પર્યાયની ખબર ન મળે. નામની ખબર ન હોય કે આ શું છે. આ હું લ્યો.

કહે છે કે **સતત-નિશ્ચળ સ્થિરભાવ કરે છે...** એમ છે પાઠ. એવા દ્રવ્ય, ભાવ છે એ તો ત્રિકાળી છે. દ્રવ્ય ને ભાવ ત્રિકાળી છે, એમાં નિરંતર નિશ્ચળ સ્થિરભાવ કરે છે... એમાં સ્થિરતા

નિશ્ચળ કાયમ–નિરંતર કરે છે. **તે હેતુથી (અર્થાત્ તે કારણ વડે)...** ભગવાન આત્માના ગુણોમાં–ભાવોમાં સતત નિશ્ચય સ્થિરતા કરે છે, એને હે શિષ્ય! **નિશ્ચયસામાયિકગુણ ઉપજતાં...** એને સમતાનો વીતરાગગુણ–ભાવ પર્યાયમાં ઉપજતાં... લ્યો, આ આવશ્યક. ભારે. કહો, જેઠાભાઈ! આવશ્યક કરતા હતા તમે, નહીં? પડિકમણા કર્યા હતા. આહાહા! કહો, તમે પડિકમણા કર્યા છે, પણ આ જાતના નહીં. આહાહા! અરે! એની વાતની એને ખબરેય ક્યાં હોય? ભગવાન મહાપ્રભુ, એના મહા અનંત ગુણો, એમાં એકાગ્રતા નિરંતર–સતત સ્થિરતા એ આવશ્યક ક્રિયા છે.

એવા જીવને **નિશ્ચયસામાયિકગુણ ઉપજતાં...** પર્યાયમાં હોં. આહાહા! હજી તો સમજવું કઠણ પડે છે કે શું આ કહે છે. **તે હેતુથી નિશ્ચય સામાયિકગુણ ઉપજતાં, મુમુક્ષુ જીવને બાહ્ય છ આવશ્યકક્રિયાઓથી શું ઉપજ્યું?** આહાહા! આગળ કહેશે હોં. છ આવશ્યક હોય ખરા, નિશ્ચય અનુભવ દૃષ્ટિ હોય એને હોય. પણ અહીં તો એથી રહિત એકલી વાત કરે છે. આહાહા! છ આવશ્યકના વિકલ્પથી ભિન્ન પડીને જે સ્વદ્રવ્યનો આશ્રય હતો, એથી વિશેષ આશ્રય લઈને સ્થિર થાય છે એમ કહે છે. એવા જીવને આવો સમતાભાવ ઉત્પન્ન થતાં એને બાહ્ય આવશ્યકોથી શું ઉપજ્યું? એ શુભવિકલ્પનું ફળ શું આવ્યું? કહે છે.

**અનુપાદેય ફળ ઊપજ્યું**–નિપજ્યું. આહાહા! વ્યવહાર સામાયિક, ચોવિસંથો, વંદન, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, કાયોત્સર્ગ એ વિકલ્પ વ્યવહારનું ફળ શું? અણ-ઉપાદેય—નાપસંદ કરવાલાયક છે. હેય છે. લ્યો, આ વ્યવહાર આવશ્યકનું ફળ હેય છે. તો આ કહે, વ્યવહાર આવશ્યક કરતાં કરતાં નિશ્ચય થાય છે. બહુ ફેર. આહાહા! એ તો કષાયનો અંશ છે. છ આવશ્યક છે એવા સહિત કષાયનો અંશ છે. વીતરાગમાર્ગ એ નહીં. વીતરાગમાર્ગ તો સ્વ ભગવાન પૂર્ણાનંદનો નાથ એનો ઉગ્રપણે આશ્રય લઈને સતત સ્થિર થાય. એને આ છ આવશ્યકથી શું લાભ છે? સમજાણું કાંઈ? આહાહા! ભારે વાત ભાઈ! નહીં વખાણવા જેવું... ભાષા જોઈ! છ આવશ્યક વ્યવહારના શુભરાગ એનું ફળ બંધ છે. સમજાણું કાંઈ?

નિશ્ચય સ્વભાવનો આશ્રય લઈને દર્શન, જ્ઞાન ને ચારિત્ર ... હોવા છતાં એને શુભભાવ હોય અમુક ભૂમિકાએ, કહે છે કે પણ એનાથી રહિત થયેલો છે, સ્થિર થયો છે એને આ છ આવશ્યકથી શું? એ તો હેય છે. આ તો એકલો વ્યવહાર જ ધર્મ થઈ પડ્યો. જેઠાભાઈ! એ વ્યવહારાભાસ સાચો થઈ પડ્યો. આહાહા! વ્યવહાર... વ્યવહારથી આવશે, વ્યવહાર કરો, વ્યવહાર કરો. અત્યારે રાડેરાડ પાડે છે બધા સાધુ ને. કહે છે કે તારો નિશ્ચય વિનાનો વ્યવહાર એ વ્યવહારાભાસ છે. અહીં તો સમ્યગ્દર્શન આદિને આશ્રય છે દ્રવ્યનો, એવા જીવને વ્યવહારના કોલાહલથી છોડાવે છે. આહાહા! સમજાણું કાંઈ?

એવા વિકલ્પથી છૂટ અને આ ભગવાન..... પ્રભુ છેને એનો ઉગ્ર આશ્રય લઈને સ્થિર થા. એને અવલંબીને સ્થિર થા. આ વિકલ્પના કોલાહલનું ફળ શું તને? આહાહા! એકકોર વ્યવહાર ... કરણાનુયોગમાં છે. કરણાનુયોગમાં કથન એ આવે કે મુનિએ આ છ આવશ્યક કરવા. 'કરવા' એમ આવે. ત્યાં હોય છેને એટલે 'કરવા' એવું વ્યવહારનયનું વચન છે. હોય છે શું? જ્યાં સુધી વિકલ્પ (છે), નિર્વિકલ્પમાં ઉગ્ર અવલંબનમાં નથી આવતો, ત્યાં સુધી હોય છે. તેથી એને 'કરવું' એમ કહેવામાં આવ્યું છે. અને એક ન્યાયે રાગનું પરિણમન એનામાં છેને. આવે છેને નયમાં, કર્તૃત્વનય, રંગરેજની પેઠે. રાગનું પરિણમન છેને એનું એ પ્રકારે, એથી ભગવાને જણાવ્યું. પણ જેને રાગથી છૂટીને સ્વનો આશ્રય ઉગ્રપણે લઈને ઠરવું છે એને એનાથી શું ફળ છે? કહે છે. આહાહા! બંધ છે એ તો. હોય, પણ બંધ જ છે. ગણધર જેવા છ વ્યવહાર આવશ્યકના વિકલ્પ કરે, તો એ બંધ છે. આહાહા! સમજાણું કાંઈ?

આ મોક્ષમાર્ગનો અધિકાર છેને, નિયમસાર એટલે. મોક્ષમાર્ગ તો, નિશ્ચય આવશ્યક એ મોક્ષમાર્ગ છે. ઓલો વ્યવહાર એ મોક્ષમાર્ગ નથી. હોય ખરો, હોય ખરો, એને છોડાવીને અહીં આશ્રય કરાવ્યો છે. અબંધસ્વરૂપી ભગવાન, મોક્ષસ્વભાવી આત્મા.. મોક્ષસ્વભાવી આત્મા એનો આશ્રય લઈને અબંધ-પરિણામ પ્રગટ થાય એ આવશ્યક છે. આહાહા! આ તો સાંજ-સવાર પડિકમણા કરે. સ્થાનકવાસીમાં બહુ રિવાજ સાંજ-સવાર પડિકમણાનો. દેરાવાસી કરે એ સાંજે કરે. આહાહા! સમજાણું કાંઈ? શું કહેવાય? એ ઓઘો.. ઓઘો નહીં, શું કહે? શ્રાવકનું હોયને, શું કહેવાય? ચરવળો. ચરવળો. આમ કાંખમાં નાખી જાય અપાસરે. પડિકમણા કરી આવ્યા.

જેને હજી દ્રવ્ય શું, ગુણ શું, એની પર્યાય કેવી હોય—એની ખબર ન હોય, (એના) આવા આવશ્યક એ તો મિથ્યાત્વભાવ છે. સમ્યગ્દૃષ્ટિને, મુનિને પણ છ આવશ્યકનો જે વિકલ્પ આવે, એનું ફળ પણ બંધ છે, એમ કહે છે. અબંધસ્વરૂપી ભગવાન આત્મા એને બંધ થવો એ તો નુકશાનકારી છે. અબંધપરિણામ પ્રગટ કરવા એણે સ્વનો આશ્રય લેવો જોઈએ. કેમકે એ અબંધસ્વરૂપ જ છે. મોક્ષસ્વરૂપ ભગવાન પોતે જ છે. નિશ્ચય મોક્ષસ્વરૂપ જ એ શક્તિએ છે. એનો આશ્રય લેતાં મુક્તિના કારણની આવશ્યક ક્રિયા પ્રગટ થાય છે. કહો, સમજાણું કાંઈ? એની રીત ને વિધિ આ છે. બીજી એની રીત ને વિધિ કરવા જાય ને માની બેસે કે અમે કાંઈ મોક્ષમાર્ગમાં છીએ, તો ભૂલ થાય છે એ. સમજાણું કાંઈ?

અરે! જેને સામાયિક સમતાગુણ.. નિજસ્વરૂપના આશ્રયે સમતાગુણ જ્યાં પ્રગટ્યો, એને આવા છ આવશ્યકના ફળથી શું કામ છે તારે? આહાહા! જેને સામાયિકગુણની વીતરાગતા જ્યાં આવી, કહે છે, ત્યાં છ આવા આવશ્યકના ફળનું શું તારે (કામ) હવે? એ તો રાગ છે, એનું ફળ તો બંધન છે. અને રાગ પોતે ભાવબંધ છે લ્યોને. સમજાણું કાંઈ? આહાહા! વીતરાગમાર્ગ

અલૌકિક છે. લોકો જૈનને નામે અજૈનપણે લૂંટાણા છે. વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા જેના સમવસરણમાં ઇન્દ્રોની ઉપસ્થિતિ.. આહાહા! ગણધરોની ઉપસ્થિતિ, સો ઇન્દ્રોની ઉપસ્થિતિ. વાઘ ને સિંહ.. એ સિંહ પણ એક ઇન્દ્ર છે. તિર્યંચનો ઇન્દ્ર છેને. આહાહા! એ પણ સમવસરણમાં સાંભળે તો ભગવાનની વાણી આવી (હોય) છે, એમ કહે છે. સમજાણું કાંઈ?

શરીરની દશા તો ક્રૂરતા જેવી દેખાય. અંદરમાં કોમળ.. કોમળ.. કોમળ દશા છે. આહાહા! એક રાગનો કણ ઉઠે એને સિંહ પણ હેય સ્વીકારે હોં. સિંહ તો શરીર છે. આત્મા ક્યાં સિંહ હતો? એ તો એકલો વીર્યનો સિંહ છે, પુરુષાર્થની જાગૃતિનો સિંહ છે. થાપ મારે રાગ ઉપર, વિકારનો નાશ કરીને વીતરાગતા સામાયિકગુણ પ્રગટ કરે, એમ કહે છે. સમજાણું કાંઈ? મોડા આવ્યા. અડધો કલાક તો થઈ ગયો. અત્યારે શું કામ હોય ત્યાં? ત્યાં શું આવી ગયું કામ? સાંભળવાનું કામ તો એ હતું. કહ્યું હતું, બધા.... સમજાણું? કાલે કહ્યું હતું કે બધા સાંભળવા આવજો. આ તો ચોપડી લેવા આવ્યા એવું થયું. કહો, સમજાણું આમાં? આહાહા!

ભગવાન ત્રણ લોકનો નાથ તું અંદરમાં બિરાજે છે ભાઈ! એનો આશ્રય લેને, એને પડખે જાને. મોટાને પડખે જતાં તને મોટપ પ્રગટ થશે. સમજાણું કાંઈ? આહાહા! 'મોટાને ઉછરંગ બેઠાને શી ચિંતા?' એક આવે છે દેવચંદજીમાં. 'તુમ પ્રભુ ચરણ પસાય, સેવક થયા નિશ્ચિંતા' મહાપ્રભુ ચૈતન્ય... એણે બહારની વાત કરી છે. અહીં તો મોટા પ્રભુ ભગવાન, આહાહા! એનાથી–ભગવાન (આત્મા)થી કોઈ મોટો નહીં. સિદ્ધની પર્યાય પણ ભગવાન આત્માથી મોટી નહીં. એવો જે આત્મદ્રવ્ય વસ્તુ એનો આશ્રય લઈને નિરંતર વિકલ્પરહિત ઠરે છે, બસ, તને સમતાનો ગુણ પ્રગટ્યો છે, વીતરાગભાવ પ્રગટ્યો છે. એ ગુણ પ્રગટ્યો એમ કહે છે. આ રાગના ફળમાં શું છે? છ આવશ્યકની ક્રિયાના રાગના ફળમાં શું છે? એ તો હેય છે. કહો, સમજાણું કાંઈ?

**એવો અર્થ છે. માટે અપુનર્ભવરૂપી (મુક્તિરૂપી) સ્ત્રીના સંભોગ**... જેને મુક્તિના આનંદ જોઈતા હોય... આહાહા! સ્ત્રીનો સંભોગ એટલે જેને દુનિયા સુખ માને છે એ તો ઝેરના સુખ છે. આહાહા! આ તો સ્ત્રી મુક્તિ, પોતાની મુક્તદશા એ-રૂપી સ્ત્રી એમાં એકાકાર થઈને **હાસ્ય પ્રાપ્ત** એટલે આનંદ પ્રાપ્ત **કરવામાં પ્રવીણ**... આહાહા! ભગવાન આત્મા... વાત એ છે કે આત્મા કેવડો ને કેમ છે એ જગતને બેસવું મુશ્કેલ. પર્યાયબુદ્ધિમાં, રાગબુદ્ધિમાં, અંશબુદ્ધિમાં કોઈ એક અંશ છે અંદર? આખું તત્ત્વ છે કે નહીં? કે એક સમયની પર્યાયમાં આખું તત્ત્વ આવી ગયું? સુજાનમલજી! દ્રવ્ય, ગુણ ને પર્યાય. દ્રવ્ય ભગવાન આત્મા, એના ગુણો મહિમાવંત સ્વભાવ અને એની સન્મુખ થયેલી પર્યાય તે વીતરાગભાવ, તે સામાયિકનો ભાવ. આહાહા! કહો, સમજાણું કાંઈ?

સામાયિકનો ગુણ એને આવ્યો કે વસ્તુના અનંત સ્વભાવરૂપ ભાવને અવલંબીને જે પર્યાય પ્રગટી એને વીતરાગભાવ આવ્યો, એને વીતરાગતાપણાના ગુણ પ્રગટ્યો, એને સાચી સામાયિક થઈ. આહાહા! ઓલો વિષમભાવ છે એમ કહે છે. સમજાણું કાંઈ? છ આવશ્યકના ભાવ એ સમતાભાવ નહોતો હોં. એ રાગભાવ, વિષમભાવ છે. આહાહા! ધર્મીને હોય ખરો છટ્ઠે ગુણસ્થાને એવા વિકલ્પ વ્યવહાર, કહે છે કે પણ એ હેય કરવાલાયક છે. આહાહા! સમજાણું કાંઈ? **માટે અપુનર્ભવ** એટલે મુક્તિ. ફરીને ભવ નહીં એવી મુક્તિની પર્યાય–દશા, એની અનુભવદશામાં રહેલો અને આનંદ **(હાસ્ય)** સહિત **પ્રાપ્ત કરવામાં પ્રવીણ એવા નિષ્ક્રિય પરમ-આવશ્યકથી જીવને...** એવા નિષ્ક્રિય પરમ-આવશ્યક... રાગની ક્રિયા વિનાનો, છે તો એ જ ક્રિયા પોતાની, પણ નિષ્ક્રિય (અર્થાત્) રાગની ક્રિયા નહીં.

**એવા નિષ્ક્રિય પરમ-આવશ્યકથી જીવને સામાયિકચારિત્ર સંપૂર્ણ થાય છે.** આહાહા! સમતાભાવની પૂર્ણતા ત્યાં પ્રાપ્ત થાય છે. પ્રથમ સમ્યગ્દર્શન પણ એક સામાયિક છે. દ્રવ્ય-સામાયિક... મોટી તો આ ચારિત્ર છે. (ઓલી) દર્શનસામાયિક. એ તો ઘણું સંપ્રદાયમાંય કહેતા હતા. અનુયોગદ્વારમાંથી કાઢતા. ...... કહેતું નહોતું બહાર. એ વસ્તુ જે છે એની પ્રતીત થવી ભાન સહિત, એ પણ એક સામાયિક છે, કારણ કે એ સમતાનો ભાવ છે. સમ્યગ્દર્શન એ અનંતાનુંબંધીના અભાવરૂપ સમતા છે. સમતા કહો કે શાંતિ કહો, શાંતિ કહો કે વીતરાગતા કહો. આહાહા! સમજાણું કાંઈ?

અને એવી શાંતિ સહિત જે દેશ-સામાયિક.. ગૃહસ્થાશ્રમમાં રહીને દેશવિરતિ સામાયિકમાં એની શાંતિ અંદર સ્વાશ્રયે વધી જાય છે, એને દેશવિરતિ સામાયિક કહે છે. અને મુનિને રાગથી બધી (રીતે) વિરતીને–છૂટીને દ્રવ્યના આશ્રયે સમતાની દશા ઘણી પ્રગટે છે એને સર્વવિરતી સામાયિક કહે છે. કહો, સમજાણું કાંઈ? દર્શનસામાયિક, દેશવિરતી સામાયિક, સર્વવિરતી સામાયિક. એ ..... જ્ઞાનસામાયિક એટલે પોતે. એ જ્ઞાનરૂપ જ્યાં થઈ ગયો છે (ત્યારે) સાથે દર્શન છેને. દર્શન ને સ્થિરતા બે .... વજન છેને. સમજાણું કાંઈ? વસ્તુની દૃષ્ટિ અને એમાં સ્થિરતા, જ્ઞાન પછી ઓછું-વધતું હોય એની સાથે કાંઈ સંબંધ નથી. આ બે વધવા જોઈએ. સમજાણું કાંઈ?

આવશ્યક એ શુદ્ધોપયોગ છે એ પણ એક સામાયિક છે અને શુદ્ધ ઉપયોગમાં જ્યાં આચરણ ભળે છે. ભાઈ! એકલું શ્રુતજ્ઞાન એ નહીં, પણ શ્રુતજ્ઞાનમાં આચરણ ભળે ત્યારે શુદ્ધોપયોગ થાય છે. સમજાણું કાંઈ? જેને પંદરમી ગાથામાં જૈનશાસન કહ્યું. એ તો આચરણવાળો ઉપયોગ. એકલો જ્ઞાનનો–જાણવાવાળો એમ નહીં. સમજાણું કાંઈ? આહાહા! ભારે માર્ગ ભાઈ! વીતરાગનો. આ વાત તો પડી રહી એકકોર ને બીજી બહારની.... આહાહા! વર પડ્યો રહ્યો ને જાન જોડી દીધી. ઓલાએ લખ્યું છે કે એને જાન ન કહેવાય. એને માણસના

ટોળા કહેવાય. જાન તો વર સાથે હોય તો જાન કહેવાય. વર વિનાની જાનને જાન ન કહેવાય, એ માણસના ટોળા કહેવાય. એમ આત્મદર્શન-પ્રતીતના ભાન વિના શુભ વ્યવહાર.. શુભ વ્યવહાર એ વ્યવહાર કહેવાય જ નહીં. આહાહા! સમજાણું કાંઈ? આવો માર્ગ નવો કાઢ્યો હશે? કોઈક કહે છે કે સોનગઢવાળાએ નવો કાઢ્યો છે. અમે અહીં કાંઈ સાંભળતા નહોતા. સંપ્રદાયમાં સાંભળતા હતા? સુજાનમલજી!

શ્રોતા : નહોતા સાંભળતા એને માટે તો નવો જ છે. અમારે માટે તો નવો જ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી : પણ નવો છે એટલે એ બીજી જાતનો છે? આહા!

**એવા નિષ્ક્રિય પરમ-આવશ્યક...** છે તો ક્રિયા વીતરાગી, પણ ઓલા રાગ વિનાની ક્રિયા છેને એથી એને નિષ્ક્રિય કહેવામાં આવે છે. છે તો પરિણમન સક્રિય, પણ રાગનું પરિણમન નથી અને વીતરાગીસ્વરૂપ જેવો નિષ્ક્રિય આત્મા છે, આત્મા દ્રવ્ય, ગુણ જેવા નિષ્ક્રિય છે... નિશ્ચયથી નિષ્ક્રિય કીધું છેને પરમાર્થ વચનિકામાં. મોક્ષમાર્ગ એ સક્રિય છે, ત્યાં તો એમ લીધું ભાઈ! આત્મા નિષ્ક્રિય છે એ નિશ્ચય છે. એ બીજી અપેક્ષાએ વાત કરે છે. અહીંયા રાગરહિત જે ક્રિયા છે તેને નિષ્ક્રિય કીધી છે. સમજાણું કાંઈ? કઈ અપેક્ષાએ ક્યાં કહ્યું હોય એને જાણવું જોઈએને.

અહો! પરમાનંદરૂપી સ્ત્રી મુક્તિ એનો જેને આનંદ સહિતનો ભોગવટો કરવો છે એને તો આવી આવશ્યક ક્રિયા કરવી પડશે. એને આવી આવશ્યક ક્રિયા હશે તો મુક્તિ મળશે એમ કહે છે. સમજાણું કાંઈ? મુક્તિનો ઉપાય પણ... અહીં નિયમસાર છેને. મોક્ષમાર્ગ તો આ છે લ્યો. નિશ્ચય સ્વભાવને આશ્રયે ક્રિયા, રાગથી રહિતની નિષ્ક્રિય તે મોક્ષનું કારણ છે. એ નિયમસાર છે. નિયમસાર છેને આનું નામ. આહાહા! કેટલું યાદ રાખવું? એક કલાકમાં કેટલું આવે?

**એવી રીતે (આચાર્યવર) શ્રી યોગીન્દ્રદેવે (અમૃતાશીતિમાં ૬૪મા શ્લોક દ્વારા) કહ્યું છે કેઃ**

**यदि चलति कथञ्चिन्मानसं स्वस्वरूपाद्**
**भ्रमति बहिरतस्ते सर्वदोषप्रसङ्गः।**
**तदनवरतमंतर्मग्नसंविग्नचित्तो**
**भव भवसि भवान्तस्थायिधामाधिपस्त्वम्॥**

**શ્લોકાર્થ : જો કોઈ પ્રકારે મન નિજ સ્વરૂપથી ચલિત થાય...** આહાહા! ભગવાન આનંદસ્વરૂપ આત્મા એમાંથી મન કોઈપણ પ્રકારે ચલિત થાય, કહે છે, વ્યવહારને નામે ભલે ચલિત થાય. આહાહા! સમજાણું કાંઈ? **અને તેનાથી બહાર ભમે...** ભગવાન આત્માના સ્વરૂપને છોડીને મન બહાર ભમે-રાગમાં આવે **તો તને સર્વ દોષનો પ્રસંગ આવે છે...**

આહાહા! નિર્દોષતા તો ભગવાન આત્માના અવલંબે પ્રગટ થાય છે. આહાહા! એનું અવલંબન છોડીને મન કોઈપણ રીતે બહારમાં નીકળ્યું, બહારમાં ભમે, નીકળ્યું–ચલિત થયુંને, તો તને સર્વ દોષનો પ્રસંગ આવે છે. આહાહા! મુનિ પોતે પોતાને કહે છે હોં અમૃતાશીતિમાં. આહાહા! શાસ્ત્ર રચવાને બહાને પણ વિકલ્પ ઉઠ્યો, કહે છે. વીતરાગી સંતોના વસ્તુના સ્વભાવનો ભાવ છે આ.

**જો કોઈ પ્રકારે મન નિજ સ્વરૂપથી ચલિત થાય**... નિજ સ્વરૂપ ભગવાન આત્મા, એમાંથી બહાર આવે, વ્યવહારથી–વ્યવહારની ક્રિયાકાંડથી, ભગવાને કહેલી આજ્ઞાવાળો વ્યવહાર હોં. આહાહા! તો પણ એ ચલિત થયેલું મન તને દોષનું કારણ છે. આહાહા! બંધ છેને. આહાહા! **તને સર્વ દોષનો પ્રસંગ આવે છે, માટે તું સતત અંતર્મગ્ન**... સતત અંતર્મગ્ન... વસ્તુસ્વરૂપમાં મગ્ન. ભગવાનના સમીપમાં જા, પોતે ભગવાન બિરાજે છે તેને પડખે જા. **અને સંવિગ્ન ચિત્તવાળો થા**.. બહારથી વૈરાગ્યવાળા ચિત્તવાળો થા. સંવિગ્ન છેને (એટલે) **વૈરાગી, વિરક્ત.** રાગથી પણ વિરક્ત. આહાહા! સતત અંતર્મગ્ન અને બહારથી વિરક્ત, એમ. અંતરમાં સ્વરૂપમાં મગ્ન, રાગથી વિરક્ત. અસ્તિ-નાસ્તિ કરી. સમજાણું કાંઈ? ભારે માર્ગ આવો.

વસ્તુના સ્વરૂપ તરફમાં અંતર્મગ્ન, ચિદાનંદસ્વભાવના અંતરમાં મગ્ન અને રાગથી વિરક્ત–સંવિગ્ન. અંતર્મગ્ન, અહીંથી સંવિગ્ન—એમ ભાષા વાપરી બે. અંતર્મગ્ન, આમ સંવિગ્ન. આ તો ભાષા એવી વાપરી કે અંતર્મગ્ન, આમ સંવિગ્ન, એમ. સંવિગ્ન એટલે અહીંથી છૂટ્યો. આહાહા! ભાષા એમ છે કે નહીં? **तदनवरतमंतर्मग्नसंविग्नचित्तो**.. છે જુઓ! ત્રીજું પદ. **तदनवरतमंतर्मग्न**.. નિરંતર–સતત અંતર્મગ્ન અને **संविग्नचित्तो**.. બહારથી વિરક્ત. અંતરમાં રક્ત ને બહારથી વિરક્ત. આહાહા! સંતોએ પણ જંગલમાં સિદ્ધ સાથે વાતું કરી છેને! અમે ચાલ્યા આવીએ છીએ પ્રભુ! તમે એકલા ગયા છો ત્યાં, અમે ચાલ્યા આવીએ છીએ હોં સિદ્ધ થવા હવે. આહાહા! ભલે અમને દુનિયા માને-ન માને, પણ અમે સિદ્ધપદે થશું, ત્યારે અમને 'ણમો સિદ્ધાણં'માં ગણશે એ લોકો. ત્યારે ગણશે એ વિના નહીં ગણે. આહાહા! આખા સંસારથી વિરક્ત, સ્વરૂપમાં રક્ત. આહાહા!

**જેથી તું મોક્ષરૂપી સ્થાયી ધામનો અધિપતિ થશે.** મોટું રાજ્ય તને મળશે, રાજા થઈશ. મોક્ષરૂપી સ્થાયી ધામ, એમ. આ તો મકાન કર્યા ને ૫૦ વર્ષ રહ્યો ને વળી મરીને જાય બીજે. એક જ ભવમાં મકાન કરાવ્યા ને દુકાને ખોટ જાય તો, અરે! મકાન વેચવા પડે. મરી જાય, ઊડી જાય. જુઓને! આ રાજાના બંગલા છે તો ગળે વળગ્યા છે, કરવું શું આમાં? આપો કોઈકને. આહાહા! મકાન આપે એને શું કહે? ...... ભાઈ! શું છે? આ તમે હમણા કર્યુંને આ બધું. મૂર્છા છે. દસ-દસ લાખના મકાન, કરવું શું હવે? આહાહા! અરે બાપા! આહાહા! આખા સંસારના ઉદયભાવથી મુનિ વિરક્ત. આખો સંસાર એટલે ઉદયભાવ. આહાહા!

પારિણામિક ભગવાન સ્વભાવમાં અંતર્મગ્ન છે, ઉદયભાવથી વિરક્ત છે, એમ કહે છે. આહાહા! એમ કરતાં તું **મોક્ષરૂપી સ્થાયી ધામ**... સ્થિર.. સ્થિર.. સાદિ-અનંત ત્યાં રહીશ હોં. મોક્ષરૂપી ધામનો અધિપતિ થઈશ તું. આહાહા! સમજાણું કાંઈ? બે ગામનો માલિક ઠરાવે તો ખુશી થઈ જાય માળો. આ તો મોક્ષરૂપી સ્થાયી ધામ.. સિદ્ધ.. અનંત આનંદમાં સ્થિર–જામી જઈશ એવું ધામ તને મળશે. આત્માના અંતરમાં સ્વભાવને આશ્રય લઈને અંતર્મગ્ન થા, બહારથી વિરક્ત થા તો તને મોક્ષરૂપી સ્થાયી ધામ મળશે. આહાહા!

**વળી (આ ૧૪૭મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :–**

**यद्येवं चरणं निजात्मनियतं संसारदुःखापहं**
**मुक्तिश्रीललनासमुद्भवसुखस्योचैरिदं कारणम् ।**
**बुद्ध्वेत्थं समयस्य सारमनघं जानाति यः सर्वदा**
**सोयं त्यक्तबहिःक्रियो मुनिपतिः पापाटवीपावकः ॥२५५॥**

**શ્લોકાર્થ : જો એ રીતે (જીવને) સંસારદુઃખનાશક...** સંસારના દુઃખનું નાશ કરનાર **નિજાત્મનિયત ચારિત્ર હોય...** ભાષા દેખો! નિજાત્મ ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ આત્મા એમાં નિયત (અર્થાત્) નિજ આત્માને વળગેલું ચારિત્ર, નિજાત્માને અવલંબતું. ચારિત્ર તો એને કહીએ કે જે નિજ આત્માને અવલંબી થાય તે. સમજાણું કાંઈ? પંચમહાવ્રતના પરિણામ એ ચારિત્ર નહીં. **નિજાત્મનિયત**—નિજ આત્મામાં નિયત, નિશ્ચયથી વળગેલો, **નિજ આત્માને અવલંબતું, નિજાત્માશ્રિત**. ચારિત્ર એને કહીએ કે જે નિજસ્વરૂપ ભગવાન એને અવલંબીને થયું હોય તે, એના આશ્રયે થયું હોય તે ચારિત્ર. પાંચ મહાવ્રતના વિકલ્પ તો પરને આશ્રયે ઉઠેલો વિકલ્પ છે. સ્વના આશ્રયે મહાવ્રતના વિકલ્પ હોઈ શકે નહીં. નિજાત્મામાં એકાકાર. મૂળ સરવાળો તો આ છે.

નિજ આત્મા પરમાનંદના ભાવરૂપ-સ્વરૂપ પ્રભુ, એમાં અંતર્મગ્ન એકાગ્રતા એનું નામ ચારિત્ર. ચારિત્ર, કોઈ નગ્નપણું કે લૂગડાં છોડ્યા એ ચારિત્ર નહીં. પંચમહાવ્રતના વિકલ્પ ઉઠે એ પણ ચારિત્ર નહીં. આહાહા! ચારિત્ર પાળ્યું શું કરવા કુંદકુંદાચાર્યે? વળી એમ કહે છે. પાળ્યું ક્યાં? બાપા! એને હેયબુદ્ધિએ જાણ્યું છે. આહાહા! શું થાય? વાડ વેલા ખાય, એમ ઉપદેશકો જ આવા ઊંધા (અર્થ) કરે, આહાહા! (તો) વેલાને ક્યાં જાવું? વેલા વાડ વેલો ખાય, એમ કહે છેને. વાડને વેલો ગળી જાય, એમ. ફળ-બળ પાકે તો અંદર પાકે, હવે શું કરવું? કાંટામાં હોય છેને ઓલા. વેલા જરી અંદર ગરી ગયા હોય, ..... ચીભડાં પાકે વેલામાં. કોણ લઈ શકે? કાંટામાં હાથ કોણ નાખે? એમ વાડ વેલા ખાય. ધર્મના નામે બિચારા શોધવા જાય ધર્મ, ત્યાં ઊંધે રસ્તે દોરી જાય.

કહ્યું હતુંને એક ફેરી દામોદરશેઠનું. નહોતું કહ્યું? નાગજી ... હતા લીંબડીના સંપ્રદાયમાં, એ વેદાંતને માનનારા. આમ દામોદર શેઠ જૈન તરીકે પક્ષ. વસ્તુની ખબર નહીં એ જુદી વાત. અમે જૈન છીએ. પછી ઓલો સુધરેલ દેખે, પૈસાવાળો માણસ. દસ લાખ રૂપિયા તે દિ' સાંઈઠ વર્ષ પહેલાં. ચાલીસ હજારની ઉપજ એટલે મોટું દેખાય, દરબાર જેવું દેખાય. દામોદર શેઠ, દામનગર. પછી ત્યાં જેતપુર ગયેલા એના મોસાળમાં. અહીં અપાસરે ભાઈ હતા નાગજી લીંબડીના. એટલે એણે એમ કહ્યું, ભાઈ!.. એમ કરતાં કરતાં વાત એવી કરી કે વેદાંત અદ્વૈત છે એ વસ્તુ સાચી છે. ઓલા કહે. એ જાણે કે આ સુધરેલ છે ને અમીર બહુ છે. ..... એમ કહે, મહારાજ! વાડ વેલા ખાય, વેલાને ક્યાં જાવું? અમારા સાધુ નામ ધરાવીને આ વેદાંતના માર્ગે લઈ જાય તો શું કરવું અમારે? બહુ હુશિયાર હતા ....

અરે! જૈનના વેશ, જૈનના સાધુ નામ ધરાવીને, વેદાંતને અદ્વૈતનો માર્ગ સિદ્ધ કરીને બીજાને બેસાડે. વાડ વેલા ખાય મહારાજ! એમ બોલ્યો હતો. ... માણસ હતા, કડક માણસ હતા. અરે! જૈન સાધુ થઈને તું, વીતરાગમાર્ગ શું છે એ ન કહેતાં આ બધા આવા માર્ગે ચડાવી દે. એય પ્રકાશદાસજી! જોકે એ સમજ્યા નહોતા એ બીજું. પણ જૈનપણું એક જૈનદર્શન છે, એવું જગતમાં કોઈ બીજું નથી. જૈન છે એ જુદી વાત છે. જૈનદર્શન વસ્તુનું સ્વરૂપ છે એ તો. આહાહા! કહે છે કે સંસારદુઃખનાશક કોણ? નિજાત્મનિયત ચારિત્ર. આહાહા! બહુ ટૂંકી વાત. સંસારના નાશનું કારણ કોણ? ઉદયભાવ, સંસાર, ચાર ગતિ એના નાશનો ઉપાય નિજાત્મનિયત ચારિત્ર. વસ્તુ ભગવાન નિજાત્માને નિયત, વળગેલું, એકાગ્ર, અવલંબેલું ચારિત્ર.

**તો તે ચારિત્ર મુક્તિશ્રીરૂપી (મુક્તિલક્ષ્મીરૂપી) સુંદરીથી ઉત્પન્ન થતાં...** મુક્તિરૂપી લક્ષ્મી એવી જે સુંદરી, એનાથી ઉત્પન્ન **સુખનું અતિશયપણે કારણ થાય છે...** આહાહા! એ ચારિત્ર મોક્ષરૂપી લક્ષ્મીને ઉત્પન્ન કરવામાં સાધન થાય છે. એ સુખનું અતિશયપણે કારણ થાય છે. **આમ જાણીને જે (મુનિવર) નિર્દોષ સમયના સારને સર્વદા જાણે છે...** લ્યો. સમયસાર આવ્યો આ નિયમસારમાં. ઠીક! નિર્દોષ સમયનો સાર ભગવાન આત્મા નિર્લેપ, નિર્દોષ, નિરંજન, નિરાકાર અખંડાનંદ પરમાત્મા પોતે, આહાહા! એવા સમયસારને સર્વદા જાણે છે હોં. આહાહા! **તે આ મુનિપતિ–કે જેણે બાહ્ય ક્રિયા છોડી છે...** જોયું! જેણે વિકલ્પ છોડી દીધા છે **તે—પાપરૂપી અટવીને બાળનારો અગ્નિ છે.** પાપરૂપી વનને સળગાવનારો અગ્નિ છે. પાપ હવે ત્યાં રહેશે નહીં. અને મુક્તિ થશે આવી આવશ્યક ક્રિયા કરનારને.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**માગશર સુદ-૧૩, સોમવાર, તા. ૧૮-૧૨-૧૯૭૨**
**ગાથા-૧૪૮-૧૪૯, શ્લોક-૨૫૬-૨૫૭, પ્રવચન નં. ૧૭૭**

સંમુખ જીવ કેવો હોય એની વાત કરે છે.

**आवासएण हीणो पब्भट्ठो होदि चरणदो समणो ।**
**पुव्वुत्तकमेण पुणो तम्हा आवासयं कुज्जा ॥१४८॥**
**આવશ્યકે વિરહિત શ્રમણ ચારિત્રથી પ્રભ્રષ્ટ છે;**
**તેથી યથોક્ત પ્રકાર આવશ્યક કરમ કર્તવ્ય છે. ૧૪૮.**

**ટીકા : અહીં (આ લોકમાં) વ્યવહારનયે પણ, સમતા** એટલે વ્યવહાર સામાયિક, ભગવાનની વ્યવહાર **સ્તુતિ**, તીર્થંકર કેવળીની **વંદના, પ્રત્યાખ્યાન વગેરે છ આવશ્યકથી રહિત શ્રમણ...** વ્યવહાર આવશ્યક ક્રિયાના જે શાસ્ત્ર છે એમાં વ્યવહારનું વર્ણન છે. એ વ્યવહાર છઠ્ઠે ગુણસ્થાને હોય છે. હેયપણે પણ હોય છે. સમજાણું કાંઈ? જેને એવા વ્યવહારના પણ ઠેકાણા નથી, કહે છે, એ વ્યવહારથી ભ્રષ્ટ છે, એ તો નિશ્ચયથી ભ્રષ્ટ હોય જ, એમ કહે છે. સમજાણું કાંઈ? શાસ્ત્રમાં વ્યવહાર ચરણાનુયોગનો એવો અધિકાર આવ્યો છેને. વ્યવહાર હોય છે, છતાં એ પરાશ્રિત છે, પરવશ છે એ વાતેય બરાબર છે. છતાં છઠ્ઠે ગુણસ્થાનને યોગ્ય એવો વ્યવહાર સમતાદિ છ આવશ્યકનો ભાવ ન હોય તો તો એ નિશ્ચયથી પણ ભ્રષ્ટ છે. વ્યવહારથી ભ્રષ્ટ છે અને નિશ્ચયથી પણ ભ્રષ્ટ છે. સમજાણું કાંઈ?

**શુદ્ધનિશ્ચયે...** માર્ગ જુદો ઝીણો બહુ ભાઈ! **પરમ-અધ્યાત્મભાષાથી...** એટલે વ્યવહાર .... યથાર્થ. **પરમ-અધ્યાત્મભાષાથી જેને નિર્વિકલ્પ-સમાધિસ્વરૂપ કહેવામાં આવે છે...** અહો! આત્મામાં આત્માનો આશ્રય લઈને રાગ વિનાની શાંતિ ને સમાધિમાં પડ્યો હોય છે એને નિશ્ચય આવશ્યક હોય છે. સમજાણું કાંઈ? 'સમાધિ' આવે છે ક્યાંય? લોગસ્સમાં આવે છે, 'સમાહિવરમુત્તમ્ દિંતુ..' એ સમાધિ આ. રાગના છ આવશ્યક જે વ્યવહાર છે એનાથી પણ ખસીને અંતર સ્વસ્વરૂપમાં સમાધિ.. શાંતિ.. શાંતિ.. શાંતિ.. શાંતિ.. એકલા શાંતરસમાં મગ્ન છે એ સમાધિમાં લીન છે, એ નિશ્ચય છ આવશ્યક કરનાર છે. આહાહા! સમજાણું કાંઈ? જેને નિશ્ચય નથી એના શુદ્ધ વ્યવહારના ઠેકાણાય નથી, પણ જેને વ્યવહાર છે એકલો, એ પણ નિશ્ચયથી ભ્રષ્ટ છે. સમજાણું કાંઈ?

એ પરમ અધ્યાત્મક્રિયા નિર્વિકલ્પ-સમાધિસ્વરૂપ કહેવામાં આવે છે. અંશે આવશ્યક તો ચોથે ગુણસ્થાને પણ હોય છે. આવશેને આગળ, પછીની ગાથામાં આવશે. આવશ્યક, ચોથે ગુણસ્થાને પણ અંતરાત્મા હોય એને અંશે આવશ્યક હોય. પાંચમામાં પણ એ નિશ્ચય ને

વ્યવહાર, છઠ્ઠે પણ નિશ્ચય ને વ્યવહાર, સાતમે એકલો નિશ્ચય (હોય). સમજાણું કાંઈ? કહે છે કે જેને વ્યવહાર છ આવશ્યકના પણ ઠેકાણા નથી, એનો અર્થ એ છે કે નિશ્ચયથી ભ્રષ્ટ છે. સમજાણું કાંઈ? વ્યવહારથી ખસીને આગળ ગયો એ નિશ્ચયથી ભ્રષ્ટ નથી. પણ વ્યવહારનાય જેના ઠેકાણા નથી, ચરણાનુયોગમાં જે વ્યવહાર કહ્યો છે એમાંય ભૂમિકાયોગ્ય વિકલ્પની યોગ્યતાના જેને ઠેકાણા નથી, એનો અર્થ છે કે નિશ્ચયથી સમાધિમાં એ લીન નથી, ભ્રષ્ટ છે. સમજાણું કાંઈ? માર્ગ ભાઈ! ઝીણો છે.

**એવી પરમ આવશ્યક ક્રિયાથી રહિત...** આત્માને આશ્રયે શાંતિ અને વીતરાગી પરિણતિ એવી જે છ આવશ્યકની નિશ્ચય-ક્રિયા એનાથી જે રહિત છે એ **શ્રમણ નિશ્ચયચારિત્ર-ભ્રષ્ટ છે;—આમ અર્થ છે.** સમજાણું કાંઈ? **(માટે) સ્વવશ પરમજિનયોગીશ્વર...** જે કોઈ આત્મા આનંદસ્વરૂપ ભગવાન એને અવલંબીને એમાં ઠર્યો છે એ સ્વવશ છે. આહાહા! આવી મોટી વાતું..... **સ્વવશ પરમજિનયોગીશ્વર...** આત્મા ધ્રુવતત્ત્વને અવલંબીને અંતર લીનતામાં નિર્વિકલ્પ શાંતિમાં પડ્યો છે, એ **નિશ્ચય-આવશ્યકનો જે ક્રમ પૂર્વે કહેવામાં આવ્યો છે...** એ તો ઘણા પ્રકાર કહ્યા છેને. એકલો શુભ ને અશુભ છે એ મિથ્યાદૃષ્ટિ છે, અશુભને ... મિથ્યાદૃષ્ટિ છે. દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદમાં રહ્યો એ પણ વિકલ્પમાં પરાધીન છે. દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદમાં રહ્યો એ મિથ્યાદૃષ્ટિ નહીં, પણ એના ભેદના વિકલ્પમાં રહ્યો છે એ વ્યવહાર છે એમ કહે છે.

નિશ્ચય ભાન હોવા છતાં જે હજી દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદમાં વર્તે છે એ વિકલ્પ છે, પરવશ છે, એટલી વાત. એકલા રાગમાં જ વર્તે છે એ મિથ્યાદૃષ્ટિ છે. એકલા દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદના વિકલ્પમાં જ વર્તે છે. બીજામાં પછી એ કહેશે. અંતરાત્માની વ્યાખ્યા કરીને. ૧૪૯માં કરશે ને પછી ૧૫૦માંય કરશે. વિકલ્પમાં વર્તવું એ જુદી ચીજ છે અને વસ્તુના ભાન સહિત વિકલ્પ હોય એ જુદી ચીજ છે. સમજાણું કાંઈ? નહીંતર તો છઠ્ઠા ગુણસ્થાને કરણાનુયોગની ક્રિયાના જે ભાવ છે એ ભગવાને કહ્યા છે. વ્યવહાર નથી કહ્યો? વ્યવહાર છે તેથી નિશ્ચયભ્રષ્ટ છે એમ નથી. સમજાણું કાંઈ?

હા, જે સાતમા ગુણસ્થાનનો નિશ્ચય છે એ નિશ્ચય નથી, પણ છઠ્ઠી ભૂમિકાને યોગ્ય જે નિશ્ચય સ્વાશ્રિત છે એવો નિશ્ચય છે અને આ છ પ્રકારના ચરણાનુયોગની યાગ્યતા પ્રમાણે વિકલ્પ પણ છે, બસ. છે એટલી વાત હોં. વિકલ્પમાં વર્તે છે ને વિકલ્પ આદરણીય છે એમ નહીં. બહુ ઝીણી વાત છે. ભાઈ! આ તો મારગડા અંદરના છે. વીતરાગ કોને કહે? પરમેશ્વર સર્વજ્ઞ જેને એક પર્યાયમાં ત્રણ કાળ, ત્રણ લોક (જણાણા). એને જોતાં (જ્ઞાન) પ્રગટ્યું નથી, પોતાને જોતાં પર્યાય એટલી પ્રગટી ગઈ છે આમ. સમજાણું કાંઈ? લોકને જોતાં લોકનું જોવાનું જ્ઞાન થયું નથી. આહાહા! સમજાણું કાંઈ? આ તો આખો સંસાર ઉથલાવી નાખીને, આહાહા! મોક્ષના માર્ગમાં પ્રવેશ કરવો એ કઈ ચીજ છે ભાઈ! એ કાંઈ સાધારણ છે નહીં.

ચરણાનુયોગનું આચાર્યોએ વર્ણન કર્યું એવો ભાવ મુનિને પણ હોય છે. સર્વવિશુદ્ધમાં તો એમ લીધું છેને કે .... એમ કે કર્તાબુદ્ધિ ............ કર્તાબુદ્ધિ હોય છે, કર્તારૂપ પરિણમન છેને જરી રાગનું. કર્તાબુદ્ધિ હોય તો તો મિથ્યાદૃષ્ટિ છે. કૌંસમાં છે. એનો હેતુ બીજો બતાવવો છે. એ રાગ છે એનું હજી પરિણમન છેને એને છોડાવવું છે. સમજાણું કાંઈ? નહીંતર તો નિશ્ચયપૂર્વક જેને વ્યવહાર વિકલ્પ હોય છે એવા શ્રમણનો નિષેધ થઈ જશે. જેટલો ચરણાનુયોગનો વ્યવહાર કહ્યો, એ છે તો હેય ભલે, પણ છે કે નહીં, બસ એટલી વાત અહીં છે. આ તો જેમ છે એમ હોવું જોઈએને. મુનિને યોગ્ય વ્યવહાર..., સ્વનો આશ્રયથી સમ્યગ્દર્શન, જ્ઞાન ને અંશે સ્થિરતા હોવા છતાં એને યોગ્ય છ આવશ્યકના વિકલ્પ હોય છે. ન હોય તો મિથ્યાદૃષ્ટિ છે એમ અહીં તો થઈ ગયું. એય! છતાં, એ હોય છે એ ઉપાદેય છે કે હિતકર છે કે એમાં વર્તવું એ ઠીક છે, વર્તવું એ ઠીક છે—એમ નથી. આહાહા! સમજાણું કાંઈ?

... લેશે ૧૫૦માં. જે અંતર્ ને બહિર્ જલ્પમાં વર્તે છે એ મિથ્યાદૃષ્ટિ છે. ધર્મી રાગમાં વર્તતો નથી, પણ રાગ થાય છે એને તે જાણે છે. સમજાણું કાંઈ? એવો માર્ગ છે ભાઈ! આહાહા! કહે છે કે વ્યવહારના ચરણાનુયોગમાં કહ્યા એવા વિકલ્પથી પણ જે ભ્રષ્ટ છે એ તો નિશ્ચયથી પણ ભ્રષ્ટ છે. જેને આવા ઠેકાણા નથી એને નિશ્ચય નથી જ. પણ વ્યવહાર સાચો હોય વ્યવહાર, તોપણ નિશ્ચયથી ભ્રષ્ટ હોય. સમજાણું કાંઈ? વ્યવહાર નથી એ તો નિશ્ચયથી ભ્રષ્ટ છે જ, એમ કહે છે. સમજાણું કાંઈ? આવું ઝીણું.... આહાહા! ભાઈ! તારા મારગડા જુદા છે. આહાહા! કહે છે કે ભગવાને કહ્યો વ્યવહાર અને છે તો સંસાર, બંધ છે. એ ભૂમિકાને યોગ્ય એવો ભાવ આવ્યા વિના રહે નહીં, છતાં એ વ્યવહાર છે તો નિશ્ચય છે એમ નહીં. આહાહા! ભારે માર્ગ ભાઈ!

કારણ કે વ્યવહાર છે એ તો પરાશ્રય છે અને તેથી સ્વાશ્રય દૃષ્ટિ ને જ્ઞાન છે? સ્વાશ્રય દૃષ્ટિ, જ્ઞાન ને ચારિત્ર હોવા છતાં પરાશ્રિત આવો ભાવ હોય છે. હોય છે એટલી વાત છે. વ્યવહાર હોય છે એટલું. એથી આઘું લઈ જાય તો એ વાતમાં માલ કાંઈ નથી. સમજાણું કાંઈ? હેયબુદ્ધિએ એવો વ્યવહાર હોય છે. પ્રવૃત્તિબુદ્ધિએ એવો વ્યવહાર હોતો નથી. એમાં પ્રવર્તન એ નહીં. એ પ્રવર્તન તો એમાં..... પણ સ્વરૂપના આશ્રયની દૃષ્ટિ, જ્ઞાન સહિતમાં આવો વ્યવહાર હોય એને એ જાણે છે. એવા વ્યવહારના પણ જેને ઠેકાણા નથી એ તો નિશ્ચયથી ભ્રષ્ટ છે જ. વ્યવહાર સારો હો છતાં નિશ્ચય ન હોય, પણ જેનો વ્યવહાર જ સારો નથી એને તો નિશ્ચય હોય જ નહીં. એથી વ્યવહારને લઈને નિશ્ચય છે એમ નહીં. આહાહા!

એણે જાણવું પડશે. એકની પકડ લઈને બેસે. માર્ગ અનેકાંત આ છે. અનેકાંત કાંઈ એવો નથી કે વ્યવહારથી પણ એને લાભ થાય, નિશ્ચયથી પણ લાભ થાય. એમ નહીં. નિશ્ચય છે, આવો પૂર્ણ નિશ્ચય નથી ત્યાં તેને આવો વ્યવહાર હોય છે, બસ એટલું. હોય તો એને પણ

સંસાર છે. આહાહા! એ ભૂમિકાને યોગ્ય એવો વ્યવહાર આવ્યા વિના રહે નહીં, છતાં એથી ખસીને નિશ્ચયમાં-સાતમામાં જાવું જોઈએ એ વસ્તુની સ્થિતિ છે. સમજાણું કાંઈ? પ્રકાશદાસજી! હળદરના ગાંઠીયે ગાંધી થવાય એવું નથી. હળદરનો ગાંઠિયો રાખ્યો ને થઈ ગયા ગાંધી. હળદરની ગુણીની ગુણી હોય, ધાણા, જીરા (આદિ) બધાની દરેકની. માલ લેવા જતા ત્યારે.... હળદરની ગુણીની ગુણી ભરી હોય. ધાણા, જીરુંના કોથળાના કોથળા સો-સો, બસો-બસો હોં.

એક ફેરી દ્રાક્ષની પેટી..... કોણ જાણે ભૂલી ગયો હશે. એક દ્રાક્ષની આખી પેટી આપી એમાં એકલી ઈયળું. વાણિયાને વિશ્વાસ...... ......... ચાર મણની પેટી. કીધું, મોકલાવજો. મોકલાવી, જ્યાં આમ ખોલ્યું, આમ......... ....હોયને. ..... લોઢાના ઓલા હોય..... આમ જ્યાં કર્યું ત્યાં ઈયળું હોં. આમાંથી કઢાય નહીં....... .......... અમે વિશ્વાસ રાખ્યો ને તમે આવું મોકલ્યું. એણે માણસને કહ્યું હતું....... (શ્રોતાઃ કિસ ચીજમેં થી?) દ્રાક્ષ તો દ્રાક્ષ હતી, પણ જીવાત હતી. જીવાત સમજે? કીડા. કિસમીસ નહીં. સડે ત્યારે બહારેય ફરે છેને. ......... ઈયળ.... આમ જુઓ તો ઓહોહો! હવે પાછું જોડવું કેવી રીતે? ............. ઈયળ.. ઈયળ.. ઈયળ.. ભારે નુકશાન. આ તો ૬૫-૬૬ની વાતું છે.

અહીં કહે છે કે વસ્તુ તો છે એવી નિશ્ચયમાં હોવી જોઈએ, પણ છતાં જ્યાં સુધી અંદર નિશ્ચયમાં નિર્વિકલ્પપણે ઠર્યો નથી તેને આવો વ્યવહાર હોય છે. એ વ્યવહાર છે તો દુઃખદાયક, આકુળતાસ્વરૂપ છે. આહાહા! આવે છે એવો પણ જેને છઠ્ઠા ગુણસ્થાનની ભૂમિકાયોગ્ય વ્યવહારના ઠેકાણા નથી એ નિશ્ચયથી ભ્રષ્ટ છે. આહાહા! છે વિષકુંભ, છતાં હોય. વ્યવહારે એને અમૃત કહેવાય. અહીં (નિશ્ચય) અમૃત છે એનો આરોપ દઈને અમૃત કહેવાય.

મોક્ષ (અધિકાર)માં કહ્યું છે. અમૃતકુંભ નથી, પણ આ અમૃત છે એનો આરોપ આપીને (કહ્યું). નિશ્ચયથી તો ઝેર છે. ભારે વાત ભાઈ! આટલો ભાગ ઝેરનો છઠ્ઠે ગુણસ્થાને જો ન હોય તો એ નિશ્ચયચારિત્રથી નિશ્ચયથી ભ્રષ્ટ છે. કાં એથી ખસીને અંદરમાં ગયો હોય એ જુદી વાત છે. સમજાણું કાંઈ? કહો, વ્યવહાર અહીં સ્થપાય છે કે નહીં? છે એટલી વાત છે અહીં, પણ એ આદરણીય નથી. આદરણીય નથી છતાં આવ્યા વિના રહેતો નથી. આહાહા! પંડિતજી! વસ્તુસ્થિતિ આવી છે. કંઈપણ થોડું આડું-અવળું થાય તો આખું તત્ત્વ જ ફરી જાય છે. સમજાણું કાંઈ?

જુઓને! અહીં ગાથા કેવી મૂકી છે! અર્થ કર્યો છે. પાઠમાં તો **आवासएण हीणो** છે. આવશ્યકથી હીન છે. પછી બે કાઢ્યા, વ્યવહાર ને નિશ્ચય—બે. સમજાણું કાંઈ? અને જેનો વ્યવહાર આવશ્યક આદિ ..... વિકલ્પ બરાબર છે માટે તે ધર્મી છે એમ નથી. એને લઈને ધર્મી છે એમ નથી. અંતર દ્રવ્યને આશ્રયે સ્થિરતા છે એને લઈને ધર્મી છે. આહા! ભારે વાતું ભાઈ!

શુભરાગ છે એ ખરેખર તો અધર્મ છે. ...ભાઈ! ... કહેવાનો આશય.... 'પરિભ્રષ્ટ' છેને પાઠમાં, એમાંથી બે કાઢ્યા. **आवासएण हीणो**.. એ બે કષાયો છે કે નહીં? વ્યવહાર જાણવાયોગ્ય વસ્તુ છે કે નહીં? વિષય છે કે નહીં? ભલે એ હેય છે, પણ વસ્તુ છે કે નહીં? વસ્તુ ન હોય તો એકદમ નિશ્ચયની સ્થિરતા નિર્વિકલ્પ સાતમા ગુણસ્થાનની થઈ ગઈ. સમજાણું કાંઈ?

આ વાંધા મોટા છે ચાંદમલજી! વ્યવહાર છે કે નહીં? છે તો સ્થાપવી જોઈએને? સાંભળને! **जइ जिणमयं पव्वजह**.. આવ્યુંને ભાઈ? **ववहारणिच्छए मुयह**.. એનો અર્થ આ કે વ્યવહાર છે એટલી વાત. પણ એ છે માટે નિશ્ચય છે અને વ્યવહાર છે માટે લાભદાયક છે—એમ નથી. આહાહા! ભારે માર્ગ ભાઈ! આહાહા!

કહે છે કે .... નિશ્ચયચારિત્ર ભ્રષ્ટ છે એવો અર્થ છે. આહાહા! **સ્વવશ પરમ-જિનયોગીશ્વરના નિશ્ચય આવશ્યકનો જે ક્રમ પૂર્વે કહેવામાં આવ્યો છે** બધો ઘણો. દ્રવ્યના ગુણો જે જ્ઞાન-દર્શન આદિમાં લીનતા કરવી આદિ પ્રકાર કહ્યા હતા. પાઠમાં છેને **पुव्वुत्तकमेण**.. પૂર્વે કહેલા ક્રમે.. આહાહા! ક્રમનો અર્થ એવો નહીં કે ત્યાં વ્યવહાર પહેલો કરવો ને નિશ્ચય (પછી હોય). એમ પૂર્વે કથન છે એમ નથી. સમજાણું કાંઈ? **पुव्वुत्तकमेण**માં પૂર્વે કહ્યું હતું કે દ્રવ્ય-ગુણ ને પર્યાયનો વિકલ્પ છોડીને અભેદની દૃષ્ટિ કરવી, દ્રવ્યના ગુણોમાં એકાકાર થવું એવો જે ક્રમ કહ્યો હતો તે કરવો. આવી વાત છે. આહાહા! ........ આચાર્યોના અર્થો સાચા.... બાપુ! બીજા કરને... એમાં વ્યવહાર આવે એને આદરણીય માનવો (એવો) અર્થ તું કર, તો એ આચાર્યના હૃદય નથી. સુજાનમલજી! આહાહા!

ભાઈ! વ્યવહારને સ્થાને વ્યવહાર છે, જેમ નિમિત્તને સ્થાને નિમિત્ત છે. એ કોણે ના પાડી? પણ નિમિત્તથી ઉપાદાનનું કાર્ય થાય છે એમ છે? નિમિત્તના સ્થાનમાં નિમિત્ત છે. ઉપાદાનના ભાવમાં–સ્થાનમાં ઉપાદાન છે, બેય છે ખરા, પણ એનો અર્થ એવો કરે કે નિમિત્તથી આ છે કે અહીં છે—એમ નથી. નિમિત્તનું અસ્તિત્વ છે તો ઉપાદાનનું–શુદ્ધનું અસ્તિત્વ થયું એમ નથી. તેમ વ્યવહારનું અસ્તિત્વ છે તો નિશ્ચયનું અસ્તિત્વ એને લઈને નભે છે એમ નથી. સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ!

**સ્વવશ પરમજિનયોગીશ્વરના નિશ્ચય આવશ્યકના જે ક્રમે પૂર્વે કહેવામાં આવ્યો છે તે ક્રમથી (-તે વિધિથી), સ્વાત્માશ્રિત એવું નિશ્ચય-ધર્મધ્યાન...** આહાહા! કરવાનું તો આ છે, નિશ્ચય તો આ છે. વ્યવહાર હોય, પણ એને કરવા જેવો કહ્યો એ તો વ્યવહારથી કહ્યું છે. ખરેખર એ કરવા જેવું છે નહીં. આહાહા! સમજાણું કાંઈ? આમાંથી કાંઈ થોડું આઘું-પાછું કરે તો ઘર જાય એવું છે. આહાહા! એવી વસ્તુસ્થિતિ છે. **સ્વાત્માશ્રિત એવા નિશ્ચયધર્મધ્યાન**... એ ચોથેથી શરૂ થાય છે. કેમ કે ચોથે ગુણસ્થાને અંતરાત્મા છે. અંતર આત્માને ધ્યાન ન હોય એમ બની શકે નહીં. આહાહા! કહેશે એ.

**એવા નિશ્ચયધર્મધ્યાન અને નિશ્ચય-શુક્લધ્યાનસ્વરૂપે, પરમ મુનિ સદા આવશ્યક કરો.** જોયું! આ તો ખાસ આદેશ કર્યો છે. એવું એક છે એવું જણાવે છે. અને વ્યવહારથી એમ પણ કહે છે કે એ કરે છે. વ્યવહાર આવશ્યક.... દોષ લાગ્યો હોય તો તારો છે. એમ છે, આવે છે. વ્યવહારની કથન શૈલી એવી છે. આ તો ભગવાનના આશ્રયે, ચૈતન્યધ્રુવ એના અવલંબે જે ક્રિયા થઈ, એ **પરમ મુનિ સદા આવશ્યક કરો.** એ તો કરવા જેવું છે. આહાહા! ભારે. પણ કરવા જેવું નથી ને હેય છે, તો ભગવાને કહ્યું શું કરવા કે આવો વ્યવહાર જોઈએ પાંચમે, છઠ્ઠે? એને એવો રાગ એ ભૂમિકામાં, બાપુ! હોય છે. જો એવો ન હોય તો કાં કેવળી હોય અને કાં નિશ્ચય સહિત વ્યવહાર નથી તો એ મિથ્યાદૃષ્ટિ હોય. અટપટી વાતું છે. ... **आवासएण हीणो पब्भट्ठो**.. કીધુંને એમાંથી બે કાઢ્યું વ્યવહારનું (ને નિશ્ચયનું).

**[હવે આ ૧૪૮મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છે:]**

**आत्मावश्यं सहजपरमावश्यकं चैकमेकं**
**कुर्यादुच्चैरघकुलहरं निर्वृतेर्मूलभूतम्।**
**सोऽयं नित्यं स्वरसविसरापूर्णपुण्यः पुराणः**
**वाचां दूरं किमपि सहजं शाश्वत शं प्रयाति॥ २५६॥**

**શ્લોકાર્થ : આત્માએ અવશ્ય માત્ર સહજ-પરમ-આવશ્યકને એકને જ...** જુઓ! છે? કરવા જેવું તો એક જ છે. આહાહા! આત્માને એ અવશ્ય-જરૂર માત્ર સહજ-પરમ... ભાષા એમ છેને. પરમ.. **સહજ-પરમ-આવશ્યક એકને જ...** એકને જ... જોયું! બીજો વ્યવહાર કરવા જેવો છે એમ નહીં. આહાહા! વચ્ચે આવ્યા વિના રહેતો નથી, એટલું જ્ઞાન કરાવ્યું છે. 'વ્યવહાર જાણેલો પ્રયોજનવાન' આવ્યું છેને. વ્યવહાર છે ત્યારે જાણેલો પ્રયોજનવાન કીધોને. જાણેલો... છે એ જણાઈ જાય છે. આદરણીય તરીકે કરવાલાયક હોય તો આ એક વસ્તુ છે. આત્માએ જરૂર માત્ર... આમ વજન છે.

**માત્ર સહજ-પરમ-આવશ્યકને એકને જ,** પાછું એમ. ઠીક. બીજો વ્યવહાર કરવાલાયક નથી. આહાહા! વ્યવહાર મોક્ષમાર્ગ નથી. શાંતિથી, ધીરજથી... વસ્તુની સ્થિતિ શું છે એવું આચાર્યોએ કહ્યું છેને. કે વસ્તુની સ્થિતિથી બીજી રીતે કહ્યું છે? એ રીતે એને સમજવાનો પ્રયત્ન નહીં અને પોતાની માનેલી દૃષ્ટિએ એના અર્થ થાય તો એ સાચા—એનો અર્થ શું? સમજાણું કાંઈ? આચાર્યોના હૃદય શું છે? કહેવામાં શું ફેર છે ક્યાં? વ્યવહાર હોય છે એ તો જણાવ્યો, પણ નિશ્ચયથી કરવાલાયક તો આ એક જ છે. મોક્ષનો માર્ગ તો એ એક જ છે. વચ્ચે વિકલ્પ આવ્યો વ્યવહાર મોક્ષમાર્ગ એનું સ્થાપન કર્યું, એ તો છે એટલો ઉપચાર કર્યો, એમ. પણ એ મોક્ષમાર્ગ નથી. આહાહા! આવી અટપટી વાતું ભારે ભાઈ!

કહે છે કે વ્યવહારથી ભ્રષ્ટ એ નિશ્ચયથી ભ્રષ્ટ છે જ. એથી કરવાલાયક એક નિશ્ચય જ છે. એય! કઈ રીતે કહી વાત એ તો જાણવી જોઈએને. આહાહા! ગજબ! નિયમસાર તો એક-એક..... સમયસારથી ચડી જાય છે. ..... બહુ અલૌકિક. આહાહા! ગાથાએ-ગાથાએ, કળશે-કળશે. આહાહા! નિયમસાર મોક્ષનો માર્ગ છે. જે સ્વાશ્રયે હોય તે મોક્ષનો માર્ગ છે. આહા! બે પ્રકારે મોક્ષનો માર્ગ કહ્યો છે એમ ન માને તો ભ્રમમાં પૂરાશે. હવે અહીં કહે છે કે બે પ્રકારે મોક્ષમાર્ગ માને, આ પણ આદરણીય અને આ પણ આદરણીય—એ ભ્રમમાં પૂરાશે. પણ બે શેના પડ્યા? બેય આદરણીય હોય બે થયા શું કરવા? એ તો એક જ થઈ ગયું. સમજાણું કાંઈ?

પાપ.. પાપ કહે છે, એ વ્યવહાર મોક્ષમાર્ગ પાપ છે. 'પાપને તો પાપ સહુ કહે, પણ અનુભવીજન તો પુણ્યને પાપ કહે.' વસ્તુથી જુદી ગણી છેને. (સ્વરૂપથી) ખસી જાય છેને. પાપ કહ્યું નથી કળશમાં? પુણ્ય-પાપના છેલ્લા ભાગમાં. પતિત થાય છે, સ્વરૂપથી પતિત (કરે) વ્યવહાર, માટે પાપ છે. આહાહા! પુણ્ય-પાપ......... એ બધું ઘણું કહ્યું, ઘણા વર્ષ થયા. સમજાણું કાંઈ? આત્માએ જો કરવાલાયક હોય તો જરૂર માત્ર સહજ-પરમ-આવશ્યક એકને કરવાલાયક છે. સમજાણું કાંઈ? આત્મા ભગવાન આત્મા આશ્રિત એક જ આવશ્યક કરવાલાયક છે. આહાહા! એકને જ પાછું, એમ. ... રહેવા દો, એકાંત થાય છે આમાં. એકને જ, બીજાને નહીં, એમ એનો અર્થ છે. ..... જરૂર કરવાલાયક તો એક જ છે. બે જરૂર કરવાલાયક છે એમ નહીં. પંડિતજી! આવી વાતું છે.

કહે છે કે **એકને જ—કે જે અઘસમૂહનું નાશક છે...** અશુભ ને શુભ બંને અઘ–પાપ છે. બેયને નાશ કરનારો, એવો ભગવાન આત્માનો આશ્રય–આવશ્યક તે નાશ કરનારો છે. વ્યવહાર તો રાગને રાખનારો છે. સમજાણું કાંઈ? છેને એમ. આ તો અભાવ કરનારો છે. આહાહા! **અઘસમૂહનું નાશક છે**... કોણ? આવશ્યક. **અને મુક્તિનું મૂળ (-કારણ) છે...** લ્યો, ઠીક. મોક્ષનું મૂળ આ એક જ કારણ છે. ભગવાન આત્માને અવલંબે–આશ્રયે જે નિશ્ચય દર્શન, જ્ઞાન, ચારિત્ર (થાય) એ એક જ મોક્ષનું મૂળ છે. મોક્ષનું મૂળ કારણ તો એક જ છે. આહાહા! **તેને જ—અતિશયપણે કરવું.** તેને વિશેષપણે–ખાસ કરીને એ જ કરવું, એમ કહે છે. અતિશયપણે એટલે જરૂરપણે, ખાસપણે એ જ કરવાનું છે. આહાહા!

**(એમ કરવાથી), સદા નિજ રસના ફેલાવથી પૂર્ણ ભરેલો હોવાને લીધે...** ભગવાન આત્મા પોતાના આનંદાદિ રસના ફેલાવ–વિસ્તારથી પૂર્ણ ભરેલો હોવાને લીધે **પવિત્ર અને પુરાણ (સનાતન) એવો તે આત્મા...** આહાહા! આમ કરવાથી એટલે? જ્ઞાયકભાવ એવા પ્રભુને આશ્રયે ક્રિયા કરવાથી. ઓલામાં આવે છેને, બે બોલ આવે છે. ચેતનજી! ભૂતાર્થ ને અભૂતાર્થને આશ્રયે. આવે છે? અહીં કહે છે કે એ નથી. અહીં તો આત્મા જ આશ્રય છે.

આહાહા! ભૂતાર્થને આશ્રયે....... પણ પરદ્રવ્યનો આશ્રય છે, એમાં આત્મા ક્યાં આવ્યો? જ્ઞાન ક્યાં...? એને આશ્રયે, એ ભૂતાર્થ છે એને આશ્રયે જે માને એને મોક્ષ મળે. પરનો આશ્રય લીધેલો છેને, અભૂતાર્થ છે માટે, એમ. એ અહીં નથી. એય જેઠાભાઈ! સમજાણું કાંઈ?

કેવો છે એ ભગવાન? કે **નિજ રસના વિસ્તારથી પૂર્ણ ભરેલો...** વસ્તુમાં નિજ શક્તિ આનંદરસથી આમ પૂર્ણ ભરેલો છે. વસ્તુ છે એ વસ્તુના ગુણથી–શક્તિથી પદાર્થ પૂર્ણ ભરેલો છે. વસ્તુમાં જે ગુણ છે એમાં અપૂર્ણતા કેવી, વિકૃતતા કેવી? એ તો ભગવાન પોતાના રસની શક્તિ.... આનંદરસ, જ્ઞાનરસ, શાંતિરસ, વીતરાગરસ આદિ પૂર્ણ ભરેલો હોવાને લીધે પવિત્ર છે અને સનાતન છે. એ તો અનાદિનો છે ભગવાન. **એવો તે આત્મા...** આવી આવશ્યક ક્રિયા કરે તે આત્મા, એમ. નિશ્ચયને–આત્માને આશ્રયે આવી આવશ્યક ક્રિયા કરે તે આત્મા, એમ.

**વાણીથી દૂર (વચન-અગોચર) એવા કોઈ સહજ શાશ્વત સુખને પામે છે.** એ આત્મા, નિશ્ચય સ્વને આશ્રયે આવશ્યક-ક્રિયા એક જ મુક્તિનું કારણ છે એવો નિશ્ચય કરનારો આત્મા, તે આત્મા કેવો? એમ કહે છે. કે નિજરસના ફેલાવ–વિસ્તાર સહિત.... એવો આત્મા આવી ક્રિયા કરવાથી મુક્તિના સુખને પામે છે. **એવા કોઈ સહજ શાશ્વત સુખને પામે છે**. સ્વભાવિક સુખ, આનંદ–સુખ, સહજ સુખ એવી પર્યાયને પામે છે. એ સર્વ આવશ્યક નિશ્ચયતત્ત્વ જે છે એ મોક્ષમાર્ગ અને એવો જે મોક્ષમાર્ગની પર્યાયનો કરનારો આત્મા, કેવો? આવો. એ આત્મા આવી ક્રિયાથી મુક્તિ પામે છે. આહાહા! આવશ્યક-ક્રિયા નથી આ?

અહીં તો બેય કીધી. એક છે એ કરવાલાયક નથી, છતાં આવે છે. કરવાલાયક તો આ એક જ છે. આહાહા! ભારે માર્ગ ભાઈ! વીતરાગ સર્વજ્ઞના માર્ગ તો પૂર્વાપરદોષ રહિત છે. ચારેકોરથી જુઓ તો એક સત્ય જ એનું.... આહાહા! નિશ્ચયથી આશ્રય કરી.... **भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठि हवदि जीवो**.. પછી કહે છે કે પર્યાયમાં રાગાદિ અશુદ્ધતા (ઉત્પન્ન થાય) એટલું જાણવું વ્યવહાર છે. વ્યવહાર છે એમ તો જણાવ્યું. ત્યારે એને 'જાણેલો' કીધુંને. ન હોય એ જાણેલો કેવો? જાણેલો પ્રયોજનવાન. બસ, એ વાત બધે ઠેકાણે..... સમજાણું કાંઈ? આદરેલો નહીં, ઉપાદેય નહીં, છતાં છે ખરો. છે માટે ઉપાદેય છે એમ નહીં. છે તો બેય છે. એકકોર આ આત્મા છે ને એકકોર ..... છે. એક આદરણીય છે ને એક હેય છે. ત્યારે બે સિદ્ધ થશે નહીંતર સિદ્ધ નહીં થાય, સાબિત નહીં થાય બે વાત. તત્ત્વ વિરુદ્ધ છે બેયનું. આહાહા! એક શ્લોક થઈ ગયો. હવે ૨૫૭ કળશ.

**स्ववशस्य मुनीन्द्रस्य स्वात्मचिन्तनमुत्तमम्।**
**इद चावश्यकं कर्म स्यान्मूलं मुक्तिशर्मणः॥२५७॥**

'ચિંતન' શબ્દ આવે, પણ એમ ન લેવું કે ચિંતવું એટલે ચિંતન. અનુભવને અહીં ચિંતન કહેવું છે. શબ્દ તો આવે. આવે તો કહે, એ.. ચિંતન કરો.. ચિંતન કરો. ચિંતન એટલે શું? આ આવ્યું ચિંતન, લ્યો.

**શ્લોકાર્થ : સ્વવશ મુનીદ્રને...** ઉત્કૃષ્ટ વાત લીધી છેને. ચોથે ગુણસ્થાને, પાંચમે કે છઠ્ઠાવાળાને એવા મુનિન્દ્ર આદિ અંતરાત્માને **ઉત્તમ સ્વાત્મચિંતન (નિજાત્માનુભવન)...** ઉત્તમ સ્વાત્માનુભવ **હોય છે; અને આ (નિજાત્માનુભવનરૂપ) આવશ્યક કર્મ (તેને)...** આત્માનું અનુભવરૂપી જરૂર કાર્ય, નિશ્ચય મોક્ષમાર્ગરૂપી આવશ્યક કાર્ય એ **મુક્તિસૌખ્યનું કારણ થાય છે.** આહાહા! શબ્દ પણ તોળીતોળીને મૂક્યા છેને! આવ્યા છે, મૂક્યા પણ નથી. આહાહા! મુક્તિસુખનું કારણ કહ્યું. (ગાથા) ૧૪૯.

**आवासएण जुत्तो समणो सो होदि अंतरंगप्पा।**
**आवासयपरिहीणो समणो सो होदि बहिरप्पा॥ १४९॥**

**આવશ્યકે સંયુક્ત યોગી અંતરાત્મા જાણવો...** જુઓ! ખુબી. અંતરાત્માના આવશ્યક કીધા છે હોં. અંતરાત્મા ચોથે, પાંચમે, છઠ્ઠે બધે અંતરાત્મા છે. સમજાણું કાંઈ? યોગી પણ આવ્યા છે. .... એટલી એકાગ્રતા છેને.....

**આવશ્યકે સંયુક્ત યોગી અંતરાત્મા જાણવો;**
**આવશ્યકે વિરહિત શ્રમણ બહિરંગ આત્મા જાણવો. ૧૪૯.**

ઓહોહો! કેટલું ભરે છે! **ટીકા : અહીં, આવશ્યક કર્મના અભાવમાં તપોધન બહિરાત્મા હોય છે એમ કહ્યું છે.** જેને આવું નિશ્ચય આવશ્યક-કાર્ય નથી એ બહિરાત્મા, મિથ્યાદૃષ્ટિ છે. વ્યવહાર આવશ્યક ક્રિયામાં હોવા છતાં નિશ્ચય આવશ્યક કાર્ય નથી એ બધા મિથ્યાદૃષ્ટિ છે. વ્યવહારનો સ્વીકાર.... સ્વીકાર ક્યાં થયો છે? એકલો રાગમાં વર્તે એને સ્વીકાર ક્યાં છે નિશ્ચયનો? ... નહીંતર પરંપરા ...... ઝીણી વાતું. સાંભળો, સાંભળો. અહીં તો જુદી જાતની વાતું છે. વિકલ્પ આવે છતાં એ માર્ગ નહીં. અંતરાત્મા એ વિકલ્પને લઈને નહીં. ચોથેથી અંતરાત્મા, એ સ્વના આશ્રયે થયેલી દશાને લઈને અંતરાત્મા છે. સમજાણું કાંઈ?

એને જે રાગાદિ રહ્યો માટે એને લઈને એ અંતરાત્મા છે એમ નહીં. રાગમાં એકલો પ્રવર્તે છે તે બહિરાત્મા છે અને રાગ હોવા છતાં નિશ્ચય સ્વભાવને આશ્રયે પ્રવર્તે છે, રાગમાં પ્રવર્તતો નથી, રાગને જાણે છે એ અંતરાત્મા છે. આહાહા! અહીં આવશ્યકરૂપી કાર્ય... સ્વદ્રવ્યને આશ્રયે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, સમતા, વંદનાદિ ભાવ એના અભાવમાં તપોધન... લ્યો, પાછો કહ્યો છે તપોધન. બાહ્યક્રિયાકાંડ કરે છે, વ્યવહાર બરાબર છે, વ્યવહાર આચરણ ચરણાનુયોગની અપેક્ષાએ કરે છે તેથી એને તપોધન કહ્યો, પણ છે બહિરાત્મા. લે! છે મિથ્યાદૃષ્ટિ. .... સાધુની ક્રિયા, પંચમહાવ્રતની ક્રિયા—એવી ક્રિયા..... આખો દિ' ક્રિયા ને કરણ..

કરણ...... એમ જેને સ્વાશ્રયનું ભાન નથી... ભાષામાં એને 'તપોધન' કહ્યો અને વળી કહ્યો કે મિથ્યાદૃષ્ટિ છે. વ્યવહારસે હૈ, વ્યવહાર હૈ, પર હૈ મિથ્યાદૃષ્ટિ. આહાહા! ભારે વાત ભાઈ! વ્યવહાર મુનિપણું જે છે.... અહીંયા કહે છે .............. આ સંસાર એવી દશા છે. ...... આહાહા!

અમારા ચોમાસામાં જન્મ હતો તમારો, ૮૦ના ચોમાસામાં. બોટાદના હતાને જન્મ હતો લ્યો. દલીચંદ શેઠ ત્યાં હતા. ......... ૪૮ વર્ષ થયા. આ મગનભાઈ બે વર્ષ મોટા. વ્યાખ્યાન ચાલતું હતું. બહારથી માણસ બોલાવેને. માણસ ઘણું. અપાસરામાં તો માય નહીં. ................... ૮૦ની સાલની વાત છે. ૪૮ વર્ષ થયા. આમ માણસ ......... ......... આહાહા! એના સપના છે આ. આહાહા! એણે માનેલા સ્વપ્ના... આવા અનંતવાર કર્યા, એવા ભવો અનંતવાર કર્યા. જન્મ-મરણના....

ભરવાડની વાત આવે છેને. ભરવાડ બાઈ હતી. બાઈ ભરવાડ નહોતી, બાઈ તો ........... ગૃહસ્થ, રૂપાળી હતી. એ ધણી ને બેય બહાર ગયેલા ફરવા. શંકરનું મંદિર છે ત્યાં બેય ફરવા ગયેલા. ત્યાં રાજા આવ્યો ને મોહ્યો બાઈ ઉપર. એટલે ......... બાઈનું હરણ કર્યું. અહીં ધણી પાછો આવે છે ત્યાં ધણીને ખબર પડી. હવે? અહીં ગામ બહાર.... એ ઉપાડીને બાઈને લઈ ગયા, એકાંતમાં રાખી. ...... એકાંતે રહી. એમાં એનો છોકરો મોટો થઈ ગયેલો વીસ વર્ષનો-બાવીસ વર્ષનો અને આની ઉંમર ચાલીસ વર્ષની.

એમાં એક ફેરી...... તું કોણ છો? ક્યાંનો છો? આહાહા! અરે! હું તો ફલાણાનો દીકરો છું. અરે! તું અહીંયા. બળવા ગઈ નદીને કાંઠે. લાકડા (ભેગા) કર્યા બળવાને ત્યાં પાણી આવ્યું. પાણીમાં તણાણી. પાણીનું દળ આવ્યું એમાં નીકળી ....... જીવતી. એમાં ભરવાડ આવ્યો. અરે! બાયડી તો જીવે છે. લઈ ગયા ઘરે. પછી .... કરી. એનો ધંધો છાશનો વેચવાનો. અધમણ છાશ માથે લઈ વેચવા નીકળી ભરવાડણ અને ઠેબુ વાગ્યું ને પડી હેઠે. માટલું ફૂટી ગયું ને બાઈએ દાંત કાઢ્યા. શેઠિયા દુકાનમાં સામે બેઠેલા. શેઠ કહે, બેન! આ ફૂટી ગઈ ને દાંત કેમ કાઢ્યા તમે? અરે ભાઈ! કોની માંડું? હું રાજા મારી નાખશે એની માંડુ કે ધણી મરી ગયો એની માંડું કે વેશ્યાને ઘરે ગઈ એની વાત કરું? કોની માંડું આમાં? ...... શેઠિયા દુકાને બેઠેલા. ... બજારમાં ફૂટ્યુંને. શેઠિયા કહે, આ શું?

....... એક પુસ્તક આવે છે સજ્જાયમાળાનું. સ્વાધ્યાય મંદિર શું, સજ્જાયમાળા. એમાં આવે છે. સાંભળેલી છે........ કોની માંડુ? બાપુ! મારા ભવ અનંતો થયા એમાં ક્યાં ભવની હું માંડુ આમાં? આવી મારા માથે વીતી છે ભાઈ! શેઠીયાઓ! હું કોનું હવે રોઉં? આહાહા! જન્મ-મરણના ફેરા ફરતાં-ફરતાં આવા અનંતા ભવ કર્યા. એથી મૂકાવાના ઉપાયની વાત ચાલે છે. એ વિના કોઈ દિ' એનો આરો આવે એવો નથી. આહાહા!

**અભેદ-અનુપચાર-રત્નત્રયાત્મક સ્વાત્માનુષ્ઠાનમાં નિયત પરમાવશ્યક-કર્મથી નિરંતર સંયુક્ત એવો જે 'સ્વવશ' નામનો પરમ શ્રમણ તે સર્વોત્કૃષ્ટ અંતરાત્મા છે...** 'અંતરાત્મા' પાઠ છે ખરોને. અંતરાત્મા, ચોથે ગુણસ્થાને સમકિતી તે અંતરાત્મા છે. આહાહા! અને બારમા ગુણસ્થાનવાળો સર્વોત્કૃષ્ટ અંતરાત્મા છે, વચલાવાળા બધા મધ્યમ અંતરાત્મા છે. અહીં તો ખુબી તો એ કહેવી છે કે અભેદ અનુપચાર રત્નત્રયસ્વરૂપ સ્વાત્માનુષ્ઠાન... સ્વ–નિજાત્માનું આચરણ પરમ-આવશ્યક કર્મ અભેદ અનુપચાર રત્નત્રયસ્વરૂપ સ્વાત્મચરણમાં નિયમથી રહેલું છે. એ સ્વાત્મચરણ જ પરમ-આવશ્યક કર્મ છે.

અહો! જીવને આત્માના આનંદને આશ્રયે આચરણ થવું એ જ આવશ્યક કર્મ છે. બાકી બધું ધૂળ-ધાણી ને વા-પાણી છે. આહાહા! સમજાણું કાંઈ? અંતર નિયત સ્વરૂપમાં સ્વાત્માનુષ્ઠાન... કેવું સ્વાત્માનુષ્ઠાન? અભેદ અંતર રત્નત્રયસ્વરૂપ, એમ. આહાહા! અખંડ આનંદમય પ્રભુ એની દૃષ્ટિ, જ્ઞાન ને રમણતા એવું સ્વાત્માનુષ્ઠાન એ આત્માનું આચરણ. નિયત પરમ-આવશ્યક કર્મ... નિશ્ચયથી પરમ-આવશ્યક કર્મ છે. **એવો જે સ્વવશ નામનો પરમ શ્રમણ એ સર્વોત્કૃષ્ટ અંતરાત્મા છે**... અંતરાત્માની બીજી વ્યાખ્યા કરશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**માગશર સુદ-૧૪, મંગળવાર, તા. ૧૯-૧૨-૧૯૭૨**
**ગાથા-૧૪૯, શ્લોક-૨૫૮, પ્રવચન નં. ૧૭૮**

૧૪૯ ગાથા નિયમસારની. નિશ્ચય પરમાવશ્યક (અધિકાર). ટીકા ફરીને લઈએ.

**ટીકા : અહીં, આવશ્યક કર્મના અભાવમાં...** એટલે કે આત્મા શુદ્ધ આનંદસ્વરૂપ એના આશ્રયની ક્રિયા વિનાના **તપોધન બહિરાત્મા હોય છે એમ કહ્યું છે.** ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ આનંદસ્વરૂપ એનો જેને આશ્રયનો અભાવ છે, એનો જેણે અવલંબન ને આશ્રય લીધો નથી અને એકલી ક્રિયાકાંડના આલંબનમાં વર્તે છે, પછી ભલે મહાવ્રતાદિના પરિણામમાં હો, એ બધા બહિરાત્મા છે. અહીંયા તો ચોથા-પાંચમાની થોડી વાત લેશે. પરમાવશ્યક ક્રિયા રહિત હોય તે બહિરાત્મા છે. એનો અર્થ કે ચોથે ગુણસ્થાને પણ એને યોગ્ય આત્મા આનંદસ્વરૂપનો આશ્રય વર્તે છે અને એને યોગ્ય દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધાનો, ભક્તિનો પણ રાગ હોય છે. સમજાણું કાંઈ?

જેને આત્માનો કંઈ આશ્રય નથી ને એકલો વ્યવહાર છે, એ તો બહિરાત્મા, સંસારી પ્રાણી રખડનારો છે. ભગવાન આત્મા ભવ ને ભાવ વિનાનો સ્વભાવ છે. પોતાનો સ્વભાવ કેવો છે? કે ભવ ને ભવના ભાવ અભાવ-સ્વભાવ(રૂપ છે). એવો ભગવાન આત્મા એનું જેને લક્ષ ને આશ્રય નથી અને એકાંત પરનો જ આશ્રય વર્તે છે, પછી ભલે દયા, દાન, વ્રત, ભક્તિ પૂજા આદિમાં હો, પણ એ બહિરાત્મા છે, મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે. **અભેદ...** વસ્તુ ભગવાન આત્મા અનંત અમૃતનો સાગર પ્રભુ છે, એની અભેદ દૃષ્ટિ જેને હોય એ સ્વવશ છે. પૂર્ણ સ્વરૂપ આનંદનું, પૂર્ણ જ્ઞાન ને શાંતિનું, સ્વચ્છતાનું પૂર્ણ સ્વરૂપ આત્મા છે. એવા પૂર્ણને અભેદ કહીએ.

**અભેદ-અનુપચાર...** જેમાં પછી વ્યવહાર ઉપચાર નથી. એકલા અભેદસ્વભાવની દૃષ્ટિ કરી અને એમાં લીન છે એવો **રત્નત્રયાત્મક...** સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર જે ભગવાન આત્માના આશ્રયે પ્રગટેલા છે એ **સ્વાત્માનુષ્ઠાનમાં નિયત પરમાવશ્યક-કર્મથી...** પોતાનો ભગવાન આત્મા એનું આચરણ, સ્વરૂપમાં લીનતા તે એનું આચરણ. એ રૂપ નિશ્ચય પરમ-આવશ્યકરૂપી કાર્ય **નિરંતર સંયુક્ત** છે. નિરંતર સંયુક્ત–સ્વભાવથી સહિત છે. આહાહા! અમૃતસ્વરૂપ ભગવાન, જે આવા સ્વભાવમાં સહિત છે એ સ્વવશ છે. એ સ્વવશ મુક્તિનો સાધક છે. સમજાણું કાંઈ?

**એવો જે 'સ્વવશ' નામનો પરમ શ્રમણ તે સર્વોત્કૃષ્ટ અંતરાત્મા છે...** સર્વોત્કૃષ્ટ એ અંતરાત્મા છે. અહીં બારમા ગુણસ્થાનની વાત લીધી છે. અંતરાત્માના ભેદ પાડવા છેને. **આ મહાત્મા સોળ કષાયોના અભાવ દ્વારા...** ભગવાન આત્માનો એટલો આશ્રય લીધો છે કે જેને

સોળ કષાયનો અભાવ થઈ ગયો છે. **ક્ષીણમોહપદવીને પ્રાપ્ત કરીને સ્થિત છે.** તદ્દન વીતરાગી પર્યાયમાં એ સ્થિત છે. સાધકની ઉત્કૃષ્ટ દશાવાળો એને અહીં ઉત્કૃષ્ટ અંતરાત્મા કહે છે.

**અસંયત સમ્યગ્દષ્ટિ જઘન્ય અંતરાત્મા છે.** ચોથે ગુણસ્થાને ભલે ગૃહસ્થાશ્રમમાં હો, છતાં જઘન્ય અંતરાત્મા એ સમકિતી છે. કેમકે આત્મા પૂર્ણ આનંદસ્વરૂપનો આશ્રય લીધો છે, શરણભૂત ચીજનું શરણ લીધું છે. સમજાણું કાંઈ? એ ભલે અસંયત હો, ચારિત્રનો અભાવ હો, પણ ચોથે ગુણસ્થાને સમ્યગ્દૃષ્ટિ અંતરાત્મા છે. વસ્તુનું સ્વરૂપ પૂર્ણ-આનંદ એને આશ્રયે જેને સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્રનો અંશ પ્રગટ થયો છે. આ ધર્મની જઘન્યદશા અથવા અંતરાત્માની જઘન્યદશા. આહાહા! બાકી બધા હેરાન હેરાન થઈ ગયા છે. પુણ્ય ને પાપના વિકલ્પ–રાગમાં વસતા જેને આત્મવર્તન નથી તેને વિકારી વર્તન છે. એ બહિરાત્મા, બહિર્ એવા વિકલ્પો જે એના સ્વરૂપમાં નથી એને પોતાના માનીને અથવા એમાં વર્તી રહ્યો છે એ મિથ્યાદૃષ્ટિ બહિરાત્મા છે. આહાહા! સમજાણું કાંઈ?

છ ખંડના રાજમાં ચક્રવર્તી દેખાય, ભરતાદિને અંતરાત્માની દશા છે. બ્રહ્મદત્ત આદિને નહીં. તીર્થંકરો, ગણધરો આદિ... સમજાય છે? જ્યાં સુધી કેવળ નથી ત્યાં સુધી એની દશા અંતર સ્વરૂપને આશ્રયે સમ્યગ્દર્શન પ્રગટેલી છે, ઝળહળજ્યોતિ પરમાત્મા પોતે એનો જેને અંતરમાં પર્યાયમાં ભેટો થયો છે, એને ભલે બીજા રાગ-દ્વેષાદિ હો, પણ એમાં એ વર્તતો નથી. આહાહા! પોતાનું સ્વરૂપ આનંદ ને શાંત.. શાંતિ.. શાંતિ.. જેમાં નજર કર્યે શાંતિ વળે એવો ભગવાન આત્મા છે. એની ખબરું નથી જગતને. બહારમાં ગોતાગોત (કરે). ધૂળમાં સુખ છે ને પૈસામાં સુખ છે ને આબરુ, શરીર ઠીક. મરી ગયો છે, મિથ્યાદૃષ્ટિ છે. ચૈતન્યના આનંદને એણે મારી નાખ્યો છે, એટલે કે આનંદ મારામાં નથી, આનંદ અહીંથી છે. આહાહા!

જીવતું આનંદતત્ત્વ.. આ ભગવાન જીવતું આનંદતત્ત્વ છે એનો એણે અનાદર કરી પરમાં સુખ છે એમ માન્યું છે, એ ચૈતન્યના આનંદતત્ત્વનો અનાદર કરનારો હિંસક છે. આહાહા! સમજાણું કાંઈ? પછી ભલે પંચમહાવ્રત આદિના રાગમાં પ્રવર્તતો હોય, પણ એને રાગ વિનાની મારી ચીજ છે (એની ખબર નથી). ભગવાન પૂર્ણ અમૃતથી ભરેલો છે, અમૃતના આનંદથી–અમૃતરૂપી આનંદથી છલોછલ–લબાલબ ભર્યો છે. આહાહા! અરે! જેને એવી ખબરું નથી અને એનો જેને આશ્રય નથી એ એકલા પુણ્ય ને પાપના રાગમાં આસ્રવમાં વર્તે છે, એ બહિરાત્મા મૂઢજીવ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા! સમજાણું કાંઈ?

અને જેને છ ખંડના રાજનો જરી રાગનો વિકલ્પ હો, છન્નું હજાર સ્ત્રીના રાગનો વિકલ્પ હો, છતાં જેના આશ્રયમાં તો ભગવાન આત્મા વર્તે છે, એ રાગનો આશ્રય નથી. એને રાગ લંગડો થઈ ગયો છે એમ કહે છે. જે આત્માના અજ્ઞાનના આધારે જે ઉત્પન્ન થતો... સમજાણું કાંઈ? આ કોની વાત ચાલે છે? અવિરત સમ્યગ્દૃષ્ટિ જઘન્ય અંતરાત્મા. આહાહા! મારું અંતર

સ્વરૂપ... અંતર આત્મા છેને. અંતર આત્મા એટલે પરમાત્મા છે, પણ એનો (થોડો) આશ્રય કર્યો એટલી દશાવાળાને અંતરાત્મા કહીએ. સમજાણું કાંઈ? આહાહા!

જઘન્ય, સમ્યગ્દૃષ્ટિ જઘન્ય અંતરાત્મા છે. ખરેખર તો એને પણ નિશ્ચય ને વ્યવહાર આવશ્યક બેય છે થોડા. સમજાણું કાંઈ? અહીં તો કહે છેને. ભલે વાત શ્રમણની છે. બેયને શ્રમણમાં નાખ્યા છે ૧૪૯ના પાઠમાં. **आवासणएण जुत्तो समणो** અને **आवासयपरिहीणो समणो** આમ વાત છે. સમજાણું કાંઈ? અને પેટામાં જઘન્ય અંતરાત્મા આવશ્યક સહિત આવી જાય છે. પંડિતજી! કારણકે આવશ્યક રહિત બહિરાત્મા છે. ચોથા ગુણસ્થાનવાળો બહિરાત્મા નથી તેથી તેને આવશ્યક સહિતમાં જ નાખ્યો છે. સમજાણું કાંઈ? આહાહા! વ્યવહારનો જેને નિષેધ વર્તે છે અને વસ્તુનો આશ્રય કરી જેને ઉપાદેય વર્તે છે. આહાહા! એ અવિરત સમ્યગ્દૃષ્ટિ જઘન્ય અંતરાત્મા છે. એને આવશ્યક નથી એમ નહીં. આવશ્યક ન હોય તો તો બહિરાત્મા કહ્યો એને. સમજાણું કાંઈ? આહાહા!

**અસંયત સમ્યગ્દૃષ્ટિ જઘન્ય અંતરાત્મા છે. આ બેની મધ્યમાં રહેલા સર્વે મધ્યમ અંતરાત્મા છે.** એટલે કે જે શ્રાવક હોય સાચા પંચમ ગુણસ્થાનવાળા એને પણ આત્માનો આશ્રય વર્તતો હોય છે. ચોથાવાળાને જઘન્યપણે આશ્રય છે, પાંચમાવાળાને એથી ઉત્કૃષ્ટપણે મધ્યમપણે પણ આત્માનો આશ્રય છે. ભગવાનના ભેટા જેને થયા છે. આહાહા! પણ એ આત્મા શું એની મહિમા જગતને આવતી નથી. આહાહા! બીજે ગઈ અહીં પુણ્યમાં ને પુણ્યના ફળમાં, ધૂળમાં કાં પુણ્યના ભાવમાં. પુણ્યનો ભાવ થાયને એમાં ગઈ એની મહિમા. મિથ્યાદૃષ્ટિ છે. આહા! મૂઢ છે, એ જગતમાં રખડવાના બીજડાને સેવનારો છે. આહાહા! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પૂર્ણ આનંદના નાથને જેણે અનુભવમાં લીધો નથી, એના આશ્રય કર્યા નથી, જેમાં શું છે તેની એને મહિમા થઈ નથી. એની મહિમા કાં તો પુણ્યના ફળ તરીકે મળેલી ધૂળ આદિમાં હોય અને કાં એને પાપના ભાવમાં એની મહિમા હોય, કાં દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ એમાં એની મહિમા હોય. એ વિકારની મહિમા કરનારો મૂઢ જીવ અજ્ઞાની છે. આહાહા! અરે! ભગવાન આત્મા પોતે છે એને ભૂલી ગયો. પૂર્ણ આનંદસ્વરૂપ, જ્ઞાયકભાવ, આનંદભાવથી ભરેલો ભગવાન એને ભૂલ્યો, ભગવાનને ભૂલ્યો ને પામરને યાદ કરીને સ્વામીપણે માન્યો એણે. પુણ્ય ને પાપના રાગ એનું સ્વામીપણું-ધણીપણું (માનીને) પોતે ભગવાનનો અનાદર કર્યો છે. પોતાની જાત જેવડી છે એનો એણે અનાદર કર્યો.

અને જેવડી જાત છે તેનો જેણે આદર કર્યો એ અંતરાત્મા છે. આહાહા! આવો છે સમકિતી. વીતરાગ તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમાત્મા કેવળજ્ઞાની અરિહંત આમ ફરમાવે છે. આહાહા! આ તો એમ કહે કે અમે જૈનના ભગત છીએ, જૈન માનનારા છીએ. માને રાગને અને (કહે), જૈનના માનનારા છીએ. પુણ્યની ક્રિયામાં ધર્મ માનનારા એ જૈન નહીં. એય! એ કહે કે

અમે જૈન છીએ. ધૂળેય નથી પરંપરા જૈન. જૈનસંસ્કૃતિ. વ્રત, તપ, દયા, દાન, પૂજા, ભક્તિ, નામસ્મરણ ને જાપ એ બધા ભાવ તો રાગ છે. રાગમાં જે રોકાઈ ગયો અને રાગમાં જે અટક્યો છે અને રાગની જેને મહિમા છે એ જૈન નહીં. આહાહા! સમજાણું કાંઈ?

અને છ ખંડના રાજમાં પદમણી જેવી છન્નું હજાર સ્ત્રીમાં દેખાય, પણ અંતરથી એ નિરાળો છે, સમ્યગ્દૃષ્ટિ અંતરથી નિરાળો છે. અરે! મારી ચીજમાં પૂર્ણ આનંદથી ભરેલું તત્ત્વ છે. અરે! મેં તો હજી અલ્પ દશા પ્રગટ કરી છે. પૂર્ણ દશાની આગળ હું પામર પર્યાયમાં છું, પણ વસ્તુ તરીકે હું પ્રભુ છું. આહાહા! સમજાણું કાંઈ? એ જઘન્ય અંતરાત્મા છે. આત્મા છે, અંતરમાં છે એવો એણે જાણ્યો, અનુભવ્યો છે એ અંતરાત્મા છે. એ ધર્મી છે, એ સુખને પંથે ગયો છે હવે. સમજાણું કાંઈ? આમ થોડુંક સુખ તો ભોગવે છે. આગળ વધીને પૂર્ણ સુખ લેવા (માગે છે). એ વિના એકલા પુણ્ય ને પાપના ભાવમાં જેની પ્રીતિ, રુચિ ને સર્વસ્વ અર્પાઈ ગયો છે, એ દુઃખને પંથે દુઃખી છે વર્તમાન અને દુઃખને પંથે દોરાઈ ગયો છે. સમજાણું કાંઈ? આહાહા! આવા માર્ગ સાંભળવા મળે નહીં જગતને, એ કે દિ' એમાં રુચિ કરે ને કે દિ' એમાં ભ્રમણ કરે? આહાહા!

કહે છે કે અવિરત સમ્યગ્દૃષ્ટિ પણ જઘન્ય અંતરાત્મા છે. આ બેની મધ્યમાં પાંચમેથી અગિયાર સુધી મધ્યમ અંતરાત્મા છે. પાંચમા ગુણસ્થાનથી અગિયાર. બારમા ગુણસ્થાને સર્વોત્કૃષ્ટ અંતરાત્મા છે. બધાય સ્વદ્રવ્યને આશ્રયે રહેલા છે. ભલે સ્થિરતા ઓછી હોય, વધારે હોય, પણ બધા રહ્યા છે સ્વદ્રવ્યને આશ્રયે. આહાહા! પરને આશ્રયે રહ્યા જ નથી. સમજાણું કાંઈ? આવો માર્ગ છે ભાઈ! આહાહા! અહીં તો જરી કાંઈ દયા પાળી, ત્રેવીસ કલાક પાપમાં પડ્યા હોય દુકાન ને ધંધામાં, રળવામાં, ખાવામાં. કલાક વખત મળે એમાં મળે કુગુરુ સામે. તમે આ કરો, શુભભાવ કરો, પુણ્ય કરો, ધર્મ થાશે. એ લૂંટી ગયો આત્માને. આહાહા! આવા મનુષ્યદેહના અવતારમાં જેણે ભવના અભાવનો ભાવ પ્રગટ કર્યો નથી એના ભવ બધા અફળ છે. નિરર્થક છે, ભવ નિરર્થક છે. આહાહા! સમજાણું કાંઈ? અરે! અજાણ્યે અનંતકાળની વાતું ... છે. એ પંથમાં શું થશે એની એને ખબરું ન મળે. સમજાણું કાંઈ? આ પંથ જાણીતો કરીને જે જાશે, એને અલ્પકાળમાં મુક્તિ થાશે. સમજાણું કાંઈ? પોપટભાઈ! આવું છે આ.

**નિશ્ચય અને વ્યવહાર એ બે નયોથી પ્રણીત...** ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરદેવે, નિશ્ચય નામ સ્વાશ્રિત આવશ્યક ક્રિયા અને વ્યવહાર પરાશ્રિત થોડી શુભ આદિના ભાવની ક્રિયા—બે નયોથી કહેલું જે પરમ-આવશ્યક ક્રિયા... જોયું! નિશ્ચય-વ્યવહાર બેયને પરમ આવશ્યક ક્રિયા કીધી. પરમ-આવશ્યક જે સ્વભાવને આશ્રયે થયો એ તો પરમ-આવશ્યક છે જ, પણ એને પરાશ્રિત દયા, દાન, ભક્તિ પૂજાનો ભાવ આવે છે એનો પરમ-આવશ્યકનો આરોપ, આનો (આરોપ) ત્યાં આપીને એને વ્યવહારે પરમ-આવશ્યક કહ્યો છે. આહાહા!

ભગવાન ત્રિલોકનાથે બે નયથી કહેલા... નિશ્ચયનયથી સ્વાશ્રિત ક્રિયા, વ્યવહારથી પરાશ્રિત ક્રિયા (એટલે) ભૂમિકાને યોગ્ય શુભભાવ. આહાહા! કહેલો **જે પરમ-આવશ્યક ક્રિયા તેનાથી જે રહિત હોય તે બહિરાત્મા છે.** એનો અર્થ થયો કે ચોથે ગુણસ્થાને એનાથી રહિત નથી, સહિત છે. સમજાણું કાંઈ? શું કીધું એ?

આ સાધુની વાત છે, પણ પોતામાં આવશ્યક-ક્રિયા રહિત બહિરાત્મા કીધો... જેને નથી નિશ્ચયનો આશ્રય અને એ સહિત જેને નથી વ્યવહારનો રાગ, એને મિથ્યાદૃષ્ટિ કહ્યો છે. સમ્યગ્દૃષ્ટિને અંતરાત્મા તો કહ્યો માથે. અંતરાત્મા બેય આવશ્યકની ક્રિયાથી રહિત નથી. કંઈક સહિત છે. એમ આવ્યુંને ભાઈ! આહાહા! ઓહોહો! નિશ્ચય સ્વભાવ ભગવાન આત્મા એનો આશ્રય લઈને નિશ્ચય અમૃતદશા સમ્યગ્દર્શન ને સ્વરૂપની સ્થિરતાનો ભાવ પ્રગટ્યો છે એટલું તો એને નિશ્ચય-આવશ્યક કર્મ છે, અને એને દેવ-ગુરુ-શાસ્ત્રનો ભક્તિ, શ્રદ્ધા આદિનો ભાવ છે એ વ્યવહાર આવશ્યક છે. પાંચમા ગુણસ્થાનમાં પણ છ આવશ્યક કહ્યાને વ્યવહારના દેવપૂજા આદિ. એમ નિશ્ચયથી સાચા શ્રાવકને અંતર આશ્રય વર્તવાપૂર્વક આવા છ આવશ્યક વિકલ્પના કહ્યા છે એ વ્યવહાર છે. આહાહા! એકલા છ આવશ્યક હોય વ્યવહારના, એ વ્યવહાર જ નથી. આહાહા! સમજાણું કાંઈ?

એકવાર તો સંસારના ઉદયભાવથી મરી જવું જોઈએ. સમજાણું કાંઈ? ઉદયભાવ હોં. બાહ્યની ચીજું તો ક્યાંય રહી ગઈ. એ તો ધૂળ ને બહાર જેને કારણે વર્તી રહી હોય. એને કાંઈ સંબંધ ન મળે. એનામાં જે ઉદયભાવનો ભાગ વર્તે છે એનાથી એકવાર મરી જવું જોઈએ. એ જ્યાં જીવતો રાખે છે ત્યાં સુધી બહિરાત્મા છે એમ કહે છે. સમજાણું કાંઈ? સુજાનમલજી! જીવતો જાગતો ભગવાનને રાખ, ઉદયભાવને મારી નાખ. પછી (રાગ) થોડો રહેશે, પણ લંગડો રહેશે. એ જ્ઞેય તરીકે રહેશે, પોતા તરીકે નહીં રહે. આહાહા! ભારે કામ ભાઈ! અરે! જે કરવું જોઈએ એ કર્યું નહીં અને નહીં કરવાના કરીને જિંદગીયું પૂરી થઈ જાય. આહાહા!

પણ મારી બહારની દશા શું? અરે! મીઠાશ..... મોટો કહે, જુવાન શરીર કુણું, કંઈક પાંચ-પચ્ચીસ લાખ રળવા શીખ્યો અને જરીક સગાવહાલાએ મોટો ઠરાવ્યો અને આપણા કુટુંબમાં કર્મી પાક્યો. એમ કહે બધા ભેગા થઈને. પાપી પાક્યો એમ કહે. આમ સીધો 'પાપી' શબ્દ ન કહે. કર્મી પાક્યો ઘરમાં, તો ઓલો સમજે કે રતન પાક્યો. આ તો કર્મરૂપી પુણ્ય-પાપના કરનારો કૂવામાં જાગ્યો અને અમને કૂવામાં લઈ જાય. આહાહા! ત્રણ લોકનો નાથ આત્મા જેની એક સમયની ઋદ્ધિમાં, જેને સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક (જણાય), જગતની બધી ઋદ્ધિઓ (અને) કેવળજ્ઞાનની ઋદ્ધિઓ પણ એમાં સમાઈ જાય. આહાહા! અનંતા કેવળજ્ઞાનની ઋદ્ધિ પણ આત્માની એક સમયની જ્ઞાનની ઋદ્ધિમાં સમાઈ જાય છે. આહાહા!

અહીં તે શું, આ બહારને દેખે છેને. માને ભલે, માને તો મિથ્યા અજ્ઞાન છે. બાકી તો બીજી ચીજ છે તો દેખે છે, બસ એટલું. પછી 'આ મારું' એ ભ્રમ છે અજ્ઞાન. એ ભ્રમ જેને ગયો એને જઘન્ય અંતરાત્મા કહે છે અહીં તો. આહાહા! રાગ પણ મારો નથી અને જ્યાં હું છું ત્યાં બસ પૂર્ણ આનંદનો નાથ પોતે બિરાજે છે આત્મા. એને મમ્ કરીને મારો માને છે અને એમાંથી મમ્ ખાવામાં આનંદ(રૂપી) મમ્ લે છે. કહો, સમજાણું કાંઈ? આહાહા! ધર્મીનું ભોજન તો અંતરના આનંદનું હોય છે એમ કહે છે. આહાહા! આ મમ્ નથી કહેતા છોકરાને? મમ્ લે મમ્. આ મમ્ છે. આહાહા! ધર્મની પહેલી દશા પ્રગટ થતાં આમ હોય છે એમ કહેવું છે અહીં. આહાહા! જઘન્ય અંતરાત્મા.

કહે છે કે એવા બધા આત્માઓને... બારમા ગુણસ્થાનમાં તો જરી અપૂર્ણતા છેને એ અપેક્ષાએ ત્યાં વ્યવહાર ભલે હો. બારમા ગુણસ્થાન સુધી વ્યવહારનય ગણ્યો છેને. છેને એટલો... રાગ નથી, પણ અંદર કંપન છે, ગુણસ્થાન છે, અપૂર્ણતા છે—એવો વ્યવહારનો ભાવ હો. નિશ્ચય તો સ્વના આશ્રયે છે. સમકિતમાં પણ–ધર્મની પહેલી દશામાં પણ ભગવાન આત્માનો આશ્રય–અવલંબન છે એટલો એ પરમાત્માનો સ્વીકારનાર અંતરાત્મા છે. પોતાનું પરમાત્મસ્વરૂપ એને સ્વીકારનાર અંતરાત્મા છે. અને આગળ વધીને થોડો વિશેષ ઉગ્ર આશ્રય થયો તેમ તેમ અંતરાત્માની શુદ્ધિ વધતી ગઈ, એને મધ્યમ અંતરાત્મા કહે છે, અગિયાર (ગુણસ્થાન) સુધી. બારમામાં ઉત્કૃષ્ટ અંતરાત્મા છે. આહાહા! આ સિવાયના, એ ક્રિયા રહિત હોય તે બહિરાત્મા છે. આહાહા!

સજ્જાયમાં એક આવે છે. ઘણા વખતથી વાંચતાને પહેલાં. 'હોંશીડા મત હોંશ ન કીજે..' એવી એક સજ્જાય હતી. દુકાન ઉપર વાંચતાં બધું. ચોપડી..... 'હોંશીડા મત હોંશ ન કીજે..' ભાઈ! તું બહારમાં હોંશ ન કર. હોંશ કરવાલાયક જે આત્મા છે ત્યાં જાને. અને પરમાં હોંશ કરીશ તો પ્રતિકૂળતામાં તને ખેદ થયા વિના રહેશે નહીં. આહાહા! સમજાણું કાંઈ? અનુકૂળતામાં હોંશ, એટલી પ્રતિકૂળતામાં ખેદ. અનુકૂળતામાં જેટલો રાગ વેદાશે તેટલો જ પ્રતિકૂળતામાં દ્વેષ વેદાશે. આહાહા! ખંડ-ખંડ કરી નાખ્યુંને. અખંડ ભગવાન આત્મા એની દૃષ્ટિમાં ભલે જઘન્યપણે–થોડાપણે (સ્થિરતા) હોય તોપણ એ સુખનો ભોક્તા છે, એ સુખી છે. નિર્ધન હો, અરે! સાતમી નરકનો નારકી હો, પણ સમકિતી છે એ સુખી છે. આહાહા!

જેને પાણીનો બિંદુ નહીં, આહારનો કણ નહીં, સુવાને ઓટલો નહીં, ઓઢવાને કપડું નહીં. આહાહા! પણ જેણે આત્મા ભગવાન પૂર્ણાનંદનો નાથનો આશ્રય કર્યો છે એ અંતરાત્મા છે. પરમાત્માનું સ્વરૂપ–પોતાનું પરમાત્માસ્વરૂપ એણે સ્વીકાર્યું છે. સુખી છે એ. અને છન્નું હજાર સ્ત્રીના વૃંદમાં, છ ખંડના રાજમાં પડ્યો હોય એ દુઃખી છે. 'એ મારા અને હું એનો' એવી માન્યતામાં એ કષાયની અગ્નિથી ઝળહળી રહ્યો છે. કષાયની અગ્નિથી બળી રહ્યો છે એ.

આહાહા! સમજાણું કાંઈ? આવું સ્વરૂપ છે. આવું વાંચવા ઘરે ક્યાં નવરા હોય? બાબુભાઈ! ધંધા આડે નવરાશ ન મળે. આ ગાથામાં કેટલું ભર્યું છે! પુસ્તક તો રાખ્યું છેને. નિયમસાર તો છે કે નહીં? છે તો ખરું. ... વાંચતા હશે કાંઈક. આહાહા! ઘરના નિધાન બતાવનારું આ શાસ્ત્ર છે. ભાઈ! તારે ઘરે નિધાન છેને.

અમારે બોટાદમાં... ઓલા શાસ્ત્રમાં આવે ખરુંને. વનસ્પતિ ઉગે વેલો. ઉગવાનો એનો .... છેને, એટલે જ્યાં એટલામાં ક્યાંય નિધાન હોય ત્યાં વેલો ચાલે. વેલો.. લતા.. લતા હોયને વેલો. શાસ્ત્રમાં એવો લેખ છે. અવ્યક્તપણે પણ જ્યાં નિધાન હોયને એ બાજુ વેલો જાય. એવું સાંભળેલું વ્યાખ્યાનમાં. અમારે મણિભાઈ હતા, મણિલાલ રાયચંદ ગાંધી. પછી ઘરમાં વાવ્યો વેલો અને વેલ જેની કોર ચાલી ત્યાં ખોદ્યું. ત્યાં ક્યાં હતું? ક્યાંક તો ચાલેને. જે બાજુ ભીંત હોય ત્યાં વાવ્યો હોય ખૂણે તો ક્યાંક તો ચાલેને. ઘર ખોદ્યું આખું. માણેકલાલ છેને... છોટાભાઈ. પ્રેમ બહુ હતો મણિભાઈને માણેકલાલ ઉપર. એને ખબર પડી કે બાપાએ આમ કર્યું છે. ધૂળેય ન નીકળ્યું કાંઈ. આહાહા! ........ આહાહા! જગતની મમતા.

આ નિધાન અહીં પડ્યું ત્યાં તો નજર કરતો નથી. આહાહા! અરે! નિર્ધન થઈને નિધાનને જોવે નહીં, એ નિર્ધન થઈને રખડે ચાર ગતિમાં. કહે છે... આહાહા! કેવું નાખ્યું છે! જેને સ્વાશ્રય ક્રિયા અંશે પણ નથી અને જેને એ સંબંધ સહિત–નિશ્ચય સહિત કંઈક વ્યવહાર આદિ દયા, દાન ભક્તિનો વિકલ્પ પણ નથી, તે બધા બહિરાત્મા છે. એ બહાર ગોતવા જાય છે આત્માને. સમજાણું કાંઈ?

**શ્રી માર્ગપ્રકાશમાં પણ (બે શ્લોક દ્વારા) કહ્યું છે કે...** માર્ગપ્રકાશ બરાબર છેને? નહીંતર તો રયણસારમાં પણ શ્લોક આવે છે. રયણસારમાંય આવે છે.

**बहिरात्मान्तरात्मेति स्यादन्यसमयो द्विधा।**
**बहिरात्मानयोर्देहकरणाद्युदितात्मधी: ॥**

**શ્લોકાર્થ : અન્યસમય (અર્થાત્ પરમાત્મા સિવાયના જીવો)...** સર્વજ્ઞ પરમાત્મા જે આત્મામાંથી પરમાત્મા થયા એ પરમાત્મસ્વરૂપ ભગવાન આત્મા સિવાય **બહિરાત્મા અને અંતરાત્મા એમ બે પ્રકારે** અન્ય સમયમાં કહેવામાં આવ્યા છે. કારણ કે બહિરાત્મા તો અન્યસમયમાં છે, પણ હજી અંતરાત્માને પૂર્ણ નિર્મળતા પ્રગટ થઈ નથી. સમજાણું કાંઈ? આહાહા! એટલી બહિરમાં હજી સ્થિરતા છે. પોતાપણું ભલે નથી. સમજાણું કાંઈ? અંતરાત્મા ધર્માત્માને રાગાદિભાવ છે એટલી અસ્થિરતા છે. રાગ મારો છે એમ બુદ્ધિ નથી, પણ એટલી અસ્થિરતા છે એટલો એને અન્યસમયમાં–રાગમાં રહ્યો છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

આરે, ધર્મની કથા જુદી જાતની. મૂલચંદભાઈ! ઓલું તો છકાયની દયા પાળો લ્યો. વીરચંદભાઈ આવતા..... આ કાનજીભાઈ... પોષા કરો, હંમેશા પોષા કરો ચાલો. આઠમ... ૭૧ના ચોમાસું....... ૭૪માં........ ૭૪માં ગુજરી ગયા. .... ખબર છેને. ગઢડામાં હતું ત્યારે. તે દિ' અમે ગઢડામાં હતા. ..... એક રાતમાં એની મા ને બાપ ગુજરી ગયા, એક રાતમાં બેય ભેગા. બે-ચાર કલાકના આંતરે. આ વીરચંદભાઈની બા.... સવારે બે ઠાઠડી ભેગી કાઢી. ....... આહાહા! દેહનો છૂટવાનો કાળ જે...... નાની ઉંમરનો હતો ૩૮ વર્ષ. ................ આહાહા!

ઓહોહો! એક ક્ષણમાં. પણ આત્મા ને આને સંબંધ શું? આ તો જડ છે, માટી છે. જુદું માને નહીં તોય જુદો છે એ તો. આ તો રજકણ છે જડ. જડપણે થઈને શરીર રહ્યું છે. ભગવાન આત્મા તો અરૂપી થઈને રહ્યો છે. એ અરૂપી રૂપી થઈને રહ્યો છે? એ રૂપી અરૂપી થઈને રહ્યું છે? પ્રત્યક્ષ ભિન્ન છે. કહે છે કે જેણે એને પોતાનું માન્યું એ બહિરાત્મા છે. જેણે એવું પોતાનું માન્યું નથી, પણ જેમાં હજી રાગની આસક્તિનો રાગભાગ પડ્યો છે એને પણ પરમાત્મા સિવાયના અન્યસમયમાં નાખ્યા છે. અન્યસમય (એટલે) પરમાત્મા સિવાયના જીવો, એમ. બહિરાત્મા ને અંતરાત્મા એમ બે પ્રકારે છે.

**તેમાં બહિરાત્મા દેહ-ઇન્દ્રિય વગેરેમાં આત્મબુદ્ધિવાળો હોય છે.** જુઓ! આવ્યું. દેહ ને ઇન્દ્રિય મારી, ઇન્દ્રિયમાં કાંઈ ખોટ આવે તો મને ખોટ આવી, હું આંધળો થયો, આંખ્યું મારી ગઈ, કાન મારા ગયા. એ તો જડ છે. દેહ ને ઇન્દ્રિયોમાં... વગેરે છેને પછી, એ વગેરેમાં રાગાદિ બધું આવી ગયું. આહાહા! દેહ, પાંચ જડ-ઇન્દ્રિયો, ખંડ-ઇન્દ્રિય અને પુણ્ય ને પાપના રાગ એમાં જેની આત્મબુદ્ધિ છે (અને) એ આત્મા છે એમ માનનારા મિથ્યાદૃષ્ટિ પાખંડ મૂઢ છે. એ ચોરાશીના ફેરામાં ફરવા માટે જવાના છે. કહો, સમજાણું આમાં? આહાહા! અરે! એને ટાણા આવ્યા ત્યારે કર્યું નહીં. ટાણા ગયા પછી હાય! હાય!

બીજાની ભાષા તમારી એવી છેને, એ સમજતા નથી. ચૌદમા ગુણસ્થાન સુધી અન્યસમય કહ્યો જ નથી. બારમા સુધી ... કહ્યો છે. ઓલો કહેતો હતો. તે દિ' તમે વાત કરી હતી. વિદ્યાનંદજી. વિદ્યાનંદજી ને? દિલ્હીમાં, નહીં? સિદ્ધ પરમાત્મા એ સ્વસમય. ચૌદમા સુધી પરસમય. ખોટું છે ભાઈ! ઓલો જિનેન્દ્ર હતો એણે કીધું થોડું. એ તો કોઈ અપેક્ષાએ હશે. માળા આવા ને આવા. એ તો પરમાત્મા છે. એ તો ... છે ને ત્રણ કાળ, ત્રણ લોકનું જ્ઞાન છે. દર્શન..... આહાહા! વિદ્યાનંદી કહે. બ્રાહ્મણ હતા, ....... ......... પહેલા કહ્યું, વાહ! બઢીયા વ્યાખ્યાન. કોણ જાણે શું છે...? આવાને જગતથી માન મળે.... ........ આકરું છે.

બહિરાત્મા એને કહીએ, બહિર્—જે આત્માના સ્વભાવમાં નથી એવા પુણ્ય ને પાપના ભાવ, દેહ, ઇન્દ્રિય, લક્ષ્મી, સ્ત્રી, કુટુંબ-પરિવાર વિગેરે, એ મારા છે એમ માનનારા આત્મબુદ્ધિ... એમાં કહી ગયા એ હું છું. મારાપણું માન્યું એમાં, એ બહિરાત્મા અજ્ઞાની મૂઢ જીવ છે. આહાહા!

એ ચોરાશીના ચકરાવામાં રખડનારો છે. સમજાણું કાંઈ? બહિરાત્મા... અંતરાત્મા ને બહિરાત્મા—બેને નાખ્યા અન્યસમયમાં. સમજાણું? પછી એમાં પણ બહિરાત્મા એમ ચોખ્ખું એમાંથી કાઢી નાખ્યું પાછું. પેલાથી–અંતરાત્માથી જુદું પાડવું છેને. દેહ, ઇન્દ્રિય જડ માટી... ભાવેન્દ્રિય આવી ગઈ બધું અંદર ખંડખંડ. પુણ્ય ને પાપનો વિકલ્પ–રાગ એમાં આત્મબુદ્ધિ એટલે કે આત્મા જ્ઞાયકસ્વભાવ છે એ સિવાયનો ભાવ એ આત્મબુદ્ધિવાળો હોય છે, એ મારા છે એવી બુદ્ધિવાળો હોય છે એ મોટું પાપને સેવનારો પાખંડી બહિરાત્મા છે. આહાહા!

આ પાપને એની ખબર નથી. કોઈક મરી જાય તો ... થાય પાપનું. પણ આમાં કેમ તું મરી ગયો એની તને ખબર છે? જીવિયાઓ વવરોવિયાઓ તસ્સ મિચ્છામિ દુક્કડમ્. આવે છેને ઇરિયાવહીયામાં. ગાડું હાંક્યે જાય ગડિયો. અર્થની ખબર ન મળે કાંઈ, ભાવની ખબર ન હોય. આ તો જીવિયા (એટલે) બહારના જીવની અહીં વાત નથી. આ તો અંતરનું જીવન જેનું જ્ઞાન ને આનંદનું જીવનવાળો જીવ છે, એનો જેણે અનાદર કરીને રાગાદિ, ઇન્દ્રિય આદિને મારા માન્યા એણે જીવની હિંસા કરી છે. પોતાની હિંસા કરી છે. પોતાને જીવતો રાખ્યો નહીં. હું નહીં, હું નહીં. હું આ. સમજાણું કાંઈ? શિવલાલભાઈ! શું હશે માળું આવું? આહાહા!

જેમાં આત્માપણું નથી એમાં આત્મબુદ્ધિ એનું નામ બહિરાત્મા. જે આત્માપણું છે એ તો આનંદ ને જ્ઞાયકપણું તે આત્માપણું છે. આત્મા અને એનો જે આનંદ આદિ સ્વભાવ એ આત્મપણું છે, એમાં આત્મા છે. પણ પુણ્ય ને પાપ, રાગ, શરીર, ઇન્દ્રિય, વાણી, પૈસો, ધૂળ એમાં આત્મા છે નહીં. એ આત્મા નથી એને આત્મા મારો (માનવો), આ હું છું—એવી બુદ્ધિએ અંતરાત્માનો નાશ કરી બહિરાત્મપણું પ્રગટ કર્યું. બીજો શ્લોક.

**जघन्यमध्यमोत्कृष्टभेदादविरतः सुदृक्।**
**प्रथमः क्षीणमोहोन्त्यो मध्यमो मध्यमस्तयोः॥**

**શ્લોકાર્થ : અંતરાત્માના જઘન્ય...** ચોથા ગુણસ્થાનવાળો સમકિતી જઘન્ય અંતરાત્મા, પાંચમેથી અગિયાર **મધ્યમ** અંતરાત્મા **અને** બારમેથી **ઉત્કૃષ્ટ એવા (ત્રણ) ભેદો છે; અવિરત સમ્યગ્દૃષ્ટિ તે પહેલો (જઘન્ય) અંતરાત્મા છે...** આ કહેવાઈ ગયું હમણાં એ. **ક્ષીણમોહ તે છેલ્લો (ઉત્કૃષ્ટ) અંતરાત્મા છે અને તે બેની મધ્યમાં રહેલો તે મધ્યમ અંતરાત્મા છે.** એ ખુલાસો કર્યો છે પાછો.

**વળી (આ ૧૪૯મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :–**

**योगी नित्यं सहजपरमावश्यकर्मप्रयुक्तः**
**संसारोत्थप्रबलसुखदुःखाटवीदूरवर्ती ।**
**तस्मात्सोऽयं भवति नितरामन्तरात्मात्मनिष्ठः**
**स्वात्मभ्रष्टो भवति बहिरात्मा बहिस्तत्त्वनिष्ठः॥२५८॥**

શ્રીમદ્માં એક આવે છે કે 'આખો દિ' તમે આ છકાયની દયા પાળો, વ્રત, તપ ને એ બહુ કહ્યું, પણ આજ હવે સમકિતની તો વાત કરો.' એ તો બધી માંડી છે બહુ અનાદિથી. એવું આવે છે એમાં. સાધુ જાય ત્યાં વાતું આમ કરે કે વ્રત પાળો, આ કરો, આ કરો, આ કરો, તપસ્યા કરો, અપવાસ કરો, ફલાણાના અપવાસ એમ નામ આવેને જુદી જુદી જાતના. હવે આજ સમકિતની તો વાત કરો. આ તો બધું સાંભળ્યું અમે ઘણા વખતથી. પોપટભાઈ! એવું આવે છે એમાં. આ તો માંડી તમે ઘણા વર્ષથી, પણ આજ આત્માને સમ્યગ્દર્શન–ધર્મ કેમ થાય એ વાત પહેલી કરોને. એના વિના બધા તારા થોથેથોથા છે. આહાહા! મૂળ વાત પડી રહી ને ડાંખળે ને પાંદડે પાણી પાયા. મૂળમાં પાણી પાવા જોઈએ તો પાણી ચડે બધે. પાણી ચોપડવાનું પાન ને પાંદડે. એ તરત સુકાઈ જશે, અંદર નહીં જાય પાણી.

એમ આત્મા અંતર અખંડાનંદ પ્રભુ શુદ્ધ ચૈતન્યઘનના અનુભવ ને પ્રતીત વિના એકલા દયા, દાન, વ્રતના પાંદડે પોષવા માંડ્યો, એ નહીં પોષાય આત્મા. એને પોતાના માનવામાં અજ્ઞાનદશા છે. આહાહા! ભારે આવું સ્વરૂપ. આવો વીતરાગમાર્ગ હશે? છ કાયની દયા, એગિન્દિયા, બેઇન્દિયા, ત્રિન્દિયા, ચૌઇન્દિયા, પંચેન્દિયા...... આવે છે કે નહીં ઇચ્છામિ પડિકમણામાં? કાંઈ સમજવું? તાવ ઠાવ કાય ઠાણેણં, મોણેણં, જાણેણં, તસ્સઉતરી કરણેણં... આહાહા! એનો અર્થ ન કરે. તસ્સઉતરી કરણેણં આવે છેને પ્રાયશ્ચિત્તમાં. વિસલ્લીકરણેણં.. 'વિસલ્લીકરણેણં' એનો અર્થ સમજે નહીં. ધૂળેય સમજે નહીં. મિથ્યાત્વરૂપી શલ્યને ટાળવા માટે આત્માનું શું સ્વરૂપ છે એને જાણવું જોઈએ. સમજાણું કાંઈ? ઇચ્છામિ પડિકમણું કર્યું હતું કે નહીં પહેલા? પહેલાનું હોયને...... આહાહા!

**શ્લોકાર્થ : યોગી...** યોગી એટલે આત્માના શુદ્ધ આનંદસ્વરૂપમાં જોડાણ કરનાર–યોગ કરનાર યોગી. યોગી એટલે ઓલા બાવા ને જોગી એ યોગી નહીં અહીં. આત્મા પૂર્ણાનંદનો નાથ અખંડ-આનંદ સહિત એમાં જેણે વર્તમાન જ્ઞાનની દશાને જોડી દીધી છે, એવો યોગ કરનાર તે યોગી. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિ પણ જઘન્ય યોગી છે. આહાહા! **યોગી સદા સહજ પરમ આવશ્યક કર્મથી યુક્ત રહેતો થકો...** જુઓ! ભગવાન આનંદસ્વરૂપનો આશ્રય નિરંતર એને વર્તે છે. તે **સદા સહજ પરમ આવશ્યક**, એમ. સ્વભાવનો આશ્રય થઈને જે વીતરાગી નિર્મળદશા થવી એ સ્વભાવિક પરમ-આવશ્યક કાર્ય છે. આહાહા! સમજાણું કાંઈ?

હજી તો શું કહે છે એ એને પકડાવું કઠણ પડે. 'લોગસ્સ ઉજ્જોયગરે ધમ્મતિત્થયરે' કરી ને 'કરેમિ ભંતે' થઈ ગઈ સામાયિક. નમોત્થુણં કરીને બેઠા. બે ઘડી ણમો અરિહંતાણં.. ણમો અરિહંતાણં.. થઈ ગઈ સામાયિક. અરે! સામાયિકના મોઢા જુદી જાતના છે, ભાઈ! તને ખબર નથી. એક સમયની સામાયિક જન્મ-મરણનો અંત લાવે. એ સામાયિક આ કે અંતર

ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ તરફ દૃષ્ટિ કરી અને સમતાના પરિણામ પ્રગટ કરવા એનું નામ સામાયિક છે. સમજાણું કાંઈ?

કહે છે કે **સદા સહજ પરમ આવશ્યક...** ઓલો વિકલ્પ છે એ વ્યવહાર આવશ્યક છે. આ સ્વભાવિક પરમ આવશ્યક છે. એવું આવશ્યક એટલે કાર્ય, કર્મ એટલે કાર્ય. આત્મા પૂર્ણ આનંદ ને જ્ઞાનનો સાગર એનો આશ્રય લઈને જે નિર્મળદશા પ્રગટ થાય, તેને જીવનું જરૂરિયાત કાર્ય કહેવામાં આવે છે. આમ નથી કહેતા? હમણાં અમારે જરૂરિયાત છે આ કામની, એટલે હમણાં હું એમાં રોકાયેલો છો. એમ વાતું કરે નવરા. મરવાય નવરાશ નથી, વળી એમ કહે. મરવા પડીશ તો પડીશ ખાટલે ... કરીને. નવરાશ નથી, શું કહે છે? એમ કહે છે, મરવાની નવરાશ નથી. હમણાં મોસમ છે. શેની? રળવાની. ભાઈ કહેતો શાંતિ. નરોત્તમનો શાંતિ, નહીં? નરોત્તમ ત્રિકમજી વાવડીવાળા. છેને મુંબઈ ઓલો શાંતિ. એક ફેરી આવ્યો હતો. હમણાં રળવાની મોસમ છે... આહાહા! પાપ કરવાની એને મોસમ છે. હમણાં આવ્યો હતો, અડધો કલાક રહ્યો હતો. ....... ......... દવાખાનું કરવું છેને. એક દિ' આવ્યો હતો....... આહાહા! ભારે પણ, મારી નાખ્યા છે જગતને. શું થાય? એ પોતે મારી નાખે છે કે બીજા મારે છે?

ધર્મી મુનિ તો કહે છે કે સદા પોતાના સ્વભાવિક પરમ આવશ્યકરૂપી કાર્ય જે નિર્દોષ વીતરાગી સ્વભાવથી **યુક્ત રહેતો થકો...** એના સહિત રહેતો થકો... **સંસારજનિત પ્રબળ સુખદુઃખરૂપી અટવીથી દૂરવર્તી હોય છે.** આહાહા! સંસારથી ઉત્પન્ન થયેલી પ્રબળ સુખ-દુઃખરૂપ અટવી. આહાહા! સુખ-દુઃખની કલ્પના એવી જે અટવી, એનાથી મુનિ ધર્માત્મા દૂરવર્તી હોય છે. ઓલાથી સહિત હોય છે, આનાથી દૂરવર્તી હોય છે. અસ્તિ-નાસ્તિ કરી છે. પોતાનો ભગવાન આત્માના આશ્રયની ક્રિયા સહિત હોય છે અને સંસારજનિત પ્રબળ સુખ-દુઃખરૂપી અટવીથી દૂરવર્તી હોય છે.

**તેથી તે યોગી અત્યંત આત્મનિષ્ઠ અંતરાત્મા છે...** અત્યંત આત્મનિષ્ઠ... સમકિતી આત્મનિષ્ઠ છે, પણ હજી જઘન્યપણે છે. મુનિ છે તે અત્યંત આત્મનિષ્ઠ છે. આત્માની અંદર સ્થિરતામાં વિશેષ છે એ. **જે સ્વાત્માથી ભ્રષ્ટ હોય...** અરે! ભગવાન આત્મા પોતાનો આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ, પૂર્ણસ્વરૂપ એનાથી ચ્યુત થઈ ગયો છે **તે બહિઃતત્ત્વનિષ્ઠ...** રાગાદિમાં સ્થિત બહિઃતત્ત્વસ્થિત, એમ. ઓલો આત્મનિષ્ઠ અંતરાત્મા, બહિઃતત્ત્વનિષ્ઠ બહિરાત્મા—આમ બે. **બહિઃતત્ત્વનિષ્ઠ (બાહ્યતત્ત્વમાં લીન) બહિરાત્મા છે.** આહા! બહુ ટૂંકી વ્યાખ્યા. ભગવાન આત્માની અંતરમાં જે એકાગ્ર છે એ અંતરાત્મા છે અને રાગ ને પુણ્ય આદિમાં એકાગ્રતા છે એ બહિરાત્મા છે. ત્યાં ... થઈને પડ્યો છે. એક સંસારને રખડવાને માર્ગે છે અને એક મોક્ષને માર્ગે છે. જ્યાં ઠીક પડે ત્યાં જાઓ, એમ કહે છે. વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## માગશર વદ-૧, ગુરુવાર, તા. ૨૧-૧૨-૧૯૭૨
## ગાથા-૧૫૦, પ્રવચન નં. ૧૭૯

નિયમસાર (અર્થાત્) નિશ્ચયથી કરવાલાયક જે આવશ્યક ચીજ છે એ અધિકાર છે. આ ગાથા તો બહુ–એકલો સાર છે. ૧૫૦.

**अंतरबाहिरजप्पे जो वट्टइ सो हवेइ बहिरप्पा ।**
**जप्पेसु जो ण वट्टइ सो उच्चइ अंतरंगप्पा ॥ १५० ॥**
**જે બાહ્ય-અંતર જલ્પમાં વર્તે, અરે! બહિરાત્મ છે;**
**જલ્પો વિષે વર્તે નહીં, તે અંતરાત્મા જીવ છે. ૧૫૦.**

પહેલો તો એનો શબ્દાર્થ છે. શબ્દાર્થ લઈએ. અન્વયાર્થ છેને.

**અન્વયાર્થ : જે અંતર્બાહ્ય જલ્પમાં વર્તે છે, તે બહિરાત્મા છે; જે જલ્પોમાં વર્તતો નથી, તે અંતરાત્મા કહેવાય છે.** કહે છે કે અંતરમાં રાગાદિ અને બાહ્યમાં વાણી આદિ થાય, એમાં જે વર્તે...... સમજાણું કાંઈ? જે કાંઈ પુણ્ય ને પાપના રાગ થાય અને બાહ્યની ક્રિયાઓ ખાવું, પીવું આદિની થાય, એમાં જે વર્તે છે એ મિથ્યાદૃષ્ટિ બહિરાત્મા છે. સમજાય છે કાંઈ? આત્મા જે આનંદ ને જ્ઞાનસ્વરૂપી પ્રભુ છે એનાથી વિરુદ્ધભાવ પુણ્ય ને પાપ, ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ હો કે ચાહે તો હિંસા, જૂઠું ચોરી આદિનો ભાવ હો કે મનમાં સત્કારાદિનો ભાવ હોય—એ બધામાં વર્તનારો અધર્મમાં વર્તે છે. સમજાણું કાંઈ? વર્તનારો એમાં વર્તે છેને રાગમાં. ચાહે તો પુણ્ય-પાપનો ભાવ હો, ચાહે તો .... ખાવા-પીવાની જે વૃત્તિઓ છે અંતર્જલ્પરૂપ ભાવ—એમાં વર્તે છે, એમાં રહેલ છે એ બહિરાત્મા અજ્ઞાની, સંસારી, રખડનાર પ્રાણી છે. આહાહા! કહો, સમજાય છે કાંઈ?

ઝીણી વાત છે આ ગાથા. એક ઘા ને બે કટકા છે અહીં તો. એય! બે જ થાય પણ. ઘા ગમે એવો હો, પણ એક ઘાએ બે જ થાય. એક કટકો ન થાય. વસ્તુસ્થિતિ એવી છે કે નહીં? અહીંયા બહિરાત્મા ને અંતરાત્માની વ્યાખ્યા છે. જેને અંતરમાં પુણ્ય ને પાપનો રાગ થાય અને ખાવા-પીવાના ભાવમાં પણ અંતર વિકલ્પ કંઈક થાય, એમાં જે વર્તે છે એ વિભાવમાં વર્તે છે. જે સ્વભાવમાં નથી એવા વિભાવપરિણામમાં વર્તનારો એ બહિરાત્મા છે. આહાહા! સમજાણું કાંઈ? આત્માના સ્વભાવમાં જ્ઞાન, આનંદ, સ્વચ્છતા ને પ્રભુતા છે. એમાં આવા પુણ્ય-પાપના ભાવ, સ્વાધ્યાય કરતાં પણ જે કાંઈ બહિર્જલ્પ ઉઠે અને ખાવા-પીવાના કાંઈ અંતર વિકલ્પ સત્કારાદિનો થાય—એ બધા રાગમાં વર્તનારો બહિર્-આત્મા છે. આહાહા! એ ભગવાન આત્માને મૂકીને બહારચલો છે. ઝીણી વાતું છે ભાઈ! સમજાણું કાંઈ? છ ખંડના રાજમાં વર્તે

છેને ચક્રવર્તી? ના, તને ખબર નથી. સમ્યગ્દષ્ટિ ધર્મી પોતાનો સ્વભાવ આનંદ ને શુદ્ધ ચૈતન્ય એમાં વર્તનારો છે. વિકલ્પો ને ક્રિયાઓનો એ જાણનાર છે. સમજાણું કાંઈ? આહાહા! માર્ગ એમાં...

કહે છે કે વસ્તુસ્વરૂપ જે આત્મા ભગવાન જ્ઞાન ને આનંદસ્વરૂપી પ્રભુ એમાં ન વર્તતા, એમાં નથી એવા પુણ્ય ને પાપ, ખાવું, પીવું વગેરે એની લાગણીઓમાં–રાગમાં વર્તે છે... અહીં બે પ્રકાર કહેશે. પુણ્યની ઇચ્છાએ સ્વાધ્યાયાદિ કરે છે એ બહિર્જલ્પ છે. ખાવું-પીવું આદિમાં રોકાય છે એની વૃત્તિ એ અંતર્જલ્પ છે. બેના કારણો જુદા મૂકશે. અહીં તો ટૂંકી વાતમાં આ છે. પછી તેનો વિસ્તાર કહેશે. ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી પ્રભુ, અતીન્દ્રિય આનંદનું નિજસ્વરૂપ છે. એમાં ન વર્તતાં, એમાં ન રહેતાં, એની આનંદ ને શાંતિની દશાની ... ન રાખતા, પુણ્ય ને પાપના રાગમાં અને ખાવા-પીવાની વૃત્તિઓમાં રોકાય છે, એમાં વર્તે છે એ અધર્મી છે. આહાહા! કહો, ભીખાભાઈ! આવું છે.

બાપુ! તું અનંત આનંદનો નાથ છોને નાથ! તારું વર્તન તો આનંદનું હોય અને આનંદનો વિશેષ મેળ કરીને જોડાવાનો હોય. આહાહા! એને ઠેકાણે, કહે છે કે પુણ્યની ઇચ્છાએ સ્વાધ્યાયાદિ કરે, ખાવા-પીવાના ભાવમાં અંતરમાં કંઈક બીજું ઠીક..... એમ કે સત્કારની વૃત્તિઓ છે એમાં વર્તે છે... સ્વાધ્યાયાદિમાં પણ શુભભાવ છે, પણ એ શુભભાવમાં પણ એની ઇચ્છાએ–એના ભાવે વર્તે છે. એ શુભભાવમાં 'ઠીક છે' એમ એની ઇચ્છાએ વર્તે છે. માર્ગ એવો છે. વસ્તુનું સ્વરૂપ જ એવું છે. ભગવાન પોતાનો વીતરાગસ્વભાવ.. પૂર્ણ આનંદ ને જ્ઞાયકસ્વભાવ વીતરાગસ્વભાવ એને છોડીને જે કંઈ પુણ્ય-પાપ, શુભ-અશુભભાવમાં વર્તે, એમાં વર્તણુંક છે, એ વર્તન બહિરાત્માનું છે. આહાહા! અહીં તો ત્યાં સુધી લીધું કે વ્યવહાર રત્નત્રયનો જે શુભભાવ છે એમાં પુણ્યની આકાંક્ષાએ વર્તે છે, કારણ કે સ્વભાવ શું છે એની ભાવના તો લીધી, દૃષ્ટિ નથી એટલે એના તરફની ભાવના નથી. સમજાણું કાંઈ? ઝીણી વાતું ભાઈ!

ધર્મ ને અધર્મની ચીજ જ જુદી જાત છે. જગત બહારથી માની બેસે, એ ચીજ નથી આ. ભગવાન આત્મા અંદર વસ્તુ છેને, એ આત્મા ભગવાનસ્વરૂપ જ છે. જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ, વીતરાગસ્વરૂપ એ આત્મા. એવા આત્મામાંથી ખસી જઈ અને જે એનામાં નથી એવા શુભ-અશુભરાગ, પછી સ્વાધ્યાયાદિમાં હો, ખાવા-પીવામાં હો, બહિર્જલ્પ કે અંતર્જલ્પ. આહાહા! ગજબ કામ કર્યું છેને! આહાહા! એવા વિકારી વૃત્તિઓમાં વર્તનારો બહિરાત્મા છે કહે છે. ચાહે તો શુભ હો કે અશુભ હો, એમાં વર્તનારો, એનું એ વર્તન છે, એનું એ આચરણ છે—એમ માનીને જે વર્તે છે તે બહિરાત્મા, અજ્ઞાની, વીતરાગમાર્ગથી દૂર વર્તે છે. આહાહા! શેઠ! બહુ

આકરી વાતું. અહીં તો, વ્યવહારરત્નત્રયના રાગમાં વર્તે એ પણ મિથ્યાદૃષ્ટિ છે. એને તો વ્યવહાર હોય નહીં અજ્ઞાનીને. સમજાય છે કાંઈ? આહાહા!

પ્રભુ આત્મા તો સર્વજ્ઞસ્વભાવી, અતીન્દ્રિય આનંદના સ્વભાવનું એનું સ્વરૂપ છે. એને છોડીને એનાથી વિપરીત શુભ-અશુભરાગ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ, હિંસા આદિ, આહાહા! એ ભાવમાં વર્તે, એ અંતર્જલ્પ ને બહિર્જલ્પમાં વર્તે છે. સમજાણું કાંઈ? અને **જે જલ્પમાં વર્તતો નથી**... આ તો અન્વયાર્થ થાય છે હજી હોં. પુણ્ય ને પાપના વિકલ્પો–રાગમાં વર્તતો નથી એ ભગવાન જ્ઞાનાનંદસ્વભાવમાં વર્તે છે, એ અંતરાત્મા છે. પંડિતજી! આવું બધું કાઢ્યું ક્યાંથી? એમાં છે? આહાહા! ભાઈ! તારો પ્રભુ પૂર્ણ વીતરાગ ને આનંદથી ભરેલો પ્રભુ છે આત્મા. એની દૃષ્ટિ કરીને વર્તવું એ તો એનું સ્વરૂપ છે. એ અંતરાત્મા છે. અંતર સ્વરૂપમાં વર્તે તે અંતરાત્મા છે અને બાહ્ય રાગાદિમાં વર્તે તે બહિરાત્મા છે. બહુ ટૂંકું ટચ. આહાહા! સમજાય છે કાંઈ?

**ટીકા : આ, બાહ્ય તથા અંતર જલ્પનો નિરાસ (નિરાકરણ, ખંડન) છે.** બાહ્ય ને અંતર જલ્પ જે વિકલ્પો, એનો નિરાસ કરવામાં આવ્યો છે. એ વસ્તુ તારામાં નથી. અહીંયા તો એ કહે છે કે પુણ્ય ને પાપના ભાવમાં વર્તવું તે અનાવશ્યક છે, એ આવશ્યક નહીં. સમજાણું કાંઈ? એ આવશ્યક નહીં. આવશ્યક તો, ભગવાન જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ, વીતરાગસ્વરૂપ એમાં વીતરાગ પરિણતિએ વર્તવું એ આવશ્યક છે. સમજાણું કાંઈ? આ તો પાઠ બોલે છે. .... વ્યવહારમાં વર્તવું એ અધર્મ? વીરચંદભાઈ! આવો માર્ગ છે ભાઈ! પહેલું એણે ખ્યાલમાં તો લેવું પડશેને? સમજણમાં લેવું પડશે કે માર્ગ તો આ છે. એમાં પ્રયોગ અંતરમાં કર એ ધર્મ છે. જેટલો રાગમાં પ્રયત્ન જાય એ બધો અધર્મ છે. આહાહા! સમજાણું કાંઈ? કહો, ચાંદમલજી! આવી ચીજ છે. આહાહા!

અરે! એણે પોતાની જાતની કિંમત કરી નહીં. પોતાની જાતમાં શું છે એની કિંમત કોઈ દિ' કરી નહીં. પરની કિંમતુંમાં ઘસડાઈ ગયો. સમજાણું કાંઈ? આહાહા! અહીં તો ભગવાન ત્યાં સુધી એમ કહે છે કે અમારી શ્રદ્ધાનો રાગ એમાં વર્તતો મિથ્યાદૃષ્ટિ છે. આહાહા! આ તમારો છે નહીં.... આહાહા! જુઓને! આ તો ધર્મની વાતું છે પ્રભુ! ધર્મ એટલે આ બહારના ક્રિયાકાંડ, પુણ્ય-પાપમાં પ્રવર્તે ને ધર્મ થઈ જાય—એવો એ ધર્મ નથી. આ તો વીતરાગી ધર્મ છે વીતરાગી ધર્મ. પુણ્ય ને પાપના રાગમાં વર્તતા થાય એ તો અધર્મ છે. પ્રકાશદાસજી! ભારે આકરૂં આવું. આવો ક્યાંથી લાવ્યા ...ધર્મ? આહાહા! બહુ જ એક ઘાએ બે કટકા કર્યા છે. ચાહે તો રાગાદિમાં વર્તતો (હોય) તે બહિરાત્મા, અજ્ઞાની છે. ભગવાન જ્ઞાનાનંદસ્વરૂપ, આનંદ-સ્વરૂપમાં વર્તતો તે ધર્મી ને જ્ઞાની છે. સમજાણું કાંઈ?

**જે જિનલિંગધારી...** મુનિની મુખ્યતાએ વાત લીધી છે. વીતરાગીલિંગ ધારણ કર્યું. એમ કેમ લીધું? કે નગ્નપણું છે એ વીતરાગીલિંગ છે. વસ્ત્રવાળા આદિ છે એ તો કુલિંગીઓ છે. એના તો વ્યવહાર ને નિશ્ચય બેય જૂઠા છે. સમજાણું કાંઈ? એનું તો લિંગેય કુલિંગ છે. પણ 'જિનલિંગધારી' એમ કહ્યું પહેલું. આહાહા! વીતરાગીલિંગ આમ જિનલિંગ નગ્નપણું—જેવો માતાએ જન્મ્યો એવું નગ્ન લિંગ ધારણ કર્યું. પણ છે **તપોધનાભાસ...** લ્યો, અહીં તપોધનાભાસ લીધું. તપોધન આવ્યું હતું પહેલું. મુનિ નથી, પણ મુનિ-આભાસ છે. શાહુકાર નથી, પણ શાહુકારના આભાસ છે એમ કહે છેને. એમ આ તપોધન-આભાસ, સાધુ-આભાસ... સાધુપણાનો આભાસ છે, સાધુપણું નથી.

**પુણ્યકર્મની કાંક્ષાથી...** ભાષા જુઓને કરી! આ ગોઠે નહીં. શુભભાવની આશાથી **સ્વાધ્યાય...** શાસ્ત્રની સ્વાધ્યાય કરે, ધર્મકથા કરે. એમ માનેલી ધર્મકથા છેને. વાંચન કરે, પ્રશ્નો કરો, પ્રશ્નના ઉત્તર આપે. સમજાણું કાંઈ? વાંચના, પૃચ્છના, પર્યટના, સ્વાધ્યાય ને શાસ્ત્રના પાઠને ફેરવે અને પછી અનુકૂળ વિચાર કરે, એ રાગ છે. વાયણા, પુચ્છણા, અનુપ્રિયા ને ધર્મકથા. એ પાંચ પ્રકારમાં વર્તે છે, પણ ઓલો શુભરાગ છે એની અભિલાષા છે આમ જરી. અહીં સ્વભાવ છે એની ખબર નથી. આહાહા! ભગવાન આત્મા એ પુણ્યના પરિણામના વિકલ્પ–શુભરાગ એનાથી ભિન્ન છે એની તો ખબરું નથી. એટલે એની આકાંક્ષાએ રહિત જે દૃષ્ટિમાં છે (એટલે કે) જ્યાં દૃષ્ટિ છે ત્યાં વર્તે છે, કારણ અજ્ઞાનીની દૃષ્ટિ પુણ્ય-પાપના પરિણામ ઉપર છે. જ્યાં દૃષ્ટિ છે ત્યાં એ વર્તે છે. જ્ઞાનીની દૃષ્ટિ આત્મા ઉપર છે, શુદ્ધ ચૈતન્યસ્વભાવ ઉપર છે. જ્યાં દૃષ્ટિ છે ત્યાં તે વર્તે છે. સમજાણું કાંઈ? આહાહા!

ચોરાશીના અવતારમાં રખડી-રખડીને મરી ગયો છે. આહાહા! અહીં મોટો રાજા–મહારાજા કહેવાય ને હીરાના ઢોલિયે સૂતો હોય. એમાં મરી ગયો હીરાને ઢોલિયે પાછો આમ. ભાઈસાહેબ પોઢ્યા છે, હેઠે નરકમાં ગયા છે. આહાહા! બ્રહ્મદત્ત ચક્રવર્તી, સોળ હજાર દેવ જેની તેનાતમાં, જેની છન્નું હજાર રાણીયું પદમણી (જેવી) અને એક (મુખ્ય) રાણીની એક હજાર દેવ સેવા કરે. આહાહા! પણ બુદ્ધિ એની બહિર્ ઉપર પડી છે, કહે છે. રાગના પ્રેમમાં, પુણ્યના પ્રેમમાં, પાપના પ્રેમમાં વર્તનારો એ બહિરાત્મા છે. આહાહા! અહીં જુઓ તો હીરાના ઢોલિયે સૂતો હોય, આમ બધા વાતું કરે.

એને પાછું એમેય ન કહેવાય કે ચક્રવર્તી ગુજરી ગયા. એમ ન કહેવાય લ્યો. એ ઓલો કહેતો હતો. રતલામના રાજાને ત્યાં હતો. રતલામનો રાજા ગુજરી ગયો તો 'ગુજરી ગયા' એમ ન કહેવાય. પોઢી ગયા છે. રતલામનો રાજા.... એને તાવ આવ્યો તો એમ ન કહેવાય કે આપને તાવ આવ્યો છે. હવે સાધારણ પ્રાણી, દસ લાખનો તાલુકો, દસ લાખની ઉપજ બાર મહિને. છતાં એને તાવ આવ્યો એમ ન કહેવાય. આટલા બધા પ્યાલા ફાટી ગયા. બે-પાંચ, દસ,

પચ્ચીસ કરોડનો આસામી હોય, ... રાજા હોય. આ તો દસ લાખની ઉપજ. પણ એને એમ ન કહેવાય કે આપને તાવ આવ્યો છે. સાહેબ! આપના દુશ્મનને તાવ આવ્યો છે તો કાંઈક દવા લાવશું? એમ કહેવાય. એ બાબુભાઈ! આ માનમાં પોષાઈ ગયા. મરી ગયા માળા.

એ કહેતો હતો હોં એનો ડોક્ટર. લાલજીભાઈનો ભાણેજ. ....... લાલજીભાઈના ભાઈ, નહીં? પ્રવીણભાઈ. ઓલા ડોક્ટર આવ્યા હતા. અહીંથી પછી.... શું કહેવાય? હરિદ્વાર. હરિદ્વાર ગયો. એ કહેતો હતો ડોક્ટર કે અમારા રાજાને તાવ આવે તો એમ ન કહેવાય કે આપને તાવ આવ્યો છે. ગજબ છેને. આપના દુશ્મનને તાવ આવ્યો છે. એક ન્યાયે વાત સાચી છે. આત્માથી શરીર બીજું વિરૂદ્ધ છે. પણ એ દૃષ્ટિ ક્યાં હતી ત્યાં? આપના દુશ્મનને તાવ આવ્યો છે તો આપણે કાંઈક દવા કરશું? એમ કહેવાય. ઠીક! એય! માણસને કેટલું .... બહારનું.

શ્વેતામ્બરમાં એક .... આવે છે. પાંચસો ગામનો ધણી. વિપાકમાં આવે છે. બહુ પાપી, બહુ પાપી. ઘણા પાપ કરેલા. પછી મરવાના ટાણે રોગ ખૂબ આવ્યા. શરીરમાં રોગ... ગામમાં ઢંઢેરો પીટાવ્યો. એટલે શું કે કોઈ આવીને એમ કહે કે સાહેબ! તમને રોગ! એટલું સાંભળવું સહેવાય નહીં. એટલે ગામમાં ઢંઢેરો પીટ્યો. જુઓ! ......ને રોગ છે. એનો અર્થ કે તમને અમે જણાવીએ છીએ કે તમે પૂછવા આવશો નહીં કે તમને રોગ છે? આહાહા! મારી નાખ્યા. અને રોગમાં કોઈપણ વૈદ આવીને રોગ મટાડશે એને ... દેવામાં આવશે. એટલે પહેલેથી વૈદો આવે દવા માટે, પણ બીજા 'તમને રોગ છે' એમ પૂછવા ન આવે. આવે તો અમથું જોવા આવે. એય! આહાહા! ભારે. માન તે કેટલું માન. ક્યાં મરીને જવાનો? મરીને જાવું છે નરકે. અહીંથી પોઢીને હેઠે પાધરો. આહાહા!

આવી બહિર્બુદ્ધિ જેની છે... આ તો સ્થૂળ વાત કરી. પણ સૂક્ષ્મમાં પુણ્યકર્મની આકાંક્ષાથી શાસ્ત્ર સ્વાધ્યાય કરે, પણ એને શુભરાગનો પ્રેમ છે, એને શુભરાગની જ કાંક્ષા છે. ભગવાન આત્મા રાગથી રહિત છે એની ગાંઠ પણ કરતો નથી. આહાહા! સ્વાધ્યાય કરે, **પ્રત્યાખ્યાન** કરે... પચખાણ કરે. ચાર દિ' ખાવું નહીં, આઠ દિ' ખાવું નહીં. વાત એ કે એ પુણ્યકર્મની કાંક્ષા છે બધી. કારણ કે આત્મા શું છે એ તો જાણ્યો નથી એટલે વૃત્તિની ભાવના ત્યાં વર્ત્યા કરે છે. **સ્તવન...** ભગવાનના સ્તવન કરે, તીર્થંકરનું સ્તવન કરે. હજારો શ્લોકો... નહોતું આવ્યું 'લાખો'? લાખો સ્તુતિ બોલે સવાર-સાંજ. સ્તુતિમાં જે ઓલો ભાવ છેને રાગ એની એને આકાંક્ષા છે. આહાહા! પુણ્યની આકાંક્ષાવાળો બહિરાત્મા છે. આહાહા! જે ચીજમાં નથી તે ભાવની ભાવનાવાળો બહિરાત્મા છે એમ કહે છે.

માર્ગ ભાઈ! અલૌકિક વાત છે. ધર્મમાર્ગ, કોઈ સાધારણ માણસ આમ સામાયિક કરી ને પોષા કર્યા ને પડિકમણા કર્યા ને થઈ ગયા ધર્મ. અને પાંચ-પચાસ લાખની મૂડી હોય, એમાં પાંચ લાખ ખરચે ત્યાં થઈ ગયા ધર્મ દાનમાં. ધૂળેય નથી, સાંભળને! પૈસા ક્યાં તારા હતા?

એ તો જડ છે. સમજાણું કાંઈ? આહાહા! વીતરાગમાર્ગને સાંભળવો એ પણ અલૌકિક વાતું છે. આ બધી લૌકિક છે. રાગની પ્રવૃત્તિ ને એમાં રત રહેવું ને ધર્મ માનવો, બહિરાત્મા છે. સમજાણું કાંઈ?

**વગેરે બહિર્જલ્પ કરે છે...** બોલે છેને સ્વાધ્યાયાદિ, એમ. બહિર્જલ્પ. છે પાછો એમાં રાગ અંદર. રાગની આકાંક્ષાએ આ સ્વાધ્યાયાદિ કરે છે. **વિગેરે...** બહારની જે પ્રવૃત્તિ છેને વાણીની ને પરની... શરીર દ્વારા જાત્રાની હોય, સમ્મેદશિખરની, શેત્રુંજયની, પણ એ બધામાં એને પુણ્યની કાંક્ષા વર્તે છે તેથી એ બહિર્જલ્પમાં વર્તનારો છે. **અને અશન, શયન, ગમન, સ્થિતિ વગેરેમાં (-ખાવું, સૂવું...** કૌંસમાં લખ્યું છેને એ એના અર્થ કર્યા છે. અશન એટલે ખાવું, શયન એટલે સુવું, **ગમન કરવું, સ્થિર રહેવું ઇત્યાદિ કાર્યોમાં) સત્કારાદિની પ્રાપ્તિનો...** આમ છે. વાત તો બહુમાન–ઊંડે ઊંડે સત્કાર બીજા આદર કરે એવું હોય છે. આત્માનો આદર જોયો નથી એટલે પરના આદરની એને કાંક્ષા રહે છે. આહાહા!

હું કેવું ખાઉં છું ને ..... આમ લુખ્ખું ખાઉં છું, આમ ખાઉં છું, એ સૂવું... સુવું તે..... નગ્ન મુનિની વાત છે હોં. ગમન કરવું... ચાલતા જોઈને ચાલે, બરાબર જોઈને આમ ચાલે. બીજાને ઓલી લાગે......... સ્થિર ઊભા રહેવું. ઊભા રહેતા, લાકડાની જેમ ઊભો રહે, હલે નહીં. **ઇત્યાદિ સત્કારાદિ...** આદિ શબ્દ બધામાં નાખ્યો છે. સત્કાર, સન્માન, દુનિયા મને મોટી નજરે જોવે, મોટો છું એ નજરે મને જોવે. આહાહા! આ ગાથા અલૌકિક છે ... તેથી કહ્યું હતું. સમજાણું કાંઈ? **અંતર્જલ્પમાં મનને જોડે છે...** એમ હતુંને. ઓલો બહિર્જલ્પમાં... ભાષા... છતાં કાંક્ષા પુણ્યની છે. એમાં અંતર્જલ્પમાં જોડે છે. ખાવું, પીવું, સૂવું, ગમન, સ્થિર એમાં મનને જોડે છે. ........

.... જોનારો હોં સરખો. પોયણા મૂકે તો બરાબર જોઈને મૂકે, વળી મૂકે ત્યાં પગ ...ને મૂકે. એક હતાને ચુનીલાલ તમારા. છેને ચુનિલાલ કલ્યાણજી. એ અહીંયા આવેને, પગે લાગેને તોય ...... આમ કરી પછી.... એક ફેરી રાણપર આવ્યા હતા. ..... પગે લાગવા હાથ મૂકવો હોય તો આમ કરીને હાથ મૂકે. અહીં માથું અડાવવું હોય તો આને આમ કરીને કરે. ..... એટલી બધી .... બહારની જતના. ચુનિલાલ એક ફેરી, નહીં? .... ચેતનજી! રામજીભાઈ જાણેને. ..... અહીંયા આવ્યા હતા. ........ દેશસેવાનું કામ કરે મુંબઈમાં. સાધુ થયા હતા પહેલા સ્થાનકવાસી સાધુ. એનો બાપ પણ...... ...... સ્થાનકવાસીનું સાધુપણું છોડી દીધું. .........

અહીં તો કહે છે કે સાધુ દ્રવ્યલિંગી નગ્નમુનિ... એની મુખ્યતાએ વાત પહેલી લેવી છેને. આવું ગમન-ગમનમાં, સત્કારાદિની પ્રાપ્તિમાં (લોભીપણે) વર્તે છે, અંતર્જલ્પમાં એટલે વિકલ્પમાં વર્તે છે. ભગવાન આત્મા રાગરહિત છે એમાં એનું વર્તન છે નહીં. આહાહા! વીતરાગી સ્વરૂપ ભગવાન આત્માનું છે. અતીન્દ્રિય આનંદનો એ કંદ છે. આનંદમાં વર્તવું એનું

વર્તન નથી. એનું તો રાગમાં, દુઃખમાં (વર્તન છે). રાગ જે થાય એ દુઃખની જંજાળ છે. આહાહા! એમાં વર્તનારો પછી ભલે નગ્ન મુનિ હો, દિગંબર હો, તોપણ એ બહિરાત્મા જીવ છે. બહારમાં વર્તનારો બહિરાત્મા આત્મા છે. સમજાણું કાંઈ? હવે અંતરાત્માની વાત. એનાથી ઉલટી. આહાહા!

ભગવાન તો એમ કહે છે કે અમારા શાસ્ત્રની સ્વાધ્યાય કર, એમાંય જો રાગની, ... આકાંક્ષા છે તો તું પણ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા! અમારા શાસ્ત્રનું વ્યાખ્યાન–ધર્મકથા કર, એમાં તને જે શુભભાવ થાય એની તને આકાંક્ષા છે, મિથ્યાદૃષ્ટિ છો. આહાહા! આ મુનિની મુખ્યતાએ કહ્યું. કીધુંને, ગૌણપણે બધા આવી ગયા એમાં. સ્વાધ્યાય કરે એના એકલા વિકલ્પમાં વર્તે તો એ બહિરાત્મા છે. અંદરમાં જવાની (ભાવના), રાગ કરતાં-(કરતાં) અંદરમાં જવાની છે. શું ઉદ્ધાર થયો? ભગવાન અંદર પૂર્ણાનંદનો નાથ પોતે છે ત્યાં નજર કરે તો ઉદ્ધાર થાય. આમાં નજર રાખે તો સંસાર થાય. આહાહા! કહો, સમજાણું કાંઈ? છે કે નહીં એમાં? બાપુ! માર્ગ તો, જન્મ-મરણના ફેરા ટાળવાના માર્ગ જુદી જાતના છે.

**નિજ આત્માના ધ્યાનમાં પરાયણ વર્તતો થકો...** લ્યો. આહાહા! ધર્મી તો એને કહીએ કે નિજ આત્મા આનંદસ્વરૂપના ધ્યાનમાં વર્તતો હોય. આહાહા! એમાં પરાયણ વર્તતો હોય, તત્પર વર્તતો હોય. આહાહા! ભલે ચક્રવર્તીના રાજ આદિમાં દેખાય, પણ એ પોતાના જ્ઞાનાનંદની એકાગ્રતામાં વર્તે છે. સમજાણું કાંઈ? અંતરાત્માની વ્યાખ્યા કરી છેને. અહીં તો મુનિની મુખ્યતાની વાત કરી છે. અંતરાત્મા વર્તનારો આવો હોય. એ સમકિતી છે, છ ખંડના રાજમાં દેખાય છે, છન્નું હજાર સ્ત્રી પદમણી જેવીમાં દેખાય, બેઠો હોય. અંદરમાં ક્યાંય નથી. છે એ આનંદમાં છે, એ તો જ્ઞાનમાં છે. એની દૃષ્ટિ સ્વભાવ ઉપર છે તે સ્વભાવમાં છે. આહાહા! સમજાણું કાંઈ? લોકોએ ધર્મનું રૂપ એવું કરી નાખ્યુંને. બહિરાત્મપણામાં ધર્મ માન્યો. દયા, દાન કરો, વ્રત કરો, પૂજા કરો, ભક્તિ કરો, આ કરો, આ કરો, આ કરો. એવા ભાવમાં વર્તનારો એને એની કાંક્ષા છે. જેમાં જેની વૃત્તિ તેમાં તેની કાંક્ષા. આહાહા! એથી તે બહિરાત્મા છે. એ નરક ને નિગોદના ભાવને સેવે છે. સમજાણું કાંઈ?

અને જે નિજ આત્માના ધ્યાનમાં... ભલે ગૃહસ્થાશ્રમમાં દેખાય. નિજ આત્મા પોતાનો ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ આનંદનું સ્વરૂપ એના ધ્યાનમાં એટલે એની એકાગ્રતા, એમાં પરાયણ વર્તતો થકો, **નિરવશેષપણે (સંપૂર્ણપણે) અંતર્મુખ રહીને...** સંપૂર્ણપણે વિકલ્પમાં એ વર્તતો જ નથી એમ કહે છે. આહાહા! અરે! ચોથે ગુણસ્થાનથી આ વાત છે. વસ્તુ ઐસી હૈ, વસ્તુ એવી છે. આહાહા! જ્યાં ચૈતન્ય ભગવાન રાગ–વિકલ્પ વિનાની ચીજ એવી અંતર દૃષ્ટિ થઈ, એ ત્યાં જ વર્તે છે એ તો. કહો, સમજાણું કાંઈ? આવી વાતું સાંભળવા મળે કોઈક દિ' હોં, એવી વાતું છે. આહાહા! એક ભગવાન આત્મામાં વર્તવું, કાં વિકારમાં વર્તવું—બે વાત છે,

બસ. જેની રુચિ વિકારની છે એ ત્યાં વર્તે છે, જેની રુચિ ભગવાન આત્માની છે એ ત્યાં વર્તે છે. આહાહા!

બિચારા વ્યવહારના પક્ષવાળાને તો ગોઠે જ નહીં વાત. આવી ચીજ ક્યાંથી આવી? વ્યવહાર સાધન કહ્યું છેને? પંચાસ્તિકાયમાં કહ્યું છે, પંચાધ્યાયીમાં કહ્યું છે. તે દિ' આ ચાલતું હતું..... આનું આમ થયું, તેમ થયું. એય! અંદર અંદર શનૈઃ શનૈઃ... એ વખતે તો એમ લખ્યું છે. પછી ભાઈએ અર્થ ફેરવ્યા બધા. ઓલા (એમ) કહે છે હોં. ..... અરે! અર્થ .... જેમ છે એમ સ્પષ્ટ કર્યું છે, સાંભળને! તને ન સમજાય એટલે કહે છે. શું થાય? કહે છે કે જેને આત્માની દૃષ્ટિ ને રુચિ થઈ છે, જેને પુણ્ય-પાપ ને એના ફળની રુચિ ગઈ છે... સમજાણું કાંઈ? જ્યાં દૃષ્ટિ છે ત્યાં એ વર્તે છે.

**નિજ આત્માના ધ્યાનમાં પરાયણ વર્તતો થકો**... પાછું કોઈ એમ કહે કે અરે! ધ્યાન હોય ત્યારે(ને)? પણ એ સિવાય? એ સિવાય ધ્યાન તે એકાગ્રતા.... આહાહા! વસ્તુના સ્વરૂપની જેટલી અંદર દૃષ્ટિ થઈ એકાગ્રતા છે, એ સદાય ધ્યાન છે. આહાહા! આવો માર્ગ વીતરાગનો. પરમાત્માએ ... એટલે આવું ભાખ્યું છે. સમજાણું કાંઈ? અરે! આવા અવતાર માણસના, એમાં જુવાન અવસ્થા, એમાં પાંચ-પચાસ લાખ થઈ જાય, શરીર કંઈ રૂપાળું ને નમણું.. આહાહા! મરી ગયો ..... એ કહેતો હતો.... ......... આવા મરણના ભાવ. એવા અનંત વાર કર્યા છે જગતે હોં. એની વાત નથી. ઓહોહો!

એવી પ્રતિકૂળતા આવે ને સહન થાય નહીં ને બળ્યા કરે. બળ્યા કરે, અરેરે! સાધન છતાં. સમજાય છે? પછી એને ક્યાંય સૂઝ ન પડે, દેહ છોડે છૂટકો છે. ત્યાં માસીબા બેઠી છે? એને તો ખબરેય નથી. જઈશ ત્યાં માસી બેઠી છે? વર્તમાન આ દુઃખથી છૂટી જાઉં, આ સહ્યું જાતું નથી. આહાહા! અરે! જેને આત્માની દૃષ્ટિ નથી, આવા રાગની દૃષ્ટિમાં પડ્યા છે એને આવા વરઘોડા આવ્યા વિના રહેશે નહીં. આહાહા! ક્યાંય એને સમાધાન ન થાય, પછી ઝેર પીવે, કાં અગ્નિમાં બળે, કાં ચૂલામાં પડે. પડેલો જ છે ચોરાશીના કુવામાં તો. જે રાગના પ્રેમમાં પડ્યા એને આવા વરઘોડા આવ્યા વિના નહીં રહે. જેને ભગવાન આત્માનો પ્રેમ જાગ્યો, સમજાય છે? એને કેવળજ્ઞાન આવ્યા વિના નહીં રહે. આહાહા!

અનંતા કેવળજ્ઞાની...... એમાં નિજ આત્મા એવો, એની એકાગ્રતામાં જે પરાયણ છે, સંપૂર્ણપણે અંતર્મુખ કરીને **(પરમતપોધન) પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત વિકલ્પજાળ...** લ્યો. શુભ કે અશુભ બધી વિકલ્પજાળ. અહીં પ્રશસ્ત અને અપ્રશસ્ત બેય ..... આહા! પુણ્યના ભાવ શુભને પ્રશસ્ત કહ્યો, પણ છે રાગ, ઝેર છે. આહાહા! અરે! એની આત્માની દયાની ખબર ન મળે કે મારું શું થશે, હું ક્યાં જઈશ? અહીંથી જઈશ તો પાંજરાપોળ નથી ક્યાંય. ઓહો!

નિરાધાર... ......જાય, માછલીની કૂંખે અવતરે, આહાહા! સિંહણની કૂંખે અવતરે. ... એ આધાર નથી. આત્માની દૃષ્ટિ થયા વિના એનું વર્તન આત્મામાં ન હોય. સમજાણું કાંઈ?

નિજ આત્માના વર્તનમાં વર્તતો થકો... જુઓ! ધ્યાનમાં પરાયણ વર્તતો થકો, છેને? એ શેમાં વર્તે છે? પરાયણ પર્યાયમાં. એ ચેતનજી! **ધ્યાનમાં પરાયણ વર્તતો થકો સંપૂર્ણપણે અંતર્મુખ**... સમ્યગ્દૃષ્ટિ સંપૂર્ણપણે જ અંતર્મુખ છે. કાંઈક બહિર્મુખ ને કાંઈક અંતર્મુખ નથી. આહાહા! **પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત વિકલ્પજાળોમાં ક્યારેય વર્તતો નથી...** આહાહા! શુભભાવ હોવા છતાં શુભમાં ક્યારેય વર્તતો નથી. સમજાણું કાંઈ? અશુભભાવ આવે છતાં અશુભભાવમાં ધર્મી વર્તતો નથી. આહાહા! આત્મા અખંડ આનંદસ્વરૂપ એવી જે દૃષ્ટિ સમ્યક્ થઈ, એના આચરણ તો અંદરના સ્વરૂપની સ્થિરતાના આચરણ હોય છે. રાગનું, વ્યવહારનું વર્તન એ એનું આચરણ નથી. આહાહા! કેટલાક કહે, સોનગઢમાં સમકિતને બહુ મોંઘું કરી દીધું. એમ વળી કહે છે. કોઈકના ઘરને સોંઘું હશે.

**ક્યારેય વર્તતો નથી**... ચાહે તો સમ્યગ્દૃષ્ટિ, લડાઈના ભાવનો વિકલ્પ હોય એમાં ઊભો દેખાય, (પણ) એમાં વર્તતો નથી. આહાહા! એ તો એના જ્ઞાનમાં, એનું જ્ઞાન કરીને જ્ઞાનમાં વર્તે છે. 'ચૌદમા જિનતણી ચરણસેવા..' આહા! 'ધાર પર નાચતા દેખ બાજીગરા, ધાર ... સેવા રહે ન દેવા..' ....... ભગવાન દિવ્ય શક્તિનો દેદાર જેનો છે, આનંદ ને જ્ઞાનાદિ અનંતગુણનું સ્વરૂપ જેનું દેદાર છે. આહાહા! 'દાદુ કહે દુંદ ફાટી..' આવે છેને. 'અવળી ચાલી રેંટ, ભટકવું તો મટી ગયું ને વસ્તુ જડી ગેલ.' એ આવે છે દાદુમાં. 'દાદુ દુનિયા બાવરી, ખોટા કરે ગલ, ગાડે બેસાડી હેલ લાવ્યા, જાણે જીત્યા ટોડરમલ.' આ પરણવા જાયને પરણવા. 'દાદુ દુનિયા બાવરી, ખોટા કરે ગલ..' ગલ એટલે પરણવા ગયા ને બાયડી લાવ્યા ને લાડવા ખાધા ને પંચોળામાં બેઠા, ફલાણું કર્યું, ઢીકણું કર્યું. ગાડે બેસાડીને હેલ લાવ્યા. હેલ સમજે? બેડી. બાયડી લાવ્યો, બેડી લાવ્યો. 'જાણે જીત્યા ટોડરમલ.' જગ જીત્યો જાણે. આહાહા! એ વખતની હોંશુનો તો પાર ન મળે.

પાછું એક રાતમાં કરોડ રૂપિયા ખરચે. એક જણો હતા રાજા. કોનો? એ રાજા નહોતો? પહેલી રાતે–પરણવાની રાતે એક કરોડ ખરચ્યા. સુહાગરાત કહેવાય એ પહેલી રાત. આમ મરીને નરકે જાવાનો છે એનું ભાન ન મળે. સમજાણું કાંઈ? એક કરોડ હોં. મોટો ગૃહસ્થ રાજા મોટો ઘણા કરોડપતિ. પણ દારૂખાના ને શોભા ને એક રાતમાં કરોડ. (પેટ્રોલની) મોટી ઉપજ છે. એ દિવસમાં ઘણા લાખોની. એક દિવસની ઘણા લાખોની પેદાશ છે. .......... આવા ને આવા. ....... બબ્બે-અઢી લાખની પેદાશું દિવસની..... એક કલાકના બે-અઢી લાખ. પેટ્રોલ બહુ નીકળ્યું. રાજ નાનું છે. કાંઈ કૂવા નીકળ્યા ને બહુ પેદાશ છે. આહાહા! આમ માથા ફરી જાય.

શું પણ થયું એમાં? સોજા ચડ્યા છે મોટા. સોજા સમાશે તે દિ' રાડ નાખીશ. હાય! હાય! આ બધું મૂકીને જાવું. આ બધું પાપ કરીને ભેગા કર્યા છે. એમ કે આ બધી મમતા કરી, એમ. 'મહેનત કરી' એમ કહે. આટલું આટલું કર્યું. અહીં બેઠા અસાધ્ય. રાજના કામ કર્યા હતા એ થઈ ગયો અસાધ્ય. એ પોપટભાઈ! આવી છે વાતું. આહાહા! અરે! નિજાત્મા ભગવાન પૂર્ણાનંદનો નાથ જે રાગના વિકલ્પના પુણ્યભાવથી જુદો છે એની શ્રદ્ધા–એની દૃષ્ટિ ન કરી તો એનું વર્તન એનામાં નહીં રહે. રાગની દૃષ્ટિ છે અને રાગ ઉપર જેનો પ્રેમ છે તો રાગનું વર્તન એને રહેશે. રાગનું વર્તન કરનારો મૂઢ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. એ બાબુભાઈ! આવી વાતું છે ભાઈ! આહાહા! ધૂળમાંય નથી..... આહાહા!

**વર્તતો નથી તેથી જ પરમ તપોધન સાક્ષાત્ અંતરાત્મા છે.** વસ્તુ તો હતી આત્મા, પણ પર્યાયમાં હવે અંતરાત્મા થયો. એ વસ્તુ ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ, પૂર્ણ જ્ઞાનનો ભંડાર, પૂર્ણ.. પૂર્ણ.. જેને શ્રદ્ધાએ કબજે લીધો, આહાહા! શ્રદ્ધા ને જ્ઞાનની અવસ્થાએ આવા દ્રવ્યને કબજે કર્યું. રાજ કબજે કર્યું મોટું. કેવળજ્ઞાનની પર્યાય પ્રગટે એવી રાજધાની એણે કબજે લીધી. એ સાક્ષાત્ અંતરાત્મા છે, એને ધર્મી કહેવામાં આવે છે. એ પ્રકાશદાસજી! અહીં તો થોડું કાંઈક કરે, સામાયિક કર્યું, આ કર્યું તો ધર્મી થઈ ગયા. ધૂળેય નથી ધર્મી, સાંભળને! ધર્મના મોઢા મોટા છે. સમજાણું કાંઈ? અને પાપના ફળ મોટા છે. બહુ સરસ ગાથા છે.

વિકારમાં વર્તતો હેઠો જા, આત્મામાં વર્તતો ઊંચો જા. આહા! ત્યાં પુણ્યકર્મની કાંક્ષા નાખી છેને. ...... સ્વાધ્યાય........ કેમ ખાવું-પીવું એનું બરાબર ધ્યાન રાખે છે. ..... અંતર્જલ્પ વસ્તુ વિકલ્પ છે. આહાહા! ..... બીજા કરતા કંઈક અધિકપણું દેખે છે, બીજા કરતા ધર્મી છું, એમ. ......... ........... બીજા કરતા હું બરાબર છું એવી સત્કારાદિની વૃત્તિવાળા છે, એમાં વર્તનારા બહિરાત્મા છે. આહાહા! અહીં તો મરી જાય એ મોક્ષમાં જાય. રાગથી મરી જાય. આહાહા! હવે ગાથાનો અર્થ કહ્યો છે. થઈ ગયોને વખત.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**માગશર વદ-૨, શુક્રવાર, તા. ૨૨-૧૨-૧૯૭૨**
**શ્લોક-૨૫૯, ગાથા-૧૫૦-૧૫૧, પ્રવચન નં. ૧૮૦**

આ નિયમસારના આધારનો કળશ છે. આવશ્યક ક્રિયાની વાત છેને એનો આધાર આપે છે.

**એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ૯૦મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :–**

**स्वेच्छासमुच्छलदनल्पविकल्पजाला-**
**मेवं व्यतीत्य महतीं नयपक्षकक्षाम्।**
**अन्तर्बहिः समरसैकरसस्वभावं**
**स्व भावमेकमुपयात्यनुभूतिमात्रम् ॥**

આ શ્લોક આપણે આવી ગયો છે સમયસારમાં. **શ્લોકાર્થ : એ પ્રમાણે જેમાં બહુ વિકલ્પોની જાળો આપોઆપ ઊઠે છે એવી મોટી નયપક્ષકક્ષાને (નયપક્ષની ભૂમિને) ઓળંગી જઈને...** શું કહ્યું એ? આ આત્મા છે એ વસ્તુ જગતના પદાર્થથી તદ્દન ભિન્ન છે. જગતના પદાર્થો–આત્મા અનંત છે, પુદ્ગલો છે વિગેરે—એનાથી આ આત્મતત્ત્વ જે છે એ તદ્દન જુદું છે. કહે છે કે હવે એમાં પુણ્ય ને પાપના ભાવ થાય, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ શુભભાવ કે હિંસા, ચોરી, વિષય, વાસના વિગેરે અશુભ—બેય વિકારથી આત્મા જુદો છે. એ તો જુદો છે.... આ છેલ્લી–ઝીણી વાત છે. સમ્યગ્દર્શન–ધર્મની પહેલી દશા પામવાના કાળમાં શું દશા હોય, ધર્મની પહેલી દશા–સમ્યગ્દર્શન પામવાની રીતની પદ્ધતિ શું?

કહે છે કે પુણ્ય-પાપના ભાવ તો ભિન્ન છે એનું આલંબન તો છોડ. એનાથી સમ્યગ્દર્શન પમાતું નથી. પણ અંતરમાં રાગમિશ્રિત વિચાર નયપક્ષનો કે હું શુદ્ધ છું, અબદ્ધ છું, આનંદમૂર્તિ પરિપૂર્ણ છું, એવો જે રાગમિશ્રિત વિચાર જેને અહીંયા વિકલ્પ કહ્યો છે, એ જેટલા વિકલ્પ હોય એ પણ બંધનું કારણ છે. સમજાણું કાંઈ? એ વિકલ્પ, **જેમાં બહુ વિકલ્પોની જાળ...** એ વૃત્તિઓ વિકલ્પ ઉઠે છે રાગ. આનંદસ્વરૂપ છું, અબદ્ધ છું, એક છું, શુદ્ધ છું—એવા નિશ્ચયના પક્ષના વિકલ્પ–રાગ..., આત્માનો સ્વભાવ એવા રાગને કરવાનો નથી. એવા વિકલ્પોની જાળ, રાગની રચના કરવાનો સ્વરૂપ–સ્વભાવ નથી. છતાં એ વિકલ્પની જાળ ઉઠે છે, આપોઆપ ઉઠે છે.

એવી **મોટી નયપક્ષકક્ષાને...** બહુ ઝીણી વાત છે ભાઈ! વીતરાગમાર્ગ, તીર્થંકર સર્વજ્ઞ પરમેશ્વર અરિહંતે કહેલો માર્ગ એ બહુ સૂક્ષ્મ છે. જગત પાસે એની માર્ગની (સાચી) રીત

મૂક્યા વિના બીજી રીત મૂકાણી છે. સમજાણું કાંઈ? એમ કે આ વ્રત કરો, તપ કરો, અપવાસ કરો, આ કરો, આ કરો. એનાથી.... વિકલ્પની જાળ, રાગની જાળ છે કહે છે. આકરી વાત. તેથી આગળ જતા અહીં તો વાત છે. સમજાણું કાંઈ? અહીં તો નયવિકલ્પની વાત છે. કોઈ દિ' સાંભળ્યું ન હોય એને આ ગ્રીક-લેટિન જેવું લાગે. આહાહા!

વસ્તુ છે ભગવાન આત્મા, જેમાં અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત શાંતિ, અનંત પ્રભુતા, અનંત સ્વચ્છતા—એવી શક્તિઓ જે સ્વભાવ છે એનો પિંડ એ વસ્તુ છે. રાગાદિનો વિકલ્પ એ ચીજમાં નથી કે જેથી વિકલ્પ દ્વારા એની પ્રાપ્તિ થાય. રાગ દ્વારા, ક્રિયાકાંડનો વિકલ્પ કે નયપક્ષનો વિકલ્પ દ્વારા આત્માની પ્રાપ્તિ–સમ્યગ્દર્શન થાય, એમ નથી. સમજાણું કાંઈ? ઝીણી વાત ભાઈ! ભગવાને કહેલું તત્ત્વ સૂક્ષ્મ છે, એને હાથ આવ્યું નથી. એને વિકૃત કરીને જગત પાસે મૂકાણું છે કે આમ કરો, રાગ કરો, આ કરો. એ રાગ ન માને, એ તો ધર્મ માને, પણ એ બધી રાગની ક્રિયાઓ છે. સમજાણું કાંઈ? એવી ક્રિયાઓ શુભભાવની અનંત વાર કરી છે, એ કાંઈ નવી નથી. એ રાગ છે, એના ફળ તરીકે તો પુણ્યબંધ છે. બંધ તરીકે તો એને સંસારના સંયોગમાં જવાનો કાળ છે. આહાહા!

અહીંયા તો નયપક્ષના સૂક્ષ્મ વિચાર, રાગમિશ્રિત વિચાર મનના સંબંધે અંતરમાં ચાલે. આ ચૈતન્યવસ્તુ ભગવાન સર્વજ્ઞ કહે તે. અજ્ઞાનીઓએ જે આત્મા.. આત્મા કહ્યો અનંતા, એ નહીં. તીર્થંકર ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા એમણે (જોયેલો) જે અસંખ્યપ્રદેશી, અનંત ગુણનો ધામ, કેવળ પ્રભુતાએ ભરેલો પ્રભુ પોતે છે. આહા! પ્રભુત્વ છું એવો પણ એક વિકલ્પ જે ઉઠે છે.... ...ભાઈ! બહુ ઝીણી વાતું છે. અરેરે! ચોરાશીના અવતારમાં દુઃખી થઈને રખડે છે. એવો અજ્ઞાની મૂઢ માને છે કે કંઈ પૈસા કે રાજા...... દેવ થાય તો માને છે કે અમે સુખી છીએ. એ રાગની જ્યોતિમાં ઝળહળ સળગી રહ્યો છે એની એને ખબર નથી. સમજાણું કાંઈ? પુણ્ય ને પાપના ભાવ બેય કષાય-અગ્નિ છે. આહાહા! એથી ભગવાન આત્માનું સ્વરૂપ તદ્દન જુદું છે.

કહે છે કે આ નયના વિકલ્પો ઉઠે એને ઓળંગી જઈને... છેને. ઝીણી વાત ભાઈ! એ વિકલ્પ ઉઠે છે કે આવો છું, કેવળી છું, સિદ્ધ છું, આનંદ છું—એવી જે રાગની વૃત્તિઓનું ઉત્થાન... ઓળંગી જઈને... તેના પ્રત્યેની દૃષ્ટિ ફરી ગઈ, એમ. આવું કામ...... આ પૈસામાં .... છે તમને? ધૂળમાંય નથી. ત્યાં પૈસામાં શું છે? આ બધા પૈસાવાળા રહ્યા. ધૂળમાં, એ તો પૂર્વના પુણ્ય હોય તો સોગઠી ગોઠવાઈ જાય. એ મૂઢ માને કે મારી વ્યવસ્થિત બુદ્ધિને લઈને આ બધું થયું છે. અહંકારી છે, મૂઢ છે. આહાહા! દુઃખી છે.. દુઃખી છે. આહાહા! રાગના રંગે રંગાઈ ગયેલો છે. આહાહા!

અરે! વીતરાગસ્વરૂપ પરમાત્મા પોતે જ છે. એનું સ્વરૂપ તો અંદર વીતરાગમૂર્તિ આત્મા છે. એ ચીજને પામવા માટે, એ ચીજને અનુભવમાં લેવા માટે કે જે અનુભવ એનું સ્વરૂપ છે.

આ રાગાદિ એનું સ્વરૂપ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? હું શુદ્ધ છું, બુદ્ધ છું, જ્ઞાની છું (એવો સ્થૂળ)રાગ વિનાનો એકલો વિકલ્પ એ પણ રાગની વૃત્તિ છે, એ આકુળતા ને દુઃખ છે. આહાહા! અંતરમાંથી એની રુચિ છોડીને.... ભારે આકરું કામ. આ બધા રાતા-પીળા ફરે, પાંચ-પચ્ચીસ લાખ, કરોડ-બે કરોડ મળે, અમે સુખી છીએ. મૂઢ છે મોટા. એય! એ શેઠ! આહાહા! ભગવાન એમ કહે છે કે એ પૈસા મારા છે, એનો હું સ્વામી છું, જેમ ભેંસના સ્વામી પાડા હોય, એમ જડનો સ્વામી જડ હોય. આહાહા! એ ચીજ તારી ક્યાં હતી? એ તો જડ છે, જગતની ચીજ છે. એનો ધણી તું ક્યાંથી થઈ ગયો? આહાહા!

જગતની ચીજ તો જુદી છે, ...... જુદી છે. એને કારણે રહેલી, એને કારણે આવેલી, એને કારણે જાશે. કંઈ તારે કારણે આવી ને તારે કારણે રહી છે ને તારા રૂપે થઈ ગઈ છે—એમ છે નહીં. શરીર અજીવપણું થઈને રહ્યું છે, આ જુઓ! માટી. જડપણે થઈને રહ્યું છે. અહીં નજીકનું જડપણું (તારું નથી) તો પૈસા.. પૈસા ધૂળ ક્યાંય રહી ગઈ. એય ...ભાઈ! વાત તો આવી છે ભગવાનના ઘરમાં. આહાહા! ત્રિલોકનાથ તીર્થંકરદેવે ઇન્દ્રો અને ગણધરોની સભામાં આમ ભગવાને દેશના આપી. આહાહા! ભગવાનનો ઉપદેશ આ હતો.

ભાઈ! અંદરમાં ચિદાનંદમૂર્તિ આત્મા એમાં તું છો. આ ચીજમાં તું નહીં, એ ચીજ તારામાં નહીં. એ તો નહીં, પણ અંદર આવો 'હું શુદ્ધ છું, જ્ઞાન છું, આનંદ છું' એવી જે રાગની વૃત્તિ–એ વૃત્તિમાં તું નહીં, એ વૃત્તિ તારામાં નહીં. આહાહા! ભાઈ! મારગડા જુદા છે બાપુ! અપૂર્વ અનંતકાળમાં નહીં મળેલી ચીજ છે. સમજાણું કાંઈ? આહાહા! આ બધા ધૂળના ઢગલા છે, ચામડા દેખાયને રૂપાળા ને સારા, એ સ્મશાનની રાખું છે. અંદર પ્રભુ તો આનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ છે. સચ્ચિદાનંદ એટલે સત્, જ્ઞાન ને આનંદના સ્વભાવવાળું એ તત્ત્વ છે, શાશ્વત પ્રભુ છે. એની સામું જોયા વિના આ બહિર્મુખી આવા વિકલ્પો ઉઠે, કહે છે કે એ પણ દુઃખરૂપ છે. આહાહા!

એ દુઃખમાં રંગાઈ ગયો છે. વિકલ્પો ઉઠે રાગના કે આવો ને તેવો... બીજા મારા એ તો ક્યાંય રહી ગયા. પણ પોતે છે એવો જે રાગનો વિકલ્પ ઉઠે છે અંદરથી, એ રાગનો રંગ, પ્રભુ! તારી ચીજ નહીં. રાગ છે એ તો નવતત્ત્વમાં આસ્રવ છે અને તું તો જ્ઞાયક ચૈતન્યતત્ત્વ છો. સમજાણું કાંઈ? આહાહા! કહે છે કે એ જાળને ઓળંગી જઈને, ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ પોતે છે એમાં દૃષ્ટિ લગાવીને, આ વિકલ્પના જાળથી દૃષ્ટિ ઉઠાવીને... અહીં લગાવી, ત્યાંથી ઉઠાવી, એમ અર્થ છે. કહે છે....... આહાહા! આ કામ તે અંદરથી થાતા હશે કે બહારથી થાતા હશે? આહાહા!

**(તત્ત્વવેદી) અંદર અને બહાર સમતા-રસરૂપી એક રસ જ જેનો સ્વભાવ છે...** આહાહા! ભગવાન આત્મા અંતરમાં પણ જે વીતરાગી સમતારસ-સ્વરૂપ છે અને પર્યાયમાં પણ

સમતારસ પ્રગટે તે એનું સ્વરૂપ છે. આહાહા! સમજાણું કાંઈ? પણ એ સમતાની વ્યાખ્યા ભૂલી ગયો ભગવાન! હું આવો ને તેવો, આ મારા—એ રાગ તો મહાવિષમતા, મહામિથ્યાભ્રમ અજ્ઞાન છે. પણ હું ચૈતન્ય છું એવી ચીજને પણ મનના સંગે રાગની વૃત્તિઓ ઉઠાવતા ... એ પણ એક દુઃખ છે. એના વડે સમકિત પમાતું નથી. આહાહા! સમજાણું કાંઈ? કહે છે, એની દૃષ્ટિ અનાદિથી ત્યાં રાગ ઉપર પડી છે, એને ઉઠાવી લે. જ્યાં તારું નિધાન પડ્યું છે પૂર્ણાનંદ પ્રભુ અંદર ત્યાં દૃષ્ટિને લગાવ કે જે આત્મા સમતારસરૂપી પૂર્ણાનંદનો કંદ છે. આહાહા! કેમ બેસે? રાંકો થઈને ફરે. પાંચ રૂપિયા મળે ત્યાં ખુશી-ખુશી થઈ જાય આહા.. બે-પાંચ હજાર મળે તો કરો આજ લાપસીના આંધણ. ધૂળમાંય નથી, સાંભળને! આહાહા! એ સુજાનમલજી!

એ નથી ... માટે નથી. એની દરકાર કરી નથી એણે. જેનો વિશ્વાસ.... છોકરો આવે તો એમ થાય કે આહાહા! વારસો રાખશે. શેનો? રખડવાનો. એમાં રાજી થાય માળો. આહાહા! સાંઈઠ વર્ષે છોકરો થાય, છોડીયું પાંચ-છ હોય એમાં માંડ-માંડ એક થાય. આહાહા! હોળી છે તારે. શું છે તારે? આહાહા! એ તો ચીજ શરીર જડ છે, આત્મા પર છે. એ ત્યાં આવ્યો એમાં તારો ક્યાંથી થયો? એ પંડિતજી! આહાહા! બાપુ! ભૂલભૂલામણીમાં ભૂલી ગયો છે તું. ભૂલભૂલામણી છેને. એક ફેરી અમે ત્યાં વડોદરા ગયા હતાને. ૬૪ની સાલની વાત છે. કેસ ચાલતો હતો અમારે ખોટો કેસ. અફીણનો કેસ હતો. ૬૪ની વાત છે. ૧૭ વર્ષની ઉંમર હતી, ૧૭ વર્ષ. .... નવરા થાઈએ, પછી ગયા હતા. શું કહેવાય? બાગ. એમાં ભૂલભૂલામણી છે. ..... અંદર ગર્યા પછી નીકળવાનું સૂઝે નહીં. ત્યાં એક માણસ ઉભો હતો એ ટાણે. અહીંથી નીકળો...... આ ૬૪ની વાત છે. સંવત ૧૯૬૪. એય!

એમ આ ભૂલભૂલામણી એવી છે કે કોઈ બતાવનારા મળે તો ભૂલભૂલામણી નીકળે, એમ કહે છે. ........... છેને, બાગમાં છે, વડોદરા. ..... અહીંથી આમ ને અહીંથી આમ. એમ આ ભગવાન આત્મા, હું પર છું એમ માનીને ભૂલભૂલામણીમાં ગરી ગયો. એને છોડીને, અંદરમાં રાગ આવ્યો એ ત્યાં ગરી ગયો. એ રાગ નથી, પણ એ મારું ધર્મનું સ્વરૂપ છે. છે વૃત્તિ–રાગ. આહાહા! દયા, દાન, ભક્તિ, પૂજા, વ્રત, તપ એ બધી વિકલ્પની લાગણીઓ છે, રાગની લાગણી છે. બાપા! તને ખબર નથી ભાઈ! સમજાણું કાંઈ? તારી ચીજમાં એ નથી, એમાં તું નથી એવી એને ખબર નથી. આહાહા!

અહીં તો કહે છે કે ભેદના જે વિકલ્પ કે હું આવો, હું આવો—એ ભેદ પણ તારો નહીં હોં પ્રભુ! આહાહા! તારો ભેદ તો અનુભૂતિમાત્ર સ્વભાવ તે તારો ભેદ છે. સમજાણું કાંઈ? આહાહા! વીતરાગ ત્રિલોકનાથ તીર્થંકરદેવ એમ જગત પાસે જાહેર કરે છે, ભાઈ! તું અંદર ચૈતન્ય, આનંદનો નાથ છે, બાપુ! તને ખબર નથી. તે આનંદમાં જવા માટે આ વિકલ્પની લાગણીની રુચિ ને એની દૃષ્ટિ ત્યાંથી છોડી દે. આહાહા! આવું કામ છે. આહાહા! **અંદર અને**

**બહાર સમતા-રસરૂપી એક રસ જ જેનો સ્વભાવ છે**... આહાહા! એનું સ્વરૂપ જ અકષાય-સ્વરૂપ વીતરાગમૂર્તિ જ આત્મા છે. એ વીતરાગમૂર્તિ ન હોય તો વીતરાગપણું આવે ક્યાંથી? કાંઈ બહારથી આવે એવું છે? સમજાણું કાંઈ? લીંડીપીપરમાં ચોસઠ પહોરી તીખાશ ભરી છે. એ ઘૂંટે બહાર આવે, પ્રાપ્તની પ્રાપ્તિ (થાય), છે એ બહાર આવે છે. કંઈ ઘસવાથી આવતી નથી. સમજાણું કાંઈ?

એમ ભગવાન આત્મા અંદર અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત શાંતિ, સ્વચ્છતા, વીતરાગતાથી ભરેલું તત્ત્વ છે. એના ઉપર દૃષ્ટિ આપતાં, એ સમતારસથી ભરેલો છે, એમાં વિકલ્પની વિષમતા નથી એમ કહે છે. આહાહા! 'હું આવો છું' એ પણ વિકલ્પની વિષમતા છે, એ ઝેરના પીણા છે કહે છે. આહાહા! એને ઓળંગીને, પ્રભુ! ચીજ તારી અંદર સમતારસથી ભરેલી છે શાંત.. શાંત.. કેમ બેસે? એને વિશ્વાસ આવતો નથી. જોયું નથી, જાણ્યું નથી, અનુમાનેય કર્યું નથી. અનુમાનથી પણ, આ ચીજ છે શું..... આવો આત્મા સર્વજ્ઞ પરમેશ્વર વખાણે છે, પ્રશંસે છે કે મારી વાણીમાં પણ તારું તત્ત્વ પૂરું આવવું દુષ્કર છે, એ તત્ત્વ છે શું? સમજાણું કાંઈ?

એવું અંદરમાં કુતુહલ તો કર એકવાર, કહે છે. આવે છેને પહેલું. બીજાને જોવાને કુતૂહલ તું કરે છે અને એને જોવું હોય તો આમ કરે... બીજું છોડી દઈને એક ઠેકાણે (જો). તારી નજરું જાય છે બહારને જોવા. એકવાર અંદરમાં કુતૂહલ તો કર કે આ ચીજ છે શું? સમજાણું કાંઈ? માર્ગ વીતરાગનો બાપુ! ... ક્યાંય નથી અને વીતરાગમાં આ સાંભળવા મળે તો એની પાસે (સંપ્રદાયમાં) પણ નથી. આહાહા! આખો દિ' આ કરો, આ કરો, છકાયની દયા પાળો, જૈન.... છ કાયની દયા કોણ પાળે? એ તો પરદ્રવ્ય છે. એનું રહેવું, ટકવું તો એના આયુષ્યના કારણે છે. એને હું રાખી દઉં એ તો મહા મિથ્યાત્વભાવ છે. ગજબ વાત છે. સમજાણું કાંઈ? અને પરને નહીં મારવાનો–દયાનો ભાવ પણ રાગ ને વિકલ્પ છે. એમાં તું નથી, એનાથી તું મળે એવો નથી. એવી વાતું છે ભાઈ!

કહે છે કે સમતારસરૂપી રસ અંતરમાં છે એ જ બહાર આવે છે એમ કહે છે. વિકલ્પ તુટીને, અનુભૂતિ–શાંતરસની દશાનો અનુભવ, જે અંતરમાં રસ હતો એ બહાર પરિણમ્યો છે. આહાહા! શું કહે છે આ? ગ્રીક-લેટિન જેવું લાગે. એક તો જાણે રળવા, આબરૂ ને ભોગ આડે નવરો નથી. નવરો થાય તો આવું સાંભળવું મળવું.... શું કહે છે આ? એ કરતાં છ કાયની દયા પાળો, એક અપવાસ કરો, અઠ્ઠમ કરો, ચોવિહારા કરો, ઝટ સમજાય. એમાં શું સમજવું હતું? સમજાણું કાંઈ? રાગની મંદતામાં એવો ભાવ હોય, પણ એ ધર્મ નથી, એ ધર્મનું કારણ પણ નથી. આહાહા! કહો, છબીલભાઈ! શું હશે આ બધું? શું કહેવા માગે છે આમાં?

**એવા અનુભૂતિમાત્ર...** એમ અહીં કહેવા માગે છે. સમતારસનો પિંડ છે અભ્યંતર, એવો વિકલ્પની વૃત્તિ છૂટીને અંદર જાય ત્યારે સમતારસનો પિંડ છે એવી સમતા પરિણતિમાં આવી. પરિણતિ એટલે શું વળી? જે રાગની દશા હતી એના સ્થાનમાં અરાગીદશા થઈ એને અરાગી પરિણતિ-પર્યાય કહેવામાં આવે છે, એને સમ્યગ્દર્શન કહે છે. સમજાણું કાંઈ? આહાહા! પાછું **એવા અનુભૂતિમાત્ર...** જોયું! સમતારસનો પિંડ પ્રભુ અકષાયરસવાળું તત્ત્વ એમાં દૃષ્ટિ જતાં અકષાયની પરિણતિ પર્યાયમાં થાય, એ એનો સ્વભાવ ને એ એનું સ્વરૂપ છે.

**અનુભૂતિમાત્રમાત્ર એક પોતાના ભાવને (-સ્વરૂપને)...** દેખો! શાંતિ પ્રગટે એ પોતાનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? ઓલો રાગ હતો એ પોતાનું સ્વરૂપ નહોતું. આમાં શું સમજવું? ..... આહાહા! કહે છે... આ તો આપણે આવી ગયું છે. અનુભૂતિમાત્ર પ્રગટ છે જુઓ! જેનો સમતારસરૂપી એક જ સ્વભાવ છે, એવા સ્વભાવની અનુભૂતિમાત્ર... જોયું! આનંદસ્વરૂપ ભગવાન આત્મા શાંત વીતરાગમૂર્તિ આત્મા એની ઉપર દૃષ્ટિ થતાં વીતરાગી પરિણતિ પર્યાયમાં પ્રગટ થાય એ જીવનું સ્વરૂપ છે, એ આત્માનું સ્વરૂપ છે. રાગાદિ જે ભાવ હતો એ આત્માનું સ્વરૂપ નહોતું. આહાહા! એ પંડિતજી! આ સમ્યગ્દર્શનની વ્યાખ્યા. વીરચંદભાઈ! આવું છે. આ તો હજી ધર્મની પહેલી દશાની વાત છે. ચારિત્ર જે છે એ તો વળી ક્યાંય આઘું રહી ગયું. સમજાણું કાંઈ? ચારિત્ર તો હજી સ્વરૂપનું ભાન થઈને શાંતરસ પ્રગટ્યો, એ શાંતરસમાં અંદરમાં ત્રિકાળીમાં વિશેષ અંદર સ્થિર થઈ જવું, અંદરમાં આનંદમાં લીનતા જામી ગઈ એનું નામ ચારિત્ર છે. આ લૂગડાં ફેરવ્યા, મહાવ્રતના પરિણામ લીધા એ ચારિત્ર નથી. સમજાણું કાંઈ?

કહે છે, **સમતારસરૂપી એક રસ જ...** એક રસ જ... એ એકરૂપ જેનું છે. એવો અનુભૂતિમાત્ર... એને જે વર્તમાન અનુભૂતિ થઈ, જે રાગનો અનુભવ હતો એ મૂકીને એના સ્થાનમાં અરાગીસ્વભાવનો અનુભવ થયો, એ **અનુભૂતિમાત્ર એક પોતાના સ્વરૂપને...** લ્યો. એ અનુભૂતિ પોતાનું સ્વરૂપ છે એમ કહે છે. આ પર્યાયની વાત છે હોં. એ ચેતનજી! અનુભૂતિ તો પર્યાય છેને. એ તો વાત આવી ગઈ છે આપણે. એવી પોતાની નિર્મળ વીતરાગી પર્યાય, એવો એક પોતાનો ભાવ એને **પામે છે.** વિકલ્પની અનેકતા છે એ છૂટી જઈને એકરૂપ સમતાની પર્યાયને પામું છું. એ અંદર વીતરાગના પંથે પળ્યો, એમ કહે છે. સમજાણું કાંઈ? વીતરાગી પંથ કંઈ આત્માની પર્યાયથી બહાર ન હોય. સમજાણું કાંઈ?

એક રસ છે જેનો સ્વભાવ એવા અનુભૂતિ(માત્ર)... એવો અનુભવ... રાગરહિત નિર્વિકલ્પ અનુભવદશા, એને પ્રતીતમાં લઈને સમ્યગ્દર્શન થાય છે. એને સમ્યગ્દર્શન કહે છે. હજી તો ચોથા ગુણસ્થાનની વાત ચાલે છે. આહા! શ્રાવક-બ્રાવક પાંચમે તો ક્યાંય રહી ગયા હજી. આ વાડાનો શ્રાવક એ શ્રાવક નથી. સમજાણું કાંઈ? આવો અનુભૂતિ(માત્ર)... અરે

ભગવાન! પર્યાયમાં પોતાના સ્વરૂપપણે સ્થિર થયો, રાગરૂપે પોતાને સિદ્ધ ન કરી, એને ભૂલીને સ્વભાવમાં પરિપૂર્ણ પરિણમ્યો, એ પોતાનું અનુભૂતિ સ્વરૂપ પોતાનું છે. એ પર્યાય પોતાની છે, એ આત્માનું સ્વરૂપ છે. ચેતનજી!

જરીક ચાલતું હતું ત્યારે આવી વાત બોલ્યા.... જાણે શુદ્ધપર્યાય થઈ. ..... સમયસારની પહેલાંની..... આ અનુભૂતિ. સિદ્ધ પર્યાય છે એમ બોલ્યા હતા. છેને વીસમો બોલ. આ શુભપર્યાયને પામે છે. શુભપર્યાયને અનુભવે....... સમજાણું કાંઈ? નય એ જ આત્મા. રાગ ક્યાં... રાગ એ તો વિકલ્પ છે, અનાત્મા છે, આસ્રવ છે. પણ આસ્રવની એને ખબર નથી. આમ હાથ જોડી .... સવારે પ્રતિક્રમણ કરાવે. પણ આસ્રવ કોને કહીએ એના ભાન વિના? આમ હાથ જોડ્યા ને થઈ ગયા આસ્રવ રહિત? એવું કરતાં નથી આવડ્યું અનંતકાળમાં?

એ વિકલ્પ ઉઠે છે પુણ્ય-પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો પરિણામ એ આસ્રવ છે. આસ્રવની દૃષ્ટિ એટલે એનો આશ્રય છોડીને, ભગવાન આત્માનો આશ્રય લેતાં જે શાંતરસ છે તે પરિણતિમાં આવે છે, વિકલ્પ વિનાની શાંતિ આવે છે. જે પોતાનું સ્વરૂપ છે એને એ પામે છે. (પહેલા) રાગને પામતો, એ અનુભૂતિને પામે છે. કહો, સમજાણું કાંઈ? આ બધા શબ્દો બધું વાંચવું પડશે. કાલ કીધું કે વાંચવાનો વખત મળતો નથી. નવરા (નથી), ધંધો પાપ આડે સૂઝે છે ક્યાં? ...... કલાક-કલાક વાંચવું જોઈએ. શું ભગવાન કહે છે? આ માર્ગ આત્માનો ... છે. ......... વાંચે તો ખબર પડેને. એકલો સાંભળે, એ તો કો'ક દિ' સાંભળે બે-ચાર દિ'નો ટાઈમ. સમજાણું કાંઈ? હવે ટીકાકાર પોતે શ્લોક કહે છે. આ તો આધારનો હતો. આવા ૮૭ આધાર છે. આ ૭૧મી ગાથા. આમાં ૮૭ આધાર છે. ........ શ્લોક ૨૫૯.

**વળી (આ ૧૫૦મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :–**

**मुक्त्वा जल्पं भवभयकरं बाह्यमाभ्यन्तरं च**
**स्मृत्वा नित्यं समरसमयं चिच्चमत्कारमेकम्।**
**ज्ञानज्योतिःप्रकटितनिजाभ्यन्तरांगान्तरात्मा**
**क्षीणे मोहे किमपि परम तत्त्वमन्तर्ददर्श ॥२५९॥**

અભ્યંતર અંગ પ્રગટ્યું એમ કહે છે. રાગ હતો અભ્યંતર અંગ નહીં, એ બહાર લટકતો અંગ.... .... લેવું છેને. પુણ્ય-પાપનો ભાવ છે એ લટકતી આંગળી છે, કપાવવા જેવી છે. આ તો અંદર..... અસ્તિ-નાસ્તિ..... આ અભ્યંતર અંગ કહ્યું છે. છેને અહીંયા. આહાહા!

**શ્લોકાર્થ : ભવભયના કરનારા, બાહ્ય તેમ જ અભ્યંતર જલ્પને છોડીને...** આહાહા! એવું આ અનુપમ ઘર છે. એને–(મુનિને) બોલવાનો વિકલ્પ છે એ પણ રાગ છે. આહાહા! જે ભવભયના કરનારા રાગ છે. સમજાણું કાંઈ? આવ્યું હતુંને બહિર્જલ્પ ને અંતર્જલ્પ. સ્વાધ્યાય, પ્રત્યાખ્યાન, સંયમ, ભગવાનનો સ્તવન, લોગસ્સ આદિ બોલવા.'લોગ્ગસ્સ ઉજ્જોઅગરે

ધમ્મતિત્થયરે જિણે..' એ બધી વાણી છે. એમાં ઉઠ્યો છે વિકલ્પ-રાગ. સમજાણું કાંઈ? એને બહિર્જલ્પ કહ્યું. આ ખાવું, પીવું, ગમન, એમાં સત્કારાદિની ભાવના એ અંતર્જલ્પ છે અંતરનો. કોઈ મને ધર્મી ગણે અને મને બીજા કરતાં અધિક–જુદો પડું એમ ગણે—એવી ભાવનાવાળો સત્કારનો કામી છે. આહા! એ અંતર્જલ્પે રાગમાં દુઃખી છે. આહાહા! બેયને છોડીને... એ વૃત્તિઓ દુઃખદાયક છે. આહાહા! સંયોગ પ્રતિકૂળ એ દુઃખરૂપ નથી. એ તો જ્ઞેય છે. આ વૃત્તિઓ છે તે દુઃખરૂપ છે. આહાહા! સમજાણું કાંઈ?

**સમરસમય (સમતારસમય) એક ચૈતન્યચમત્કારને...** કેવો છે ભગવાન આત્મા અંદર? સમતારસમય એક ચૈતન્યચમત્કાર છે. સમતારસમય... આવે ચૈતન્યચમત્કાર.... આહાહા! વીતરાગી ચૈતન્યચમત્કાર એનું સ્વરૂપ છે. ચૈતન્યમાંથી હિલોળો ચૈતન્યની કળાને જાણતા, આવું સમતારસનું પરિણમન થતાં એવો એ ચૈતન્ય એને **સદા સ્મરીને...** એને યાદ કર, કહે છે. આહાહા! યાદ ક્યારે થાય? કે એનો અનુભવ થયો હોય તો યાદ થાય. જે વાત ધારણામાં આવી હોય તો તેને યાદ થાય. સમજાણું કાંઈ? આત્મા અંદર પુણ્ય ને પાપના વિકલ્પ વિનાની ચીજનો અનુભવ હોય તો તેને યાદ થાય. સમજાણું કાંઈ? આ હજી ચોથા ગુણસ્થાનની વાત ચાલે છે. આહા! ભારે.. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરો, જાઓ સમકિત, નવતત્ત્વની શ્રદ્ધા કરો, સમકિત. એ સમકિત નથી ભાઈ! તને ખબર નથી. એવી શ્રદ્ધા તો અધર્મીએ પણ કરી, એનું ફળ શું? આહાહા!

પૂર્ણાનંદનો નાથ અંદર સચ્ચિદાનંદ પ્રભુ, સર્વજ્ઞે કહ્યો એવો સત્ નામ શાશ્વત, જ્ઞાન ને આનંદનો ભંડાર ચૈતન્યચમત્કાર સમરસમય... ચૈતન્યનો ચમત્કાર પણ સમરસમય. આહાહા! એને સદા સ્મરીને... આહાહા! નિરંતર દૃષ્ટિ અંદર દ્રવ્ય ઉપર રાખીને, એમ કહે છે. **સમરસમય (સમતારસમય) એક ચૈતન્યચમત્કારને સદા સ્મરીને, જ્ઞાનજ્યોતિ વડે...** પોતે ચૈતન્યપ્રકાશનો પૂંજ, નૂર છે. આત્મા તો ચૈતન્યના પ્રકાશનો સૂર્ય છે. આ છે તે જડનો પ્રકાશ છે. ભગવાન અંદર ચૈતન્યપ્રકાશનું નૂરનું પૂર છે. એવા પૂર વડે કરીને **જેણે નિજ અભ્યંતર અંગ પ્રગટ કર્યું છે...** આહાહા! જ્ઞાનજ્યોતિ વડે અંતર ચૈતન્ય ભગવાન ચૈતન્યચમત્કાર દ્વારા–એ વડે જેણે અભ્યંતર વીતરાગ પર્યાય.... અભ્યંતર અંગ... આ જડ અંગ તો માટીના છે. સમજાણું કાંઈ?

અભ્યંતર અંગ–એનો અવયવ. ત્રિકાળી અવયવી સમરસમય ચૈતન્યચમત્કાર એનું પરિણમન થઈને અભ્યંતર અંગ–આત્માનું એક અંગ પ્રગટ્યું—સમ્યગ્દર્શનનો અંગ શાંતિ. સમજાણું કાંઈ? નથી માણસ કહેતા? આ અમારા અંગત માણસ છે. ... કહે છે. એવી બધી વાતું કરે. .................. આહાહા! તારું અભ્યંતર અંગ તો, વીતરાગી પર્યાય એ અભ્યંતર અંગ છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન-જ્ઞાન-શાંતિ સ્વના આશ્રયે પ્રગટી તે તારું અંગ છે. એ તારા અંગીનું અંગ છે. આહાહા! તારું ચૈતન્યશરીર–ચૈતન્યરૂપી શરીર એમાં પર્યાયનો એક અવયવ–

અંગ આ છે. શુદ્ધ ચૈતન્ય અખંડાનંદ છું એવી જે અંતર અનુભવની પ્રતીતિ, અનુભવની દશામાં પ્રતીતિ એ બધું તારું અંગ, અભ્યંતર અંગ એને કહીએ. જે એમાંથી આવ્યું એને અભ્યંતર અંગ કહીએ. બહારથી ઊભું થયું વિકલ્પાદિ એ એનું અંગ છે નહીં. આહાહા! ભારે વાત ભાઈ!

એક પદાર્થમાં આવી વાતું અજાણી.... શું આમાં છે ને શું શૈલી! એ મોહનભાઈ! શું આમાં કરવું? રાગ કરે, બીજી જડની ક્રિયા કે ધંધા-પાણીની ક્રિયા કરી શકતો નથી. સાકરનો ધંધો (છે) તો સાકરના પોટલા ફેરવે એ કરી શકે છે? એ તો જડની ક્રિયા છે. આ હાથ ... છે, જુઓને! એ આત્માની ક્રિયા છે? એ તો જડની માટીની છે, રજકણ અજીવતત્ત્વની છે. એમાં અભિમાન કરે કે મારાથી થાય, એ રાગને કરે. સમજાણું કાંઈ? હવે .... કહે છે.... એક ક્ષણ તે છોડ. એક ક્ષણ છોડ તો........ આહાહા! રાગાદિનો પાડોશી થઈ જા. સમજાણું કાંઈ? આહાહા!

**એવો અંતરાત્મા...** છેને? નિજ અભ્યંતર અંગ પ્રગટ કર્યું છે. પાછું અંતર આત્મા..... અંતર સ્વરૂપમાંથી અંદર સમ્યગ્દર્શન, જ્ઞાન, શાંતિનો પર્યાય પ્રગટ કર્યો, એ નિજ અભ્યંતર અંગ પોતાનું છે. સમજાણું? એનો એ પર્યાય છે, એ દ્રવ્યનું અંગ છે. **એવો અંતરાત્મા**... લ્યો, એવો અંતરાત્મા પૂર્ણ શુદ્ધ ચૈતન્યને અનુભવમાં લઈને પ્રગટ કરી પર્યાય એવો અંતરાત્મા. એ સમ્યગ્દૃષ્ટિ અંતરાત્મા. રાગ ને પુણ્ય ને એના ફળને મારા માનનારો એ બહિરાત્મા. બહિર્ વસ્તુ છે એને પોતાની માની એ મૂઢ બહિરાત્મા, એ અજ્ઞાની. સમજાણું કાંઈ? આહાહા!

**મોહ ક્ષીણ થતાં...** એવો અંતરાત્મા તે મોહ ક્ષીણ થતાં-નાશ થતાં **કોઈ (અદ્ભૂત) પરમ તત્ત્વને અંદરમાં દેખે છે.** આહાહા! આગળ જતાં મોહ નાશ થતાં પરમ તત્ત્વને અંદરમાં દેખે છે. અખંડ પૂર્ણાનંદ પૂર્ણ સ્વરૂપ એને પૂર્ણ વીતરાગભાવે દેખે છે. આવી વાત છે. ૧૫૦ ગાથા થઈ. કેમ છે, કેમ લાગે છે આમાં? દિલીપ! આ ચૌદ વર્ષનો છોકરો બોલે છે. માર્ગ આ છે, એ તો કર, અંદરમાં તો લે. સમજાણું કાંઈ? શેઠ! અંતર્જલ્પમાં વર્તે તેને બહિરાત્મા કહ્યો છે. હવે, ધ્યાનમાં ન હોય તે બહિરાત્મા, એમ કહેશે. ધ્યાનમાં હોય એ અંતરાત્મા. ઓહોહો! નિયમસારની ભાષા.

**जो धम्मसुक्कझाणम्हि परिणदो सो वि अंतरंगप्पा ।**
**झाणविहीणो समणो बहिरप्पा इदि विजाणीहि ॥१५१॥**

બસ, એમાં .... જલ્પમાં વર્તે તે બહિરાત્મા, જલ્પમાં ન વર્તે તે અંતરાત્મા. ધ્યાનમાં હોય ધ્યાની જીવ તે અંતરંગ-આત્મા, ધ્યાન વિનાનો આત્મા તે બહિરાત્મા. ચર્ચા ઝીણી પડશે હોં. થોડુંક ધ્યાન રાખવું પડશે. ધ્યાનનો અર્થ અંદરમાં એકાકાર. સમ્યગ્દર્શન દ્વારા અંદર એકાકાર છે એ પણ એક ધ્યાન છે. ભલે વેપારાદિમાં દેખાય, પણ સમકિતીને ધ્યાન અંદર એકાગ્રતાએ જાતું નથી. અને જે અંદરના ધ્યાન વિનાનો હોય એને અજ્ઞાની, બહિરાત્મા કહે છે. આહાહા! અને અંતર સ્વરૂપ ભગવાન આત્મા એમાં ધ્યાનવાળો એટલે એની એકાગ્રતાવાળાને અંતરાત્મા, ધર્માત્મા, પરમાત્માનો સાધક કહેવામાં આવે છે.

**વળી ધર્મશુક્લધ્યાનપરિણત અંતરાત્મા જાણજે;**
**ને ધ્યાનવિરહિત શ્રમણને બહિરંગ આત્મા જાણજે. ૧૫૧.**

બહિરંગ.. જોયુંને ઓલામાં **बहिरप्पा** કહ્યુંને. ... એટલે અંતરંગ. બહિરંગ આત્મા જાણજે.

**ટીકા : અહીં (આ ગાથામાં), સ્વાત્માશ્રિત નિશ્ચય-ધર્મધ્યાન...** દેખો! નિશ્ચય ધર્મધ્યાન સ્વાશ્રિત કેટલી વાર (આવે છે)! આહા! ઓલા તો કહે, દયા, દાન, વ્રત એ શુભભાવ, એ શુભભાવમાં ધર્મ, ધર્મધ્યાન. એમ નથી ભાઈ! તને ખબર નથી. એ તો પરાશ્રિત વિકલ્પ છે. સ્વાશ્રિત અંદર આત્મા પૂર્ણાનંદ પ્રભુ, એને આશ્રિત–સ્વ-આત્માને આશ્રિત... પરમાત્મા વીતરાગને પણ નહીં. વીતરાગ ત્રિલોકનાથ તીર્થંકર કહે છે કે મારે આશ્રિત લક્ષ જાશે તો તને રાગ થાશે, પુણ્ય થશે. અમે તારાથી પરદ્રવ્ય ભિન્ન છીએ, એમ કહે છે પરમાત્મા. અમારું સ્મરણ ને અમારો આશ્રય લેતાં તને રાગ થશે. તારો આશ્રય લેતાં તને અરાગી ધર્મદશા થશે. અખંડાનંદમૂર્તિ પ્રભુ... પ્રકાશદાસજી! આવી વાત છે.

'કર સાહેબની બંદગી..' ભગવાન સાચા તીર્થંકર ત્રિલોકનાથ તીર્થંકર અરિહંતની બંદગી પણ શુભરાગ છે. કેમકે એ પરદ્રવ્ય છે ને પરદ્રવ્યનું લક્ષ જતાં શુભરાગ જ થાય. સ્ત્રી, કુટુંબ ને ધંધા ઉપર લક્ષ જતાં પાપરાગ થાય. કારણ કે પર વિષય છેને. અહીં લક્ષ જતાં શુભરાગ થાય. થાય રાગ. સ્વાશ્રયે આવતાં વીતરાગતા થાય. સમજાણું કાંઈ? વીતરાગતાનો અંશ પણ સ્વ-આશ્રયે પ્રગટે. સમ્યગ્દર્શન-જ્ઞાન એ વીતરાગતાનો અંશ છે. સમજાણું? 'સ્વાત્માશ્રિત' એમ ભાષા છે. સ્વ પોતાનો આત્મા, એને આશ્રિત નિશ્ચય ધર્મધ્યાન એ પર્યાય થઈ. આહાહા! નિશ્ચયધર્મધ્યાન એ પર્યાય છે, અવસ્થા છે. અરાગી–અકષાયી પરિણતિ–પર્યાય છે. સમજાણું કાંઈ?

નવા માણસને તો ગ્રીક-લેટીન જેવું લાગે એવું છે. કોઈ દિ' સાંભળ્યું ન હોય. આ શું કહે છે? અરે! આવો માર્ગ હશે વીતરાગનો? .... કે કંદમૂળ ન ખાવા, ... પાંચમ, આઠમ અપવાસ કરવા. પાંચમ, આઠમે બ્રહ્મચર્ય પાળવું, આવું બધું સાંભળ્યું હતું. આ ક્યાંથી કાઢ્યું આવું? એ બધી વાતું બાપુ! એ રાગની મંદતાની ક્રિયાની વાતું ચાલે છે. આહાહા! ધર્મ એ નથી. છગનભાઈ! આવું છે. અહીં .... ધર્મધ્યાન કીધું છે. બારમું ગુણસ્થાન હોં. ....... આગળ આવશે. સ્વાત્માશ્રિત નિશ્ચય ધર્મધ્યાનની આ વ્યાખ્યા ચાલે છે. જ્ઞાનાનંદસ્વરૂપ પ્રભુ એને આશ્રયે જે દશા પ્રગટ થાય તેને ધર્મધ્યાન કહીએ. ભગવાન ત્રિલોકનાથ તીર્થંકર અરિહંતને 'લોગસ્સ ઉજ્જોઅગરે..' ગાય એમાં શુભરાગ આવે. ધર્મનો અંશ નહીં. આહાહા! કહો, સમજાણું કાંઈ?

નિશ્ચયધર્મધ્યાન... આત્મા જ્ઞાનનો પુંજ પ્રભુ, એકલું જ્ઞાનનું ધોકડું આત્મા છે. એનો આશ્રય લઈને એકાગ્રતા જે થઈ, એ નિશ્ચયધર્મધ્યાન છે. એ વીતરાગી પર્યાય છે હોં, શુભયોગ નહીં. ધર્મધ્યાનમાં શુભયોગ ને શુક્લધ્યાનમાં શુદ્ધયોગ છે એમ કહે છે. શુદ્ધતા આમાં પણ છે,

એમાં–શુક્લધ્યાનમાં વધારે સ્થિરતા છે, આમાં ઓછી સ્થિરતા છે. સમજાણું કાંઈ? **સ્વાત્માશ્રિત નિશ્ચયધર્મધ્યાન...** નિશ્ચય એટલે સાચું ધર્મધ્યાન, એમ. આત્મા અનંત આનંદ ને જ્ઞાનસ્વરૂપી પ્રભુ એનો આશ્રય લઈને જે દશા પ્રગટ થાય એ સાચું ધર્મધ્યાન છે. એના વિના પરના આશ્રયે જેટલા વિકલ્પ ઉઠે એ બધું ખોટું ધર્મધ્યાન છે. આહાહા! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ?

**અને નિશ્ચય-શુક્લધ્યાન...** શુક્લ લીધું સ્વ-આત્માનો આશ્રય. વિશેષ ઉજ્જવળતા પ્રગટ થાય એને સ્વાશ્રિત સાચું શુક્લધ્યાન કહેવામાં આવે છે. **એ બે ધ્યાનો જ ઉપાદેય છે...** લ્યો. ... ઉપાદેય કીધું. પર્યાય ઉપાદેય છેને પ્રગટ કરવાની અપેક્ષાએ. પ્રગટ કરવા માટે ઉપાદેય છે. .... માટે હેય છે. સમજાણું કાંઈ? **એ બે ધ્યાનો જ...** પાછો એમ શબ્દ છે. ... છેને.... એનો અર્થ કે રાગાદિનો વિકલ્પ છોડવા જેવો છે અને આ પર્યાયને પ્રગટ કરવા જેવું છે શુદ્ધ ઉપાદાન. તે જ એક ઉપાદેય, આદરણીય છે. બાકી શુભરાગ એ આદરણીય નથી. હોય છે, પૂર્ણ વીતરાગ ન હોય ત્યાં સુધી નિશ્ચય ધર્મધ્યાન સહિત ... શુભરાગ હો, પણ હેય છે. આદરવાલાયક નથી, છોડવાલાયક છે. **બે ધ્યાનો જ ઉપાદેય છે એમ કહ્યું છે.** ......

**અહીં (આ લોકમાં) ખરેખર સાક્ષાત્ અંતરાત્મા ભગવાન ક્ષીણકષાય છે.** બારમું ગુણસ્થાન. સાક્ષાત્ .. આત્મા, સાક્ષાત્ ક્ષીણકષાય. અંતરાત્મા ચોથે ગુણસ્થાનથી હોય છે. એ આવી ગયું છે. એ જઘન્ય. આઠમેથી અગિયાર મધ્યમ. બારમે ઉત્કૃષ્ટ. ત્રણેય અંતરાત્મા છે. ત્રણેય કેવળજ્ઞાનના સાધક છે. 'તીનોં શિવમગચારી'. પાઠ આયા ન છ ઢાળામેં. 'શિવમગચારી.' સમ્યગ્દૃષ્ટિ જઘન્ય અંતરાત્મા, સાચા શ્રાવક પંચમ ગુણસ્થાનવાળા મધ્યમ અંતરાત્મા ત્યાંથી અગિયારમે. બારમે ઉત્કૃષ્ટ અંતરાત્મા. મુનિ બાહ્ય-અભ્યંતર ત્યાગી પરિગ્રહના અને શુદ્ધોપયોગી એ મધ્યમ અંતરાત્મા. શુદ્ધ ઉપયોગીને મુનિ કહીએ. પંચમહાવ્રતના વિકલ્પ એ તો રાગ છે. એ મુનિપણું નહીં. એમ આવે છેને.

બાહ્ય-અભ્યંતર ત્યાગી શુદ્ધ ઉપયોગી... આહા! છઢાળામાં એવું આવે છે. શુભરાગ, દયા, દાન, વ્રત, ભક્તિ પૂજા, શુભરાગ એનાથી રહિત આત્માના સ્વભાવને આશ્રયે શુદ્ધોપયોગ પ્રગટે એને અહીંયા મુનિપણું કહ્યું છે. આહાહા! ભાગ્યશાળી એટલે એકના તેર. સમજાણું? ક્ષીણકષાય છે. **ખરેખર તે ભગવાન ક્ષીણકષાયને...** જુઓ! બારમું ગુણસ્થાન... **સોળ કષાયોનો અભાવ હોવાને લીધે દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય કર્મરૂપી યોદ્ધાઓનાં દળ નાશ પામ્યાં છે...** લ્યો. મિથ્યાત્વ અને અસ્થિરતા ચારિત્ર બેય નાશ થઈ ગયા છે. ઓહોહો! .......... .... તેથી એ આત્મા કેવો છે એની વિશેષ વાત છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**માગશર વદ-૩, શનિવાર, તા. ૨૩-૧૨-૧૯૭૨**
**ગાથા-૧૫૧, શ્લોક-૨૬૦-૨૬૧, પ્રવચન નં. ૧૮૧**

નિશ્ચય પરમ-આવશ્યક (અધિકાર), નિયમસાર.

**ટીકા : અહીં (આ ગાથામાં), સ્વાત્માશ્રિત...** ચૈતન્યસ્વરૂપે ભગવાન પ્રભુ આત્મા એનો આશ્રય કરીને જે પરિણમન થાય, તેને ધર્મધ્યાન અને શુક્લધ્યાનના પરિણામ કહે છે. પર્યાય–પરિણતિ થાય. 'સ્વ-આત્માનો આશ્રય' છેને, પાઠમાં છેને **परिणदो**. **परिणदो**—પરિણમે. આત્મા ધ્રુવ નિશ્ચય શુદ્ધ આનંદ ને જ્ઞાયકનું ધામ છે, એમાં એકાગ્ર થઈને ધર્મધ્યાન કે શુક્લધ્યાન વડે પરિણત એટલે પર્યાયમાં પરિણમે તેને નિશ્ચય-આવશ્યક કહે છે. ટીકામાં એમ જરી અર્થ આવ્યો છે. **નિશ્ચય-ધર્મધ્યાન અને નિશ્ચય-શુક્લધ્યાન એ બે ધ્યાનો જ ઉપાદેય છે એમ કહ્યું છે.** એટલે કે પરિણમન કરવાલાયક બે જ છે, એમ. સમજાણું કાંઈ? જ્ઞાન ને આનંદ એવું સ્વરૂપ જીવનું, એ રીતે જ્ઞાન ને આનંદરૂપે પરિણમન થવું ધર્મધ્યાન દ્વારા અથવા શુક્લધ્યાન દ્વારા, એ પરિણતિ–પરિણમન એ જ આવશ્યક છે. એ આવશ્યક કરવાલાયક ક્રિયા આ છે. કહો, સમજાણું કાંઈ? એને અહીંયા ઉપાદેય કહ્યો છે. કેમકે પરિણત થવાલાયક છેને એથી એને ઉપાદેય કહ્યો.

**અહીં (આ લોકમાં) ખરેખર સાક્ષાત્ અંતરાત્મા...** બારમું ગુણસ્થાન લે છેને. **ભગવાન ક્ષીણકષાય છે...** જેને સોળ કષાયનો નાશ થયો છે અને અંતરાત્માની પરિણતિ જેની ઉગ્ર થઈ છે. ત્યાંથી ઉપાડ્યું, શુક્લધ્યાનથી ઉપાડ્યું જુઓ! શાસ્ત્રમાં આવે છે કે પાંચમા આરામાં શુક્લધ્યાન ન હોય. પણ એની ભાવના હોયને. ધર્મધ્યાનની ભાવનામાં જ શુક્લધ્યાન આવવાનું છે. સમજાણું કાંઈ? એથી કહે છે કે **ભગવાન ક્ષીણકષાય...** દેખો! બારમા ગુણસ્થાનની સોળ કષાયના અભાવની દશા એ ભગવાન ક્ષીણકષાય છે. છે છદ્મસ્થ. અંતરાત્માની વાત છેને. **ખરેખર તે ભગવાન ક્ષીણકષાયને સોળ કષાયોનો અભાવ હોવાને લીધે...** એને તો બધાય કષાયનો નાશ થઈ ગયો છે.

તેથી **દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય કર્મરૂપી યોદ્ધાઓનાં દળ નાશ પામ્યાં છે...** નાશ કર્યા છે એમ નથી કીધું. પોતાના સ્વરૂપમાં ઉગ્રપણે પરિણમનને લઈને... એટલે અહીં ક્ષીણકષાય દશાવાળાની વાત પરિણતિથી લીધીને. એને **દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય કર્મરૂપી યોદ્ધા...** જુઓ! કર્મરૂપી મોટા જોદ્ધા એના દળ નાશ પામ્યા છે. એના પરમાણુના સમૂહનો નાશ થયો છે. **તેથી તે (ભગવાન ક્ષીણકષાય) સહજચિદ્વિલાસલક્ષણ અતિ-અપૂર્વ આત્માને...** સહજ જેનું લક્ષણ–ચિહ્ન–સ્વરૂપ સહજ ચૈતન્યનો વિલાસ છે. **સહજ**

**ચિદ્વિલાસલક્ષણ અતિ અપૂર્વ આત્માને, શુદ્ધનિશ્ચય-ધર્મધ્યાન અને શુદ્ધનિશ્ચય-શુક્લધ્યાન એ બે ધ્યાનો વડે નિત્ય ધ્યાવે છે**, એટલે નિત્ય તે પરિણમે છે. સમજાણું કાંઈ?

કહે છે, **આ બે ધ્યાનો વિનાનો દ્રવ્યલિંગધારી...** હવે એક એ લીધો છે. ચોથા, પાંચમા, છઠ્ઠાવાળા પણ અંતરાત્મા છે એમ ટીકામાં આવી ગયું. જેને સ્વ-વસ્તુ ભગવાન આત્મા એના તરફની દૃષ્ટિ (સહિત)નો આશ્રય નથી એ બધા બહિરાત્મા, મિથ્યાદૃષ્ટિ છે. ચાહે તો દ્રવ્યલિંગ નગ્નપણું ધારણ કર્યું હોય, પંચમહાવ્રતના વિકલ્પો પણ જેને હોય, છતાં વસ્તુ ભગવાન આત્માનો આશ્રય લીધો નથી તેથી તે અંતરાત્મા નહીં, (પણ) બહિરાત્મા છે. સમજાણું કાંઈ? ચાહે તો પંચમહાવ્રત પાળતો હોય, હજારો રાણીયું છોડી, ધંધા-પાણી મૂકીને સાધુ થયો હોય અને સાધુના જે ૨૮ મૂળગુણ છે એમાં એ હોય, પણ એને આત્મદ્રવ્યનો આશ્રય નથી માટે બહિરાત્મા છે. સમજાણું કાંઈ? પંડિતજી! આહાહા!

પહેલી વાત લીધી બારમાની, પછી બહિરાત્માને કહીને વચમાં બીજા બધા લઈ લીધા. ચોથાવાળા, પાંચમાવાળા, છઠ્ઠાવાળા અંતરાત્મા છે, કેમકે એને (આત્મદ્રવ્યનો) આશ્રય છે. જેને સ્વને આશ્રયે પરિણતિ પ્રગટી છે એને અંતરાત્મા કહેવામાં આવે છે. છદ્મસ્થને લાયકની સ્વને આશ્રયે ઉત્કૃષ્ટ પરિણતિ–અંતરાત્મદશા છે એને પહેલો લીધો છે, એમ કહે છે. હેઠલી દશામાં જેને સ્વદ્રવ્યનો આશ્રય નથી, એ બધા રાગાદિના આશ્રયમાં પડેલા મિથ્યાદૃષ્ટિ કહીને બહિરાત્મા કહ્યા. અને એના–અંતરાત્માના પેટાભેદ લઈ લીધા ઓલા ચોથા, પાંચમા, છઠ્ઠા આદિ. કહો, સમજાણું કાંઈ? આહાહા!

ભગવાન પૂર્ણસ્વરૂપ, રાગ વિનાની ચીજ, (સ્વભાવ)ની અપેક્ષાએ નિત્ય એવો જે ભગવાન પૂર્ણ ચૈતન્યજ્યોતિધામ એનો જેણે આશ્રય લીધો, એમાં જેની એકાગ્રતા થઈ, એ પછી ભલે ચોથે (ગુણસ્થાને) હોય તોપણ એ અંતરાત્મા છે. સમજાણું કાંઈ? અને જેને ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, વસ્તુ આખી અનંત આનંદનો કંદ પ્રભુ આત્મા એના ઉપર દૃષ્ટિ નથી, એનો આશ્રય લીધો નથી, એને અવલંબનમાં લીધો નથી, એ જીવો ભલે પછી પંચમહાવ્રત, ૨૮ મૂળગુણ પાળતા હોય, હજારો રાણીઓ છોડીને જંગલમાં રહેતા હોય, પણ એને સ્વદ્રવ્યનો આશ્રય નથી એટલે એ બધા બહિરાત્મા છે. આહાહા! પ્રકાશદાસજી! ક્યાં ગયા ઓલા તમારા પંચમહાવ્રત? પાંચ મહાવ્રત ચારિત્ર.. પાંચ મહાવ્રત ચારિત્ર. વયા ગયા? સમજાય છે કાંઈ?

ચૈતન્ય ભગવાન મહાપ્રભુ પૂર્ણ જ્ઞાન, પૂર્ણ દર્શન, પૂર્ણ સ્વચ્છતા, પ્રભુતા.. પ્રભુતાના સ્વભાવથી પૂર્ણ ભરેલો પ્રભુ છે. એવા પ્રભુનું જેણે શરણ લીધું નથી, એ ભલે ગમે તે રીતે પંચમહાવ્રત આદિ ક્રિયાકાંડ પાળતા હોય, તોપણ એ બહિરાત્મા, મિથ્યાદૃષ્ટિ, મૂઢ છે. આહાહા! ભારે વાત ભાઈ! એની કંઈ કિંમત નહીં? બહિરાત્મા કહ્યો. જે વસ્તુ છે પ્રભુ આત્મા, તીર્થંકર સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમાત્મા અરિહંતે જે આત્મા કહ્યો એ આત્મા તો પૂર્ણ આનંદ ને જ્ઞાનનું

ધામ છે. એમાં જેટલા વિકલ્પો ઉઠે તો એ બધો અણાત્મા, અચેતન છે. અચેતનનો આશ્રય લઈને અચેતનમાં પડ્યો છે એ ચેતન નથી, એ બહિરાત્મા છે એમ કહે છે. પંચમહાવ્રતના પરિણામ હો, બાર વ્રતના વિકલ્પ હો, એમાં જે પડ્યો છે એ અચેતનમાં પડ્યો છે, બહિરાત્મા છે. કારણ કે ચેતનમાં એ ભાવ છે નહીં. સમજાણું કાંઈ?

વીતરાગ માર્ગ અપૂર્વ છે. દુનિયા પાસે વીતરાગમાર્ગને બદલે અજૈનમાર્ગ, જૈન તરીકે અજૈનનો માર્ગ આપ્યો છે જગતને. પીરસાણું છે અજૈન, મનાવે છે જૈન. આહાહા! પ્રભુ વીતરાગમૂર્તિ આત્મા આહા! જ્યાં ભગવાનના સ્મરણના વિકલ્પનો અવકાશ નથી. એવો જે આત્મા અંતર સચ્ચિદાનંદ પ્રભુ... સચ્ચિદાનંદ એટલે? કોઈ વળી કહે, આપણે સચ્ચિદાનંદ ક્યાંથી આવ્યું? 'સહજાનંદ' કહ્યું હતુંને એક ફેરી. અમારા ઉમરાળામાં હીરાભાઈની બા હતા હમકોરબા. નેમિભાઈના ફૈબા. નેમિભાઈ છેને. સંતોકબા હતાને, એના ફૈબા થાય. અહીં સહજાનંદી આવે તો એ પછી કહેતા કે આ સહજાનંદી આપણે ક્યાંથી આવ્યું? ઓલા જૈનશાળામાં ઉતરેલાને જૈનશાળામાં, નહીં? હીરાભાઈની સામે. એ પછી રાતે આવી શકે નહીં, બેસે બારણામાં ..... સાંભળવા. એ એમ કહેતા, આ સહજાનંદી આપણે ક્યાંથી આવ્યું? સહજાનંદી તો સ્વામીનારાણયમાં હોય.

પણ સહજાનંદ એટલે શું? આત્માનો સ્વભાવ સહજ આનંદ છે. એનો અનુભવ થવો એ સહજાનંદી આત્મા છે. સમજાણું કાંઈ? ... સહજાનંદી તો સ્વામીનારાયણમાં કહે છે. એ ઈશ્વર કર્તા માનનારા છે. એ સહજાનંદી નહીં. સમજાણું કાંઈ? અને સચ્ચિદાનંદ આવે છે. ઓલા સ્વામિનારાયણ હોયને એ માગવા આવે ત્યારે એમ બોલે. સચ્ચિદાનંદ પ્રભુ એમ બોલે. સચ્ચિદાનંદ તો સ્વામિનારાયણમાં આવે. આપણે... અહીં તો (સત્+ચિદ્+આનંદ) સત્ એટલે શાશ્વત વસ્તુ, એમાં ચિદ્ એટલે જ્ઞાન ને આનંદ એવો આત્મા એને અહીંયા સચ્ચિદાનંદ કહે છે. સમજાણું કાંઈ? ચકડોળે સરખા દેખાય એટલે કાંઈ વસ્તુ ફરી જાય?

કહે છે કે આવો જે ભગવાન એનું જેને ધર્મધ્યાન વર્તતું હોય પરિણતિમાં-પર્યાયમાં, શુક્લધ્યાન વર્તતું હોય પરિણતિમાં-પર્યાયમાં... ચેતનજી! પરિણત શબ્દ છે આમાં. છે? પર્યાય છેને એ. 'પરિણત' શબ્દ પાઠમાં છે. પાઠમાં 'પરિણત' છે. એનું થવું એ ઉપાદેય છે, એમ. સમજાણું કાંઈ? આત્મા પૂર્ણાનંદના નાથને અવલંબતું એ સમ્યગ્દર્શન ભલે હો, એને અંશે જ્ઞાન ને સ્થિરતા હોય, પણ એ અંતરાત્મા છે. પછી એ ભલે છ ખંડના રાજમાં દેખાય. દેખાય, પણ એ છ ખંડ એના જ્ઞાનમાં, આનંદની પર્યાયમાં નથી. સમજાય છે કાંઈ? એ તો અખંડને સાધનારો છે. સોગાનીએ કહ્યું છેને, છ ખંડને..... ચક્રવર્તી છ ખંડ સાધે છે (એમ નહીં), એ તો અખંડને સાધે છે. આહાહા!

એ છન્નું હજાર સ્ત્રીમાં... આગળ કહેશે. અજ્ઞાનીને 'આ બહિરાત્મા છે કે અંતરાત્મા છે' એવો વિકલ્પ વર્તે છે. ભાષા તો જુઓ! વિકલ્પ વર્તે છે અંદરમાં એ તો બહિરાત્મા છે. ધર્મીને વિકલ્પ વર્તતો જ નથી. ધર્મીની પરિણતિમાં વિકલ્પ વર્તતો જ નથી. આહાહા! વિકલ્પ ભિન્ન રહી જાય છે. અજ્ઞાનીને 'બહિરાત્મા છું કે અંતરાત્મા છું' એવો જે વિકલ્પ એકાકાર થઈને થાય છે, એ વિકલ્પમાં જ વર્તે છે, એ અજ્ઞાનીને જ હોય છે. આહાહા! સમજાણું કાંઈ? આ તો બહુ શાંતિથી સમજવા જેવી વાત છે બાપુ! ...... આહાહા! એ ચીજ શું છે એનું માહાત્મ્ય જ આવ્યું નથી એને. અંદર કોણ છે? હું એટલે આત્મા સાધારણ. બસ થઈ રહ્યું. આવે છેને 'મારો આત્મા'.

રખડનારો એ આત્મા જ નહીં. રખડવાનો ભાવ એ આત્મા જ નહીં. શેઠ! રખડવાનો ભાવ તો નવીન છે. આત્મા વસ્તુ નવી છે? સમજાણું કાંઈ? રખડવાનો ભાવ અને એનું ફળ એ વિનાનો આત્મા છે તેને આત્મા કહીએ. આહાહા! જ્ઞાનાનંદ પ્રભુ, શુદ્ધસ્વભાવથી ભરેલો ભંડાર એને 'આત્મા' પરમાત્મા કહે છે. હજી એને આત્મા કોને કહેવો એની ખબરું ન મળે અને એને ધર્મ થઈ જાય. ધર્મ કરનારો કેવડો, ક્યાં છે, કેમ છે (એની ખબર વિના) ધર્મ થાય? લખ્યું હતું ત્યાં એક ફેરી સોનગઢ વ્યારા. સોનગઢ વ્યારા નહોતા ગયા? ત્યારે........ જયંતીભાઈ ત્યાં છેને. ધર્મ કરનારને એવો વિચાર વિના ધર્મ થાય નહીં. ધર્મ કરનાર કોણ છે? એ કોણ છે? એ પ્રકાશદાસજી! ધર્મ કરવો છે એ કરનાર કોણ છે? એ કોણ છે એની ખબરું વિના ધર્મ થાય નહીં. આહાહા! સમજાણું કાંઈ?

રાજના કુંવરો મહામણિરતનના પૂતળા જેવા, એ પણ સમ્યગ્દર્શન પામે છે ત્યારે કહે છે કે વિકલ્પ છે એમાં અમે નથી. એનામાં રાગ જ નથી. સમજાય છે કાંઈ? જેમાં રાગ છે તે આત્મા નહીં ને આત્મા છે તેમાં રાગ નહીં. સમજાણું કાંઈ? આહાહા! ૨૧૮ ગાથામાં લીધું છેને. આત્મા જ્ઞાનાનંદ પ્રભુ એનો જેને અંતરમાં આશ્રય નથી, સ્વદ્રવ્યનું અવલંબન લીધું નથી, સ્વદ્રવ્ય કેવડો-કેમ છે એનો આશ્રય લીધો નથી, એ પછી ચાહે તો દ્રવ્યલિંગી સાધુ પંચમહાવ્રત પાળતો નગ્ન મુનિ રહે, એ બહિરાત્મા છે. મિથ્યાદૃષ્ટિ બહિરાત્મા છે. એ અંતરાત્મા નહીં. આહાહા!

અને છ ખંડના રાજમાં છન્નું હજાર સ્ત્રીની વૃંદમાં પડ્યો દેખાય, બીજાને પડ્યો દેખાય હોં, એ તો આત્મા આનંદસ્વરૂપ છું એની પરિણતિમાં એ પોતે છે. એ નથી રાગમાં, નથી વિષયમાં, નથી રાજમાં. આહાહા! સમજાણું કાંઈ? આવો માર્ગ. સાંભળ્યું હોય નહીં, સમજવું હોય નહીં, થઈ ગયા અમારે ધર્મ. આ સામાયિક કરીએ ને પોષા કર્યા ને પડિકમણા કર્યા, થઈ ગયા ધર્મ લ્યો. રાતે ચોવિહાર..... ચાર પ્રકારના આહાર... પણ 'રાગ મારો છે' એમ રાગને ખાય છે એ જ મિથ્યાત્વ છે. રાગ મારો છે એમ રાગમાં રમતું છે, એ જ બહિરાત્મા,

મિથ્યાત્વભાવ છે. એય! આવી વાતું છે. રાગ વિનાની ચીજ અંદર ચૈતન્ય પ્રભુ (જેને) મનનો સંબંધ નહીં, રાગનો સંબંધ નહીં, સમ્-બંધ નહીં, સંબંધ નહીં એટલે બંધ નહીં. સમજાણું કાંઈ?

એવો જે આત્મતત્ત્વ અબદ્ધતત્ત્વ... અબદ્ધતત્ત્વ કહો, સંબંધ વિનાનું તત્ત્વ કહો, અસંગતત્ત્વ કહો. આહાહા! અરે! મૂળની વાતું મૂકીને બીજી વાતું. એમાં એને ધર્મ. કે દિ' એના આરા આવે ભાઈ? આ જન્મ-મરણના આરા.... જન્મ-મરણ અને જન્મ-મરણનું કારણ એ બેય વિનાનો ભગવાન આત્મા છે. જો એ વિનાનો હોય તો એ વિનાનો થઈ શકે. સમજાણું કાંઈ? શું કીધું એ? મિથ્યાત્વ અને રાગ-દ્વેષના ભાવ એ ભવનું કારણ છે. પણ એ ભવના કારણ જ જેનામાં નથી, એને અહીંયા આત્મા કહો, ધર્મધ્યાન, શુક્લધ્યાનની પરિણતિવાળો એને આત્મા કહો. રાગની પરિણતિવાળો... આહાહા! પરિણતિ સમજાણું? પર્યાય. ચાહે તો દયા, દાન, વ્રતના રાગના પરિણામ હો, પણ રાગની પરિણતિવાળો બહિરાત્મા છે. એમાં છે કે નહીં? આહાહા! અને ધર્મધ્યાન ને શુક્લધ્યાન એટલે કે જેને વીતરાગી પરિણતિ સ્વદ્રવ્યને આશ્રયે થઈ એ અંતરાત્મા.

**એમ હે શિષ્ય! તું જાણ.** એમ કહ્યુંને. **विजाणीहि** છેને અંદર? જુઓ! **इदि विजाणीहि**.. બરાબર જાણ, વિશેષ જાણ. કુંદકુંદાચાર્ય.. ભગવાન કુંદકુંદાચાર્ય આમ કહે છે. હે ભાઈ! આમ તું જાણ હોં. તારા જાણવામાં આમ લે કે જે કોઈએ ભગવાન ચૈતન્યસ્વરૂપ પ્રભુ એનો આશ્રય લીધો નથી, પરના આશ્રયના વિકલ્પમાં પડ્યા છે એ બધાને બહિરાત્મા તું જાણ. સમજાણું કાંઈ? ....... છે કે નહીં? એમાં પડ્યું છે કે નહીં? ... કહ્યું કે તું આમ જાણ. ત્યારે એને જ્ઞાનમાં આવે છે કે નહીં? સમજાણું કાંઈ? ગજબ માર્ગ છે વીતરાગનો. **હે શિષ્ય!** પાઠ છે ખરોને. **विजाणीहि**... કોઈને કહે છેને કુંદકુંદાચાર્ય. એટલે કાઢ્યું કે હે શિષ્ય! આમ જાણ.

**[હવે અહીં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]**

**कश्चिन्मुनिः सततनिर्मलधर्मशुक्ल-**
**ध्यानामृते समरसे खलु वर्ततेऽसौ।**
**ताभ्यां विहीनमुनिको बहिरात्मकोऽयं**
**पूर्वोक्तयोगिनमहं शरणं प्रपद्ये॥२६०॥**

**શ્લોકાર્થ : કોઈ મુનિ સતત-નિર્મળ ધર્મશુક્લ-ધ્યાનામૃતરૂપી સમરસમાં ખરેખર વર્તે છે...** આહાહા! મુનિને ઉદ્દેશીને વાત કરી છે, પણ અંતરાત્માની વ્યાખ્યા છેને. ચોથા ગુણસ્થાનવાળો પણ અંતરાત્મા છે, પાંચમાવાળો પણ અંતરાત્મા છે. છઠ્ઠાની તો વાત ચાલે છે. સમજાણું કાંઈ? જે મુનિ સતત નિર્મળ... મુનિ શબ્દ આવ્યોને એટલે. નિરંતર નિર્મળ ધર્મધ્યાન-શુક્લધ્યાન... આહાહા! શું કહે છે? જુઓ! પ્રભુ પૂર્ણાનંદનો નાથ એને જ્યાં પકડ્યો, એની દૃષ્ટિમાં એ ચીજ આવી, નિરંતર ધર્મની પરિણતિ, શુક્લધ્યાનની પરિણતિ એને વર્તે છે.

સમજાણું કાંઈ? એ સૂતો હોય, ખાતો હોય, પીતો હોય તોય એને ધર્મપરિણતિ વર્તે છે. સમજાણું કાંઈ?

**કોઈ મુનિ સતત નિર્મળ ધર્મશુક્લ-ધ્યાનામૃતરૂપી સમરસ**... આહાહા! ચોથા ગુણસ્થાનમાં પણ સમકિતને ધર્મામૃતરૂપી સમતાભાવ પ્રગટ્યો છે. એમ એમાંથી નીકળે છે કે નહીં? ઓછો છે. વાત તો એ છે. આહાહા! સતત છે, (એક) સમયનો (પણ) જેને ધર્મપરિણતિનો આંતરો નથી. જેને ભગવાન પૂર્ણ શુદ્ધ ચૈતન્ય એના આશ્રયનો એક સમયનો પણ વિરહ નથી. સમજાણું કાંઈ? આહાહા! ભગવાન આત્મા પરમાત્મસ્વરૂપે પ્રભુ પોતે જ છે, એનો આશ્રય ધર્મીને નિરંતર–સતત વર્તે છે. આહાહા! સમજાણું કાંઈ? એને ધર્મ-શુક્લધ્યાન-અમૃતરૂપી સમરસ ખરેખર વર્તે છે. શુદ્ધસ્વરૂપ ભગવાન આત્મા એની જેને અંતર દૃષ્ટિ થઈને શુદ્ધનું પરિણમન થયું, ધર્મધ્યાનની પરિણતિ થઈ, એને નિરંતર સ્વનો આશ્રય ને પરિણતિ વર્તે છે. આહાહા! સમજાણું કાંઈ?

એ તો ધ્યાનામૃત એટલે કે ધ્યાનમાં તો એનો અમૃતનો આનંદનો સ્વાદ ને વીતરાગતા જ હોય છે. ભારે વાતું ભાઈ! ...... આ છે? એ નહીં, આ છે. ... આવે છે ખરા. સમજાણું કાંઈ? આ તો ચેતનને સમજવાનું છે. ચેતન... આહાહા! ભાઈ! તું ચેતન છોને! આ (શરીર) તો માટી, જડ છે. અંદર પુણ્ય-પાપ, દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ થાય એ પણ રાગ ને વિકાર છે. એ આત્મા નથી. આહાહા! આત્મા તો રાગ વિનાની ચીજ, આનંદ ને જ્ઞાનના પૂર્ણ ભાવથી ભરેલો છે, એવા આત્માને અહીં આત્મા કહે છે. આહાહા! એવા આત્માનું જેને અંતર અવલંબન વર્તે છે, એ નિરંતર ધ્યાનરૂપી દશા અમૃતમય ને સમરસમય છે. આહાહા! કાંતિભાઈ!

**સતત નિર્મળ**... એ 'સતત' ઉપર વજન છે. સ્વદ્રવ્યનો આશ્રય તો નિરંતર સતત જ વર્તે છે ત્યાં. ધર્મધ્યાનરૂપ પરિણતિ હોય કે શુક્લધ્યાનરૂપ પરિણતિ હોય, સ્વનો આશ્રય તો ત્યાં નિરંતર છે. આહાહા! જેની મીટ દ્રવ્ય ઉપર પડી છે એ કદી ખસી નથી. આહાહા! ભારે વાતું ભાઈ! આવો વીતરાગ માર્ગ જગતને કાને પડે નહીં, સાંભળવા મળે નહીં, એ સમજે કે દિ' અને કે દિ' એને પ્રાપ્ત થાય? આહાહા! સમજાણું કાંઈ? એમ નથી કે વૃદ્ધ માણસને માટે આ સમજવાનું છે. જુવાનો ચાલ્યા જાય છે. આહાહા! ભાઈએ કાલે નહોતું કહ્યું? જુવાની ઝોલા ખાય છે.. જુવાની ઝોલા ખાય છે. આમ પડું.. પડું.. પડું. ... થઈ ગયો બાપા! આ તો ...... આહાહા! ...............

કોને કહેવી જુવાની, કોને કહેવું વૃદ્ધ? બાપુ! જુવાની તો એને કહીએ કે આત્માના આશ્રયે ધર્મધ્યાનની દશા પ્રગટે એને જુવાની કહીએ, અને રાગની દશામાં વર્તનારને બાળ કહીએ અને બારમે, તેરમે ગુણસ્થાને વર્તતો તેને વૃદ્ધ કહીએ. સમજાણું કાંઈ? આ માટીના પૂતળાની અવસ્થાઓ, આહાહા! ઈયળું પડે ભાઈ! કહ્યું નહોતું એક ફેરી? લાઠીની બાઈ હતી .... જુવાન શરીર, .......... ડેલો નહીં? લાઠીનો ડેલો, ધીરુભાઈનો ડેલો. એની બાઈ પડી હતી. બે

વર્ષનું પરણેતર હોં. એની ધણીની નવી. જૂની મરી ગઈ હતી. એને માતા નીકળી માતા. દાણે-દાણે ઈયળું. એ તળાઈમાં સુવાડી...

હે બા! આવા પાપ મેં આ ભવમાં નથી કર્યા. નાની ઉંમરની બાઈ હતી. ૧૭ વર્ષ કે ૧૮ વર્ષની ઉંમર હતી એની. તળાઈમાં પણ.. ગોદડું, શું કહેવાય? રૂ. દાણે ઇયળું પડી. આમ પડખું ફેરવે તો ઇયળું ઝરે, આમ પડખું ફેરવે તો ઈયળું..... બાપા! શરીર તો એવા છે ભાઈ! આહાહા! વેદના.. વેદના.. વેદના. હે બા! ....... આવા પાપ મેં આ ભવમાં નથી કર્યા. હજી તો બિચારી નાની ઉંમરની. અમે જોઈ હતી. ....... આહાહા! શરીર ઝીર્ણ... બાપા! અંદર આત્માનો આશ્રય લ્યો. પણ એ બિચારા બાળકને.... સાધુએ સાભળ્યું ન હોય તો બાળક બિચારાને.... આહાહા!

અંતર વસ્તુ ભગવાન, એવી સરોગી શરીરની ચીજમાં પણ પ્રભુ તો પવિત્ર પડ્યો છે અંદર. એને કોઈ દિ' સડો લાગતો નથી. અહીં તો નિરંતર ધર્મી જીવને તો, નિરંતર વસ્તુસ્વભાવ પરમાત્મા, એની પર્યાયને નિરંતર દ્રવ્યનો આશ્રય છે. પછી એ ધર્મધ્યાનની નિર્મળતા હો કે શુક્લધ્યાનની હો, આનંદ સહિત સમભાવ થઈ ગયો છે. આત્માના આનંદના અંશ સહિત સમભાવ જેમાં રહ્યો છે, ધર્મી એમાં વર્તે છે. ધર્મી રાગમાં, પુણ્યમાં, બહારમાં વર્તતો નથી. શરીરમાં વર્તે એ તો ક્યાંય રહ્યું ભાઈ! **ખરેખર વર્તે છે**... એમ પાછી ભાષા છેને. ખરેખર... આહાહા! ખરેખર એટલે નિશ્ચયથી. સત્સ્વરૂપ ભગવાન પૂર્ણ આનંદ ને જ્ઞાનની ગાંઠડી મોટી, આહાહા! એને ખોલીને એમાં વર્તે છે, કહે છે. સમ્યગ્દર્શનમાં એણે ગાંઠડીને ખોલી નાખી છે. ગાંઠ જે હતી રાગ ને સ્વભાવની એકતા, તુટીને પરિણતિ શુદ્ધ થઈ. ઓહો! દશા તો જુઓ!

એ ખરેખર તો એમાં જ વર્તે છે. ચાહે તો ચોથાવાળો હોય, પાંચમાવાળો, છઠ્ઠાવાળો કે સાતમાવાળો. આહાહા! સમજાણું કાંઈ? એવો ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ પોતે, જેણે પોતાનું શરણ લીધું તે નિરંતર શરણમાં જ વર્તે છે. એનું શરણ કોઈ દિ' જાતું નથી. 'અરિહંતા શરણં, સિદ્ધા શરણં' એ તો બધી શુભરાગની વાતું છે. આહાહા! કહ્યું હતુંને એક ફેરી, નહીં? ભાઈ! ....... રાજકોટ. રાજકોટના હતા રતનભાઈ. હુશિયાર માણસ હતા. ..... બિચારાને ખબર ન પડી. માણસ બુદ્ધિવાળો. ........... બોલાવો મહારાજને. પાંજરાપોળમાં હતા. પાંજરાપોળ છેને ત્યાં. ગયા, મંગળિક સંભળાવ્યું, ... બાઈ બેઠેલી. એની સ્થિતિ ............ મરવાની તેયારી. .....

મહારાજ! શું સંભળાવ્યું તમે આ? ડાહ્યો માણસ ને. આ શું કહ્યું તમે? કીધું, 'અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં' કહ્યું એનો અર્થ આ કે આત્મા અંદર આનંદ છે એનું શરણ લેવું, એનો આશ્રય લેવો. 'કેવલી પણ્ણત્તો ધમ્મો' એ શરણ છે. એકાદ-બે દિ' એ દેહ છૂટી ગયો. .... આહાહા! ...... આ (બહારના) ભગવાન શરણ દેવા આવે એવું નથી કાંઈ. શેઠ! આહાહા! તું તેરા–તારું શરણ ભગવાન તું છો. આહાહા! તું અરિહંત, તું સિદ્ધ, આચાર્ય, તું ઉપાધ્યાય, તું સાધુ. આવે છેને, યોગસારમાં આવે છે. .... રાગ વિનાની તારી ચીજ તું અરિહંત છો, રાગ

વિનાની તારી ચીજ એ સિદ્ધ છો, રાગ વિનાની તારી ચીજ એ આચાર્યપણું છે. અહીં આચાર્ય કહે છે, શરીરની ક્રિયા ને રાગ એ આચાર્યપણું નથી. અંતરની વીતરાગી પરિણતિ પ્રગટેલી દશાવાળો આત્મા તેને આચાર્ય કહીએ. સમજાણું કાંઈ?

આ બે ધ્યાનની પરિણતિવાળો, આવી બે ધ્યાનની પર્યાયવાળો. રાગની કે શરીરની પર્યાયવાળો એમ નથી કહ્યું. પાઠ જ એમ કહે છે જુઓને! **जो धम्मसुक्कझाणम्हि परिणदो...** આહાહા! કુંદકુંદાચાર્યની વાણી તો અમૃત છે. રામબાણ મારે છે. આહાહા! એક-એક ગાથા, એક-એક પદે ભગવાન આમ ઊભો થયો છે. ભાઈ! તું તને સંભાળ. તું તને સંભાળ. આહાહા! તારું સ્વરૂપ આનંદસ્વરૂપ પ્રભુ છે એની સંભાળ કર. આ દુનિયાની સંભાળ કરવા મરી ગયો ને કાંઈ થયું નહીં. આહાહા! સમજાણું કાંઈ? ખરેખર, જે આત્મા પોતાના શુદ્ધસ્વરૂપના ધ્યાનની પરિણતિમાં વર્તે છે તે ખરેખર અંતરાત્મા છે. આહાહા! બરાબર છે પંડિતજી? આ શરીર બાયડી, છોકરા નહીં હોય કાંઈ? શરીરેય નહીં હોય, ..... શરીર નથી. થઈ ગયો ભગવાન કેવળી? ભગવાન...... ચાર કર્મ નથી તો થઈ ગયો. અરે સાંભળને! તું મશ્કરી કરવી રહેવા દે. આહાહા! હું ભૂલ્યો. થઈ ગયા........... એને કર્મ પણ નથી હવે? કર્મ પણ નથી, રાગેય નથી, કર્મના ઉદયનો ભાવ એને નથી, એનામાં નથી. આહાહા! સુજાનમલજી! આહાહા! એ તો ભિન્ન રહી ગઈ જગતની ચીજ. આહાહા!

**એ બે ધ્યાનો વિનાનો...** ભાષા તો જુઓ! જેને ભગવાન આત્માનું અંતર ધ્યાન સમ્યગ્દર્શન-જ્ઞાન આદિ નથી, એ ભલે પંચમહાવ્રતના પરિણામમાં વર્તતો હોય તો પણ એ બહિરાત્મા, અજ્ઞાની છે. એના જન્મ-મરણના દોરા તૂટ્યા નથી, જન્મ-મરણની ગાંઠું ગળી નથી એને. આહાહા! અને જેને, રાગનો પોતાનો ન માનતા સ્વરૂપની દૃષ્ટિ ને ધ્યાનની પરિણતિ છે, એને રાગની ગાંઠ જ નથી, કહે છે. એને તો આત્મા આનંદનો ગાંઠડો એનો છે. સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ! આવી. આવું તે કાંઈ ચોથે ગુણસ્થાન થઈ જતું હશે? ગુણસ્થાન જ ક્યાં છે? ગુણસ્થાન બધા પુદ્ગલના પરિણામ છે. આહાહા! એય!

**એ બે ધ્યાનો વિનાનો તુચ્છ મુનિ...** 'તુચ્છ' ભાષા વાપરી જોયું! આહાહા! રાગનો રસિયો એકલા રાગમાં પડ્યો છે કહે છે. ભલે એ પંચમહાવ્રત પાળતો હોય, એ રાગનો રસિયો રાગમાં પડ્યો એ મૂઢ, તુચ્છ છે. આહાહા! એ **તુચ્છ મુનિ તે બહિરાત્મા છે. હું પૂર્વોક્ત...** પૂર્વોક્ત કહ્યું હતુંને 'સમરસ'. ધર્મશુક્લધ્યાનામૃતરૂપી સમરસ પરિણતિવાળા **યોગીનું શરણ ગ્રહું છું.** એટલે એમ ન કહ્યું કે હું એવો છું, પણ આ યોગીનું શરણ ગ્રહું છું. રાગનું નહીં, આનું નહીં, હું તો આનું શરણ ગ્રહું છું. જુઓ! શરણ આવ્યું. આહાહા! ભગવાન પૂર્ણાનંદનો નાથ એનું મેં તો શરણ ગ્રહ્યું છે. રાગ-બાગનું હવે શરણ મારે છે નહીં. આહાહા! સમજાણું કાંઈ? ટીકામાં પણ કેટલું નાખ્યું છે!

....નું શરણ ગ્રહું છું. ઓલા અરિહંત ને સિદ્ધના શરણ ક્યાં ગયા? પોતે જ ભગવાન છે, એનો આશ્રય કર્યો છે તો એનું શરણ મારે છે, બસ. આહાહા! સમજાણું કાંઈ? વીતરાગમાર્ગ

કોઈ અલૌકિક છે ભાઈ! દુનિયામાં ક્યાંય આ વાત છે નહીં. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર સિવાય આવી વાતું... આહાહા! તું જ ઈશ્વર થઈ શકે છે, કેમકે ઈશ્વરસ્વરૂપ છે. આહાહા! તું જ પરમાત્મસ્વરૂપ છો તો પરમાત્મા થઈ શકે છો. પરમાત્મા થવા પહેલા અંતરાત્મામાં આવી દશા હોય છે એમ કહે છે.

**વળી (આ ૧૫૧મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ વડે શ્લોક દ્વારા) કેવળ શુદ્ધનિશ્ચયનયનું સ્વરૂપ કહેવામાં આવે છે :–**

**बहिरात्मान्तरात्मेति विकल्पः कुधियामयम् ।**
**सुधियां न समस्त्येष संसाररमणीप्रियः ॥२६१॥**

ભગવાન આત્મા શુદ્ધતત્ત્વ દ્રવ્ય ને ગુણ શુદ્ધ, એની દૃષ્ટિ ને પરિણમન થતાં એની પર્યાય પણ શુદ્ધ. આહાહા!

**શ્લોકાર્થ :** એવા **(શુદ્ધ આત્મતત્ત્વને વિષે) બહિરાત્મા અને અંતરાત્મા એવો આ વિકલ્પ કુબુદ્ધિઓને હોય છે...** એ વિકલ્પમાં વર્તવું કુબુદ્ધિઓને હોય છે એમ કહે છે. એથી એવો વિકલ્પ કુબુદ્ધિઓ, અજ્ઞાનીઓને હોય છે. આહાહા! ફરીને. બહિરાત્મા ને અંતરાત્મા એવો આ વિકલ્પ (એટલે) આ રાગ, એમ. રાગ અજ્ઞાનીને હોય છે. આહાહા! કહો, સમજાણું કાંઈ? આવી તે વાત! દસમા ગુણસ્થાને જે રાગ છે એને..... સાંભળને હવે! રાગ સાથે દુનિયા પડી છે, તે શું છે તારે? જ્ઞાનસ્વરૂપી ભગવાન, રાગથી ભિન્ન પડીને જ્યાં આત્મજ્ઞાન થયું, આત્મદર્શન થયું, તો આત્મજ્ઞાન, આત્મદર્શન એમાં એ રાગની વાત ક્યાં આવી? રાગનું જ્ઞાન આવ્યું કે આ આત્મામાં રાગ નથી એમ જ્ઞાન થયું. સમજાણું કાંઈ? ચૈતન્યસ્વભાવનું ભાન થતાં ચૈતન્યસ્વભાવમાં રાગ નથી અને રાગ છે તે આમાં નથી. એવું જ્યાં આત્મજ્ઞાન ને આત્મદર્શન થયું, એ જીવને વિકલ્પ હોતો નથી. એ જીવની દશામાં વિકલ્પ હોતો નથી. સમજાણું કાંઈ?

બહિરાત્મા ને અંતરાત્મા એવો આ રાગ કુબુદ્ધિઓને હોય છે. એના અસ્તિત્વમાં રાગ અજ્ઞાનીને હોય છે. આત્માની હયાતીમાં રાગ અજ્ઞાનીને હોય છે. આત્માની મોજૂદગીમાં રાગ-આસ્રવ અજ્ઞાનીને હોય છે. આહાહા! **સંસારરૂપી રમણીને પ્રિય...** રાગના વશમાં, રાગમાં હું ને એ રાગ મારામાં એવો જે મિથ્યાત્વભાવ, એ સંસારરૂપી રમણી–ચાર ગતિમાં દુઃખરૂપી સ્ત્રી–દુઃખરૂપી પરિણતિ એનો પ્રિય આ વિકલ્પ છે. આહાહા! ભારે નિયમસાર તો ગજબ કામ કરે છેને! શેમાં? આત્મામાં. આહાહા! કહે છે કે સંસારરૂપી સ્ત્રી–દુઃખની પરિણતિ–સંસાર પરિભ્રમણરૂપી ભાવ દુઃખરૂપ એવી સ્ત્રી–રમણીને પ્રિય, એને પ્રિય રાગ છે. સમજાણું કાંઈ?

**એવો આ વિકલ્પ સુબુદ્ધિઓને હોતો નથી.** આહાહા! સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની ધર્મીને રાગ જ હોતો નથી. આહાહા! સમજાણું કાંઈ? કેમકે જેને રાગનું વર્તન નથી, રાગમાં વર્તવું નથી, એને રાગ નથી. અને જેને રાગમાં વર્તવું છે ને રાગમાં રમવું છે એ રાગી પ્રાણી બહિરાત્મા છે. આહાહા! કહો, ચીમનભાઈ! આવી વાતું છે. જૈનમાં જન્મીને પણ જૈન કોને કહેવા એ એણે

સાંભળ્યા ન હોય. આને જૈન કહેવાય કે જે ભગવાન આત્મા વીતરાગસ્વરૂપી એનો આશ્રય લઈને વીતરાગી પરિણતિમાં છે એને જૈન કહીએ. રાગમાં છે એને જૈન ન કહીએ. આહાહા! સમજાણું કાંઈ? અરે! એણે શાંતિથી સાંભળ્યું છે કે દિ'? આહાહા!

ત્રણ લોકનો નાથ અનંતા સિદ્ધની પર્યાયને પેટમાં-ગર્ભમાં રાખીને પડ્યો એ ભગવાન બિરાજે છે. એવા ભગવાનનો જેણે આશ્રય લીધો એ તો વીતરાગી પરિણતિમાં જ પડ્યો છે. સમજાણું કાંઈ? એ રાગની, પરની પર્યાયમાં નથી. અને જે રાગની પર્યાયમાં વર્તે છે તે જૈન નથી. એ અંતરાત્મા નથી એટલે બહિરાત્મા છે. આહાહા! પ્રકાશદાસજી! કાંઈ હતું ત્યાં? બીજી રીતે કહીએ તો, શુભરાગ ને અશુભરાગ ભાવબંધસ્વરૂપ છે. ભાવબંધસ્વરૂપમાં વર્તે એ મિથ્યાદૃષ્ટિ છે. કેમકે ભગવાન આત્મા અબંધસ્વરૂપી છે. મુક્તસ્વરૂપ જ છે અત્યારે હોં. મુક્તસ્વરૂપની પરિણતિમાં વર્તવું, અબંધસ્વરૂપની દૃષ્ટિ થતાં એના પરિણમનમાં અબંધપરિણામ જ પ્રગટ થાય. અબંધ પરિણામ કહો કે સમ્યગ્દર્શન પરિણામ કહો કે મોક્ષમાર્ગના કે વીતરાગી પરિણતિ કહો. આહાહા! ભારે કામ. ગજબની વાતું છે. આચાર્યોની કથની તે ચારેકોરથી મેળ ખાતી દેખાય છે. સમજાણું કાંઈ?

એટલે કહે છે, વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે. જુઓ! શું કહ્યું ત્યાં? વ્યવહાર મારો છે એમ જાણેલો પ્રયોજન નથી. આહાહા! કહો, ગીરધરભાઈ! આવું હતું ત્યાં? કોઈ દિ' સાંભળ્યું હતું અપાસરામાં? નાગરભાઈએ સાંભળ્યું નહોતું ને છગનભાઈએ સાંભળ્યું નહોતું. આહાહા! ચૈતન્ય હીરલો અંદર આનંદ ને શાંતિ આદિના ગુણના શીલને સેવતો, એ તો સિદ્ધસ્વરૂપ પ્રભુ પોતે એનો આશ્રય થઈને શુદ્ધ પરિણતિ પ્રગટે એ દ્રવ્ય શુદ્ધ, ગુણ શુદ્ધ ને પર્યાય શુદ્ધ એમાં એ રહે છે. આહાહા! અને અજ્ઞાનીને દ્રવ્ય ને ગુણ શુદ્ધ છે, પણ પરિણતિ તો શુદ્ધ છે નહીં. એને તો એ રાગનો ભાવ, ચાહે તો દયા, દાન, વ્રત, પૂજા આદિનો શુભરાગ હો, એકલો રાગમાં વર્તનારો એ બહિરાત્મા છે. આહાહા! ગજબ શૈલી છે. સમજાણું કાંઈ?

એવો રાગમાં પડ્યો છે એ સંસારરૂપી રમણીને પ્રિય છે. એ રાગની પ્રિયતા સમકિતીને કેમ હોય? એમ કહે છે. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિને રાગ પ્રિય કેમ હોય? કારણ કે સંસારની રમણીને પ્રિય છે. આહાહા! ચાર ગતિના દુઃખોમાં રખડનાર જીવને રાગનો પ્રેમ છે. સમજાણું કાંઈ? એ રતિભાઈ! આવી વાતું છે. અરે! એવા વિકલ્પ-રાગની રમતુંમાં સંસાર ઉભો થાય, એનો પ્રેમ ધર્મીને કેમ હોય? આહાહા! બાયડી, છોકરા ને પૈસા ને ધમાહાના પ્રેમ તો ક્યાંય રહી ગયા. જેઠાભાઈ! બહુ આકરું છે. અરે! સંસારરૂપી રમણી-દુઃખની દશા એને પ્રિય છે આ રાગ. એમાંથી બધું દુઃખ ઊભું થાય છે. એવી રાગની પ્રિયતા સુબુદ્ધિને કેમ હોય? એટલે કે સુબુદ્ધિની પર્યાયમાં રાગ છે જ નહીં. આહાહા! સમજાણું કાંઈ? એને અંતરાત્મા, એને ધર્માત્મા, એને મોક્ષનો સાધક, મોક્ષમાર્ગી કહેવામાં આવે છે. વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**માગશર વદ-૪, રવિવાર, તા. ૨૪-૧૨-૧૯૭૨**
**ગાથા-૧૫૨, શ્લોક-૨૬૨, પ્રવચન નં. ૧૮૨**

૧૫૨ ગાથા છે. નિયમસાર, નિશ્ચય પરમ-આવશ્યક (અધિકાર). મોક્ષને માટે જરૂરની આવશ્યક ક્રિયા, એને જરૂરની (ક્રિયા), એને વીતરાગ ચારિત્ર કહે છે એની.... સમ્યગ્દર્શન-જ્ઞાન તો બપોરે ચાલે છેને, એ ઉપરાંત અહીં ચારિત્રની વ્યાખ્યા છે. સમ્યગ્દર્શન-જ્ઞાન.. આ તો આવ્યું છેને ....? પૂર્ણાનંદસ્વરૂપ આત્મા એમાં શુભ કે અશુભ નથી, એ અશુદ્ધપર્યાય છે એવા જે વિકલ્પો–રાગ.. રાગ.. એ રાગથી અધિકપણું (અર્થાત્) એ રાગને છોડીને સ્વરૂપમાં આરૂઢ થઈને જે આનંદની દશાનો અનુભવ આવે, એમાં પ્રતીત થાય એને સમ્યગ્દર્શન ને જ્ઞાન કહે છે. કહો, સમજાણું કાંઈ? એ સ્વરૂપમાં જઘન્ય એકાગ્રતા... સ્વ-વસ્તુ આનંદકંદ જ્ઞાયકસ્વરૂપ એની થોડી એકાગ્રતા થતાં બધા પુણ્ય-પાપના વિકલ્પથી ભિન્ન એવું સ્વરૂપને અનુભવદશા થઈને, એમાં પ્રતીત થાય, એનું જ્ઞાન થાય એને સમ્યગ્દર્શન ને જ્ઞાન કહે છે. આવી વાત છે ઝીણી.

એના ઉપરાંત હવે ચારિત્ર કેવું હોય એ વ્યાખ્યા છે. મોક્ષ એટલે પરમ આનંદની દશા પ્રગટ થવી એનું નામ મોક્ષ. આનંદસ્વરૂપ જ આત્મા છે. એમાંથી થોડો આનંદ ને .... શ્રદ્ધા-જ્ઞાન થાય.... માણસ ઝાઝા છે આજ. ઓલા આવ્યા છેને. ...... રવિવારે એ હોય છે. સમજાય છે કાંઈ? આ ચારિત્રની વ્યાખ્યા છે. ૧૫૨.

**पडिकमणपहुदिकिरियं कुव्वंतो णिच्छयस्स चारित्तं।**
**तेण दु विरागचरिए समणो अब्भुट्ठिदो होदि॥१५२॥**
**પ્રતિક્રમણ આદિ ક્રિયા—ચરણ નિશ્ચય તણું—કરતો રહે,**
**તેથી શ્રમણ તે વીતરાગ ચરિત્રમાં આરૂઢ છે. ૧૫૨.**

ચારિત્ર એટલે કે આત્મા આનંદસ્વરૂપ એમાં ઠરવું, રમવું, વીતરાગ પર્યાયનું એમાં લીન થવું, એનું નામ ચારિત્ર છે. એ ચારિત્ર મુક્તિનું કારણ છે. સમજાણું કાંઈ? બાહ્ય નગ્નપણું કે પંચમહાવ્રતના વિકલ્પ–રાગ એ કાંઈ ચારિત્ર નથી. પંચમહાવ્રતના પરિણામ પણ ચારિત્ર નથી, એ તો રાગ છે. સર્વજ્ઞ પરમેશ્વરે જે વીતરાગતા પ્રગટ કરી, એવો જ વીતરાગસ્વરૂપ આત્મા છે, એવા ... દૃષ્ટિમાં પ્રતીત અને તેનું જ્ઞાન થતાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ધર્મની પહેલી શરૂઆત થાય છે. પછી એમાં લીન થાય છે એ વીતરાગ ચારિત્ર. સાચું દર્શન, ચારિત્ર એને કહીએ.

**ટીકા : અહીં પરમ વીતરાગ ચારિત્રમાં સ્થિત પરમ તપોધનનું...** બધામાં 'પરમ' શબ્દ છે. ઓહો! ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનું પૂર છે આત્મા. કેમ બેસે? બહારમાં ઘણા ગોથા ખાય, અહીં સુખ મળે, અહીં સુખ મળે. આત્મા અતીન્દ્રિય આનંદનું પૂર છે. અતીન્દ્રિય

આનંદના ને જ્ઞાનના પૂરથી ભરેલો એ પદાર્થ છે એને આત્મા કહીએ. એ આત્મામાં, કહે છે કે પરમ વીતરાગ ચારિત્રમાં સ્થિત... આત્મામાં સ્થિત એને કહ્યું. આહાહા! સમજાણું કાંઈ? અંદર વિકલ્પ રહિત, રાગ રહિત સ્વરૂપના પૂર્ણ આનંદમાં એવી એકાગ્રતા થાય કે જે પરમ વીતરાગ ચારિત્ર થાય. એમાં જે સ્થિત છે. આત્મામાં સ્થિત એને કીધું. આ મોક્ષમાર્ગની પર્યાયનો અધિકાર છેને. સમજાણું કાંઈ?

અહીં તો એની વીતરાગ પર્યાયમાં સ્થિત એમ કહેવું છે. આહાહા! એણે સમજમાં તો પહેલું લેવું પડશે કે ચારિત્ર કોને કહેવું, સમ્યગ્દર્શન કોને કહેવું, જ્ઞાન કોને કહેવું. ખબરું વિનાના આંધળી દોડે આ સાધુ થયા ને આ પડિકમણા કર્યા, એ બધી આંધળી દોડ અજ્ઞાનની છે. સમજાણું કાંઈ? અરે! જેને આત્મા અંદર દેહથી ભિન્ન છે અને પુણ્ય ને પાપ, શુભ-અશુભ દયા-દાન, વ્રત એવા જે વિકલ્પ–રાગ છે એનાથી એ જુદી ચીજ છે અંદર. અને પોતાના શાંતરસ ને વીતરાગ સ્વભાવથી અભિન્ન છે. રાગથી ભિન્ન છે અને વીતરાગભાવથી તે વસ્તુ ભગવાન અભિન્ન છે.

એની અંદરમાં પહેલી પ્રતીત હોવી જોઈએ. એ પ્રતીત ભાન થઈને હોં. સમજાણું કાંઈ? અલૌકિક માર્ગ છે. ... લૌકિકપણે પંચમહાવ્રત આદિ એ બધો વ્યવહાર તે લૌકિક છે. સમજાણું કાંઈ? એ ધર્મ નહીં, એ ચારિત્ર નહીં. ચારિત્ર તો, આનંદસ્વરૂપ ભગવાન વીતરાગમૂર્તિ પ્રભુ આત્મા અંદર છે એમાં વીતરાગી પર્યાયમાં સ્થિર થવું, એનું નામ ચારિત્ર છે. આહાહા! કહો, સમજાણું કાંઈ? ...ભાઈ! ચારિત્ર આવું છે. પરમ વીતરાગ ચારિત્ર. ઓહો! જ્યાં અમૃતના પૂર ઉછળ્યા છે, કહે છે. ............ ........ આહાહા!

કહે છે, આ શરીર .... આ તો બધા જડ છે. આ તો માટી–ધૂળ જગતની છે. આ કાંઈ આત્મા નથી. હવે અંદરમાં જે કાંઈ દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના પરિણામ થાય એ પરિણામ પણ રાગ ને વિકાર છે. એ આત્મા નથી. અંદર ભગવાન આત્મા એ રાગના ભાગથી જુદી જેની ચીજ છે અંદર. એનો ભાગ જુદો છે. આહાહા! એવો આત્મા વીતરાગ સ્વરૂપે છે એમાં દૃષ્ટિ કરીને સ્થિર થવું, એમાં આનંદમાં લીન, વીતરાગી પર્યાય પ્રગટ કરીને વીતરાગી પર્યાયમાં અંદર સ્થિર થયો, એનું નામ ચારિત્ર છે. સમજાણું કાંઈ?

એ પરમ તપોધન છે. પરમ તપોધન (અર્થાત્) જેને તપરૂપી લક્ષ્મી પ્રગટી છે અંદરથી. તપ એટલે આ અપવાસ ને એ નહીં હોં. એ તો બધી લાંઘણું છે. આહા! જેને અંતરના આનંદના ફુવારા ફૂટ્યા છે અંદરથી. જેને ઇચ્છાનો નાશ થઈ, નિરચ્છક વીતરાગી આનંદ જ્યાં પર્યાયમાં ઉછળે છે એને તપ કહીએ અને એ તપના ધરનારને તપોધન કહીએ. એની પાસે તપરૂપી ધન છે. આ ધૂળના ધન છે એ તો બધા રખડાવનારા છે. સમજાણું કાંઈ? શેઠ! આ ધૂળ આ માટી. એ ક્યાં એની ચીજ હતી? બાપની તો ક્યાંથી હોય? સમજાણું કાંઈ?

એમાં થતાં દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ..... એવા ભાવ એ બધા વિકારદોષ છે, એ પણ ચૈતન્યસ્વરૂપમાં નથી. એવી જે ચૈતન્યચીજ અંદરમાં ભગવાન પૂર્ણાનંદનો નાથ આત્મા એમાં સ્થિત થવું. અહીંયા 'સ્થિત થવું' એવો શબ્દ નથી લીધો. આશ્રય તો એનો જ છે, પણ થયો છે સ્થિત, વીતરાગી આનંદની પર્યાયમાં સ્થિત છે એને ચારિત્ર ધર્મ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? અહીં તો..... એય પ્રકાશદાસજી! આ ... બેસાડશે ક્યાંક. કાંઈ નહીં, મહાવ્રત લઈ લ્યો, થઈ ગયા સાધુ. અરે બાપા! સાધુની વાત બહુ જુદી છે. આહાહા!

હજી જેની શ્રદ્ધાના ઠેકાણા નથી કે સાધુપણા, ચારિત્ર કેવા હોય. સમજાણું કાંઈ? આહાહા! એના જન્મ-મરણના આરા કે દિ' આવે? ચોરાશીના અવતારમાં ઘોદા ખાઈને દુઃખી છે. જન્મ-મરણના દુઃખ છે હોં. જન્મ-મરણ એટલે આકુળતામાં અવતરવું ને આકુળતામાં રહેવું ને આકુળતામાં મરવું. એના જીવન એકલા આકુળતામય છે. આ પૈસાવાળા કહો, રાજા, શેઠિયા બધા બિચારા દુઃખી પ્રાણી છે. એય ...મલજી! સત્ય વાત છે? દુનિયા સુખી કહે. તમને તમારી ખબર છે. ગમે તેટલા પૈસા..... લોકો તો એમ બોલે. બે કરોડ છે ને ત્રણ કરોડ છે. તમારી આબરૂ મોટી.... એવી વાતું કરે. આહાહા! અરે! કરોડ શેના? કરોડ ધૂળના? એ તો જડ છે. આહાહા!

ચૈતન્યપ્રભુ અંદર, જેમાં જડનો સ્પર્શ નથી ને રાગનો સ્પર્શ નથી. એવી ચીજને અનુભવમાં લઈ અને એમાં વીતરાગ પર્યાયે સ્થિર થવું એને તપોધન કહે છે. એને વીતરાગી પર્યાયરૂપી લક્ષ્મી પ્રગટી, એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? ભલે એ જંગલમાં વસતો હોય. પણ એ જંગલમાં નથી, એ તો આનંદમાં વસે છે. મુનિપણું જુદી ચીજ છે ભાઈ! સમજાણું કાંઈ? કહે છે, ઓહોહો! **પરમ વીતરાગ ચારિત્રમાં સ્થિત**.... એ પરમ તપોધનનું સ્વરૂપ છે. જેને અતીન્દ્રિય આનંદની વીતરાગ પર્યાય પ્રગટ થઈ છે, એ એની લક્ષ્મી, એ એનું ધન છે અને એ ધન વડે મુક્તિ થશે. સમજાણું કાંઈ? એ કિંમત ભરીને મુક્તિ લેશે. આનંદની, ચારિત્રની લક્ષ્મીની કિંમત ભરીને મોક્ષ જશે. આહા!

**જેણે ઐહિક વ્યાપાર (સાંસારિક કાર્યો) તજેલ છે...** સમ્યગ્દૃષ્ટિ પણ રાગથી તો રહિત જ છે. ધર્મી ગૃહસ્થાશ્રમમાં સમ્યગ્દૃષ્ટિ હોય, એ છ ખંડના રાજમાં દેખાવા છતાં કે સાતમી નરકના સંયોગમાં દેખાવા છતાં, એ સાતમી નરકના સંયોગથી સમકિતી જુદો છે. સમજાણું કાંઈ? અને છ ખંડના રાજમાં દેખાય છતાં, સમ્યગ્દૃષ્ટિ ધર્મી–ધર્મની પહેલી શરૂઆતવાળો છ ખંડના રાજમાં દેખાય છતાં એનાથી ભિન્ન છે એ તો. એમાં એ નથી. પણ એને હજી અસ્થિરતાના રાગના ભાવ જે ઉત્પન્ન થતા, એને છોડીને જે વીતરાગ પર્યાયમાં સ્થિર થાય છે એને ચારિત્ર હોય છે. વ્યાખ્યા આકરી. સુજાનમલજી!

શ્રોતા : પણ એક સમયની પર્યાયમાં આખો આત્મા ક્યાંથી આવે?

પૂજ્ય ગુરૂદેવશ્રી : આખો આત્મા આવે. આહાહા! એક સમયની જ્ઞાન ને આનંદની પર્યાયમાં પૂર્ણ આનંદનો નાથ અંદર પ્રતીતમાં, અનુભવમાં આવ્યો છે. આહાહા! અરે! ત્રિકાળી વસ્તુ છે એની જે ત્રિકાળી પર્યાયો, એ બધીની એને એક સમયની પર્યાયમાં પ્રતીત આવી ગઈ છે. સમજાણું કાંઈ? માર્ગ એવો ઝીણો છે. લોકોને જૈનને નામે અજૈન અપાણું છે. સમજાણું કાંઈ? આહાહા!

કહે છે કે પાંચ ઇન્દ્રિયો જે જડ છે ને ખંડ(ઇન્દ્રય) એનો વેપાર જેને બધો છૂટી ગયો છે અંદરથી. આહાહા! અતીન્દ્રિય ભગવાન આત્મા છેને અંદર. માટીના પિંડમાં ભિન્ન પડી છે. એ પુણ્ય ને પાપના ભાવથી પણ પ્રભુ અંદર ભિન્ન છે. એ આત્મા, કહે છે કે અહીં સાધુ થતાં એટલે આત્માના આનંદની દશા, વીતરાગી દશામાં સ્થિર થતાં, પાંચે ઇન્દ્રિયનો આલોકના વ્યાપાર જેને બિલકુલ છૂટી ગયા છે. સાંસારિક કાર્યો બધા છૂટી ગયા છે. સાંસારિક કાર્ય એટલે પાપાદિની વાત તો ઠીક, પણ પુણ્યાદિકનો ભાવ એ સાંસારિક કાર્ય છે. સમજાણું કાંઈ? એ બધા ઇન્દ્રિયના શુભાશુભભાવો ... છોડી દીધા છે.

**એવો જે સાક્ષાત્ અપુનર્ભવનો (મોક્ષનો) અભિલાષી...** અરે! જેને એકલી મુક્તિનો આનંદ.. મુક્તિ–મોક્ષના અતીન્દ્રિય આનંદની જ જેને અભિલાષા છે, બીજી કોઈ અભિલાષા છે નહીં. સ્વર્ગ મળે કે ચક્રવર્તીના ફળ મળે એવા અભિલાષી જીવો તો મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? જેની અભિલાષા સાક્ષાત્ મોક્ષ છે. મોક્ષસ્વરૂપ તો છે જ આ આત્મા, પણ પર્યાયમાં સાક્ષાત્ મોક્ષ થાય એનો એ અભિલાષી છે. સમજાણું કાંઈ? આહાહા!

**સાક્ષાત્ અપુનર્વભવ...** ભવ નહીં, ભવ નહીં. આહાહા! અરે! ચોર્યાસી લાખના અવતાર, ઘાણીમાં પીલાય એથી અનંતગુણી પીડામાં ચાર ગતિના ભવો કર્યા અનંતવાર. એ દુઃખને દરિયે ડોલી રહ્યો છે. એને ભગવાન આત્મા કોણ એનું ભાન નથી. આ બધા સુખી કહે છેને. આ છોકરા હોય, બે-ચાર ... હોય, પૈસા હોય, મોટરું હોય જરી, ખટારા હોય લ્યો. એ સુખી હશે કે નહીં? એકલી આકુળતા છે. ભાન નથી એને. સનેપાતિયો સનેપાતના વેગમાં હરખાય છે. એ હરખાય છે એ સુખનું હરખ છે એને? સમજાણું કાંઈ? સનેપાતના રોગમાં સન્નિપાત—વાત, પિત્ત ને કફ વકરી જાય ત્યારે સનેપાત થાય. એમ આને મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન ને મિથ્યા-આચરણ વકરી ગયા છે, ફાટી ગયા છે. આહાહા! તેથી એ હરખાય છે. પૈસા, બાયડી, છોકરા, મોટો મૂરખ છે કહે છે. સાચી વાત હશે આ? આહાહા! એ સંયોગોની અનુકૂળતામાં હરખાય છે એ મિથ્યાદૃષ્ટિ સનેપાતિયો છે કહે છે. સમજાણું કાંઈ? આહા!

ધર્મી, આહા! અરે! ભવ ન જોઈએ. આ ભવ કલંક છે. ચૈતન્યમૂર્તિ ભગવાનને આ કલંક? મૈસૂબ જેવી ચીજ, જે એક શેર લોટમાં ચાર શેર ઘી પાઈને કરે એવા મૈસૂબને ગધેડાના

તાજા ચામડામાં વીંટે, એમ ભગવાન આનંદનો નાથ આત્મા આ ચામડામાં અંદર વીંટાઈને પડ્યો છે, કલંક છે કહે છે. સમજાણું કાંઈ? આહાહા! એવું નામ આવે ત્યાં આમ થઈ જાય. ગધેડાના સડેલા તાજા ચામડામાં મૈસુબ અડાડીને બાંધ્યો હોય, એ ચાલે? ઉંહુંહું.. અરે પ્રભુ! તું અનંત અનંત અમૃતના સાગર.. સાગરસ્વરૂપ છો. એમાં ભવ શા? એમ કહે છે. મારે તો મુક્તિ જોઈએ. ધર્મીને તો મુક્તિની અભિલાષા છે. એને સંસારના સ્વર્ગ ને શરીરની પણ ઇચ્છા એને હોતી નથી. પૈસાવાળા થાઈએ, સારે ઠેકાણે છોકરા વરે, છોકરી સારે ઠેકાણે ભણેલી હોય એમ કરે. હોળીયું છે બધી. સમજાણું કાંઈ?

કહ્યુંને 'અપુનર્ભવ'. આહાહા! અમારે પુનઃ–ફરીને અવતરવું એ નહીં. મુક્તિના અભિલાષીને, આહાહા! દેહ જ જોઈએ નહીં, ભવ જોઈએ નહીં. એકલી પૂર્ણાનંદરૂપી મુક્તિ સિદ્ધપદ ણમો સિદ્ધાણં. સમજાણું કાંઈ? લોગસ્સમાં નથી આવતું 'સમાહિવરમુત્તમં દિંતું'? કોને ખબર શું અર્થ હશે? જાણે તુંબડીમાં કાંકરાં હશે. ... હશે કે કાંકરાં હશે.... 'સમાહિવરમુત્તમં દિંતુ' આવે છે લોગસ્સમાં. અર્થની ખબર ન મળે. શાંતિ.. શાંતિ.. શાંતિ.. પૂર્ણ શાંતિ. આહાહા! એવી જે મુક્તિ એનો વર કર્યો, અમને ફળ આપો, વરદાન આપો અમને. 'સમાહિવરમુત્તમં દિંતુ.' કોણ આપે? બીજો કોઈ આપે એવું છે? આત્મા પૂર્ણ શાંતિરૂપી વરદાન મને દ્યો, આપો. એ આત્મા આત્માને કહે છે. મારે તો પૂર્ણ શાંતિરૂપી મુક્તિ જોઈએ છે. મારે બીજું કાંઈ જોઈએ નહીં. ધર્મીની દૃષ્ટિ એ હોય છે. અજ્ઞાનીની દૃષ્ટિમાં કાંઈક પામવું, સ્વર્ગ મળે ને પૈસા મળે, ધૂળ મળે. સમજાણું કાંઈ? આહાહા!

અપુનર્ભવ.. **સાક્ષાત્ અપુનર્ભવ**... આહાહા! ભવ જ નહીં એવી મુક્તિ.. આહાહા! એની જેને અભિલાષા વર્તે એ મોક્ષગામી જીવ છે, કારણ કે તે તરફ જાય છે. સમજાણું કાંઈ? આહાહા! અને રાગ ને પુણ્ય-પાપના અભિલાષી જીવો નરક ને નિગોદને પંથે જાય છે. સમજાય છે કાંઈ? અપુનર્ભવ એનો અભિલાષી. આહાહા! કહ્યું હતુંને એક ફેરી, નહીં? ત્યાં સંપ્રદાયમાં, .... અભ્યંતર .... આવ્યું. .....નું અધ્યયન આવે છે. બોટાદમાં મોટી સભા હતી. ૫૦-૫૦ વર્ષ પહેલાની વાત છે.

એ આવે, **अज्जेव धम्मं पडिवज्जयामो**... ગાથા આવે છે. **अज्जेव धम्मं पडिवज्जयामो**... છોકરાઓ માતાને કહે છે કે માતા! રજા દે અમને. **अज्जेव धम्मं पडिवज्जयामो**... અમે ધર્મ ને ચારિત્ર આજે અંગીકાર કરશું. આહાહા! **जहिं पवण्णा ण पुणब्भवामो**... હે માતા! અમે વીતરાગી ચારિત્રને અંગીકાર કરવા માંગીએ છીએ. આહાહા! **जहिं पवण्णा ण पुणब्भवामो**... માતા! કોલકરાર કરીને કહીએ છીએ. અમે વીતરાગી ચારિત્રને અંગીકાર કરતાં ફરીને ભવ કરશું નહીં. માતા! ભવ હવે ન કરીએ. માતા! એકવાર રોવું હોય તો રોઈ લે, પણ બીજી

માતાને (કુંખે) હવે જવાના નથી હોં. આહા! અમે બીજી કૂંખે નહીં અવતરીએ મા! આ અવતાર... આહાહા! એ જયંતિભાઈ! ચૌદમા અધ્યયનમાં આવે છે.

.......... ...રાજાને પદ્માવતી રાણી... આવે છે, સજ્જાય આવે છે. મોટી સજ્જાય છે. ચાર સજ્જાયમાળા છેને. બહુ વૈરાગ્ય.... ભૂલી ગયા. દુકાન ઉપર બધું વાંચતા ત્યાં. એવી સજ્જાય આવે છે. ...... છોકરાને દીક્ષા લેવી હતીને. એને ઘરેથી.......... તો રાજા તરફથી બધી વસ્તુઓ લઈ.... એમ ... ગાય છે, બોલે છે............... આહાહા!

આત્મા જાગીને જુએ છે ત્યાં પોતાની પૂર્ણ શાંતિ વિના એને ક્યાંય સખ પડતું નથી. આહા! સમજાણું કાંઈ? અમે તો મોક્ષના અભિલાષી (છીએ). માતા! અમારે મોક્ષ જોઈએ છે. અમારે ભવ જોઈતા નથી. એની મા કહે, બેટા! તમે હજી કાલ પરણ્યા ને બે દિ' થયા. આ હજારો રાણીઓ પદમણી જેવી. મા! અમને ક્યાંય રુચિ નથી. અમારી જ્યાં રુચિ છે ત્યાં તમને ગમ્ય નથી. આહાહા! અમારી જ્યાં રુચિ છે ત્યાં, માતા! તમને ગમ્ય નથી. એટલે આમંત્રણ ..... અમને એ આમંત્રણ લલચાવી શકે એવું નથી. આહાહા! ચારિત્ર આને કહીએ હોં. આ લૂગડાં ફેરવીને બેસે ને મહાવ્રત પાળે—એ ચારિત્ર નહીં.

અહીં તો કહે છે કે **(મોક્ષનો) અભિલાષી મહામુમુક્ષુ...** ચોથે ગુણસ્થાને પણ મુમુક્ષુ કહેવાય, સાચા શ્રાવક હોય એ પણ મુમુક્ષુ કહેવાય, પણ આ તો મહા મુમુક્ષુ. **સકળ ઇન્દ્રિયવ્યાપારને છોડ્યો હોવાથી...** આહા! અતીન્દ્રિય આનંદસ્વરૂપના વેપારમાં જોડાય. ભગવાન અતીન્દ્રિય મૂર્તિ પ્રભુ, પોતાનો ભગવાન હોં. અતીન્દ્રિય આનંદનો નાથ ભગવાન એમાં અંદરમાં જોડાય, (એણે) ઇન્દ્રિયના વેપાર બધા છોડ્યા છે. સમજાણું કાંઈ? આહાહા! એ ત્યાંથી જ આવ્યુંને ભાઈ! **जो इंदिये जिणित्ता...** ત્યાંથી શરૂ થયું. ૩૧ ગાથા. શૈલી બધી, આચાર્યોની ટીકા ગજબની વાત છે! ચારેકોરની...... ઇન્દ્રિયથી જુદી ચીજ... આહાહા! જડ ઇન્દ્રિય તરફનું લક્ષ છૂટી ગયું છે, અંદર ખંડખંડ ઇન્દ્રિયથી લક્ષ છૂટી ગયું છે અને એના વિષયો તરફથી લક્ષ છૂટી ગયું છે. ત્યારે તે આત્મા અતીન્દ્રિય મૂર્તિનો અનુભવ કરે, તેને સમ્યગ્દૃષ્ટિ કહેવાય છે. સમજાણું કાંઈ?

**સકળ ઇન્દ્રિયવ્યાપારને છોડ્યો હોવાથી...** લ્યો, **जो इंदिये जिणित्ता...** આમ ઇન્દ્રિય જીતી કહેવાય. હઠ કરીને ન ખાવું, કાનમાં લાકડા નાખીને ન સાંભળવું, આંખ્યું બંધ કરીને હઠ કરવા, અભિષ્ઠ ન દેખાય માટે આંખ્યું ફોડી નાખવી—એ ઇન્દ્રિયને જીતી નથી. સમજાણું કાંઈ? જેણે ખંડ-ઇન્દ્રિય, જડ-ઇન્દ્રિય, ખંડ એટલે ભાવેન્દ્રિય, એમાં જડ ઇન્દ્રિય અને એનો વિષય—ત્રણેય ઇન્દ્રિયો એનો વેપાર છોડી દીધો છે. આહાહા! અને અતીન્દ્રિય એવો ભગવાન આત્મા એમાં જેણે જોડી દીધી છે પર્યાયને. એ કેવું?

કે **નિશ્ચય-પ્રતિક્રમણાદિ સત્ક્રિયાને કરતો સ્થિત છે...** આહાહા! જે પાંચ પ્રકારના ઇન્દ્રિયોના વેપાર તરફથી લક્ષ છોડી દઈ, અતીન્દ્રિય એવો ભગવાન આત્માના સ્વભાવને આશ્રયે લીન છે, એનું નામ પ્રતીત ને ક્રિયા સાચી કહેવામાં આવે છે. એ પ્રતીત ને સાચી ક્રિયા. ભગવાનભાઈ! ઓલા સાંજ-સવાર પડિકમણા કર્યા હશેને. મિચ્છામિ દુક્કડમ્. અમે ત્યાં કરતાં હોં પાલેજમાંય તે. પડિકમણું કરતાં. ઓલા પર્યુષણ આવેને, અપવાસ કરીએ ચાર. આઠ દિ'માં ચાર અપવાસ કરીએ ચોવિહારા. સાંજે કરીએ પડિકમણું. ભાન ન મળે કાંઈ. કોને કહેવું પડિકમણા ને કોને કહેવા...

અહીં તો જેટલા બોલ આવ્યાને પહેલા—પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, આલોચના એટલે સંવર, પ્રાયશ્ચિત્ત, સમાધિ, ભક્તિ. પ્રાયશ્ચિત્ત આવી ગયું. આલોચના પછી પ્રાયશ્ચિત્ત. સમાધિ, ભક્તિ આવશ્યક કાર્ય છે. એ સામાયિકની ક્રિયા એને કહીએ એમ કહે છે. આ પથરણા પાથરીને બેઠા ને સામાયિક થઈ ગઈ એ સામાયિક નહીં. આત્મા આનંદસ્વરૂપમાં એકાગ્ર થઈને વીતરાગી પર્યાયની ક્રિયા કરવી એનું નામ સામાયિક છે. છ આવશ્યક છેને. શાસ્ત્રમાં આવે છેને નામ. સામાયિક ચોવિસંથો, વંદના, પડિકમણા, પચ્ચખાણ, કાયોત્સર્ગ આવે છેને. એ ક્યાં થાય છે? આહાહા!

**પ્રતિક્રમણાદિ સત્ક્રિયા...** દેખો! ઓલો વિકલ્પ ઉઠે છે પડિકમણાનો એ સત્ક્રિયા નહીં. લ્યો, આ ક્રિયા આવી ધર્મધ્યાનની. આહાહા! **નિશ્ચય પ્રતિક્રમણાદિ...** સાચું પ્રતિક્રમણ, સાચું આવશ્યક, સામાયિક, સાચું પ્રાયશ્ચિત્ત, સાચું પચ્ચખાણ, સાચી આલોચના, ભગવાનની સાચી સ્તુતિ, વંદન, ભક્તિ અને સમાધિ, સામાયિક. સમાધિમાં સામાયિક આવે છેને. આમાં પણ સામાયિક છે. આવશ્યકમાં પણ સામાયિક આવી, ઓલામાં સામાયિક આવી. આનંદસ્વરૂપમાં વીતરાગભાવે લીનતા થવી એનું નામ સત્ક્રિયા ને એનું નામ સામાયિક કહેવામાં આવે છે. બાકી બધા થોથાં છે. કહો, સમજાણું કાંઈ? આહાહા! સાંભળ્યું ન હોય કે સામાયિક કોને કહીએ.

કહે છે કે અરે આત્મા! મોક્ષનો અભિલાષી થઈને તારે તો આત્મામાં એકાગ્રતાની વીતરાગી પર્યાયરૂપી સત્ક્રિયા એ કરવા જેવી છે. એ ચેતનજી! આ ખરી ક્રિયા છે કે નહીં? ..... અમારા પંડિતજીને પૂછ્યું હતું. આ ક્રિયા છે કે નહીં? પુણ્ય છે કે નહીં? .... હા, એ ખબર છે. ક્રિયાપ્રધાન. જેઠાભાઈના શેઠિયા. જેઠાભાઈ ક્યાં છે? એકવીસ ક્રિયા તો તમારે છે? કહે, હા. ......... આહાહા! અરે ભગવાન! તને ખબર નથી ભાઈ! તારી પ્રતિક્રમણની સાચી ક્રિયા, પચ્ચખાણની સાચી ક્રિયા, સામાયિક, ચોવિસંથોની સાચી ક્રિયા એ તો આત્મા આનંદસ્વરૂપમાં વીતરાગી પર્યાય લીન થાય, એનું નામ સાચા પડિકમણા, સાચા સમાયિક કહેવામાં આવે છે. આહાહા! સમજાણું કાંઈ?

**સત્ક્રિયાને કરતો સ્થિત છે**... આહાહા! ........ 'સત્ક્રિયા કરતો' છેને. ભગવાન આત્મા અતીન્દ્રિય જ્ઞાન ને આનંદ સ્વરૂપ એમાં સત્ક્રિયા કરતો થકો એટલે એમાં રહેતો સ્થિત છે, એમ. .... ભારે હજી તો વાત સમજવી કઠણ. શિવલાલભાઈ છેને અમદાવાદ. કહો, સમજાણું કાંઈ? **પ્રતિક્રમણાદિ સત્ક્રિયાને કરતો સ્થિત છે...** આહાહા! જુઓ! આ સામાયિક. ભગવાનભાઈ! મગનભાઈએ સાંભળ્યુંય નહીં હોય આવું. લ્યો, આ સામાયિક, આ ચોવિસંથો ... હોં. આત્મા આનંદસ્વરૂપમાં લીનતા થવી, વીતરાગી પર્યાયની ક્રિયા થવી એનું નામ ભગવાનની સ્તુતિ છે. આમ 'લોગસ્સ ઉજ્જયોગેગરે ધમ્મતિત્થયરે જિણે..' ભગવાનની સ્તુતિ થઈ. એ તો શુભરાગ છે, એ કાંઈ ધર્મ છે નહીં. આહાહા!

**પ્રતિક્રમણાદિ સત્ક્રિયાને કરતો સ્થિત છે**... વીતરાગ ચારિત્ર ..... એ સમયે વીતરાગ ચારિત્રમાં આરૂઢ છે. અધિષ્ઠિત, એમ. 'નિરંતર' પાછું. આહા! જેને સતત–નિરંતર ભગવાન આત્મા પ્રત્યેના વલણમાં વીતરાગી પર્યાય થાય એ તો નિરંતર રહે છે કહે છે. સાંજ-સવાર પડિકમણા કરવા બેસે ત્યારે જ આ પડિકમણા હોય છે (એમ નહીં). એ તો એક વિકલ્પ છે, રાગ છે. આહાહા! વીતરાગીબિંબ આત્મા એમાં વીતરાગી પર્યાય સ્થિત છે, એનું નામ ભગવાન સાચી સત્ક્રિયા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

મહાવ્રતાદિના પરિણામ પણ સત્ક્રિયા નહીં. પ્રકાશદાસજી! આહાહા! વીતરાગમાર્ગ તીર્થંકરદેવ ત્રિલોકનાથ અરિહંત પરમાત્માએ ગણધર ને ઇન્દ્રોની સમક્ષ વર્ણન કર્યો એ વર્ણન જગતને સાંભળવા મળ્યા નહીં. સમજાણું કાંઈ? અમે ધર્મ કરીએ છીએ ને થાય છે. રખડી મરશે ચોરાશીના અવતારમાં. આવી જે શુદ્ધક્રિયા **તે પરમ તપોધન**... આવો આનંદસ્વરૂપ પરમાત્મા પોતે એમાં નિર્વિકલ્પ વીતરાગીદશામાં સ્થિત છે... આ છદ્મસ્થની વાત છે હોં. વીતરાગ એટલે કોઈ એમ કહે કે બારમા-તેરમા ગુણસ્થાનવાળા (એમ નહીં). અંદર અરાગી–વીતરાગી પરિણતિમાં સ્થિત છે **તે પરમ તપોધન...** એને તપરૂપી લક્ષ્મી પ્રગટી છે કહે છે. આહાહા!

તપરૂપી લક્ષ્મી... **તપોધન તે કારણે,** એમ. તે તપોધન તે કારણે... કેમકે વીતરાગી ક્રિયામાં સ્થિત છે માટે. **નિજસ્વરૂપવિશ્રાંતિલક્ષણ** આહાહા! રાગમાં તો અવિશ્રાંતિ હતી, ખેદ હતો. વીતરાગી પર્યાય વિશ્રાંત, નિજસ્વરૂપમાં વિશ્રાંતિ લક્ષણ... ભગવાન પૂર્ણ આનંદનો ધામ.. 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયં જ્યોતિ સુખધામ, બીજું કહીએ કેટલું, કર વિચાર તો પામ.' એવો ભગવાન આત્મા પોતાના સ્વરૂપમાં નિજસ્વરૂપવિશ્રાંતિ એ જ એનું લક્ષણ છે. .... પરમ વીતરાગ-ચારિત્ર... આહાહા! સમજાણું કાંઈ? **પરમ વીતરાગ-ચારિત્રમાં સ્થિત છે**... એ શું છે? કે નિજસ્વરૂપવિશ્રાંતિલક્ષણ. આહાહા! ચોરાશીના થાક ઉતાર્યા છે. સ્વરૂપ ભગવાન આત્મા પૂર્ણ આનંદ વિશ્રાંતિ લક્ષણ, નિજસ્વરૂપનું વિશ્રાંતિ લક્ષણ એવું ચારિત્ર.

**પરમવીતરાગ-ચારિત્રમાં સ્થિત છે (અર્થાત્ તે પરમ શ્રમણ, નિશ્ચયપ્રતિક્રમણાદિ નિશ્ચયચારિત્રમાં સ્થિત હોવાને લીધે...** એમ છેને. 'તે તપોધન તે કારણે' એમ છેને. **જેનું લક્ષણ નિજ સ્વરૂપમાં વિશ્રાંતિ છે...** કોનું લક્ષણ? પરમ વીતરાગ-ચારિત્રનું. બહુ ઊંચી વાત આવી છે હોં. લ્યો, આ ચૌદ વર્ષનો છોકરો બોલે છે. આત્મા છેને. એની સાથે ક્યાં....... એકદમ અંદર ઉતરી જવાની વાત છે એમ કહે છે. ધીરુભાઈ! પરમ વીતરાગ-ચારિત્રનું લક્ષણ શું? નિજસ્વરૂપવિશ્રાંતિ એનું લક્ષણ છે. ભગવાન આત્મા પૂર્ણાનંદ પ્રભુ એવા નિજસ્વરૂપની વિશ્રાંતિ–એમાં ઠર્યો છે, વિશ્રામ લીધો છે. એવું જેનું લક્ષણ એનું નામ ચારિત્ર છે. આહાહા! એ પંડિતજી!

આ ચારિત્ર એટલે નાગા થઈ ગયા ને થઈ ગયા સાધુ. ધૂળેય સાધુ નથી બાપા! સાધુ કોને કહેવું? ભાઈ! પરમેશ્વર પદમાં એ તો આવી ગયા. અને જેને તપરૂપી ધનથી મૂલ્ય ભરીને મુક્તિ લેવી છે. સમજાણું કાંઈ? આહાહા! એ કાંઈ મફતની ચીજ નથી. નિજસ્વરૂપ વિશ્રાંતિલક્ષણ વીતરાગી ચારિત્ર મૂલ્ય દઈને લેવું છે. સમજાણું કાંઈ? આવું કરવું પડશે હોં, જેને સુખી થવું હોય તો. બાકી તો દુઃખના દરિયે ડોલી રહ્યો છે અનાદિકાળનો. એ નરકમાં દુઃખ, સ્વર્ગમાં દુઃખ, શેઠાઈમાં દુઃખ, રાંકાઈમાં દુઃખ. કીડો, કાગડો, કુંજર–હાથી...... સમજાણું કાંઈ? રાગ-દ્વેષની જ્વાળાઓ જ્યાં સળગે છે. એને જો મુક્તિ જોઈતી હોય તો આ રીતે એણે સ્વરૂપની પ્રાપ્તિ કરવી પડશે. કહો, સમજાણું કાંઈ? **પરમ વીતરાગ ચારિત્રમાં સ્થિત છે.** લ્યો.

**[હવે આ ૧૫૨મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]**

**आत्मा तिष्ठत्यतुलमहिमा नष्टदक्शीलमोहो**
**यः संसारोद्भवसुखकरं कर्म मुक्त्वा विमुक्तेः।**
**मूले शीले मलविरहिते सोऽयमाचारराशिः**
**तं वंदेऽहं समरससुधासिन्धुराकाशशांकम् ॥२६२॥**

લ્યો, ચારિત્રનું... ચારિત્ર... વ્રત ને શીલને...

**શ્લોકાર્થ :** કહે છે કે તેઓ ધર્માત્મા સંત છે કે **દર્શનમોહ અને ચારિત્રમોહ જેના નષ્ટ થયા છે...** ભ્રાંતિના કારણ, અસ્થિરતાના કારણના કર્મને નાશ કરી નાખ્યા છે. દર્શનમોહ ને ચારિત્રમોહ એટલે કે ભ્રમણાનું નિમિત્તકારણ દર્શનમોહ, અસ્થિરતાનું નિમિત્તકારણ ચારિત્રમોહ એ જેના નષ્ટ થયા છે. જેના નષ્ટ થયા છે, કર્યા છે એમ નહીં પાછું. આહાહા! **એવો જે અતુલ મહિમાવાળો આત્મા...** આહાહા! જેની મહિમાનો પાર નથી એવો ભગવાન આત્મા. અતુલ (અર્થાત્) જેની સાથે કોઈની તુલના થઈ શકે નહીં એવી મહિમાવાળો ચૈતન્યચમત્કાર ભગવાન **સંસારજનિત સુખના કારણભૂત કર્મને છોડીને...** શું કહે છે? શુભભાવ હોય છેને વ્યવહાર પડિકમણાદિનો. એ કહે છે જુઓ! એ શુભભાવ સંસારજનિત સુખનું કારણ છે કહે છે.

શુભભાવ વ્યવહાર પડિકમણાદિ જે છેને, નિશ્ચય સહિતવાળાને હોં. એને એ શુભભાવ સંસારથી ઉત્પન્ન થયેલા સુખનું કારણ છે. એવા પુણ્યભાવને છોડીને... એવા કર્મને છોડીને અને એના શુભભાવને પણ છોડીને.

**મુક્તિનું મૂળ એવા...** ભગવાન આત્માની પૂર્ણ આનંદદશા.. 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા' આવે છેને, 'તે પામે તે પંથ, સમજાવ્યો સંક્ષેપમાં, સકળ માર્ગ નિર્ગ્રંથ.' વીતરાગ પરમાત્માએ આ માર્ગ કહ્યો છે. એ મુક્તિનું મૂળ એવા **મળરહિત ચારિત્રમાં...** ભાષા દેખો! ઓલા પંચમહાવ્રતના વિકલ્પ છે એ તો મેલ છે. આહાહા! દોષ છે. પંચમહાવ્રતના પરિણામ, અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય એ બધો વિકલ્પ છે, રાગ છે, મેલ છે. જેને સંસારના સુખનું કારણ કહ્યું.... અને પછી પોતે વર્તમાનમાં જ મળરહિત ચારિત્ર કહેશે. એ શુભભાવ રહિત ચારિત્ર છે. સમજાણું કાંઈ? એ શુભનું ફળ સંસારજનિત સુખ છે. આ વર્તમાન સુખ છે.... એ શુભરાગ છે, મેલ છે. એનાથી (ભિન્ન) વીતરાગી ચારિત્ર નિર્મળ છે. સમજાણું કાંઈ? એણે જાણવું પડશેને કે ચારિત્ર કેવું હોય. શ્રદ્ધા ને જ્ઞાનમાં લેવું તો પડશેને. એમ ને એમ સમજ્યા વિના ચારિત્ર ચારિત્ર કર્યા કરે.

મુક્તિનું મૂળ—મોક્ષનું મૂળ કારણ તો મળરહિત ચારિત્ર છે, એટલે શુભરાગ રહિત વીતરાગી પર્યાયમાં સુખ છે. કોણ? ઓલો મહિમાવાળો, અતુલ મહિમાવાળો આત્મા. **તે આત્મા ચારિત્રનો પુંજ છે.** આહાહા! જેને અંદરથી આનંદની છોળું ઉઠે છે કહે છે. શાંતિના અવિકારી પરિણામની છોળ .... છે. આહાહા! સમજાણું કાંઈ? મુનિ પણ ટીકા કરતાં...! **તે આત્મા...** આવો આત્મા કીધોને. દર્શનમોહ, ચારિત્રમોહ નષ્ટ થયા એવો જે અતુલ મહિમાવાળો આત્મા. એણે પુણ્યના કારણરૂપ જે સુખ એને છોડ્યું છે અને પુણ્યના ભાવ વર્તમાન મળ એ રહિત ચારિત્ર પ્રગટ કર્યું છે, તે આત્મા ચારિત્રનો પુંજ છે. આહાહા! કહો, સમજાણું કાંઈ? ઓલા કહે, બહારથી નગ્ન થાઓ. અભ્યંતરમાં ભલે ... હોય, એનો વાંધો નહીં. ઠીક! આવા ને આવા. ............. છૂટા જ પડ્યા છે, ત્યાં ક્યાં ગરી ગયા હતા?

**સમરસરૂપી સુધાના સાગરને ઉછાળવામાં પૂર્ણ ચંદ્ર સમાન તે આત્મા,** એમ. તે આત્મા કેવો છે? કે સમરસ વીતરાગી પરિણામ... સમરસ–વીતરાગરસરૂપી સુધાનો સાગર. આહા! વીતરાગી પરિણામ એ આનંદનો સાગર છે, એને ઉછાળવામાં પૂર્ણ ચંદ્ર સમાન છે. ચંદ્રમા પૂનમનો હોય તો દરિયાને કાંઠે ભરતી આવે છે. ચંદ્રમા પૂનમનો હોય ત્યારે દરિયાને કાંઠે ભરતી આવે છે. એવો મેળ જ છે બેનો—ચંદ્ર ને દરિયાનો. પૂનમની ભરતી હોય. એ પહેલા ભરતી પૂરી ન હોય ક્યાંય. સોળ કળાએ જ્યાં ચંદ્ર ખીલે ત્યારે દરિયો ઉછળે બહાર કાંઠે. એમ વીતરાગી સુધારસને ઉછાળવામાં પૂર્ણ ચંદ્ર સમાન છે. એ પર્યાયમાં ઉછળે છે, કહે છે કે આનંદ ને વીતરાગતા. આવી વાતું ભારે. સમજાણું કાંઈ?

વીતરાગ સ્વભાવના રસીલા જીવ એને ચંદ્ર સમાન કહ્યો છે. એ વીતરાગભાવને ઉછાળે છે કહે છે. સમજાણું કાંઈ? ચંદ્ર જેમ દરિયાના પાણીને મોજા લાવે, ભરતી લાવે. આહાહા! ભગવાન આત્મા એને કહીએ, કે ચંદ્રમા સમાન જે આત્મા જેની પર્યાયમાં સમરસરૂપી સુધાસાગર ઉછળે છે. એવો એ ચંદ્ર છે આત્મા. આહાહા! કોઈ દિ' એણે આત્માના ગાણા સાંભળ્યા નહીં, કેવડો ને કોણ છે. રાંકો કરીને ગણ્યો અને પ્રભુતાને મારી નાખી. સમજાણું કાંઈ? જીવિયા વવરોવિયા કર્યા એણે. પૂર્ણાનંદ એવો આત્મા, એ આત્માને કાંઈ ગણ્યો નહીં. આત્મા તે કાંઈ નહીં.

એક જણો કહેતો હતો કે શરીરની જીર્ણતા એ બધાનું સાચું માપ આપે છે. કેટલી શક્તિ છે ઘરમાં. કાંટો હોયને કાંટો ...... માપ આપે. ................ કેટલી શક્તિ છે જડમાં. ...... એમ કે બરાબર તોલમાપ જડ આપે. ભગવાનનું જ્ઞાન માપ આપે જગતની ચીજનું. એ માપ કરે એ મોટું કે આ તારા જડ મોટા? સાંભળને! ......... ............ આવી મહિમા. અરે! પણ એનો જાણનાર કોણ? આહાહા! ચૈતન્ય ભગવાન જ્ઞાનાનંદના પૂરના નૂરથી ભરેલો છે. એના તેજના માપની વાત છે, એ જગતનું માપ કરનાર તો એ છે. ...... પ્રમાણ.. પ્રમાણ છેને. ..... અહીં તો મુનિરાજ કહે છે કે અહો! આવા **પૂર્ણ ચંદ્ર સમાન તે આત્માને હું વંદું છું.** આવા ચારિત્રવંતને હું આદર કરું છું. આવા મુનિ. પોતે પણ મુનિ છે, પણ એમ ન લેતાં આવા સંતની દશાને– ચારિત્રદશાને હું આદર કરું છું, વંદું છું. એમ કરીને પૂર્ણાનંદની ચારિત્રદશાની પ્રાપ્તિ કારણરૂપ એનું અનુમોદન કરે છે. એ ૧૫૨ ગાથા થઈ.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**માગશર વદ-૬, સોમવાર, તા. ૨૫-૧૨-૧૯૭૨**
**ગાથા-૧૫૩, શ્લોક-૨૬૩, પ્રવચન નં. ૧૮૩**

આ નિયમસાર, નિશ્ચય પરમ-આવશ્યક અધિકાર છે. અવશ્ય કરવાલાયક નિશ્ચય મોક્ષનો માર્ગ, એને અહીં છ આવશ્યક તરીકે વર્ણન કર્યું છે. ૧૫૩ ગાથા.

**वयणमयं पडिकमणं वयणमयं पच्चखाण णियमं च ।**
**आलोयण वयणमयं तं सव्वं जाण सज्झायं ॥ १५३ ॥**
**રે! વચનમય પ્રતિક્રમણ, નિયમો, વચનમય પચખાણ જે,**
**જે વચનમય આલોચના, સઘળુંય તે સ્વાધ્યાય છે. ૧૫૩.**

શું કહે છે? જુઓ! **ટીકા : આ, સમસ્ત વચનસંબંધી વ્યાપારનો નિરાસ (નિરાકરણ, ખંડન) છે.** વચન સંબંધી વેપારનું ખંડન કર્યું છે. વ્યવહાર પ્રતિક્રમણ જે દ્રવ્યશ્રુત છેને એને અહીંયા વ્યવહાર કહ્યો છે. દ્રવ્યશ્રુત—આચાર્યે બનાવ્યા પુસ્તકો એ પુદ્ગલ છે એમ કહે છે. એમાં થતો વિકલ્પ, એ વિકલ્પનો આશ્રય પુદ્ગલ છે. માટે તે પુદ્ગલનો નિરાસ કર્યો છે–ખંડન કર્યું છે. આચાર્યોએ કહેલું પ્રતિક્રમણ પણ છોડવા જેવું છે એમ કહે છે. વ્યવહાર છેને. સમસ્ત વચનસંબંધી પાઠ, એમ છેને વચન. ખરેખર તો એનો જે વિકલ્પ શુભરાગ છે એ રાગનો આશ્રય વચન છે એટલે એને વચનમય જ પ્રતિક્રમણ કહ્યું છે. એ જ્ઞાનમય નહીં. શું કીધું સમજાણું?

સમસ્ત વચનના વ્યાપારનું નિરાસ, કહે છે. શબ્દ ક્યાં આત્મા બોલી શકે છે? પણ વચન બોલવામાં વચનનો જે આશ્રય છે શુભરાગ... શુભરાગને વચનનો–પુદ્ગલનો આશ્રય છે, એથી એને પુદ્ગલમય પ્રતિક્રમણ કહીને એનું નિરાસ–ખંડન કર્યું છે. એ વાસ્તવિક આવશ્યક નહીં. વાસ્તવિક આવશ્યક તો આત્મા અખંડાનંદ પ્રભુ શુદ્ધ ચૈતન્ય એને આશ્રયે થયેલી સત્ક્રિયા.. સત્ક્રિયા પ્રતિક્રમણાદિની........ નિર્વિકારી વીતરાગી પર્યાય એ આવશ્યક છે, એ સામાયિક છે, એ ચોવિસંથો છે, એ વંદન છે, એ પ્રતિક્રમણ, એ પ્રત્યાખ્યાન છે.

**પાક્ષિક આદિ પ્રતિક્રમણક્રિયાનું કારણ...** પાક્ષિક (એટલે) આ પંદર દિવસે કરે છેને પ્રતિક્રમણ. ચોમાસી, સંવત્સરી વિગેરે કે દેવસિક..... એ બધી પ્રતિક્રમણક્રિયાનું કારણ **એવું જે નિર્યાપક આચાર્યના મુખથી નીકળેલું...** ધર્મના નિર્વાહ કરાવનાર એવા આચાર્યો એના મુખથી નીકળેલી વાણી હોં. **સમસ્ત પાપક્ષયના હેતુભૂત...** એવી વાણી પાપક્ષયના હેતુભૂત છે. એટલે વાણીનો આશ્રય છે જેને એવા શુભ પરિણામ, એ પાપના ક્ષયનો હેતુ છે. અહીંયા તો વાણીને

જ પાપના ક્ષયનો હેતુભૂત કહ્યો છે, વાણી ને વાણી તરફનો શુભભાવ બેય એક ગણીને. સમજાણું કાંઈ?

**સઘળું દ્રવ્યશ્રુત...** આચાર્યોએ બનાવેલું પ્રતિક્રમણાદિ ક્રિયા... ઠીક! **દ્રવ્યશ્રુત તે વચનવર્ગણાયોગ્ય પુદ્ગલદ્રવ્યાત્મક હોવાથી ગ્રાહ્ય નથી.** આહાહા! દ્રવ્યશ્રુત બનાવ્યું આચાર્યોએ. વ્યવહાર પ્રતિક્રમણ, વ્યવહાર સામાયિક, એનો વિકલ્પ શુભભાવ એ બનાવ્યું આચાર્યોએ, પણ એ કરે તો એ પુદ્ગલમય છે. એ વચનમય સ્વાધ્યાય છે. એ વાણીનો સ્વાધ્યાય છે. એમાં છે શુભરાગ, પણ શુભરાગને આશ્રય વાણી છેને એટલે એ વાણીને જ દ્રવ્યપ્રતિક્રમણ કહી દીધું. નહીંતર ખરેખર દ્રવ્યપ્રતિક્રમણ શુભરાગ છે, પણ અહીંયા વાણીને જ કહ્યું. એ **પુદ્ગલદ્રવ્યાત્મક હોવાથી ગ્રાહ્ય નથી**. સમજાણું કાંઈ? આચાર્યોએ બનાવ્યું, .... વચનવર્ગણાથી ..... એવો શુભભાવ હોય એ ગ્રહવાયોગ્ય નથી, કરવાલાયક નથી. પણ કરવાલાયક નથી તો બનાવ્યું શું કરવા? એય! એ બનાવવામાં પણ શુભરાગ હતો. એ મય પ્રતિક્રમણ જડની ક્રિયાઓ પરદ્રવ્યથી બન્યું, એ શબ્દોની વર્ગણાથી (બનેલું) પ્રતિક્રમણ કરનારો કરે એમાં ભલે શુભભાવ હોય, પણ એ શુભભાવમાં પુદ્ગલનો આશ્રય હોવાથી વચનમય પુદ્ગલ કહ્યું. સમજાણું કાંઈ?

બંધ અધિકારમાં આવે છેને. ..... બંધ અધિકાર (ગાથા ૨૭૬-૨૭૭)માં. આચારાંગાદિ શબ્દશ્રુત તે જ્ઞાન છે એમ કહ્યું છે. શબ્દશ્રુત તો જડ છે, પણ જે જ્ઞાનને એનો આશ્રય છે, આગમના વ્યવહારુ જ્ઞાનને શબ્દનો આશ્રય છે અને નિશ્ચયજ્ઞાનને આત્માનો આશ્રય છે. આમ બે ભાગ પાડવા છે. પાઠ છેને. કહો, સમજાણું કાંઈ? ઝીણી વાત છે. આચારાંગાદિ શબ્દશ્રુત એ જ્ઞાન કહ્યું. શબ્દશ્રુત તો જડ છે. અહીં કીધું કે આ વચનમય પડિકમણું તે વ્યવહાર પ્રતિક્રમણ છે. સમજાણું કાંઈ? ભીખાભાઈ! આ શું કહે છે, સમજાણું કાંઈ આમાં? કહે છે કે આચાર્યોએ દ્રવ્યપ્રતિક્રમણ ..... સામાયિક કહી, પ્રત્યાખ્યાન, પ્રાયશ્ચિત્ત કહ્યું, આલોચના કીધી ........ એ પુદ્ગલમય છે. અને જે પ્રતિક્રમણ કરનારો છે, વ્યવહાર પ્રતિક્રમણ છે એને શુભરાગ, પણ એ શુભરાગનો આશ્રય એ દ્રવ્યપ્રતિક્રમણ છેને, એથી એને વચનવર્ગણા કીધી. સમજાણું કાંઈ? પંડિતજી!

અહીં કીધું કે આચાર્યોએ રચ્યું અને આ કરે એટલે પુદ્ગલ કરે, એ તો પુદ્ગલની ક્રિયા થઈ. વાત એ છે કે અંદર શુભભાવ છે એ ખરેખર તો પુદ્ગલના પરિણામ છે. આહાહા! પણ અહીંયા વચનમય પુદ્ગલદ્રવ્ય કહ્યું વાણીને, કારણ કે જે શુભભાવ છે એનો આશ્રય એ પુદ્ગલ છે. સમજાણું કાંઈ? **તેથી સઘળુંય દ્રવ્યશ્રુત તે વચનવર્ગણાયોગ્ય પુદ્ગલદ્રવ્યાત્મક હોવાથી...** એ તો પુદ્ગલદ્રવ્યસ્વરૂપ હોવાથી **ગ્રાહ્ય નથી**. ..... બંધ અધિકારની શૈલી છે.... આચારાંગાદિ

દ્રવ્યશ્રુત છે એ જ્ઞાન છે એમ કહ્યું. એને જ્ઞાનનો આશ્રય છે. સમજાણું કાંઈ આમાં? આ ઝીણી વાત છે થોડી. ચેતનજી! .........

અહીં તો હજી સ્વાધ્યાયને પુદ્ગલમય કહેવું છે. છે તો એ સ્વાધ્યાયનો ભાવ શુભરાગ, સમજાણું કાંઈ? પુણ્યબંધનું કારણ છે, છતાં એ રાગને પુદ્ગલવર્ગણાનો આશ્રય ને ત્યાં લક્ષ છે. એથી દ્રવ્યપ્રતિક્રમણને વચનવર્ગણારૂપ પુદ્ગલ જ કહ્યા છે. કેમકે આચારાંગાદિ જ્ઞાનને... આચારાંગાદિ શબ્દ હોં શબ્દશ્રુત. શબ્દશ્રુત જડ એને જ્ઞાન કહ્યું છે. સર્વ પરલક્ષી જ્ઞાન... વ્યવહારની વ્યાખ્યા છેને. પરલક્ષી વ્યવહારુ જ્ઞાન જે બંધનું કારણ છે એ જ્ઞાનને આશ્રય શબ્દશ્રુતનો છે, તેથી શબ્દશ્રુત તે જ્ઞાન છે એમ કહેવામાં આવે છે. સમજાણું? ગોદીકાજી! ઝીણું છે થોડું. ગાથા એવી આવી ગઈને વચનવર્ગણા.....

નવ તત્ત્વ છે તે સમ્યગ્દર્શન છે એમ કહ્યું છે. વ્યવહાર સમ્યગ્દર્શન છેને. નવ તત્ત્વ તે સમ્યગ્દર્શન છે, વ્યવહાર હોં. કેમ કે વ્યવહાર સમ્યગ્દર્શનનો આશ્રય નવ તત્ત્વ વસ્તુ છે. સમજાણું કાંઈ? અને છકાયના જીવ એ ચારિત્ર છે એમ કહ્યું છે. ....... છકાયના જીવ છેને એ ચારિત્ર છે, કેમ કે વ્યવહાર ચારિત્ર જે શુભરાગ એનો આશ્રય છકાય છે. સમજાણું કાંઈ? અને નિશ્ચયજ્ઞાન તે આત્મા છે. કેમ કે તે જ્ઞાનનો આશ્રય આત્મા છે. સમજાણું કાંઈ? વ્યવહારજ્ઞાન તે જડ છે, પુદ્ગલ છેને, કેમકે વ્યવહારુ જ્ઞાનનો આધાર–આશ્રય પુદ્ગલ છે, દ્રવ્યશ્રુત છે, શાસ્ત્ર છે. સમજાણું કાંઈ? કેવી રીતે બેને વહેંચી નાખે છે! એમ આ શુભભાવ છે દ્રવ્યપ્રતિક્રમણનો, દ્રવ્યસામાયિકનો, દ્રવ્યપ્રત્યાખ્યાનનો, એ શુભભાવનો આશ્રય કોણ છે? એ તો વાણી છે. માટે વાણી પોતે જ દ્રવ્યપ્રતિક્રમણ છે. સમજાણું કાંઈ?

કહ્યું કે છકાયનો જીવ તે ચારિત્ર છે. ક્યો? વ્યવહાર ચારિત્ર. એટલે? અહિંસાદિ પરિણામ જે છેને મહાવ્રતના, એ અહિંસાદિ પરિણામને છકાય જીવનો આશ્રય છે, એટલે છકાયના જીવને જ ચારિત્ર કહી દીધું, વ્યવહાર ચારિત્ર હોં. નિશ્ચય તો, નિશ્ચયજ્ઞાન તે આત્મા છે કેમ કે એ જ્ઞાનને આત્માનો આશ્રય છે. નિશ્ચય સમ્યગ્દર્શન તે આત્મા છે, કેમકે સમ્યગ્દર્શનને આશ્રય આત્માનો છે. નિશ્ચય વીતરાગી પરિણતિ ચારિત્ર તે આત્મા છે, કેમકે ચારિત્રનો આશ્રય–આધાર આત્મા છે. સમજાણું કાંઈ? ......

એકકોર આચાર્યોએ..... છઠ્ઠે ગુણસ્થાને એવો વિકલ્પ હોય, તો કહે છે કે એ વિકલ્પને તો વચનવર્ગણા......... એ વચનવર્ગણાનો આશ્રય છે, માટે પુદ્ગલમય કીધા. આત્મા નથી. એ રાગેય પોતે પુદ્ગલના પરિણામ છે. અત્યારે આમથી નથી કહેવું. પુદ્ગલ જે વચનવર્ગણા એને આશ્રયે થયેલો ભાવ છે માટે એ બધું પુદ્ગમયલ છે. પંડિતજી! ........ વસ્તુસ્થિતિ જ એવી છે. ભગવાન આત્મા પોતાનું જે જ્ઞાન કર્યું છે એ જ્ઞાનનો આશ્રય પ્રભુ છે, આત્મા છે, તેથી તે જ્ઞાન

તે આત્મા. આ જ્ઞાન તે શબ્દશ્રુત. વ્યવહારુ જે આગમનું જ્ઞાન તે શબ્દશ્રુત, નિશ્ચયજ્ઞાન તે આત્મા. બે લીધા છે ને.

વ્યવહારુ જ્ઞાન જે જ્ઞાન છે આગમનું તે શબ્દશ્રુત, કેમકે શબ્દશ્રુતનો તેને આશ્રય છે, જડનો આશ્રય છે એને તો. અને નિશ્ચયજ્ઞાન એ આત્મા છે, કેમકે જ્ઞાનનો આશ્રય આત્મા છે. બે આમ વહેંચી નાખ્યા છે. વ્યવહાર સમ્યગ્દર્શન જે શુભરાગ, એ નવ તત્ત્વ તે સમ્યગ્દર્શન છે, કેમકે નવ તત્ત્વ તે વ્યવહારુ સમ્યગ્દર્શનનો આશ્રય છે. સમજાણું કાંઈ? અને પંચ મહાવ્રતના, અહિંસાના પરિણામ જે મહાવ્રતના છે, એ છકાયના જીવ વ્યવહાર ચારિત્ર છે, છકાયના જીવ જીવ છે એ વ્યવહારચારિત્ર છે. એટલે? અહિંસાના શુભભાવને છકાયના જીવનો આશ્રય છે. આમાં છે. અને નિશ્ચય ચારિત્ર વીતરાગી પરિણતિ તે આત્મા છે, કેમકે વીતરાગી પરિણતિને આશ્રય–આધાર આત્માનો છે. સમજાણું કાંઈ? એમ આ સ્વાધ્યાયમાં, વચનમય એ પડિકમણું છે. કેમકે એ શુભભાવ થાય છે એનો આશ્રય આ પડિકમણું છે, શબ્દો આશ્રય છે. માટે એને દ્રવ્યવચનમય ...... આહાહા! સમજાણું કાંઈ?

ઓલા સાથે તો મેળવ્યું. શબ્દશ્રુત કહ્યું..... શબ્દશ્રુતને જ્ઞાન કહ્યું છે. અહીં વચનવર્ગણાને વ્યવહાર પ્રતિક્રમણ કહ્યું છે. બંધ અધિકાર, સમયસાર, ૨૭૬-૨૭૭ ગાથા છે. એ ચેતનજી! નિશ્ચય-વ્યવહાર આવે છેને ત્યાં. નિષેધ કરે છે. અહીં પણ વ્યવહાર કહીને નિષેધ કરે છે. બીજી રીતે. કે જે આચારાંગાદિ શાસ્ત્ર ગણધરોએ રચ્યા છે. ખરું કે નહીં? એ શાસ્ત્રનું જે જ્ઞાન કરે, એ જ્ઞાનનો આશ્રય તે શબ્દો છે, માટે એ શબ્દશ્રુત વ્યવહારુ જ્ઞાન જ છે, બંધનું કારણ છે. સમજાણું કાંઈ? ગણધરદેવે રચેલા આચારાંગાદિ એ જ્ઞાન છે એમ કહ્યું છે. શબ્દશ્રુત તે જ્ઞાન છે એમ કહ્યું છે. કેમ એ જ્ઞાનને આશ્રય પુદ્ગલનો છે. ગણધરે રચેલા શાસ્ત્રો એ જ્ઞાન છે એટલે કે જે વ્યવહારુ જ્ઞાન તે તરફનું થાય છે એનો આશ્રય જડ છે. માટે એ જ્ઞાનને શબ્દશ્રુત જ કહ્યું. સમજાણું કાંઈ? એ આત્માનું જ્ઞાન નહીં, એ શબ્દશ્રુતનું જ્ઞાન.

દિગંબર સંતોની રચના અલૌકિક છે અલૌકિક! એક-એક ગાથા એની રચના બીજે ક્યાંય ન મળે. એવી રચના છે એ વસ્તુ જ અંદરથી આવી છે. સમજાણું કાંઈ? એમ ગણધરે રચેલા શાસ્ત્રો દ્રવ્યશ્રુત છે. એનું થતું જ્ઞાન, તે જ્ઞાનને જ્ઞાન કહ્યું, કેમ એ જ્ઞાનનો આશ્રય તો શબ્દશ્રુત છે. એ બધું શબ્દશ્રુત છે. એને જે થયું જ્ઞાન એ બધું શબ્દશ્રુત છે. શબ્દશ્રુતનું જ્ઞાન તે શબ્દશ્રુત છે. અને નવ તત્ત્વની શ્રદ્ધા, એ શ્રદ્ધાનો આધાર નવ તત્ત્વ છે. સમજાય છે? એટલે નવ તત્ત્વ તે શ્રદ્ધા છે, કેમકે શ્રદ્ધાને આશ્રયે નવ તત્ત્વ છે. વ્યવહાર.. વ્યવહાર હોં, રાગ.. રાગ. આહાહા!

અહિંસા, પંચમહાવ્રતના પરિણામનો આધાર છકાય છે, છકાયનો જીવ છે. છકાયના જીવ એ ચારિત્ર. ઓલા છકાયના જીવો તો પર રહ્યા. આહાહા! એ ચારિત્ર ત્યાં ક્યાંથી આવ્યું?

ચારિત્ર તો પરિણામમાં હોય વ્યવહારમાં. શેઠ! ઝીણી વાત છે ભાઈ! એ તો ... છે પણ એમાંથી શું કહેવા માંગે છે? પાઠ 'વ્યવહાર' કહ્યો છે. વ્યવહાર છે એ બધો જડમય છે. ગજબ વાત કરે છે. જેમ ત્યાં ત્રણ (વ્યવહાર દર્શન, જ્ઞાન, ચારિત્ર) કહ્યું, એમ અહીં આચાર્યોએ રચેલા પ્રતિક્રમણ, સામાયિક, વંદન આદિ આવશ્યક....... એ બધું આવ્યુંને. આવે છેને. ........... આવી ગયું છે. એ બધા શબ્દો એ વચનવર્ણગા છે, એ દ્રવ્યપ્રતિક્રમણ છે. કેમકે દ્રવ્યપ્રતિક્રમણ એવો જે શુભરાગ એનો આશ્રય તે વાણી, .... છે.

આત્મામાં થતી સ્વાધ્યાય, અંદર સ્વ-આધ્યાય, સ્વને આશ્રયે જે જ્ઞાન, આનંદ ને શાંતિ આવશ્યક—સામાયિક, ચોવિસંથો, વંદન, આત્માના આશ્રયે જે પરિણામ વીતરાગી સામાયિકના થયા, ચોવિસંથો એટલે આત્માના આશ્રયે જે વીતરાગી પરિણામ થયા, એ પરિણામ પોતે જ આત્મા છે, કેમકે એ પરિણામનો આધાર આત્મા છે. સમજાણું કાંઈ? રતિભાઈ! બહુ ઝીણું. .......... કરનારને હમણા ના પાડી છે. .......... રામજીભાઈને માથે મૂક્યો છે. આહાહા! છેને. નહીં, એમ છે આમાં. એવી શૈલી જ છે. એ શૈલી જે બંધ અધિકારમાં છે વ્યવહાર-નિશ્ચયની, એ જ શૈલી અહીં લીધી આવશ્યકમાં. કે વ્યવહાર આવશ્યકના જે વિકલ્પ છે એનો આધાર પુદ્ગલ છે. વ્યવહાર સામાયિકનો જે વિકલ્પ છે એનો આધાર તે વાંચન, આમ બોલે ........ એ શબ્દ તે સામાયિક છે. ક્યો? વ્યવહાર સામાયિક શુભરાગ. શાંતિભાઈ! ઓલા ઝવેરાતમાં આવું કાંઈ ન આવે. આહાહા!

કહે છે, વળી કીધું કે પાપક્ષયનો હેતુ વચનવર્ગણા. એય! શું કીધું આ? નિર્યાપક આચાર્યના મુખથી નીકળેલી... વળી છે કેવું એ દ્રવ્યપ્રતિક્રમણ, દ્રવ્યસામાયિક, દ્રવ્ય-વંદન, દ્રવ્ય-પચ્ચખાણ, દ્રવ્યપ્રાયશ્ચિત્ત? બધા બોલ લઈ લેવા. દ્રવ્ય-આલોચના, દ્રવ્યભક્તિ, દ્રવ્યસમાધિ. એ **સમસ્ત પાપક્ષયના હેતુભૂત**... પાપક્ષયના હોં, પુણ્ય-પાપના નહીં, એકલા પાપના. ઓલો શુભભાવ છેને. સમ્યગ્દર્શન નિશ્ચય સહિત છેને. નિશ્ચય સ્વના આશ્રય સહિત, અનુભવ સહિત આવો પ્રતિક્રમણનો જે શુભરાગ એને વચનવર્ગણા કહીને, એ વચનવર્ગણાના અવલંબે થતાં પરિણામ એ પાપના ક્ષયનું કારણ છે. કહો, સમજાણું કાંઈ? છે શુભભાવ, એ શુભભાવને વચનવર્ગણાનો આશ્રય છે માટે એને વચનવર્ગણા કીધી. સમજાણું કાંઈ? જેને આલંબને થયું તે તેનું છે, એમ કહે છે. આહાહા!

**સઘળું દ્રવ્યશ્રુત તે વચનવર્ગણાયોગ્ય પુદ્ગલદ્રવ્ય-સ્વરૂપ હોવાથી ગ્રાહ્ય નથી...** પણ પાપના ક્ષયહેતુભૂત છે છતાં ગ્રાહ્ય નથી? એ શુભભાવ છે. આહાહા! કેવી શૈલી છે! વ્યવહાર ને નિશ્ચય–બેને ..... છે. નિશ્ચયથી વ્યવહાર પ્રતિક્રમણનો વિકલ્પ છે એ પુદ્ગલવર્ગણાના પરિણામ છે, એ પુદ્ગલ પરિણામ છે અને પુદ્ગલ પરિણામ પાપનો ક્ષય હેતુ છે. પણ પાપ એ પુદ્ગલવત્ છે. પાપના પરિણામ છે એ પણ પુદ્ગલ છે, પુદ્ગલના પરિણામ છે. પણ પુણ્યના

પરિણામ જે પુદ્ગલ છે એ પાપના પરિણામના ક્ષયનો હેતુ છે. સમજાણું કાંઈ? એક બાજુ એમ કહેવું કે રાગ અને શરીર સહિત આત્મા નથી, એટલે કે દોષસહિત આત્મા નથી. પુરુષાર્થસિદ્ધિ (ઉપાય), ૧૪મી ગાથા. કર્મકૃતભાવે... વિકલ્પ શુભરાગ, હું શરીર છું, હું કર્મ છું અને કર્મના નિમિત્તથી થયેલા આ રાગ-દ્વેષ—એથી તો પ્રભુ રહિત છે. છતાં એને રાગવાળો માનવો મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ?

એક બાજુ એમ કહ્યું પ્રવચનસાર, ૧૮૯ ગાથામાં કે રાગનો નિશ્ચયકર્તા જીવ છે. જીવનો રાગ છે નિશ્ચયથી. ૧૮૯ ગાથા, પ્રવચનસાર. શુભરાગ એ નિશ્ચયથી જીવનો છે, પુદ્ગલનો નહીં. પુદ્ગલનો કહેવો એ અશુદ્ધ વ્યવહારનયનો વિષય છે. આ નિશ્ચયે છે. એ એની પર્યાયમાં છે એટલું સિદ્ધ કર્યું છે. પરની પર્યાય નથી ને પરથી થયો નથી. સમજાણું કાંઈ? અને બીજે સ્થાને આમ કહ્યું. પુરુષાર્થસિદ્ધિ ઉપાય તો ચરણાનુયોગનું શાસ્ત્ર છે. .... પ્રવચનસાર. ત્યાં એમ કહ્યું પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં કે રાગ.... આમાં છેને.... રાગ એટલે વિકલ્પ, એ વિકલ્પ..... મિથ્યાત્વ આદિ ભાવ એ આત્માનું કર્મ છે જ નહીં. કેમકે એ આસ્રવતત્ત્વ સહિત જીવતત્ત્વ નથી.

વળી શાસ્ત્રમાં એમ આવે કે જીવને ત્રણ શરીર છે, પાંચ શરીર છે. આવે છે? ગોમટસારમાં એમ આવે છે, છ પર્યાપ્તિ છે. અહીં ના પાડે છે. રાગ ને જડવાળો આત્માને માનવો એ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? ત્યાં વસ્તુને એકદમ પરથી ભિન્ન બતાવીને જેવી છે એવી વાત કરી અને પર્યાયમાં જ્યાં રાગ છે એ પરનો નથી, પણ એનામાં–પર્યાયમાં જરીક છે એટલું બતાવવા 'એનો છે' એમ કીધું. સમજાણું કાંઈ? રાતે વાત થઈ હતીને. ઘણા બોલો કાઢ્યા હતા.

એથી અહીં કહે છે, આચાર્યના મુખથી નીકળેલું પ્રતિક્રમણ.. પાક્ષિક આદિ પ્રતિક્રમણક્રિયાનું કારણ, એમ. જોયું! ક્રિયા એટલે શુભરાગનું કારણ. નિર્યાપક આચાર્યના મુખથી બનેલું, **સમસ્ત પાપક્ષયના હેતુભૂત સઘળું દ્રવ્યશ્રુત તે વચનવર્ગણા** એ પાપના ક્ષયના હેતુભૂત છે એમ કહ્યું. આ કહ્યું છે જુઓ! વચનવર્ગણા એ પાપના ક્ષયનો હેતુ. એનો અર્થ વચનવર્ગણાને આશ્રયે થયેલો પાપ(ક્ષય)નો ભાવ, એને આશ્રય થયેલો (તેથી) એનો ગણીને આત્મા ... કીધો. સમજાણું કાંઈ? આહાહા! એ ગ્રાહ્ય નથી. એ ભાવને વચનવર્ગણા તરફનો આશ્રય છે, માટે એ ભાવ ને વચનવર્ગણા બેય આશ્રય નથી, બેય ગ્રાહ્ય નથી. આહાહા! સમજાણું કાંઈ?

એમ **પ્રત્યાખ્યાન...** એ પણ પુદ્ગલવર્ગણારૂપ છે, વ્યવહાર હોં. વ્યવહાર પ્રત્યાખ્યાન છેને શુભરાગ. મુનિ આહાર કરીને પછી ચાર આહારનો ત્યાગ કરે છેને..... વ્યવહાર પ્રત્યાખ્યાન છે, એ શુભરાગ છે. કેમકે શુભરાગને પુદ્ગલનો આધાર છે. સમજાણું કાંઈ? એ

પ્રત્યાખ્યાન પણ વચનવર્ગણા છે. છે પ્રત્યાખ્યાનનો ઓલો શુભરાગ, પણ એ રાગને વચનવર્ગણાનો આશ્રય છે. અલૌકિક વાત. એ ત્યાગ નથી એટલે.... વ્યવહારના વિકલ્પમાં એવી સ્થિતિ હોય છે, પણ એ વ્યવહારનો વિકલ્પ જે વચનવર્ગણાને આલંબે છે એ ગ્રાહ્ય નથી, જીવને આદરવાલાયક નથી. ગણધરોએ રચ્યા પ્રતિક્રમણ, ગણધરોએ રચ્યા શાસ્ત્ર આદરવા જેવા નથી. તો આ રચ્યા કોને માટે, શું કરવા? એ વખતે શુભભાવ હોય છે ત્યારે શાસ્ત્રની રચના શાસ્ત્રને કારણે થઈ જાય છે. એ કાંઈ વિકલ્પથી થતી નથી. આવી વાતું ભારે. આહાહા!

અહીં તો એ સિદ્ધ કરવું છે કે વ્યવહારને આશ્રય પુદ્ગલનો છે. નિશ્ચયનો આશ્રય આત્મા છે. બસ, આ બે વાત સિદ્ધ કરવી છે. સમજાણું કાંઈ? આહાહા! એમ **નિયમ...** નિયમ લેવો, પંદર દિ'-મહિનાનો.... **અને આલોચના** કરવી. સવાર-સાંજ પાપાદિ..... એ **પણ (પુદ્ગલદ્રવ્યાત્મક હોવાથી) ગ્રહણ કરવાયોગ્ય નથી.** કેમકે વ્યવહાર પ્રત્યાખ્યાન, વ્યવહાર નિયમ, વ્યવહાર આલોચના એવા રાગને પુદ્ગલનો આશ્રય હોવાથી, એ પુદ્ગલદ્રવ્યાત્મક હોવાથી ગ્રાહ્ય નથી. સમજાણું કાંઈ? પ્રકાશદાસજી! પંચમહાવ્રતના પરિણામ પુદ્ગલાશ્રિત હોવાથી પુદ્ગલ છે એમ કહે છે. આહા! ગજબ વાત છે. ભગવાને કહ્યા છે. ...... ભગવાને કહ્યો જે વ્યવહાર એ સંસાર છે. સંસાર છે, એનું ફળ સંસાર છે. પોતે સંસાર છે, એનું ફળેય સંસાર છે. ભગવાનને કહા હૈ. આહાહા! ભગવાને કહેલા શાસ્ત્રો આદિ... સમજાય છે કાંઈ? એનો જે અંદર ભાવ એ તરફનો.... વ્યવહારે જિનવર કહેલા વ્રત, નિયમ આદિ વ્યવહાર હોં, એનું ફળ સંસાર છે. આહા!

શ્રોતા : બાહ્યક્રિયા.......

પૂજ્ય ગુરૂદેવશ્રી : બધું આવી ગયું. જેને આશ્રયે થયેલો એનો એ દીકરો. પુદ્ગલને આશ્રયે થયેલો પુદ્ગલનો દીકરો પુદ્ગલ. ભગવાન આત્માનું જ્ઞાન, શ્રદ્ધા, શાંતિ એ આત્માને આશ્રયે થયેલા તે આત્માના પુત્ર છે આત્મા. આવી વાતું. પરમ સત્ય. એને ન બેસે એટલે કાંઈ વસ્તુ ફરી જાય?

એ આલોચના પણ પુદ્ગલમય (હોવાથી) ગ્રહણ કરવાયોગ્ય નથી. **તે બધું પૌદ્ગલિક વચનમય...** પાઠ છેને. **वयणमयं पडिकमणं...** ત્યાં શુભભાવનું પડિકમણું એમ ભાષા નથી લીધી. .... એ કુંદકુંદાચાર્યનો પાઠ છે. **वयणमयं पडिकमणं.. वयणमयं पच्चखाण..** શુભરાગને વચનમય કહ્યું છે અહીં. પુદ્ગલમય છે એ રાગ. આહાહા! રાગ છે એ વ્યવહાર સાધન છે (અને) નિશ્ચય સાધ્ય છે. પાઠ આવે છે આવો પંચાસ્તિકાયમાં. .......... ઘણું આવે છે. પંડિતજીએ ઠીક લખ્યું છે. આહાહા! બાપુ! .... એક તો સમ્યક્ અનુભવને આશ્રય ચૈતન્યનો છે, અનુભવને આત્માનો આશ્રય છે, સમજાણું કાંઈ? એ કાળમાં જે કાંઈ શુભરાગાદિ હોય છે એને

વ્યવહાર ગણીને સાધકનો આરોપ આપ્યો છે. પુદ્ગલના આશ્રયનો ભાવ છે એ જીવના આશ્રયવાળા ભાવની મદદ કરે (એમ બને નહીં). સમજાણું કાંઈ?

પુદ્ગલ–જડને અવલંબે થયેલો ભાવ દ્રવ્યપ્રતિક્રમણ, દ્રવ્યસામાયિક, .... વ્યવહાર સમકિત, વ્યવહાર જ્ઞાન, વ્યવહાર ચારિત્ર એ આત્માને આશ્રયે થતી દશાને મદદ કરે (એમ) કેમ બને? એ પુદ્ગલજનિત છે. સમજાણું કાંઈ? પણ વ્યવહારને કારણ ગણી.... છ ઢાળામાં ન કહ્યું? નિયતનો હેતુ.. 'નિશ્ચય તે સત્યાર્થ..' આવે છેને. 'નિશ્ચય તે સત્યાર્થ, કારણ સો વ્યવહારો..' કારણ સો વ્યવહારો? અસત્યાર્થ કારણ ને સત્યાર્થ કાર્ય? આહાહા! સમજાણું કાંઈ? વ્યવહાર.... ઘણું આવે છે. ................. હા, એ. ..... છેને. બેય મોક્ષના માર્ગ છે, બેય મોક્ષના માર્ગ છે. એક પુદ્ગલના આશ્રયે થયેલો ભાવ એ મોક્ષનો માર્ગ અને એક આત્માને આશ્રયે થયેલો ભાવ એ મોક્ષનો માર્ગ. એની વ્યાખ્યા શું? એનો અર્થ શું? બે મોક્ષ હશે? વ્યવહારનો મોક્ષ વ્યવહાર, નિશ્ચયનો મોક્ષ નિશ્ચય. વીતરાગ માર્ગ જુદો છે. આહાહા!

ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એને આશ્રયે થયેલો ભાવ... અહીં તો ત્યાં સુધી ન કહ્યું? આ અંતરાત્મા છે ને આ બહિરાત્મા છે એવો વિકલ્પ કુબુદ્ધિમય છે. સમ્યગ્દૃષ્ટિને એવો વિકલ્પ ઉત્પન્ન થતો જ નથી. સમજાણું કાંઈ? કહ્યુંને. આપણે થઈ ગઈ છે વાત. ................. કળશ ૨૬૧. **બહિરાત્મા ને અંતરાત્મા એવો આ વિકલ્પ કુબુદ્ધિઓને હોય છે**. શું કીધું એ? કે જે વિકલ્પ છે એ રાગ છે અને રાગમાં જેનું વર્તન છે તે કુબુદ્ધિ છે. ધર્મીજીવને રાગમાં વર્તન છે જ નહીં. ધર્મી જીવનો આત્મા એના પોતાના દર્શન, જ્ઞાન, ચારિત્રના પરિણામમાં વર્તે છે, એ વિકલ્પમાં છે નહીં. વિકલ્પમાં વર્તન એનું નથી. વિકલ્પમાં વર્તે એ તો મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? આત્મા અખંડાનંદમૂર્તિ પ્રભુ એની શ્રદ્ધા, જ્ઞાન, શાંતિમાં વર્તે તે સમકિતી. એની પર્યાયમાં રાગ નથી અને રાગ હોય તો તેનો જાણનાર છે, પણ વર્તનાર નથી. સમજાણું કાંઈ?

વ્યવહારથી થાય.. વ્યવહારથી થાય..... ખરેખર તો એ .... પુદ્ગલને આશ્રયે ..... પરિણામ થાય. ....... વિકલ્પથી શુભભાવ થાય અને શુભભાવથી ધર્મ થાય, એટલે પુદ્ગલથી ધર્મ થાય. આહાહા! ..... વિકલ્પમાં છેને એ. આ એક રાગમાં છે, એક પર્યાયમાં છે એવા વિકલ્પમાં વર્તે છેને. ધર્મી રાગમાં વર્તતો જ નથી. ધર્મી તો જ્ઞાન-દર્શનની પર્યાય જે નિર્મળ પરિણતિ એમાં એનું વર્તન–વર્તવું છે. રાગમાં વર્તવું–વર્તન એનું નથી. આહાહા! કહો, ..ભાઈ! એને સમ્યગ્દર્શન થયું ત્યારથી, કહે છે કે રાગમાં વર્તતો નથી. અને રાગમાં વર્તે તે ધર્મી નહીં.

ભગવાન કહે છે કે મારી ભક્તિના રાગમાં વર્તે એ ભગત નહીં. એ વીતરાગનો ભગત નથી, એ રાગનો ભગત છે. ભીખાભાઈ! એવું નાખે છે..... ભગવાન કહે, અમારું સ્મરણ કરે, એમાં રાગમાં વર્તે તે અમારો દાસ નહીં. ........ આચાર્યના રચેલા? નિર્યાપક આચાર્યના રચેલા... આવે છેને પ્રવચનસારમાં, ચરણાનુયોગમાં, ત્રીજા અધિકારમાં આવે છે. ........ અહીં તો કહે છે, આ બધું વ્યવહાર-સામાયિક, વ્યવહાર-પ્રતિક્રમણ, વ્યવહાર-પ્રત્યાખ્યાન, વ્યવહાર-પ્રાયશ્ચિત્ત, વ્યવહાર-કાયોત્સર્ગ, વ્યવહાર-સામાયિક, વ્યવહાર-સમાધિ, વ્યવહાર-ભક્તિ,

વ્યવહાર-આવશ્યક એ બધા વિકલ્પ પુદ્ગલમય **હોવાથી સ્વાધ્યાય છે...** આહાહા! જોયું! સ્વાધ્યાય કહે છે, શુભરાગનો સ્વાધ્યાય છે. આહાહા! સ્વાધ્યાય.... **એમ હે શિષ્ય! તું જાણ.** છેને પાઠ. **तं सव्वं जाण सज्झायं...** પાઠમાંછે. **तं सव्वं जाण सज्झायं...**

**वयणमयं पडिकमणं वयणमयं पच्चखाण णियमं च ।**

**आलोयण वयणमयं तं सव्वं जाण सज्झायं ॥**

એ તો એક શુભરાગની સ્વાધ્યાય પુદ્ગલને આશ્રયે છે કહે છે. આહાહા! સમજાણું કાંઈ?

**[હવે અહીં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]** ૨૬૩.

**मुक्त्वा भव्यो वचनरचनां सर्वदातः समस्तां**
**निर्वाणस्त्रीस्तनभरयुगाश्लेषसौख्यस्पृहाढ्यः ।**
**नित्यानंदाद्यतुलमहिमाधारके स्वस्वरूपे**
**स्थित्वा सर्वं तृणमिव जगज्जालमेको ददर्श ॥२६३॥**

**શ્લોકાર્થ : આમ હોવાથી, મુક્તિરૂપી સ્ત્રીના પુષ્ટ સ્તનયુગલના...** એટલે આનંદ ને શાંતિની સ્થિતિ પુષ્ટ થઈ છે ભગવાન આત્માને, એનો સ્પર્શ કરનારા **આલિંગન-સૌખ્યની સ્પૃહાવાળો...** પૂર્ણ આનંદ ને પૂર્ણ શાંતિની સ્પૃહાવાળો **ભવ્ય જીવ સમસ્ત વચનરચનાને સર્વદા છોડીને...** આહાહા! એ વચનરચનાને છોડીને એટલે શુભરાગને છોડીને. **નિત્યાનંદ આદિ અતુલ મહિમાના ધારક...** ઓહોહો! ભગવાન આત્મા નિત્યાનંદ.. નિત્યાનંદ–નિત્ય-આનંદ જેનો સ્વભાવ છે ત્રિકાળ એવા નિત્યાનંદમય... **નિત્યાનંદ આદિ...** નિત્ય આનંદ, નિત્ય શાંતિ, નિત્ય જ્ઞાન, નિત્ય દર્શન, નિત્ય સ્વચ્છતા, નિત્ય પ્રભુતા. એવા **નિત્ય આનંદ આદિ અતુલ મહિમાના ધારક...** જેની સાથે તુલના કોઈની નથી એવો જે ભગવાન અતુલ મહિમાનો ધરનાર **નિજસ્વરૂપમાં સ્થિત રહીને...** પોતાના સ્વરૂપમાં સ્થિત રહીને આવશ્યક કરે છે એનું નામ આવશ્યક.

**અતુલ મહિમાના ધારક નિજસ્વરૂપમાં સ્થિત રહીને, એકલો (નિરાલંબપણે)...** કોઈ વિકલ્પનું આલંબન નહીં જેને. દેવ-ગુરુ-શાસ્ત્રનું પણ જેને આલંબન નહીં. આહાહા! 'એકલો' શબ્દ છેને. **(નિરાલંબપણે) સર્વ જગતજાળને (સમસ્ત લોકસમૂહને)...** .......... કિંમત થયા વિના બધા પદાર્થો જગતજાળમાં જાય છે. પંચપરમેષ્ઠી, સિદ્ધ પરમેષ્ઠી પણ જગતજાળમાં જાય છે. **સર્વ જગતજાળને...** પંચપરમેષ્ઠીનું લક્ષ છે.... એ તો રાગ થયો. પરદ્રવ્યનું લક્ષ જતાં એ બધી જગતજાળ છે. .....ની, પ્રતિક્રમણની રચના કરે આચાર્યો. ....... રાગ ધર્મ નહીં. વ્યવહાર પ્રતિક્રમણ આદિનો વિકલ્પ તો હોય છે. વ્યવહાર નથી હોતો એને? હોય છે છતાં એ આદરણીય નથી, એમ વાત છે. રાગ છે...... આ ગ્રાહ્ય નથી, હેય છે. હવે આને–વ્યવહારને હેય માનવો. જગતજાળ છે. જગત.. સર્વ જગત એમ છેને. સર્વ જગતજાળમાં શું બાકી રહી ગયું?

આત્મા સિવાય બધી જગતજાળ છે અહીં. ત્રણ લોકના નાથ પણ આત્માને માટે જગતજાળ છે. ...... આહાહા! ... થવી એ કાંઈ મહિમા ખોટી છે? .... છે. જે દર્શનને ભગવાન આત્માનો આધાર મળ્યો........

**તૃણ સમાન (તુચ્છ) દેખે છે.** એટલે પોતાનું ... જ્ઞાન આગળ બીજી ચીજ દેખાતી નથી એમ કહે છે. પોતાનો ભગવાન જ્યાં અધિકપણે અંદર ભાસ્યો, એની આગળ જગતની કોઈ ચીજ તેને આત્માથી અધિક વિશેષ છે એમ ભાસતું નથી. ......... ...... એ પણ એને જાણવો નથી. એ તો પોતાના સ્વ-પરપ્રકાશક જ્ઞાનમાં એનું જ્ઞાન ને આનું જ્ઞાન, પોતામાં પોતાથી પોતાના કારણે પરના આલંબન વિના થઈ જાય છે. સમજાણું કાંઈ? આહાહા! અરે! જૈનદર્શન શું ચીજ છે? એ વિશ્વદર્શન છે. કોઈ પક્ષ નથી, સંપ્રદાય નથી, વસ્તુની મર્યાદા છે. એવો પરમાનંદ પૂર્ણ પોતાના અવલંબે રહ્યો એકલો, પોતા સિવાયની આખી દુનિયા.............

**એવી રીતે (શ્રી મૂલાચારમાં પંચાચાર અધિકારને વિષે ૨૧૯મી ગાથા દ્વારા) કહ્યું છે કે** :– આધાર આપે છે.

**परियट्टणं च वायण पुच्छण अणुपेक्खणा य धम्मकहा ।**
**थुदिमंगलसंजुत्तो पंचविहो होदि सज्झाउ ॥**

'સજ્જાય' શબ્દ છેને પાઠમાં. તો સજ્જાય ...... એ પુદ્‌ગલમય છે. ..... થઈ જાય છે. આગળ કહ્યું, **आलोयण वयणमयं तं सव्वं जाण सज्झायं...** એ સજ્જાય બધી વિકલ્પની, પુદ્‌ગલની છે. **ગાથાર્થ : પરિવર્તન (ભણેલું પાછું ફેરવી જવું તે)...** ભણેલું પાછું ફેરવી જવું એ પણ પુદ્‌ગલની (રચના છે). **વાચના (શાસ્ત્ર-વ્યાખ્યાન)** કરવું એ રાગ છે. રાગ... એ બધાને પુદ્‌ગલમય કહ્યાં છે. ....નું પરિવર્તન એ બધા પુદ્‌ગલમય છે. આહાહા! **પૃચ્છના** એટલે પૂછવું એ પણ વિકલ્પ છે, એ પુદ્‌ગલ છે. **અનુપ્રેક્ષા...** બાર ભાવના અનુપ્રેક્ષા...... તત્ત્વાર્થસૂત્રમાં છે. અહીં કહે છે કે એ વિકલ્પ છે, .... સ્વાધ્યાય છે. ..... સ્વભાવને આશ્રયે ..... આ પરનો આશ્રય થાય એની વાત છે. સમજાણું કાંઈ? બોધિ દુર્લભભાવના, અનિત્યભાવના, લોકભાવના. એ વિકલ્પ ...... એ પરભાવ કીધા. ..... એ વિકલ્પમાં પરનો આશ્રય છે. .....

**અને ધર્મકથા (૬૩ શલાકાપુરુષોનાં ચરિત્રો)...** ........ એ બધું પુદ્‌ગલમય છે. **—આમ પાંચ પ્રકારનો,** સ્તુતિ તથા મંગળ સહિત, સ્વાધ્યાય છે. **સ્તુતિ = દેવ અને મુનિને વંદન.** દેવ ને મુનિને વંદન. **(ધર્મકથા, સ્તુતિ અને મંગળ થઈને સ્વાધ્યાયનો પાંચમો પ્રકાર ગણાય છે.)** છેને ધર્મકથાની સાથે. ધર્મકથા ને આ બે બોલ ભેગા—સ્તુતિ અને મંગળ. આહા! મંગલિક બોલવું ને મંગલિકનો બધો સ્વાધ્યાય એ વચનવર્ગણારૂપ છે. એ સ્તુતિ અને સ્વાધ્યાય..... પુદ્‌ગલમય છે. એને આશ્રયે શુભરાગ થાય માટે તે હેય છે. આદરવાલાયક નથી.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## માગશર વદ-૭, મંગળવાર, તા. ૨૬-૧૨-૧૯૭૨
## ગાથા-૧૫૪, શ્લોક-૨૬૪, પ્રવચન નં. ૧૮૪

આ અનુપ્રેક્ષા વિકલ્પભાવ છે. અને ધર્મકથા. એમાં પણ દેવ ને મુનિને વંદન એ બધું પુદ્ગલવર્ગણા છે. દેવને વંદન, ગુરુને વંદન—એ બધું વચનવર્ગણા છે. એમાં ભાવ શુભ છે, પણ શુભનો આશ્રય એ વચનવર્ગણા છે, હેય છે એમ કહ્યું છે. દેવસ્તુતિ, મુનિને વંદન તો હેય છે કહે છે, (કેમકે) એ શુભરાગ છે.

શ્રોતા : શુભ મૂકીને અશુભમાં જાવાનું, એમ ને?

પૂજ્ય ગુરૂદેવશ્રી : એમ કોણે કહ્યું? શુભ આદરણીય નથી, પણ અંદર શુદ્ધ આદરણીય છે એમ કહેવું છે. આહાહા! એવું કડક લાગે. એ સજ્જાયમાં ... આવ્યું હતું. મુનિવંદન, દેવ... આવે છેને છ આવશ્યક. હા, એ. વહ તો વચનવર્ગણા હૈ, શુભભાવ હૈ. અને મંગળિક.. મંગળિક કહેવું 'અરિહંતાણં.. સિદ્ધાણં.. સાહુ મંગલં..' એ વચનવર્ગણા છે, શુભભાવ. આહાહા! અહીંયા (ગાથા) ૨૫૪.

**जदि सक्कदि कादुं जे पडिकमणादि करेज झाणमयं ।**
**सत्तिविहीणो जा जइ सद्दहणं चेव कायव्वं ॥१५४॥**
**કરી જો શકે, પ્રતિક્રમણ આદિ ધ્યાનમય કરજે અહો!**
**કર્તવ્ય છે શ્રદ્ધા જ, શક્તિવિહીન જો તું હોય તો. ૧૫૪.**

**ટીકા : અહીં, શુદ્ધનિશ્ચયધર્મધ્યાનસ્વરૂપ પ્રતિક્રમણ વગેરે...** અહીંયા આગળ 'નિશ્ચય શુક્લધ્યાન' એ શબ્દ નથી લીધો. શુદ્ધનિશ્ચયધર્મધ્યાનસ્વરૂપ પ્રતિક્રમણાદિ, એમ. **વગેરે જ કરવાયોગ્ય છે...** આત્માના આશ્રયે નિર્વિકલ્પપણે જે આ પ્રતિક્રમણ આદિ ક્રિયા છે એ કરવાલાયક છે. **नियमेण य जं कज्जं..** પહેલું આવી ગયું છે. નિયમથી જે કરવાલાયક હોય તો એ નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. ત્રીજી ગાથામાં આવી ગયું. શરૂ ત્યાંથી કર્યું. **नियमेण य जं कज्जं..** નિયમથી જો કરવાલાયક હોય તો સ્વદ્રવ્યને આશ્રિત દૃષ્ટિ, જ્ઞાન ને ચારિત્ર કરવાલાયક છે. સમજાણું કાંઈ?

એ **શુદ્ધનિશ્ચયધર્મધ્યાનસ્વરૂપ...** અહીં તો ધર્મધ્યાનને શુભભાવમાં નાખ્યું નથી. આ લોકો બધા કહે છેને રતનચંદજી ને. ધર્મધ્યાન એ શુભભાવ ને શુક્લધ્યાન એ શુદ્ધભાવ. વે કહતે હૈં. ધર્મધ્યાન એ શુભભાવ ને શુક્લધ્યાન એ શુદ્ધભાવ. અહીં તો ધર્મધ્યાન શુદ્ધભાવને કહ્યું છે. સમજાણું કાંઈ? શુભભાવને તો વચનવર્ગણાના આલંબનવાળું (કહીને) કાઢી નાખ્યું. શુદ્ધનિશ્ચયધર્મધ્યાનસ્વરૂપ પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, આલોચના, પ્રાયશ્ચિત્ત, ભક્તિ, સમાધિ,

આવશ્યક એ બધી, સ્વદ્રવ્યને આશ્રયે નિર્વિકલ્પ ધ્યાનની દશા એ કરવા જેવી છે. આહાહા! એ **કરવાયોગ્ય છે એમ કહ્યું છે**. હવે પોતે મુનિ છેને એટલે પોતાનું નાખે છે જરી.

મહામુનિ કેવા છે? **સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરના શિખામણિ...** સ્વભાવિક વૈરાગ્ય (અર્થાત્) આત્મા સિવાય બધી ચીજ પ્રત્યેની ઉદાસીનતા. અંતરમાં પુણ્ય ને પાપના રાગથી પણ ભિન્નતા એનું નામ સહજ વૈરાગ્ય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આત્મા સિવાય વિકલ્પથી માંડીને બધી ચીજો એના પ્રત્યે ઉદાસ એનું નામ વૈરાગ્ય કહેવાય છે. એ સહજ વૈરાગ્યરૂપી મહેલ. સહજપણે પરથી ઉદાસીન દશા અંદરમાં, રાગના ભાવથી પણ ઉદાસીનદશા, વ્યવહાર પ્રતિક્રમણ આદિ એનાથી પણ ઉદાસીન, એમ કહે છે.

**સહજ વૈરાગ્યરૂપી મહેલ**... મેલ રહિત મહેલ. ઓલા છ આવશ્યક શુભ છે એ મેલ છે. આ મેલ રહિત મહેલ છે. વૈરાગ્યરૂપી મહેલ છે. આહાહા! આઠ-આઠ-આઠ વર્ષના રાજકુમારો, અનુભવની દશા પ્રાપ્ત થઈ અને મુનિપણું–અંતર ધ્યાનમાં સ્થિરતા, એ કઈ દશા છે? આઠ વર્ષના બાળક હોય રાજકુમાર, સમ્યગ્દર્શન સહિત તો છે, પણ અંતર ધ્યાનમાં મસ્ત–લીન છે, એને અહીંયા પ્રતિક્રમણાદિ સત્ક્રિયા કહેવામાં આવે છે. કહો, જેઠાભાઈ! કેટલા સાંજ-સવાર પડિકમણા કર્યા? આહા! સ્વભાવિક પરથી ઉદાસ... પુણ્ય-પાપના અધિકારમાં તો એ પણ લખ્યું છે કે શુભ-અશુભ રાગ છે એનાથી વિરક્ત એને વૈરાગ્ય કહીએ. બાયડી-છોકરાથી વિરક્ત એમ નહીં. શુભભાવથી પણ જે વિરક્ત છે, પુણ્ય-પાપના અધિકારમાં છે, એને વૈરાગ્ય કહીએ. વીતરાગી પરિણતિ પ્રગટે એને રાગથી વૈરાગ્ય છે, પરથી ઉદાસ છે.

એવા જીવને શિખરનો શિખામણિ... એક તો શિખર, એના ઉપર શિખામણિ. કલગી નથી કહેતા? આહાહા! **પરદ્રવ્યથી પરાઙ્મુખ...** આહાહા! વિકલ્પમાં શુભરાગ છે એ પણ પરદ્રવ્ય છે. આહાહા! વ્યવહાર પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન વિગેરેનો રાગ છે એ પરદ્રવ્ય છે. **પરદ્રવ્યથી પરાઙ્મુખ અને સ્વદ્રવ્યમાં નિષ્ણાત બુદ્ધિવાળા...** સ્વદ્રવ્યમાં....... વીતરાગી પરિણતિ પ્રગટે એને રાગથી વૈરાગ્ય છે, પરથી ઉદાસ છે. એવા જીવને શિખરનો શિખામણિ..... એક તો શિખર, એના ઉપર શિખામણિ. કલગી નથી કહેતા? આહાહા! **પરદ્રવ્યથી પરાઙ્મુખ...** આહાહા! વિકલ્પમાં શુભરાગ છે એ પણ પરદ્રવ્ય છે. આહાહા! વ્યવહાર પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન વિગેરેનો રાગ છે એ પણ પરદ્રવ્ય છે.

**પરદ્રવ્યથી પરાઙ્મુખ અને સ્વદ્રવ્યમાં નિષ્ણાત બુદ્ધિવાળા...** સ્વદ્રવ્યમાં સન્મુખ. પરદ્રવ્યમાં પરાઙ્મુખ ને સ્વદ્રવ્યની સન્મુખ. એની **નિષ્ણાત બુદ્ધિવાળા** છે... પ્રવીણબુદ્ધિ છે. સ્વ તરફ વળવાની દશા એની નિષ્ણાંત બુદ્ધિવાળા છે. આ મુનિની વ્યાખ્યા કરે છે. સમ્યગ્દૃષ્ટિ પણ રાગથી માંડીને પરથી ઉદાસ જ છે, વૈરાગ્ય છે પરથી. આ તો મુનિપણું છે, એને વિશેષ વૈરાગ્યના શિખરના શિખામણિ છે. **પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર પરિગ્રહના ધારી...**

પાંચ ઇન્દ્રિયનો વિસ્તાર મૂકાઈ ગયો છે, અતીન્દ્રિયમાં લીન થઈ ગયો છે. ખંડ ઇન્દ્રિય ને દ્રવ્ય ઇન્દ્રિય એના તરફના વિસ્તારનો, ઝુકાવનો જેને અંત થઈ ગયો છે. ઝુકાવ જેનો બંધ થઈ ગયો છે એને અહીંયા પાંચ ઇન્દ્રિયના ફેલાવ રહિત કહે છે.

**દેહમાત્ર પરિગ્રહના ધારી**... શરીરમાત્ર પરિગ્રહ. વસ્ત્રનો ધાગો પણ મુનિને હોતો નથી. દેહમાત્ર.. શ્રીમદ્માં એ આવે છે 'દેહમાત્ર'. એ ચેતનજી! અપૂર્વ અવસર. શું છે? 'સંયમના હેતુથી..' એના પહેલા. 'દેહમાત્ર સંયમ હેતુ હોય જો.' ત્યાં એમ કહે છે. 'દેહમાત્ર સંયમનો હેતુ..' આહાહા! એ ટળ્યો જતો નથી, એને હોય છે, એવી દશા અંદરમાં છે. આહાહા! જે (ત્રિકાળી) દ્રવ્યની સાથે લપેટ–એકાકાર થઈ ગયો છે. આનું સત્ક્રિયા ને આવશ્યક કહેવામાં આવે છે. આહાહા!

**પરમાગમરૂપી મકરંદ ઝરતાં**... મુનિ છેને પોતે. કહે છે કે આ શાસ્ત્ર ઝરે છે એ પરમાગમરૂપી ફૂલ ઝરે છે. ફૂલનું મધ–મકરંદ. મધ, પરાગ, મધ. નીચે છે. **પુષ્પરસ, ફૂલનું મધ**. નીચે છે. **પરમાગમરૂપી મકરંદ ઝરતા**... એમનું નામ પદ્મપ્રભ છેને. કમળમાંથી સુગંધ ઝરે છે એમ કહે છે. સમજાણું કાંઈ? એવી વાત છે. **મુખકમળથી શોભાયમાન હે મુનિશાર્દૂલ!**.. આહાહા! સિંહ, જેણે રાગને ફાડી નાખ્યો છે. મૃગલાને જેમ સિંહ ફાડી નાખે, આહાહા! એમ જેણે વ્યવહાર રત્નત્રય અથવા વ્યવહાર પ્રતિક્રમણનો રાગ પણ ફાડી નાખ્યો છે, તોડી નાખ્યો છે. સમજાણું કાંઈ? સિંહ જેમ મૃગને થાપ મારે ને ફાડી નાખે, એમ ધર્માત્મા સિંહ સમાન, આહાહા! જેણે રાગ ઉપર થાપ મારીને રાગનો અભાવ કર્યો છે. આ વીતરાગમાર્ગ આવો છે. લોકો એકલા રાગમાં ને ક્રિયામાં (ધર્મ) મનાવે છે એ વીતરાગમાર્ગ નથી. આહાહા! કહેશે કે ભલે આવું ન થઈ શકતું હોય તો શ્રદ્ધા તો કરજે હોં કે સ્વદ્રવ્યને આશ્રયે રહેવું એ જ કલ્યાણનું કારણ છે. સમજાણું કાંઈ? આહાહા!

**(અથવા**... 'પદ્મપ્રભ' શબ્દ આવી ગયો અંદર. **પરમાગમરૂપી મકરંદ**... પદ્મપ્રભ છેને. કમળમાંથી ઝરે છે, પરમાગમ(રૂપ) સુગંધ ઝરે છે અંદરથી. એવા હે મુનિશાર્દૂલ! **સંહનન અને શક્તિનો પ્રાદુર્ભાવ હોય તો**... બે લીધા છેને. પાઠમાં આમ છે, **संहननशक्तिप्रादुर्भावे**... સંહનન એટલે હાડકાની મજબૂતાઈ અને અહીં શક્તિ એટલે એ જાતની પુરુષાર્થની ઉગ્રતા. સ્વભાવ તરફ ઢળવાની પુરુષાર્થની ઉગ્રતા. આહાહા! એક ઉપાદાન લીધું ને એક નિમિત્ત લીધું, એમ. **સંહનન ને શક્તિનો પ્રાદુર્ભાવ હોય**... જો એ શક્તિની ઉગ્રતાની જાગૃતિની સ્થિતિ હોય તો **મુક્તિસુંદરીના પ્રથમ દર્શનની ભેટસ્વરૂપ**... આહાહા! અંતર આનંદમાં લીનતા **નિશ્ચયપ્રતિક્રમણ** આદિ, એ મુક્તિસુંદરીની પ્રથમ ભેટ છે. આહાહા! સમજાણું કાંઈ? ભારે ઊંચી વાત.

**મુક્તિસુંદરીના પ્રથમ દર્શનની ભેટ**... આહાહા! દુનિયા જેને સુહાગરાત કહે છે. સમજાણું કાંઈ? એને અહીંયા કહે છે કે, આહાહા! આનંદમૂર્તિ પ્રભુ એમાં જે લીન થયો છે એ

મુક્તિસુંદરીની પ્રથમ ભેટ છે એને. સમજાણું કાંઈ? પહેલી રાત–સુહાગરાત છે એ. રાજા નહોતો? એક રાજા મરી ગયોને.... મોટો રાજા હતો. એક કલાકની બબ્બે-અઢી લાખની પેદાશ. એ પરણ્યો ત્યારે પહેલી રાતમાં એક કરોડ રૂપિયા ખર્ચ્યા હતા. એક કરોડ. આ મલાવા છેને, માને છેને મૂઢ.

અહીં કહે છે કે ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ એની લીનતાનો જ્યાં ભેટો થયો એ મુક્તિસુંદરીની પહેલી ભેટ છે. આહાહા! અતીન્દ્રિય આનંદની જ્યાં પરિણતિ છૂટી, આહા! પૂર્ણ મુક્તિમાં તો અતીન્દ્રિય આનંદ પૂર્ણ થશે, પણ મુક્તિસુંદરની પ્રત્યક્ષ ભેટ અહીં થઈ, કહે છે. એ ગોદીકાજી! બધા રૂપિયા-રૂપિયા મળે, મોટા બંગલા લે. ના પાડે છે. એ તો ઝેરની પેટીયું છે બધી. આહાહા! અતીન્દ્રિય આનંદનો ઝરતો ડુંગર ભગવાન આત્મા એની લીનતામાં લેપાઈ ગયો છે, અંદર એકાકાર થયો છે. આ વિકલ્પ વિનાની વાત છે હોં. નિર્વિકલ્પ સત્ક્રિયા... આહાહા! એના સ્વરૂપમાં લીનતાની પહેલી આનંદની ભેટ થઈ એ મુક્તિસુંદરીની પ્રથમ ભેટ છે. એ મુક્ત થયો છે એટલો. સમજાય છે કાંઈ?

**ભેટસ્વરૂપ નિશ્ચયપ્રતિક્રમણ...** શુભ-અશુભ રહિત અંદર સ્થિરતા, શુદ્ધ ઉપયોગમાં લીનતા એ નિશ્ચયપ્રતિક્રમણ છે, એ સાચું પ્રતિક્રમણ છે. **નિશ્ચયપ્રાયશ્ચિત્ત...** એ પોતે જ નિશ્ચય પ્રાયશ્ચિત્તસ્વરૂપ થઈ ગયો. પ્રાયઃ (ચિત્ત એટલે) જ્ઞાનસ્વરૂપ એવો ભગવાન આત્મા પોતે જ પ્રાયશ્ચિત્ત છે આત્મા. વસ્તુ પોતે જ પ્રાયશ્ચિત્ત છે. પ્રાયઃ–ચિત્ત. પ્રાયઃ ચિત્ત–જ્ઞાન. એ આવી ગયું છે, પહેલું આવી ગયું છે. પ્રાયશ્ચિત્તની વ્યાખ્યા આવી ગઈ છે. આત્મા પહેલી ... વસ્તુ હોં. એ પ્રાયશ્ચિત્તની લીનતા એ પર્યાયનું પ્રાયશ્ચિત્ત છે. આહાહા! ભારે વાતું. 'દિગંબરના તીવ્ર વચનોને લઈને રહસ્ય સમજી શકાય છે.' શ્રીમદ્ એમ કહે છે. 'શ્વેતામ્બરની મોળાશને લઈને રસ ઠંડાતો ગયો.' આહાહા!

ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદથી ભરેલો આત્મા જે અંદર આનંદમાં એકાકાર થઈ ગયો છે એને પ્રતિક્રમણ, નિશ્ચય પ્રાયશ્ચિત્ત, **નિશ્ચયપ્રત્યાખ્યાન વગેરે...** માથે બધા આવી ગયા એ. નિશ્ચય આલોચના, નિશ્ચય સમાધિ, નિશ્ચય ભક્તિ એને કહેવામાં આવે છે. એ **શુદ્ધનિશ્ચયક્રિયાઓ જ કર્તવ્ય છે.** ભાષા જુઓ! એવા ધર્માત્માને તો શુદ્ધનિશ્ચયક્રિયા (અર્થાત્) વસ્તુમાં લીનતારૂપી, વીતરાગ પરિણતિરૂપી ક્રિયા કરવાલાયક છે. 'જ', પાછું એમ. નિશ્ચય જ કર્તવ્ય છે. લ્યો, એ ક્રિયા કીધી. શુભરાગની ક્રિયાથી ભિન્ન વીતરાગ પરિણતિની ક્રિયા.

**જો આ દગ્ધકાળરૂપ (હીનકાળરૂપ) અકાળમાં...** આહાહા! અરેરે! હીનકાળરૂપ અકાળમાં જ્યાં કેવળજ્ઞાનની પ્રાપ્તિનો કાળ નથી, સિદ્ધપદની પ્રાપ્તિનો કાળ નથી, દગ્ધકાળ છે, એવા અકાળમાં **તું શક્તિહીન હો...** પુરુષાર્થની ઉગ્રતા એવી તે શક્તિ ન હો. સમજાણું કાંઈ? **તો તારે કેવળ નિજ પરમાત્મતત્ત્વનું શ્રદ્ધાન જ કર્તવ્ય છે.** અંતરમાં ધ્યાનની સ્થિરતા કરવાની

શક્તિ ન હોય તો શ્રદ્ધા તો એવી કરવી જોઈએ, અનુભવ હોં. અને એ નિર્વિકલ્પ અનુભવમાં શ્રદ્ધા એવી જોઈએ કે એ સ્થિરતા કરવી એ જ કર્તવ્ય છે. ન થઈ શકે, પણ સ્થિરતા કરવી એ જ કર્તવ્ય છે. સમજાણું કાંઈ?

**શુદ્ધનિશ્ચયક્રિયાઓ જ કર્તવ્ય છે**. આ દગ્ધકાળમાં... અરે! દગ્ધકાળ કીધો. ભાષા જુઓ! કાળ ફરી ગયો. આહાહા! અત્યારે કેવળજ્ઞાનનો કાળ નથી, એવા કાળમાં એટલે અકાળમાં તું શક્તિહીન હો, આનંદની લીનતાની સત્ક્રિયા કરવાને માટે શક્તિ ન હો તો શુભ કરજે એમ નથી કહ્યું. આમ ન હોય તો શુભમાં તો રહેજે એમ નથી કહ્યું. એ શુદ્ધતાની લીનતા જ કર્તવ્ય છે એવી શ્રદ્ધા રાખજે. સમજાણું કાંઈ? આહાહા! વસ્તુ આશ્રયે જે પરિણતિ–વીતરાગદશા એ જ કર્તવ્ય છે એવી શ્રદ્ધા રાખજે. શ્રદ્ધામાં ફરીશ નહીં. આ કાળ આવો નથી માટે શુભભાવથી પણ હળવે હળવે આગળ જવાશે—એમ કહીશ નહીં હોં. ન થઈ શકે તો શ્રદ્ધામાં તો એમ રાખજે, નિર્વિકલ્પ અનુભવની દૃષ્ટિમાં એમ રાખજે કે નિર્વિકલ્પ સ્થિરતા એ જ કર્તવ્ય છે. શ્રદ્ધામાં એને રાખજે. આહાહા!

આ તો ઝવેરાતના ધંધા છે. ઓલા બધા હેરાન થવાના ધંધા છે. આને હીરાનો, આને પન્નાનો, ઝવેરાતનો ધંધો. કહો, સમજાણું કાંઈ? એને લોઢાનું. લોઢાનું શું, પત્થરનું. લોઢાનું હશેને કોઈકને? ઘીયા, એને લોઢું. આ હીરા ને આ લોઢા. હીરા લોઢાનો વેપાર.... આ ધીરુભાઈને શું છે? લોઢાનું છેને? હિંમતભાઈને લોઢાનું છે લ્યો. આહાહા! એ વેપાર નહીં, એનો જે વિકલ્પ છે, એ પાપરૂપી વિકલ્પ લોઢું છે. આહાહા! અહીં તો ભગવાન આચાર્ય એમ કહેવા માગે છે, ભાઈ! અંતરની દૃષ્ટિ અનુભવની તો છે, પણ વસ્તુમાં જે સ્થિરતા–નિર્વિકલ્પ સત્ક્રિયા જોઈએ એટલો કદાચિત્ પુરુષાર્થ ન હોય તો એ નિર્વિકલ્પ ક્રિયા તે જ કર્તવ્ય છે એવી તો શ્રદ્ધા આત્માના અનુભવ સાથે રાખજે. સમજાણું કાંઈ?

કરી શકાય નહીં માટે આપણે વ્યવહાર કરીએ, કરવા જેવો છે એમ વાત કરી જ નથી. વચ્ચે આવે, પણ કર્તવ્યલાયક છે (એમ નહીં). એ માટે આ ભાષા ફેરવીને કહી. આહાહા! સમજાણું કાંઈ? શેઠ! આવો તર્ક છે. ...... લોકરંજન માટે, વ્યવહારથી લાભ થાય એમ ... કરીશ, ભાઈ! તું નિગોદમાં જઈશ. નિગોદં ગચ્છઈ. વિપરીત માન્યતા નિગોદનું કારણ છે. અંતરમાં સ્થિરતા ન થઈ શકે તો વ્યવહાર કરજે એટલો તો લાભ છે? પ્રકાશદાસજી! ત્યાં ... હતું કાંઈ આ? સેવા કરો, પડિકમણા, આ મહાવ્રત લ્યો, આ લ્યો... આહાહા!

ભગવાન પોતાનો સ્વભાવ ભૂલી અને આમાં રખડવાનું કહે—એ ધર્મી કહે? એ ભગવાનની શ્રદ્ધાવાળો જ નથી. ભગવાન એટલે આત્મા. સમજાણું કાંઈ? આહાહા! જુઓને! શ્રદ્ધાનો અર્થ આ હોં. શ્રદ્ધા એટલે એકલી (વૈકલ્પિક) એમ નહીં, નિર્વિકલ્પ અનુભવની શ્રદ્ધા. ધ્રુવને પકડીને, ધ્રુવનું ધ્યાન કરીને, ધ્રુવને વિષય બનાવીને જે પર્યાયમાં નિર્વિકલ્પ શ્રદ્ધા થાય,

એમાં આ શ્રદ્ધા રાખજે કે અંદરમાં નિશ્ચય પ્રતિક્રમણ આદિ નિશ્ચય સ્થિરતા થવી એ જ સત્ય છે. ન હોય તો શ્રદ્ધામાં તો રાખજે કે આ જ કરવા જેવું છે. સમજાણું કાંઈ?

વ્યવહારમાં આવે તો થોડોક વિશ્રામ મળે. હળવે-હળવે આગળ વધાય. ..... પાઠ છેને કુંદકુંદાચાર્યનો. **करेज झाणमयं** એમ છેને. પાઠ છે જુઓ! **पडिकमणादि करेज झाणमयं...** મૂળ શ્લોક ૧૫૪. **जदि सक्कदि कादुं जे पडिकमणादि करेज झाणमयं...** ધ્યાનમય કરજે. આચાર્ય પોતાનો પોકાર કરે છે. નિર્વિકલ્પ આનંદમાં રહેવાનું ધ્યાન કરજે. પછી શક્તિહીન હોય તો, એવી નિર્વિકલ્પ ધ્યાનરૂપ જે નિશ્ચય પ્રતિક્રમણ, પ્રાયશ્ચિત્ત આદિની ક્રિયા–વીતરાગી પરિણતિ એની શક્તિ ન હોય તો શ્રદ્ધામાં રાખજે કે કરવા જેવું એ છે. સમજાણું કાંઈ? વચ્ચે શુભ આવે માટે કરવા જેવું છે એ તો મિથ્યાત્વ થઈ ગયું. એવી વાતું છે. આ ભાષા જુઓને! આહાહા! પહેલું કહી ગયાને, પરદ્રવ્ય પરાઙ્મુખ છે એ. પહેલું કહી ગયા. સ્વદ્રવ્યમાં નિષ્ણાત બુદ્ધિવાળો છે. રાગાદિ પરદ્રવ્યથી પરાઙ્મુખ થઈ ગયો છે અને સ્વદ્રવ્યમાં એકાગ્ર કેમ થવું એનો નિષ્ણાંત બુદ્ધિવાળો છે. સમજાણું કાંઈ? ભારે વાતું આવી. વીતરાગનો માર્ગ તો આ છે.

તું કેવળ ભગવાન તીર્થંકરની શ્રદ્ધા રાખજે એમ નથી કહ્યું, કારણ કે ભગવાનની શ્રદ્ધા રાખજે એ તો શુભરાગ છે. કેવળ નિજ પરમાત્મા એટલે પર પરમાત્મા નહીં, કેવળ–એકલો નિજ પરમાત્મા. આહાહા! કેવળ નિજ પરમાત્મતત્ત્વ પૂર્ણાનંદ ને પૂર્ણ જ્ઞાનનો પુંજ એવા તત્ત્વનું શ્રદ્ધાન જ કર્તવ્ય છે. કહો, સમજાણું કાંઈ? આહાહા! જુઓ! આવશ્યકમાં આ નાખ્યું છે. આવશ્યક અધિકાર ચાલે છેને. નિશ્ચય પરમ-આવશ્યક. નિશ્ચય પરમ-આવશ્યક. ઓલો વ્યવહાર પરમ આવશ્યક કહેવાય. વ્યવહાર કહેવાય. પરમાવશ્યક તો બેયને કહેવાય—એક નિશ્ચય પરમાવશ્યક, એક વ્યવહાર પરમાવશ્યક. આહાહા!

કહે છે કે ભગવાન પોતે નિજ પૂર્ણાનંદ પરમાત્મા એની શ્રદ્ધા તો રાખજે. નિર્વિકલ્પ અનુભવમાં આવવું એ તો રાખજે. સમજાણું કાંઈ? નિર્વિકલ્પ સ્થિરતાની ક્રિયા ન થઈ શકે, પણ નિર્વિકલ્પ શ્રદ્ધા તો રાખજે. એ તો થઈ શકે છે, એમ કહે છે. આહાહા! પંડિતજી! આહાહા! શ્રદ્ધાન જ કર્તવ્ય છે. (કેટલાક) એમ કહે, નહીં, શ્રદ્ધા નહીં. ચારિત્ર વિનાની શ્રદ્ધા, ચારિત્ર વિનાનું જ્ઞાન વ્યભિચારી છે એમ કહે છે. ત્યાં અમે ગયા હતાને મંદસોર. મંદસોર થા ન. ...... વિદ્યાનંદજી આયે થે. ઉન્હોંને યે કહા થા. ચારિત્ર વિનાનું એકલું જ્ઞાન વ્યભિચારી જ્ઞાન છે. પણ કેવું જ્ઞાન ને કેવું ચારિત્ર? સમજાણું કાંઈ? ચારિત્ર વ્રત, તપ પુરુષાર્થથી થાય છે ને સમ્યગ્દર્શન તો કાળલબ્ધિ હોય તો થાય છે. આવું કહ્યું હતું લ્યો. આહાહા! સાંભળનારા કેવા પાછા?

શ્રોતા : .... જવાબદારી સોનગઢની ભાષા..... સોનગઢવાળાઓનું આ કામ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી : સોનગઢની? ...... એય ચેતનજી! ચેતનજી ત્યાં ગયા હતા. ચેતનજી ગયા હતા તો પૂછ્યું હતું. એક ઓલો શ્રીમદ્નો ભગત સાથે હતો, નહીં? એણે પૂછ્યું, શ્રીમદ્

રાજચંદ્રને સમકિત હતું? એમ વિદ્યાનંદજીને પૂછ્યું. એક જણ સાથે હતો, શ્રીમદ્નો ભગત હતો. ત્યારે કહે, આપણે પરદ્રવ્યનું શી રીતે જાણીએ? કુંદકુંદાચાર્યને સમકિત હતું કે નહીં એ આપણે શી રીતે જાણીએ? એમ જવાબ આપ્યો. સ્વામીજીકો પૂછના. ત્યાં એમ કહ્યું. ત્યાં હું હતો ખરોને. બે ગાઉ છેટે હતા. આ લોકો એમને માનનારા છે તો એને પૂછશે, એમ. અરે ભગવાન! આહાહા!

અહીં તો ત્રણ લોકનો નાથ ચૈતન્ય બિરાજે છે અંદર, એનો જેણે આશ્રય લઈને દર્શનશુદ્ધિ પ્રગટ કરી છે, આહાહા! પુરુષાર્થથી પ્રગટ કરી છે. શ્રીમદ્માં આવે છે. લોકો એમ માને છે કે સમકિત સહજ થઈ જતું હશે. અનંત પુરુષાર્થ જોઈએ, એમ આવે છે. આહાહા! એ અહીંયા સિદ્ધ કરે છે. બાપુ! 'એ આત્મા' એ તો પાકું રાખજે. ભગવાન પૂર્ણાનંદ છે એની સન્મુખની જે અનુભવદશા પ્રતીતિ થઈ, એ પ્રતીતમાં પણ આ રાખજે કે સ્થિરતા કરવું એ વસ્તુ છે. સ્થિરતા ન થઈ શકે તો શ્રદ્ધામાં તો એ રાખજે કે એ કરવાનું છે. સમજાણું કાંઈ? શ્રદ્ધાન કરજે.

**[હવે આ ૧૫૪મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]**

**असारे संसारे कलिविलसिते पापबहुले**
**न मुक्तिमार्गेऽस्मिन्ननघजिननाथस्थ भवति ।**
**अतोऽध्यात्मं ध्यानं कथमिह भवेन्निर्मलधियां**
**निजात्मश्रद्धानं भवभयहरं स्वीकृतमिदम् ॥ २६४॥**

**શ્લોકાર્થ :** અરે! **અસાર સંસારમાં...** આહાહા! વિકલ્પથી માંડીને આખો સંસાર અસાર છે. ઉદયભાવરૂપી સંસાર તે અસાર છે. અરે! અસાર... ....કઈ રીતે? અસાર સંસાર, ઉદયભાવરૂપી સંસાર અસાર છે, એમાં કાંઈ સાર નથી. ચાર ગતિમાં અસાર એવા સંસારમાં, અરે! એ ઉદયભાવમાં રખડ્યો અનંતકાળ. ઉદયભાવમાં રહેવું એ જ સંસાર છે. સંસાર કોઈ બીજી ચીજ નથી. 'સંસરણં ઇતિ સંસારઃ'. ભગવાન આનંદમૂર્તિથી ખસી અને રાગમાં રહેવું એનું નામ સંસાર. સમજાણું કાંઈ? અરેરે! **અસાર સંસારમાં પાપથી ભરપૂર કળિકાળનો વિલાસ હોતાં...** આહાહા! **પાપથી ભરપૂર કળિકાળનો વિલાસ હોતાં આ નિર્દોષ જિનનાથના માર્ગને વિષે મુક્તિ નથી.** નિર્દોષ વીતરાગમાર્ગમાં આ કાળે અત્યારે મુક્તિ નથી. બીજા મુક્તિ કહે તો મુક્તિ થઈ જાય–એમ છે? તેથી શબ્દ વાપર્યો છે કે 'નિર્દોષ જિનનાથ.' વીતરાગી પરમાત્મા એના માર્ગને વિષે મુક્તિ નથી, અને મુક્તિ હોય તો એ માર્ગમાં જ હોય. સમજમેં આયા? આહાહા!

જિનનાથના માર્ગને વિષે મુક્તિ આ કાળે અકાળ છે. આહાહા! દુકાળ પડ્યો. મુક્તિનો દુકાળ પડ્યો છે, આહા! એવો કાળ જ પંચમકાળ છે. પરમાત્મા તીર્થંકરોએ જિનનાથોએ જે કહી

મુક્તિ, એ મુક્તિની દશા આ કાળમાં અત્યારે નથી. **માટે આ કાળમાં અધ્યાત્મધ્યાન કેમ થઈ શકે?** જેનાથી કેવળજ્ઞાન પામે એવું અધ્યાત્મધ્યાન કેમ થઈ શકે? એમ. સમજાણું કાંઈ? સત્ક્રિયાની ઉગ્રતા એટલી હોય કે જેનાથી કેવળ પમાય એવું ધ્યાન ક્યાંથી હોય? આહાહા! એ પહેલું .... ખ્યાલમાં છે. લોકો આમ કહે છે તેથી આમ કહ્યુંને. આહાહા! એવું ખ્યાલમાં પહેલેથી છે. સમજાણું કાંઈ?

એ લોકો એમ કહે છે કે અધ્યાત્મધ્યાન અત્યારે ન હોય માટે શુભભાવ હોય, એમ. એ વાત તો પહેલી આવી ગઈ. આહાહા! ...... ગુમ છે અધ્યાત્મધ્યાન અત્યારે–આ કાળે. શુદ્ધોપયોગનું ધ્યાન આ કાળે નથી એમ કહે છે ભાઈ! એ કહે છે. આમાંથી આ કાઢે છે. શુદ્ધોપયોગરૂપી ધ્યાન આઠમે હોય, એ અત્યારે નથી. એય ચેતનજી! આઠમે નથી. બાપા! આહાહા! આ કાળમાં અધ્યાત્મધ્યાન એટલે જે સત્ક્રિયાની ઉગ્રતાથી કેવળ થાય એની વાત છે. મુક્તિની વાત છેને. એવી ક્રિયા નથી અત્યારે. મુક્તિ છે જ નહીં અત્યારે. જિનનાથના વીતરાગમાર્ગમાં પરિણતિની દશા પ્રગટવામાં એવી પરિણતિ નથી કે જેનાથી મુક્તિ થાય. બસ, એટલી વાત છે. શુદ્ધોપયોગનું અધ્યાત્મધ્યાન ન થાય એ અહીં વાત નથી. સમજાણું કાંઈ? શુક્લધ્યાન પછી કેવળ પામે એવું ધ્યાન નથી.

**આ કાળમાં અધ્યાત્મધ્યાન કેમ થઈ શકે?** અધ્યાત્મ એટલે આ પ્રકારનું. જેનાથી પરિપૂર્ણ પરિણતિ થઈને કેવળ થાય એની વાત છે. ગાથામાં આવે છેને. આ કાળે ધર્મધ્યાન નથી એમ માનનારા મૂઢ જીવ છે. ધર્મધ્યાન નથી શું? શુક્લધ્યાન નથી. ધર્મધ્યાન નથી આ કાળે? આવે છે. ઓલામાં ... ભાવપાહુડમાં આવે છે, તત્ત્વાનુશાસનમાં આવે છે. ધ્યાન નથી, શું છે ત્યારે? આ કાળે ધ્યાન જ નથી. ધ્યાન નથી શું? શુક્લધ્યાન નથી. ધર્મધ્યાન નથી તો ધર્મ કેવો? બધું આવી ગયું છે. **झाणविहीणो**, નહીં? પહેલા આવ્યું છે. ૧૫૧. **झाणविहीणो समणो बहिरप्पा इदि विजाणीहि...** ધ્યાન તો છે. સાધુ છે ત્યાં ધ્યાન છે. સમજાણું કાંઈ?

ધર્મધ્યાન ન હોય તો બહિરાત્મા છે એમ કીધું. એટલે સમકિતીને પણ ધર્મધ્યાન છે એમ કહે છે. એ આવી ગયું છે, ખુલાસો થઈ ગયો છે. ટીકામાં છે. બહિરાત્મા, ધર્મધ્યાન વિનાના હોય એને બહિરાત્મા કહ્યા. સમ્યગ્દૃષ્ટિ અંતરાત્મા છે. ન્યાયિક વાત છે. આ તો ૧૫૧નો મૂળ પાઠ છે. આ તો મૂળ પાઠ છે **झाणविहीणो..** એ ૧૫૧ના પાઠની વાત છે. ટીકામાં કહ્યું. આ બે ધ્યાન વિનાનો તુચ્છ મુનિ બહિરાત્મા છે. એ તો પાઠનો ભાવ અર્થ કર્યો છે. સમકિતીને ધ્યાન (ન હોય તો) તો બહિરાત્મા છે. સમજાણું કાંઈ? શુક્લધ્યાન જે જોઈએ તે નથી. ધર્મધ્યાન ન હોય, વસ્તુના સ્વભાવની લીનતા–એકાગ્રતા ન હોય તો તો બહિરાત્મા છે. આહાહા!

જેની રાગમાં જ લીનતા છે એને ધર્મધ્યાન નથી, એ તો બહિરાત્મા છે. ચોથે ગુણસ્થાને તો અંતરાત્મા છે. જેટલી અંદર દૃષ્ટિની એકાગ્રતા છે એટલું તો ધ્યાન તો સદાય છે. એ ધ્યાન ન હોય તો બહિરાત્મા થઈ જાય. સમજાણું કાંઈ? આહાહા! પાઠમાં જ નીકળે છે, ધ્યાન વિનાનો બહિરાત્મા. ભાઈ! છઠ્ઠે ગુણસ્થાન ધ્યાન ન હોય તો બહિરાત્મા અને ચોથે ન હોય તોય બહિરાત્મા? મુનિને યોગ્ય શુક્લધ્યાન આદિ ઉત્કૃષ્ટ દશા એ ન હોય. ધ્યાન ન હોય તો મિથ્યાદૃષ્ટિ કહ્યો છે અહીં તો. એનો અર્થ શું થયો? સમ્યગ્દર્શનમાં પણ સ્વરૂપની એકાગ્રતાની પરિણતિ નિરંતર છે એ ધ્યાન છે. સમજાણું કાંઈ? આહાહા!

માણસ પોતાની વાત પોષવા માટે શાસ્ત્રના અર્થ ફેરવી નાખે. એમ ફરે કેમ? અરે! આ કાળમાં અધ્યાત્મધ્યાન કેમ થઈ શકે? એનો અર્થ આ. 'મુક્તિ નથી' એમ કીધુંને. જિનનાથના માર્ગમાં મુક્તિ નથી એની સાથે સંબંધ છે. મુક્તિ નથી, એથી મુક્તિને લાયક જે ધ્યાન છે એ અત્યારે નથી. ન્યાયથી એણે સમજવું જોઈએને. નિર્દોષ જિનનાથનો માર્ગ... ભાષા જોઈ! સદોષ અજ્ઞાનીઓ કહેતા હોય કે ના, ના, અત્યારે મોક્ષ થાય. એ તો અજ્ઞાનીઓ છે. સદોષને ભાનેય કે દિ' છે? સમજાણું કાંઈ? શ્રીમદ્માં એક વાત આવે છે, આ કાળે મુક્તિ, કેવળ ન થઈ શકે. કારણકે વેદાંતમાં તો કહ્યું છે કે આ કાળે પણ થાય. એ ચેતનજી! એક પત્રમાં છે. સમજાણું કાંઈ? જિનમાર્ગ વિષે નથી, પણ અન્ય માર્ગમાં છે એમ લખ્યું છે. છે જ નહીં, અન્ય માર્ગમાં વસ્તુ જ કે દિ' હતી? (અન્ય માર્ગમાં) સદાય નહીં, (જિનમાર્ગમાં) અભી નહીં. અહીં તો અત્યારે નથી મુક્તિનો માર્ગ. આહાહા!

**તેથી નિર્મળબુદ્ધિવાળાઓ...** જુઓ! આ કીધું. **ભવભયનો નાશ કરનારી...** ભવભયનો નાશ કરનારી **એવી આ નિજાત્મશ્રદ્ધાને અંગીકૃત કરે છે.** લ્યો. ભવભયનો નાશ કરનારી ત્યારે સમ્યગ્દર્શનમાં એટલા એકાગ્રતા થઈ. અનંતાનુબંધીનો, મિથ્યાત્વનો ભાવ (નાશ થયો) એટલું ધ્યાન થયું. એ ધ્યાન તો નિરંતર હોય છે. ધ્યાન વિનાનો સાધુ બહિરાત્મા કહ્યો છે, એનો અર્થ શું થયો? ધ્યાન વિનાનો સમકિતી એ બહિરાત્મા કહ્યો છે. એટલું ધ્યાન તો છે. આહાહા! વસ્તુના સ્વભાવની એકાગ્રતા અને અંશે સ્થિરતા એટલું તો છે, એ ધર્મધ્યાન છે. એવું જો ન હોય તો બહિરાત્મા છે. એટલે કે એકલા શુભરાગમાં લીન છે શુભરાગની ક્રિયામાં, એ તો બહિરાત્મા છે એમ કહે છે. વ્યવહારૂ ક્રિયા જેટલી કહી જિનવરે ચરણાનુયોગમાં, એ રાગમાં જે એકલો લીન છે, એ બહિરાત્મા છે. આહાહા! સમજાણું કાંઈ?

**એવી આ નિજાત્મ... આ નિજાત્મશ્રદ્ધાને...** આહાહા! એમ કહીને મુનિ પોતે કહે છે કે આ નિજાત્મશ્રદ્ધા, એમ. પોતાને ભેગા નાખે છે. સમજાણું કાંઈ? **ભવભયનો નાશ કરનારી એવી આ નિજાત્મશ્રદ્ધાને... भवभयहरं स्वीकृतमिदम्...** 'આ સ્વીકૃત' છેને. સ્વીકૃત આ. આહાહા! **स्वीकृतमिदम्... આ નિજાત્મશ્રદ્ધા...** ભારે ભાઈ! ભગવાનની શ્રદ્ધા તો રાખજે કે

ત્વમેવ સત્યં નિઃશંકં, નિઃકાંક્ષં—એમ નથી કહ્યું અહીં. ભગવાનની શ્રદ્ધા તો રાખજે કે ભગવાન સાચા. તારી શ્રદ્ધા રાખજે કે નિર્મળાનંદ પ્રભુ હું છું. એવી પરિણતિરૂપ પ્રતીત છે એમ રાખજે. ઝીણું છે હસમુખભાઈ! પૈસા ઝટ મળી ગયા એવું આ ઝટ મળે એવું નથી. ત્યાંય પુરુષાર્થ કાંઈ કર્યો નથી, પુરુષાર્થથી મળ્યું નથી.

શ્રોતા : પાપનો (પુરુષાર્થ) તો કરવો પડ્યોને?

પૂજ્ય ગુરૂદેવશ્રી : ના, ના, ધૂળ એ તો. રાગનો કર્યો હતો. રાગનું .... આ રજકણો હતાને બળી ગયા ને આવ્યા બહાર. ઓલા ગળ્યા ને આ બહાર મળ્યા. પુણ્યની નોટ ગળી ગઈ. દેખાણું એને. આવે છે ક્યાં પૈસા? દેખાણું..... ચાલ્યા જતા હતા તે ઊભા રહ્યા જરીક. પૈસા ચાલ્યા જતા હતા. એનું પરિવર્તન હોયને. .... એટલે એને થયું કે આ મને મળ્યા. સાચી વાત છે. આહાહા! સાચી લાગે કે ન લાગે...... એને ઝટ ઝટ મળી જાય છે તો સાચી લાગે છે, એમ કહે છે. વાણિયાને ત્યાં જાઓ તો રૂપિયા બે-પાંચ હજાર..... લાખ-બે લાખ, પાંચ લાખ ફટ. કોને કહેવું પેદાશ? આહાહા! એ તો પૂર્વના પુણ્યના ભાવ જે રજકણો હતા એ નોટ બળી ગઈ ત્યારે એ દેખાય, નોટના ફળ દેખાય. એની પાસે ક્યાં આવે છે? એને તો દેખીને મમતા થઈ કે મારા છે. એ મમતા થઈ એની પાસે. દેવીલાલજી! આહાહા! ....... આહાહા!

શેઠ તો એને કહીએ જેને શ્રેષ્ઠ અનુભવદશા ને સ્થિરતા થાય તે શેઠ ને એ શ્રેષ્ઠ. આહાહા! બહુ સરસ વાત. આટલું બધું દ્રવ્યનું ધ્યાન–આશ્રય ઉગ્ર.., જિનમાર્ગને વિષે કેવળજ્ઞાન પામવાની મુક્તિનું કારણ ન હો, નથી તેથી એવું ધ્યાન અત્યારે નથી, પણ આટલું તો રાખજે કે નિજાત્મશ્રદ્ધા ભગવાન પૂર્ણાનંદ .... રાગની ક્રિયા વિનાનું તત્ત્વ વીતરાગમૂર્તિ પ્રભુ એવો નિજ પરમાત્મા ..... શ્રદ્ધા રાખજે નિર્વિકલ્પ. વ્યવહારશ્રદ્ધાની વાત નથી હોં. એને તો કાઢી નાખવાની વાત છે. સમજાણું કાંઈ? એવી આ નિજાત્મશ્રદ્ધાને અંગીકૃત કરે છે. અંગીકાર, ઉપાદેયપણે અંગીકાર કરે છે, એમ કહે છે. આદર કરે છે નિશ્ચય સમ્યગ્દર્શન. આહાહા! એ ૧૫૪ થઈ.

આ માર્ગ તો જિનના માર્ગ છે. 'હરિનો માર્ગ છે શૂરાનો કાયરના કામ નહીં ત્યાં.' પાછીપાની કરે એના આ કામ નથી. 'પાછીપાની' સમજાય છેને? પાછા સમજે ને? પીછેહઠ. સાદી ભાષા. એ ....માં જાતો હશે? આહાહા! '........' એ વજુભાઈ! લખ્યું હતું કે નહીં કોઈ દિ'? વીરવાણીમાં, ૮૨ની સાલ. ૮૨, ૮૨. ૧૯૮૨, વઢવાણ કેટલા થયા? ૪૧ વર્ષ થયા મહાસુખ આવ્યો હતો તે દિ'. '....' વીર તારો માર્ગ ... મહા પુરુષાર્થનો છે. પણ જે માર્ગે તું ગયો તે માર્ગ અફરમાર્ગ છે તારો. એમ નિયત... ફરે નહીં પાછો એવો તારો માર્ગ છે. સમજાણું કાંઈ?

એ વખતે સંપ્રદાયમાં આવા અર્થ કહેવાતા હોં. લોકો બિચારા સાંભળતા. ..... ૪૭ વર્ષ પહેલાની વાત છે આ તો, ૫૦ વર્ષ. ....કહ્યું હતું બોટાદમાં. ..... દામોદરભાઈએ. ૮૨નું ચોમાસું હતું. ..... ૮૨ના વ્યાખ્યાનમાં... ....એમાં આ ટુકડો છે. ..... વીરના માર્ગ મહા પુરુષાર્થના છે. સાંભળતા એ વખતે મંત્રમુગ્ધ થઈને આમ. બધા હજાર-હજાર, પંદરસો માણસ આમ સાંભળતા. બાપા! તારા માર્ગ..... વીરના માર્ગે વીરો જઈ શકે. કાયરના ત્યાં કામ નથી. સમજાણું કાંઈ? પીછે હઠ કરનારના ત્યાં કામ નથી. બાયલાઓ ત્યાં ન જઈ શકે. અંદરના પુરુષાર્થની જાગૃતિમાં ચડતાં, પ્રભુ! તારો માર્ગ અફર છે. જે માર્ગે તું ચડ્યો, એ માર્ગથી પાછો ફર નહીં એવો તારો માર્ગ છે. ગોદીકાજી! આહાહા!

એ તો આચારાંગના પહેલા ભાગમાં કેટલાક એવા ટુકડા છે. ....... એ બધા ટુકડા આવતા. હે આત્મા! તું તારો મિત્ર છો. બહારમાં તારા મિત્રને ક્યાં ગોતે છો? એવા અર્થ કરતા. અંદરનું હતુંને થોડું થોડું. ત્યાં તો...... હે પુરુષા! ..... તું તારો મિત્ર છો. .... બહારના મિત્રને ક્યાં ગોતવા નીકળ્યો છો? એ જેઠાભાઈ! એવું આચારાંગમાં છે. એટલો પાઠ રહી ગયો હોયને. આમાંથી નીકળ્યા છેને. સારા ઘરમાંથી નીકળ્યા એટલે વાણી સારી રહી જાયને કોઈક? આટલો સારો રહી જાય.... સારા ઘરમાંથી.... આહાહા!

કહે છે કે ભગવાન આત્મા પૂર્ણાનંદ પ્રભુ એની શ્રદ્ધા અને પૂર્ણાનંદની પ્રાપ્તિ પૂર્ણાનંદના એકાગ્રતાથી થાય એવી શ્રદ્ધા તો બરાબર રાખજે. ...... પછી વ્યવહાર કરતાં કરતાં હળવે હળવે થાશે એ વાત રાખીશ નહીં અંદરમાં. રૂવાંટે પણ રાખીશ નહીં. રૂવાંટે એટલે પ્રદેશ. સમજાણું કાંઈ? અસંખ્ય પ્રદેશ છેને. એક પ્રદેશે પણ વાત રાખીશ નહીં. આહાહા! જુઓને! કુંદકુંદાચાર્યના ઉગ્ર વચન તો જુઓ. ભગવાન અસંખ્યપ્રદેશી અનંત ગુણનો પિંડ પ્રભુ એને આશ્રયે થયેલી નિર્વિકલ્પ શ્રદ્ધા, એમાં આ રાખજે કે આને આશ્રયે થવું તે જ મુક્તિનું કારણ છે. વચમાં શુભ આવશે, આ ન કરીશ તો શુભ આવશે. એટલો તો ટેકો મળશે? આહાહા! ૧૫૪ (ગાથા) થઈ. ૧૫૫ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**માગશર વદ-૧૦, શુક્રવાર, તા. ૨૯-૧૨-૧૯૭૨**
**ગાથા-૧૫૫, પ્રવચન નં. ૧૮૫**

આ નિયમસાર શાસ્ત્ર છે. નિશ્ચય પરમ-આવશ્યક અધિકાર. જ્ઞાનીની નિશ્ચયથી કરવાલાયક ક્રિયા કઈ? આવશ્યક એટલે અવશ્ય. આત્માની ધાર્મિક ક્રિયા, જે પરમાનંદરૂપી મુક્તદશા એનું કારણ. મુક્તિ એટલે પરમાનંદની પૂર્ણ દશા એનું નામ મુક્તિ. એનું કારણ એ સત્ક્રિયા, નિશ્ચય ધાર્મિક ક્રિયા એ એનું કર્તવ્ય છે, એ કરવાલાયક છે એમ કહે છે. ૧૫૫ છે.

**जिणकहियपरमसुत्ते पडिकमणादिय परीक्खऊण फुडं।**
**मोणव्वएण जोई णियकज्जं साहए णिच्चं॥१५५॥**

**પ્રતિક્રમણ-આદિ સ્પષ્ટ પરખી જિન-પરમસૂત્રો વિષે,**
**મુનિએ નિરંતર મૌનવ્રત સહ સાધવું નિજ કાર્યને. ૧૫૫.**

મુનિની પ્રધાનતાથી કથન છે, પણ સમ્યગ્દર્શનથી માંડીને (હોય છે). આત્મા અખંડાનંદ પ્રભુ છે, સચ્ચિદાનંદ—સત્ નામ શાશ્વત, જ્ઞાન ને આનંદની જે મૂર્તિ અરૂપી ... છે. એ અરૂપીરૂપ કહી. એવો પરમાત્મસ્વભાવ પોતાનો છે એને આત્મા કહીએ. જે આત્મામાં એની દૃષ્ટિ મૂકીને પ્રથમ તો સમ્યગ્દર્શન, આત્માના આનંદનો અનુભવ, એની પ્રતીતિ એનું નામ સમ્યગ્દર્શન છે.

શ્રોતા : આવશ્યક ક્રિયા આ છે?

પૂજ્ય ગુરૂદેવશ્રી : આવશ્યક ક્રિયા આ છે. એ પરમ આવશ્યક છે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર—ત્રણેય પરમ આવશ્યક ક્રિયા છે. આહાહા! ... વ્યવહારની .... ભૂલાઈ ગયું છે. એ વ્યવહાર પણ, આવો નિશ્ચય અનુભવ હોય એને કોઈ વિકલ્પ ઉઠે વ્યવહાર .... આદિનો એને વ્યવહાર કહેવામાં આવે છે. જેને આત્માનો અનુભવ ને આનંદની દશાનું ભાન થયું નથી એને તો વ્યવહારેય નથી, એ તો વ્યવહારાભાસ છે.

શ્રોતા : એને પછી મિથ્યા વ્યવહાર કહેવામાં શું વાંધો છે?

પૂજ્ય ગુરુદેવશ્રી : મિથ્યા. આ મીઠી ભાષા છે જરી. મીઠી ભાષાથી આ વાત કહી છે. આત્મા સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણાનંદનો નાથ, એનો અંતર આશ્રય કરીને, અંતરમાં આનંદના વેદન સહિતની જેણે દૃષ્ટિ પ્રગટ કરી નથી એને બધી વસ્તુ ફોગટ–નિરર્થક છે.

શ્રોતા : બધી વસ્તુ ફોગટ ભલે રહી, પણ ચિંતા તો ન વધારેને?

પૂજ્ય ગુરુદેવશ્રી : ફોગટનો અર્થ શું? ધર્મને માટે ફોગટ, સંસારને માટે સાર્થક. ધર્મને માટે, મુક્તિને માટે ફોગટ. સંસારમાં રખડવા માટે સાર્થક.—એમ છે. ગોદીકાજી!

હવે આ ગાથાનો અર્થ ચાલે છે. આવશ્યક છેને ઉપર, નિશ્ચય પરમ-આવશ્યક. પરમ આવશ્યકને માટે સામાયિક, ચોવિસંથો, વંદન, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, પ્રાયશ્ચિત્ત..... એ પ્રમાણે વ્યાખ્યા કીધી આ બધી. સામાયિક એટલે આત્મા આનંદમૂર્તિ વીતરાગસ્વરૂપ એનો અનુભવ કરીને સ્વરૂપમાં વીતરાગી પર્યાયે સ્થિર થવું એનું નામ સામાયિક છે. લોકો આ સામાયિક કરીને બેસે, 'ણમો અરિહંતાણં' કરીને પુરું કરે—એ સામાયિક નહીં. એ તો શુભરાગ છે, વ્યભિચાર છે, સ્વરૂપથી વિપરીતભાવ છે એ. સમજાણું કાંઈ? ભગવાન આત્મા જ્ઞાયક ને આનંદથી ભરેલું તત્ત્વ છે. એની અંતર્મુખ દૃષ્ટિ મૂકતાં નિર્વિકલ્પ અનુભવ થઈને જે પ્રતીતિ થાય, એને તો પ્રથમ સમ્યગ્દર્શન ક્રિયા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એમાં પછી આનંદમાં લીનતા વિશેષ, અતીન્દ્રિય આનંદના સ્વાદની દશામાં સ્વાદની ઉગ્રતા અંદર આવવી એનું નામ સામાયિક છે. સમજાણું કાંઈ? ગોદીકાજી! આવી વાત છે આ.

એમ ચોવિસંથો. તીર્થંકરની સ્તુતિ એટલે કે પૂર્ણાનંદનો નાથ આત્મા અનંત ગુણસંપન્ન એની સ્તુતિ એટલે એકાગ્રતા. સ્વ-ભગવાન આત્મામાં વીતરાગી આનંદની દશા સહિત એકાગ્રતા એને ચોવિસંથો કહે છે. બહારના કોઈ .... સ્તુતિ એ તો વિકલ્પ–શુભરાગ છે. પુણ્યબંધનું કારણ છે, ધર્મનું કારણ નહીં. આહાહા! સામાયિક, ચોવિસંથો, વંદન... તીર્થંકરને કે ગુરુને વંદન, બાહ્યગુરુને વંદન એ તો શુભ વિકલ્પ છે, રાગ છે, બંધનું કારણ છે. જેટલો પરદ્રવ્ય આશ્રિત ભાવ ઉત્પન્ન થાય એ બધું બંધનું કારણ છે. કારણ કે ત્રણ લોકના નાથ તીર્થંકર જેને શાંતિના ને આનંદના કિરણ પ્રગટ્યા છે (અને) સંતને વંદન પણ શુભરાગ છે, પુણ્ય છે, ધર્મ નહીં. આ ચોવિસંથો બીજી જાતના ચાલે છે.

ભગવાન આત્મા જ પોતે તીર્થંકર સર્વજ્ઞ છે, પોતે અરિહંત છે, સિદ્ધ છે, આચાર્ય છે, ઉપાધ્યાય છે, સાધુ છે. એનું નિર્વિકારી સ્વરૂપ જ એવું છે. આહા! ભારે વાતું ભાઈ! તેથી આચાર્ય કહેશે. **परीक्खऊण**.. કીધું છેને પાઠમાં. 'પરીક્ષા કરીને ખોજ' શબ્દ પડ્યો છે. અનાદિથી એમ ને એમ માની લે, એ નહીં. પ્રત્યક્ષ પરીક્ષા કરીને માનવું, એમ કહે છે. કુંદકુંદાચાર્યે બે શબ્દ કહ્યા **परीक्खऊण फुडं**... સ્પષ્ટ જ્ઞાનમાં પ્રત્યક્ષ વેદનથી આનો નિર્ણય કરવો પડશે. ટીકામાં બીજું આવશે. '**શુદ્ધ નિશ્ચયનયાત્મક પરમાત્મધ્યાનસ્વરૂપ**' એવો શબ્દ આવશે. બધા શબ્દો એવા છે. અજાણ્યા માણસને...... મૂળ તો માર્ગ આ છે. અંતર સ્વરૂપ ભગવાન અતીન્દ્રિય આનંદથી ભરેલું ભરચક–છલોછલ છે. એવો જે ચૈતન્ય પ્રભુ એની સ્તુતિ એટલે એકાગ્રતા...

... કહ્યુંને સમયસારમાં? કેવળીની સ્તુતિ કોને કહેવી જોઈએ? શિષ્યે પ્રશ્ન કર્યો. કેવળજ્ઞાની પરમાત્મા કેવળીની સ્તુતિ કહેવી કોને? ઉત્તરમાં એમ કહ્યું કે આ ભગવાન પોતે જ પૂર્ણાનંદનો નાથ કેવળજ્ઞાનથી સહિત છે. કેવળ એટલે એકલું જ્ઞાન. એને–ઇન્દ્રિયોને જીતી

એટલે કે ખંડખંડ ઇન્દ્રિયનું લક્ષ છોડી દઈ, ખંડ (ઇન્દ્રિય) એટલે ભાવ (ઇન્દ્રિય) લેવું, આ જડ ઇન્દ્રિયનું લક્ષ છોડી દઈ અને એના વિષયો વાણી આદિ... વીતરાગની વાણી ને વીતરાગ પણ ઇન્દ્રિયનો વિષય છે. સમજાણું કાંઈ? ત્રણેયને ત્યાં ઇન્દ્રિય કહ્યા છે. ભાવેન્દ્રિય–ખંડ-ઇન્દ્રિય, જડ-ઇન્દ્રિય અને એનો વિષય સામે બધી ચીજો—એ ત્રણેયને ઇન્દ્રિય કહેવામાં આવે છે. ૩૧ ગાથા. આવે છે? **जो इंदिये जिणित्ता णाणसहावाधियं मुणदि आदं**... આહાહા! ભારે આકરૂં લાગે. સમજાણું કાંઈ?

**जो इंदिये जिणित्ता**.. પાઠ આ છે. એનો અર્થ અમૃતચંદ્રાચાર્યે કર્યો કે ઇન્દ્રિય એટલે ત્રણ પ્રકાર. એક તો કે ભાવેન્દ્રિય, દ્રવ્યેન્દ્રિય અને એનો વિષય—ત્રણેય ઇન્દ્રિય. સમજાણું કાંઈ? એને જીતીને એટલે તે તરફની રુચિ ને આશ્રય છોડી દઈને, ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ એમાં જેની એકાગ્રતા છે એ કેવળીની સ્તુતિ કરનાર છે. સમજાણું કાંઈ? હા, એ કહેશે. કેવળી, પોતે જ કેવળી છે. વિકલ્પ તો ઉડ ગયા હૈ. કેવલીકી સ્તુતિ કિસકો કહતે હૈં? કેવલીકી સ્તુતિ ઉસકો કહતે હૈં કિ અપના આનંદસ્વરૂપ ભગવાન... ઇન્દ્રિયકા લક્ષ છોડકર, ઇન્દ્રિય શબ્દસે ખંડ-ઇન્દ્રય, જડ ઇન્દ્રિય ને ...વાણી કે સ્ત્રી-કુટુંબ—એ ઇન્દ્રિયના વિષયો તે ઇન્દ્રિય છે. ઇન્દ્રિયના વિષયો છે તે ઇન્દ્રિય છે. આહા! આકરી વાતું. આ અક્ષર છે તે ઇન્દ્રિયમાં જાય છે. ઇન્દ્રિયનો વિષય ઇન્દ્રિયમાં જાય છે. ૩૧ ગાથા. આહાહા! આકરી વાત છે ભગવાન!

તેં તારા માર્ગને વિષય કર્યો નથી. ઊંધે વ્યવહારે ચડી ચાર ગતિમાં રખડી રહ્યો છે ચોરાશીના અવતારમાં. એને રખડવાનું ટાળવાનો ઉપાય સચ્ચિદાનંદ પ્રભુ પોતે આત્મા એની અંદરમાં એકાગ્રતા, અણીન્દ્રિયસ્વરૂપ ભગવાનમાં એકાગ્રતા, એ ભગવાનની સ્તુતિ કહેવામાં આવે છે. એ કેવળીની સ્તુતિ. ૩૧મી ગાથા. સમજાણું કાંઈ? આહાહા! અહીંયા ચોવિસંથો એને કહે છે, વંદન એને કહે છે, પ્રતિક્રમણ એને કહે છે કે નિમિત્તથી, રાગથી ને ખંડ-ઇન્દ્રિય (એટલે) પર્યાયના અંશથી છૂટી, ખસી અને સ્વરૂપમાં... 'ખસી' છેને (એટલે) પાછો હઠી ને સ્વરૂપમાં લીનતા અતીન્દ્રિય આનંદની પ્રગટ થવી એને પ્રતિક્રમણ કહે છે. સમજાણું કાંઈ? એને પ્રત્યાખ્યાન કહે છે, એને કાયોત્સર્ગ કહે છે. ૧૫૫.

**પ્રતિક્રમણ-આદિ સ્પષ્ટ પરખી જિન-પરમસૂત્રો વિષે,**
**મુનિએ નિરંતર મૌનવ્રત સહ સાધવું નિજ કાર્યને. ૧૫૫.**

**અન્વયાર્થ : જિનકથિત પરમસૂત્રને વિષે...** સર્વજ્ઞ પરમાત્મા જેને એક સેકંડના અસંખ્ય ભાગમાં ત્રણ કાળ, ત્રણ લોક જાણવામાં આવ્યા. એવો સર્વજ્ઞસ્વભાવ જીવનો (છે). જીવનો સર્વજ્ઞસ્વભાવ જ છે. 'જ્ઞ' સ્વભાવી કહો કે સર્વજ્ઞસ્વભાવી કહો આત્મા. એમાંથી જેણે સર્વજ્ઞ પર્યાય પ્રગટ કરી છે, સમજાણું કાંઈ? એવા વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર જિનકથિત (એટલે) એના મુખથી નીકળેલી વાણી–દિવ્યધ્વનિ. **પરમસૂત્ર...** એની જે રચના કરી ગણધરોએ એનું નામ

પરમસૂત્ર. એને વિષે **[प्रतिक्रमणादिकं स्फुटम् परीक्षयित्वा]** પ્રતિક્રમણ, આલોચના, પ્રત્યાખ્યાન, સમાધિ, ભક્તિ, પ્રાયશ્ચિત્ત, આવશ્યક—એ બધા બોલ આવી ગયા છે. એ અધિકાર બધા આવી ગયા છે. એ **પ્રતિક્રમણાદિકની સ્પષ્ટ પરીક્ષા કરીને...** એને સમ્યગ્જ્ઞાન દ્વારા પ્રત્યક્ષ પ્રગટ કરીને, એમ કહે છે.

શ્રોતા : ભગવાનની વાત સાચી, એમાં પરીક્ષા શું કરવાની?

પૂજ્ય ગુરૂદેવશ્રી : ભગવાનની વાત સાચી કોને? ભગવાનને. આને જાણ્યા વિના સાચી ક્યાંથી હોય?

કહે છે, પરીક્ષા... **સ્પષ્ટ પરીક્ષા કરીને**... ભગવાને નિશ્ચયસ્વરૂપ... ટીકામાં એમ કહ્યું છે. 'પરીક્ષા કરીને'નો અર્થ શુદ્ધનિશ્ચયસ્વરૂપ પરમાત્મધ્યાનસ્વરૂપ એનો એણે નિર્ણય કરવો. સમજાણું કાંઈ? એનો અર્થ કરશે. પંડિતજી! શું કીધું એ? ..... આ 'સ્પષ્ટ પરીક્ષા કરીને' છેને એની વ્યાખ્યા ટીકામાં આ કરી 'શુદ્ધનિશ્ચયસ્વરૂપ પરમાત્મધ્યાન.' આહાહા! એનું નામ પરીક્ષા. સમજાણું કાંઈ? ભગવાન! વાત ઝીણી છે હોં. એણે કોઈ દિ' લક્ષ જ કર્યું નથી. ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદનો નાથ એની દિશા તરફ ગયો જ નથી કોઈ દિ'. આમ બહાર.. બહિર્મુખ.. બહિર્મુખ.. બહિર્મુખ. વ્યવહારરત્નત્રય પણ બહિર્મુખ દૃષ્ટિ, બંધનું કારણ છે. વ્યવહાર રત્નત્રય સમકિતીના હોં. અજ્ઞાનીને તો હોતા જ નથી વ્યવહારરત્નત્રય. જેને નિશ્ચયનો અનુભવ–આનંદકંદનું વેદન છે એને જે વિકલ્પ ઉઠે એને વ્યવહાર કહેવામાં આવે છે. અજ્ઞાનીને તો વ્યવહાર સહેજેય હોઈ શકે નહીં. સમજાણું કાંઈ?

કહે છે કે આત્માના અંતરના આનંદ ને શાંતિની જેને અંતર ધારા વહેતી હોય એવા જીવને નિશ્ચયક્રિયા કહેવામાં આવે છે. એ સત્ક્રિયા કરનારો છે. આહા! ...... આ ક્રિયા નથી? ક્રિયા ત્રણ પ્રકારની છે. ક્રિયાના ત્રણ પ્રકાર છે. એક શરીર, વાણી આદિ જડની અવસ્થાનું બદલવું એ જડક્રિયા છે. ધર્મ તો ક્યાં પ્રશ્ન છે? આ તો ક્રિયાની વ્યાખ્યા ચાલે છે. જે ચાલે એની વાત છે અત્યારે. ધર્મ કોને કહેવો એ પછી. ક્રિયા ત્રણ પ્રકારની. એક શરીર-વાણી-મન જડ આદિનું બદલવું એ જડની ક્રિયા, એક પુણ્ય-પાપના વિકલ્પનું પરિણમવું–થવું એ વિભાવિક ક્રિયા અને એક ચૈતન્યના અવલંબે નિર્વિકલ્પ શાંતિ, વીતરાગી પરિણતિ થવી એ ધાર્મિક ક્રિયા.

શ્રોતા : શરીરની ક્રિયાથી કેટલો ધર્મ થાય.

પૂજ્ય ગુરૂદેવશ્રી : ધર્મ ક્યાં....? ...... પંડિતજી! ........ એ ખાણિયાચર્ચામાં છે. સચેત શરીરની ક્રિયાથી ધર્મ થાય કે નહીં? ખાણિયાચર્ચામાં છે. આ શરીરથી ધર્મ થાય? આ તો જડ માટી છે. સચેત કેવો? સચેત તો આત્મા છે માટે એને સચેત કીધો. એ તો જડ છે. આહાહા! શું થાય?

કહે છે કે ભગવાને કહેલા–એની વાણીમાં આવેલા સૂત્રોમાં પ્રતિક્રમણાદિની સ્પષ્ટ પરીક્ષા કરીને... ....... નિશ્ચયનયે જે પ્રતિક્રમણ અંદર આનંદનું એ સામાયિક, એ વીતરાગતા, એ પ્રાયશ્ચિત્ત, એ સમાધિ, એ ભક્તિ. એવું જે નિશ્ચયનયથી પરીક્ષા કરીને, વીતરાગ પરમાત્મધ્યાનસ્વરૂપની પરીક્ષા જેણે પ્રત્યક્ષ જ્ઞાનથી કરી છે અંદર. એને **મૌનવ્રત સહિત...** .... ચારિત્ર... એણે જાણ્યું શું? એમાં કર્યું શું? કે **મૌનવ્રત સહિત**... મૌનવ્રત સહિત એટલે? જે વ્યવહારના વિકલ્પથી પણ રહિત. સમજાણું કાંઈ? **યોગીએ...** આત્માના આનંદમાં જેણે યોગ જોડ્યો છે. સમકિતી પણ જઘન્ય યોગી છે. યોગ એટલે? એ વ્યાખ્યા આવી ગઈ છે ચારિત્ર...... પરમાનંદનો નાથ પ્રભુ પૂર્ણ વીતરાગમૂર્તિ એવો જે ભગવાન આત્મા એમાં જેણે વર્તમાન નિર્વિકલ્પ પર્યાયને જોડી દીધી છે, એને યોગી–યોગનો કરનાર કહેવામાં આવે છે. આ યોગ એટલે મન-વચન-કાયના યોગની વાત નથી. એ તો જડ છે. એની ક્રિયામાં લક્ષ જાય શુભ-અશુભનું, એ બધો વિભાવ, અધર્મ છે. સમજાણું કાંઈ?

અહીંયા તો મૌનવ્રત (સહિત) એને યોગી (કહ્યો). એમાં એમ કહ્યું હતું, વીતરાગી શાસ્ત્રમાં આમ કહ્યું હતું એવું એણે જાણ્યું. જાણીને એને મૌનવ્રત કહ્યા છે. વિકલ્પથી રહિત થઈ આનંદસ્વરૂપમાં અંતર લીનતા કરવી એને અહીંયા આવશ્યક, એને અહીંયા સત્ક્રિયા, એને અહીંયા મોક્ષનો માર્ગ કહેવામાં આવે છે. આહા! ભારે વાત ભાઈ! **નિજ કાર્યને...** દેખો! એનું નામ નિજકાર્ય. વીતરાગી શ્રદ્ધા, વીતરાગી જ્ઞાન ને વીતરાગી રમણતા એ નિજકાર્ય. રાગ એ નિજકાર્ય નહીં, આહાહા! એમ કહેવા માગે છે. સમકિતીને પણ જેટલો વીતરાગસ્વભાવ.... રાગ ઉઠે પ્રમાદ દશામાં એ એનું નિજકાર્ય નથી. સમજાણું કાંઈ? આ તો નિજકાર્ય (એટલે) પોતાનો ભગવાન એમાં એકાગ્રતાની સત્ક્રિયા.. સત્ક્રિયા, નિર્વિકલ્પ ક્રિયા, વીતરાગી પરિણતિ એ નિજકાર્ય. નિજકાર્યનું સંતોએ, ધર્માત્માઓએ હંમેશા આ સાધન કરવું. આહાહા! સમજાણું કાંઈ?

પરમાત્માએ પોતાનો વસ્તુસ્વભાવ જે ધર્મ, વસ્તુનો સ્વભાવ, જે જ્ઞાન-આનંદાદિ એનો સ્વભાવ–ધર્મ, એ ધર્મમાં એકાગ્ર થઈને જે ધર્મદશા પ્રગટ થાય એ નિજકાર્ય, નિજસાધન છે. આમાં વ્યવહારના પક્ષવાળાને એવું લાગે. આહાહા! આ તો એકલું નિશ્ચય.. નિશ્ચય.. નિશ્ચય.. નિશ્ચયાભાસી છે આ. સાચી વાત છે ભાઈ! એ કહેશે હમણાં. અજ્ઞાની નિંદા કરે આવા નિશ્ચયસ્વરૂપની, એને માટે તો ...... સમજાણું કાંઈ? ..... આત્માનું ધ્યાન.. આત્માનું ધ્યાન.. માંડી છે એક જ વાત. કહેશએ હમણાં. પણ શુભભાવ છે એ ધર્મ છેને, વ્યવહાર ધર્મ છેને, એમ કહે છે. વ્યવહાર મોક્ષમાર્ગ છે કે નહીં?

ધૂળેય નથી, સાંભળને! વ્યવહાર મોક્ષમાર્ગ તો જેને આત્માના આનંદનું ભાન, વેદન સ્વાદમાં આવ્યું છે એવા જીવને જે કાંઈ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ એને નિમિત્ત દેખીને,

આરોપ કરીને વ્યવહાર મોક્ષમાર્ગ (કહે છે). કહ્યો છે બંધમાર્ગ, એને અન્યથા કહેવું એ વ્યવહારના લક્ષણ છે. આહાહા! એ આવી ગયું છે. નિમિત્તાદિની અપેક્ષાએ વ્યવહાર ..... નથી. એ આવી ગયું છે. મોક્ષમાર્ગ પ્રકાશકે તો બહુ ખુલાસો કર્યો છે. ....... કેટલાકને નથી .... આચાર્યના હૃદય શું છે, આચાર્ય શું કહે છે એ એમણે કહ્યું છે. ઘરનું કહ્યું છે?

નિજકાર્ય તો આને કહેવાય. રાગનો ભાવ એ નિજકાર્ય નહીં, વ્યવહારરત્નત્રય એ નિજકાર્ય નહીં. દેહની ક્રિયા ને લક્ષ્મી આદિ જડ, .... દેરાસર થવા—એ કંઈ જીવની ક્રિયા છે જ નહીં. ગોદીકાજી! ત્યાં કર્યું નહોતું તમે? તમે કર્યું હતું, પાંચ લાખ ખર્ચ્યા, ટોડરમલ (સ્મારક) હોલ કર્યોને મોટો પાંચ લાખનો. ટોડરમલ સ્મારક હોલ. તમે કર્યો નથી. .......... ...... જગતના પદાર્થનું પરિણમન તે જગતના પદાર્થનું કાર્ય છે. એ અહંકાર છેને. આહાહા! એ તો આપણે આવી ગયું. વિકલ્પ એટલે કર્મ તેનું છે, એમ. અજ્ઞાનીને બહુ તો વિકલ્પ તે કાર્ય છે. એથી આગળ જઈને આ દેરાસર બનાવે, પુસ્તક બનાવે, છોકરાઓને ભણાવે, પાઠશાળા કરે—એ કાર્ય અજ્ઞાનીનું તો નથી.

પંડિત થઈને ભાષણ આપે, આ સંચા વડે શાસ્ત્ર કોતરે—એ કાર્ય આત્માનું નથી. અજ્ઞાનીને પણ નથી, એમ વાત કરી. એ જડના (કાર્ય) છે. જડને કાળે જડની પર્યાય એને કાળે સ્વકાળે.. સ્વકાળે પોતાની પર્યાય થાય, એ પરકાળથી થાય નહીં. એ સ્વનું અસ્તિત્વ છે. સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે અસ્તિત્વ, પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે નાસ્તિત્વ—એ ભગવાનની વાણીમાં (આવેલું) સ્વચતુષ્ટય અલૌકિક છે. દરેક દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ને ભાવ.. કાળ એટલે અવસ્થા, ભાવ એટલે શક્તિ, ક્ષેત્ર એટલે પહોળાઈ, દ્રવ્ય એટલે વસ્તુ. એ દરેક ચીજ દ્રવ્ય-ક્ષેત્ર-ભાવથી તો છે, પણ સ્વકાળ એટલે તે સમયની અવસ્થાથી તે દ્રવ્ય છે. અને તે સમયની અવસ્થા પરની અવસ્થાથી નથી, પરકાળથી નથી. સ્વકાળથી છે ને પરકાળથી નથી. પરકાળ એટલે પરની પર્યાયથી એ નથી.

શ્રોતા : નિમિત્ત.....

પૂજ્ય ગુરુદેવશ્રી : એને નિમિત્ત કીધું. પણ નિમિત્તથી ..... છે નહીં એમ કીધું. નિમિત્તના કાળની પર્યાય એના (-ઉપાદાનના) સ્વકાળમાં છે નહીં. નિમિત્ત ક્યારે નથી? (પણ) એ કાંઈ કરતો નથી. એ જ્ઞાનમાં જણાય એવી ચીજ છે. ભારે ગોટો ઉઠ્યો છેને. આવી ચોખ્ખી ચોખ્ખી વાત છે, સ્પષ્ટ વાત છે. અનંત પદાર્થ છે એમ જો સ્વીકારવામાં આવે, તો અનંત પદાર્થનો સ્વકાળનો પર્યાય તેનાથી છે. દરેક દ્રવ્યનો સ્વકાળનો પર્યાય એનાથી છે, બીજાથી છે નહીં. આહાહા! વસ્તુ બહુ સીધી છે, પણ આડી કરીને ભેળવી નાખી. દૃષ્ટિ વિપરીત, આર્ષ શાસ્ત્ર પણ બધા વિપરીત ઉઠાવ્યા. આહાહા!

અહીં તો આચાર્ય કહે છે કે ધર્મી જીવોએ વીતરાગમૂર્તિ પ્રભુ આત્મા... આત્મા વીતરાગસ્વરૂપી જ છે. ક્ષણે-ક્ષણે એની પર્યાય પ્રગટ થાય છે એ વીતરાગસ્વરૂપમાંથી આવે છે. પર્યાય ને દ્રવ્ય જુદા એ અત્યારે વાત નથી. એક સત્તામાં બેને ભિન્ન પાડવા એમ નહીં. સમજાણું કાંઈ? ભગવાન આત્મા વીતરાગસ્વરૂપ જ છે, અકષાય રસકંદ છે. શું કીધું એ? આત્મા એટલે અકષાય રસકંદ વસ્તુ. એની અંદર એકાગ્ર થતાં જે છે એમાંથી વીતરાગ પર્યાય આવે—વીતરાગી સમકિત, વીતરાગી જ્ઞાન ને વીતરાગી ચારિત્ર, એનું નામ મોક્ષનો માર્ગ. સમજાણું કાંઈ?

પૈસા-બૈસા દાન દઈને જાણે ધર્મ થઈ જશે એમ નથી, અહીં એમ કહે છે. આ તો વર્ષે પાંચ-દસ લાખ ખરચી નાખીએ, થઈ જાય ધર્મ. ધૂળમાંય ધર્મ નથી. પૈસા ક્યાં તારા બાપના હતા? એ તો જડના છે. પૈસા તારા છે? અજીવદ્રવ્ય તારું છે કે અજીવદ્રવ્યને રાખે ને દે? અજીવને દઉં છું એમ માનનારો જડ છે. આહાહા! એ નિર્જરા અધિકારમાં આવે છે. જો પરદ્રવ્યનો સ્વામી થાઉં તો હું જડ થઈ જાઉં. પરદ્રવ્યનો હું સ્વામી નથી. પરદ્રવ્યનો તો હું જાણનાર–જ્ઞાતા છે. છે આ એક, એમ જાણું છું. મારાથી જીવાડું ને મારું છું એ મારી ચીજમાં નથી. સમજાણું? ભારે કામ ભાઈ!

કહે છે કે **નિજ કાર્યને નિત્ય સાધવું.** ત્યાં એમ લીધું. કોઈ વાર વ્યવહારથી કરું એ પણ ઠીક છે એમ નથી. વ્યવહાર આવે છે. છઠ્ઠા ગુણસ્થાનમાં આત્માના આનંદની દશાની વ્યક્તતા ઘણી થઈ ગઈ છે. ચોથે આનંદની દશા અંશે આવી છે, પાંચમે એથી વિશેષ છે, છઠ્ઠે .... આવી. પણ પ્રમત્તભાવ છે તેથી વ્યવહાર પ્રતિક્રમણાદિના વિકલ્પ આવે છે, એ બંધનું કારણ છે. એને અહીં છોડાવીને સ્થિર થવાની વાત કરે છે. સમજાણું કાંઈ? કરવા જેવું જરૂરિયાતવાળું હોય (તો), આત્માના ધ્યાનમાં સ્થિરતા કરવી એ કરવા જેવું છે. એ નિજકાર્ય નિત્ય કરવા જેવું છે, પાછું એમ. કોઈ વખતે કરવા જેવું, કોઈ વખતે વ્યવહાર કરવા જેવો—એમ માર્ગમાં નથી. આવે ખરો વચ્ચે વિકલ્પ, પણ એ બંધનું કારણ છે.

**ટીકા : અહીં સાક્ષાત્ અંતર્મુખ...** જેને એવી ક્રિયા અંતર્મુખમાં પરિણમી છે એ કોણ એ અહીં વર્ણવાય છે, કહે છે. **પરમજિનયોગીને...** પરમજિનયોગી એટલે વીતરાગના સાધુ, વીતરાગપણાને સાધનારો. એ બાવા-બાવા યોગી એ વાત અહીં નથી. જૈન પરમેશ્વરે કહેલો જે આત્મા એમાં જેણે અંતરની દૃષ્ટિ ને સ્થિરતા જોડી દીધી છે એવા **પરમજિનયોગીને આ શિખામણ દેવામાં આવી છે.** લ્યો એને શિખામણ દેવામાં આવી છે. ઉપદેશમાં તો એમ જ આવેને. હવે એનો વિસ્તાર.

**શ્રીમદ્** (એટલે) સ્વરૂપની લક્ષ્મીવાળા. શ્રી એટલે સ્વરૂપની લક્ષ્મીવાળા **અર્હંતના મુખારવિંદથી...** લ્યો, અરિહંતને મુખ ને અરવિંદ પાછું લાવ્યા. શું કરે ભાષામાં બોલાય શું?

**અર્હંતના મુખારવિંદથી**... એટલે મુખમાંથી વાણી ભગવાનને હોય જ નહીં. શબ્દ આ પડ્યો છે અહીં. એ 'મુખ' ભાષા એમ લીધી છેને. કહે છેને, 'મુખમાંથી નીકળી' એ શબ્દે કહેવામાં આવે છે. ભગવાનની વાણી ઓમ ધ્વનિ આખી (-સર્વાંગે) હોય છે. આખા શરીરમાંથી ઓમ ધ્વનિ ઉઠે છે. એમના હોઠ હલે નહીં, કંઠ હલે નહીં. પંચાસ્તિકાયમાં છે પહેલા પાને. અરિહંતને વાણીમાં હોઠ હલે નહીં, કંઠ હલે નહીં. ઓમ ધ્વનિ. વીતરાગી દશા પૂર્ણ થઈ તો અભેદ વાણી નીકળે. અભેદ એટલે ઓમ ધ્વનિ નીકળે. 'ઓમકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે..' ગણધર સંતો બેઠા હોય એ ઓમની ધ્વનિમાંથી અર્થ વિચારીને કાઢે. એક તો અર્હંતના મુખ-અરવિંદ (અર્થાત્) મુખરૂપી કમળ. અંતર આખા આત્માંથી ઓમ ધ્વનિ ઉઠે છે ઇચ્છા વિના. એમને ઇચ્છા હોતી નથી.

**નીકળેલ સમસ્ત પદાર્થો**... ત્રણ કાળ, ત્રણ લોકના દ્રવ્ય-ગુણ-પર્યાયો પદાર્થ છે, **જેની અંદર સમાયેલ છે**... જેની વાણીમાં ત્રણ કાળ, ત્રણ લોકના પદાર્થ આવી જાય છે. **અંદર સમાયેલ છે એવી ચતુરશબ્દરચનારૂપ**... આહાહા! દિવ્યધ્વનિ એમ કહેવું છે. ચતુરશબ્દરચના વાણી. **દ્રવ્યશ્રુતને**... એવું જે દ્રવ્યશ્રુત, એને **વિષે** કહેલ **શુદ્ધનિશ્ચયનયાત્મક**... .......... એમાં કહેલું જે નિશ્ચય સામાયિક, નિશ્ચય પ્રતિક્રમણ, નિશ્ચય ચોવિસંથો, પ્રાયશ્ચિત્ત વિગેરે. **નિશ્ચયનયસ્વરૂપ**... એકલો નિશ્ચય નહીં. શુદ્ધનિશ્ચયનય, આત્મક એટલે સ્વરૂપ. **પરમાત્મ-ધ્યાનસ્વરૂપ**... આહાહા! એ **परीक्खऊण फुडं**નો અર્થ ત્યાં લીધો છે. આહાહા!

..... ગજબ! મુનિ છેને. આવા મુનિને ત્રણ કષાયનો અભાવ... સાચા મુનિને તો ક્ષણે ને પળે સાતમું-છઠ્ઠું, છઠ્ઠું-સાતમું હજારોવાર અંતર્મુહૂર્તમાં આવે. જેને સાચા સંતો કહીએ વીતરાગી મુનિ, એને તો ક્ષણમાં છઠ્ઠું, ક્ષણમાં સાતમું. આહાહા! એ સાચા મુનિને તો એક સેકંડની નિદ્રા ન હોય. એક સેકંડની નિદ્રા હોય તો મુનિપણું રહે નહીં. કેમકે છઠ્ઠા ગુણસ્થાનની (નિદ્રાની) સ્થિતિ એક સેકંડની અંદરની છે. એમાં જરીક પ્રમાદ પાછલી રાતે... આવે છેને છઢાળામાં. પાછલી રાતમાં એક પડખે.... શું કીધું ભાષા? એકાસન એ. એક પડખે આમ હોય તો આમ ને આમ હોય તો આમ.

મુનિને ત્રણ કષાયમાં નાશ થયો છે ને આનંદમાં ઝૂલે છે. એને જરી એક પોણી સેકંડની અંદર નિદ્રા આવી જાય છે. વળી જરી આવે, પણ પાછલી રાતમાં થોડો વખત. આ બબ્બે કલાક, પાંચ-પાંચ કલાક સૂવે એ સાધુ પણ નથી, દ્રવ્યલિંગ પણ નથી. સમજાણું કાંઈ? આહાહા! માર્ગ તો...... એના ફળ પણ મોટા છેને. અનંત જન્મ-મરણના અંત આવે. સાદિ-અનંત.. અનંત આનંદ ને શાંતિ પ્રગટે એ તો અલૌકિક વાત છેને! કહે છે કે ભાઈ! તું ભગવાનના સૂત્રમાંથી આવું શોધી લેજે હોં. આહાહા! વ્યવહાર કહ્યો હોય એ વાતને શોધીશ નહીં, આને શોધજે. એય! સમજાણું કાંઈ? અરે! સંતોની વાણી તો જુઓ!

કહે છે કે **દ્રવ્યશ્રુતને વિષયે શુદ્ધનિશ્ચયસ્વરૂપ પરમાત્મધ્યાનસ્વરૂપ**, એમ. પાછું નિશ્ચયસ્વરૂપ કોનું ધ્યાન? પરમાત્મધ્યાન. પોતે પરમાત્મા હોં. આહાહા! પરમ આત્મ એટલે પરમસ્વરૂપ પરમપારિણામિકભાવ ત્રિકાળી દ્રવ્યસ્વભાવ એવો જે પોતાનો પરમાત્મસ્વભાવ એના ધ્યાનસ્વરૂપ. એમાં લીનતા..... શાસ્ત્રમાંથી આ કાઢી લે. આહાહા! સમજાણું કાંઈ? નિયમસારે તો ગજબ કામ કર્યું છે! કહે છે કે ભગવાનની દિવ્યધ્વનિ ચતુર વચનરચના છે. એમાંથી જે દ્રવ્યશ્રુત રચ્યું સંતોએ, ગણધરોએ, એ દ્રવ્યશ્રુતમાંથી આ કાઢી લે. આત્માના સ્વરૂપ તરફનું, નિશ્ચયસ્વરૂપ પરમાત્મ પોતે એનું ધ્યાન, લીનતા એમાં જે કહી છે એ આમાંથી કાઢી લે. આહાહા! દ્રવ્યશ્રુતમાં તો વ્યવહારેય કહ્યો છેને. એ તો છોડવા માટે છે. આદરવા માટે તો આ કાર્ય છે એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? એ મહેન્દ્રભાઈ! ઓલા રૂપિયા-બુપિયા મળી ગયા એવી આ કાંઈ વાત નથી. આહાહા! ધૂળમાંય નથી.... એ તો માટી છે, જડ છે, પુદ્ગલ છે. આહાહા!

અહીં તો પુણ્યના પરિણામ–રાગ, સમકિતીના હોં શુભરાગ અધર્મ છે લ્યો. પાપ છે એમ કહ્યું છે. આગળ આવી ગયું છે. 'પાપને પાપ તો સહુ કહે, પણ અનુભવીજન પુણ્યને પાપ કહે.' યોગસારમાં આવી ગયું છે. કહો, સમજાણું કાંઈ? આહાહા! ભાઈ! તારી પવિત્રતાની વાતું કોઈ જુદી જાતની છે. આહાહા! એની દશા ફરી નથીને તેથી દિશા આમ ફેરવવી. આમ સન્મુખ જાય ત્યારે એને ખબર પડે કે આ શું છે. સ્વભાવની સન્મુખ જાય તો આ શું ચીજ છે એમ ખબર પડે. એમાંથી પછી એને શાસ્ત્રમાંથી શોધવાનું શું, એ એને ખબર પડે. સમજાણું કાંઈ?

આ ભગવાનના શાસ્ત્રોમાં, વસ્તુ ભગવાન આત્મા છે તેના સન્મુખની ક્રિયા એનું અહીંયા વર્ણન છે, વીતરાગભાવ કેમ પ્રાપ્ત થાય એનું વર્ણન છે. રાગ તો પુણ્ય છે એ વચ્ચે આવે (એનું) જ્ઞાન કરાવે, જાણવાલાયક છે, પણ આદરવાલાયક નથી. આદરવાલાયક આ એક છે એમ એમાંથી કાઢજે. આહાહા! શાસ્ત્રમાંથી આ કાઢજે, એમ કહે છે. સમજાણું? ભગવાનના મુખમાંથી નીકળ્યા શાસ્ત્ર, જેને ગણધરોએ રચ્યા અને પરંપરાએ સંતોની વાણી ચાલી આવે છે, એમાંથી આ કાઢજે એમ કહે છે. જેમાં આત્મા ભગવાનનો આશ્રય થાય અને નિશ્ચય પરમાત્મધ્યાન થાય એ વાત કાઢજે. આહાહા!

પોતાની સ્વરૂપલક્ષ્મી પૂર્ણ પડી છેને. જેમાંથી અનંતો આનંદ સર્વજ્ઞને પ્રગટ્યો, સર્વજ્ઞ પરમાત્માને અનંત આનંદ પ્રગટયો એ તો અંતરના આનંદના અનંતમા ભાગની દશા છે. શું કહ્યું? સર્વજ્ઞદેવને જે અનંત આનંદ પ્રગટ્યો એ પર્યાયમાં પ્રગટ્યો, પણ અંદર આનંદ છે એ આ પર્યાયના આનંદથી અનંતગુણો આનંદ અંદર છે. કેમકે એમાંથી અનંત આનંદ(રૂપ) હજી નવી દશા પ્રગટ થશે. અનંત આનંદ પ્રગટ્યો એ પર્યાય એક સમય રહે છે. એનો વ્યય થઈને બીજે ક્ષણે અનંત આનંદનો નવો ઉત્પાદ થાય છે, એનો વ્યય થઈને અનંત આનંદનો (ઉત્પાદ)

સર્વજ્ઞને પણ છે. અનંત આનંદ જે પ્રગટ્યો છે એનો વ્યય થઈને બીજે સમયે અનંત આનંદ નવો પ્રગટે છે. એનો વ્યય થઈને ત્રીજે સમયે અનંત આનંદ નવો પ્રગટે છે. એવો અનંત સાદિ-અનંત જે આનંદ એ જેની આનંદશક્તિમાં બધું પડ્યું છે એવો પરમાત્મા પોતે છે એમ કહે છે. આહાહા! પરમ આત્મા છે એ પરમસ્વરૂપે છે.

**પરમનિશ્ચયનયસ્વરૂપ**... પાછો એકલો નય એમ નહીં, એકલો નિશ્ચય નહીં, શુદ્ધ નિશ્ચયનય. આહાહા! ભારે એકેક શબ્દમાં જોર છે. શુદ્ધનિશ્ચયનયસ્વરૂપ એવું જે પરમાત્મ-ધ્યાન... સ્વદ્રવ્ય તરફના ઝુકાવનું એકલું વીતરાગી પરિણમન એવું સ્વરૂપ **પ્રતિક્રમણાદિ સત્ક્રિયાને જાણીને...** એમાંથી આવું પરમાત્માનું ધ્યાનસ્વરૂપ પ્રતિક્રમણ, પરમાત્માનું ધ્યાનસ્વરૂપ પ્રત્યાખ્યાન, પરમાત્માનું ધ્યાનસ્વરૂપ આલોચના, પરમાત્માનું ધ્યાનસ્વરૂપ પ્રાયશ્ચિત્ત, પરમાત્માનું ધ્યાનસ્વરૂપ સમાધિ. પરમાત્માનું ધ્યાનસ્વરૂપ સામાયિક, પરમાત્માનું ધ્યાનસ્વરૂપ ચોવિસંથો. આહાહા! ત્યાં ક્યાંય સાંભળવાને મળે નહીં. ઓલા ... જાય ત્યાં અમેરિકા, ઈંગ્લેન્ડ. ગમે ત્યાં જાય બધા પરદેશમાં રખડવાના. આહાહા! અહીં તો આત્માનો દેશ છોડીને રાગમાં જાય એ પરદેશી છે. આહાહા!

શ્રીમદ્‌માં આવે છેને. 'હમ પરદેશી પંખી સાધુ, આ રે દેશના નાહીં રે..' આ .... ને આ પરદેશ. 'પર' એટલે ત્યાં 'પ્રધાન' છે. ઓલામાં પર એટલે પર છે. બે અર્થ છે, પરના બે અર્થ થાય છે. પરદેશ એટલે રાગાદિ પરદેશ અને પરદેશ એટલે પ્રધાનદેશ આત્માનો ભાવ. 'હમ પરદેશી પંછી સાધુ, આ રે દેશના નાહિ રે. હમ પરદેશી પંછી સાધુ ..' અમે અંતરના આનંદના દેશને સાધનારા. અમે રાગ ને આ દેશના નહીં. આહાહા! શેઠ! સાગર-બાગર દેશ નહીં એમ કહે છે. આનંદસાગર આત્મા છે. 'આનંદસાગર' મકાનનું નામ રાખ્યું છે. આનંદસાગર તો ભગવાન છે ભાઈ! આનંદસાગર તો વાચક શબ્દ છે, એનું વાચ્ય ધ્રુવ છે. આહાહા! જેમાં વિકલ્પના દુઃખની ગંધ નથી. આહા! રાગરૂપી ઝેર જેનામાં નથી એવો અમૃતનો સાગર પ્રભુ છે.

એવી **પ્રતિક્રમણાદિ સત્ક્રિયાને જાણીને**... પહેલું તો જાણવાની વાત કરી. એમાંથી આ જાણજે. હવે કરવાની વાત કરે છે. સમજાણું કાંઈ? **કેવળ સ્વકાર્યમાં પરાયણ...** શું કહે છે? પરનું શું થાય ને પરમાં શું—એ મૂકને. પરથી તારે શું કામ છે? આહાહા! બીજાને સમજાવવું પડે ને બીજાનું પ્રયોજન... એ ધૂળેય નથી, સાંભળને! યશપાલજી! આ અંદરના યશની વાત છે. આ ........ સ્વરૂપની રમણતા છે એ એનો યશ છે. આ બધા અપજશ છે. આહાહા! અહીં કહે છે, ઓહો! **કેવળ સ્વકાર્યમાં**... એકલું સ્વકાર્યમાં... આ પર્યાય છે હોં સ્વકાર્ય. સમ્યક્ નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ નિશ્ચય સ્વકાર્ય છે. એ ત્રીજી ગાથામાં આવી ગયું છે.

**नियमेण य जं कज्जं**.. ત્રીજી ગાથા છે. આપણે પહેલું આવી ગયું છે. ત્રીજી ગાથામાં છે, પહેલું પદ છે. **नियमेण य जं कज्जं**.. પહેલું પદ છે ત્રીજી ગાથામાં. નિયમથી જે કરવાલાયક...

**णियमं णाणदंसणचरित्तं**... કુંદકુંદાચાર્ય ભગવાનની પોતાની ગાથા છે ત્રીજી. **णियमेण य जं कज्जं**... નિયમથી જે કરવાલાયક છે, શું? **तं णियमं**.. તેને નિયમ કહીએ. શું? **णाणदंसणचरित्तं**... સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર જે નિશ્ચય તે નિયમથી કરવાલાયક જીવનું (કાર્ય) છે. સમજાણું કાંઈ? એ શબ્દને ત્યાંથી શરૂ કર્યો. કરવાલાયક જીવને હોય તો તે નિયમ. એ નિયમ એટલે અહીં **'णाण'** લીધું પહેલું.

શ્રોતા : આ મુનિઓને માટે છેને આ?

પૂજ્ય ગુરૂદેવશ્રી : આ મુનિઓના પેટામાં બધાને માટે છે આ.

શ્રોતા : અમારે તો વેપાર જ કરવો છે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : એકલો વેપાર કરવો એમ હશે? અહીં તો સમ્યગ્દર્શનને...

છઢાળામાં ન આવ્યું? 'તીનોં શિવમગચારી' આતા હૈ? છઢાળામાં આવે છે. સમકિતી અવિરતી, પંચમ ગુણસ્થાનવાળા અને મુનિ. મુનિ કોને કહીએ એ ત્યાં લીધું છે. શુદ્ધોપયોગી મુનિ. મુનિ શુદ્ધોપયોગી હોય છે. શુભરાગ એ મુનિ નહીં, એ મુનિપણું નહીં. એમ લીધું છે છઢાળામાં. ...... દ્વુવિયમ્.. શું કહે છે? એય! આ .... ત્યાગી અને શુદ્ધ ઉપયોગી એને મુનિ કહીએ. શુદ્ધ ઉપયોગ એ જ મુનિપણું છે. શુભરાગ મુનિપણું છે જ નહીં. સમજાણું કાંઈ? આહાહા! એમાં એ જ કીધું. આવે છેને. આ ૧૫૫ છેને.

**સ્વકાર્યમાં પરાયણ**... આ સ્વકાર્ય. ભારે ઝીણું. હજી તો શૈલી પકડાવી કઠણ. આહાહા! સત્‌ના પંથ .... છે ભાઈ! અને એના ફળ મહા અનંત છે. .... હોવા જોઈએને. આહાહા! અનંત દુઃખના દશાના અંત અનંત આનંદની દશાની પર્યાય એવી જે મુક્તિ એમાં કારણ તો અલૌકિક હોયને. સમજાણું કાંઈ? ધર્માત્માએ **કેવળ સ્વકાર્યમાં પરાયણ**... આહાહા! ભારે લુખ્ખું લાગે. કાંઈક કરવું હોય તો ઠીક લાગે. રાગ કરવો, ફલાણું કરવું. કરવું એ મરવા જેવું છે. કર્તાબુદ્ધિ થઈને રાગ કરવો એમાં મરણ છે, શાંતિ નથી. આહાહા!

**'કેવળ સ્વકાર્ય'** ભાષા એમ છેને. ભાઈ! કો'કનું બીજાનું તો કાંઈ કરો, ........ પરોપકાર કરો, પાઠશાળા બનાવો, મંદિર બનાવો, જગતને... એ ક્યાં તારા કાર્ય હતા? સાંભળને! કોણ કરે? એના પરમાણુના પ્રવાહના .... એ કાળમાં થવાનું હોય એ એને કારણે થશે. તારે કારણે થાય નહીં. કહો, ગોદીકાજી! આ પાંચ લાખનો હોલ એને કારણે થયો એમ કહે છે. આહાહા! પાંચ લાખ. પાંચ હજારનું ક્યાં કીધું? લાખનું કીધુંને. કરોડ હોલનો હોય, એમાં ધૂળમાં શું છે? એને કારણે બનવું હોય બને. એવો જીવ હોય, એનો ભાવ શુભ હોય તો એમ થાય, બસ. જરીએ ધર્મ નહીં, અંશેય ધર્મ નહીં, ધર્મ બિલકુલ નહીં. એ વિરુદ્ધ (ભાવ) છે. આવે ખરો એવો ભાવ, પણ છે વિરુદ્ધ. સ્વદ્રવ્યને આશ્રયે જે ભાવ થાય એટલો યથાર્થ .... ભાવ. એ સ્વકાર્યનો અર્થ આ છે. આહાહા! પંડિતજી! .......

**કેવળ સ્વકાર્યમાં**... આહાહા! અરે ભગવાન! શું તને કહે? ભાઈ! પૂર્ણાનંદનો નાથ એને આશ્રયે જે કાર્ય થાય, કેવળ એ જ કાર્ય કરવા જેવું છે. **પરમજિનયોગીશ્વરે...** પરમ વીતરાગી યોગના ઈશ્વરે... આ મુનિને છઠ્ઠા ગુણસ્થાનવાળાને કહે છે. ..... આહાહા! **પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત વચનરચનાને પરિત્યાગીને...** પરિત્યાગીને, પાછું એકલું નહીં. કહે છે કે શુભ-અશુભ વચન છોડી દઈને એટલે શુભ-અશુભ વચન તરફનો વિકલ્પ છોડી દઈને, એમ કહેવું છે. વચન તો જડ છે. કોણ છોડે ને કોણ બોલે? એ આત્માનું કાર્ય નથી. પણ વચન બોલવા કાળે જે શુભરાગ છે, શુભની ક્રિયા બોલવાને કાળે, આમ કરો, આમ કરો, અને અશુભ વખતે અશુભરાગ—એ બેયને છોડીને, એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા!

કાયરના તો કાળજા કંપી ઉઠે એવું છે. 'વચનામૃત વીતરાગના, પરમ શાંતરસ મૂળ, ઔષધ જે ભવરોગના, કાયરને પ્રતિકૂળ.' ભગવાન તો એમ કહે છે કે આત્માનું જે વીર્ય છે, એ વીર્ય સ્વરૂપને રચે તેને વીર્ય કહીએ, સ્વભાવની વીતરાગપર્યાયના કાર્યને રચે તેને વીર્ય કહીએ. રાગને રચે તેને નપુંસક કહીએ. વ્યવહાર રત્નત્રયનો રાગ રચે તે વીર્ય નહીં. આવી વાતું છે ભાઈ! ૪૭ શક્તિમાં લીધું છે ભગવાન (અમૃતચંદ્રાચાર્યે), પાછળ સમયસારમાં. સ્વરૂપની રચના રચે તે વીર્ય. આહાહા! આ કાર્ય હોં. શુદ્ધ આનંદગુણનો પિંડ પ્રભુ એમાં એકાગ્ર થઈને જે વીર્ય વીતરાગી પર્યાયને રચે તેને વીર્ય કહીએ. બાકી રાગને રચે તે વીર્ય નહીં. એ જીવનું વીર્ય નહીં, એ નપુંસક થઈ ગયો આહાહા! રાગની રચનામાં (જોડાયેલું) વીર્ય નપુંસક અને એ રાગની રચના મારી છે (એમ માનવાવાળો) એ તો નપુંસકમાં નપુંસક, મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? આહાહા! ... વીતરાગમાર્ગ જેને સો ઇન્દ્રો પૂજે. આહાહા!

અરે! જુઓને! એની પર્યાયને જોડતું કેવળજ્ઞાન.... એના મુખમાંથી નીકળેલી વાણીમાં (આવ્યો) એવો આ આત્મા સ્વકાર્યને... ઓહોહો! સમસ્ત પ્રશસ્ત-અપ્રશસ્ત વચનરચના... એ વચનનું કાર્ય તો જીવને નથી, અજ્ઞાનીને પણ નથી. વચનરચનાને છોડીને... વચનરચનાનો અર્થ ભાવ લેવો છે હોં. એને ભાવ-રાગની વાત કરવી છે અહીં. રાગ જે શુભ ને અશુભ છે (એને) છોડી દે. આહાહા! ચરણાનુયોગમાં કહેલી ક્રિયા અને જિનેશ્વરે કહેલી ક્રિયા એનો જે રાગ... આહાહા! પર્યાય...... કાંઈ રાખવા માટે વીતરાગની વાણી હોય... ? આહા!

**સર્વ સંગની આસક્તિને છોડી...** આહાહા! અસંગ એવો ભગવાન આત્મા એના કાર્યને સાધનાર, બહારના સંગને છોડી દઈને... **એકલો થઈને, મૌનવ્રત સહિત...** હવે જરીક લેશે કે આવું તું કરીશ નહીં. અજ્ઞાનીઓ તને નિંદશે. આ ધ્યાન.. ધ્યાન આત્મા.. આત્મા.. આખો દિ' આત્મા.. આત્મા.. કરી રહ્યા છે. આત્માનું ધ્યાન એટલે મોક્ષમાર્ગ. એમ પશુજનો કહેશે. હવે મૌનવ્રતની સામે નાખ્યું છે. સમજાણું કાંઈ? તારે મૌન રહેવું. એ ભલે બોલે આમ. શબ્દાર્થમાંથી ટીકા કાઢી છે. આહાહા! એ વિશેષ આવશે.

(પ્રમાણ વચન ગુરૂદેવ)

**માગશર વદ-૧૧, શનિવાર, તા. ૩૦-૧૨-૧૯૭૨**
**ગાથા-૧૫૫, શ્લોક-૨૬૫, પ્રવચન નં. ૧૮૬**

૧૫૫ ગાથા ચાલે છે. આચાર્ય મહારાજ કહે છે કે ભગવાનની વાણી જે **ચતુરશબ્દરચના** છે એવું જે **દ્રવ્યશ્રુત** એમાં **શુદ્ધનિશ્ચયનયાત્મક પરમાત્મધ્યાનસ્વરૂપ પ્રતિક્રમણાદિ સત્ક્રિયાને જાણીને...** એમાં જેટલો ભગવાન આત્માના આશ્રયની વાત કરી હોય... સ્વાશ્રિત નિશ્ચય ને પરાશ્રિત વ્યવહાર. કહે છે કે શાસ્ત્રમાં શુદ્ધનિશ્ચયસ્વરૂપ પરમાત્મધ્યાન... પરમસ્વરૂપ ભગવાન આત્મા એનો અનુભવ, એનું જ્ઞાન ને એની સ્થિરતા... અહીં સ્થિરતાની વ્યાખ્યા છે. દર્શન, જ્ઞાન તો છે, સમ્યગ્દર્શનનો અનુભવ છે. આત્મા જ્ઞાતા-દૃષ્ટાના આનંદનો સ્વાદ તો સમકિતીને આવ્યો છે. એ ઉપરાંત જ્યાં પ્રતિક્રમણ, પ્રાયશ્ચિત્ત, આલોચના, સામાયિક, ચોવિસંથો, સમાધિ, ભક્તિ એ બધા અધિકાર આવી ગયા છે.

શાસ્ત્રમાં સ્વ-ભગવાનને અવલંબને જે ક્રિયા કીધી હોય શુદ્ધનિશ્ચયસ્વરૂપ પરમાત્મધ્યાન, જેમાં ધ્યેય આત્મા છે. વ્યવહારમાં ધ્યેય પર છે, નિશ્ચયમાં ધ્યેય સ્વ છે. વ્યવહારનું ફળ, જ્યાં સુધી (પૂર્ણ) વીતરાગ ન હોય ત્યાં સુધી વચમાં રાગ આવે, પણ એ બંધનું કારણ છે અને એની દિશા પર તરફ છે. એથી કહે છે કે શાસ્ત્રમાં જ્યાં સ્વ તરફના આશ્રયની વાત કરી હોય, એવા પરમાત્મધ્યાનસ્વરૂપ પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન (આદિ) સત્ક્રિયાને જાણીને... સત્ક્રિયા એટલે એમ કહેવા માગે છે કે નિશ્ચય ક્રિયા અને નિશ્ચય ધર્મ તો આ જ છે. વચ્ચે રાગાદિ આવે, પણ એ બધી અસત્-ક્રિયા, બંધનું કારણ છે. સમજાય છે કાંઈ?

તેથી **સત્ક્રિયાને જાણીને...** જોયું! સ્વરૂપ ભગવાન આત્માની અંદરમાં આનંદની રમણતા, અતીન્દ્રિય આનંદની શાંતિ.. શાંતિ.. શાંતિ, અવિકારી પરિણતિ તે પરમાત્માનું ધ્યાન છે, એ પોતાનું ધ્યાન છે. શાસ્ત્રમાંથી આ કાઢવું છે. સમજાણું કાંઈ? વ્યવહારની વાતું આવી હોય શાસ્ત્રમાં, આવે, પણ એ તો બંધનું કારણ છે. કારણ કે વ્યવહારમાં તો પર દિશા તરફ લક્ષ છે અને નિશ્ચયમાં સ્વ તરફનો આશ્રય ને લક્ષ છે. બેયના આશ્રય જુદા, બેયના ભાવ જુદા, બેના ફળ જુદા. આહાહા! પંડિતજી! આહાહા! વાત આવી છે ભગવાન! છઢાળામાં આવે છેને, 'નિશ્ચય તે સત્યાર્થ..' આવે છે. (જો સત્યારથરૂપ સો નિશ્ચય, કારણ સો વ્યવહારો). તે અસત્ય કારણ છે, વાસ્તવિક માર્ગ નથી. આહાહા! એ અહીં કહ્યું છે. નિશ્ચય તે સત્કાર્ય છે, સત્યાર્થ છે. આહાહા!

શાસ્ત્રમાં લખેલા ભાવમાંથી, ભગવાનની વાણીમાં આવેલામાંથી આ ભાવ એણે પહેલો તારવવો જોઈએ. આખા સિદ્ધાંતનો આ સાર છે. સમજાણું કાંઈ? ચારે અનુયોગમાં જે કથન હોય એમાંથી સ્વદ્રવ્યને આશ્રયે જે નિર્વિકલ્પ શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ, નિર્વિકલ્પ પ્રતિક્રમણ,

નિર્વિકલ્પ પ્રાયશ્ચિત્ત, નિર્વિકલ્પ સામાયિક, ચોવિસંથો, વંદન નિર્વિકલ્પ એવી જે વાત કરી હોય એને પહેલા જાણવી જોઈશે. સમજાણું કાંઈ? વ્યવહારના પક્ષવાળાને આકરૂં લાગે. ભાઈ! વ્યવહારનો પક્ષ તો અનાદિથી કર્યો છે, પણ શુદ્ધનયનો પક્ષ કદી આવ્યો નથી. અગિયારમી ગાથામાં જયચંદ્ર પંડિતે કહ્યું છેને પાછળ (ભાવાર્થમાં), નહીં? એક તો, ભેદનો પક્ષ અનાદિથી છે અને એ વ્યવહારની વાતું જીવો પરસ્પર કરે છે, બે. અને ત્રીજું, એ વ્યવહારની વાત જિનશાસ્ત્રમાં પણ નિશ્ચયના હસ્તાવલંબ(રૂપ) નિમિત્ત દેખીને એવી વાત શાસ્ત્રમાં ઘણી આવી છે, પણ એ ત્રણેનું ફળ સંસાર છે. સમયસાર ૧૧મી ગાથા. સમજાણું કાંઈ? વીતરાગે કહેલો વ્યવહાર એનું ફળ સંસાર છે. છે? ભાવાર્થ ને. પંડિતજીને યાદ હશે. આહાહા! ક્ષયોપશમ બહોત હૈ ઉનકા. ભાવાર્થમેં હૈ ન. અગિયાર (ગાથા). આહાહા!

**પ્રાણીઓને...** સમયસાર, ૧૧મીનો ભાવાર્થ છે. **પ્રાણીઓને ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિ કાળથી જ છે.** છે? **પ્રાણીઓને ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિ કાળથી જ છે અને એનો ઉપદેશ પણ બહુધા સર્વ પ્રાણીઓ પરસ્પર કરે છે.** એનો ઉપદેશ દુનિયાને બધાને પ્રિય છે. માંહોમાંહે વ્યવહારનો ઉપદેશ કરે છે. બે. (૧) ભેદનો વ્યવહારનો પક્ષ છે અને (૨) વ્યવહારનો ઉપદેશ માંહોમાંહે કરે છે. (૩). **વળી જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયનો હસ્તાવલંબ (સહાયક) જાણી બહુ કર્યો છે...** બહુ કર્યો છે શાસ્ત્રમાં. જિનવાણીમેં બહોત કિયા હૈ. **પણ એનું ફળ સંસાર જ છે.** સંસાર જ છે. ભારે વાતું આવી. સમજાણું કાંઈ? એથી કહે છે કે શાસ્ત્રમાં જેટલી વ્યવહારની વાતું ભગવાને કીધી હોય હોં... કેમકે આત્માના આનંદના આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પરિણતિમાં પૂર્ણતા ન હોય ત્યારે એવો વિકલ્પ–રાગ વ્યવહાર હોય છે, એ વ્યવહારને નિશ્ચયનું નિમિત્ત દેખીને વાત ભગવાને કહી છે, પણ એનું ફળ તો બંધ છે, સંસાર છે. આહાહા! સમજાણું કાંઈ? છે?

**શુદ્ધનયનો પક્ષ તો કદી આવ્યો નથી...** સ્વાશ્રિત દૃષ્ટિ ને જ્ઞાન તો કદી કર્યું નથી. બધી વ્યવહારની વાતમાં પડ્યો, નવમી ગ્રૈવેયકે ગયો. એક વાત. **અને એનો ઉપદેશ પણ વિરલ છે.** સ્વાશ્રયનો ઉપદેશ કે આત્માના અવલંબે જ સમ્યક્ થાય, આત્માના અવલંબે જ્ઞાન થાય, આત્માના અવલંબનમાં સ્થિરતાથી ચારિત્ર થાય—એ ઉપદેશ વિરલ છે. ઓલો બહુધા છે, આ વિરલ છે. ઓલું અનાદિકાળનો છે, ત્યારે આ શુદ્ધનય પક્ષ કદી આવ્યો નથી. આમ સામસામે બે વાત છે. વ્યવહાર છે તો ખરાને, ન હોય તો વ્યવહારનય કહાંસે હો? વહ તો કહા હૈ કિ હૈ. પહેલાંમાં કહ્યુંને, ભેદનો પક્ષ તો અનાદિથી છે, શુદ્ધનો પક્ષ કદી આવ્યો નથી. સામે-સામે વાત છે. બીજી વાત. એનો–વ્યવહારનો ઉપદેશ બહુધા સર્વ પ્રાણી કરે છે, ત્યારે આનો ઉપદેશ વિરલ છે. બે.

ત્રીજું, જિનવાણીમાં વ્યવહારનો (ઉપદેશ) સહાયક જાણીને કર્યો છે. **ક્યાંક-ક્યાંક છે. તેથી ઉપકારી શ્રી ગુરુએ શુદ્ધનયના ગ્રહણનું ફળ મોક્ષ જાણીને એનો ઉપદેશ પ્રધાનતાથી (મુખ્યતાથી) દીધો છે.** આહાહા! પાઠમાં છે ખરુંને, એનો ખુલાસો (કર્યો). **भूदत्थमस्सिदो खलु...** ચિદાનંદ પરમાત્મા શુદ્ધ આનંદકંદ અભેદ એનો આશ્રય નિર્વિકલ્પ પર્યાયથી થતાં એને સમ્યગ્દર્શન થાય છે. આવો જે ઉપદેશ અહીં કર્યો ત્યારે ખુલાસો કરવો પડ્યો. આવો ભગવાને ઉપદેશ કર્યો, એનું શું? એ વ્યવહારનો ઉપદેશ તો અનાદિથી ચાલ્યો આવે છે. એનો પક્ષ પણ અનાદિથી છે. માંહોમાંહે વાતું પણ એ વ્યવહારની જ કરે છે. અને જૈનશાસ્ત્રમાં પણ, નિશ્ચયસ્વભાવના આશ્રયમાં બહારમાં એવો એક વિકલ્પ વ્યવહાર સાથે હોય છે એમ ગણીને એનો ઉપદેશ કર્યો છે, પણ એનું ફળ સંસાર છે. ઘણો કર્યો છે. આહાહા! શાસ્ત્રમાં એવી વાત ઘણી આવે, નિશ્ચયની તો બહુ થોડી આવે, ત્યારે એ પકડે ઓલા વ્યવહારને. આહાહા! અરે ભગવાન! કહે છે...

અહીં કહ્યુંને, **શુદ્ધનય ભૂતાર્થ છે, સત્યાર્થ છે; એનો આશ્રય કરવાથી સમ્યગ્દૃષ્ટિ થઈ શકાય છે...** ભગવાન પૂર્ણ નિર્વિકલ્પ આનંદનાથ શુદ્ધ અખંડ અભેદ ચૈતન્યતત્ત્વનો આશ્રય કરવાથી જ સમ્યગ્દર્શન થાય છે. દેવ-ગુરુના આશ્રયથી નહીં, રાગથી નહીં, પર્યાયનો આશ્રય કરવાથી નહીં. આહાહા! સમજાણું કાંઈ? તેથી અહીં કહ્યું. ટીકા છેને આ. **દ્રવ્યશ્રુતને વિષે શુદ્ધનિશ્ચયનયસ્વરૂપ પરમાત્મધ્યાનસ્વરૂપ પ્રતિક્રમણાદિ સત્ક્રિયા** કહી છે તેને **જાણીને....** આહાહા! નિશ્ચયનું જે સ્વરૂપ સ્વાશ્રયનું છે એને જાણીને... હવે પછી ઠરવાની વાત કરે છે.

**કેવળ સ્વકાર્યમાં પરાયણ...** મુનિની પ્રધાનતાથી વાત છેને. કેવળ સ્વકાર્ય—પોતાનું સ્વ કાર્ય, જે નિશ્ચય પ્રતિક્રમણ, નિશ્ચય પ્રત્યાખ્યાન, નિશ્ચય પ્રાયશ્ચિત્ત, નિશ્ચય આલોચના, નિશ્ચય ભક્તિ સ્વ. એ આવી ગયું છે. નિશ્ચયયોગ—સ્વરૂપમાં જોડાણ કરવું તે. એવો જે સ્વકાર્યમાં પરાયણ છે, ધર્માત્મા સ્વકાર્યમાં તત્પર છે, પરકાર્યમાં એકત્વ છે નહીં. આહાહા! સ્વકાર્યમાં તત્પર **પરમજિનયોગીશ્વરે...** પરમસ્વરૂપમાં, જેણે વીતરાગ પર્યાયને વસ્તુના સ્વભાવમાં જોડી દીધી છે. વીતરાગભાવ વડે જેણે વીતરાગભાવ અભેદમાં જોડી દીધો છે. આહાહા! વાત જ કઠણ મૂકી. એવા સંતોએ **પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત વચનરચનાને પરિત્યાગીને...** એકલા ત્યાગીને નહીં, પરિત્યાગીને... ઉત્સર્ગ છેને 'પરિ'. શુભ ને અશુભ વિકલ્પો જે વચન બોલતા આવે, એ બધા શુભ-અશુભ વિકલ્પોને પરિત્યાગીને. સમજાણું કાંઈ?

ત્યારે કોઈ એમેય કહે, તમે જ્યારે એમ કહો છો કે શુભ-અશુભના વિકલ્પ–રાગને છોડી દઈને, તો તમને આ ટીકા કરવા વખતે વિકલ્પ તો છે? ભાઈ! અહીં તો વસ્તુની સ્થિતિનું વર્ણન છે. એને જ પકડે તો એ નહીં સમજી શકે. સમજાણું કાંઈ? શાસ્ત્રમાં એમ આવે કે મનની ગુપ્તિ.... આ પ્રશ્ન સંપ્રદાયમાં થયેલો. ૭૩ બોલ છેને ઉત્તરાધ્યયનમાં. ૭૩ બોલ છે

શ્વેતામ્બરમાં. વ્યાખ્યાન ત્યાં ચાલતા હતાને. હજારો માણસો આવે. ૭૩ (બોલ). ૨૯મું અધ્યયન છે. ઉત્તરાધ્યયનમાં ૩૬ અધ્યયન છે, શ્વેતામ્બરનું ઉત્તરાધ્યયન છે. આપણું ઉત્તરાધ્યયન નથી. એમાં ૩૬ અધ્યયનમાંના ૨૯ (અધ્યયન)માં ૭૩ બોલ છે. એમાં એ આવે કે વચનગુપ્તિ ભંતે જીવે કિં... વચનની ગુપ્તિથી, ભગવાન! શું લાભ થાય? ત્યારે ભગવાન કહે, વચનગુપ્તિથી મૌનપણું થાય, અંતર ધ્યાનમાં એકાગ્રતા થાય, તેથી કર્મની નિર્જરા થાય. ત્યારે પ્રશ્ન ઉઠયો કે વચનગુપ્તિથી આમ થાય તો આચાર્યો એમ કેમ બોલ્યા એ વખતે? એ પોતે કેમ બોલ્યા? પોતે ગુપ્તિમાં કેમ ન રહ્યા? ભગવાન! એમ ન થાય. સમજાણું કાંઈ?

આ પ્રશ્ન ૫૦ વર્ષ પહેલા સંપ્રદાયમાં થયેલો. સંપ્રદાયમાં બહુ માણસ આવતું. બહુ માન હતું, પ્રતિષ્ઠા ઘણી હતી. હજાર-હજાર, બબ્બે હજાર માણસ અપાસરામાં માય નહીં શેરીમાં ભરાય બહાર. બોટાદ છેને બોટાદ. આ વાત ચાલતી હતી વ્યાખ્યાનમાં. વચનગુપ્તિમાં આમ આચાર્ય કહે છે કે ગોપવું. તો પોતે કેમ બોલે છે? બોલવાની ક્રિયા જડની છે, પણ એ વખતે વિકલ્પ કેમ કરે છે? એમ. અરે ભાઈ! જે વસ્તુની સ્થિતિ છે એનું વર્ણન છે. વિકલ્પ છે, પણ અંદરમાં નિષેધ છે. ભાઈ! એ શી રીતે પરિણમે? આહાહા! સમજાણું કાંઈ? **वंदित्तु सव्वसिद्धे..** ન આવ્યું? પહેલી ગાથા.

**वंदित्तु सव्वसिद्धे धुवमचलमणोवमं गदिं पत्ते ।**
**वोच्छामि समयपाहुडमिणमो सुदकेवलीभणिदं ।।**

કહું છું સમયસાર શાસ્ત્રને. 'કહું છું' એ શબ્દ આવ્યો ત્યાં. એની પાછળ વિકલ્પ છે એમાં આ ભાવ કહેવાનો છે. વાણી તો વાણીને કારણે આવે છે. જડની પર્યાય કંઈ આત્માનું કાર્ય નથી. અહીં તો રાગ આત્માનું કાર્ય નથીને. સ્વકાર્યમાં પરાયણ મુનિ... આહાહા! ભાઈ! જે વિધિ છે એમ કહેવાતી હોય એમાં એની ભૂલ ન પકડાય. સમજાય છે? ત્યાં તો, ભગવાન આત્મા પોતાના સ્વકાર્યમાં જ્યારે પરાયણ છે ત્યારે વચનની યોગ્યતાનો વિકલ્પ હોતો નથી. સમજાય છે?

**સર્વ સંગની આસક્તિને છોડી** દઈ... આહાહા! અરે! સિદ્ધપણે એકલું રહેવું છે સાદિ-અનંત, તો અત્યારે અંદર એકલો થાને, થોડો તો થા, એમ કહે છે. ભાઈ! સિદ્ધ તો એકલા રહે છે, કોઈનો સંબંધ નથી એને. સિદ્ધસ્વરૂપી ભગવાન તને પ્રતીતમાં, અનુભવમાં આવ્યો છે, તો હવે એકલો રહીને સ્વકાર્ય કર. સમજાણું કાંઈ? પંડિતજી! જુઓ! આ સંતોના કથનો. આહાહા! આત્માને આમ ડોલાવી નાખે એવી વાત છે. ભગવાન આત્મા... સમ્યગ્દર્શન તો સ્વને આશ્રયે થયેલ છે, હવે પછીની ક્રિયાના વર્તનની વાત છે. જેને સમ્યગ્દર્શન જ નથી એને તો કોઈ વસ્તુ હોતી નથી. એ નિશ્ચય સમ્યગ્દર્શન. વ્યવહાર સમ્યગ્દર્શન એ કોઈ સમ્યગ્દર્શન છે જ નહીં.

એમાં ૧૪૪ (ગાથામાં) આવી ગયુંને ભાઈ! આપણે. **सम्मद्दंसणणाणं एसो लहदि त्ति णवरि ववदेसं...** અંતરના આનંદના અનુભવની પ્રતીતિ, અનુભવનું જ્ઞાન એને જ સમ્યગ્દર્શન ને જ્ઞાન વ્યપદેશ નામ અપાય છે. ૧૪૪માં છે. સમજાણું કાંઈ? આહાહા! સમયસાર, ૧૪૪ ગાથા. 'વ્યપદેશમ્' શબ્દ પડ્યો છે. **सम्मद्दंसणणाणं... ववदेसं...** અંતર આનંદ ભગવાન પરમાત્મા પોતે, એની અંતરમાં રાગ ને વ્યવહાર વિનાની સ્વરૂપની અનુભવની દૃષ્ટિ અને સ્વરૂપનું જ્ઞાન એને જ વ્યપદેશ નામ અપાય છે કે આ દર્શન ને જ્ઞાન. વ્યવહારને તો (એવું) નામ આપવું એ પણ, કહે છે કે વિરોધ છે. સમજાણું કાંઈ? આહા! ભારે.

આમાંય કહ્યું છેને રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં. ત્યાં 'વ્યપદેશ' શબ્દ વાપર્યો છે. પૂર્વના પંડિતોએ પણ શાસ્ત્રની વાત જે કહી હતી એ રાખીને વાત કરે છે. રહસ્યપૂર્ણ ચિઠ્ઠી છેને ટોડરમલજીની. રહસ્યપૂર્ણ ચિઠ્ઠી, પાનું ૩૪૮. **માટે સ્વ-પરના યથાર્થ શ્રદ્ધાનમાં શુદ્ધાત્મશ્રદ્ધાનરૂપ નિશ્ચયસમક્ત્વ ગર્ભિત છે**. આ ટોડરમલજી લખે છે. સ્વ-પરનું ભિન્ન (જ્ઞાન), રાગ ભિન્ન, વસ્તુ ભિન્ન—એવો અંતર અનુભવ નિશ્ચય સમકિત એમાં નિશ્ચય સમકિત રહેલું છે. **વળી જો સ્વપરનું** યથાર્થ **શ્રદ્ધાન નથી અને જૈનમતમાં કહેલા દેવ, ગુરુ અને ધર્મ એ ત્રણેને માને છે, અન્યમતમાં કહેલા દેવાદિ વા તત્ત્વાદિને માનતો નથી તો એવા કેવળ વ્યવહાર સમક્ત્વ વડે તે સમક્ત્વી નામને પામે નહીં**. ત્યાં આ 'વ્યપદેશ' શબ્દ વાપર્યો છે. સમજાણું કાંઈ? પૂર્વના પંડિતોએ શબ્દો તોળી-તોળીને આચાર્યોના હૃદય છે તે મૂક્યા છે.

૧૪૪માં મૂક્યું છે, **सम्मद्दंसणणाणं एसो लहदि त्ति णवरि ववदेसं**.. એ વ્યપદેશ નામ ત્યારે પમાય. એ શબ્દ અહીં વાપર્યો છે રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં. વ્યવહાર સમકિતને 'સમકિત' નામ આપવું એ પણ નહીં. કારણ કે એમાં રાગ છે, એ રાગને સમકિત કહેવાય છે ત્યાં તો. વ્યવહાર સમકિત એટલે રાગ, નિશ્ચય સમકિત એટલે અરાગી–વીતરાગી પરિણતિની પ્રતીતિ. અને બીજું દ્રવ્ય લીધું તેથી. આહાહા! છે? **કેવળ વ્યવહાર સમક્ત્વ વડે તે સમક્ત્વી નામને પામે નહીં. માટે સ્વ-પર ભેદવિજ્ઞાનપૂર્વક જે તત્ત્વાર્થશ્રદ્ધાન હોય તે સમક્ત્વ જાણવું**. બહુ સ્પષ્ટ છે રહસ્યપૂર્ણ ચિઠ્ઠી. ટોડરમલજીએ બહુ કામ કર્યું છે. આચાર્યોના સામાન્ય શબ્દો હતા એનું વિશેષ સ્પષ્ટીકરણ કર્યું છે. એમનું ઘરનું કાંઈ નથી લખ્યું.

અહીં એ કહે છે, ભાઈ! તું **એકલો થઈને...** આહાહા! એટલે કે રાગ વિનાનો થઈને... **मोणव्वएण..** પાઠમાં છે ખરુંને. **मोणव्वएण...** ત્રીજું પદ છે. પાઠ છેને, **મૌનવ્રત સહિત.** એટલે મૌનપણું રાખીને વિકલ્પ કર્યા વિના... **સમસ્ત પશુજનો...** હવે ટીકાકાર કહે છે. મુનિ છે. **(પશુ સમાન અજ્ઞાની મૂર્ખ મનુષ્યો) વડે...** ભાઈ! તારી નિશ્ચયની વાતું સાંભળી, 'શેની માંડી છે' એમ કરીને લોકો નિંદશે તને. હાય! હાય! વ્યવહારનો જાણે લોપ જ કરી નાખ્યો આ લોકોએ. સમજાણું કાંઈ? શાસ્ત્રમાં નિશ્ચય છે એને પકડ્યું, પણ વ્યવહાર છે એને તો છોડી દીધું. એમ

નિંદા કરશે તારી. **(પશુ સમાન અજ્ઞાની મૂર્ખ મનુષ્ય) વડે નિંદવામાં આવતો હોવા છતાં...** નિંદવામાં આવતો તું, એમ. તારી નિંદા કરશે એ લોકો. આહાહા! સમજાણું કાંઈ?

**અભિન્ન રહીને...** અભિન્ન રહીને એટલે અખંડ ચૈતન્યની દૃષ્ટિ ને જ્ઞાન ને રમણતા કરતો (અને) ભેદ ન પામતો... સમજાણું કાંઈ? **અભિન્ન રહીને નિજકાર્યને...** તારું કાર્ય.. તારું કાર્ય... વસ્તુ અખંડ અભેદ ચિદાનંદમૂર્તિ પ્રભુ છે એમાં સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક સ્વ લીનતાના કાર્યને સાધ. સ્વના અંતરમાં... આહાહા! આવી વાતું ભારે. અંતરમાં સ્વાશ્રયની ક્રિયાને સાધ કે જે કાર્ય... **કે જે નિજકાર્ય...** જોઈ! ભાષા પાછી. ભગવાન આત્મા એ વ્યવહારના વિકલ્પોને છોડી દઈ... 'છોડી દઈ' એ ઉપદેશની શૈલી છે. આને છોડવા જાય તો છોડશે એમ ન હોય. એ નિશ્ચયનો આશ્રય કરવા જાય છે ત્યાં વિકલ્પો છૂટી જાય છે, એને 'છોડીને' એમ ઉપદેશમાં કથન આવે છે. સમજાણું કાંઈ?

આવું સ્વરૂપ છે. ભાષામાં ઉપદેશની શૈલી તો આમ આવી 'છોડી દઈને'. એમ આવ્યુંને. ઓલાને 'પરિત્યાગીને'. શું 'આ રાગ છે એને છોડવું' એમ છે? રાગ થયો એને છોડવું શું અને ન થયો એને છોડવું શું? ઉપદેશ તો એવો આવ્યો છે કે વ્યવહારને છોડી દઈને. એનો અર્થ એ કે સ્વરૂપનો આશ્રય લઈને લીન થતાં, પહેલાં જે વિકલ્પ ઉત્પન્ન થતાં એ ઉત્પન્ન થતાં નથી, એને 'છોડીને' એમ કહેવામાં આવ્યું છે. આહા! સમજાણું કાંઈ? એ નિજકાર્ય કે જે **નિર્વાણરૂપી સુલોચના**–મોક્ષરૂપી સ્ત્રી, એના એકત્વના સુખનું મૂળ છે. આહાહા! પરમાનંદરૂપી મુક્તિ, અતીન્દ્રિય આનંદની પૂર્ણતા એવી જે મુક્તિ, અતીન્દ્રિય આનંદની શુદ્ધતાની પૂર્ણતા એવી મુક્તિનું મૂળ, એ આત્માને આશ્રયે વીતરાગી પર્યાય કાર્ય (થાય) એ એનું મૂળ છે. સમજાણું કાંઈ? એ કૌંસમાં આપ્યું છે. પત્ની પતિને છોડે નહીં એવી સતી. સતિ પત્ની પતિને છોડે નહીં, એમ નિર્વાણરૂપી મુક્તિપર્યાય દ્રવ્યને છોડે નહીં. આહાહા! સમજાણું કાંઈ?

એવું **સંભોગસૌખ્યનું મૂળ છે તેને–નિરંતર સાધવું.** આમાં પણ ખૂબી છે પાછી. એ તો સ્વરૂપને આશ્રયે કાર્ય (થાય) એ જ નિરંતર સાધવું, આહાહા! વ્યવહાર વચમાં શું કરવો? એ આવે એને છોડી દેવો. એ વ્યવહાર છોડવા જેવો છે. આહાહા! સમજાણું કાંઈ? સમકિતીને પણ વ્યવહારસમકિતનો વિકલ્પ છોડવા જેવો છે. મુનિને વ્યવહારવ્રતનો વિકલ્પ આદિને છોડવા જેવો છે. આહાહા! **તેને નિરંતર સાધવું.** એમ કહીને, સ્વનો નિરંતર–સતત આશ્રય રાખવો, એમ કહે છે. સમજાણું કાંઈ? ગોદીકાજી! આવું બધું ઝીણું છે ભગવાન! આહાહા!

ભગવાન! પૂર્ણાનંદના નાથ તને શું કહું? પર્યાયમાં ભૂલ એક સમયની હોં, સેકંડનો અસંખ્યમો ભાગ–એક સમયની ભૂલ છે, બસ. બાકી આખો ભગવાન છે. સંસાર એક સમયનો જ છે. શું કીધું સમજાણું? આત્માની પર્યાયમાં સંસાર એક સમયનો છે. બીજે સમયે

બીજો, ત્રીજે સમયે ત્રીજો. એ સંસાર એક સાથે બે સમય ન રહે. આહાહા! સમજાણું કાંઈ? આ સિદ્ધની વાત કહી હતીને રાત્રે. નહોતું કહ્યું? એક ફેરી મથુરામાં પંડિતો બેઠા હતા. ભાષણ–વ્યાખ્યાન થયું. કીધું, કેવળજ્ઞાનની પર્યાય તો એક સમય રહે છે. આહા! સિદ્ધને પણ કેવળજ્ઞાનની પર્યાય એક સમય રહે છે. કૈલાસચંદજી હતા. ..... કેવળજ્ઞાન ગુણ નથી, કેવળજ્ઞાન પર્યાય છે.

અનંત ચતુષ્ટય જે પ્રગટે છે એ પર્યાય છે. સમકિત એ પર્યાય છે, સમકિત ગુણ નથી. ચારિત્ર એ આત્માની વીતરાગી વર્તતી એક સમયની અવસ્થા છે. સિદ્ધ પણ એક સમયની, દ્રવ્ય ઉપર, ગુણ ઉપર વર્તતી એક સમયની અવસ્થા છે. સિદ્ધની પણ અવસ્થા બીજે સમયે બીજી, ત્રીજે સમયે ત્રીજી, એમ નવી-નવી અવસ્થા સિદ્ધને પણ થાય છે. સમજાણું કાંઈ? કેવળજ્ઞાનની એક સમયની પર્યાય, એ દ્રવ્ય-ગુણનો આશ્રય લેવા માટે ભગવાને મોક્ષની પર્યાયને પણ હેય કીધી છે. આમાં આવી ગયું છે નિયમસારમાં. શુદ્ધભાવ અધિકાર. સાત પર્યાય તે હેય છે. એક દ્રવ્ય જ્ઞાયકમૂર્તિ ભગવાન એ જ ઉપાદેય છે. આયા હૈ? કહાં? શુદ્ધભાવ અધિકાર, ૩૮ ગાથા. અને ૫૦માં તો બહુ આકરું છે. ૫૦માં તો આકરું છે. ૩૮મી ગાથાની ટીકાનો પહેલો શબ્દ. આ જયપુરમાં કહ્યો હતો મંગળિકમાં. દસ હજાર માણસ સ્વાગતમાં હતા. છે? ૩૮ ગાથા.

**જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય હોવાને લીધે ખરેખર ઉપાદેય નથી.** એક સમયની પર્યાય એ જીવ, એક સમયનો સંવર, એક સમયનો નિર્જરા, એક સમયનો મોક્ષ... (એક) સમય છેને, પર્યાય છેને બધી. એ સાત તત્ત્વોનો (સમૂહ) પરદ્રવ્ય છે. સંવર, નિર્જરા ને મોક્ષની પર્યાય પરદ્રવ્ય છે. આહાહા! રાડ નાખે હોં. કઈ અપેક્ષાએ? જેમ સ્વદ્રવ્યમાંથી પર્યાય પ્રગટ થાય છે, એમ આ સંવર-નિર્જરાની પર્યાય, મોક્ષપર્યાયમાંથી નવી પર્યાય થતી નથી. જેમ પરદ્રવ્યમાંથી પર્યાય થતી નથી, એમ આમાંથી નવી થતી નથી, માટે એને પરદ્રવ્ય કહેવામાં આવે છે. આહાહા! અરેરે! છે? ત્યાં તો એમ કહ્યું હતું. શ્લોક છે પાછળ. જયપુરમાં સ્વાગત હતુંને જ્યારે. શું કહ્યું? ૫૪મો શ્લોક, ત્યાં ૩૮ ગાથામાં.

**સર્વ તત્ત્વોમાં જે એક સાર છે, જે સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવોથી દૂર છે...** કેવળજ્ઞાન, કેવળદર્શન ને સંવર, નિર્જરા નાશ પામવાયોગ્ય છે. છે? ક્યાં? ૫૪મો કળશ નીચે. **સર્વ તત્ત્વોમાં જે સાર...** ત્રિકાળી જ્ઞાયકભાવ ધ્રુવ નિત્યાનંદ પ્રભુ. **જે સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવ...** ભાવ એટલે પર્યાય. પુણ્ય-પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા ને મોક્ષ એ નાશ પામવાયોગ્ય છે. કારણ કે એક સમયની પર્યાય છે. આહાહા! અને તે ભાવથી દૂર દ્રવ્ય છે. સંવર-નિર્જરાની પર્યાય ને કેવળજ્ઞાનની પર્યાયથી દ્રવ્ય દૂર છે. ધ્રુવ છે એ દૂર છે. આહાહા! અરે! એને સાંભળવા મળે નહીં આવી વાત, એ કે દિ' રુચે, કે દિ' સમજે? ત્રણ લોકનો નાથ અંદર બિરાજે છે, કહે છે કે મોક્ષની પર્યાયથી ધ્રુવતત્ત્વ ભિન્ન છે, દૂર છે, આઘું છે. એય!

અને ૫૦મી ગાથામાં તો બહુ કહ્યું છે. એમાં ૫૦ છેને. ૫૦માં તો **पुव्वत्तसयलभावा परदव्वं परसहावम्...** મોક્ષની પર્યાય, સંવર-નિર્જરાની પર્યાય પરદ્રવ્ય, પરભાવ, હેય છે. ત્રણ બોલ છે. ૫૦મી ગાથા. આહાહા! **सगदव्वमुवादेयं अंतरतच्चं...** ભગવાન પૂર્ણાનંદનો નાથ ધ્રુવ એ સ્વતત્ત્વ જીવ, એ જ એક ઉપાદેય છે. સંવર, નિર્જરા, મોક્ષ પણ ઉપાદેય નથી. આહાહા! રાડ નાખી જાયને માણસ. હજી તો વ્યવહાર આદરણીય નથી એમ કહેતાં રાડ નાખે. આહાહા! અહીં તો **पुव्वुत्तसयलभावा परदव्वं...** જેટલા પર્યાયોના ભાવો કહ્યા, ૪૯માં કહી ગયા છે, એ પરદ્રવ્ય છે. આહાહા! સ્વદ્રવ્ય તો ભગવાન ત્રિલોકનાથ નિત્યાનંદ છે. એના આશ્રય(ની અપેક્ષાએ) આ પર્યાયનું તત્ત્વ તે પરભાવ છે, સ્વભાવ ત્રિકાળની અપેક્ષાએ સંવર-નિર્જરાની પર્યાય પરભાવ છે, એ પરદ્રવ્ય છે, એ હેય છે. ભગવાન સ્વદ્રવ્ય છે, આહાહા! એ સ્વભાવ છે, એ ઉપાદેય છે. સમજાણું કાંઈ? બાબુભાઈ! ઓલા રાડ નાખે... પંડિતોની વાત છે.

કેવળ પર્યાય? અને નાશવાન? ભાઈ! પર્યાય એક સમયની હોય તો નાશવાન જ હોય. ઉત્પાદ એક સમયનો થઈ, બીજે સમયે એનો વ્યય થાય. આહાહા! અહીં એ કહે છે કે ત્રિકાળી ભગવાન આનંદનો નાથ એનું અંદરમાં લક્ષ, દૃષ્ટિ કરીને સ્વકાર્યને સાધજે. દુનિયા માને-ન માને, એની સાથે ઊભો રહીશ નહીં. દુનિયા તો વિરોધ કરશે, નિંદા કરશે. એ ભીખાભાઈ! આહાહા! એની રીતની–પદ્ધતિની ખબર જ નથી એ બીજું લાવે ક્યાંથી? 'નિરંતર સાધવું' ઉપર વજન છે અહીં તો આપણે ચાલતી (ગાથામાં). સમજાણું કાંઈ?

તો પછી વ્યવહાર કરવો કે દિ'? નિરંતર સાધવું.. સાધવું હોય તો. એ કાર્ય જ નથી ભગવાન! એ વચમાં આવે ખરો, પણ દખલ છે એ તો. અસદ્ભૂત છે, અસત્કાર્ય છે. આહાહા! વ્યવહાર મોક્ષમાર્ગ અસત્કાર્ય છે. સમજાણું કાંઈ? આહાહા! પરમાનંદની મુક્તિનું મૂળ, પરમાનંદરૂપી પૂર્ણ પર્યાયની મુક્તિનું મૂળ દ્રવ્યના આશ્રયે પરમાનંદની ક્રિયા–સત્ક્રિયા સાધવી, એ નિરંતર સાધના છે. આહાહા! આવું વચન છે. જુઓ! તો ખરા, આહા! કુંદકુંદાચાર્યે કેવળીના કાળજા ખોલ્યા છે. સમજાણું કાંઈ? હવે એનો કળશ કહે છે.

**[હવે આ ૧૫૫મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છેઃ]** આ ટીકાકાર પદ્મપ્રભમલધારિદેવ મુનિ છે, આચાર્ય નથી. કુંદકુંદાચાર્યના કહેલા (મૂળ શ્લોક), ટીકા મુનિની કરેલી છે. સમયસાર, પ્રવચનસાર, પંચાસ્તિકાયની ટીકા અમૃતચંદ્રાચાર્યે કરેલી છે. આ ટીકા મુનિની કરેલી છે, આચાર્યની નથી. ટીકાકાર મુનિરાજ છેને. બે શ્લોક કહે છે. પાછા આ મુનિરાજ છે, આ આચાર્ય નથી પદ્મપ્રભમલધારિદેવ. પંચ પરમેષ્ઠી છેને. આહાહા! જેને ગણધર નમસ્કાર કરે. શાસ્ત્રને રચતા 'ણમો લોએ સવ્વ સાહૂણં' આવે કે નહીં? કે મૂકી દે? ગણધરદેવ 'ણમો લોએ સવ્વ સાહૂણં' હે સંત! તારા ચરણમાં મારો નમસ્કાર. એમ ગણધર ચાર જ્ઞાન ને ચૌદ પૂર્વના ધારી (કહે). એ આ મુનિરાજ છે. એ મુનિરાજ બે શ્લોક કહે છે.

**हित्वा भीतिं पशुजनकृतां लौकिकीमात्मवेदी**
**शस्ताशस्तां वचनरचनां घोरसंसारकर्त्रीम्।**
**मुक्त्वा मोह कनकरमणीगोचरं चात्मनात्मा**
**स्वात्मन्येव स्थितिमविचलां याति मुक्त्यै मुमुक्षुः ॥२६५॥**

આહાહા! .... શુભભાવ ઘોર સંસારનું કારણ છે એમ કહેશે. આહાહા! પોતે સંસાર જ છે, શુભરાગ સંસાર છે. શુભરાગ, ઉદયભાવ સંસાર છે. વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ એ ઉદયભાવ છે. આહા! ગજબ વાત છે.

એનો **શ્લોકાર્થ : આત્મજ્ઞાની મુમુક્ષુ... आत्मवेदी** છેને પહેલા પદનો છેલ્લો શબ્દ **आत्मवेदी**. મુમુક્ષુ એને કહીએ કે જેને આત્મજ્ઞાન થયું હોય. શાસ્ત્રજ્ઞાન કે બીજા જ્ઞાન હો- ન હો, એની સાથે સંબંધ નથી. આહાહા! **आत्मवेदी**... નિર્વિકલ્પ સ્વભાવનું ભાન થતાં આત્મજ્ઞાન થાય છે. આત્મજ્ઞાની કહ્યો, શાસ્ત્રજ્ઞાની, દેવ-ગુરુનો જ્ઞાની (નહીં). આહાહા! **આત્મજ્ઞાની મુમુક્ષુ**... ભગવાન આનંદનો નાથ પૂર્ણાનંદ પ્રભુ એનું સ્વસન્મુખ થઈને જેને જ્ઞાન થયું છે, વિકલ્પ ને પર્યાયની વિમુખતા જેણે ટળી છે. એક સમયની પર્યાયમાં એકત્વબુદ્ધિ અનાદિની હતી, નવ પૂર્વ ભણ્યો, અગિયાર અંગ ભણ્યો ત્યાં સુધી એને શુક્લલેશ્યાની ક્રિયાકાંડ, પંચ મહાવ્રતની એ ક્રિયા બધી રાગરૂપ, દુઃખરૂપ હતી. સમજાણું કાંઈ? કહે છે, એને આત્મજ્ઞાન નહોતું. એ પરાશ્રિત શાસ્ત્રનું જ્ઞાન બધું.

અહીંયા તો આત્માને આશ્રયે થયેલું જ્ઞાન છે. એમ કહીને એમ કહે છે કે ભગવાનની વાણી સમવસરણમાં સાંભળે શ્રોતા અને જે ત્યાં જ્ઞાન થાય, એ થાય છે એના ઉપાદાનથી, નિમિત્ત વાણી, છતાં એ જ્ઞાન સમ્યક્ નહીં. આહાહા! કેમકે એ પરલક્ષી જ્ઞાન છે. આહાહા! સમજાણું કાંઈ? એથી અહીં આત્મજ્ઞાની કહ્યો છે. (નિમિત્ત) કોણ થયું? ભગવાનની વાણી. અહીં જ્ઞાનના ઉપાદાનને કારણે પર્યાયમાં ખ્યાલ આવ્યો કે આમ કહે છે, ભગવાન આમ કહે છે. પણ એ જ્ઞાનના ઉપાદાનનો અંશ પરલક્ષીજ્ઞાન છે, પરસત્તાવલંબી જ્ઞાન છે. એ આત્મજ્ઞાન નહીં. એ હોય ખરું, પણ એના હોવાથી–એને લઈને આત્મજ્ઞાન થાય—એમ નહીં. સમજાણું કાંઈ? ભારે વાતું.

**આત્મજ્ઞાની મુમુક્ષુ**... આહાહા! વાણીનું જ્ઞાન, ભગવાનનું જ્ઞાન નહીં, એમ કહે છે. સમજાણું? ભગવાને એ કહ્યું હતું વાણીમાં કે તારે આશ્રયે થતું જ્ઞાન તેને આત્મજ્ઞાન, તેને સમ્યગ્જ્ઞાન કહીએ. એવું એણે લક્ષમાં લીધું હતું, પણ એ આત્મજ્ઞાન નહીં. એનું લક્ષ છોડીને ચૈતન્યને આશ્રયે જે જ્ઞાન થાય તે આત્મજ્ઞાન, મુમુક્ષુનું જ્ઞાન કહેવાય. આહાહા! આવું બતાવવું છે અહીંયા. વીતરાગનો માર્ગ તો જુદી જાતનો છે. દુનિયાને હાથ આવવો કઠણ છે. અન્ય માર્ગને વીતરાગનો માર્ગ માનીને બેઠા છે. આહાહા! **આત્મજ્ઞાની મુમુક્ષુ જીવ પશુજનકૃત...** પશુ

જેવા છે, જેને ખબર નથી કે આત્મા શું, રાગનું ફળ શું, નિમિત્તથી શું થાય છે. નિમિત્તે થયેલું, નિમિત્તને લક્ષે થયેલું પોતાનું જ્ઞાન એ પણ જ્ઞાન નહીં, એવી જેને ખબર નથી. સમજાણું કાંઈ?

એ **પશુજનકૃત લૌકિક ભયને તેમ જ...** લૌકિકભય છોડી... આ દુનિયા, અરે! સમાજમાં આની શું કિંમત થશે? સમજાણું કાંઈ? સમાજ સમતોલ રહેશે કે નહીં આમાં? એ (ભય) છોડી દે. તારે શું કામ છે એનું? પશુજન લૌકિક... એ તો બિચારા લૌકિક પ્રાણી છે બધા ભાઈ! **ભયને તેમ જ ઘોર સંસારની કરનારી પ્રશસ્ત-અપ્રશસ્ત વચનરચનાને...** વચનરચના એ કાંઈ સંસારનું કારણ નથી, એ તો જડની પર્યાય છે. સમજાણું કાંઈ? પણ વચનરચનાકાળે થતો જે વિકલ્પ, એ વિકલ્પ છે એ ઘોર સંસારનું કારણ છે. ઉપદેશમાં થતો વિકલ્પ, આહાહા! એ વિકલ્પ–શુભરાગ પોતે સંસાર છે ને સંસારનું કારણ છે. એય વીરચંદભાઈ! આવો છે ભગવાનનો માર્ગ. આહાહા!

વળી એક બાજુ કહે, વર્તમાન અજ્ઞાની આત્માનું કાર્ય હોય તો વિકલ્પ પૂરતું છે. આવ્યું હતુંને. **विकल्पकः परं कर्ता विकल्पः कर्म केवलम्...** (સમયસાર કળશ ૯૫). અહીં વચનરચના કીધી. હવે એનાથી તો વિરુદ્ધ થયું. ભાવનો વિકલ્પ લેવો ત્યાં. સમજાણું કાંઈ? અરે! શાસ્ત્રને સમજવા બાપા! કઠણ છે ભાઈ! આ તો વીતરાગની વાણી છે, કાંઈ સાધારણની વાણી નથી. સંતો વીતરાગની વાણી કહે છે. ભલે છદ્મસ્થ મુનિ છે, પણ વીતરાગનું કહેલું તત્ત્વ, અનુભવેલું (તત્ત્વ) કહે છે. કહે છે કે એ વચનરચના... આ જુઓ! હવે આ ટીકા સારી લાગે શેની? ઉપદેશમાં શુભભાવ આવે એ ઘોર સંસારનું કારણ છે કહે છે.

શ્રોતા : કાલ બપોરે તો આપ અલ્પ સંસારનું કારણ (કહેતાં હતાં)?

પૂજ્ય ગુરુદેવશ્રી : એ કઈ? ઓલી દૃષ્ટિ મિથ્યાત્વ છે એ અનંત સંસારનું કારણ છે એની અપેક્ષાએ રાગ અલ્પ સંસારનું કારણ છે. હમણા એ આવ્યું હતું, અર્થમાં આવ્યું હતું. ટીકામાં ક્યાંક હતું. આ વચનરચનામાં પણ રાગની એકતાબુદ્ધિ હોય તો તો મિથ્યાત્વ ઘોર સંસાર છે. એ ઘોર સંસાર છે. અકેલા રાગ અલ્પ સંસારકા કારણ હૈ. એ તો જે અપેક્ષા હોય એ સમજવી જોઈએને. સમજાણું કાંઈ? આહાહા!

ઘોર સંસારનું કારણ છે. પાઠ છેને. **घोरसंसारकर्त्रीम्...** એમ પાઠ છે. બાપુ! એ શુભરાગ હો, પણ છે તો ઝેર ને. આત્માના અમૃતથી વિરુદ્ધ છે. વ્યવહાર રત્નત્રયનો રાગ પણ અમૃતસ્વરૂપથી વિરુદ્ધ છે. એને ભગવાને તો ઝેર કીધું છે, સમયસાર, મોક્ષ અધિકારમાં. વ્યવહાર પડિકમણું, વ્યવહાર (આલોચના) એ બધા ઝેરના ઘડા છે. ઝેરના ઘડા–વિષકુંભ કહ્યા છે. આહાહા! સહ્યા જાય નહીં, સાંભળ્યા જાય નહીં, એમાં રચ્યાપચ્યા હોય એને ઘા પડે માથે.

કહે છે કે એ ઘોર સંસારની કરનારી વચનરચનાને **છોડીને તથા કનક-કામિની સંબંધી મોહને તજીને...** એટલે સુંદર પદાર્થ સ્ત્રી કે સુંદર સોનું આદિ, એના પ્રત્યેની સાવધાનીની દશા છોડી દઈને... એ સુંદર નથી, સુંદર તો તું છો. હીરા-માણેક આમાં આવ્યા હોં. એય! આ તો

કનક નામ લીધું છે. પન્ના.. પન્ના તમારા. એક-એક પન્નામાં લાખ રૂપિયા ઉપજે. એય! કોઈક કહેતું હતું, હમણા પૈસા બહુ પેદા થયા છે. કોઈક કહેતું હતું. અહીં તો કોને ખબર (હોય)? કોઈક કહેતું હતું. આપણે સાંભળ્યા.... મહેન્દ્રભાઈ કહે. ઝવેરાતમાં બહુ પૈસા પેદા કર્યા છે. હશે, કીધું. ધૂળમાં છે ને ધૂળ છે. આહાહા!

એને ક્યાં પૈસા, એને ક્યાં રાગ? આહાહા! આ બેને લીધા છે. હીરા, માણેકનો મોહ છોડી દે, એમ કહે છે. હીરા ને માણેક તું છો. આહાહા! ભગવાન ચૈતન્યહીરો જેની કિંમતું–મૂલ્યાંકન થવું મુશ્કેલ છે એવી અમૂલ્ય ચીજ તારી છે. એમાં આવા હીરા ને માણેક ધૂળનો 'આ ઠીક છે' એવો વિકલ્પ પણ સારો નથી. આહાહા! એ શેઠ! આહાહા! અને **કામિની**... મનોહર સુંદર શરીરવાળી કામિની. બાપુ! ભગવાન! એ તો માટીના પિંડ છેને નાથ! આવો આત્મા ભગવાન મનોહર અંદર પડ્યો છેને. એમાં (લક્ષ) મૂકીને આનો મોહ છોડ. એ તરફની સાવધાની છોડ એમ કહે છે. સમજાણું કાંઈ? **કનક-કામિની સંબંધી મોહ**... સાવધાની. મોહ એટલે સાવધાની. અહીં સાવધાની કહ્યું છે.

**મુક્તિને માટે**... આહાહા! પૂર્ણાનંદના નાથની પૂર્ણ આનંદની પર્યાયને પ્રગટ કરવા... **મુક્તિને માટે પોતે પોતાનાથી**... લ્યો, વ્યવહારથી નહીં, નિમિત્તથી નહીં. પોતે.. પોતે–સ્વયં પોતાથી–આનંદની પર્યાયથી **પોતાનામાં**... આનંદમાં... આનંદમાં **જ અવિચળ સ્થિતિને પામે છે.** આહાહા! **મુક્તિને પોતે પોતાનાથી**... નિશ્ચય નાખ્યું છે એકલું. અંદર કહ્યું છેને એ. પોતે ભગવાન સ્વયં સુંદર ચૈતન્યમૂર્તિ છે એ પોતાથી એટલે સ્વભાવથી, પોતામાં–આનંદના સ્વભાવમાં રહેવું એ અવિચળ મુક્તિ છે. એ અવિચળ સ્થિતિને આ રીતે પામે છે. આહાહા! રાગાદિ તો પર છે, વ્યવહાર એ બધો પર છે, એનાથી મુક્તિ છે નહીં. એને છોડીને પોતે પોતાથી પોતામાં અવિચળ એટલે વર્તમાન હોં અત્યારે. અવિચળ (એટલે) ન ચળે એવી વીતરાગી પરિણતિને પામે છે અને એના ફળમાં મુક્તિને પામે છે. સમજાણું કાંઈ?

ઓહોહો! નિયમસાર. કુંદકુંદાચાર્યે કહ્યું છેને પાછળ. બીજામાં એવું નથી કહ્યું. પોતે આમાં કહ્યું છે. 'મેં મારી ભાવના માટે આ રચ્યું છે.' આહાહા! છેને. **णियभावणाणिमित्तं**... છેલ્લી ગાથા, ૧૮૭.. **णियभावणाणिमित्तं मए कदं**... ૧૮૭ છેલ્લી ગાથા. છેલ્લી સમજતે હો? આખિરી. ૧૮૭ હૈ ન. **णियभावणाणिमित्तं**... છેલ્લી ગાથા છેલ્લી. મારા ભાવને કારણે, કુંદકુંદાચાર્ય કહે છે, **मए कदं**... મેં કર્યું છે. **णियमसारणामसुदं**... નિયમસાર નામના શાસ્ત્રને મારી ભાવના માટે મેં કર્યું છે. આહાહા! તે પણ **णिच्चा जिणोवदेसं**... જિનના ઉપદેશને બરાબર જાણીને, એમ. જેવું ભગવાને કહ્યું છે એવી રીતે જાણીને, **पुव्वावरदोसणिम्मुक्कं**... આગળ-પાછળ દોષ જરીએ નથી આમાં. આહાહા! કહો, સમજાણું કાંઈ? એ ભાષા તો નિયમસારમાં જ આવે છે. પછી આવશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**માગશર વદ-૧૨, રવિવાર, તા. ૩૧-૧૨-૧૯૭૨**
**શ્લોક-૨૬૬, ગાથા-૧૫૬, પ્રવચન નં. ૧૮૭**

કળશ છે. નિયમસાર, નિશ્ચય પરમ-આવશ્યક (અધિકાર). આત્માને પરમ જરૂરિયાતવાળું કર્તવ્ય એને અહીં નિશ્ચય આવશ્યક કહે છે. જરૂરકા કર્તવ્ય તો આત્માકા અનુભવ કરના, આત્માકા સમ્યગ્દર્શન પ્રગટ કરકે, સમ્યગ્જ્ઞાન પ્રગટ કરકે સ્વરૂપમેં રમણતા કરના, વહ જરૂરતકા ઉપયોગકા કાર્ય હૈ. સમજમેં આયા? .......

**भीतिं विहाय पशुभिर्मनुजैः कृतां तं**
**मुक्त्वा मुनिः सकललौकिकजल्पजालम् ।**
**आत्मप्रवादकुशलः परमात्मवेदी**
**प्राप्नोति नित्यसुखदं निजतत्त्वमेकम् ॥ २६६ ॥**

**શ્લોકાર્થ : આત્મપ્રવાદમાં કુશળ...** પરમાત્મા તો આત્માની સત્તા, વાદ ને જ્ઞાનમાં કુશળ હોય છે. આત્મા ક્યા ચીજ હૈ, આત્મા... હિંદી આવી ગઈ લ્યો. હિંદી આવી ગઈ થોડી. હવે તો ગુજરાતી ચાલશે. આત્મા શું ચીજ છે અને કેમ તેની પ્રાપ્તિ થાય—એમાં જ ધર્માત્મા કુશળ છે. બીજી વાતમાં કુશળ હો- ન હો, એની સાથએ સંબંધ નથી. આહા! ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ પ્રભુ એની પ્રાપ્તિ કેમ હોય અને એમાં રમણતા કેમ હોય એમાં એ ધર્માત્મા સમકિતી કુશળ હોય છે. **આત્મપ્રવાદ** એમ કહ્યું છેને. **(આત્મપ્રવાદ નામના શ્રુતમાં)...** જેમાં આત્માનું જ કથન, આત્માની પ્રાપ્તિના ઉપાયનું કથન (હોય) એને આત્મપ્રવાદ શ્રુત કહેવામાં આવે છે.

**કુશળ એવો પરમાત્મજ્ઞાની...** એને 'કુશળ' શબ્દ ... છે. પરમાત્મજ્ઞાની—પરમસ્વરૂપ ભગવાન આત્મા એનું જેને જ્ઞાન છે. સમજાય છે કાંઈ? પરમાત્મજ્ઞાની... પરમાત્મા એટલે પરમેશ્વર અરિહંત નહીં. પોતે પરમાત્મસ્વરૂપ છે. નિર્વિકલ્પ પરમ આનંદ, નિર્વિકલ્પ જ્ઞાન, નિર્વિકલ્પ શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા—એવા જેમાં અનંત.. અનંત સંખ્યાએ ગુણ છે એવો પરમાત્મજ્ઞાની જીવ ધર્માત્મા આત્માની ક્રિયા અંતરમાં કરવામાં કુશળ હોય છે. સમજાણું કાંઈ?

**મુનિ પશુજનો વડે કરવામાં આવતા ભયને છોડીને...** અજ્ઞાનીઓ અનેક પ્રકારની વાતું કરે, એનો ભય છોડી દે. જુઓ! આ ધર્માત્મા. વ્યવહાર-બ્યવહાર કાંઈ કરવો નહીં અને આત્મા.. આત્મા.. આત્મા.. આખો દિ' કરે. સમજાણું કાંઈ? ખરેખર તો આત્મામાં અકાર્યકારણ નામનો એક ગુણ છે. ભગવાન આત્મામાં અકાર્યકારણ નામની શક્તિ-સ્વભાવ-સામર્થ્ય-ગુણ છે, કે જે આત્મા કોઈ વ્યવહારના રાગમાં... અકાર્યકારણ ગુણ છેને. એ ચૌદમો ગુણ છે ૪૭ ગુણ (-

શક્તિ) છેને. એનું વર્ણન સમયસારમાં પાછળ છે. વ્યાખ્યા થઈ ગઈ છે. આત્મવૈભવ નામનું પુસ્તક છે એમાં એક-એકની વ્યાખ્યા ઘણી કરી છે.

એમાં અકાર્યકારણ નામનો એનો સ્વભાવ છે. આત્મપ્રવાદને વિષે એ માંહ્યલું એનું કથન છે. વ્યવહારના વિકલ્પની ક્રિયા, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચમહાવ્રતનો વિકલ્પ, શાસ્ત્રનું ભણતર એ વિકલ્પવાળું છે. એ કારણ થાય અને જીવને સમ્યગ્દર્શન-ચારિત્ર કાર્ય થાય—એવો એનામાં ગુણ નથી. મોટી તકરાર. પછી કહેશે. આવી વાતમાં વાદવિવાદ કરીશ નહીં જગત સાથે. જગતને નહીં બેસે. તું તારું કામ કરજે. શાસ્ત્રમાં અનેક કથન વ્યવહારના એટલા બધા આવે. .......... નિમિત્ત દેખીને વ્યવહાર.... નિમિત્તના, વ્યવહારના ઘણા કથનો શાસ્ત્રમાં છે. એનું ફળ તો સંસાર છે. આહાહા! એ વ્યવહાર શ્રદ્ધા કે વ્યવહારુ જ્ઞાન કે વ્યવહાર આચરણ (એટલે) રાગની મંદતા એ કારણ અને આત્મામાં ધર્મની પર્યાય પ્રગટ થાય એ કાર્ય—એમ વસ્તુમાં નથી. સમજમેં આયા? એ આત્માની ચીજ એવી છે. આહાહા! ભારે કઠણ જગતને.

કહે છે કે એ પરમાત્મજ્ઞાની પરમસ્વરૂપ ભગવાન આત્મા એને જાણનારો... એટલે કે એ કોઈ કારણથી–રાગાદિના વ્યવહારથી પ્રગટ થાય નહીં, પણ રાગાદિના વ્યવહારને એ પર્યાય ઉત્પન્ન કરે નહીં. રાગાદિનું કારણ નહીં ને રાગાદિનું કાર્ય નહીં. એવો જ એનો અનાદિ-અનંત અકાર્યકારણ નામનો પ્રવાદ આત્મગુણ છે. એને જેણે અનુભવીને જાણ્યો. જ્ઞાની કહ્યોને. એને દુનિયા અનેક જાતની વાતું કરે કે આ તો વ્યવહાર માનતા નથી, વ્યવહારથી ભ્રષ્ટ છે, એ નિશ્ચયાભાસી છે. આહાહા! કહે છે, એના ભયને છોડી દે. દુનિયાની સામું ન જો. દુનિયા તો એ પ્રકારે અનાદિથી ચાલી આવે છે. સમજાણું કાંઈ? અને નિમિત્ત વિના થાય? અહીં કહે છે, નિમિત્ત વિના ન થાય એ વસ્તુના સ્વરૂપમાં નથી. નિમિત્ત વિના થાય એવો એનો ગુણ છે. આહાહા!

અકાર્યકારણ નામનો ચૌદમો (ગુણ), અકાર્યકારણ શક્તિ છેને ચૌદમી. ૪૭ શક્તિ. આત્મવૈભવ વસાવી લો. ૪૭ શક્તિનું ત્યાં વર્ણન છે. એ ગુજરાતી છે કે હિન્દી? ગુજરાતી નહીં સમજતે? આત્મવૈભવ હૈ પુસ્તક. આ આત્મપ્રસિદ્ધિ પહેલું સાધારણ. પહેલા વ્યાખ્યાન કર્યા હતા. આત્મવૈભવ રાખો તો ખરા. હિન્દી-હિન્દી. .... તો ગુજરાતી સમજે છે, નહીં? ગુજરાતી લેના આત્મવૈભવ. ૪૭ શક્તિ છેને. યહાં તો ૩૮ વર્ષ હુએ ન તો બહોત......... ઉસમેં અકાર્યકારણકી વ્યાખ્યા હૈ. ભગવાન આત્મા વ્યવહારની અપેક્ષા વિના નિશ્ચયનું કાર્ય કરી શકે એવો એનો ગુણ છે. ...ચંદજી! અને વ્યવહારના રાગને ઉત્પન્ન કરે એવો એનામાં ગુણ નથી. સમજાણું કાંઈ? એવો ભગવાન આત્મા છે, પણ ઊંધી શ્રદ્ધામાં એવું બેસી ગયું હોયને કે આ વ્યવહાર સાધન કરીએ એમાંથી સાધ્ય નિશ્ચય થાય.

પંચાસ્તિકાયમાં નથી આવ્યું? વ્યવહાર સાધન, (નિશ્ચય) સાધ્ય. ભલે ઉપચાર, પણ આવ્યું છેને. એ તો વાત કરેને. પંચાસ્તિકાય, ૧૭૨ ગાથામાં આવ્યું છે. નિશ્ચય સાધ્ય-સાધન, વ્યવહાર સાધ્ય-સાધન એવું આવ્યું છે. પણ એનો અર્થ શું? વ્યવહારની રાગની મંદતા આત્માના ભાનવાળી દશાવાળાને કેવી ને ક્યા પ્રકારની હોય એટલું જણાવવા ત્યાં સાધન કહ્યું છે. સાધન-ફાધન નથી એને સાધન કહ્યું છે. કેમકે એનામાં અકાર્યકારણ નામનો ગુણ અનાદિ-અનંત છે. એ ગુણનો ધરનાર ભગવાન આત્મા એને પકડતાં, એને રાગના કારણથી પકડવું થાય એવી વસ્તુની સ્થિતિ નથી. તેમ રાગને ઉત્પન્ન કરે એ એના દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેયમાં નથી. સમજાય છે કાંઈ?

કેમકે અકાર્યકારણ નામનો જે ગુણ છે એ દ્રવ્યમાં ગુણ છે. અને જ્યારે વર્તમાન પર્યાય સ્વભાવિક પર્યાયથી, રાગ વિનાની દશાથી શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ કરતાં જે અનુભવ થાય, એ અનુભવની પર્યાય પણ રાગની કર્તા નથી. કારણ કે અકાર્યકારણ નામનો ગુણ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેયમાં વ્યાપક છે. અનાદિથી તો અકાર્યકારણગુણ દ્રવ્ય ને ગુણમાં વ્યાપેલો છે. સમજાય છે? પણ જ્યારે ભગવાન આત્માનું અકાર્યકારણ નામનું શક્તિ–સત્ત્વ, એ જ્યારે વર્તમાન સમ્યગ્દર્શનની પર્યાય દ્વારા ધ્રુવને સિદ્ધ કરીને પ્રગટ્યું ત્યારે તેની પર્યાયમાં–અવસ્થામાં અકાર્યકારણગુણની પરિણતિ–પર્યાયમાં અકાર્યકારણપણું આવ્યું. દ્રવ્યમાં જે હતું, ગુણમાં હતું એ પર્યાયમાં આવ્યું. એટલે એ પર્યાય એની જે છે એ રાગની કારણ નહીં અને એ પર્યાય રાગનું કાર્ય નહીં. આહાહા!

આવું છે ભગવાન! એની મહિમાની શું વાતું કરવી! પણ કોઈ દિ' સાંભળી નથી, કેમકે પર્યાયબુદ્ધિ પડી છે એને. પ્રગટ અંશ વ્યક્ત છે એના ઉપર રુચિ પડી છે. અને એથી આગળ જાય તો રાગની પુણ્યની રુચિ છે. પણ ભગવાન આત્મા અખંડાનંદ પ્રભુ શુદ્ધ ચૈતન્યઘન, અનંત-અનંત ગુણનો ગંજ એવી એકરૂપ ચીજની અંતર દૃષ્ટિ કર્યા વિના એનું સાચું ભાન થાય નહીં. એવી વાત છે. સમજાણું કાંઈ? એટલે કે તે પરમાત્મજ્ઞાની જેને પરમસ્વરૂપ... આત્મ એટલે પરમસ્વરૂપ. ત્રિકાળી પરમસ્વરૂપ પારિણામિકભાવ નિજાનંદ શુદ્ધ એવો ભાવ–પરમસ્વભાવ, દ્રવ્ય–વસ્તુનો જે સ્વભાવ એનું જેને જ્ઞાન થયું, એનો જેને અનુભવ થયો, એમાં જેની દૃષ્ટિ પ્રસરી એ જીવ, આત્મા કેમ પમાય, આત્મા કેમ હોય—એ જાણવામાં કુશળ છે. સમજાણું કાંઈ? અને ખરેખર કથન કરવામાં પણ એ કુશળ છે. બીજો ગોટા વાળ્યા વિના રહેશે નહીં. કાંઈક ને કાંઈક ગોટા મિથ્યાત્વના સેવશે. એવી વાત છે ભગવાન! સમજાણું કાંઈ?

એવા **પરમાત્મજ્ઞાની** જીવો **મુનિ**... મુનિની મુખ્યતા લીધી છે. (છે વાત) સમકિતીથી માંડીને. **પશુજનો વડે**... પશુ જ કહ્યા છે. ૧૪ બોલ આવે છેને સમયસારમાં પાછળ. ૧૪ બોલ નિત્ય-અનિત્ય, એક-અનેક એકાંતના. એ એકાંત માનનારને ત્યાં શ્લોકે-શ્લોકે પશુ કહ્યા છે. ઢોર

જેવા છે. આહાહા! પશુને જેમ અનાજ અને ખડ, ચૂરમું અને ખડ નાખતાં એને વિવેક નથી કે આ ચૂરમું એ ચીજ છે, ખડ એ કંઈ બીજી ચીજ છે. જેમ પશુને ભાન નથી, એમ અજ્ઞાનીને રાગ ને નિમિત્ત એ બીજી ચીજ છે, ભગવાન એનાથી બીજી ચીજ છે—એવો જેને વિવેક નથી એને તો પશુ કહીને જ બોલાવ્યા છે. કેમકે વર્તમાન પણ મિથ્યાદૃષ્ટિ એટલે પશુ છે અને એના ફળ તરીકે નિગોદમાં જવાના માટે નિગોદ એ તિર્યંચ પશુ છે. સમજાણું કાંઈ?

કુંદકુંદાચાર્યે કહ્યુંને, એક વસ્ત્રનો ધાગો રાખીને પણ જે મુનિ મનાવે, માને, નિગોદં ગચ્છઈ. આવે છે સૂત્રપાહુડમાં. આટલું બધું? ચીભડાના ચોરને ફાંસી. ક્યા કહતે હૈં તુમ્હારે? કકડીકે ચોરકો ફાંસી. ભાઈ! તને ખબર નથી. એ કકડીનો ચોર નથી. એ રાગના ઘરમાં લૂંટારો તું છો. ભગવાન આત્મા રાગથી, પુણ્યથી ને વ્યવહારથી કલ્યાણ થાય એમ માને એ કકડીનો ચોર નથી. એક વસ્ત્રનો ધાગો રાખીને મુનિ માને તો નિગોદ જાય એમ કહ્યું એ કડક વચન નથી, વસ્તુની સ્થિતિ છે.

શ્રોતા : એક ધાગેકા ફલ નિગોદ?

પૂજ્ય ગુરુદેવશ્રી : ધાગેકા ફલકા ક્યા અર્થ? કે મુનિની દશા એવી હોય છે ત્રણ કષાયના અભાવવાળી કે એને વસ્ત્રનો તાણો લેવાના વિકલ્પની હદ જ નથી હોતી. એ વિકલ્પ એને હોય જ નહીં. તાણો નડતો નથી. એ તરફની વૃત્તિ છેને વસ્ત્ર રાખવું, એ વૃત્તિ નવ તત્ત્વની ભૂલવાળી છે. કહ્યું હતું ફતેહપુરમાં. એક તત્ત્વની ભૂલ નહીં, નવે તત્ત્વની ભૂલ છે. કેમકે છઠ્ઠે ગુણસ્થાને જેટલો સંવર અને નિર્જરાનો નિર્મળ ભાવ છે એના પ્રમાણમાં એને રાગની ઘણી મંદતા હોય છે. એને ઠેકાણે વસ્ત્ર રાખવાનો રાગ એ તીવ્ર રાગ છે, એટલે એને આસ્રવતત્ત્વની પણ ખબર નથી. અને આવો આસ્રવ (-મંદરાગ) હોય ત્યાં છઠ્ઠા ગુણસ્થાનની સંવર-નિર્જરા ઉગ્ર હોય એની પણ એને ખબર નથી. અને એ સંવર-નિર્જરા ને આસ્રવની ખબર નથી એથી એને રાગની મંદતા ઘણી હોય, ત્રણ કષાયનો જેને અભાવ હોય, એને–રાગની મંદતાવાળાને અજીવ વસ્ત્રાદિનો સંયોગ ન હોય છતાંય સંયોગ (માને) એ અજીવની ભૂલ છે. આહાહા!

શ્રોતા : જીવની (ભૂલ)?

પૂજ્ય ગુરુદેવશ્રી : જીવનો આશ્રય ઉગ્ર લે, ત્યારે એને સંવર-નિર્જરા થાય છઠ્ઠા ગુણસ્થાને, ત્યારે એને આવો તીવ્ર રાગ ન હોય. એને ઉગ્ર આશ્રયની પણ ખબર નથી. એ તો એકમાં ભૂલ એ નવમાં–બધામાં ભૂલ છે. સાધારણ વાત નથી ભગવાન! કેટલાક કહે છે, આ કુંદકુંદાચાર્યે બહુ આકરું કરી નાખ્યું. ભાઈ! તને ખબર નથી. એમ નથી ભાઈ! એમ નકાર ન દેવાય. સમજાય છે? સત્યનો એમ અનાદર ન કરાય. એ વસ્તુની સ્થિતિ છે. જ્યારે એક વસ્ત્ર રાખીને પણ આવું માને તો નવેયમાં ભૂલ ને મિથ્યાત્વ થયું અને એ મિથ્યાત્વનું ફળ નિગોદ છે.

સમજાય છે કાંઈ? આહાહા! તું અનેક પ્રકારની વિપરીત માન્યતાઓ, ગોટા વાળે એના ફળનું શું કહેવું? સમજાણું કાંઈ?

તે પશુ જેવા જીવો તને તારા સ્વભાવમાં વિઘ્ન કરનારી વાતું કરશે. સમજાણું કાંઈ? કહેશે હમણા ૧૫૬ (ગાથા)માં. એવા જીવો સાથે વાદવિવાદ કરીશ નહીં. વસ્તુની સ્થિતિ એવી છે કે વાદવિવાદે સમજાય એવી નથી. આ ૧૫૬માં કહેશે. આ તો એનો ઉપોદ્ઘાત છેને. અને એ દુનિયાના પશુ જેવાના વાણી ને ભાષાનો ભય છોડી દેજે. મારી આગળ કોઈ નિંદા કરે એ કોની નિંદા કરે? ભાઈ! કોણ કોની નિંદા કરે? તને તો એણે જોયો નથી તારી નિંદા શી રીતે કરશે? સમજાણું કાંઈ? એ તો એને અણરુચિ છે એની એ નિંદા કરે છે. એમ જાણીને ભય છોડી દે એનો. આહાહા!

**પેલી (પ્રસિદ્ધ) સકળ લૌકિક જલ્પજાળને (વચનસમૂહને) તજીને...** ભાષા 'ત્યજી દે' એટલે આવું આમ બોલે એને હું કંઈ કહું તો સમાધાન થાય. એ વખતે એને એમ કહેવું. તમારું આમ આવ્યું તો બોલે છે એને માટે, 'મારી ભૂલ નથી' એમ એને સમજાવવાના શબ્દોને છોડી દે. એ પાર નહીં પડે પ્રભુ! એ વિકલ્પના લક્ષવાળો રાગ છે એને છોડી દેજે. સમજાણું કાંઈ? આહાહા! **સકળ લૌકિક જલ્પજાળને તજીને...** આહાહા! આ તો વીતરાગમાર્ગ છે ભગવાન! જેણે ગણધરોએ જાણ્યો, ઇન્દ્રોએ કબૂલ્યો, અસંખ્ય-અસંખ્ય સમકિતી જીવો, તિર્યંચો જેને આરાધે છે. અઢી દ્વીપ બહાર પશુ અસંખ્ય સમકિતી ને અસંખ્ય શ્રાવક છે, સાચા હોં. આહાહા! હજાર હજાર જોજનના મચ્છ, મગરમચ્છ પાંચમા ગુણસ્થાનવાળા છે. અસંખ્ય છે. મનુષ્ય તો બહુ થોડા છે. એ સ્વરૂપને આરાધે છે.

ભાઈ! એમ ન જો કે આ પશુ છે. એ અંદર ભગવાન આત્મા છે. એણે કોઈ પૂર્વ સંસ્કાર અને ત્યાં વર્તમાન પુરુષાર્થ એનાથી જેણે આત્માને અંદર મેળવ્યો છે, પૂર્ણાનંદનો નાથ તેની એને પ્રાપ્તિ છે. સમજાય છે કાંઈ? એ આરાધે છે જીવને. રાગનું આરાધન છોડી દીધું છે. આહાહા! પશુભવમાં હોય એના વખાણ ને આ પશુના વખાણ (અને) મિથ્યાદૃષ્ટિને પશુ (કહ્યો). આહાહા! ઓલો સમકિતી શરીરે પશુ હોવા છતાં ધર્મી. પશુ નહિ. આહાહા! કહે છે કે **સકળ લૌકિક જલ્પજાળને છોડી દઈને...** થોડું આને કહું તો વિરોધ કરવામાં જરીક મોળો તો પડે. રહેવા દેજે એ વાતું. એમાં કાંઈ માલ નથી. એય!

**શાશ્વતસુખદાયક એક નિજ તત્ત્વને પામે છે.** આહાહા! ભગવાન શાશ્વત વસ્તુ તે કેવી? સુખદાતા. ભગવાન આત્મા તો આનંદદાતા આત્મા છે, તે દુઃખદાતા નથી. દુઃખ તો આકુળતા, વિપરીતભાવ છે. ભગવાન તો આનંદદાતા છે. આહાહા! છેને? શાશ્વત આનંદ–સુખદાયક... અતીન્દ્રિય આનંદનો દાતાર પરમાત્મા પોતે છે. સમજાણું કાંઈ? સંપ્રદાન નામનો એક ગુણ છે અનાદિ. આત્મામાં સંપ્રદાનનો નામનો એક ગુણ છે. એ સંપ્રદાન નામના ગુણથી

દાતા પોતે પોતાના આનંદનું દાન આપે પોતાની પર્યાયમાં. આહાહા! સમજાણું કાંઈ? ૪૭ ગુણમાં સંપ્રદાન ગુણ છે. અતીન્દ્રિય આનંદના ગુણનો પોતે દાતા અને પોતે પાત્ર. પોતાની નિર્મળ પર્યાયમાં આનંદને ઝીલે છે અને પર્યાયમાં આનંદને પોતે આપે છે. આહાહા!

એવો જે આત્મા **શાશ્વતસુખદાયક એક નિજ તત્ત્વ** (અર્થાત્) પરમાત્મા પોતાનું એકરૂપ એને એ **પામે છે**. આવી અંતરમાં એકાગ્રતા કરતાં પૂર્ણ આત્માની લબ્ધિને પામે છે. પૂર્ણ લબ્ધિ એટલે સિદ્ધ. સમજાણું કાંઈ? **શાશ્વતસુખદાયક એક**... બીજું નહીં. વિકલ્પ નહીં, ભવ નહીં, ભવનો ભાવ નહીં. આહાહા! એવો ભગવાન વિકલ્પજાળને છોડી, પશુ જેવાઓનો ભય છોડી, પરમાત્મસ્વરૂપનું જ્ઞાન કરી તેમાં રહેજે. તને પૂર્ણ પરમાત્માની પ્રાપ્તિ થશે. તને પૂર્ણપદની પ્રાપ્તિ થશે ભાઈ! બીજા કોઈ એના ઉપાય છે નહીં. ૧૫૫ થઈ. ૧૫૬ ગાથા. આની ત્રણ છે, ત્રણ ગાથા હોં. પછી વળી બીજો અધિકાર. પહેલા પંડિતજીએ વળી કારણપર્યાય માંગી. એવો.... ૧૫મી ગાથા છેને આમાં. કારણપર્યાય છેને શુદ્ધકારણપર્યાય ધ્રુવ. શું છે એ? જુઓ! વખત મળે તો. શું થાય છે? ૧૫૬.

**णाणाजीवा णाणाकम्मं णाणाविहं हवे लद्धी ।**
**तम्हा वयणविवादं सगपरसमएहिं वज्जिज्जो ॥१५६॥**

આ તો માખણની વાતું છે ભગવાન! રાગના રસિકોને આ રસિકપણું કઠણ પડે છે.

**છે જીવ વિધવિધ, કર્મ વિધવિધ, લબ્ધિ છે વિધવિધ અરે!**
**તે કારણે નિજપરસમય સહ વાદ પરિહર્તવ્ય છે. ૧૫૬.**

આહાહા! **ટીકા : આ, વચનસંબંધી વ્યાપારની નિવૃત્તિના હેતુનું કથન છે.** સ્વસમય જૈનમાં, અસમય પરમાં—બેયની સાથે વાદ છોડી દેજે. માર્ગ એવો કોઈ અલૌકિક છે. છેને સ્વસમય-પરસમય. જૈનના સ્વસમયની સાથે પણ વાદ છોડી દેજે. કારણ કે એના–વ્યવહારના લખાણો એટલા છે, એ મોઢા આગળ મૂકશે ઓલો. જુઓ! આ ઠેકણે કહ્યું, જુઓ! આ ઠેકાણે કહ્યું. પાર નહીં આવે બાપા! જો સ્વસમયથી વાદવિવાદ કરીશ નહીં, અન્યમતિની સાથે..... તું તારું કરને ભાઈ! સમજાણું કાંઈ? આ તો શાંતરસમાં સમાઈ જવાની વાતું છે. વિકલ્પ ઉઠાવવો એ અશાંતિ છે. આહાહા!

અને તે કોની સાથે કરીશ તું? ક્યાં મેળ ખાય એવો છે? શ્રદ્ધામાં ઉગમણા-આથમણા ફેર. એની સાથે જો વાદ કરવા જાઈશ તો ઓલો કાઢશે શાસ્ત્રમાંથી કે આમાં આ કહ્યું, વ્યવહારને સાધન કહ્યું છે, વ્યવહારને કારણ કહ્યું છે, વ્યવહારને હેતુ કહ્યો છે, હળવે-હળવે વ્યવહાર કરતા આગળ વધાશે સમયે-સમયે. ૧૭૨ ગાથામાં આવે છે. કઈ અપેક્ષા છે એ ન સમજે ને વાદે નહીં પાર પડે, એમ કહે છે. એટલે બધા એક વિચારવાવાળા થઈ જાય એમ નહીં બને. માટે બહુ સમજાવાની આકુળતા કરીશ નહીં, એમ કહે છે. આહાહા! જાણી લેજે જેની હદ હોય એની. બસ જાણી લીધું, થઈ રહ્યું. પછી બીજું તારે શું કામ છે?

કહે છે કે **(વચન-વિવાદ શા માટે છોડવા યોગ્ય છે તેનું કારણ અહીં કહ્યું છે).** આવશ્યકનો અધિકાર છેને. બીજાને સમજાવવું એ કંઈ આવશ્યક નથી. આહાહા! સમજાણું કાંઈ? અને વાદવિવાદ કરીને પરને પાછો હઠાવવો એ કાંઈ આવશ્યક નથી. આહાહા! આવશ્યક તો, ભગવાન આત્મા નિરાકુળ આનંદનો નાથ એના સન્મુખની દૃષ્ટિ, જ્ઞાન ને રમણતા તે આવશ્યક છે. કહો, પંડિતજી! આમાં પંડિતાઈ કરીને બોલવું એની ના પાડે છે અહીં તો. (શ્રોતા : પંડિતાઈ તો આત્મામેં જાના હૈ.) જાના હૈ. સ્વામિકાર્તિકેયાનુપ્રેક્ષામાં એ કહ્યું. એ પંડિત, એ મનુષ્ય કે જે સમ્યગ્દર્શન થઈને અંદરમાં એકાગ્ર થાય તે. આહાહા! તે વીર, તે પંડિત, તે મનુષ્ય. માટે મનુષ્ય...... સ્વામિકાર્તિકમાં આવે છે. વાદવિવાદ છોડજે પ્રભુ! આહાહા!

**જીવો નાના પ્રકારના છે...** અનેક પ્રકારના જીવ છે. એક જાતના જીવ નથી. ભવિ છે, અભવિ છે. **મુક્ત અને અમુક્ત** છે. એક સંસારી છે ને એક મુક્ત જીવ છે. **ભવ્ય અને અભવ્ય** છે. **સંસારીઓ–ત્રસ અને સ્થાવર** છે. **દ્વીંદ્રિય, ત્રીંદ્રિય, ચતુરિંદ્રિય તથા (પંચેદ્રિય) સંજ્ઞી ને (પંચેદ્રિય) અસંજ્ઞી એવા ભેદોને લીધે ત્રસ જીવો પાંચ પ્રકારના છે. પૃથ્વી, પાણી, તેજ, વાયુ અને વનસ્પતિ એ (પાંચ પ્રકારના) સ્થાવર જીવો છે.** કહે છે કે આવા અનેક પ્રકારના જીવો, એમાં તું શું કરીશ? એની પર્યાયને પ્રાપ્ત થયેલા એમાં રહ્યા છે, એમાં તું એની સાથે વાદવિવાદ કરીને શું કરીશ? આહાહા!

**ભવિષ્ય કાળે સ્વભાવ-અનંત-ચતુષ્ટયાત્મક સહજ-જ્ઞાનાદિ ગુણોરૂપે ભવનને યોગ્ય (જીવો) તે ભવ્યો છે...** ભવ્યની વ્યાખ્યા કરી. ભવિષ્યકાળે સ્વભાવ અનંત ચતુષ્ટય—અનંત જ્ઞાન, અનંત (દર્શન), અનંત વીર્ય, અનંત સુખ જે અંતર પડ્યું છે. એવા સહજ જ્ઞાનાદિ ગુણો વડે ગુણોરૂપે ભવવું–થવું–પરિણમવું. પરિણમન થવું એવા એ જીવો છે. **આમનાથી વિપરીત (જીવો) તે ખરેખર અભવ્યો છે.** જેને અનંત જ્ઞાન, દર્શન, આનંદ હોવા છતાં... અભવિને છે તો એવા જ ગુણો, એટલા જ ગુણો. સમજાણું કાંઈ? ભવિને જેમ જ્ઞાનના પાંચ આવરણ છે, એમ અભવિને પણ જ્ઞાનના પાંચ આવરણ છે. એને કંઈ ત્રણ આવરણ નથી. કેવળજ્ઞાન નહીં થાય માટે કેવળજ્ઞાનાવરણીય નથી (એમ નથી). સમજાય છે કાંઈ?

એમાં (શક્તિએ) કેવળજ્ઞાન પડ્યું છે. એને–અભવિને પણ પાંચ આવરણો છે. મતિ-આવરણ, શ્રુત-આવરણ, અવધિ, મનઃપર્યય ને કેવળ આવરણ છે. આવરણ નથી એમ નહીં, કેમકે અંદર શક્તિ બધી પડી છે. આહાહા! એ અભવ્ય છે, ખરેખર પ્રાપ્ત નહીં થાય, એ પર્યાયમાં પ્રાપ્ત ન થાય. ગુણમાં તો ભવિના જેટલા ગુણો છે તેટલા જ ગુણો એના છે. આવા અનેક પ્રકારના જીવોમાં કોની સાથે તું વાદ કરીશ? કોની સાથે આ વાતને મૂકીશ? ભાઈ!

**દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મ** એવા ભેદના ઘણા પ્રકાર જગતના જીવમાં છે. જડકર્મ ઘણા પ્રકારના, વિકારી પરિણામ અસંખ્ય પ્રકારના, નોકર્મ–વાણી અને શરીરના જોગવાળા અનેક પ્રકારના છે. **અથવા (આઠ) મૂળ પ્રકૃતિ...** આઠ કર્મ **અને (એકસો ને અડતાળીસ) ઉત્તર પ્રકૃતિરૂપ ભેદોને લીધે...** અનેક પ્રકારના છે, એમ છે જીવના સંબંધમાં. **અથવા તીવ્રતર, તીવ્ર,**

**મંદ ને મંદતર ઉદયભેદોને લીધે...** ઉદયના ભેદની વાત લીધી હવે. કોઈકને તીવ્ર ઉદય છે, કોઈકને તીવ્રતર છે, કોઈકને મંદ છે, મંદતર છે (એમ) અનેક પ્રકારના જીવો છે. એમ નાના પ્રકારના–અનેક પ્રકારના કર્મ છે. આહાહા!

**જીવોને સુખાદિની પ્રાપ્તિરૂપ લબ્ધિ કાળ...** એનો કાળ હોય છે. કાળ એટલે ક્ષયોપશમભાવ. જીવનો ક્ષયોપશમભાવ પણ ભિન્ન-ભિન્ન પ્રકારનો હોય છે. કાળ એટલે ક્ષયોપશમભાવ છે. પાંચ લબ્ધિ આવે છેને. અનેક પ્રકારના છે પણ છે, કોની સાથે શું કરીશ? ભાઈ! તારી વાત કેમ બેસશે એને? શાસ્ત્રમાં તો આવ્યા છે હોં, વાદી આવ્યા છે શાસ્ત્રમાં. દરેક ભગવાનના વખતમાં વાદીઓ હોય છે. પણ એ તો પુણ્ય ને યોગ્યતા બધી જોતો–દેખતો હોય એને. તારું પુણ્ય એવું ન હોય અને બીજાને સમજાવવાની લાયકાત–યોગ્યતા ન હોય અને ઓલો સમજવાને લાયક ન હોય. એવા સાથે વાદવિવાદ ન કરીશ ભાઈ! આહાહા! સમજાણું કાંઈ?

કાળ (અર્થાત્) સુખાદિની પ્રાપ્તિનો ક્ષયોપશમ, જ્ઞાનાદિ પ્રાપ્તિનો ક્ષયોપશમ, શ્રદ્ધાદિની પ્રાપ્તિનો ક્ષયોપશમ, વીર્યની પ્રાપ્તિનો ક્ષયોપશમ. એ બધું લેવું છે. સુખાદિ છેને. કાળ એટલે ક્ષયોપશમ. આહાહા! **કરણ...** અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ આવે છેને, પંચલબ્ધિ. **ઉપદેશ...** દેશના. દેશનાલબ્ધિ. જીવોને ભિન્ન-ભિન્ન પ્રકારના ઉપદેશ મળ્યા હોય. અનેક પ્રકારના આવે એની સાથે તું...... એણે સાંભળ્યું હોય બીજું. સમજાણું કાંઈ? આહાહા! પરમાત્મા પાસેથી મળી હોય એ દેશના. **ઉપશમ...** વિશુદ્ધિલબ્ધિ. કષાયની મંદતાની વિશુદ્ધિલબ્ધિ. ક્ષયોપશમનો અર્થ એ છે. એવી પાંચ પ્રકારની લબ્ધિઓ હોય છે જીવને. **અને પ્રાયોગ્યતારૂપ...** કર્મ અંતઃક્રોડાક્રોડી સ્થિતિ થવાના પરિણામ. એવું હોય છે જીવને. એવી પાંચ પ્રકારની લબ્ધિ છે. આહાહા! .......

**માટે પરમાર્થના જાણનારાઓએ...** ભગવાન આનંદમૂર્તિના જ્ઞાતા-દૃષ્ટા એવા ધર્મીજીવે **સ્વસમયો** (અર્થાત્) પોતાના સિદ્ધાંતને માનનારા એની સાથે **અને પરસમયો** (અર્થાત્) એને નહીં માનનારા એની **સાથે વાદ કરવાયોગ્ય નથી.** કહો, પંડિતજી! આહાહા! અહીં તો સમજીને સમાવાની વાતું છે. બહાર પડીને પછી આમ થાય... કોણ પડે? ભગવાન! બહાર પડવું છે બહિરાત્માપણે? અંતરાત્માપણે તો અંદર સમાવાની વાત છે. પણ અમે એ પંડિત કહેવાઈએ અને બરાબર સામાને પરાસ્ત કરવાની અમારી શક્તિ છે. ભગવાન! કોણ કરે? કહે છે.

**પરમાર્થના જાણનારાઓએ...** ભગવાન આત્મા પરમ પદાર્થ, અખંડ અનંતગુણનો રાશિ–પિંડ એનું જેને અંતરમાં જ્ઞાન ને શ્રદ્ધા–સમકિત છે, એવા એ સ્વસમય ને પરસમય સાથે વાદ કરવાયોગ્ય નથી. ઘણા પ્રકારના જીવો, તેની લબ્ધિ ને યોગ્યતા ઘણા પ્રકારની ભિન્ન-ભિન્ન છે. એમાં ક્યા જીવ સાથે તું (વાદ) કરીશ? ભાઈ! એને કંઈક ગુરુઓ મળ્યા હોય, એણે કંઈક લાકડા નાખ્યા હોય. હવે તું એની સાથે (વાદ) કરવા જઈશ, નહીં પાર આવે. પંડિતજી! આહાહા! સ્વસમય એટલે જૈન સિદ્ધાંત..... એની સાથે પણ વાદવિવાદ કરીશ નહીં.

શાસ્ત્રમાં વ્યવહારના લખાણ (આવે). પાનું મૂકશે મોઢા આગળ. જુઓ! આ લખાણ આવ્યા. પણ કઈ નયનું એ કથન છે એ ન જાણ્યું. વ્યવહારનયનું કથન છે કે આ નિશ્ચયનયનું છે, આગમનું છે, અન્યને પરાસ્ત કરવાની વાત છે.

અષ્ટસહસ્ત્રીમાં આવે છે. નિમિત્ત અકિંચિત્કર નથી. એવું આવે છે જુઓ! આહાહા! કોને માટે ત્યાં કહ્યું છે? સમજ્યા વિના મોઢા આગળ મૂકે. સમજાણું કાંઈ? કહે છે કે એવા જીવોના કર્મમાં પણ મંદરસ, તીવ્રરસના ઘણા પ્રકાર હોય છે, એના ભાવમાં–શુભ-અશુભભાવમાં પણ અસંખ્ય પ્રકાર હોય છે. એટલે કોની સાથે .....? તારી એને કેમ બેસશે? કહો, ગોદીકાજી! વેપારમાં હોડ માંડેને હોડ. એમ આ હોડ માંડે સામા સાથે. અમારી વાત સાચી છે, તમારી ખોટી છે. નહીં પાર પડે ભાઈ! આ તો માર્ગ જુદો છે. વાદવિવાદ કરવાયોગ્ય નથી. આહાહા! તું સમજ્યો હોય તો સમાઈ જા, ઠરી જા અંદરમાં. કામ શું છે તારે? સમજાણું કાંઈ?

બીજા જાણે તો જ સાચું કહેવાય એમ હશે? સોગાનીએ કહ્યું છેને એક ઠેકાણે. જંગલમાં ફૂલ છે, એ ફૂલને કોઈ સુંઘે તો જ એની સુગંધની કિંમત કહેવાય? અને કોઈ ન સૂંઘે તો એની કિંમત વઈ જાય? એમ એને કોઈ ન જાણે ધર્મી તરીકે, તેથી એનું ધર્મીપણું વયું જાય? અને કોઈ જાણે તેથી ધર્મની પુષ્ટિ થઈ જાય? કોઈ જાણે કે આ ધર્મી છે.... તને શું પુષ્ટિ થઈ? અને ન જાણે એટલે તારા ધર્મ કરમાઈ ગયા? ફૂલની સુગંધ ન સુંઘે તો તે કરમાઈ જાય? કરમાઈ જાય સમજે? મુરઝાઈ જાય. સમજાય છે કાંઈ? આહાહા! એ ફૂલની સુંગધ ફૂલમાં જ છે. એને કોઈ સુંઘો- ન સુંઘો. અરે! બાગમાં ફૂલ હો લ્યોને, ગામની નજીક. સુંઘવા આવે તો એની કિંમત છે? ન સુંઘવા આવે તો એની કિંમત વઈ જાય છે?

એમ કહે છે, તારા આત્માના ધર્મની દૃષ્ટિ તને થઈ છે, એનું જ્ઞાન કર્યું, ઠરી જા તું. બીજા જાણે કે ન જાણે, ઓળખે કે ન ઓળખે, માન આપે કે ન આપે, એની સાથે તારે કામ શું છે? આહાહા! સમજાણું કાંઈ? કેટલાક લખાણ નાખે છે કે જુઓ! મહાપુરુષોની ભક્તિથી પણ કલ્યાણ થાય. કોની સાથે ચર્ચા કરવી છે? મહાપુરુષો તો ભગવાન છે, એની ભક્તિ તો શુભરાગ છે. રાગથી કલ્યાણ થાય? ગોદીકાજી! ૐ.. ૐ.. ૐ.. ૐ.. ણમો અરિહંતાણં.. ણમો અરિહંતાણં.. ધૂન લગાવો, ભગવાનની ભક્તિની ધૂન લગાઓ, જાગૃતતા થાય અંદર. ધૂન એ તો રાગ છે, એ તો વિકલ્પ છે. એનાથી નિર્વિકલ્પ સમ્યગ્દર્શન થાય? ભાઈ! તને ખબર નથી. પણ ખબર નથી એવા વાદવિવાદમાં રોકાઈશ નહીં, એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા!

આચાર્યોએ પણ કરુણાબુદ્ધિથી કેવી વાત કરી છે જુઓને! વિકલ્પ આવ્યો છે ...નો, છૂટી જાય છે. .... વચનગુપ્તિથી શું લાભ થાય? ત્યારે કહે કે મૌનપણું થાય, આમ થાય. ત્યારે સાંભળનાર કહે, તમે વચનગુપ્તિની વાત કરો છો, પણ તમે તો વચન ગોપવતા નથી? મૌનપણું કરવું એમ તમે કહો છો (અને) તમે તો બોલો છો, મૌનપણું કરતા નથી. કોની સાથે કરીશ તું વાદ? કઈ અપેક્ષા? આહાહા! વળી તમે પણ પાછા ભગવાનની ભક્તિ તો કરો છો

અને અમને ના પાડો છો કે ભક્તિ રાગ છે. ભાઈ! રાગ હોય એ જુદી વાત છે અને એનાથી ધર્મલાભ થાય (એમ માનવું) એ જુદી વાત છે. રાગ તો મુનિને હોય છે.

સમંતભદ્ર આચાર્યે તો ત્યાં સુધી કહ્યું. એ ચોવીસ સ્તુતિ કરી છેને સમંતભદ્રે. પ્રભુ! મને તો ભક્તિનું વ્યસન થઈ ગયું છે હોં. ભક્તિનું મને વ્યસન થઈ ગયું છે એમ બોલ્યા છે. કઈ અપેક્ષા છે? મને એ જાતનો વિકલ્પ ઉઠે છે, વારંવાર આવ્યા કરે છે. મને ભક્તિનું વ્યસન થઈ ગયું છે એમ કીધું લ્યો. તેથી એ ભક્તિ આત્માના ગુણનું કારણ છે એમ છે? સમ્યગ્દર્શનનું કારણ છે? સમ્યગ્જ્ઞાનનું કારણ છે? સમ્યક્ચારિત્રનું કારણ છે? બિલકુલ નહીં. આ કઈ અપેક્ષાએ કથન છે?

આવે છેને શાસ્ત્રમાં. એક એક ગાથામાં પાંચ બોલે અર્થ કરવા. સમયસાર, દ્રવ્યસંગ્રહ, પંચાસ્તિકાયમાં આવ્યું છે ટીકામાં. (૧) પહેલું તો જે શાસ્ત્ર છે એના શબ્દાર્થ કરવા. (૨) પછી એનો શબ્દાર્થ કરીને આ (ક્યા) આગમનું વાક્ય છે. (૩) આગમમાંથી કહેવાણું છે કે અન્યમાંથી કહેવાણું છે એ અર્થ કરવો. (૪) નયાર્થ કરવો—આ વ્યવહારનું વચન છે કે નિશ્ચયનું છે. (૫) એમાંથી ભાવાર્થ કાઢવો કે એનું તાત્પર્ય શું છે. શબ્દાર્થ, ભાવાર્થ, આગમાર્થ, નયાર્થ, મતાર્થ. આહાહા! એક-એક ગાથામાં આમ અર્થ કરવા એવો પાઠ છે. ઓલા બતાવે કે અહીં આ લખ્યું છે, આ આગમમાં લખ્યું છે. પણ એ કઈ નયનું કથન છે? ભાઈ! કહો, સમજાણું કાંઈ? પંચાસ્તિકાયમાં છે, દ્રવ્યસંગ્રહમાં છે, સમયસારમાં છે. એક-એક ગાથામાં પાંચ-પાંચ અર્થ. ઘણા વર્ષોથી તો આ વાત ચાલે છે આપણે. સમજાણું કાંઈ?

પરમાત્મપ્રકાશમાં છે, પહેલી ગાથામાં છે. આહાહા! પરમાત્મપ્રકાશ છેને. દ્રવ્યસંગ્રહ, બધે ઘણે ઠેકાણે છે. આમ પાંચ-પાંચ અર્થો કરવા. ..... કહેશે ટીકામાં. લ્યો આ આવ્યું. **શબ્દ, નય, મત, આગમ, ભાવાર્થ વ્યાખ્યાનકે અવસર પર સબ જગહ જાન લેના**. .... દ્રવ્યસંગ્રહ. **યહ દ્રવ્ય-ભાવરૂપ નમસ્કાર વ્યવહારનયકર સાધકદશામેં કહા હૈ. શુદ્ધનિશ્ચયનયકર વંદ્ય-વંદકભાવ નહીં હૈ. ઐસે પદખંડનારૂપ શબ્દાર્થ કહા ઔર નયવિભાગરૂપ કથનકર નયાર્થ ભી કહા, તથા બૌદ્ધ, નૈયાયિક, સાંખ્યાદિક મતકે કથન કરનેમેં મતાર્થ કહા, ઇસપ્રકાર અનંત ગુણાત્મક સિદ્ધપરમેષ્ઠી સંસારસે મુક્ત હુએ હૈં, યહ સિદ્ધાંતકા અર્થ પ્રસિદ્ધ હી હૈ, ઔર નિરંજન જ્ઞાનમયી પરમાત્મદ્રવ્ય આદરનેયોગ્ય હૈ, ઉપાદેય હૈ, યહ ભાવાર્થ હૈ**. એક-એક ગાથામાં પાંચ-પાંચ અર્થ છે.

હવે તકરાર કરે. બાપુ! કોની સાથે? ભાઈ! દરેકમાં છે આ. દ્રવ્યસંગ્રહમાં છે, પંચાસ્તિકાયમાં છે, સમયસારમાં છે. શબ્દને પકડે. જુઓ! આ ભગવાને કીધું છે જુઓ! હે ભગવાન! તમારાથી મને મુક્તિ મળો લ્યો. શિવપદ અમને દેજો રે મહારાજ! સમકિતી એમ બોલે છે. એ કઈ નયનું વચન છે? સમજાણું કાંઈ? ઓલામાં નથી આવતું 'તદ્ગુણલબ્ધ્યે'? 'વંદે તદ્ગુણલબ્ધ્યે.' હે નાથ! આપને વંદન કરું છું, આપના ગુણની પ્રાપ્તિ માટે વંદન કરું છું. એ વંદનકર્તાના વિકલ્પથી એના ગુણની પ્રાપ્ત થાય? આવે છેને. હૈ, સબ ખ્યાલ હૈ. બહોત

કરતે હૈં.... એક-એક શબ્દ.... હો ગયા હૈ બહોત. તદ્ગુણલબ્ધ્યે... પરમાત્મા! આપની સ્તુતિ તમારા ગુણની પ્રાપ્તિ માટે કરીએ છીએ. એ તો વ્યવહારના વાક્ય છે. સમજાણું કાંઈ? એને સમજે નહીં ને ચર્ચા કરવાની વાત કરે, બાપુ! નહીં પાર પડે.

એ અહીં કહે છે, **સ્વસમયો ને પરસમયો સાથે વાદ કરવાયોગ્ય નથી**. આહાહા! કુંદકુંદાચાર્ય મહારાજ પોતે કહે છે, જૈનમાં રહેલા જીવો સાથે પણ વાદવિવાદ કર્તવ્ય નથી. અન્યમાં રહેલા સાથે પણ વાદવિવાદ કર્તવ્ય નથી. **[ભાવાર્થ : જગતમાં જીવો, તેમનાં કર્મ, તેમની લબ્ધિઓ વગેરે અનેક પ્રકારનાં છે; તેથી સર્વ જીવો સમાન વિચારના થાય તે બનવું અસંભવિત છે.** ભાઈ! આહાહા! બધા જીવો સમાન વિચારના થાય બનવું અસંભવિત છે. **માટે પર જીવોને સમજાવી દેવાની આકુળતા કરવી યોગ્ય નથી.** બસ, એનું આમ ખોટું છે માટે આમ સમજાવું. સમજાણું કાંઈ? એને એમ લાગે અરર! આવી વાતું કરે છે પ્રરૂપણા ઊંધી? પણ શું છે તારે? એને જે બેસતું હોય એ કહે. તું એને સમજાવવા જાઈશ તો પાર નહીં પડે, ઝઘડા થશે.

ભગવાન કુંદકુંદાચાર્ય કહે છે, જૈનમાં રહેલા સ્વસમય (અને) અન્યમાં રહેલા પરસમય. આહાહા! આકરી વાતું છે. દિગંબરમાં રહેલા એ વાડા તરીકે સ્વસમયમાં, એમ. એ સિવાય બીજા બધા પરસમય છે. સમજાણું કાંઈ? અન્યમતમાં નાખ્યા છેને મોક્ષમાર્ગ-પ્રકાશકમાં. શ્વેતામ્બર, સ્થાનકવાસી બધા અન્યમતમાં નાખ્યા છે. પણ આ તો શાંતિથી વાત સમજવા જેવી છે બાપુ! સ્વસમય ને પરસમય... આપણો દિગંબર ધર્મ તો સાચો છેને. એમાં જે રહેલા એને તો આપણે સમજાવી દઈએ. એય શેઠ! આહાહા! બાપુ! એની લાયકાત વિના, પર્યાયમાં એ જાતની યોગ્યતા વિના એ કેમ સમજશે? યોગ્યતા કોઈ આપી દે એવું છે નહીં. તીર્થંકર દઈ શકે કોઈને?

સ્તવનમાં એમ આવે છે લ્યો. 'ઉપશમરસ વરસે રે પ્રભુ તારા નયનમાં..' વદનકમળમાં... આવે છેને કાંઈક. આવતું હતુંને...? અમારા પંડિતજીને યાદ છે. વદનકમળમાં ઉપશમરસ, ચરણકમળમાં ભક્તિરસ રેલાય. 'શિર પર મૂક્યા લબ્ધિ ઉપજે અનંત જો..' એ એમાં આવે છે. 'ઉપશમરસ વરસે રે પ્રભુ તારા નયનમાં..' આવે છેને ભક્તિ. પહેલા આવે છે.... ત્યાં એમ કહ્યું લ્યો. 'શિર પર મૂક્યા, શિર પર મૂક્યા લબ્ધિ ઉપજે.... ભગવાનનો હાથ મૂકે ત્યાં લબ્ધિઓ ઉપજે—એમ હશે? એ તો ભક્તોના વિકલ્પની, ભક્તિનો ઉદ્ગાર છે. એય! આહાહા! કહે છે કે **આકુળતા કરવી યોગ્ય નથી. સ્વાત્માવલંબનરૂપ નિજ હિતમાં પ્રમાદ ન થાય એમ રહેવું એ જ કર્તવ્ય છે.]** સ્વાત્મવલંબન—ભગવાન આનંદનો નાથ એનું અવલંબન લઈ અને નિજ હિતમાં પ્રમાદ ન થાય એમ રહેવું એ કર્તવ્ય છે. આવશ્યક તો આ છે કે જેનાથી આત્માને કેવળજ્ઞાન ને મુક્તિ પ્રાપ્ત થાય. બાકી બધી વાતું છે. વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**માગશર વદ-૧૨, સોમવાર, તા. ૧-૧-૧૯૭૩**
**શ્લોક-૨૬૭, ગાથા-૧૫૭, પ્રવચન નં. ૧૮૮**

નિયમસાર, નિશ્ચય પરમ-આવશ્યક અધિકાર છે. નિયમસારનો અર્થ આવી ગયો છે પહેલો. નિશ્ચયથી આત્માના સ્વભાવનું દર્શન, જ્ઞાન ને ચારિત્ર એ નિયમસાર છે. નિશ્ચય.. નિશ્ચય. વ્યવહાર નહીં. વ્યવહાર તો રાગ છે. નિયમસારની વ્યાખ્યા જ પહેલી એ કીધી. પોતાના સ્વભાવ પૂર્ણ આનંદ અખંડ પરમાત્મ પરિણામસ્વભાવી-ભાવ સહજાત્મસ્વરૂપ એની અંતર્મુખ દૃષ્ટિ એ પહેલું કર્તવ્ય છે. એની સાથે જ્ઞાન હોય છે. પછી એમાં ..... એ ચારિત્ર છે. એ ત્રણ થઈને નિશ્ચય-આવશ્યક કર્તવ્ય કહેવામાં આવે છે. લ્યો, આ આવશ્યક છે. અહીંયા ૨૬૭ કળશ આવ્યો છે.

**[હવે આ ૧૫૬મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]**

**विकल्पो जीवानां भवति बहुधा संसृतिकरः**
**तथा कर्मानेकविधमपि सदा जन्मजनकम् ।**
**सौ लब्धिर्नाना विमलजिनमार्गे हि विदिता**
**ततः कर्तव्यं नो स्वपरसमयैर्वादवचनम् ॥२६७॥**

આચાર્ય મહારાજ એમ કહે છે, **શ્લોકાર્થ : જીવોના, સંસારના કારણભૂત એવા (ત્રસ, સ્થાવર વગેરે) બહુ પ્રકારના**—અનેક **ભેદો** જીવના છે. અનેક પ્રકારની યોગ્યતાવાળા ત્રસ ને સ્થાવર આદિ. **એવી રીતે સદા જન્મનું ઉત્પન્ન કરનારું કર્મ પણ અનેક પ્રકારનું છે...** જીવ આવા અનેક પ્રકારના છે અને સામું કર્મ પણ અનેક પ્રકારનું છે. **આ લબ્ધિ પણ...** જીવની યોગ્યતા—ક્ષયોપશમ, વિશુદ્ધિ વિગેરે, એ પણ **વિમળ જિનમાર્ગમાં...** વીતરાગમાર્ગમાં નિર્મળ માર્ગમાં **અનેક પ્રકારની પ્રસિદ્ધ છે; માટે સ્વસમયો...** જૈન સંપ્રદાયની સાથે કે જૈનના માનનારાઓની સાથે કે **પરસમયો સાથે વચનવિવાદ કર્તવ્ય નથી.** એવો ગંભીર માર્ગ અનંત કાળથી પ્રાપ્ત થયો નથી, એની પદ્ધતિ ને એની રીત જ કોઈ અપૂર્વ છે. એ રીત બીજાને ન સમજાય અને એની સાથે વાદવિવાદ કરીશ તો વિકલ્પ તુટશે નહીં, વચન નિરર્થક જશે. પંડિતજી! આહાહા!

અનેક પ્રકારની જીવની યોગ્યતા, અનેક પ્રકારની જીવની જાત, અનેક પ્રકારની કર્મની જાત અને એના બેના સંબંધમાં એને પ્રાપ્તિ—જ્ઞાનના ક્ષયોપશમાદિની પ્રાપ્તિ પણ અનેક પ્રકારની છે. એથી ભગવાન આત્મા પોતાનું જ્ઞાનસ્વરૂપ ચૈતન્યમૂર્તિ છે.... એવા સ્વભાવને પામી એકલો અનુભવ લે આનંદનો. બીજા સાથે વાદવિવાદ કરીશ નહીં. વીરચંદભાઈ! એમ

કહે છે. ઘણી જાતના માણસોની યોગ્યતા ભિન્ન-ભિન્ન છે. આ વાત કોને તું બેસાડવા જઈશ? તું તને (બેસાડ). આત્મા જ્ઞાનનિધિ છે, એ તો જ્ઞાનસ્વરૂપી નિધાન ચૈતન્યપુંજ છે.

શ્રોતા : ....

પૂજ્ય ગુરુદેવશ્રી : એ તો એક વિકલ્પ છે. પ્રશ્ન ઠીક કર્યો છે. વાદવિવાદનો નથી. એ તો એક વિકલ્પ આવ્યો કે હું પૂર્ણ આનંદ ને જ્ઞાયક સ્વરૂપ મારું છે એવું મને ભાન છે, તો આવી ચીજ કોઈ પામે એવો એક વિકલ્પ હોય. એમાં એને તીર્થંકરગોત્ર બંધાઈ જાય. એ પણ બંધ છે. એ વિકલ્પ ઉઠ્યો એ પણ આકુળતા છે. કહો, ચેતનજી!

'સર્વ જીવ કરું શાસન રસિયા' શ્વેતામ્બરમાં એમ આવે છે. તીર્થંકરગોત્ર બાંધે છેને ... ઠાણે. બધા જીવને આત્માના આનંદના રસીલા બનાવું. એ તો એક વિકલ્પ ઉઠે અને એ પણ આકુળતા છે. આહાહા! એનું ફળ પ્રકૃતિબંધ પડ્યો. એમાં આત્માના સ્વભાવની એકતા ક્યાં આવી? સમજાણું કાંઈ? વાત તો આવી છે ભાઈ! વીતરાગમાર્ગ કોઈ જુદો છે. એને પ્રથમ જ વીતરાગદૃષ્ટિથી આત્મા પ્રાપ્ત થાય છે. અનંતકાળમાં નથી કર્યું એવું પહેલી જ ચોંટે... મિથ્યાદૃષ્ટિ દિગંબર જૈન સાધુ થઈને નવમી ગ્રૈવેયકે ગયો અનંતવાર. જેને, ચરણાનુયોગના અનુસારે સમ્યગ્દૃષ્ટિને જે ભાવ હોય એવો ભાવ મિથ્યાદૃષ્ટિપણે એણે અનંતવાર કર્યો. પંચમહાવ્રત, ૨૮ મૂળગુણ, નિર્દોષ આહાર-પાણી, એને માટે કરેલો એક રજકણ કે પાણીનું બિંદુ ન લે. એવી ક્રિયા ચરણાનુયોગની અનંતવાર કરી, સમ્યગ્દર્શન વિના. એ તો સંસાર ખાતે ગઈ. કારણ કે ક્રિયા પોતે રાગ હતી, રાગ પોતે સંસાર છે. આહાહા!

એ રાગરહિત ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ એને પામીને, એને મેળવીને... પહેલામાં પહેલી ચીજ એ છે. જ્ઞાનસ્વરૂપી ભગવાન ચૈતન્યબિંબ પરમ સહજસ્વભાવી વસ્તુ એને પોતાના નિર્મળ સ્વભાવની પરિણતિ દ્વારા પ્રાપ્ત કરીને એકલો અનુભવજે. બીજા સાથે માથાકૂટ કરીશ નહીં, એમ કહે છે. આહાહા! અહીં શાસ્ત્રમાં એટલા પ્રકારના લખાણો વ્યવહારના આવે, એ વ્યવહારના લખાણો મોઢા આગળ મૂકશે અજ્ઞાની. સમજાણું કાંઈ? વ્યવહાર, જેટલો વીતરાગે કહેલો વ્યવહાર, એનું ફળ તો સંસાર છે. રાગ છેને એ. એ ભગવાને કહ્યો છે એ? સમ્યગ્દર્શનપૂર્વકમાં ભૂમિકામાં રાગની યોગ્યતા કઈ જાતની હોય એટલું બતાવવા એનું કથન કર્યું હતું. સમજાણું કાંઈ? પણ છતાં સમ્યગ્દર્શન સહિત જે ચરણાનુયોગનો રાગ, છે તો એ બંધનું કારણ. પંડિતજી!

અહીં તો વીતરાગમાર્ગ છે ભાઈ! રાગની ક્રિયા વિનાની તારી ચીજ છે. એવી ચીજને પ્રાપ્ત કરવી અનંતકાળે અપૂર્વ દુર્લભ છે. સમજાણું કાંઈ? એ પ્રયત્ન દ્વારા, પ્રયાસ દ્વારા, પુરુષાર્થ દ્વારા... અમૃતચંદ્ર આચાર્યે કહ્યુંને, ભાઈ! તું એકવાર આ તત્ત્વની વાત સાંભળ. તું

એનો છ મહિના અભ્યાસ કર. આવે છેને? છ મહિના તો આ અભ્યાસ કર. છેને. નિશ્ચયથી વસ્તુ પ્રાપ્ત થશે. આહાહા! પણ આ અભ્યાસ કર. સમજાણું કાંઈ?

શ્રોતા : દ્રવ્યાનુયોગનો નહીં?

પૂજ્ય ગુરુદેવશ્રી : દ્રવ્યનુયોગનો અભ્યાસ એ વિકલ્પવાળો છે. આવે, એ તો કહ્યું. વિકલ્પ એવો આવે, પણ એને છોડીને અભ્યાસ તો આ કરવાનો છે. સમજાણું કાંઈ?

એ તો કહ્યુંને પહેલું ૧૪૪મી ગાથા, સમયસારમાં. આગમજ્ઞાનથી ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ જ છે. એવો વિકલ્પ દ્વારા, રાગ દ્વારા... મનના રાગ દ્વારા એટલે મનનો સંગ ત્યાં છે. રાગ ન હોય ત્યાં મન છૂટી જાય છે. આહાહા! એ પરદ્રવ્યના સંગ દ્વારા, વિકલ્પ દ્વારા પણ આવો નિર્ણય કર કે હું તો એક જ્ઞાનસ્વરૂપ જ છું. કોઈને કહેવું એવો વિકલ્પ મારામાં નથી. કોઈથી સાંભળવાનો જે વિકલ્પ છે એ પણ મારામાં નથી. સમજાણું કાંઈ? એવો તો પહેલો, સમ્યગ્દર્શન પામવા પહેલા આ જાતનો નિર્ણય તો એણે પાકો પહેલો કરવો જોઈએ. જ્ઞાનસ્વરૂપ ચૈતન્યબિંબ સર્વજ્ઞસ્વરૂપી જ છે. એ ત્રણ કાળ, ત્રણ લોકને જાણે એ સિવાય એની કોઈ ચીજ છે નહીં. એક ભગવાનની ભક્તિનો રાગ એ પણ એનું કર્તવ્ય નથી. આહાહા! એ જ્ઞાનનું કર્તવ્ય કેમ હોય? સમજાણું કાંઈ?

પહેલામાં પહેલું કરવાનું હોય તો આ કર. રાગમિશ્રિત વિચાર દ્વારા પણ આમ નિર્ણય કર. હું તો એક જ્ઞાનસ્વરૂપ ચૈતન્યશક્તિ છું, જ્ઞાનસ્વભાવી સત્તાવાન પદાર્થ છું. એમાં કોઈ બીજો વિકલ્પ, સંસાર કે કાંઈ છે નહીં. સંસાર નથી એમાં. સંસાર એટલે રાગ ને ઉદયભાવ. આહાહા! સમજાણું કાંઈ? વ્રત-અવ્રતના બેય વિકલ્પો છે એ મારા જ્ઞાનસ્વભાવમાં નથી. એવો નિર્ણય કરી, પછી અંતરમાં રાગથી ભિન્ન પડવાનો અભ્યાસ કર. તને અભેદ એવી આત્મસ્થિરતા પ્રાપ્ત થશે. હવે તને કંટાળો લાગતો હોય તો છ મહિના તો કર, કહે છે. અને એની એ વાત છ મહિના સાંભળવાની રુચિ થઈ તો તે સ્વસન્મુખ થવાનો પ્રેમ જાગશે. નહીંતર તને કંટાળો આવશે કે આ શું એક જ માંડી છે. આત્મા.. આત્મા.. આત્માનું ધ્યાન કરવું, આત્માનું દર્શન કરવું, આત્માનું ચારિત્ર કરવું. આ ચરણાનુયોગનું કર્તવ્ય તો તમે કહેતા નથી.

શ્રોતા : એ ચરણાનુયોગ છેને આત્માનું?

પૂજ્ય ગુરુદેવશ્રી : એ નિશ્ચય ચરણાનુયોગ, ઓલો વ્યવહાર ચરણાનુયોગ. વ્રત પાળવા, આમ ખાવું ને આમ ન ખાવું. આહાહા! શું થાય? જગત છેતરાણું છેને અનંતકાળથી. આહાહા!

દેવચંદજી થયા છે શ્વેતામ્બરમાં. અનેક વાર ભગવાનની સ્તુતિ કરી. વીસ વિહરમાન ભગવાન બિરાજે છેને. મહાવિદેહમાં પ્રભુ બિરાજે છે કેવળી પરમાત્મા. એક સમયમાં ત્રણ કાળનું જ્ઞાન ને તીર્થંકરપ્રકૃતિના ઉદયથી સમવસરણ આદિ છે. એવા વીસ તીર્થંકર પરમાત્મા

મહાવિદેહમાં મનુષ્યક્ષેત્રમાં મનુષ્યપણે બિરાજે છે. વ્યવહારથી મનુષ્યપણું છે. એ કેવળજ્ઞાનપણે બિરાજે છે. એમની સ્તુતિ કરતા કહ્યું, પ્રભુ! અમને તારા વિરહ પડ્યા ભરતમાં. 'દ્રવ્યક્રિયા રૂચિ જીવડા, ભાવધર્મ રૂચિ હીણ..' પ્રભુ! તારા વિરહે અમને અહીંયા જગતમાં જોઈએ ત્યાં 'દ્રવ્યક્રિયા રૂચિ જીવડા..' પુણ્યની ક્રિયા જે ચરણાનુયોગની એની રુચિવાળા જીવો દેખાય છે પ્રભુ! 'ભાવધર્મ રૂચિ હીણ..' પણ રાગથી ભિન્ન પોતાનો સ્વભાવ તેની રુચિની તો કદર પણ નથી.

'ઉપદેશક પણ તેહવા..' પ્રભુ! આ કાળ કેવો આવ્યો? કે જીવો આવા અને એને ઉપદેશક પણ એવા જ મળ્યા. રોતી હતી ને પિયરિયા મળ્યા, એમ કહે છેને. સમજતે હો? નહીં સમજતે. તમારી ભાષા હશે. બાઈ રોતી હોયને, સ્ત્રી રુદન કરતી હોય તો એના પિયરિયા.. પિયરિયા એટલે સમજે? એના ભાઈ ને... પિયરવાળા. પિયરિયા તો કહ્યું. પિયરીયા મળે એટલે સરખાઈની મૂકે પછી. અરે બા! મને તો મારી સાસુ મારતી હતી, આમ હતી. ધણીની વાતું બહુ ન કરે. રુદન કરે અને મૂકે સરખાઈની. રોતી હોય ને ભાઈ ભાળે, મા ભાળે તો મૂકે. એમ ભગવાન કહે છે, હે નાથ! આ જગતને આત્માની રુચિ તો નથી. રાગની રુચિવાળા જીવોની સંખ્યા ઘણી થઈ ગઈ અને એને ઉપદેશક પણ એવા મળ્યા. રાગ કરો. આ કરો, આ કરો. 'શું કરે જીવ નવીન' પ્રભુ! એ નવું શું કરે? પંડિતજી!

એક તો એને રુચિ છે વ્યવહારના રાગની ક્રિયાની અને એને ઉપદેશક એવા મળે છે. 'શું કરે જીવ નવીન..' એવી વાતું છે. ચંદ્રાનન જિન. ચંદ્રાનન ભગવાન છેને. વીસમા ચંદ્રાનનની સ્તુતિ છે. 'દ્રવ્યક્રિયા રૂચિ જીવડા જી, ભાવધર્મ રૂચિ હીણ, ઉપદેશક પણ તેહવા જી, શું કરીએ જીવ નવીન?' નવું શું કરે બિચારા? અનંતકાળથી કરે એનું એ કર્યા કરે છે ચાર ગતિમાં રખડવાનું. 'ચંદ્રાનન જિન સાંભળીએ અરદાસ.' એ ભગવાન તો જાણે છે. પ્રભુ! અમારી વિનંતી સુણો–સાંભળો. આમ ભરતક્ષેત્રમાં ..... આપના પડ્યા વિરહ. આપ ત્યાં બિરાજો. અહીંયા તીર્થંકરોના વિરહ પડ્યા અમને. આ સ્થિતિ ઊભી થઈ. કહો, બાબુભાઈ! મોટું ... છે. બધું વાંચેલું છેને.... આ તો વીસ તીર્થંકરની થઈ, એમ ચોવીસ તીર્થંકરની છે. એ શ્વેતામ્બર છે તોય આમ પોકારે છે લ્યો. સમજાણું કાંઈ?

આ જગતમાં જૈનના સંપ્રદાયમાં પણ, પ્રભુ! વ્યવહારની રાગની ક્રિયાની રુચિવાળા મોટા સમુદાય દેખાય છે, પણ આત્મા રાગ વિનાની ચીજ આપ દેખો છે એની રુચિની હીનતા દેખાય છે. એના તરફનો પ્રયાસ ને રુચિ એની દેખાતી નથી. અહીં એ કહે છે જુઓ! આ જગતના પ્રાણીઓ ભિન્ન-ભિન્ન વૃત્તિવાળા એની સાથે વાદવિવાદ કરીને શું કરીશ તું? પ્રભુ! **એ વચનવિવાદ કર્તવ્ય નથી.** ત્યારે શું કર્તવ્ય છે? હવે એ બતાવે છે. ૧૫૭.

**लद्धूणं णिहि एक्को तस्स फलं अणुहवेइ सुजणत्ते ।**
**तह णाणी णाणणिहिं भुंजेइ चइत्तु परतत्ति ॥ १५७॥**
**નિધિ પામીને જન કોઈ નિજ વતને રહી ફળ ભોગવે,**
**ત્યમ જ્ઞાની પરજનસંગ છોડી જ્ઞાનનિધિને ભોગવે. ૧૫૭.**

એની **ટીકા : અહીં દૃષ્ટાંત દ્વારા સહજ તત્ત્વની...** ભગવાન જ્ઞાનમૂર્તિ પ્રભુ એવું જે સ્વભાવિક તત્ત્વ એની **આરાધનાનો વિધિ કહ્યો છે.** દૃષ્ટાંત દ્વારા સ્વભાવિક પરમ-પારિણામિક સ્વભાવ ભગવાન આત્મા એની આરાધનાની વિધિ અને રીત કહી છે. આવશ્યક (અધિકાર) છેને આ. આહાહા! **કોઈ એક દરિદ્ર મનુષ્ય...** દૃષ્ટાંત છે. **ક્વચિત્**–કોઈ કાળે **કદાચિત્ પુણ્યોદયથી નિધિને પામીને...** આમ ઘર ખોદતાં કરોડનો, અબજનો ચરુ નીકળ્યો. સમજાણું કાંઈ? શાસ્ત્રમાં એમ ચાલ્યું છે કે વનસ્પતિ જ્યાં ઉગી હોયને વનસ્પતિ એનો વેલો.. વેલો સમજાય છે? લતા–વેલો. ભગવાન કહે છે, એનો વેલડીનો એવો સ્વભાવ છે અવ્યક્તપણે કે જ્યાં નિધાન હોય એની કોર વેલો ચાલે આમ. સમજાણું કાંઈ? ક્યા કહા?

'વેલા' નહીં હોતા? વેલ.. વેલ. વેલ કહતે હૈં. એ વેલ હોયને વનસ્પતિ. અવ્યક્તપણે પરિગ્રહસંજ્ઞા છેને અંદર. આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા. ચારે સંજ્ઞા છે. એવો સ્વભાવ છે કે જે કાંઈ નિધિ હોયને એ બાજુ ચાલે. ઉપરથી, બહાર નીકળ્યા પછી. સમજાય છે કાંઈ? એમ કોઈને પુણ્યોદયથી, પૂર્વના કોઈ શાતા આદિના પુણ્ય બાંધ્યા હોય એનાથી નિધિને પામીને... પુરુષાર્થથી પામીને એમ નથી કહ્યું. એય શેઠ! પુરુષાર્થથી પૈસા મળ્યા એમ ના પાડે છે. પાંચ સમવાય હો તો ક્યા હૈ? ... રાગ આતા હૈ. પ્રાપ્તિ હોતી હૈ વહ રાગસે કારણસે નહીં. પૂર્વકે પુણ્યકે કારણસે. ક્યા કહતે હૈં? દેખો!

શ્રોતા : પાંચ સમવાયમાં પુરુષાર્થ આવ્યોને?

પૂજ્ય ગુરૂદેવશ્રી : પુરુષાર્થ તો રાગ કીધોને. રાગ હોય. પણ રાગ છે માટે આવે છે પૈસા—ઐસા હૈ નહીં. પૂર્વના શાતાના ઉદયનો ખરવાનો કાળ જ્યારે હોય છે ત્યારે એને સંયોગ આવી જાય છે. એને 'પુણ્ય ઉદયથી નિધિને પામીને' કહ્યું છે. સમજાણું કાંઈ? મહેન્દ્રભાઈ! આ પુરુષાર્થથી ધ્યાન રાખીને પૈસા મળે છે એમ ના પાડે છે.

શ્રોતા : પણ રાગવાળો ભાવ તો થાયને?

પૂજ્ય ગુરુદેવશ્રી : ભાવ થયો તો કોણે ના પાડી? ભાવ થયો માટે આવે છે એ? દરિદ્ર માણસ તો ઘણો રાગ કરે પૈસા મેળવવાનો. પાંચસો રૂપિયા મળતા નથી મહિને. પરસેવા ઉતરે. અને બુદ્ધિ વિનાનો હોય.. બુદ્ધિ સમજાણું? બુદ્ધિના બારદાન. બારદાન સમજતે હો? પોપટભાઈ! બુદ્ધિના કોથળા ખાલી. બુદ્ધિ વિનાના કરોડો પૈસા પેદા કરે. એની સાથે શું છે? સમજમેં આયા? બુદ્ધિકા બારદાન સમજતે હો?

શ્રોતા : એ તો એવું થયું કે પૈસાને લઈને અમારે પુણ્ય કરવું પડે.

પૂજ્ય ગુરુદેવશ્રી : એ કોણે કીધું? અહીં તો મળે છે એનું કારણ કોણ એટલી વાત છે. પૈસા મેળવવા, ધૂળ મેળવવા માટે પ્રયત્ન છે આ? આહાહા! સમજાણું કાંઈ?

અહીં તો ભગવાન કુંદકુંદાચાર્ય (કહે છે), છેને પાઠ જુઓને! **लब्ध्वा निधिमेकस्तस्य...** આહાહા! ટીકાકાર ખુલાસો કરે છે. આ તો દૃષ્ટાંત છે હોં, સિદ્ધાંત પછી આવશે. હજી દૃષ્ટાંતમાં પણ ગરબડ થાય, અરે! એને સિદ્ધાંત ક્યાંથી સમજાય? પૈસા પુરુષાર્થથી મળે, ખૂબ ધ્યાન રાખીએ તો મળે. ગોદિકાજી! વહ પાપ હૈ ઔર મિલતા હૈ વહ તો પુણ્યકા ફલ હૈ. રાગ કરના, પૈસા મિલાનેમેં તો પાપ હૈ. પાપથી પૈસા મળે? મૂલચંદભાઈ! એકેય તત્ત્વની શ્રદ્ધાના ઠેકાણા ક્યાં છે? પુણ્ય છે તો આવે છે એમાં મારે શું? મેરે પાસ ક્યા આયા? મમતા, 'મેરા હૈ' ઐસી મમતા આયી ઉસકે પાસ તો. એ શબ્દ આવી ગયો સામું જોઈએને તો. ક્યાં ગયા? એય પ્રકાશદાસજી!

દરિદ્ર મનુષ્ય ભગવાન છેને, એ આત્મા છેને. પર્યાયમેં ભૂલ હૈ, વસ્તુમેં ક્યા હૈ? વસ્તુ તો ભગવાન હૈ. આહાહા! પૂર્ણાનંદનો નાથ છે, અનંતા ઈશ્વર બિરાજે છે લોકમાં, ઠસોઠસ બિરાજે છે. એક અંગુલના અસંખ્યમા ભાગમાં અનંતા જીવ છે અહીં. આ વર્તમાન .... છેને. સૂક્ષ્મ ચૌદ બ્રહ્માંડમાં ઠસોઠસ છે અને .... અનંતા નિગોદ છે. એક-એક જીવ ... પૂરી શક્તિકા કંદ હૈ. અરે! કેમ બેસે એને વિશ્વાસ? હજી પોતાનો પૂર્ણ પરમાત્મા કોણ છે એનું બેસતું નથી અને આનો આત્મા પરમાત્મા છે (એ કેમ બેસે)? સમજાણું કાંઈ? આહાહા! પરમાત્મા.. પરમાત્મા. ઓલા આ વેદાંત કહે છેને, એક જીવ સર્વવ્યાપક પડ્યો છે. એની જૂઠી વાત છે. અનંત આત્માઓથી સર્વવ્યાપક આમ ભર્યા છે. એક-એક આત્મા પૂર્ણ આનંદ ને પૂર્ણ શક્તિનો ધણી છે. પર્યાયમાં ભૂલ છે એક સમયની. જગતને સંસાર હોય તો એક સમયનો છે. મોક્ષ—મુક્ત શક્તિ હોય તો ત્રિકાળ છે. આહાહા!

કહે છે કે ભાઈ! અહીં તો જન્મ-મરણ કેમ મટે એ વિનાની વાતુંમાં કાંઈ લાભ નથી, કાંઈ ... નથી. એ કદાચિત્ સ્વર્ગમાં, કહ્યુંને, નવમી ગ્રૈવેયેક ગયો, દિગંબર સાધુ દ્રવ્યક્રિયા કરીને. ત્યાંથી મરીને મનુષ્ય, ત્યાંથી મરીને ઢોર, ત્યાંથી મરીને નિગોદ. અનંતા અવતાર કર્યા. આહાહા! સમજાણું કાંઈ? ભગવાન આચાર્ય કરુણા કરીને જગતને કહે છે, ભાઈ! કોઈ પ્રાણીને પુણ્યનો ઉદય આવી ગયો, નિધિને પામીને, નિધાન મળ્યું નિધાન. સમજાણું કાંઈ? શ્વેતામ્બરમાં આવે છે. ઓલા કોણ? જાત્રા કરવા નીકળ્યા.... એય! વસ્તુપાળ. વસ્તુપાળ ને તેજપાળ. વસ્તુપાળ ને તેજપાળ બે ભાઈઓ હતા. આ આબુમાં કર્યું છેને મોટું. મંદિર ને પિત્તળની પ્રતિમા પધરાવી. ઘણા લાખો ખર્ચ કર્યા છે. અને એની બાઈએ તો કરોડો ખરચ્યા.

આબુમાં ગોખલો છેને. ગોખલો સમજે? કરોડો ખરચ્યા કરોડો રૂપિયા બાઈએ–એની વહુએ તેજબા. .... નામ આપણને આવડે નહીં. ભાવ ખ્યાલ હોય.

એ પોતે જાત્રા કરવા નીકળતા હતા ત્યારે પૈસા ઘરમાં હતા એ દાટવા ગયા ઘરની બહાર. એટલે ઘરની બહાર ખાડી પાસે. દાટવા ગયા ત્યાં ચરુ નીકળ્યા ચરુ. કરોડો રૂપિયાના ચરુ નીકળ્યા. ચરુ સમજ્યા? એટલે એની વહુ કહે છે કે તમે પૈસા દાટવા જાઓ છો ત્યાં, પણ પગે પગે નિધાન છે તમારે. શું દાટવા જાઓ છો? ખરચી નાખોને. જ્યાં દાટવા જાય ત્યાં ચરુ નીકળ્યા કરોડો રૂપિયાના. એય! ખુશી થવાની વાત નથી હોં આમાં. આહાહા! આ તો મળે છે કેમ એટલી વાત છે. સમજાણું કાંઈ? પછી તો તેની વહુએ કરોડો રૂપિયા ખરચ્યા. સાડા ત્રણ કરોડ ગોખલામાં ખરચ્યા. કારીગરી આબુમાં. ગોખલામાં. ગોખલા સમજતે હો? સાડા ત્રણ કરોડ. એવી કારીગરી. એ તો પુણ્યની વાતું છે બાપા! ધૂળેય નથી. આહાહા! શેઠ!

સોગાની તો એક વાર કહે છે, બહુ પુણ્ય તો વિષ્ટાનો ઢેર છે. એમ કહ્યું, વિષ્ટાનો ઢગલો. શેઠ! સોગાનીમેં હૈ. ..... આહાહા! અહીં તો પુણ્યોદયથી... પૂર્વે જે શુભભાવ (કર્યો હતો)... બાપુ! શુભભાવ તો નિગોદમાંય હોય છે અને નિગોદથી નીકળ્યો રાજા થાય મોટો, અબજોપતિ. ક્યાં બાંધ્યું પુણ્ય? નિગોદમાં. શુભભાવ છે, શુભભાવ છેને રાગની મંદતાનો ભાવ. જરી રાગની મંદતામાં મોટો અબજોપતિ રાજા થાય. એમાં છે શું પણ? સમજાણું કાંઈ?

**તે નિધિના ફળ** મળ્યું, એને **સૌજન્ય અર્થાત્ જન્મભૂમિ એવું જે ગુપ્ત સ્થાન...** ખાનગી જાય. એના ઢોલ ન પીટે કે અમને અબજ રૂપિયા મળ્યા છે, અબજ મળ્યા છે. ત્યાં લૂંટનારા (કહેશે), દાન આપો, અમને આપો, એને આપો. ખાનગી રાખજે, મળ્યું હોય તો. સમજાણું કાંઈ? પોતાનું જન્મસ્થાન અથવા ગુપ્તસ્થાન **તેમાં રહીને અતિ ગુપ્તપણે ભોગવે છે...** અતિ ગુપ્તપણે... કોઈને ખબર ન પડે. જોયું! આહાહા! કુંદકુંદાચાર્ય મહારાજ... અત્યારે જુઓને! ત્રીજે નંબરે... 'મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, મંગલં કુંદકુંદાર્યો..' એ આમ કહે છે. એમ આ ભોગવે, ગુપ્તપણે ભોગવે. 'અતિ ગુપ્તપણે' પાછી ભાષા એમ છે. કોઈને ખબર પણ ન પડે. સારા દાગીના, ફલાણું ગુપ્તપણે બધું કરે. હોય એટલે? એ ક્યાં પ્રશ્ન છે? એને બહાર પડવું નથી, એમ કહે છે. બહાર જો પડશે તો લૂંટારા લૂંટવા આવશે. દાનમાં, કોઈ કુટુંબી, દીકરા કે બીજાઓ, એમ કહે છે. એટલે ગુપ્ત રહીને ભોગવે. એ તો દૃષ્ટાંત છે. એમાં કાંઈ....

હવે સિદ્ધાંતપક્ષે. એ દૃષ્ટાંતમાં ગલગલિયા થઈ જાય માળે. આહાહા! ધૂળમાંય નથી ત્યાં. આહાહા! શ્રીમદ્માં ન આવ્યું શ્રીમદ્માં? શ્રીમદ્ ૧૬ વર્ષે કહે છે. શ્રીમદ્ રાજચંદ્ર. 'લક્ષ્મી અને અધિકાર વધતા શું વધ્યું તે તો કહો..' ૧૬ વર્ષની ઉંમર. 'શું કુટુંબ કે પરિવારથી વધવાપણું એ નય ગ્રહો, વધવાપણું સંસારનું નરદેહને હારી જવો..' ગોદીકાજી! તમારા બાપ પાસે ક્યાં હતું આટલું? એની પાસે છે.... કહે છે, બંગલા છે, મકાન છે. એમ કહે છે લોકો. કહો,

સમજાણું કાંઈ? આહાહા! કહે છે કે લક્ષ્મી વધી, અબજો રૂપિયા. અત્યારે છેને. અબજોપતિ છે બે. શાંતિલાલ ખુશાલ ગોવામાં અને ......... શાંતિલાલ ખુશાલ છેને. બે અબજ ને ચાલીસ કરોડ રૂપિયા. બે અબજ ને ચાલીસ કરોડ પૈસા છે.

તમારા ગામમાં છે. એના ગામમાં મેં પૂછ્યું હતું તે દિ'. ગોદીકાના મકાનમાં ઉતર્યા હતાને ત્યારે સામે એક મકાન દેખાણું. ગોદિકાને પૂછ્યું, આ કોનું મકાન છે આ? દુર્લભજીની વહુ સંતોકબા નામની પાંત્રીસ લાખની હોસ્પિટલ છે. દુર્લભજીના દીકરા છેલશંકર.. છેલશંકર. એક વખત તો બે અબજ કહેતા હતા. એની પાસે બે અબજ છે. અબજ તો લાગે છે... અબજ રૂપિયા. અબજ રૂપિયા–એકસો કરોડ. એને ઘરે લઈ ગયા હતા. અમારે બહારનું ઘણું માન છેને જરી. પહેલેથી છે પચાસ વર્ષથી. મહારાજના પગલા થાય તો પૈસા થાય, દીકરો હોય એ જીવતો રહે. એવી બધી બહારમાં પ્રતિષ્ઠા છે. પછી એ આવ્યા ઘરે–મકાનમાં. આ બે વર્ષ થયા.

મહારાજ! અમારે ત્યાં પગલા કરશો? છે સ્થાનકવાસી. પણ અમે સ્થાનકવાસી હતા ત્યારે બધાને પ્રેમ હતોને ..... એને છોકરો આવેલો અઢાર વર્ષે. વનેચંદનો દીકરો, એને દીકરો અઢાર વર્ષે આવ્યો. એની મા, એની વહુ ને ત્રણે આવ્યા હતા તમારા ઘરે. ત્યાં ઉતર્યા હતા. મહારાજ! મારે ત્યાં પગલા કરશો? ..... ખબર નહીં. અમે ગયા, બધા ભેગા થયા. એની પાસે ૬૦-૭૦ કરોડ હશે. આની પાસે ૩૦-૪૦ કરોડ હશે. અબજ રૂપિયા થયા બે ભાઈઓ વચ્ચે. અબજ હોં. ધૂળમાં શું અબજ હોય તો? કાંકરા ઘણા પડ્યા છે બહાર. આહાહા! પછી એની વહુ .............. છોકરાને પગે લગાડ્યો ને એક હજાર રૂપિયા મૂક્યા. જ્ઞાન ખાતે આપીએ છીએ. પાંચ મિનિટ બેઠા હતા, હજાર રૂપિયા મૂક્યા.

વાત અંદરમાં–ઉંડાણમાં એ કે મહારાજના પગલા થયા એટલે છોકરો હવે..... વાતું પહેલેથી છે. માનતા ચાલે છે એઅરી પાસે. સંપ્રદાયમાં માનતા ચાલે છે ગુપ્ત. દીકરો થાય, એને રોગ થાય તો મહારાજ પાસે જાશું, બસો-પાંચસો ખર્ચશું. જો આ મટી જાય તો. અહીં કહે છે, તારા પુણ્ય વિના કાંઈ નહીં થાય. આહાહા! કહે છે કે જેમ નિધિ પામી... નિધિ પામી એકલો ભોગવે લક્ષ્મીવાળો. એ ઢોલ ન પીટે કે અમને અબજ મળ્યા છે, અબજ રૂપિયા મળ્યા છે.

એમ **સહજપરમતત્ત્વજ્ઞાની...** અહીં આવ્યો સિદ્ધાંત. છે? **સહજપરમતત્ત્વજ્ઞાની**... આમાં આખું વજન છે. સ્વભાવિક પરમતત્ત્વ એવો જે આત્મા. સ્વભાવિક પરમતત્ત્વ એવું જે નિધાન આત્મા. આહાહા! એને પામીને... છે? તત્ત્વજ્ઞાની એનું જ્ઞાન પામીને... સહજ પરમતત્ત્વ ભગવાન પૂર્ણાનંદનો નાથ સહજાત્મ સ્વરૂપ આત્માનું છે, એનો જ્ઞાની–એ સ્વરૂપનો જ્ઞાની. શાસ્ત્રનો જ્ઞાની કે બીજું આવડે- ન આવડે એની સાથે કાંઈ સંબંધ છે નહીં. નવ નવ પૂર્વનું જાણપણું અનંતવાર કર્યું. નવ પૂર્વ.. નવ પૂર્વ ભણ્યો અનંતવાર. એની સાથે શું છે? શાસ્ત્રના વાંચનાર છે, શાસ્ત્રના જાણનાર છે. ત્યાં એને એમ થઈ જાય આહાહા.. ધૂળેય નથી, સાંભળને!

અહીંયા તો સહજ પરમતત્ત્વ ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ સ્વભાવિક અકૃત્રિમ અવિનાશી સ્વભાવના સાગરથી ભરેલો એવો સહજ પરમતત્ત્વ, એને જાણનારો જ્ઞાની... આહાહા!

એવો **જીવ ક્વચિત્ આસન્નભવ્યના (આસન્નભવ્યતારૂપ) ગુણનો ઉદય થતાં...** જેની ભવ્યતા નજીક પાકી ગઈ છે હવે, મોક્ષ થવાને એને તૈયારી છે. આહાહા! પ્રવચનસારમાં આવે છે કુંદકુંદાચાર્યને માટે, પહેલા શરૂઆતના અધિકારમાં. 'આસન્નભવ્ય જેને સંસારનો અંત આવવાનો નિકટ છે, કિનારો નજીક આવી ગયો છે.' આહાહા! પ્રવચનસારમાં, પહેલા ભાગમાં. અહીં કહે છે કે આસન્નભવ્ય (અર્થાત્) જેની ભવ્યતા પાકી ગઈ છે. નજીકમાં જેને હવે મોક્ષ છે. આહાહા! એવા જીવને **આસન્નભવ્યના ગુણનો ઉદય થતાં**... ગુણ શબ્દે પર્યાય.

એની યોગ્યતાની પર્યાય પ્રગટ થતાં **સહજવૈરાગ્યસંપત્તિ હોતાં...** આહાહા! આ પુણ્ય ને પાપના વિકલ્પથી માંડી આખા જગત પ્રત્યે વૈરાગ્ય છે કહે છે. આ લક્ષ્મીનો અધિકાર છે ભૈયા! આહાહા! ...... આહાહા! નરકના નિમિત્ત છે. કહેશે હમણાં. જન્મ-મરણના રોગનો હેતુ છે... કળશમાં કહેશે. કળશ છેને ૨૬૯, એમાં કહેશે. ભાઈ! તારું સ્વરૂપ સહજ પરમતત્ત્વ સ્વભાવિક અણકરેલું–અણરચેલું સહજ વસ્તુ એવું જે પરમતત્ત્વ, એનું તને ભાન થતાં અને તારા આત્મામાં તારી ભવ્યતાની નજીકતા, આસન્ન–નજીકતા આવી ગઈ તારા આત્માને મુક્તિને માટે. આહાહા! એવા જીવને અંદરની પર્યાયનો ઉદય થતાં **સહજ વૈરાગ્યસંપત્તિ હોતાં**... કૃત્રિમ વૈરાગ્ય નહીં. જેને પુણ્ય ને પાપના વિકલ્પથી પણ સહજ વૈરાગ્ય છે.

પુણ્ય-પાપ અધિકારમાં છે સમયસારમાં. કે વૈરાગ્ય કોને કહેવો? કે શુભ-અશુભના ભાવથી ખસીને વૈરાગ્ય એને વૈરાગ્ય કહેવો. બહારના બાયડી-છોકરા છોડ્યા માટે વૈરાગી? ના, ના, અંતરના સ્વભાવથી વિરુદ્ધભાવ પુણ્ય ને પાપ, દયા ને દાન, વ્રત ને ભક્તિ આદિના ભાવ એનાથી સહજ વૈરાગ્ય સંપત્તિ હોતાં... એનાથી તો વૈરાગ્ય છે એને. એનો એને રસ નથી. ધર્મી જીવને રાગનો રસ નથી. એને રાગથી સહજ ઉદાસીનતા છે. ઉદ-આસીન (અર્થાત્) એનું આસન ભિન્ન પડી ગયું છે. આહાહા! સમજાણું કાંઈ? સહજ વૈરાગ્ય, જેમાં ઉપશમરસ પ્રગટ્યો છે. આહાહા!

એવી વૈરાગ્યસંપત્તિ હોતાં **પરમ ગુરુના ચરણકમળયુગલની નિરતિશય (ઉત્તમ) ભક્તિ વડે...** જોયું! એને પરમ ગુરુ એવા મળ્યા હતા, એમ કહે છે. એને ગુરુ મળ્યા હતા કે આત્માની દૃષ્ટિ કેમ થાય એ એમણે બતાવ્યું હતું. એમનો ઉપદેશ આ હતો. સમજાણું કાંઈ? દેશનાલબ્ધિ કહી. **પરમ ગુરુના ચરણકમળયુગલ એની નિરતિશય ભક્તિ** એનો અર્થ કે ભગવાન ગુરુ–સંત એને એવા મળ્યા કે એમણે અખંડાનંદ પરમાત્મા તરફની દૃષ્ટિ કરાવવાનો વિષય બતાવ્યો. સમજાણું કાંઈ? એમણે ઉપદેશ એ આપ્યો. આહાહા! ભક્તિ.. પરની ભક્તિ તો વિકલ્પ છે. આ અપેક્ષા બતાવે છે ત્યાં. ભાવની વાત અંદર હોય છે. એને ઉપદેશ એવો

મળ્યો કે સહજાનંદ પ્રભુ પૂર્ણ અખંડ અભેદ ચીજ તારી છે એની સન્મુખ થઈને અનુભવ કર. આ ઉપદેશ મુનિઓનો, સંતોનો, જ્ઞાનીઓનો છે. સમજાણું કાંઈ? આહાહા!

પરમગુરુ પરમાત્મા, નિર્ગ્રંથ સંત..., નિર્ગ્રંથ (અર્થાત્) રાગથી નીકળી ગયેલા વીતરાગમૂર્તિ. આહાહા! છઢાળામાં આવે છેને, 'અમૃત ઝરે છે..' મુખકમળથી અમૃત ઝરે છે. એ અમૃત ઝરે એટલે આ. એને એમ બતાવે છે કે પ્રભુ! તારું તત્ત્વ તો ભગવાન અનંત આનંદનું દળ પડ્યું છે અંદર, એમાં જા, એની દૃષ્ટિ કર. આ કરવા જેવું છે. આહાહા! સમજાણું કાંઈ? ગુરુઓનો આ ઉપદેશ હતો. એ ઉપદેશ પ્રમાણે એણે કર્યું, એમ કહે છે અહીં. સમજાણું કાંઈ? **પરમ ગુરુના ચરણકમળયુગલની નિરતિશય ભક્તિ**—ઉત્તમ ભક્તિ. (જેવું) કહ્યું એવું જ એણે માન્યું ને અનુભવ્યું એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ?

**ભક્તિ વડે મુક્તિસુંદરીના મુખના...** આહાહા! ટીકાકાર જરી... મુક્તિરૂપી સ્ત્રી, પરમ આનંદની પૂર્ણ પર્યાયરૂપી સ્ત્રી, એના મુખનું **મકરંદ સમાન...** એના મુખ(રૂપી) ફૂલનું મધ સમાન **સહજજ્ઞાનનિધિને...** આહાહા! મુક્તિસુંદરીના મુખનું મધ એ સહજજ્ઞાનનિધિ ભગવાન આત્મા છે. સમજાણું કાંઈ? ભમરો જેમ ફૂલના પરાગને પીવે છે, એમ ધર્માત્મા સહજજ્ઞાનનિધિને–એના રસને પીવે છે, કહે છે. સમજાણું કાંઈ? ભાષા જુઓને ટીકાની! આહાહા! મોક્ષરૂપી સુંદરી, એનું મુખકમળ (એનું) મધ, માખણ એ સહજજ્ઞાનનિધિ. સહજસ્વભાવી જ્ઞાનનિધિ. આત્મા સહજજ્ઞાનનિધિ છે એમ ગુરુએ કહ્યું હતું તે ઓલો પામ્યો. 'પામીને' એમ કહ્યુંને. આહાહા! સમજાણું કાંઈ? કુંદકુંદાચાર્યે કહ્યું છેને પાંચમી ગાથામાં. અમારા ગુરુએ અમારા ઉપર મહેરબાની કરીને અમને આત્માનો–શુદ્ધાત્માનો ઉપદેશ આપ્યો છે, એમ કીધું છે ત્યાં પાંચમી ગાથામાં.

**तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण ।**
**जदि दाएज्ज पमाणं चुक्केज्ज छलं ण घेतव्वं ।।**

અમે આત્માના આનંદના અનુભવની વાત કરીશું, એમાં કોઈ વાણી ને વ્યાકરણમાં કોઈ ફેર આવી જાય અને તને એનો ખ્યાલ હોય તો ત્યાં અટકીશ નહીં. અમારો હેતુ છે એ પકડજે. આહાહા! સમજાણું કાંઈ? કુંદકુંદાચાર્ય કહે છે, અમારા ગુરુએ... અમે પાત્ર હતા એમ ન કહ્યું, પણ 'અમારા ગુરુએ અમને મહેરબાની કરીને' એમ ભાષા કરી. એનો અર્થ કે અમે પાત્ર છીએ એટલે અમને ગુરુએ આ કહ્યું. એમ ન બોલતાં અમારા ગુરુએ અમને મહેરબાની કરીને–અનુગ્રહ કરીને, પાંચમી ગાથામાં છે, શુદ્ધાત્માનો ઉપદેશ આપ્યો. લ્યો, આ બધો ઉપદેશ આટલી જાતનો છે એમાંથી આ એક જ? આહાહા અરે ભગવાન! બાપુ! એક જ વાત છે સારમાં સાર. આહાહા! છે? આહા!

પરમગુરુ... **અંતર્નિમગ્ન પરમગુરુ—સર્વજ્ઞદેવ અને અપરગુરુ ગણધરાદિથી માંડીને અમારા ગુરુપર્યંત**... એક ધારા લીધી છે. છદ્મસ્થ મુનિને પણ, સર્વજ્ઞ જેમ અંતર્મગ્ન છે એવા જ ગુરુને લીધા છે. **તેમનાથી પ્રસાદરૂપે અપાયેલ**... અમને પ્રસાદ આપ્યો ભગવાન, ગુરૂએ. **શુદ્ધાત્મતત્ત્વનો અનુગ્રહપૂર્વક ઉપદેશ** આ છે. અમારા ઉપર મહેરબાની કરી અમારા ગુરુએ શુદ્ધાત્મતત્ત્વનો ઉપદેશ અનુગ્રહપૂર્વક આપ્યો, તેનાથી અમારો વૈભવનો જન્મ છે. આહાહા! છે એમાં? શાસ્ત્રમેં બહોત ભરા હૈ, સમયસારમેં તો દરિયા.. દરિયા.. એક એક ટીકા ને એક એક ગાથા. અમારા ગુરુએ... ગુરુ કેવા લીધા? કે નિર્મળ જ્ઞાનઘન આત્મા એમાં અંતર્નિમગ્ન છે. એવા પરમગુરુ—સર્વજ્ઞદેવ એનાથી માંડી અપરગુરુ ગણધરાદિથી માંડી અમારા ગુરુ (સુધી) એક ધારા છે બધી. આનંદમાં મગ્ન બધા ગુરુઓ હતા. એ મહાવ્રતની ક્રિયા કરનારા હતા, ફલાણા હતા—એમ નથી લીધું અહીં. એ તો રાગ છે. આહાહા! એય!

જુઓને! આચાર્યની કથની તો જુઓ! ઓહોહો! પાઠમાં શું બતાવે છે એ! ગણધરથી માંડીને અમારા ગુરુપર્યંત... છેને, પાઠમાં છે. **निर्मलविज्ञानघनान्तर्निमग्नपरापरगुरुप्रसादीकृत-शुद्धात्मतत्त्वानुशासनजन्मा**... અમારો આત્મવૈભવ આવી રીતે જન્મ્યો છે. જન્મ્યો એટલે ઉત્પન્ન થયો છે. **શુદ્ધાત્મતત્ત્વનો અનુગ્રહપૂર્વક ઉપદેશ**... પ્રસાદથી અનુગ્રહ-કૃપા કરીને અમને ઉપદેશ આપ્યો છે. આહા! ભાઈ! પ્રભુ! તું શુદ્ધાત્મતત્ત્વ છોને નાથ! આહાહા! અનંતા-અનંતા સિદ્ધની પર્યાયની અંદર શક્તિએ ભરેલું તારું તત્ત્વ, સિદ્ધની પર્યાય એવી અનંતી પર્યાય તારામાં છે. એવો શુદ્ધાત્મતત્ત્વ એનો અમને... બે વાત લીધી છે. એક તો પ્રસાદરૂપે અપાયેલ, બીજો અનુગ્રહપૂર્વક ઉપદેશ. મારા ઉપર મહેરબાની કરીને આપ્યો. એમ કહ્યું કે મહારાજ! આવો ઉપદેશ અમને કેમ આપ્યો? આહાહા! એમાંથી અમારા (વૈભવનો) જન્મ છે.

પછી કહે છે, **નિરંતર ઝરતો... પ્રચૂર(સંવેદનરૂપ)સ્વસંવેદન**... અમારા આત્મામાં આનંદ ઝરતું સ્વસંવેદન એનાથી અમારો (વૈભવનો) જન્મ છે. આહાહા! છે પછી... **નિરંતર ઝરતો—આસ્વાદમાં આવતો સુંદર જે આનંદ તેની છાપવાળું**... એનામાં મહોરછાપ છે એની. આનંદનો અનુભવ એ અનુભવની મહોરછાપ છે. આહાહા! ધર્મની મહોરછાપ, આનંદનો અનુભવ એ એની મહોરછાપ છે. સમજતે હો? ...... 'છાપવાળું' છેને? **પ્રચૂર(સંવેદનરૂપ)સ્વસંવેદન** એનાથી અમારો જન્મ છે. વીતરાગી પર્યાય સંતોની અમને આ રીતે પ્રગટી છે, એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ?

**સહજજ્ઞાનનિધિ**... સ્વભાવિક સર્વજ્ઞસ્વભાવી મારું નિધાન... આ ચાલતો વિષય. આહાહા! **પામીને**... આવી રીતે ભગવાન આત્મા... અરે! એક ક્ષણમાં ગુલાંટ ખાઈને આત્માઓ પરમાત્મપદને પામ્યા છે. આહાહા! એમાં ભરચક પુરુષાર્થ ભર્યો છે. જુઓ! આમાં આવે છેને ભાઈ! મોક્ષમાર્ગ (પ્રકાશક)માં. નિગોદનો નીકળ્યો માણસ થાય ને આઠ વર્ષે એણે સંસાર અનાદિ-સાંત કરી નાખ્યો અને સાદિ-અનંત મુક્તિ. આઠ વર્ષે કેવળ પામીને મુક્તિએ જાય.

કોઈ દિ' માણસ થયો ન હોય. પાધરો માણસ ને માણસ થઈને આઠ વર્ષે તો અનુભવ થયો, ત્યાં ને ત્યાં કેવળ અને ત્યાં ને ત્યાં દેહ છૂટીને મોક્ષ. ઓહોહો! અને સાદિ-અનંત સિદ્ધ, અનાદિ-સાંત નિગોદ, વચ્ચે આઠ વર્ષનું મનુષ્યપણું. આહાહા! ફાટફાટ પુરુષાર્થ પડ્યો છેને અંદર, કહે છે. અનંત અનંત વીર્યની કાતળી આત્મા છે. એમાંથી પર્યાયમાં પુરુષાર્થ કરવો એ તો અનંતમા ભાગે છે. સમજાણું કાંઈ?

જેણે–દૃષ્ટિએ ભગવાન આત્માને કબજે કરી લીધો છે, સમ્યગ્દર્શન–દૃષ્ટિએ આત્માને કબજે કરી લીધો છે, જેના નિધાન ખુલી ગયા છે. અજ્ઞાનીને રાગની એકતામાં તાળા માર્યા છે નિધાનને. સમજાણું કાંઈ? આહાહા! ચાહે તો સાધુ થયો હોય, વ્રત પાળતો હોય, પણ રાગની એકતા (હોય તો) મિથ્યાત્વના તાળા માર્યા છે. નિધાન ખોલવાની કૂંચી બંધ થઈ ગઈ છે. સમ્યગ્દૃષ્ટિ, પછી ગૃહસ્થાશ્રમમાં હોય, પણ જેને રાગની એકતા તોડી જ્ઞાનના નિધાન ખોલ્યા છે, એનું નિધાન ખુલી ગયું છે. સમજાણું કાંઈ?

**સ્વરૂપવિકળ...** હવે આવું પામીને **સ્વરૂપવિકળ એવા પર જનોના સમૂહને...** છે નીચે? **સ્વરૂપપ્રાપ્તિ વગરના**. સ્વરૂપપ્રાપ્તિની ખબર ન મળે, સમ્યગ્દર્શન શું છે, કેમ પમાય એની કાંઈ ખબર ન મળે. એવા સ્વરૂપવિકળ અજ્ઞાનીઓના... અજ્ઞાનીઓના સમૂહને–ઢગલાને... કહે છે, લાખો કરોડો મનુષ્ય એવા હશે. **એવા પર જનોના સમૂહને ધ્યાનમાં વિઘ્નનું કારણ...** અંતરની એકાગ્રતામાં તો વિઘ્નનું નિમિત્ત છે કહે છે. **સમજીને તજે છે.** આહાહા! સમજાણું કાંઈ? એમ કહીને બધા વિકળ પુરુષોનો સમૂહ તજે છે. એમ કહે છે. છે ને? **પર જનોના સમૂહ...** આહાહા! એવા વિકળ અજ્ઞાનીઓ ધ્યાનમાં નિમિત્ત વિઘ્ન છે. આકુળતા ઉત્પન્ન થશે. આ આવ્યો, આ કાંઈક બોલે છે, એનું કાંઈક કહેવું. આહાહા! એકલું.... ...... હિન્દીમેં ક્યા હૈ? પોતાપણું. ...... અવકાશમાં જાવું..... આહાહા!

ભગવાન! જેમ પુણ્યને કારણે નિધિ મળી ધૂળની, એ ખાનગી રીતે ભોગવે. નહીંતર તો કુટુંબીઓ ભાગલા પાડવા આવે અને દાન લેનારાઓના ઢગલા આવે, નોંધાવો, આમાં નોંધાવો, તમે પૈસાવાળા છો. લાઈન લાગે. ગુપ્ત રહેજે. લૂગડાં-બૂગડામાં એવો થનગનાટ કરીશ નહીં કે આ બહુ પૈસાવાળો છે. શાંત રીતે રહેજે એકાંતમાં. વાણિયા પચાવી જાણે. એક ગરાસિયો કહેતો હતો કે વાણિયા માળા અબજો રૂપિયા પચાવી જાણે. અમારી પાસે પાંચ-દસ લાખ થાય તો ફાટી જાય પ્યાલો. આહાહા! એમ ધર્મી આત્માને પચાવી શકે. એ બહાર બતાવવા માગતો નથી. આહાહા! અમને (માન) આપજો, અમને ધર્મ થયો છે, એમ કહેવા માગે છે બહાર? સમજીને, એ **વિઘ્નનું કારણ સમજીને તજે છે**. પોતાનો અનુભવ, આનંદનો જ્ઞાનનો અનુભવ કરે છે. બીજું એનું કોઈ કર્તવ્ય છે નહીં. બીજાને સમજાવવું એ કંઈ કર્તવ્ય છે નહીં. આવી પડે, વિકલ્પ થાય, પણ એ કર્તવ્ય નથી. વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**માગશર વદ-૧૩, મંગળવાર, તા. ૨-૧-૧૯૭૩**
**શ્લોક-૨૬૮-૨૬૯, ગાથા-૧૫૮, પ્રવચન નં. ૧૮૯**

૧૫૭ (ગાથા)નો કળશ છે. **[હવે આ ૧૫૭મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છે:]**

પરમ આવશ્યક એટલે અંતર આનંદની ક્રિયામાં, જે આનંદ ને જ્ઞાન સ્વરૂપ છે એની અંતરની ક્રિયામાં એકાકાર હોવું એનું નામ પરમ આવશ્યક ક્રિયા છે. એ નિશ્ચય આવશ્યક છે. એનાથી વિરુદ્ધ આવશ્યક તે વિકલ્પ છે. વ્યવહાર છ આવશ્યક તે બંધના કારણ છે. આ સ્વરૂપની-અંતર ચૈતન્યસ્વરૂપની એકાગ્રતા, અનુભવ સહિત રાગ વિનાની શુદ્ધ અને નિર્વિકલ્પ દૃષ્ટિ કરી, આત્મા શુદ્ધ આનંદઘનને અંદર પ્રાપ્ત કરી, એમાં એકાકાર થઈને લીન રહેવું એનું નામ નિશ્ચય આવશ્યક, એ જીવનું જરૂરનું કાર્ય છે. શ્લોક.

**अस्मिन् लोके लौकिकः कश्चिदेकः**
**लब्ध्वा पुण्यात्कांचनानां समूहम् ।**
**गूढो भूत्वा वर्तते त्यक्तसंगो**
**ज्ञानी तद्वत् ज्ञानरक्षां करोति ॥२६८॥**

પહેલો દૃષ્ટાંત આપે છે. **શ્લોકાર્થ : આ લોકમાં કોઈ એક...** કોઈ એક **લૌકિક જન**ને... પરમાત્માને તો કાંઈ નિધિની જરૂર નથી. જેને (જરૂર) છે એટલે લૌકિકજન કહ્યો છે. **લૌકિક જન પુણ્યને લીધે...** પૂર્વનો કોઈ પુણ્યનો પ્રકાર પડ્યો હોય એને લીધે **ધનના સમૂહ**-ધનનો ઢગલો **પામીને...** અત્યારે કરોડો તો બહુ સાધારણ ગણાય છે. અબજો રૂપિયા લ્યોને. ધનના સમૂહને પામીને **સંગને છોડી...** બીજાનો સંગ કોઈ રીતે છોડી, બીજાને ખબર ન પડે એમ પોતાની લક્ષ્મીને, **ગુપ્ત થઈને રહે છે...** ગુપ્ત થઈને ભોગવે છે. પોતાને મળી છે લક્ષ્મી એનો બહાર ઢંઢેરો નથી પીટતો. પોતાની મળેલી લક્ષ્મીને જન્મસ્થાન આદિમાં રહીને ગુપ્ત રીતે ભોગવે છે. **તેની માફક...** એ તો દૃષ્ટાંત થયો. જ્ઞાનીને જ્ઞાન-નિધાન મળ્યું છે, ધર્મી સમકિતી જીવને અંતર નિધાન પ્રાપ્ત થયું. ચિદાનંદસ્વરૂપ અનંત ગુણનો સાગર પ્રભુ જેને અંતર દૃષ્ટિમાં પ્રાપ્ત થયો છે. સમજાણું કાંઈ?

... નિધાન જડ છે, એના ફળમાં તો દુઃખ છે. આ તો આનંદનો નાથ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ—સત્-શાશ્વત, આનંદ ને જ્ઞાનની પુંજીવાળો આત્મા એને સમ્યગ્દર્શનમાં પામીને... સમ્યગ્દર્શન દ્રવ્ય ઉપર પ્રસરે છે, શ્રદ્ધા ત્રિકાળી જ્ઞાયકભાવ ઉપર પ્રસરે છે. એથી એને સમ્યગ્દર્શનમાં ચૈતન્યના નિધાનની પ્રાપ્તિ થાય છે. સમજાણું કાંઈ? એ **જ્ઞાની (પરના**

**સંગને છોડી ગુપ્તપણે રહી)...** પોતાને પ્રાપ્ત થયેલી ચીજનો કોઈ ઢંઢેરો ન કરે બહારમાં કે અમને આમ થયું, અમને આમ થયું. સમજાણું કાંઈ? એ ગુપ્ત રહીને જ્ઞાનની રક્ષા કરે છે. જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા એ આનંદ ને જ્ઞાનનો પુંજ છે, એની રક્ષા કરે છે એટલે કે સ્વરૂપમાં રહે છે. આહાહા! આકરૂં કામ. જગતને ચીજ સમ્યગ્દર્શન શું છે અને એમાં પ્રાપ્તિ શું ચીજની થાય છે અંદર, એની ખબર વિના એ જ્ઞાનની એટલે આત્માની રક્ષા કઈ રીતે કરે? સમજાણું કાંઈ?

જ્ઞાનની એટલે આત્માની. આત્મા એટલે પૂર્ણાનંદ ને જ્ઞાનનો પુંજ. દયા-દાન ને વ્રતના વિકલ્પ વિનાની ચીજ એનું રક્ષણ કરે છે. આ પોતાની દયા છે. સમજાણું કાંઈ? વિકલ્પ ઉઠાવવો એ જીવની હિંસા છે. ચાહે તો પરજીવની દયાનો રાગ થાય, સ્વરૂપની એટલી હિંસા થાય. સમજાણું કાંઈ? એનાથી આત્માની રક્ષા કરે છે. આહાહા! પોતે જ્ઞાનાનંદસ્વરૂપ એમાં રહે. મોક્ષમાર્ગ પ્રકાશકમાં આવ્યું છેને આચાર્ય, ઉપાધ્યાય, સાધુનું વર્ણન. મોક્ષમાર્ગ પ્રકાશકમેં આયા હૈ ન. ધર્મલોભી જીવ હોય ..... ઉપદેશ કરજે. બાકી તારા નિર્વિકલ્પ સ્વરૂપમાં રહેજે. મોક્ષમાર્ગમેં હૈ ન. ધર્મલોભી–કોઈ ધર્મનો લોભી આવે તો વિકલ્પ ઉઠે તો એટલો ઉપદેશ કરીને પછી સંકેલી લેજે. એમાં માલ નથી કાંઈ. આહાહા! છેને? આચાર્ય, ઉપાધ્યાય, સાધુ(નું પ્રકરણ).

(મોક્ષમાર્ગ પ્રકાશકનું). **વિરાગી બની સમસ્ત પરિગ્રહ છોડી...** બહારથી ઉદાસ થઈ, બાહ્ય પરિગ્રહ છોડી વિકલ્પમાત્ર અથવા વસ્ત્રાદિ, **શુદ્ધોપયોગરૂપ મુનિધર્મ અંગીકાર કરી...** મુનિધર્મ તો આ છે. ૨૮ મૂળગુણ ને પંચમહાવ્રતના વિકલ્પો એ કંઈ મુનિધર્મ નથી. સમજાણું કાંઈ? શુદ્ધોપયોગરૂપ મુનિધર્મ. શુદ્ધોપયોગ.. જે શુભનો વિકલ્પ છે એનાથી રહિત શુદ્ધ ચૈતન્યધ્રુવ એના અવલંબે ઉત્પન્ન થયેલો શુદ્ધોપયોગ એ રૂપી મુનિધર્મ અંગીકાર કરે છે. કહો, પંડિતજી! ઉન્હોંને ઘરકા નહીં લિયા હૈ. પ્રવચનસારમેં હૈ. પ્રવચનસારની પાંચ ગાથામાં છે, મૂળમાં પહેલી. આચાર્ય, ઉપાધ્યાય, સાધુ કેવા હોય? પરમ શુદ્ધ ઉપયોગ જેણે ગ્રહણ કર્યો છે. એમણે ઘરની એકેય વાત કરી નથી હોં. શાસ્ત્રની જ વાત કરી છે. જુઓ! ક્યાંથી લીધું છે આ? એક ફેરી કૈલાસચંદજી કહેતા કે મોક્ષમાર્ગમાં જે છે એનો આધાર શાસ્ત્રમાં ગોતો તો ઠીક (પડે). અહીં એટલો બધો ટાઈમ છે નહીં. ...... શાસ્ત્રનો આધાર આનો ક્યાં ક્યાં છે, ક્યા અર્થમાં છે. ......... ............. પાઠમાં છેને. ......

**જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર ને વીર્યાચાર સહિત હોવાથી, જેમણે પરમ શુદ્ધ ઉપયોગભૂમિકાને પ્રાપ્ત કરી છે**. આ ટીકા. સાધુ, આચાર્ય ને ઉપાધ્યાયે પરમ શુદ્ધ... એકલો શુદ્ધ નહીં, પરમ શુદ્ધ ઉપયોગભૂમિકાને પ્રાપ્ત કરી છે. એકલો વીતરાગી ઉપયોગ જેમણે મેળવ્યો છે અંદરથી, પ્રાપ્ત કર્યો છે. એવા શ્રમણોને, વિશેષોથી (વિશિષ્ટ)–ભેદવાળા છે તેમને પ્રણમું છું, એમ કહે છે, એમને હું નમસ્કાર કરું છું. છદ્મસ્થ આચાર્ય, ઉપાધ્યાય, સાધુ પણ

પરમ શુદ્ધોપયોગને પ્રાપ્ત છે. શુભરાગને પ્રાપ્ત નથી, એ તો વિકાર, આસ્રવ છે. સમજાણું કાંઈ? ઝીણી વાત બહુ. આનંદના આશ્રયે ઉપયોગ થાય... આ પ્રવચનસારની પહેલી પાંચ ગાથામાં છે. એમાંથી આ લીધું છે મોક્ષમાર્ગ પ્રકાશકમાં.

કોઈ કહે, આવું ક્યાંથી કાઢ્યું? પાઠમાં પાંચ મહાવ્રત છે, ૨૮ મૂળગુણ, સાધુપણા ચરણાનુયોગમાં.... એ તો વિકલ્પની વ્યાખ્યા બતાવી વ્યવહાર બતાવે છે, સમજાવે છે. એ વસ્તુસ્થિતિ નથી. વસ્તુ તો શુદ્ધોપયોગ(રૂપ) મુનિપણું અંગીકાર કરી, અંતરંગમાં શુદ્ધ ઉપયોગ વડે પોતે પોતાને અનુભવે છે. આહાહા! સમ્યગ્દૃષ્ટિને શુદ્ધોપયોગની પ્રાપ્તિમાં સમ્યગ્દર્શન થાય છે. સમ્યગ્દર્શન શુદ્ધોપયોગની ભૂમિકામાં થાય છે. પછી શુદ્ધોપયોગમાં નિર્વિકલ્પ ઉપયોગ કોઈ કોઈ વખતે આવે છે સમ્યગ્દૃષ્ટિને. નિર્વિકલ્પ ઉપયોગમાં સમ્યગ્દર્શન થાય છે અને પછી વિકલ્પ આવે, પછી નિર્વિકલ્પતા પામે .... કોઈ કોઈવાર થાય છે. મુનિને તો સદાય શુદ્ધોઉપયોગ જ છે.....

એમ શ્રાવક જે પંચમ ગુણસ્થાનવાળા, એને પણ શુદ્ધોપયોગમાં જ શ્રાવકપણું પ્રાપ્ત થાય છે અને પછી પણ શુદ્ધોપયોગ કોઈ કોઈવાર (આવે). ચોથા ગુણસ્થાન કરતાં જલ્દી એને આવે છે. શુદ્ધોપયોગ એ જ વસ્તુ છે. શુભરાગ વ્યવહાર કોઈ ચીજ–ધર્મ નથી. એ તો વચ્ચે વિઘ્નરૂપ આવે છે. નબળાઈ હોયને, કમજોરી હોય તો આવે છે, પણ એ કોઈ ચીજ ધર્મ નથી. અપરાધ હૈ. વહ કહા ન પુરુષાર્થસિદ્ધિ ઉપાયમેં. મહારાજ! તીર્થંકરગોત્ર ઔર આહારકશરીર આદિકા બંધ તો સમકિતી કરતે હૈં? ભાઈ! તીર્થંકરગોત્ર ને આહારક શરીરનો બંધ શુભ ઉપયોગનો અપરાધ છે. પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં છે, મૂળ પાઠમાં છે. અપરાધ છે એ. આહાહા! તીર્થંકરપ્રકૃતિનું બંધન, ષોડષકારણ ભાવના અપરાધ છે, રાગ છે ભાઈ! એ ચીજ આત્મા નહીં. અણાત્મા છે, આસ્રવ છે. સમજાય છે કાંઈ? આવો માર્ગ છે હોં. બીજો કરવા જશે તો નહીં મળે, નહીં ..... આહાહા!

(મોક્ષમાર્ગ પ્રકાશકમાં) કહે છે કે આવા ધર્માત્મા પોતાના શુદ્ધોપયોગ વડે આનંદનો અનુભવ કરે છે. **પરદ્રવ્યમાં અહંબુદ્ધિ ધારતા નથી. પોતાના જ્ઞાનાદિ સ્વભાવોને જ પોતાના માને છે.** રાગાદિ વિકલ્પાદિને પોતાના માનતો નથી. **પરભાવમાં મમત્વ કરતા નથી. પરદ્રવ્ય વા તેના સ્વભાવો જ્ઞાનમાં પ્રતિભાસે છે તેને જાણે છે તો પણ ખરા, પરંતુ ઇષ્ટ-અનિષ્ટ માની તેમાં રાગ-દ્વેષ કરતા નથી. શરીરની અનેક અવસ્થા થાય, બાહ્ય નાના પ્રકારના નિમિત્ત બને, પરંતુ ત્યાં કંઈ પણ સુખ-દુઃખ માનતા નથી, વળી પોતાને યોગ્ય બાહ્યક્રિયા જેમ બને તેમ** બને, પરંતુ ખેંચીતાણી જે કરતા નથી. ...... હો. ભારે વાતું. **જ્ઞાનની રક્ષા કરે છે.** આની વાત છે આ. સમજાણું કાંઈ? આહાહા!

**કદાચિત્ મંદરાગના ઉદયથી શુભોપયોગ પણ થાય,** મંદ રાગના ઉદયથી, **જે વડે શુદ્ધોપયોગના બાહ્ય સાધનો છે તેમાં અનુરાગ કરે છે, પરંતુ રાગભાવને હેય જાણીને દૂર કરવા ઇચ્છે છે.** આહાહા! **તીવ્ર કષાયના ઉદયના અભાવથી હિંસારૂપ અશુભોપયોગ પરિણતિનું તો અસ્તિત્વ જ જેને રહ્યું નથી, એવી અંતરંગ અવસ્થા થતાં બાહ્યદિગંબર સૌમ્યમુદ્રાધારી થયા છે.** આવું થાય એ બાહ્ય દિગંબર સૌમ્યમુદ્રાધારી થયા. **શરીરના સંસ્કારાદિ વિક્રિયાથી જેઓ રહિત થયા છે, વનખંડાદિ વિષે જેઓ વસે છે, ૨૮ મૂળગુણોને જેઓ અખંડિત પાલન કરે છે,** વિકલ્પ-શુભરાગ હોય છે, **બાવીસ પરિષહને સહન કરે છે... કદાચિત્ અધ્યયનાદિ બાહ્ય ધર્મક્રિયામાં પ્રવર્તે છે, કોઈ વેળા મુનિધર્મને સહકારી શરીરની સ્થિતિ અર્થે યોગ્ય આહાર-વિહારાદિ ક્રિયામાં સાવધાન થાય છે. એ પ્રમાણે જેઓ જૈનમુનિ છે તે સર્વની એવી જ અવસ્થા હોય છે.**

'ણમો લોએ'માં આ આવે છે. ઓલા કહે, 'ણમો લોએ સવ્વ સાહૂણં'માં જૈન સિવાયના બધા અન્યના પણ એમાં આવી જાય. .... વીતરાગમાર્ગ સિવાય કોઈ સાધુ હોઈ ન શકે ત્રણ કાળમાં. વેદાંત અને .... મિથ્યાદૃષ્ટિ, ગૃહિત મિથ્યાત્વી છે. (શ્રોતા : શબ્દ લિખા ન ઇસલિયે કહતે હૈં). ક્યા શબ્દ? (શ્રોતા : સાહૂણં લિખા ન). સાહૂણં લિખા તો ક્યા આયા? સાધક હૈ ઇસલિયે 'સવ્વ સાહૂણં' આયા. જે સ્વરૂપનું સાધન, શુદ્ધોપયોગનું સાધન કરે છે એમ આવ્યું. ક્યા? માર્ગ હોય એમ આવેને.

**એવી અવસ્થા સર્વ મુનિઓની હોય છે. તેઓમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની અધિકતા વડે પ્રધાનપદને પામી જેઓ સંઘમાં નાયક** આચાર્ય **થયા છે. મુખ્યપણે તો નિર્વિકલ્પ સ્વરૂપાચરણ વિશે જ જેઓ નિમગ્ન છે...** મુખ્યપણે તો નિર્વિકલ્પ સ્વરૂપાચરણ આનંદકંદના વેદનમાં પડ્યા હોય છે. આહાહા! **પરંતુ કદાચિત્ ધર્મલોભી અન્ય જીવ યાચકને દેખી,** ધર્મના લોભી, **રાગઅંશના ઉદયથી કરુણાબુદ્ધિ થાય તો તેમને ધર્મોપદેશ આપે છે.** પણ જાણે છે કે રાગનો અંશ છે એ બંધનું કારણ છે, હેય છે. બીજાને દીક્ષા-શિક્ષા દેવાનો વિકલ્પ પણ હેય છે એમ કહે છે. આહાહા! આવો માર્ગ છે. સમજાણું? બધી લાંબી ઝીણી વાત છે.

અહીંયા કહે છે, જ્ઞાનની રક્ષા કરે છે ધર્માત્મા. મુનિની ઉત્કૃષ્ટ વાત છેને. આવશ્યક... ઓહો! ભગવાન નિર્વિકલ્પકંદ પ્રભુ એની જે સમ્યગ્દર્શનમાં પ્રાપ્તિ થઈ છે તેની રક્ષા કરે છે. આહાહા! એ સ્વનો દયાભાવ છે, એ સ્વની રક્ષા કરે છે. પરની દયા હો, વિકલ્પ આવે ખરો. હો એટલે રાગ હો, પણ પરની દયા પાળી શકે એમ નથી. અહીં કહે છે કે પરના સંગને છોડી ગુપ્તપણે રહી, જ્ઞાનની રક્ષા કરે છે. જ્ઞાન શબ્દે શુદ્ધ આત્મા. શુદ્ધ આનંદઘન ભગવાન, જેમાં ઉદયનો સ્પર્શ નથી, વિકલ્પનો ઉદય છે એનો જેમાં સ્પર્શ નથી. એવી ચીજનો .... છે. આહાહા! કહો, શેઠ! આ પૈસાનો રસ કરેને પૈસાવાળા.

એનું ધન–તપોધન.. અમૃતનો સાગર જ્યાં ઇચ્છા વિનાનો અંતર ઉછળ્યો છે એની રક્ષા કરે છે. કહો. અમરચંદભાઈ! આવું સ્વરૂપ છે આ. બહુ ઝીણું છે. માણસ બહારથી જુએ છે, વસ્તુ અંદરમાં છે. જ્ઞાન એટલે આત્મા હોં અહીંયા. 'નિધિ પામીને' હતું ખરૂંને. જ્ઞાનરૂપ આત્મા ... એકલો પ્રજ્ઞાબ્રહ્મસ્વરૂપ. સ્વ-પર પ્રકાશક સ્વભાવ શક્તિ... 'સ્વપર પ્રકાશક શક્તિ હમારી તાતૈ વચન ભેદ ભ્રમ ભારી.' આવે છે નાટક સમયસારમાં. 'સ્વપર પ્રકાશક શક્તિ હમારી, તાતૈ વચન ભેદ ભ્રમ ભારી, જ્ઞેયશક્તિ દુવિધા પ્રકાશી. સ્વરૂપા પરરૂપા ભાસી.' ભગવાન આનંદકંદસ્વરૂપ જ્ઞેય... અંદર. પરરૂપા–પરરૂપે ભાસ્યું. પરરૂપ વસ્તુ મારામાં છે નહીં. એવો ભગવાન આત્મા વીતરાગમૂર્તિરૂપી સ્વભાવ એની રક્ષા કરે છે. આહાહા! દેહની રક્ષા કરે ને પરની છકાયની દયા પાળે એમ ન કહ્યું ત્યાં. કહો, સમજાણું કાંઈ? આહાહા! ૨૬૯.

**त्यक्त्वा संगं जननमरणातंकहेतुं समस्तं**
**कृत्वा बुद्धया हृदयकमले पूर्णवैराग्यभावम् ।**
**स्थित्वा शक्त्या सहजपरमानंदनिर्व्यग्ररूपे**
**क्षीणे मोहे तृणमिव सदा लोकमालोकयामः ॥२६९॥**

મુનિરાજ પદ્મપ્રભમલધારિદેવને પરમાગમનો મકરંદ ઝરે છે, પરમાગમ ઝરે છે. ....માં છે. ....... આ ઘણે ઠેકાણે છે 'પરમાગમ ઝરે છે.' હમણાં આવ્યું હતુંને. હમણાં આપણે આવ્યું હતું. બધું કંઈ યાદ રહે છે? **પરમાગમરૂપી મકરંદ ઝરતા મુખવાળા હે પદ્મપ્રભ મુનિ શાર્દૂલ!** (ગાથા ૧૫૪). એ વચન પોતે કહે છે... એનું કાંઈ ... નથી. બીજે ઠેકાણે આવે છે, પાનું ૧૯૦. આ કેટલામી ટીકાનો અર્થ છે? (ગાથા ૧૦૦). ૧૯૦ લખ્યું છે અહીં. ૧૯૦, ત્યાં છે જુઓ! **સાક્ષાત્ શુદ્ધોપયોગની સન્મુખ જે હું**... પોતાની વાત કરે છે. શુદ્ધોપયોગ સન્મુખ હું છું. વિકલ્પ તો છે લખવા ટાણે, છતાં મારું તો શુદ્ધોપયોગ તરફ જ વલણ છે. **પરમાગમરૂપી પુષ્પરજ જેના મુખમાંથી ઝરે છે એવો પદ્મપ્રભ—તેના શુદ્ધોપયોગમાં પણ પરમાત્મા રહેલો છે**... શુદ્ધોપયોગનો આશ્રય પરમાત્મા છે. પરમ શુદ્ધોપયોગના સમીપમાં ભગવાન વર્તે છે. નિમિત્ત ને રાગ શુદ્ધોપયોગના સમીપમાં છે નહીં. પરજીવો, પરજ્ઞેયો પણ મારા શુદ્ધોપયોગના સમીપમાં નથી. મારા શુદ્ધોપયોગના સમીપમાં મારો પ્રભુ વર્તે છે એમ કહે છે.

બીજે ઠેકાણે કહ્યું છે. પાનું ૨૨૬. ૨૨૬ છે. આ ૧૧૩ ગાથા છેને. આહા! **સહજ વૈરાગ્યરૂપી શિખરના શિખામણિ સમાન પરમાગમરૂપી પુષ્પરસ ઝરતા મુખવાળા પદ્મપ્રભે આ પ્રાયશ્ચિત્ત નિરંતર કર્તવ્ય છે.** પ્રાયશ્ચિત્તનો અધિકાર છે. સમજાણું કાંઈ? પ્રાયશ્ચિત્તનો અર્થ એવો છે, પ્રાયઃ ચિત્ત (અર્થાત્) પ્રચૂરપણે નિર્વિકાર ચિત્ત. ભગવાન પોતે જ પ્રાયશ્ચિત્ત છે. કોણ? એ વસ્તુ. આત્મવસ્તુ જ પ્રાયશ્ચિત્ત છે. પછી એમાંથી પર્યાય પ્રગટ કરવી એ વ્યવહાર ... પ્રાયશ્ચિત્ત છે. પ્રચૂરપણે નિર્વિકાર ચિત્ત ભગવાન આત્મા છે. સમજાણું કાંઈ? છે પછી સંધિ, પછીની

ગાથામાં. **સ્વભાવિક–સહજ પરિણતિ હોવાને લીધે પ્રાયશ્ચિત્ત કહેવામાં આવ્યું છે**. પોતાને હોં પોતાના સ્વરૂપને. આહાહા! પોતાનું સ્વરૂપ જ પ્રાયશ્ચિત્ત છે.

પ્રાયઃ–પ્રચૂર, ચિત્ત–જ્ઞાન. આ જ્ઞાન કીધુંને જ્ઞાન. પ્રચૂરપણે જ્ઞાનનો સમૂહ ભગવાન નિત્ય એ જ પ્રાયશ્ચિત્ત છે. વસ્તુને જ પ્રાયશ્ચિત્ત કીધી છે. આહાહા! કેમકે જેને આશ્રયે પ્રાયશ્ચિત્તની નિર્વિકારી પર્યાય પ્રગટ થાય છે એ પ્રાયશ્ચિત્ત પ્રાયશ્ચિત્ત(સ્વરૂપ) દ્રવ્યને આશ્રયે પ્રગટ થાય છે. આહાહા! સમજાણું કાંઈ? ઓલા તો કહે, પ્રાયશ્ચિત્ત લેવું, આમ કરવું. આ કહે, તારું સ્વરૂપ જ પ્રાયશ્ચિત્ત છે. પ્રચૂર જ્ઞાનનો ઢગલો એ પ્રાયશ્ચિત્ત અને એના આશ્રયે જે શુદ્ધ ઉપયોગ પ્રગટ કરવો એ વ્યવહાર પ્રાયશ્ચિત્ત, વર્તમાન પ્રાયશ્ચિત્ત, પર્યાય પ્રાયશ્ચિત્ત. પર્યાય તે વ્યવહાર છે અને દ્રવ્ય તે નિશ્ચય છે. ઓલો વિકલ્પનો પ્રાયશ્ચિત્ત તો અસદ્ભૂતવ્યવહારમાં જાય છે. આહાહા! સમજાણું કાંઈ?

કહે છે, **શ્લોકાર્થ : જન્મમરણરૂપ રોગના હેતુભૂત સમસ્ત સંગને છોડીને...** બહુ અક્ષય વાત કરે છે. કહે છે કે જેટલો પરદ્રવ્યનો સંગ એ જન્મ-મરણરૂપ રોગનો હેતુ છે. આહાહા! તીર્થંકર ને તીર્થંકરની વાણી પણ પરદ્રવ્ય છે. આકરૂં પડે એવું છે. જન્મ-મરણના રોગનો હેતુ છે. નિમિત્ત છેને, રાગ થાય છેને. પરસંગથી રાગ થાય અને રાગ તે સંસાર છે. (શ્રોતા : તીર્થંકરની વાણી ભવનો જન્મ-મરણનો લોપનો હેતુ છે). નિમિત્ત છે. પરદ્રવ્ય છેને. પરદ્રવ્ય તરફ લક્ષ જાય તો રાગ થાય છે. જન્મ-મરણનો હેતુ છે એ તો ઉપચારથી છે. કારણ કે પરદ્રવ્ય... 'પરદવ્વાદો દુગ્ગઈ..' મોક્ષપ્રાભૃત. પરદ્રવ્ય ચાહે તો તીર્થંકર હો કે એની વાણી... ભાઈ! ઝીણું બહુ આકરું. ભાઈ! આ તો વીતરાગમાર્ગ છે ભાઈ! પરસંગનું લક્ષ જાય છે ત્યાં રાગ જ થાય. બહુ જગતને ન પચે એવી વાત છે.

શ્રોતા : ઐસા કહતે હૈં, કમસે કમ ભગવાનકો તો છોડો.

પૂજ્ય ગુરૂદેવશ્રી : ભગવાન તો છોડી દે છે. આહાહા! પર.... 'પરદવ્વાદો દુગ્ગઈ.' પાઠ છેને. સાંભળવામાં લક્ષ પરદ્રવ્ય ઉપર છે એ શુભરાગ છે. વ્યવહાર પરાશ્રિત હોય છે. નિશ્ચય સ્વાશ્રિત હોય છે. ઝીણું છે ભાઈ! વાત લોકોએ સાંભળી ન હોયને એટલે એવું લાગે એને. ઊંડાણમાં આ રહ્યું છે.

સ્વદ્રવ્યના આશ્રય વિના જેટલો પરદ્રવ્યનો સંગ કરશે, એમાં રાગ થશે અને એ રાગ જન્મ-મરણના રોગનો હેતુ છે. એ તો અંદર ઘણીવાર આવી ગયું. પુણ્ય ને પાપના ભાવ પરાશ્રિત જે થયા, ઘોર સંસારનું મૂળ છે. આકરી વાત છે ભાઈ! આ તો વીતરાગમાર્ગ છે બાપુ! ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદનો નાથ એની શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિના સમીપ વર્તે છે એને ધર્મ કહીએ. જેને સમીપમાં પરદ્રવ્ય વર્તે છે એને રાગ કહીએ. સમજાણું કાંઈ? ભારે કામ ભાઈ! બાપુ! ...... કચડી-મચડીને ફેરવી નાખે તો કાંઈ......? ભગવાન પોતે કહે, અમે પરદ્રવ્ય છીએ

તારાથી અને તું પરદ્રવ્યનું લક્ષ કરીશ તો તને વિકલ્પ થશે. પરદ્રવ્યને લક્ષે એ દશા નહીં આવે. એ દશા સ્વદ્રવ્યને લક્ષે આશ્રયે આવશે.

એ અહીં કહે છે, જન્મમરણરૂપ રોગ એનું નિમિત્તભૂત સમસ્ત સંગ... આહાહા! અસંગ પ્રભુ ભગવાન આત્મા એને પરનો સંગ તો રાગનું કારણ છે. એક બાજુ પ્રવચનસારમાં એમ કહે.. ચરણાનુયોગ (અધિકાર)માં વિધિ છેને વ્યવહારની. બરફને સંગે પાણી ઠંડું વિશેષ થાય. આવે છે ચરણાનુયોગ, ત્રીજા અધિકારમાં. બરફ.. બરફ.. જળ વિશેષ ઠંડું થાય. એમ પરસંગે સત્સંગે શાંતિ..... એ તો નિમિત્તથી કથન છે. એવી વાત છે ભાઈ! વીતરાગમાર્ગના રહસ્યો જુદી જાતના છે. એ જેને પચે એને તો કલ્યાણ થઈ જાય. ન પચે એને ઉલટી થઈ જાય. આહાહા!

અહીં કહે છે કે **સમસ્ત સંગ**... એમાં ક્યાં બાકી રહ્યો કોઈ? દેવ-ગુરુ-શાસ્ત્ર પણ પર છે. એને આશ્રયે રાગ ઉત્પન્ન થાય છે. એને આશ્રયે વીતરાગતા ઉત્પન્ન થાય (એમ નહીં). સમ્યગ્દર્શન દેવ-ગુરુ-શાસ્ત્રથી ઉત્પન્ન થાય (એમ) ત્રણ કાળમાં નહીં. સમ્યગ્દર્શન, નિર્વિકલ્પ આનંદ સહિતની પર્યાય દ્રવ્યને આશ્રયે થાય છે. એવું જ્યાં સુધી એને પ્રતીતમાં નહીં હોય, ત્યાં સુધી દ્રવ્યનો આશ્રય નહીં લઈ શકે અને પરનો આશ્રય નહીં છોડે એ. કહો, સમજાણું કાંઈ? એ સંગને છોડી **હૃદયકમળમાં** ભગવાન બિરાજે છે અંદર, કહે છે આહાહા! જ્ઞાનરૂપી કમળ એમાં **બુદ્ધિપૂર્વક પૂર્ણવૈરાગ્યભાવ કરીને...** સમજણપૂર્વક–વિવેકપૂર્વક–વિચારપૂર્વક પૂર્ણ વૈરાગ્ય-ભાવ કરીને... ...... એકદમ પરથી વૈરાગ્ય. અંતરમાં રક્ત, બાહ્યથી વિરક્ત. સમજાણું કાંઈ?

હૃદયકમળમાં–અંદર જ્ઞાનાનંદમાં સમજણપૂર્વક... એકલો વૈરાગ્ય એ વૈરાગ્ય નથી. અંદર સમ્યગ્દર્શન-જ્ઞાન જે સમ્યક્, એ પૂર્વકની અંતરથી ઉદાસીનતા. એ **પૂર્ણવૈરાગ્યભાવ કરીને સહજ પરમાનંદ વડે...** આહાહા! સ્વભાવિક પરમાનંદ વડે... એવું જે આત્મતત્ત્વ. કેવું છે એ? સ્વભાવિક પરમાનંદ વડે **જે અવ્યગ્ર (અનાકુળ) છે...** આહાહા! સમજાણું કાંઈ? આહાહા! એ બંધ અધિકારમાં આવ્યુંને. **अध्यवसान जिनै उत्तं**... ભગવાન આચાર્ય પોતે કહે છે કે ભગવાને જ્યારે એમ કહ્યું કે પરને જીવાડું, મારું એ બધો અધ્યવસાય બંધનું કારણ છે, મિથ્યાત્વભાવ છે. પરનું બચાવી શકું, પરને જીવાડી શકું, પરને ખુશી કરી શકું, પરને મોક્ષ આપી શકું અને બંધ કરાવું—એ બધો મિથ્યાત્વભાવ છે. ભગવાને જ્યારે એ ભાવનો નિષેધ કર્યો તો અમે તો એમ માનીએ છીએ કે જેટલો પરદ્રવ્યને આશ્રયે વિકલ્પ ઉઠે એ બધાનો નિષેધ કરવાનું કહ્યું ભગવાને. સમજાણું કાંઈ? આહાહા!

અમૃતચંદ્રાચાર્ય. ભગવાન કુંદકુંદાચાર્ય ૨૭૨ ગાથા કહે છે એ પહેલા આ શ્લોક છે. **अध्यवसानमेवखिलं त्याज्यं यदुक्तं जिनै**.. પરદ્રવ્યને જીવાડવાની મારવાની બુદ્ધિ એ એકતાબુદ્ધિ છે. પરજીવોને હું જીવાડું, મારું, મારી શકું, સુખી કરી શકું, દુઃખી કરી શકું—એ બુદ્ધિ પરદ્રવ્ય ને સ્વદ્રવ્યની એકતાબુદ્ધિ છે, એ અધ્યવસાય મિથ્યાત્વ છે. ભગવાને જ્યારે

પરદ્રવ્યાશ્રયનો, મિથ્યાત્વનો નિષેધ કર્યો, તો ભગવાન આચાર્ય કહે છે, જેટલો આત્માને પરદ્રવ્યાશ્રિત વિકલ્પ ઉત્પન્ન થાય એવો વ્યવહાર, એ બધાનો નિષેધ કરાવ્યો ભગવાને. બતાયા થા અભી દો-તીન પહલે. સમજાણું કાંઈ? આચાર્યે તો ઘણું ઘણું કહ્યું છે. ગજબ વાતું કરી છે! વીતરાગ સંતો એમના પ્રવાહની શું વાતું! સમજાણું કાંઈ?

અહો! એ વીતરાગની વાણી! પણ અહીં તો કહે છેને, પ્રભુ! એ વાણી પરદ્રવ્ય છે કે નહીં? કે સ્વદ્રવ્ય છે? વાણી-ધ્વનિ જડની પર્યાય છે કે ચૈતન્યની? વીતરાગને પણ એ જડની પર્યાય થઈ ગઈ. પોતાની પર્યાય નથી. વાણી ક્યાં છે? ભગવાનને વાણી હોય? વાણી તો જડ છે. પણ એના જ્ઞાનને નિમિત્ત છે અને એ વખતે વાણી પોતાના સ્વતંત્ર સ્વભાવથી સ્વ-પરને પ્રકાશનારી અસ્તિથી ઉત્પન્ન થાય છે, એથી ભગવાનની વાણીને જ્ઞાન એવું નિમિત્ત છે એવું કહેવામાં આવ્યું છે. એનાથી ઉત્પન્ન થઈ નથી. વાણી ભગવાનથી ઉત્પન્ન થઈ નથી. હા, વાણીમાં સ્વ-પર કહેવાની તાકાત છે. ભગવાનમાં સ્વ-પર પ્રકાશવાની તાકાત છે. બેય ચીજ ભિન્ન છે. જ્ઞાનસ્વરૂપમાં સ્વ-પર પ્રકાશવાની તાકાત છે. વાણીમાં સ્વ-પર કહેવાની તાકાત છે, પણ છે એ જડ.

અહીં તો ભગવાનની વાત મુનિ પોતે ... કહે છે કે ભગવાન પરદ્રવ્યનો આશ્રય છોડ પ્રભુ! અને પરમાનંદ વડે જે અવ્યગ્ર ભગવાન છે અંદર. આહાહા! અતીન્દ્રિય આનંદ વડે અવ્યગ્ર-અનાકુળ તારું સ્વરૂપ છે અંદર. આહાહા! છે? **સ્વભાવિક પરમાનંદ વડે જે અવ્યગ્ર છે**-અનાકુળ છે. વિકલ્પનું ઉત્થાન થાય એવી ચીજ એમાં નથી. આહાહા! ભારે કામ લાગે હોં. વ્યવહારના પક્ષકારને તો એવું લાગે કે અરર! વ્યવહારનો તો લોપ થઈ જાય છે. લોપ કરાવવા જ વીતરાગની વાણી છે. સમજાણું કાંઈ? સહજ પરમાનંદ વડે જે અનાકુળ ભગવાન છે **એવો નિજરૂપ**-ત્રિકાળી એમાં **(પોતાની) શક્તિથી સ્થિત રહીને...** પોતાના સામર્થ્ય ને બળથી સ્થિત રહીને... કોઈ કર્મ માર્ગ આપે તો બળ થાય એ વસ્તુના સ્વરૂપમાં નથી. સમજાણું કાંઈ? છે?

**નિજરૂપમાં...** કેવું નિજરૂપ છે? **સહજ પરમાનંદ વડે અવ્યગ્ર છે...** આહાહા! એમ કહીને એમ કહે છે, પરદ્રવ્ય આશ્રિત જે વિકલ્પ છે એ વ્યગ્રતા છે. ભગવાન આત્મા સ્વભાવિક પરમ અતીન્દ્રિય આનંદ વડે અનાકુળ છે અને એનો આશ્રય લે એને અનાકુળતા, પરમ આનંદની દશા પ્રગટ થાય છે. પરદ્રવ્યનો આશ્રય લેશે ત્યાં રાગ ને આકુળતા થશે. આવી વાતું છે. અરે! ભગવાન ત્રણ લોકનો નાથ પરમેશ્વર જેનું એક સમયનું જ્ઞાન પરની સામું જોયા વિના ત્રણ કાળ, ત્રણ લોકને પોતાની પર્યાયમાં જાણે. આહાહા! એવા ભગવાનને જ્ઞાનમાં નિમિત્ત થઈને... લોકાલોક નિમિત્ત છે અને કેવળજ્ઞાન નૈમિત્તિક છે. કહે છે, કોઈને લઈને કોઈ નહીં. લોકાલોક નિમિત્ત છે. એમાં કેવળજ્ઞાનની પર્યાય નિમિત્ત છે અહીં. આ કેવળજ્ઞાનની પર્યાયને લોકાલોક નિમિત્ત છે. સમજાણું કાંઈ?

સર્વવિશુદ્ધમાં આવે છે, સમયસારમાં પાછળ સર્વવિશુદ્ધ અધિકાર. એકલો ભગવાન કેવળજ્ઞાનનો કંદ પ્રભુ પર્યાયમાં પ્રગટ થયેલો એને આશ્રયે, લોકાલોક છે એને આ જ્ઞાન–કેવળજ્ઞાન નિમિત્ત છે અને કેવળજ્ઞાનને લોકાલોક નિમિત્ત છે. એ બેય પૃથક્-પૃથક્ ચીજ છે. સમજાણું કાંઈ? આહાહા! એવું જે તારું સ્વરૂપ, એ કેવળજ્ઞાનની પર્યાય તો અનંતી પડી છે તારામાં. અનાકુળ નિજસ્વરૂપના આનંદ વડે અનાકુળ ભગવાન બિરાજે છે અંદર. આહાહા! એવા નિજરૂપમાં શક્તિથી સ્થિત રહીને... તારા નિજસ્વરૂપમાં પુરુષાર્થથી સ્થિત રહીને... સમજાણું કાંઈ? **મોહ ક્ષીણ હોતાં...** આહાહા! મુનિરાજ ઉલ્લસિત વીર્યથી (કહે છે), અરે! અમે સાવધાન થઈને મોહક્ષીણ થતાં... શું કહે છે?

**અમે લોકને સદા તૃણવત્ અવલોકીએ છીએ.** એટલે? આ જગત અમારી અપેક્ષાએ તો નથી. સમજાણું કાંઈ? એ ચીજ જ નથી. એની અપેક્ષાએ હો, અમારી અપેક્ષાએ તો આખું જગત નથી. અમે એને તૃણ સમાન જાણીએ છીએ, તૃણ–તુચ્છ. આહાહા! એય! અરે! લોકમાં તો કેવળીઓ આવ્યા નહીં? બાપુ! સ્વદ્રવ્યની અપેક્ષાએ પર(દ્રવ્ય) અદ્રવ્ય છે, સ્વભાવની અપેક્ષાએ પર(ભાવ) અભાવ છે, સ્વકાળની અપેક્ષાએ પરના બધા પર્યાય અકાળ છે. આહાહા! એવો જે ભગવાન આત્મા, એની શક્તિમાં સ્થિત રહીને મોહનો ક્ષય થશે. મોહનો ભ્રાંતિ તો ગઈ છે, પણ અસ્થિરતાનો નાશ થઈ, **અમે લોકને સદા તૃણવત્ અવલોકીએ છીએ**. આહાહા! અમે પરમાનંદના નિધાન... અમારું નિધાન ક્યાંય બહાર નથી. બહારની ચીજો અમારી અપેક્ષાએ તો અભાવસ્વરૂપ છે. સમજાણું કાંઈ? ગજબ વાત છે.

નાગા બાદશાહથી આઘા. વહ કહેવત નહીં હૈ ભૈયા! બાહરમેં? નહીં તમારે આવી? નાગા બાદશાહથી આઘા. નાગા સમજે? નગ્ન. વહ ચલતે....... હમારી કાઠિયાવાડી ભાષામેં.... આ નગ્ન મહારાજા આવ્યા. આહાહા! આઠ આઠ વર્ષના રાજકુમાર, એ જ્યારે મુનિ થતાં હશે. આહાહા! ધન્ય મુનિ! આઠ વર્ષ. સવા સાત વર્ષ. સવા નવ મહિના પેટના ને સવા સાત વર્ષ બહારના. સવા સાત વર્ષ... ....ને કેટલા વર્ષ થયા? છ વર્ષ. .... આહા! ..... એને જન્મ્યા પછી સવા સાત વર્ષે... આહાહા! રત્નના પૂતળા જેવા શરીર હોય, અંતર દ્રવ્યના અવલંબે સમકિત પામીને જ્યારે વૈરાગ્ય થઈને મુનિ થાય છે. આહાહા! આત્મા...... આમ ભિક્ષા માટે નીકળે, ચાલતા સિદ્ધ જોઈ લો.

પ્રવચનસારમાં કહ્યું છેને, પાંચ ગાથા નહીં છેલ્લી? પંચરત્ન. એમાં એ મોક્ષમાર્ગના ઉગ્ર આરાધક જીવ સાધુને મોક્ષતત્ત્વ કહ્યો છે.. મોક્ષતત્ત્વ કહ્યો છે. અને રાગની એકતાવાળા જીવને સંસારતત્ત્વ (કહ્યો), ભલે દ્રવ્યલિંગી સાધુ હોય. પાંચ ગાથામાં છે, પ્રવચનસારમાં. કહી ગયા છીએ. એવાને મોક્ષતત્ત્વ કહ્યું છે. જેણે દર્શન-જ્ઞાન-ચારિત્ર ... સ્વને આશ્રયે આરાધ્યો છે. મોક્ષતત્ત્વ (કહ્યો, કેમકે) એને અલ્પકાળમાં મોક્ષ જ થવાનો છે.

અહીં કહે છે, આહાહા! અમે તો લોકને... ભગવાન! પણ લોકમાં બધા આવ્યાને? અમારી વસ્તુની કિંમત આગળ બહારની ચીજની કિંમત અમને નથી. એની એને કિંમત હો. સમજાણું કાંઈ? જે ચીજનો અમારામાં અભાવ છે અને અમારો પણ પરમાં અભાવ છે. .... ભગવાન આનંદકંદ પ્રભુ છે એની કિંમત આગળ પરદ્રવ્યની કિંમત અંદર છે નહીં, એમ કહે છે. છેલ્લી ગાથા, આની હોં પરમ-આવશ્યકની.

**આ પરમાવશ્યક અધિકારના ઉપસંહારનું કથન છે. सव्वे पुराणपुरिसा...** દેખો! હવે કુંદકુંદાચાર્ય (કહે છે), અનંત જેટલા આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, તીર્થંકરો આદિ થયા, **एवं आवासयं च काऊण...** આવું એમણે આવશ્યક કર્યું હતું. આહાહા!

**सव्वे पुराणपुरिसा एवं आवासयं च काऊण ।**
**अपमत्तपहुदिठाणं पडिवज्ज य केवली जादा ॥ १५८ ॥**

**अपमत्तपहुदिठाणं...** મુનિથી વાત કરે છેને. ઓલી છઠ્ઠા પછી અપ્રમત્તથી માંડીને, એમ.

**સર્વે પુરાણ જનો...** ઓલામાં 'પુરુષ' છે એને જન કહ્યું. અનાદિના જૂના ધર્માત્માઓ, આહાહા! અનંત અનંત આચાર્યો, અનંત ઉપાધ્યાયો, અનંત સાધુઓ.

**સર્વે પુરાણ જનો અહો એ રીત આવશ્યક કરી,**
**અપ્રમત્ત આદિ સ્થાનને પામી થયા પ્રભુ કેવળી. ૧૫૮.**

**ટીકા : આ, પરમાવશ્યક અધિકારના ઉપસંહારનું કથન છે.** શું આવશ્યક સત્ક્રિયા? **સ્વાત્માશ્રિત...** આચાર્યનો શબ્દ છે. આહા! ભગવાન પૂર્ણ આનંદ ને જ્ઞાન એવી સત્તાવાળો પદાર્થ, એને આશ્રિત... પહેલેથી આશ્રિત. ભગવાન પૂર્ણાનંદ પ્રભુ સ્વ-આત્મા.. અખંડ પરમ પારિણામિક સ્વભાવ, અખંડ જ્ઞાયકભાવ એવો જે સ્વ-આત્મા, એટલો શબ્દ છે. 'સ્વ-આત્મા' એટલો શબ્દ છે. 'એને આશ્રિત' એ પર્યાય થઈ. 'સ્વ-આત્મા' એ દ્રવ્ય થયું, 'આશ્રિત' એ પર્યાય થઈ. સમજાણું કાંઈ? આહાહા! નિયમસાર તે નિયમસાર છેને! એકલો પરમ-પારિણામિકભાવ પૂર્યો છે. ઔદયિકભાવની ગંધ નથી જેમાં, સંસારની ગંધ નથી, એ શબ્દ છે હોં, 'ગંધ નથી'. અષ્ટપાહુડમાં છે, મૂળ પાઠમાં છે.

**સ્વાત્માશ્રિત નિશ્ચયધર્મધ્યાન...** જુઓ! અત્યારે કહે છે કે શુભોપયોગ એ જ ધર્મધ્યાન અને શુદ્ધોપયોગ થાય એ શુક્લધ્યાન. એમ કહે છે. ....... અહીં તો ભગવાન પરમાત્માએ કહેલું સંતો કહે છે. **સ્વાત્માશ્રિત નિશ્ચયધર્મધ્યાન...** પરાશ્રિત વિકલ્પ વ્યવહારધર્મધ્યાન એ સમકિતીને હો, પણ છે હેય. સમજાણું કાંઈ? 'સ્વાત્માશ્રિત નિશ્ચય ધર્મધ્યાન' એ પર્યાય થઈ. ત્રિકાળી જ્ઞાયક ભગવાન ધ્રુવ એ સ્વ-આત્મા.. સ્વ-આત્મા, નિશ્ચય આત્મા. અને પર્યાય છે એ વ્યવહાર આત્મા છે. આહાહા!

નિશ્ચય ત્રિકાળી જ્ઞાયક અખંડ આનંદનો પિંડ પ્રભુ પૂર્ણ સ્વભાવીભાવ એ સ્વ-આત્મા, એ નિશ્ચય. એને આશ્રયે થયેલું નિશ્ચયધર્મધ્યાન એ પર્યાય, એ વ્યવહાર આચરણ છે. નિશ્ચયમાંથી આવું કાઢ્યું .... કહે છે. સમજાણું કાંઈ? સ્વાત્માશ્રિત નિશ્ચયધર્મધ્યાન એટલે સત્ય ધર્મધ્યાન. નિશ્ચય એટલે સત્ય. ધર્મ એટલે આનંદનું ધ્યાન અંદરમાં લાગી ગયું, કહે છે. પરમાનંદનો નાથ પરમાત્મા એને જેણે ધ્યાનમાં વિષય બનાવ્યો છે. પરદ્રવ્યનો વિષય જેણે લક્ષમાંથી છોડી દીધો છે એવું ધર્મધ્યાન. કહો, સમજાણું કાંઈ? **અને નિશ્ચયશુક્લધ્યાનસ્વરૂપ...** પંચમ આરાના મુનિને શુક્લધ્યાન હોતું નથી, છતાં એ વાત ભેગી કરી છે. સમજાણું કાંઈ?

**સ્વાત્માશ્રિત નિશ્ચયધર્મધ્યાન અને નિશ્ચયશુક્લધ્યાનસ્વરૂપ**... એવી જે વીતરાગી પર્યાય અતીન્દ્રિય આનંદની, **જે બાહ્ય-આવશ્યકાદિ ક્રિયાથી પ્રતિપક્ષ** છે. વ્યવહાર સામાયિકનો વિકલ્પ શુભ, વ્યવહાર પ્રતિક્રમણનો શુભરાગ, વ્યવહાર આવશ્યકથી આ પ્રતિપક્ષ છે. અને નિશ્ચય આવશ્યકથી વ્યવહાર આવશ્યક પ્રતિપક્ષ છે. સમજાણું કાંઈ? છે? **સ્વાત્માશ્રિત**... વિકલ્પ છે, કથન વખતે, વિચાર વખતે વિકલ્પ છે, એ (વિકલ્પ) મુનિને બાહ્ય આવશ્યક છે, એમ કહે છે. શાસ્ત્ર રચવાનો વિકલ્પ પણ બાહ્ય આવશ્યક છે, એ અવશ્ય–જરૂરનું કામ નથી.

**જે બાહ્ય આવશ્યક આદિ ક્રિયાથી**... સામાયિક, ચોવિસંથો વિગેરે વિકલ્પાત્મક હોય છેને બાહ્યક્રિયા... બાહ્ય એટલે અંદર રાગ એ બાહ્ય ક્રિયા. દેહની ક્રિયા જડ છે એની વાત નથી. **આવશ્યકાદિ ક્રિયાથી પ્રતિપક્ષ**.... શુદ્ધનિશ્ચય પરમ-આવશ્યક... શુદ્ધનિશ્ચય પરમ-આવશ્યક.. અરે! પરમાત્મા, સંતો વર્તમાન પંચમ આરાના પ્રાણીને આમ કહે છે હોં. સમજાણું કાંઈ? ભાઈ! પુરાણ પુરુષો જેટલા થયા એ બધાએ આમ કર્યું છે અને તું પણ આમ કર. **શુદ્ધનિશ્ચય-પરમાવશ્યક–સાક્ષાત્ અપુનર્ભવરૂપી (મુક્તિરૂપી) સ્ત્રીના અનંગ (અશરીરી) સુખનું કારણ...** અનંત આનંદરૂપી મુક્તદશા એનું આ નિશ્ચય-આવશ્યક કારણ છે. સ્વ-આત્માને આશ્રયે વીતરાગી નિર્વિકલ્પદશા એ નિશ્ચય-આવશ્યક. અનંતા પુરાણ પુરુષોએ આમ કર્યું હતું. **તેને કરીને...** આવા આવશ્યકને અનંતા આત્માઓએ કરીને... હવે કોણ, કોને ને શું—એ વ્યાખ્યા આવશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## માગશર વદ-૧૪, બુધવાર, તા. ૩-૧-૧૯૭૩
## ગાથા-૧૫૮, શ્લોક-૨૭૦, પ્રવચન નં. ૧૯૦

આ નિયમસાર, નિશ્ચય પરમ-આવશ્યક. આવશ્યક છેને, અવશ્ય કરવાલાયક છેને સ્વવશે. પરમ સુખનું કારણ, પરમ સુખ એવી મુક્તિ એનું કારણ જે નિશ્ચય આવશ્યક, એ આવશ્યકનો અર્થ તે અવશ્ય સ્વવશે કરવાલાયક, એટલે કે શુદ્ધપરિણતિ થાય છે... દ્રવ્ય જે ત્રિકાળી ધ્રુવ એનો આશ્રય લેતાં જે શુદ્ધ પરિણતિ થાય છે એ કરીને 'ઠરે છે' એમ કહેવામાં આવે છે. જુદી વાત છે. **आवासयं च काऊण...** મૂળ પાઠ છે. **आवासयं च काऊण... काऊण** હૈ ન (અર્થાત્) 'કરીને'. અહીં આપણે ત્યાં સુધી આવ્યું, 'સુખનું કારણ તેને કરીને'. ફરીને લઈએ છીએ જુઓ!

**સ્વાત્માશ્રિત નિશ્ચયધર્મધ્યાન...** પોતાના આત્માને આશ્રયે નિશ્ચય–સાચું ધર્મધ્યાન. એટલે કે સ્વ-આત્મા શુદ્ધ આનંદ ને અખંડ અભેદ પરમસ્વભાવી વસ્તુ એના આશ્રયે જતાં અથવા પર્યાયે એનો આશ્રય કરતા, એ પર્યાયમાં નિર્મળ આનંદની, શાંતિની પરિણતિ થાય, એને અહીંયા ધર્મધ્યાન કહે છે. ... એમ માની બેઠા છે. 'સ્વાત્માશ્રિત' શબ્દ છેને. એમાં દ્રવ્ય ને પર્યાય બે આવ્યા. જુદી વાત છે ભગવાન! એમાં પાછું 'પ્રવર્તશે' એમાંથી જરી પ્રશ્ન ઉઠ્યો. ૧૫૮, ટીકાની પહેલી. 'સ્વાત્માશ્રિત'. 'કરવું' શબ્દ ઉપદેશમાં તો એમ જ આવેને. રાગ ને વ્યવહાર કરવાલાયક નથી, એથી આ કરવાલાયક છે એમ એના ઉપદેશની શૈલીમાં આવે. બાકી તો વસ્તુ જે અભેદ અખંડ ચૈતન્યદ્રવ્ય એનો આશ્રય થતાં... 'સ્વાત્માશ્રિત' છેને.

આ તો ગંભીર તત્ત્વ છે. સ્વ-આત્મા ભગવાન પૂર્ણ અખંડ અભેદ એની દૃષ્ટિને આશ્રય મળે છે દ્રવ્યનો, દૃષ્ટિને આશ્રય મળે છે દ્રવ્યનો, એમ શુદ્ધ પરિણતિને આશ્રય મળે છે દ્રવ્યનો, એમ નિશ્ચય પરમ-આવશ્યકની ક્રિયા—સમ્યગ્દર્શનથી માંડીને નિર્મળ વીતરાગી એવી પર્યાયને આશ્રય મળે છે દ્રવ્યનો. એ સ્વાત્માશ્રિત અંતર... કેમકે આત્મામાં અનંતગુણ છે. એ રાતે કહ્યું હતું રાતે. ભાવ-અભાવ. ખબર હૈ?

એમાં ભાવ નામનો ગુણ છે અને અભાવ નામનો પણ એક ગુણ છે. સ્વ-આત્માને.. દૃષ્ટિએ જ્યાં સ્વ-આત્માને અંદરમાં પકડ્યો, સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાને એનો જે આશ્રય લીધો, એની અંદરમાં ભાવ નામનો ગુણ છે દ્રવ્યમાં કે જેની વર્તમાન પરિણતિ એ ગુણની થાય. સમજાણું કાંઈ? ભાવ નામનો ગુણ છેને એક. તો ગુણની પરિણતિ શું? કે વર્તમાન પર્યાય થાય જ. વસ્તુ અખંડ અભેદ દૃષ્ટિમાં લેતાં, સમ્યગ્દર્શન થતાં, પછી પણ જેટલો ઉગ્ર આશ્રય દ્રવ્યનો લીધો, એ રીતે એમાં ભાવ નામના ગુણને લઈને નિર્મળ આવશ્યકની વીતરાગી ક્રિયા પરિણમે છે–થાય છે. ભાઈ! આહાહા!

અહીં **काऊण** કહ્યું છે. પાઠ છેને મૂળ, ૧૫૮. **सव्वे पुराणपुरिसा एवं आवासयं च काऊण.** એ પરિણમન થાય છે એને 'કરીને' કહેવામાં આવે છે. જુદી વાત છે ભાઈ! સહજ સ્વરૂપ ભગવાન આત્મા પરમ સ્વભાવભાવ, ધ્રુવભાવ, દ્રવ્યભાવ, જ્ઞાયકભાવ, અનંત ગુણનું એકરૂપ એવો ભાવ. ભાવ શબ્દે દ્રવ્ય. **भावाय** આવે છેને. પહેલી ગાથામાં. **नमः समयसाराय... भावाय... नमः समयसाराय स्वानुभूत्या चकासते। चित्स्वभावाय भावाय...** ભાવ છે એનો ગુણ ચિત્સ્વભાવ છે. ભાવ શબ્દે ત્યાં 'દ્રવ્ય' છે. **चित्स्वभावाय भावाय... भावाय**-ભાવસ્વરૂપ છે ત્રિકાળી. એનો ચિત્સ્વભાવ એ ગુણ છે. શુદ્ધ પરિણતિ એ એની પર્યાય છે. પહેલી ગાથામાં બધું એકલું અસ્તિ લીધું. **नमः समयसाराय...** શુદ્ધ ચૈતન્ય અખંડ પરમાત્મા એને નમું છું, એટલે કે એમાં વળું છું, એટલે કે એમાં ઢળું છું, એટલે કે એનો હું આશ્રય લઉં છું.

**स्वानुभूत्या चकासते..** ભગવાન આત્મા પોતાની અનુભૂતિની ક્રિયા દ્વારા જ પ્રકાશે છે. વ્યવહાર ને વિકલ્પ દ્વારા એ પ્રકાશતો નથી. સમજાણું કાંઈ? અત્યારે મગજમાં જરી આવ્યું, 'ભાવ' હતોને ભાઈ! 'ભાવ-અભાવ' મગજમાં આવ્યું. એથી જરી સૂક્ષ્મ થઈ ગયું. એ **भावाय** નામનો પદાર્થ. **भावाय** શબ્દે ત્યાં આખો પદાર્થ છે. અને **चित्स्वभावाय** એ એનો ગુણ છે. અને **स्वानुभूत्या चकासते** એની પર્યાય છે. આહા! અને **सर्वभावान्तरच्छिदे...** એની પૂર્ણ સર્વજ્ઞ-પર્યાયની પ્રસિદ્ધિ છે. ચાર બોલ છે એમાં. સમજાણું કાંઈ? અસ્તિથી વાત કરી છે.

એ **भावाय** નામ પદાર્થ છે. **चित्स्वभावाय** એનો ગુણ છે. સ્વાનુભૂતિ એની નિર્મળ વીતરાગી પર્યાય સંવર-નિર્જરા છે. એ શુદ્ધ અનુભૂતિ દ્વારા, સંવર-નિર્જરા દ્વારા એ આત્મા પ્રસિદ્ધિને પામે છે, અને **सर्वभावान्तरच्छिदे...** એના પૂર્ણ ફળરૂપે સર્વભાવાન્તર (અર્થાત્) પોતાના ભાવ સિવાય અનેરા ભાવોને **च्छिदे**–જાણવાની પર્યાય એને પ્રગટ થાય. પંડિતજી! ઉસમેં અજીવ, આસ્રવ, બંધ આયા હી નહીં. આ પુણ્ય-પાપ, આસ્રવ, બંધ ને અજીવ.. એને હજી (પકડમાં) આવ્યું નથી. 'નાસ્તિસે આયા નહીં' એમ નહીં, અસ્તિમેં વહ આ ગયા. એક જ ગાથામાં એવું અસ્તિત્વ મૂક્યું છે, પહેલો કળશ.

ભગવાન આત્મા **भावाय** નામ... **भावाय** કેમ યાદ આવ્યો? કે ઓલો પાછળ ભાવગુણને લઈને **भावाय** આવ્યો. એનો એક ગુણ છે ભાવ. વસ્તુ **भावाय**. એ બધા ગુણનું સ્વરૂપ એક તેને અહીં **भावाय** કહેવાય છે. સમજાણું કાંઈ? એ **भावाय** ભગવાન આત્મા એમાં એ ભાવ નામનો એક ગુણ છે કે જેથી **भावाय**–સ્વ-આત્મા એનો આશ્રય લેતાં, ભાવગુણને લઈને ગુણ જ્યાં પર્યાયમાં પ્રતીતમાં આવ્યો, એ ગુણ સહિત આખો આત્મા પ્રતીતમાં જ્યાં આવ્યો, એ ભાવગુણને લઈને એની શુદ્ધ પરિણતિ થાય જ. 'કરવી પડે છે, કરું' એમ નથી એમાં. ઝીણી વાત છે ભગવાન! એ માર્ગ એવો છે ઝીણો. લોકોએ બધું બહારથી ટાંક્યું છે. વસ્તુ ક્યાંક રહી ગઈ.

ભગવાન આત્મા ભાવ નામના ગુણને લઈને અને ગુણનો ધરનાર સ્વ-આત્મા એને જ્યાં અંતર દૃષ્ટિમાં આખો આત્મા કબજે લીધો, પ્રતીતિમાં, અનુભવમાં લીધો, એથી ભાવ નામના ગુણની પરિણતિ વર્તમાન કાંઈ થવી એ થાય જ. કરું તો થાય એમ નથી એમાં પછી. ભાઈ! ઝીણી વાત છે ભગવાન! આહાહા! (શ્રોતા : ....કરવી નથી?) કરવી નથી. કરે કોણ? બોલાય એમ, ભાષા એમ આવે. **काऊण** શબ્દ આવ્યો છેને. ઉપદેશની શૈલીમાં શું આવે? એવી વાતું... 'પાળીને' એમ આવ્યુંને. આવા મહાપુરૂષોએ આવશ્યક કરીને.. 'આવશ્યક' શબ્દ છેને. ... કરીને, એમ. એનો અર્થ એ કે ભગવાન અભેદ ચૈતન્યપ્રભુ એની જ્યાં અંતર દૃષ્ટિ ને આશ્રય થયો એટલે એની પર્યાય નિર્મળ થયા જ કરશે. કરું તો થાય એમ છે નહીં. પંડિતજી! આહા! ભારે વાતું.

વીતરાગનો માર્ગ ગંભીર છે. સર્વજ્ઞ પરમાત્માએ કહેલું તત્ત્વ ગૂઢ ને ગંભીર છે. એનો પત્તો મળ્યા વિના એને ક્યાંય ધર્મની ક્રિયા સાચી થતી જ નથી. પછી એને ધર્મક્રિયા કરવું એ રહેતું નથી, એમ કહે છે અહીં તો. પરિણમન ચાલુ જ છે. સમજાણું કાંઈ? કહો, ભીખાભાઈ! આવું ભારે ભાઈ! આકરૂં. એક તો નિમિત્તનું તો કરવું નથી કાંઈ, પરનું તો કરી શકતો નથી કાંઈ. દયા, દાન ને વ્યવહાર શ્રદ્ધાનો વિકલ્પ પણ કરતો નથી, કરવાની શક્તિ એનામાં નથી, પણ નિર્મળ પર્યાય કરવાની શક્તિ એનામાં છે. ભાવરૂપ શક્તિ છે કે જેથી નિર્મળ પર્યાય (થાય). ભાવશક્તિ-ગુણને પકડતાં એટલે આખા દ્રવ્યને પકડતાં ભાવ નામના ગુણની પરિણતિ (થાય). એને વર્તમાન અનંત ગુણની અવસ્થા હોય–પરિણમે એ જ ભાવગુણનું કાર્ય છે. આહાહા! ભારે આકરું ભાઈ! ઘણી ગંભીર વાત છે હોં. થોડું થોડું થાશે નિર્મળ. અહીંયા ભાવ શબ્દ મગજમાં આવ્યોને. આહાહા!

કહે છે કે પ્રભુ! તું સાંભળ! તારું તત્ત્વ જ એવું છે કે જેમાં અનંતા ભાવ છે અને પરનો અભાવ છે—એવા સ્વભાવ સહિત જ પ્રભુ બિરાજે છે. સમજાણું કાંઈ? એવો સ્વ-આત્મા.. એની વ્યાખ્યા આટલી થાય છે. એનું નામ સ્વ-આત્મા. હવે, એને આશ્રિત એટલે દૃષ્ટિ જ્યાં અંતર ગઈ, વર્તમાન પર્યાયની ગતિ જે રાગ ઉપર ને નિમિત્ત ઉપર હતી, એ પર્યાય આમ વસ્તુનો આશ્રય લેવા અંતરના આશ્રયે ગઈ. 'આશ્રય લેવો' એમ ભેદ નથી કંઈ. અહીં સમજાવવાને શું કહે? પર્યાય આમ ઝુકી અંદરમાં એટલે એને દ્રવ્યનો આશ્રય મળ્યો. મળતાં, દ્રવ્યમાં જેટલા ગુણો છે એનું એક સમયમાં પરિણમન સહજ થયા કરે છે. સમજાણું કાંઈ? આજ થોડું આવ્યું. લાંબુ-લાંબુ .... છેને. ઝીણી વાતું પડે ભગવાન! બહુ માર્ગ એવો છે. એના ઘરની વાત છે જરી. ......શું વાતું કરવી! સમજાણું કાંઈ?

આ તો પરમાત્મા પોતે છે, એમાં અનંતા ગુણો ભગવાનના બિરાજે છે. એવા ગુણ-ગુણીનો પણ જ્યાં ભેદ નથી દૃષ્ટિમાં. એકલો ભગવાન સ્વ-આત્મા... અહીં આવશ્યક ક્રિયાની

છેલ્લી ગાથા પૂરી થાય છે. સમજાણું કાંઈ? ભગવાન પ્રભુ આત્મા, આહાહા! પોતાના સ્વભાવને આશ્રયે... આહાહા! આશ્રય છે એ તો પર્યાય છે. વસ્તુ છે એ દ્રવ્ય છે. એ પર્યાય આમ ઢળતાં નિશ્ચય ધર્મધ્યાન... એ પર્યાયને જ નિશ્ચય ધર્મધ્યાન કહ્યું છે. આહાહા! લોકો ધર્મધ્યાન.. ધર્મધ્યાન કરે છેને. બાપુ! ધર્મધ્યાન તો, ભગવાન ... સ્વ-સ્વભાવ અને સ્વભાવનો પરમાત્મસ્વભાવવાન, એ સ્વભાવવાન ઉપર દૃષ્ટિ પડતાં અનંતા ધર્મો જે છે એની એક સમયની પર્યાય, ભાવગુણને કારણે એની વર્તમાન પર્યાય હોય, હોય ને હોય. એ કરવી ન પડે.

કરવી પડે એ તો એનો પુરુષાર્થ બતાવવા '**काऊण**' શબ્દ પડ્યો છે. અર્થમાં એ કહે છે **સુખનું કારણ—તેને કરીને**. છેને. ૧૫૮ ગાથા. નિશ્ચય કરવાયોગ્ય છે એમ કહેવાય. કારણ કે પરિણમન છેને, એટલે એમ કહેવાય. સમજાણું કાંઈ? **સ્વાત્માશ્રિત નિશ્ચયધર્મધ્યાન અને નિશ્ચયશુક્લધ્યાનસ્વરૂપ...** આ કાલ આવી ગયું છે આપણે. આ નવું આવ્યું. આ તો **काऊण** ઉપર લક્ષ વધારે ગયું. તે વખતે ફરીને એવી શૈલી આવે ક્યાંથી? ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ દ્રવ્ય એવો સ્વ-આત્મા... એમ કહીને શું કહ્યું? પર-આત્મા વીતરાગ કેવળી આદિ નહીં આમાં. આહાહા! સ્વ-આત્મા એનો આશ્રય પર્યાયે લીધો. એનો પણ અર્થ જરીક ઝીણો છે.

ચાલતી પર્યાય છે એ પર્યાય તો રાગવાળી હોય છે. એ પર્યાયે એનો આશ્રય લીધો? એક સમયની પર્યાય રાગવાળી, વિકલ્પ છે અનાદિનો આમ. પર્યાયે આશ્રય લીધો એનો અર્થ કે એ બાજુ જે લક્ષ હતું એ તૂટ્યું ને લક્ષ અહીં ગયું ત્યારે નવી પર્યાય થઈ એણે 'આશ્રય લીધો' એમ કહેવામાં આવે છે. આહાહા! એને ..... બની ગયું આમ. આમ દૃષ્ટિ જ્યાં અંદર ગઈ, એ 'દૃષ્ટિ ગઈ'નો અર્થ કે એ પર્યાય–દૃષ્ટિ અંદરમાં ગઈ ત્યારે એ પર્યાય ઉત્પન્ન થઈ એવી અંદરમાં દૃષ્ટિ ગઈ છે. .... ઝીણી વાત છે ભગવાન! એવો માર્ગ .... ભાઈ! તારો માર્ગ અલૌકિક છે. આહાહા! એમાં આવશ્યક. અહીં તો આવી ગયુંને જુઓને!

**એવું જે બાહ્ય-આવશ્યકાદિ ક્રિયાથી પ્રતિપક્ષ...** એવો ભગવાન આત્મા, આહાહા! એનો પર્યાયે આશ્રય લીધો, એનો અર્થ કે દ્રવ્ય ઉપર લક્ષ જતાં... લક્ષ ગયું એ જ પર્યાય છે. સમજાણું કાંઈ? આમ જે લક્ષ હતું પર્યાયબુદ્ધિમાં મિથ્યાબુદ્ધિએ, એ કાળ તો રહ્યો એમ ને એમ. આમ જ્યાં લક્ષ ગયું ત્યારે એ 'લક્ષ ગયું' એ જ પર્યાય છે. ઓલી જે પર્યાય વર્તતી હતી એ તો ગઈ. સમજાણું કાંઈ? એ પર્યાય આમ જ્યાં ઉત્પન્ન થઈ ને વળી—બેય એક જ સમય છે. સમજાણું કાંઈ? થોડું ઘણું આવી ગયું હતું કાલે. હવે સાંભળે તો ખરા. એ વખતે શું આવશે.... ....... એ રતિભાઈ! આવો માર્ગ વીતરાગનો છે. આહાહા! જેને સાંભળવાય મળે નહીં, એના આરા શા? એ ક્યાં જાય, ક્યાં ફરે ને શું કરે? સમજાણું કાંઈ?

કહે છે, એ સ્વ-ભગવાનને આશ્રયે નિશ્ચયધર્મધ્યાન... એ આશ્રય થયો એ જ ધર્મધ્યાન છે ભાઈ! એ સ્વ-આત્મા.. સ્વ-આત્માનો આશ્રય થયો એનું નામ નિશ્ચયધર્મધ્યાન. પહેલી

લીટીનો અર્થ ચાલે છે. બાપુ! મારગડા જુદા છે. ત્રણ લોકના નાથ... પોતે ત્રણ લોકનો નાથ છે. હમણાં કહેશે આગળ. પોતે જ વિષ્ણુ છે. આહાહા! **સ્વાત્માશ્રિત નિશ્ચયધર્મધ્યાન અને નિશ્ચયશુક્લધ્યાનસ્વરૂપ એવું જે શુદ્ધનિશ્ચય-પરમાવશ્યક–સાક્ષાત્** સુખનું કારણ... એમ લાગે પાછળ છે એના અર્થ. જે સ્વાત્માશ્રય... 'આશ્રય કરવો' એ પર્યાય છે, એ નિશ્ચય ધર્મધ્યાન છે. આમ ધ્રુવ ઉપર દૃષ્ટિ ગઈ એ દૃષ્ટિએ, પર્યાયે આશ્રય આનો કર્યો એ ધર્મધ્યાન છે. પંડિતજી!

એ નિશ્ચયશુક્લધ્યાન. ઉગ્રપણે અંદર આશ્રય ગયો એટલે ધ્રુવનો ઉગ્રપણે પર્યાયે આશ્રય લીધો એટલે કે દ્રવ્યનું ઉગ્રપણું પર્યાયમાં આવ્યું. આવ્યું કહો, ઉગ્રપણે પર્યાયમાં આવ્યું કહો કે પર્યાય ઉગ્રપણે એનો આશ્રય લીધો કહો. આહાહા! કહો, સમજાણું કાંઈ? બીજી ગાથામાં આવે છેને **जीवो चरित्तदंसणणाणठिदो**.. એમાં આવે છે. બીજી ગાથા, સમયસાર. **जीवो चरित्तदंसणणाणठिदो**... દર્શન-જ્ઞાન-ચારિત્રે અહીં આશ્રય લીધો એમ ન કહેતાં, દર્શન-જ્ઞાન-ચારિત્રમાં આત્મા ઠર્યો છે. ત્યાં એમ આવ્યું છે. બીજી ગાથા, સમયસાર. છેને.

**जीवो चरित्तदंसणणाणठिदो तं हि ससमयं जाण।**
**पोग्गलकम्मपदेसट्ठिदं च तं जाण परसमयं।।**

ગાથા તે ગાથા છેને. આ તો વીતરાગના વહેણ છે બધા. આહાહા! સંતોએ કહ્યું છે એ સર્વજ્ઞની વીતરાગની વાણી છે બધી. વીતરાગી સંતો હતાં. કહે છે કે ભગવાન આત્માને આશ્રયે થયેલું જે નિશ્ચયધર્મધ્યાન ને શુક્લધ્યાન સ્વાત્માશ્રિત છે. એવું જે બાહ્ય-આવશ્યક બહારના લક્ષે થયેલી બાહ્યક્રિયા આવશ્યક. **બાહ્ય-આવશ્યકાદિ ક્રિયા**... સામાયિક, ચોવિસંથો બહારના લક્ષે વિકલ્પથી. 'ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં' સામાયિક કરી, ચોવિસંથો એ વિકલ્પ છે. એ બધી વિકલ્પની ક્રિયા બાહ્યલક્ષવાળી છે. આ અંતર લક્ષવાળી છે, આ બાહ્યલક્ષવાળી છે.

**એવી બાહ્ય-આવશ્યકાદિ ક્રિયાથી...** એ પણ એક રાગની પરિણતિરૂપ ક્રિયા છે. રાગની પરિણતિરૂપ–અવસ્થારૂપ ક્રિયા છે. એનાથી પ્રતિપક્ષ **શુદ્ધનિશ્ચય પરમાવશ્યક**... વ્યવહારના વિકલ્પ જે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચમહાવ્રત કે સામાયિક, ચોવિસંથો, વંદન આદિ વ્યવહાર આવશ્યકક્રિયા કે વ્યવહારે ભગવાનની ભક્તિનો રાગ—એ બધી શુદ્ધનિશ્ચયથી વિરુદ્ધ છે. અને એ વ્યવહારક્રિયાથી... ભગવાન નિશ્ચય સ્વ-આશ્રય લીધો એ ક્રિયા, પરના આશ્રયે ઉત્પન્ન થયેલી ક્રિયાથી આ ક્રિયા વિરુદ્ધ છે. પ્રતિપક્ષ છેને. સમજાણું કાંઈ? **શુદ્ધનિશ્ચય પરમાવશ્યક**... આહા! ગાથા તો એવી આવી છે, શુદ્ધનિશ્ચય પરમાવશ્યક. 'સ્વ' છેને ત્યાં. અવશ્ય કરવાયોગ્ય છે. પરિણમન છે એ અવશ્ય કરવાયોગ્ય છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

એવું શુદ્ધનિશ્ચય પરમાવશ્યક... કેવું છે એ? એમ કહે છે. કે **સાક્ષાત્ અપુનર્ભવરૂપી (મુક્તિરૂપી)...** સાક્ષાત્ મુક્તિ, એમ. વસ્તુ–દ્રવ્ય મુક્તસ્વરૂપ તો છે, પણ પર્યાયમાં સાક્ષાત્

મુક્તિ થાય... **અપુનર્ભવરૂપી સ્ત્રીના અનંગ (અશરીરી) સુખનું કારણ...** આહાહા! આ શરીરને સુખનું કારણ અજ્ઞાનીએ માન્યું, ત્યારે આ કહે છે કે અનંગ–અશરીરી સુખનું કારણ. સમજાણું કાંઈ? **સાક્ષાત્ અપુનર્ભવરૂપી સ્ત્રીના અશરીરી** એટલે **અનંગ**—અંગ નહીં, એમ. અંગ વિનાનું સુખ. એવું જે અનંગ અતીન્દ્રિય આનંદનું સુખ એનું કારણ કોણ? જે ધ્રુવને આશ્રયે પર્યાય પ્રગટ થઈ તે. તે પરમાવશ્યક. આહાહા! સમજાણું કાંઈ? એવું સુખનું કારણ પૂર્ણ આનંદરૂપી સુખ, અનંગ સુખ–અશરીરી સુખ. આહાહા! એનું કારણ એવા નિશ્ચય પરમાવશ્યક જે સ્વને આશ્રયે થયેલ એને કરીને, એમ કહ્યું છે. **काऊण** શબ્દ છેને કુંદકુંદાચાર્યના પાઠમાં. સમજાણું કાંઈ? આહાહા!

મૂળ શ્લોક છે. છેને. **सव्वे पुराणपुरिसा...** ૧૫૮. **एवं आवासयं च काऊण...** કુંદકુંદાચાર્યના શબ્દ છે. **आवासयं च काऊण...** સમજાણું કાંઈ? ઝીણું છે આમાં ગોદિકાજી! ક્યા કહા? વાત તો આ છે. એને એમ થઈ ગયું છે કે... એ એક નિશ્ચય.. નિશ્ચય (કહે છે). અમારે તો એક વ્યવહાર જોઈએ, વ્યવહાર જોઈએ. નિશ્ચય તો આઠમે ગુણસ્થાનથી હોય. આ પર્યાય પોતે જ વ્યવહાર છે. દ્રવ્ય નિશ્ચય છે અને પર્યાય વ્યવહાર છે. અરે! શું થાય પણ? ઘણીવાર કહેવાણું છે. આને સંસારમાં રખડવાનું છે... પરમાર્થ વચનિકા, બનારસીદાસ. મોક્ષમાર્ગ સાધવો એ વ્યવહાર છે, નિશ્ચય મોક્ષમાર્ગ હોં. વ્યવહાર મોક્ષમાર્ગ છે જ નહીં.

શ્રોતા : પ્રવચનસારની ૯૪મી ગાથામાં એને આત્મવ્યવહાર કહ્યો છે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : આ તો બહુ ઝીણું છે. આત્મવ્યવહાર કહ્યો. પ્રવચનસારમાં આત્મવ્યવહાર કહ્યો. નિશ્ચય મોક્ષમાર્ગ એને આત્મવ્યવહાર કહ્યો, આ નિશ્ચય-આવશ્યક. ભગવાન આત્માને આશ્રયે પ્રગટેલો વીતરાગી નિર્મળભાવ જેને લઈને પરિણતિ એ વખતે હોય જ.. હોય જ.. હોય જ. એવી જે પરિણતિ એને આત્મવ્યવહાર કહ્યો છે. એ આત્માનો વ્યવહાર છે. વીતરાગી નિશ્ચયમોક્ષમાર્ગ એ આત્માનો વ્યવહાર છે. આત્મા નિશ્ચય છે. સમજાણું કાંઈ? પ્રવચનસાર. આહાહા! બીજો અધિકાર છે, જ્ઞેય અધિકાર છે.

પરમાર્થ વચનિકામાં કહ્યું છે, મોક્ષમાર્ગ સાધવો એ વ્યવહાર છે. નિશ્ચય મોક્ષમાર્ગ હોં. ઓલો તો મોક્ષમાર્ગ છે જ નહીં, એ તો બંધનો માર્ગ છે. વ્યવહાર મોક્ષમાર્ગ બંધનો માર્ગ છે. આહાહા! ભગવાનને આશ્રયે અંદર વીતરાગી પર્યાય નિર્વિકલ્પ સમ્યગ્દર્શન, નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાન અને સ્થિરતા, શાંતિ—એ નિશ્ચય મોક્ષમાર્ગ છે એને વ્યવહાર કહ્યો છે. દ્રવ્યની અપેક્ષાએ વ્યવહાર છે. એ તો રાગના વ્યવહારની અપેક્ષાએ એ નિશ્ચય છે. સમજાણું કાંઈ? એવા સુખનું કારણ... આહાહા! પરમાનંદરૂપી અનંગ સુખ એનું કારણ આ નિશ્ચય આવશ્યક છે એમ કહીને, વ્યવહાર આવશ્યક સુખનું કારણ નથી. આહાહા! એ તો દુઃખરૂપ છે. વ્યવહાર

આવશ્યક વિકલ્પ એ તો દુઃખરૂપ છે. યશપાલજી! હૈ પુસ્તક? ઐસા અર્થ ઉસમેં હૈ કિ નહીં? એમ કહતે હૈં.

શ્રોતા : આપ સાધનકો પ્રતિપક્ષ કહતે હો.

પૂજ્ય ગુરુદેવશ્રી : સાધન તો પ્રતિપક્ષ હૈ. વહ સાધન હોય નહીં. લિખા હૈ, સાધન વ્યવહારસે હૈ ઉસકો (સાધન) કહના વહ વ્યવહારકા લક્ષણ હૈ. વ્યવહારનું લક્ષણ સમજાય છે? વ્યવહારનું લક્ષણ, લખ્ખણ જ એ છે. હૈ નહીં ઉસકો કહના. આહાહા!

..... એનું શરીરેય નથી ચાલતું. આવી ગયુંને.... યે તો ફોટો હૈ. કલ તો શુદ્ધાત્માસે પૂછા થા, નહીં? ક્યાં ગયો શુદ્ધાત્મા? નથી આવ્યો? ઉસકો કહા થા ન ફોટોકા. યે ફોટો વહાંકા હૈ? ત્યાંની પર્યાય તો જડની પર્યાય એ જુદી પર્યાય છે. ફોટો જે થાય છે, સામા શરીરની પર્યાયનો આકાર આવીને થાય છે એમ નથી. અહીંયા રજકણો જે છે ફોટો થવા લાયક, એ રજકણો અહીં પરિણમે છે. ઓલું તો ત્યાં રહે છે. ત્યાંથી જો અહીંયા આવતું હોય તો હજાર-લાખ ફોટા પડે તો ત્યાં શરીર ઝીર્ણ થઈ જવું જોઈએ.

શ્રોતાઃ સ્થાપના થાયને?

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ વળી જુદું. એ ભગવાનની સ્થાપના. એ તો ભગવાનની સ્થાપના વ્યવહાર. આ બીજી વાત છે. આ તો ફોટાના રજકણો જે છે એ શરીરમાંથી આવ્યા છે? સિંહના ફોટા પાડે છે. ત્યાં જોયું છે આફ્રિકામાં. પાંચ-પાંચ લાખની મોટરું લઈ જાય છે. અને સિંહ હોયને, બસ્સો-બસ્સો સિંહ એક સાથે બસો-બસ્સો સિંહ. મોટરું લઈ જાય, સળિયા લોઢાના (મારેને) એટલે શું સિંહ આવીને મારે નહીં. બહારથી..., અંદર તો કાચ હોય. કાચની ઉપર સરિયા હોય. ત્યાં સિંહ આવીને આમ કર્યા કરે. ફોટા પાડે ફટ.. ફટ.. ફટ. હજારો ફોટા પડી જાય. ત્યાંથી આવતું હોય તો શરીર સુકાઈ જાય. અરે! એને ક્યાં એકેય વાતની ખબરું ન મળે. સમજાણું કાંઈ? એ ત્યાંના રજકણો છે એ આકારે ત્યાં પરિણમી જાય. આ નિમિત્ત છે ને ઉપાદાન ત્યાં રજકણોની યોગ્યતાથી ત્યાં થઈ જાય છે. આહાહા! સમજાણું કાંઈ?

અહીં કહે છે કે ભગવાન આત્મા પૂર્ણાનંદની પરિણતિરૂપી મુક્તિ–અનંગસુખનું મૂળ એનું કારણ આવશ્યક કરીને, એમ શબ્દ છેને. જુઓને! 'તેને કરીને' એટલે એ રીતે ત્યાં પરિણતિ થાય છે ત્યાં 'કરીને' એમ કહેવામાં આવે છે. આહાહા! અહીં સુધી તો આપણે આવ્યું હતું કાલ, નહીં? આજ વિશેષ થોડા હુઆ, થોડા વિશેષ હુઆ. **સર્વે પુરાણ પુરુષો...** ઓહોહો! અનંતકાળમાં.. અનંતકાળમાં કદી કેવળજ્ઞાની ન હોય જગતમાં એમ હોતું નથી. અનંતકાળમાં ત્રણ કાળમાં ત્રણ કાળનો જાણનાર ન હોય—એમ હોય નહીં. ત્રણે કાળમાં ત્રણ કાળનો જાણનાર કોઈ દિ' ન હોય એમ હોય નહીં. સમજાણું કાંઈ? શું કીધું એ?

ત્રણ કાળ છેને વસ્તુ. ત્રણ કાળ છે એ જ્ઞેય છે. તો એનો–ત્રણ કાળનો જાણનાર પણ અનાદિથી એમ ને એમ છે. સમજાણું કાંઈ? અને એ ત્રણ કાળનું જ્ઞાન એણે પ્રગટ કર્યું, એ શી રીતે કર્યું? એમ અહીં કહે છે. આહાહા! અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત અહીં લો, વર્ગ અનંતનો કરો. અનંતને અનંતગુણાએ અનંતવાર વર્ગ કરો, તોપણ ત્યાં અંત નથી એટલો કાળ છે અનાદિ. એવા અનાદિ પુરાણપુરુષો... છે? જૂના પુરુષો અનાદિના. **કે જેમાંથી તીર્થંકર–પરમદેવ વગેરે...** લ્યો. તીર્થંકર પરમદેવ એમણે પણ આ આવશ્યકક્રિયા કરી હતી. અનંત.. અનંત.. અનંતકાળમાં તીર્થંકર પરમદેવ વિગેરે. ગણધરો, સંતો, આચાર્યો, ઉપાધ્યાયો વિગેરે.

'ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં' આવે છેને ધવલમાં. 'ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં' પાઠ એમ છે. ટૂંકો કરીને 'ણમો લોએ સવ્વ સાહૂણં' કરી નાખ્યું. 'ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં, ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સિદ્ધાણં, ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી આયરિયાણં, ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી ઉવજ્જાયાણં, ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં.' સમજાણું? ધવલમાં છે. ટૂંકું 'ણમો લોએ સવ્વ સાહૂણં' કરી નાખ્યું. ....... ત્રિકાળને ગૌણ કરી નાખ્યું. અહીં સર્વે પુરાણપુરુષો... **કે જેમાંથી તીર્થંકર-પરમદેવ વગેરે સ્વયંબુદ્ધ થયા...** તીર્થંકર સિવાયના પણ કોઈ જીવ સ્વયંબુદ્ધ હોય. પોતાની મેળાએ પામી જાય છે અંદરથી. પૂર્વે સાંભળેલું હોય, પણ સામટા પોતાના અંતરના આનંદમાંથી પામી જાય છે. એવા સ્વયંબુદ્ધ—પોતે પોતાથી સમજ્યા, એમ કહે છે.

**અને કેટલાક બોધિતબુદ્ધ થયા...** કોઈ ગુરુના નિમિત્તથી તાત્કાલિક સમજ્યા, ગુરુના નિમિત્તથી. અને ગુરુ નહોતા ને એની મેળાએ સમજાય એ સ્વયંબુદ્ધ. **તેઓ–અપ્રમત્તથી માંડીને...** દેખો! અહીં તો નિમિત્ત છેને એટલે અપ્રમત્તથી માંડીને લીધું છે. સમ્યગ્દર્શન તો છે, છઠ્ઠા ગુણસ્થાન સુધીની તો દશા છે. આહાહા! **અપ્રમત્તથી માંડીને...** અપ્રમત્ત–સાતમું ગુણસ્થાન એનાથી માંડીને **સયોગીભટ્ટારક સુધીના...** સયોગી કેવળી ભટ્ટારક–સૂર્ય. **ગુણસ્થાનોની પંક્તિમાં...** ગુણસ્થાનની હારમાં **આરૂઢ થયા થકા...** આહાહા! અપ્રમત્ત, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ, સૂક્ષ્મ સાંપરાય એમાં આરૂઢ થઈને... આહાહા! **આરૂઢ થયા થકા પરમાવશ્યકરૂપ આત્મારાધનાના પ્રસાદથી...** લ્યો. આહાહા! પરમાવશ્યક નિર્વિકલ્પ આનંદની જે ક્રિયા એ પરમાવશ્યકક્રિયા છે. વ્યવહારના રાગની ક્રિયા એ દુઃખરૂપ ક્રિયા છે. આહાહા!

શ્રોતા : ..... તેરહવેં તક હુઆ પરમાવશ્યક.... ?

પૂજ્ય ગુરૂદેવશ્રી : કેવળ પામવાની વાત છેને અહીંયા.

શ્રોતા : સાતવેંસે હુઆ, નીચે નહીં હુઆ?

પૂજ્ય ગુરૂદેવશ્રી : નહીં, નીચે નહીં (એમ નહીં). અહીં મુનિ છે (માટે) એટલે (સાતમાથી) વાત કરી. ચોથાથી લઈને છે. પણ અહીં મુનિ છે એટલે મુનિથી જ વાત કરે છે.

મુનિને વિશેષ છે. છઠ્ઠી ગાથામાં એ શું આવ્યું? **ण वि होदि अप्पमत्तो ण पमत्तो...** નહીંતર તો 'ણ વિ હોદિ અવિરતિ વિરતિ' એમ પણ કહેવાય. પણ અહીં મુનિની દશામાં ઊભા છે એમાંથી વાત કરે છે. **ण वि होदि अप्पमत्तो ण पमत्तो...** આ પ્રમત્ત ને અપ્રમત્તદશા એ હું નહીં, હું તો જ્ઞાયક છું. એ પોતાની દશાની ભૂમિકાથી કથન કરી રહ્યા છે. આહા!

શ્રોતા : બનારસીદાસમેં આતા હૈ, ગૃહસ્થ.......

પૂજ્ય ગુરુદેવશ્રી : એ બીજી. એ મુનિની વાત નથી. એ તો અવિરતિ સમકિતીની વાત છે, અવિરતિ સમકિતી. એમાં (કહ્યું), 'ન ગૃહસ્થ હૈ, ન યતિ હૈ.' ગૃહસ્થ નામ પાંચમા ગુણસ્થાનવાળા, યતિ નામ મુનિ. અવિરતિ સમ્યગ્દષ્ટિની વાત ત્યાં છે. છે .... કહો, સમજાણું કાંઈ?

શ્રોતા : એ તો પરમાવશ્યક તો સાતમેથી (કહ્યું). એ પહેલા નથી એમ આવ્યું છે.

પૂજ્ય ગુરુદેવશ્રી : આવ્યું છે, કહ્યું છે. પણ અહીં તો મુનિની વાત છે. આવશ્યક તો ચોથેથી શરૂ થાય છે. દર્શન, જ્ઞાન ને સ્વરૂપની અંશે સ્થિરતાનું આવશ્યક તો ચોથેથી શરૂ થાય છે. એ આવી ગયું છે પહેલાં. એમાં આવી ગયું છે. બે નયનું કથન, નહીં? અહીંયા છે. આવી ગયું છે. કાંઈ યાદ બધું રહે? કીધુંને, બે પ્રકારના નય. બે નય છેને. (ગાથા ૧૪૯, પાનું ૨૯૦). લ્યો, લખી રાખ્યું છે. વાત થઈ હતી.

શ્રોતા : ચોથે ગુણસ્થાનથી બેય આવશ્યક, નિશ્ચય ને વ્યવહાર બેય હોય છે. પરમ આવશ્યક શબ્દ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી : **બે નયોથી પ્રણીત જે પરમ આવશ્યક ક્રિયા...** દેખો! ૧૪૯ ગાથા જુઓ! બેની મધ્યમાં રહેલા સર્વે મધ્યમ અંતરાત્મા છે. **અસંયત સમ્યગ્દષ્ટિ જઘન્ય અંતરાત્મા છે. આ બેની મધ્યમાં રહેલા સર્વે મધ્યમ અંતરાત્મા છે. નિશ્ચય અને વ્યવહાર એ બે નયોથી પ્રણીત જે પરમ આવશ્યક ક્રિયા તેનાથી જે રહિત હોય તે બહિરાત્મા છે**. તેનો અર્થ... આ બધું આવી ગયું છે. આપણે વિસ્તાર કર્યો છે. અરે ભાઈ! અહીં કહ્યું હતુંને, નહીં? આવશ્યક સહિત એ અંતરાત્મા, આવશ્યક રહિત એ બહિરાત્મા. પાઠ છે ૧૪૯ (ગાથા). એનો અર્થ શું થયો? મિથ્યાદૃષ્ટિ આવશ્યક રહિત છે. સમકિતી અંતરાત્મા છે એ આવશ્યક સહિત છે. લોકોને એવી મુશ્કેલી... આખું તત્ત્વ ગુમ થઈ ગયું છે. વ્યવહાર.. વ્યવહારના શુભ વ્યવહારના ઠેકાણા નથી ત્યાં. વ્યવહાર.. નિશ્ચય વિનાનો વ્યવહાર એ પણ ક્યાં સરખો છે? આહાહા! ........

ભગવાન તો ના પાડે છે. નિશ્ચય આવશ્યક નથી તો વ્યવહાર હોય નહીં. વ્યવહાર હોય ખરા હોં. બે નયનો વિષય છે. ઓલામાં આવે છેને **जइ जिणमयं पवज्जह ता मा ववहारणिच्छए मुयह..** (સમયસાર, ગાથા ૧૨). એનો અર્થ કે વ્યવહાર છે, વ્યવહારનો વિષય છે. એ વિષય છે ને વ્યવહાર છે એનો નકાર કરે કે નથી—એમ નહીં. છે, પણ બંધનું કારણ છે. નય છે તો

નયનો વિષય ન હોય? **जइ जिणमयं पवज्जह ता मा ववहारणिच्छए मुयह..** ...... તીર્થનો નાથ થશે. તીર્થ એટલે ભેદ છેને. ચોથું, પાંચમું, છઠ્ઠું, સાતમું બધા ભેદ છે, એ વ્યવહાર છે. છે એટલી વાત હોં. આશ્રય કરવાલાયક છે એ વાત નહીં.

નય છેને. આશ્રય કરવાલાયક નહીં. બે નયનો વિષય ને બે નયની કથનશૈલી હોય છે. આહાહા! પણ વ્યવહારનયનું અસ્તિત્વ છે, એનો વિષય, બસ એટલું. આશ્રય કરવાલાયક છે, ધર્મ છે—એમ નહીં. તો બે નય જુદી કેમ પડે? બેય જ્યાં આશ્રય કરવાલાયક હોય તો બે નય કેમ પડી? છોડાવવું તો કાંઈ રહ્યું નહીં. આહાહા! અરે ભગવાન! આ તો વાદવિવાદે પાર પડે એવું કાંઈ નથી. એ તો કહ્યું હતું ત્યારે. વસ્તુસ્થિતિ જ એવી છે એમ કહે છે. આહાહા! મુંબઈમેં હૈ ન પૂનમચંદ ઘાસીલાલ. એ કહેતો હતો એકવાર. આ હિંમતભાઈ લાવ્યા હતા? કોણ લાવ્યું હતું? અહીંયા હિંમતભાઈ કે કો'ક લાવ્યું હતું. ......... ખબર છેને. એ સમાચાર એમ લાવ્યા હતા કે મહારાજ થોડુંક પોચું મૂકે, અમે થોડુંક પોચું મૂકીએ તો ભેગા થઈ જઈએ. સંપ થઈ જાય સંપ.

વર્ણીજીએ કીધું હતુંને. ઉદ્દેશિકનો જો ખુલાસો કંઈક થઈ જાય તો સંપ થઈ જાય. એ તો ગૃહસ્થે કર્યું છે તો લેનારને વાંધો નથી. એવું કાંઈક... બાપા! ભગવાનના વિરહ પડ્યા, એની આજ્ઞા બહાર (આચરણ) ન હોય. સમજાણું કાંઈ? એ તો જેમ છે તેમ રહેશે, માર્ગ બીજો થશે નહીં. બે આવશ્યક કીધા. અંતરાત્મા છે કે નહીં ચોથાવાળો? આવશ્યક ન હોય તો બહિરાત્મા કીધો. એનો અર્થ શું થયો? મુનિ છેને એટલે છઠ્ઠાથી વાત કરે છે. **અપ્રમત્તથી માંડીને...** પ્રશ્ન ઠીક હતો. **સયોગીભટ્ટારક સુધીના ગુણસ્થાનની પંક્તિમાં આરૂઢ થયા થકા, પરમાવશ્યકરૂપ આત્મારાધન...** ભાષા જુઓ! પરમાવશ્યકરૂપ આત્માની આરાધના કરી છે. આનંદસ્વરૂપ ભગવાન આત્મા એની સેવા કરી છે.

એની સેવાના પ્રસાદથી **કેવળી–સકળપ્રત્યક્ષજ્ઞાનધારી–થયા.** લ્યો. આહાહા! છેલ્લું છે. છેલ્લી ગાથા છે ખરીને. આત્મારાધનાની પ્રસાદથી કેવળી એટલે કે સકળપ્રત્યક્ષજ્ઞાનધારી, એમ પાછું. અહીં તો કહે, શ્રુતકેવળી હોય છે. શ્રુતકેવળી હોય છેને. આ તો સકળ પ્રત્યક્ષજ્ઞાનધારી. પૂર્ણ પર્યાય થઈ ગઈ છે. સકળજ્ઞાનધારી–પૂર્ણજ્ઞાનધારી. જેવું પૂર્ણ સ્વરૂપ અંદર છે એવું પર્યાયમાં પૂર્ણ પ્રગટ થઈ ગયું. દ્રવ્ય પૂર્ણ, ગુણ પૂર્ણ, પર્યાય પૂર્ણ. ત્રણે પૂર્ણ થઈ ગયા. આવી આવશ્યક ક્રિયાની સેવાથી... જે આત્માનું આરાધન... આહાહા! આત્મા એટલે કાંઈ નહીં એમ કરીને પડ્યો રહ્યો. આ માંડી બધી બહારની. .... રાગ, આમ કરો, વ્રત કરો, વ્રત લઈ લ્યો, આ કરો, આ કરો. આહાહા!

ઓલા કુંદનલાલ નથી? કુંદનલાલ. એ હમણા દેખાતા નથી. કેમ થયું? ઘણા વર્ષ થયા. કુંદનલાલ બ્રહ્મચારી. અહીં આવ્યા હતા. એ ભંવરલાલ કહેતા અહીંનું સાંભળીને. એક ફેરી

ફિરોજાબાદમાં... ફિરોજાબાદ ને? વ્રતિઓનું સંમેલન હતું. હતા બધા. એકદમ વ્રતો લેવા માંડ્યા. કોઈક સાત પડિમા, કોઈક દસ પડિમા, કોઈ અગિયાર પડિમા, ઢગલા. પછી એણે કહ્યું, મને કંઈક આપો. ..... મારી પાસે કાંઈ આવ્યું નથી. શું તમે આપ્યું એ મને ખબર પડી નહીં. મારી પાસે પડિમા દેખાતી નથી આવી. .............. મોટો તાર આવ્યો હતો.

ઉપાદાન-નિમિત્તની મોટી તકરાર. તાર આવ્યો હતો ઓલા નેમિચંદ પાટનીને. ઓલા વ્રત લેવા માંડ્યા બધા. આ કહે, મને આપો સાત પડિમા. લીધી, પછી કહે, મારી પાસે આવી નથી લાગતી કાંઈ અંદર. એમ મશ્કરી કરી કુંદનલાલે. ...... હજી તો સમ્યગ્દર્શન નહીં ને પડિમા ક્યાંથી આવી? ................ એ તો અત્યારે રાજકોટમાંય છે. એક છે વાણિયો. આ લીલું કપડું હોયને લીલું. કપડામાં કાંઈ નાખે. બે-પાંચ-દસ રૂપિયા લેતા હશે કાંઈક. .... અહીંયા તો આ ચીજ છે ભાઈ! કોઈની આપે અપાય નહીં ને કોઈની લીધી લેવાય નહીં. આહાહા! એવી વાત છે બાપા!

**[હવે આ નિશ્ચય-પરમાવશ્યક અધિકારની છેલ્લી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ બે શ્લોક કહે છે:]**

**स्वात्माराधनया पुराणपुरुषाः सर्वे पुरा योगिनः**
**प्रध्वस्ताखिलकर्मराक्षसगणा ये विष्णवो जिष्णवः।**
**तान्नित्यं प्रणमत्यनन्यमनसा मुक्तिस्पृहो निस्पृहः**
**स स्यात् सर्वजनार्चितांघ्रिकमलः पापाटवीपावकः ॥२७०॥**

**आंघ्रि** એટલે ચરણ.. ચરણ. **आंघ्रि** એટલે ચરણ.. ચરણકમળ. **आंघ्रिकमलः** એટલે ચરણકમળ. આહાહા! **आंघ्रि**. .......... મારે તો ઓલું અંગ કહેવું છે. ... શબ્દમાંથી આ ... છેને. અંગીનો એક અવયવ છેને. શબ્દમાંથી કાંઈ નીકળે છે કે નહીં એટલું અહીં તો. .... **कमलः पापाटवीपावकः**

**શ્લોકાર્થ : પૂર્વે જે સર્વ પુરાણ પુરુષો—યોગીઓ...** વીતરાગ સર્વજ્ઞ પરમાત્માના પંથમાં આવીને સર્વે પુરાણ–જુના પુરુષો–અનાદિના યોગીઓ, જેણે આનંદસ્વરૂપ ભગવાનમાં યોગ જોડ્યો છે. ભગવાન પૂર્ણાનંદમાં જેણે યોગ... પાઠ એ છેને. જોડાણ કર્યું છે. **નિજ આત્માની આરાધનાથી...** ભગવાન આત્માની સેવાથી... ભગવાન પરમાત્માની સેવાથી મુક્તિ પામે છે એમ નથી કહેતા. **નિજ આત્માની આરાધનાથી સમસ્ત કર્મરૂપી રાક્ષસો...** દાખલો આપ્યો. ઓલા અન્યમતિમાં કહે છેને. ભગવાન જન્મે, રાક્ષસોનો નાશ કરે, ભક્તોને મદદ કરે. અન્યમતિમાં કહે છે બીજામાં, એ ઉપાડ્યું છે.

એણે શું કર્યું, ભગવાન આત્માએ આરાધના કરીને? **કર્મરૂપી રાક્ષસોના સમૂહનો નાશ** કર્યો. અને **વિષ્ણુ** (અર્થાત્) વ્યાપક. ત્રણ કાળ ને ત્રણ લોકને જાણ્યા એ અપેક્ષાએ એને ત્રણ

કાળ, લોકના વ્યાપક કહેવામાં આવે છે. એ આત્મા વિષ્ણુ છે. ઓલા કલ્પ્યા છે વિષ્ણુ, એ નહીં. સમજાણું કાંઈ? **કર્મરૂપી રાક્ષસોના સમૂહનો નાશ કરી...** વિષ્ણુ રક્ષણ કર્યું એમ કહે છે. ઓલામાં એમ આવે છેને, ભગવાને ઉતરીને રાક્ષસોનો નાશ કર્યો ને ભક્તોની ભીડ ટાળી. એમ આ વિષ્ણુ. પોતાના સ્વરૂપનું રક્ષણ કર્યું. કેવળજ્ઞાન પામીને રક્ષણ કર્યું. સમજાણું કાંઈ? **સમસ્ત કર્મરૂપી રાક્ષસોના સમૂહનો નાશ કરીને...** વિષ્ણુ... **जिष्णवः** છેને. જયવંત વર્ત્યા. **જયવંત થયા** એટલે એમની દશા એમ ને એમ સાદિ-અનંત રહેશે. એવી કેવળજ્ઞાનદશાને પામ્યા. આહાહા! આ આરાધના આત્માનું કરીને પામ્યા, એમ કહે છે. વ્યવહારનું આરાધન કરીને (નહીં). વ્યવહાર એ કંઈ આત્મા નથી, એ તો અણાત્મા છે. સમજાણું કાંઈ?

**(અર્થાત્ સર્વવ્યાપી જ્ઞાનવાળા જિન થયા), તેમને જે મુક્તિની સ્પૃહાવાળો** નમન કરે છે, એમ કહે છે અહીં. **મુક્તિની સ્પૃહાવાળો નિઃસ્પૃહ જીવ અનન્ય મનથી નિત્ય પ્રણમે છે...** ખરેખર તો પોતાના સ્વરૂપને નિજ પ્રણમે છે એ જ પરમાત્માની ભક્તિ છે. **તે જીવ પાપરૂપી અટવીને બાળવામાં...** છે? નિસ્પૃહ જીવ. એક આત્માના આરાધન સિવાય જેને કોઈ સ્પૃહા નથી. એવો અનન્યમનથી નિત્ય પ્રણમે છે. પોતાની આરાધના. એ જીવ પાપરૂપી અટવી... પાપ શબ્દે પુણ્ય-પાપ બેય. **અટવીને બાળવામાં અગ્નિ સમાન છે અને તેનાં ચરણકમળને સર્વ જનો પૂજે છે.** આહાહા! આવા ભગવાનનાં ચરણકમળને સર્વ જનો પૂજે છે. બધા જીવો પૂજે છે? સર્વ જન કીધું. જેને એની કિંમત થઈ છે એને જ જીવ કહેવાય. એ વિનાના જીવ ક્યાં છે? બધા જડ છે. ભાષા શું છે? **તેનાં ચરણકમળને સર્વ જનો પૂજે છે**. આખી દુનિયા પૂજે છે ભગવાનને? દુનિયાના માણસો જે છે ધર્મી–ધર્માત્મા એને જ સર્વ જનમાં ગણવામાં આવે છે. આહાહા! એને પૂજે છે લ્યો. એ અધિકાર પૂરો થયો.

(પ્રમાણ વચન ગુરુદેવ)



Vitragvani

: પ્રકાશક :

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

: સહપ્રકાશક :

શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈ

info@vitragvani.com vitragvani.com /vitragvani /c/vitragvani